બાંધનાર
શ્રી ચીમનાબાઇ સ્ત્રી
ઉદ્યોગાલય, વડોદરા.

Central Library.

322

BARODA STATE.
Established in 1910.
BY
H. H. The Maharaja Sayajirao
Gaikwad of Baroda.

BOOK No. ઠ3 ૬૩૮/૫૮

This book may be kept out two weeks.

B. S. Press. 2-8-0 Per 1,000 copies.

શ્રીમન્ મહારાજ સયાજીરાવ ગ્રન્થમાલા. નં૦ ૬.

# बर्नियरनो प्रवास

અથવા

ઈ. સ. ૧૬૫૬ થી ૧૬૬૮ સુધી મોગલના રાજ્યમાં એક ફ્રેંચ
વિદ્વાને કરેલી હિંદુસ્તાનની મુસાફરીનો હેવાલ.

કર્તા.

ફ્રન્કોઈસ બર્નિયર, એમ. ડી. ( મોન્ટ પેલીર. )

અનુવાદક

મણિલાલ છબારામ ભટ્ટ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

અમદાવાદ

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સર્વ હક ગુજરાત વર્નાકયુલર સોસાઈટીએ સ્વાધીન રાખ્યા છે.

સંવત્ ૧૯૫૪ સને ૧૮૯૮

કિમ્મત રૂ. ૧-૦-૦

G-31686

DS
411.5
.B3B4

## શ્રીમન્ મહારાજ સયાજીરાવ ગ્રંથમાલાનો ઉપોદ્ઘાત.

વડોદરાના શ્રીમન્ મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદુર ઇ. સ. ૧૮૮૨ માં અમદાવાદ પધાર્યા હતા તે પ્રસંગે તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને રૂ. ૫,૦૦૦ બક્ષિસ કર્યા; માટે સોસાઇટીએ તેમને પોતાના મુરબ્બી ( પેટ્રન ) ઠરાવ્યાછે, અને તે રકમ તેમના નામથી જૂદી રાખી તેનું વ્યાજ તેમને નામે ગ્રંથો રચાવવામાં, ગ્રંથો છપાવી પ્રસિદ્ધ કરવામાં, અને ઉત્તેજન દાખલ ગ્રંથો ખરીદ કરવામાં વાપરવાનો ઠરાવ કર્યો છે. તે પ્રમાણે આજ સૂધીમાં નીચે પ્રમાણે પુસ્તકો શ્રીમન્ મહારાજ સયાજીરાવ ગ્રંથમાલા તરીકે છપાવવામાં આવ્યાં છે.

૧. ગ્રીસ દેશનો ઇતિહાસ.
૨. વિધવાવપન અનાચાર.
૩. હિંદનાં મહારાણી અને તેમનું કુટુંબ.
૪. ભાલણસુત ઉદ્ધવકવિકૃત રામાયણ.
૫. કર્તવ્ય.
૬. બર્નિયરનો પ્રવાસ.

અમદાવાદ
તા. ૧ જાન્યુઆરી ૧૮૯૮.

# પ્રસ્તાવના.

આર્યપ્રજા, મધ્યકાળના એટલે પૌરાણિક કાળના વહેમ ચક્રમાં પડી ત્યારથી તેણે હિંદુસ્તાનની બહાર પગ મૂકવો બંધ કર્યો છે, તો પછી સંસ્કૃતમાં અથવા પ્રાકૃતમાં પ્રવાસનાં પુસ્તકો જ ક્યાંથી હોય? પ્રવાસ અને ઇતિહાસનાં પુસ્તકો હિંદુસ્તાનની હાલ બોલાતી કોઇ પણ ભાષામાં લખાયલાં નથી. પ્રવાસ લખવા, એ પશ્ચિમ તરફના લોકોની પદ્ધતિ છે, અને યથાર્થ પ્રવાસના પુસ્તકમાંથી ઘણું જાણવાનું મળે છે. હિંદુસ્તાનના ઇતિહાસ ઉપર આવાં પ્રવાસ પુસ્તકોએ ઘણું અજવાળું પાડ્યું છે. બુદ્ધ ધર્મ ચાલતો હતો તે કાળમાં ચીન દેશના બે મુસાફરો હિંદુસ્તાનમાં યાત્રાર્થે આવ્યા હતા. એ મુસાફરોનાં લખેલાં પુસ્તક ઉપરથી હિંદુસ્તાનના તે કાળના ઇતિહાસની ઘણી બાબત અજવાળામાં આવી છે. પ્રાચીન નગરો, દેશની સ્થિતિ, લોકોના રહેણી કરણી અને જુદાં જુદાં રાજ્યોના રાજાઓ, તેમની રાજ્યનીતિ વગરે ઘણી અગત્યની બાબતો તેમનાં પ્રવાસ પુસ્તકોપરથી મળી આવી છે. ગ્રીસના પ્રતિનિધિઓએ પણ હિંદુસ્તાન સંબંધી હેવાલ લખેલા છે. વળી મોગલોના કાળમાં પણ યૂરોપના ઘણા મુસાફરો હિંદુસ્તાનમાં આવી ગયા હતા, અને તેમણે પોતાની મુસાફરીનાં પુસ્તકો લખેલાં છે. સને ૧૬૫૬ માં આ પ્રવાસનો લખનાર બર્નિયર જે ફ્રાન્સ દેશનો વૈદ્ય-ડાકતર-હતો, તે પણ હિંદુસ્તાનમાં આવ્યો હતો અને તેણે લખેલું પુસ્તક તેજ આ પુસ્તક છે. બર્નિયરના હેવાલ એટલા બધા ખરા કહેવાય છે કે, જેના ઉપર ઇતિહાસની ખરી હકીકતનું તોલન થાય છે. આ પુસ્તક જ્યારથી મારા વાંચવામાં આવ્યું ત્યારથી જ એના ભાષાન્તર સંબંધી સંકલ્પ થયો હતો અને ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની શુભ નેમથી આજે તે ફલિભૂત થયો છે. રા. બ. લાલશંકર ઉમિયાશંકરને મેં આ પુસ્તકના ભાષાન્તર સંબંધી વાત કરી કે તુરતજ તેમણે પુસ્તકની તુલના કરી અને તેનું ભાષાન્તર કરવા માટે મને સોસાઇટી મારફતે ફરમાવ્યું. દેશકાળને અનુસરીને હાલ સોસાઇટી જે પુસ્તકો પ્રસિદ્ધ કરે છે તે, સ્વાતીના મેઘ માફક ગુજરાતી વાંચનારાઓને મૌક્તિક રૂપ થઈ પડે છે. જીવનચરિત્રો, પ્રવાસો અને રાસમાળા જેવાં અમુલ્ય અને મોઘાં પુસ્તકો થોડી કિમ્મતે પ્રસિદ્ધ કરી તે માર્ગે સોસાઇટીના આશયને સફળ કરવામાં વ્યવસ્થાપક કમિટિનો શ્રમ સ્તુતિપાત્ર છે.

આ પુસ્તકના ભાષાન્તરમાં મેં સહજ છૂટ લીધેલી છે અને સોસાઇટીની સૂચના પણ તેજ પ્રકારની હોવાથી ભાષાન્તર વાંચવા યોગ્ય થયું હશે એમ મારી ખાત્રી છે. અક્ષરે અક્ષર કે વાકયે વાકયને ન અનુસરતાં મૂળ કર્ત્તાના મનમાંથી કેવા વિચારને ઉદ્દેશીને લખાણુ લખાયલું છે તે ઉપરજ દૃષ્ટિ રાખી જેમ બને તેમ સહેલી ભાષામાં ભાષાંતર કરવામાં આવેલું છે. વિદ્વાનો એવી જ શૈલીને પસંદ કરે છે અને તેજ સૂચનાનુસાર મેં સર્વત્ર છૂટથી ભાષાંતર કરવાની રીત રાખી લખાણુ કરેલું છે.

લી૦

મણિલાલ છબ્બારામ ભટ્ટ.

---

## અનુક્રમણિકા.


| વિષય. | પાનું |
| --- | --- |
| મહાન મોગલના રાજ્યમાં થયેલા છેલ્લા બંડનો ઇતિહાસ ... | ૧– ૮૫ |
| મુખ્ય મુખ્ય બનાવો. ... ... ... ... | ૮૬–૧૫૦ |
| હિંદ સંબંધી ... ... ... ... ... | ૧૫૧–૧૮૨ |
| દિલ્લી અને આગ્રા.... ... ... ... ... | ૧૮૨–૨૩૦ |
| મૂર્તિપૂજક હિંદુઓ. ... ... ... ... | ૨૩૦–૨૬૭ |
| હિંદનું સ્વર્ગ કાશ્મિર ... ... ... ... ... | ૨૬૮–૩૨૦ |

# બર્નિયરનો પ્રવાસ.

## પ્રકરણ ૧ લું.

### મહાન્ મોગલના રાજ્યમાં થયેલા છેલ્લા બંડનો ઇતિહાસ.

દુનિયાં જોવાની ઇચ્છાએ હું પાલેસ્તાન અને ઈજીપ્ત ગયો, એટલે ત્યાંથી પણ આગળ જવાને માટે મને ઇચ્છા થઈ. રાતા સમુદ્રને એક છેડેથી બીજા છેડા સૂધી જોવાનો મનસુબો થતાં ત્રણ વર્ષ રહ્યા પછી મેં ઈજીપ્તનું પાટનગર કેરો છોડ્યું. કેરોથી કાફલો ચાલે તેમ ચાલતાં બત્રિસ કલાકે સ્વેઝ ગયો અને ત્યાંથી એક નાના મછવામાં બેઠો. મછવો કિનારે કિનારે ચાલતો હતો તેથી, મક્કાથી અરધી મંજલ દૂર આવેલા જેડા બંદરે આવતાં સત્તર દિવસ થયા. ગુલામ ન હોય તેવા કોઈ પણ ક્રિશ્ચિયનથી એ કહેવાતી મહમદની પવિત્ર ભૂમિ ઉપર પગ મૂકાતો નથી તેમ છતાં, મારી ધારણાથી વિરૂદ્ધ અને લાલ સમુદ્રના બેગે મને વચન આપ્યું હતું તેથી ઉલટું મારે ત્યાં ઉતરવું પડ્યું. જેડામાં પાંચ અઠવાડિયાં રહ્યા પછી એક નાના વહાણમાં ચઢી અરેબિયાફેલિક્ષને કિનારે થઈ પંદર દિવસમાં હું બાબલમાંડળની સામુદ્રધુની પાસે આવેલા મોખા બંદરે ઉતર્યો. હબસીઓની રાજ્યધાની અથવા ઇથિયોપીઆના રાજ્યના મુખ્ય નગર ગોંડર જતાં મસોવા અને આર્કિકોના ટાપુ જોતા જવું એવો મારો વિચાર હતો; પણ એટલામાં તો મને એવા સમાચાર મળ્યા કે, રાજ્યમાતાનાં કાવતરાંને લીધે, ગોવેથી જેસુસ પાદરીને સાથે લઇને આવનાર પોર્ચ્યુગીઝોની કતલ થઈ કિંવા તેમને દેશપાર કરવામાં આવ્યા તે દિવસથી કેથોલિક લોકને ત્યાં ઉતરવું એ સલામતી ભરેલું નથી. વળી એમ પણ સાંભળવામાં આવ્યું કે થોડા વખતપર એક દુર્ભાગ્ય ખ્રિસ્તી સાધુને એ રાજ્યમાં પેસવાનો પ્રયત્ન કરવા માટે

સુઆકીન આગળ ગરદન મારવામાં આવ્યો હતો. આર્મિનીઅન અથવા ગ્રીકનો વેશ લઉં તો જોખમ થોડું ખેડવું પડે એમ મને વિચાર થયો. વળી મારા મનમાં એમ પણ આવ્યું કે પાદશાહને હું કામનો જણાઉં તો તે મને જમીન આપે અને ગુલામો ખરીદીને તે ખેડાવી શકાય; એમ કરતાં કદાપિ પેલા ગ્રીક વૈદ્યનો વેશ ધારણ કરનાર સાધુને પરણવાની ફરજ પડી હતી તેમ મને પણ પરણવાની ફરજ પાડવામાં આવે તો તો પછી એ દેશ છોડીને જવાની રજાજ મળે નહિ.

## મોગલવંશ.

આ અને હવે પછી જણાવીશ તે બધા વિચારથી મેં ગોંડર જવાનો વિચાર માંડી વાળ્યો, અને એક વહાણ હિંદુસ્તાન જતું હતું તેમાં બેઠો. બાબલમાંડળની સામુદ્રધુની પસાર કરી બાવીસ દિવસે મહાન્ મોગલના રાજ્યમાં આવેલા સુરત બંદરે આવી ઉતર્યો. હું હવે હિંદુસ્તાનના સુરત શહેરમાં આવ્યો. અહીં આવતાં મને ખબર પડી કે પાદશાહનું નામ શાહજહાન છે, અને વંશાવલી પ્રમાણે જોતાં તે જહાંગીરનો પુત્ર અને મહાન્ અકબ્બર પાદશાહનો પૌત્ર છે. અકબ્બરના પિતા હુમાયુન અને તેના પૂર્વજો સુધીનું પેઢીનામું જોતાં શાહજહાન, તૈમૂરલેન જેને સામાન્ય રીતે પણ ભૂલથી ટૈમરલેન કહેવામાં આવે છે તેનાથી દસમો પુરૂષ હતો. વિજય અને પરાક્રમથી પ્રસિદ્ધ થયેલો એ તૈમૂરલેન, મોગલ નામથી વિખ્યાત તાતાર લોકઉપર તે વખતે રાજ્યકર્તા રાજાની પુત્રી સાથે પરણ્યો હતો. તે તેને સગી થતી હતી. એ લોકના નામપરથીજ હાલના હિંદના રાજ્યકર્ત્તાઓ પણ મોગલ નામથી ઓળખાય છે. આ ઉપરથી એમ ન ધારવું કે ભરોંસાની અને માનમર્તબાની જગ્યાઓ કે સૈન્યમાં મોટા હોદ્દા મોંગલોને આપવામાં આવે છે. એવી જગ્યાઓ તો સમભાવથી સર્વેને આપવામાં આવે છે. પરદેશીઓમાં ઇરાની આરબો અને તુર્ક લોક છે અને તેમને પણ સારા હોદ્દા મળે છે. યૂરોપના ક્રિશ્ચિયનો જેમને ફીરંગીઓ કહેવામાં આવે છે તેમનાથી, અને હિંદુસ્તાનના વતની જેઓ શરીરે કંઈક શામળા છે તેમનાથી ભિન્ન એટલે અંગે ગૌર અને ધર્મે મુસલમાન હોય તે માણસ મોંગલમાં ખપી જાય છે.

વળી સુરતમાં મને એવી ખબર પડી કે સીતેર વર્ષની ઉમ્મરે પહોંચેલા શાહજહાન પાદશાહને ચાર શાહજાદા અને બે શાહજાદીઓ છે; અને



કેટલાંક વર્ષ થયાં પાદશાહે ચારે શાહજાદાઓને પોતાના રાજ્યના મોટા રાજ્ય વિભાગોના સુબા બનાવેલા છે. બાર માસથી પાદશાહ એવા રોગથી પીડાતો હતો કે જેનું માઠું પરિણામ આવવાની ધાસ્તી રાખવામાં આવતી હતી. પાદશાહના મંદવાડથી શાહજાદાઓને રાજ્ય લોભ લાગ્યો, અને દરેક રાજ્યને હાથ કરી લેવા તરફ નજર કરવા લાગ્યા. આથી માંહોમાંહ લડાઈ જાગી અને તે પાંચ વર્ષ સુધી ચાલી.

આ લડાઈની કેટલીક બીનાઓ મેં જાતે જોઈ છે જેનું હું આ ગ્રંથમાં વર્ણન કરવાનો યત્ન કરીશ. રાજ્યનાં મોટાં રાજ્યધાનીનગરો આગ્રા અને દિલ્હી જે સુરતથી ઘણે દૂર છે; ત્યાં જતાં રસ્તામાં લૂંટારૂઓથી અને સાત અઠવાડિયાં જેટલી લાંબી મુસાફરીથી થયેલા ખરચને લીધે હું તંગીમાં આવી પડ્યો હતો. આથી મારે મોગલને ત્યાં ચાકરી રહેવું પડ્યું અને તેથી હું તેમના આઠ વર્ષ જેટલા લાંબા સંસર્ગમાં આવ્યો. દિલ્હી આવતાં મોગલના વૈદ્ય તરિકે જે કંઈ પગાર મળે તે લેવાને હું લલચાયો, અને સદ્‌ભાગ્યે થોડા જ વખતમાં દાનેશમંદ ખાન નામના આખા એશિયાખંડમાં સર્વ શ્રેષ્ટ ગણાતા વિદ્વાન પાસેથી પણ કેટલોક પગાર મેળવવા પામ્યો. આ દાનેશમંદ ખાન પહેલાં 'બક્ષી' એટલે ઘોડારનો અધિપતિ હતો અને હાલ તે મોગલના રાજ્યમાં સઉથી વધારે સત્તાવાળો અને પ્રસિદ્ધ ઉમરાવ છે.

શાહજહાનના વડા દીકરાનું નામ દારા, બીજાનું નામ સુલતાન સુજ્રા, ત્રીજાનું નામ ઔરંગઝેબ, અને ચોથા અથવા નાનાનું નામ મુરાદબક્ષ છે. તેની બે શાહજાદીઓમાં મોટીનું નામ બેગમ સાહેબ, અને નાનીનું નામ રોશનઆરા બેગમ એટલે ઉત્તેજીતમનની શાહજાદી એવું છે.

રાજ્યકર્ત્તાના કુટુમ્બનાં માણસોને આવાં નામ આપવાનો હિંદુસ્તાનમાં ચાલ છે. ઈજીપ્તના બેડોળ પથ્થરના ઢગલાઓ કરતાં જેની કબર દુનિયાંની ચમત્કારી વસ્તુઓમાં ગણવાને વધારે યોગ્ય છે એવી શાહજહાન પાદશાહની અતિ રૂપાળી બેગમનું નામ તાજમહેલ એટલે જનાનાનો તાજ એવું છે. વળી જહાંગીર પાદશાહની બેગમ જેણે તેને મદ્યપાનમાં અને વિષયમાં ગુમ થયેલો જોઈ કેટલાંક વર્ષ સુધી રાજ્ય લગામ હાથમાં રાખી હતી તેનું નામ નૂરેમહેલ અને પાછળથી નૂરેજહાન એટલે દુનિયાંનું નૂર એવું હતું.

યૂરોપની માફક જગ્યાઓ અને રાજ્યાધિકારપરથી નીકળતા ખિતા-

ઓને બદલે મોટા માણસોને આવાં નામ આપવામાં આવે છે તેનું કારણ એમ છે કે, હિંદુસ્તાનમાં તમામ જમીન પાદશાહની પોતાની ગણાય છે. આને લીધે અત્રે 'અર્લડમ' 'માર્કિવીસેટ' અને 'ડચીસ' વગેરે ભેદ ઉદ્‌ભવતા નથી. પાદશાહ પોતાના અધિકારીઓને વર્ષાસનના અને બક્ષીસના રૂપમાં જમીન આપે છે; જે વધારવાનું, ઘટાડવાનું, અને વખતે પાછી લઈ લેવાનું તેની મુનસફી અને મરજીઉપર આધાર રાખે છે. રાજ્યના ઉમરાવો પણ આ-વાજ ખિતાબોથી ઓળખાય છે. કોઈ રાઝ અંદાજ ખાન, કોઈ સેફ શેખખાન, કોઈ બાર્ક અંદાજખાન, કોઈ ઘાનત ખાન અને કોઈ દાનેશમંદ ખાન એવા નામોથી ઓળખાય છે, અને આ નામોના અર્થ અનુક્રમે નીચે પ્રમાણે થાય છે. ગાજવીજપર અંકુશ રાખનાર, સેનાઘાતક, વજ્ર ફેંકનાર, નિમકહલાલ વિદ્વાન, અને પ્રવીણ વગેરે.

**દારા શિકોહ**—દારામાં સારા ગુણની ખોટ ન હતી. તે વાતચિતમાં વિ-નયશીલ, હાજરજવાબીમાં ચતુર, સભ્ય, અને ઘણો ઉદાર છે, પણ પોતાને માટે બહુ ઉંચો મત ધરાવે છે. તે એમ ધારે છે કે 'મનોબળથી હું ગમે તે કાર્ય કરવાને શક્તિમાન છું અને બીજો કોઈ માણસ એવો નથી કે જેની સલાહથી મને ફાયદો થાય.' જે તેને સલાહ આપવા આવતા તે-મને તે તુચ્છકારી કાઢતો અને તેને લીધે એના અંતરંગ મિત્રોને પણ એના ભાઇઓનાં ગુપ્ત કાવતરાં એની આગળ ઉઘાડાં પાડતાં અટકાવ્યા હતા. તે સહેજમાં ગુસ્સે થઈ જાય છે. ગુસ્સે થતાં તે ઉમરાવોને ધમકી આપે, ગાળો ભાંડે અને અપમાન પણ કરી નાંખે એવો છે પરંતુ સદ્‌ભાગ્યે તેનો ગુસ્સો ક્ષણિક છે. જન્મથી મુસલમાન જન્મેલો તે, તે ધર્મનાં ફરમાનો પ્રમાણે ચાલતો હતો; અને જાહેર રીતે તે ધર્મપર આસ્થા બતાવવા છતાં હિંદુની સાથે હિંદુ, અને ક્રિશ્ચિયનની સાથે ક્રિશ્ચિયન થઈ રહેતો હતો. મોટાં વ-ર્ષાસનવાળા કેટલાક હિંદુ પંડિતો હમેશાં તેની પાસે રહેતા, અને એવું ક-હેવાય છે કે, શહેનશાહતને અનુકૂલ મત તેણે તેમની પાસેથી ગ્રહણ કર્યા હતા. આના સંબંધમાં આગળ હિંદુઓના ધર્મ વિષયપર લખતાં હું વધારે વિસ્તાર કરીશ. 'બુશી' નામના પાદરીની સૂચનાઓ તેણે લક્ષ રાખી સાંભળી હતી અને તેની સત્યતા અને યોગ્યતાપર તેને કેટલોક વિશ્વાસ આવ્યો હતો, એમ છતાં વળી કેટલાક એમ કહે છે કે તે તદ્દન નાસ્તિક હતો અને બધાં



ડોળ માત્ર કૌતુક, અને ગમતની ખાતર રાખતો હતો. કેટલાક એમ પણ કહે છે કે રાજ્યકીય કારણોને લીધે તે વારા ફરતી ક્રિશ્ચિયન અને હિંદુ બનતો હતો. એમ કહેવાય છે કે આમ હિંદુ અને ખ્રિસ્તી ધર્મનાં ડોળ ઘાલવામાં તેની ઉંડી ઇચ્છા એવી હતી કે, તેના તોપખાનામાં જે ખ્રિસ્તી લોક હતા તેમના પેટમાં પેશી જવું; અને હિંદુ ધર્મના ઢોંગથી દિલ્હીના ખંડિયા હિંદુ સરદારો અથવા રાજાઓની પ્રીતિ સંપાદન કરવી. આવા ધર્મ ઘાલુ ડોળથી જો બન્નેની પ્રીતિ મેળવેલી હોય તો વખત આવતાં તેઓ મદદ કરે. આમ એક અથવા બીજા ધર્મનું ડોળ ઘાલવાથી તે પોતાની યુક્તિઓમાં પાર પડી શક્યો નહિ એટલું જ નહિ પણ છેવટ માર્યો ગયો. ઔરંગઝેબે તેને કાફીર એટલે ધર્મદ્રોહી અને ધર્મરહિત તથા મૂર્તિપૂજક થઇ ગયાને બ-હાને જ ગરદન મરાવ્યો હતો એમ આગળ કહેવાશે.

**સુલતાન સુઝા**—મહાન્ મોંગલનો બીજો શાહજાદો સુલતાન સુઝા ઘણાં ખરાં લક્ષણોમાં દારાને મળતો હતો; પરંતુ દારાના કરતાં તે વધારે ડાહ્યો અને દૃઢ વિચારનો માણસ હતો. સામાન્ય ચાલ ચલકત અને બો-લવા ચાલવામાં પણ તે દારાથી ચઢીઆતો હતો. કાવતરાં કરવામાં તે જોઇએ તેવો ચતુર હતો એટલું જ નહિ, પણ મોટા મોટા ઉમરાવો અને ખાસ ક-રીને જશવતસિંહ જેવા બળિષ્ટ રાજાઓને તે છૂપાં ઇનામો આપી હાથ કરી લેવામાં ઘણો કુશળ હતો. આટલા ગુણ છતાં મોજશોખમાં તે લીન થઈ જતો. જ્યારે તે સંખ્યાબંધ રામજનીઓના ટોળામાં બેસતો ત્યારે નાચ રંગ, ગાનતાન અને મદ્યપાનમાં રાતોની રાતો અને દહાડાના દહાડા કાઢી નાંખતો હતો. લ્હેરમાં હોય ત્યારે માનિતા માણસોને નવાજી નાંખતો અને ધુન પ્રમાણે નોકર ચાકરના પગારોમાં વધારો ઘટાડો કરતો. સ્વાર્થસાધક કોઈ પણ ખેશી તેને આવા વિષયવર્તનથી વારતો નહિ. આમ રંગતાનમાં દહાડા જતાં તેના પ્રાંતનો—બંગાળાનો રાજ્ય કાર્યભાર મંદ પડ્યો અને પ્રજાની તેના ઉપરની પ્રીતિ દહાડે દહાડે ઘટી ગઈ.

પિતા અને ભાઇઓ તુર્ક લોકનો ધર્મ પાળતા તેમ છતાં આ શાહ-જાદો પોતે ઇરાની ધર્મ પાળે છે એમ જણાવતો. મુસલમાની ધર્મના ઘણા અવાંતર ભેદ છે, અને તેને લીધે જ 'ગુલીસ્તાન' ના કર્ત્તા 'શેખસાદી' એ લખ્યું છે કે—' હું ડારનીચ પીઉં છું, દેખીતો ધર્મરહિત છું છતાં હું બહો-

તેર જાતથી ઓળખાઉં છું.' આ બધી જાતોમાંની માત્ર બે જ મુખ્ય છે, અને બન્ને પક્ષકારો એક બીજાના કટ્ટા દુશ્મન છે. આમાંની એક જાત તુર્ક લોકની છે તેને ઈરાનીઓ 'ઓસમાન'ને અનુસરનારા કહે છે. તેમના માનવા પ્રમાણે 'ઓસમાન' કુરાનના અર્થ સમજનાર અને ધર્મની તકરારોનું સમાધાન કરનાર મોટા 'કાલીફ' અથવા સ્વતંત્ર ધર્માધ્યક્ષ મહમદનો ખરો અને યોગ્ય વારસ હતો. બીજી જાત પર્શિયન લોકની છે, અને તુર્ક લોક તેમને 'શીયાઝ સફેઝીઝ અને અલીમર્દાન એટલે ભેદવાળા ધર્મદ્રોહી અને અલીના પક્ષકારો' કહે છે; કારણ કે તેઓ એમ માને છે કે, આગળ કહ્યા પ્રમાણે મહમદની પછી વારસો અને ધર્મગુરૂની સત્તા ઉપર તેના જમાઈ અલીનો જ હક હતો.

સુલતાન સુઝાએ પોતે પર્શિયન ધર્મ માને છે એમ જણાવ્યું એટલે સામાન્ય રીતે એમ જ સિદ્ધ થયું કે તેણે રાજ્યકીય કારણને લીધે આમ કરેલું છે. શાહજહાન પાદશાહના દરબારમાં તે વેળાએ મોટા મોટા અધિકારપર એજ ધર્મના લોક હતા, અને કામકાજમાં તેમની વગસગ પણ સારી હતી. આથી સુલતાન સુઝા એમ ધારતો હતો કે 'વખત આવતાં તેઓ મને કામ આવશે અને સારી મદદ કરશે.'

**ઔરંગઝેબ**—ત્રીજો ભાઈ, ઔરંગઝેબ દારાના જેવી પ્રશસ્ય સભ્યતા અને ધ્યાન ખેંચે તેવા ધટમનો તો ન હતો પરંતુ તેના કરતાં સંગીન વિચારનો, અને એકનિષ્ટાથી તથા અક્કલ હોંશિયારીથી પોતાની નોકરી ઉઠાવે એવા વિશ્વાસુ નોકરો ચૂંટી કાઢવાની ચતુરાઈવાળો હતો. જે માણસોની પ્રીતિ જાળવવાની અને વધારવાની જરૂર હોય તેવા માણસોને જ તે વિચારપૂર્વક પણ છૂટે હાથે ભેટો આપતો. તે અતડો, નટખટ, અને મહા ડોળી હતો. શાહજહાનની હજુરમાં હોય ત્યારે તેનામાં જે ભક્તિનો અંશ નહતો તે ભક્તિ દેખાડવા તે પ્રયત્ન કરતો અને સાંસારિક સુખવૈભવને માટે ધિક્કાર બતાવતો. આમ છતાં અંદર મેળે ભવિષ્યમાં ઊંચે પદે ચઢવાના માર્ગ તૈયાર કરી મૂકતો. જ્યારે તેને દક્ષિણની સુબેદારી મળી ત્યારે પણ તેણે બધાને એવું કહ્યું હતુ કે, 'મને રાજ્યની જોખમદારી અને ખટપટ ગમતી નથી. મારી અંતરની ઈચ્છા એવી છે કે જાણે હું આ બાકીની જીંદગી અલ્લાહની બંદગી કરવામાં અને ફકીરીમાં ગુજારૂં. સંસારની લલુતાનો ત્યાગ



કરવાની મને રજા મળે તો હું આ સુબેદારીથી વધારે ખુશી થાઊં અને મારા મનની ઉમેદ પહોંચી એમ માનું.' તે આમ કહેતો હતો છતાં તેની આખી જીંદગી નિષ્ફળ ન જાય તેવાં કાવતરાં કરવામાં ગઈ. તે એવી હોંશિયારીથી કામ લેતો કે દારા વગર દરબારના સઘળા માણસો તેની વર્તણુકનું તોલન કરવામાં ભૂલ ખાતા. શાહજહાન પાદશાહે એકવાર ઔરંગઝેબને માટે ઊંચા વિચારો પ્રદર્શિત કર્યા હતા, અને તેમ થયું ત્યારથી દારાને તેનાપર એટલી અદેખાઈ આવી કે તે પોતાના મિત્રમંડળમાં તેને વગોવતો. દારા કહેતો કે, 'મારા બધા ભાઇઓમાં મને માત્ર એકજ જણપર શક છે, અને તે બીજો કોઈ નહિ પણ પેલો નિમાઝી એટલે ધર્મોધ અને હમેશાં નિમાઝ પઢનાર ઔરંગઝેબ છે. એની મને નિરંતર ધાસ્તી રહે છે.

**મુરાદબક્ષ.**—શાહજહાનનો સઉથી નાનો પુત્ર મુરાદબક્ષ, વિચારોમાં અને વિવાદમાં તેના ત્રણે ભાઇઓથી ઉતરતો હતો, કેવી રીતે મોજ મારવી, એજ એના સતતના વિચાર હતા, અને શિકાર તથા ખાણાના લક્ષમાં તેનો ઘણો કાળ જતો. એ ઉદાર અને સભ્ય હતો પણ એવો ગર્વ રાખતો કે 'મારે કંઈ ખાનગી છેજ નહિ.' છૂપાં કાવતરાંને ધિક્કારી તે એમ કહેતો કે 'હું તો માત્ર મારી સમશેર અને બાહુબળ ઉપરજ વિશ્વાસ રાખું છું.' ખરેખર તે હિંમતવાન હતો, અને જો તેની હિંમત જરા ડહાપણને રસ્તે દોરવાઈ હોત તો, આપણે આગળ જોઇશું તે પ્રમાણે તે તેના ત્રણે ભાઇઓ કરતાં ચઢીઆતો નીકળ્યો હોત, એટલુંજ નહિ પણ હિંદુસ્તાનનો બિનતકરારી ધણી–પાદશાહ થઈ પડચો હોત એમાં શક નથી.

**વડી શાહજાદી બેગમ સાહેબ.**—શાહજહાનની વડી શાહજાદી 'બેગમ સાહેબ' ઘણી ખૂબસુરત, ચાલાક બુદ્ધિની અને બાપને ઘણીજ વહાલી હતી. બાપનો દીકરી ઉપર એટલો બધો પ્યાર હતો કે જે માનવામાં આવે નહિ અને તેની સત્યતા તેણે મુલ્લાંને એટલે કાયદાના પંડિતોને માથે નાંખેલી હતી. તેમના મત પ્રમાણે પોતે વાવેલા વૃક્ષનાં ફળ ઉતારવાના હકની પાદશાહને ના કહેવી એ ગેરવ્યાજબી હતું. શાહજહાન આ પોતાના વહાલા બાળક ઉપર અનહદ વિશ્વાસ રાખતો. બેગમ સાહેબ પિતાની સલામતીની તપાસ રાખતી હતી, અને તે પણ એટલી બધી કાળજીથી કે, તેની હાજરીમાં તૈયાર ન થયો હોય તેવો ખોરાક પાદશાહના ભાણામાં આવતો

નહિ. આથી દરબારમાં તેની સત્તા હદ ઉપરાંત હતી. પાદશાહની તબિયત એજ હમેશાં સાચવતી હોય અને અગત્યનાં રાજ્યકીય કામોપર એની સત્તા હોય એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈજ નથી. પોતાને મળતા ભારે સાલીઆણામાંથી તેમજ પોતાની સત્તામાં સોંપેલાં હજારો રાજ્યકીય કામોમાં લાગવગ મેળવવા માટે ચારે તરફથી જે ઉમદા ભેટો આવતી તેમાંથી બેગમ સાહેબે અઢળક પૈસો એકઠો કર્યો હતો. દારા તેના કાર્યમાં ફતેહમંદ ઉતરતો, આબાદ થતો અને પાદશાહની તેનાપર પ્રીતિ ચાલુ રહેતી તેનું એજ કારણ હતું કે બેગમ સાહેબ, તેના કામમાં તથા હિતમાં નિશ્ચલતાથી ભાગ લેતી અને ઉઘાડી રીતે 'દારાના પક્ષને હું ઉત્તેજન આપું છું' એમ જણાવતી. બેગમ સાહેબની કૃપાને વધારવા દારા નિરંતર લક્ષ રાખતો અને કહેવાય છે કે, 'જ્યારે તે પાદશાહ થશે ત્યારે તેને પરણવાની તુરત રજા આપશે' એવું તેણે બેગમ સાહેબને વચન આપ્યું છે. આ વચન લક્ષમાં લેવા જોગ તો એટલાજ માટે છે કે હિંદુસ્તાનમાં શાહજાદી અથવા રાજકુંવરી પરણે એ જવલ્લેજ બને છે. કોઈ પણ માણસ પાદશાહી કુટુમ્બ સાથે સંબંધ કરવાને યોગ્ય ગણાતો નથી, અને ક્વચિત એવી પણ ધાસ્તી રાખવામાં આવે છે કે શાહજાદીને પરણનાર વખતે સત્તાવાળો થઈ રાજ્યલોભી થાય તો રાજ્ય ગાદી બીજાના હાથમાં જાય.

બેગમ સાહેબના પ્રેમ સંબંધી બે વાતો અત્રે લખતાં આશા રાખું છું કે વાંચકો, હું આ વાર્તાનો વિષય આપું છું એવો શક તો નહિજ આણે. હું લખું છું તે ઐતિહાસિક છે અને હિંદુસ્તાનના રીત રિવાજનો પૂર્ણ હેવાલ આપવો એ મારો ખાસ ઉદ્દેશ છે. એશિયામાં યારીનાં માઠાં પરિણામ આવે છે તેવાં યૂરોપમાં આવતાં નથી. ફ્રાન્સમાં તે હસારત જેવાં ગણાઈ સહજ ભૂલી જવાય છે, પરંતુ દુનિયાંના આ ભાગમાં તો એવા થોડાજ દાખલા મળી આવે છે કે જેનાં પરિણામમાં મહા ભયાનક અને દુઃખદ બનાવો બન્યા ન હોય.

બેગમ સાહેબ મહેલમાં ઓઝલમાં રહેતી અને બીજી સ્ત્રિયોની માફક તેના ઉપર પણ જાપતો રહેતો છતાં એમ કહેવાય છે કે, તે એક ઉંચી પદવીના નહિ પરંતુ છેલ પુરૂષની મુલાકાત લેતી હતી. પહેલાંથી રીસે ભરાયલી જનાનાની લુંડિયોથી તેની આ વર્તણુક છૂપી રહે એ અશક્ય હતું. આ વાત શાહજહાનના જાણવામાં આવતાં અચાનક અને કવખતે તેના ઓરડામાં જવાનો



તેણે નિશ્ચય કર્યો. એક દિવસ તે ત્યાં ગયો અને તેના આગમનની ખબર બેગમ સાહેબને એટલી બધી મોડી અને ઓચિંતી મળી કે, યારને છુપાડવાને વિચાર કરવાનો પણ તેને વખતે મળ્યો નહિ. ભયભીત થયેલો યાર ઉતાવળમાં પાણીઉન્હાની ખાલી દેગમાં સંતાઈ ગયો. પાદશાહના મુખપર ક્રોધ કે આશ્ચર્યનું ચિન્હ જણાયું નહિ, એટલું જ નહિ પણ તે હમેશની માફક તેની સાથે ઘરગતુ બાબતપર વાતચિત કરવા બેઠો. વાત પૂરી થતાં તેણે બેગમ સાહેબને કહ્યું કે 'તારા અંગપર મેલ ચઢેલો છે માટે ફરી સ્નાન કર.' પછી પાદશાહે ખોજાઓ પાસે પેલી દેગ તળે અગ્નિ સળગાવરાવ્યો અને જ્યાં સૂધી ખોજાઓએ તે માણસ મરી ગયો છે એમ જણાવ્યું નહિ ત્યાં સૂધી તે બહાર ગયો નહિ.

કેટલોક કાળ ગયા પછી બેગમ સાહેબ બીજાની સાથે પ્રેમમાં પડી અને તેનો પણ શોકજનક અંત આવ્યો. નઝરખાન નામના એક પર્શિયનને તેણે પોતાના ખાસ સામાનના ભંડારી તરીકે પસંદ કર્યો હતો. આ માણસ ઉમરાવ, ખૂબસુરત અને માનસિક ગુણોને માટે પ્રખ્યાત હતો, તેની સાથે જુસ્સાદાર, રાજ્યલોભી અને દરબારનો માનીતો હતો. ઔરંગઝેબનો મામો શાઈસ્તખાન તેને બહુ જ વખાણતો અને એકવાર તો ભર દરબારમાં તેણે એવી દરખાસ્ત મૂકી હતી કે, 'આ પર્શિયન ઉમરાવ બેગમ સાહેબનો ખાવિંદ થવાને પૂર્ણ યોગ્ય છે.' શાહજહાને એ દરખાસ્તને હશી કાઢી હતી. આ સર્વપ્રિય ઉમરાવ અને શાહજાદી વચ્ચેના અયોગ્ય સંબંધની શાહજહાનને ઘણા કાળની શંકા હતી એટલે તેનો રસ્તો કાઢવાને પણ તેણે ઝાઝો વિચાર કર્યો નહિ. એક વાર દરબારમાં તેણે આ ઉમરાવને હસતે મોંઢે પાન આપ્યું અને રિવાજ પ્રમાણે તે તરતજ ખાઈ ગયો. નાગરવેલ નામના વેલાનાં પાંદડાં, શંખલાનો ચૂનો અને કાથો તથા કેટલોક મસાલો નાંખી પાન બનાવામાં આવે છે. પાનથી હોઠ રાતા થાય છે અને મુખનો ઉચ્છવાસ પણ સુગંધીદાર થાય છે. એ દુર્ભાગ્ય માણસે એમ તો નહોતું જ જાણ્યું કે, હસતા પાદશાહે તેને હળાહળ ઝેર આપ્યું છે. ભવિષ્યમાં થનાર સુખનાં સ્વપ્ન જોતો જોતો તે રજા લઈ દરબારમાંથી ઉઠી પોતાની પાલખીમાં બેઠો, પરંતુ પાદશાહે આપેલું ઝેર એટલું તો જલદ હતું કે ઘેર પહોંચતા પહેલાં જ તે મરણ પામ્યો.

**શાહજાદી રોશનઆરા**—શાહજહાનની નાની દીકરી ' રોશનઆરા બેગમ ' તેની મોટી બહેન જેટલી રૂપાળી અને સમજુ ન હતી છતાં મોજીલી અને ચંચળ હતી. તે ઔરંગઝેબના પક્ષમાં ભળી ગઈ હતી, અને બેગમ સાહેબ તથા દારાપરની ઈર્ષ્યાને છુપાવતી નહતી. જાહેર કામમાં થોડો ભાગ લેતી હોવાથી તેણે ઝાઝો પૈસો એકઠો કર્યો નહતો. તે ગમે તેવી પણ ઝનાનામાં રહેનાર અને યુક્તિબાજ હતી. જાસુસોની મારફત તે ઔરંગઝેબને વારંવાર અવશ્યની ખબરો પહોંચાડતી હતી.

**બંધુઓમાં રાજ્યલોભ**—લડાઈ પહેલાં કેટલાંક વર્ષથી, શાહજહાન, શાહજાદાઓના ઉપદ્રવી સ્વભાવે ગુંચવાઈ ગયો હતો. ચારે ભાઈ પરણેલા અને મોટા હતા છતાં તેમનામાં એક બીજા પ્રત્યે બંધુભાવ રહ્યો નહતો. દરેક એક બીજાને માટે ધિક્કાર ધરાવતા હતા. રાજ્યગાદી માટે તેમણે પોતાના અભિયોગ ચાલ્યુ કર્યા હતા અને દરબારમાં પણ ભેદ પડ્યો હતો. શાહજહાનને પોતાની જીંદગીનો ભય લાગ્યો અને ભવિષ્યમાં આવી પડે તેવી આપત્તિમાં મુંઝાઈ ગયો. ગ્વાલિયરનો કિલ્લો જે શત્રુથી અજય્ય અને ન ચહડી શકાય તેવા ડુંગરપર આવેલો છે તથા જેમાં પૂર્વે ઘણીવાર રાજ્યવંશીઓને પૂરવામાં આવતા હતા તેમાં શાહજહાને પણ ઘણી ખુશીથી પોતાના પુત્રોને કેદ કર્યા હોત, પરંતુ તેણે વિચાર કર્યો કે 'બાજી હવે હાથથી ગઈ છે.' શહાજહાનને તેવો વિચાર થયો ત્યારે તેઓ ઘણા બળવાન થઈ પડ્યા હતા. પાદશાહને નિરંતર એવો ભય રહેતો હતો કે તેઓ કદાચ લડાઈ કરીને પોતાના રાજ્યલોભને માર્ગ આપશે કિંવા સ્વતંત્ર રાજ્યો સ્થાપશે અથવા રાજ્યધાની નગરમાં જ ધમાલ મચાવી તેને એક મોટી લડાઈની રંગભૂમિ બનાવશે. છેવટે પોતાના ઉપર ઘેરાઈ રહેલા દુઃખના વાદળનો નાશ કરવાને માટે શાહજહાને તેમને દૂરના પ્રાંતોમાં સુબાગીરી આપવાનો ઠરાવ કર્યો. સુલતાન સુઝાને બંગાલની, ઔરંગઝેબને દક્ષિણની અને મુરાદને ગુજરાતની સુબાગીરી આપી. દારા મોટો હતો તેથી તેને કાબૂલ અને મુલતાનનો સુબો બનાવ્યો. સુલતાન સુઝા, ઔરંગઝેબ અને મુરાદબક્ષ તરતજ પોતપોતાના પ્રાંતોપર ચાલ્યા ગયા. આ પ્રમાણે તેમનો રાજ્યલોભ શાંત થયો અને પ્રાંતોમાં જઈ તેઓ સ્વતંત્ર રાજાની માફક વર્તવા લાગ્યા. મહેસૂલને પોતાના ઉપયોગમાં લેવા ઉપરાંત બહારનો દમામ અને દેશમાં બંદોબસ્ત રાખવાને બહાને લશ્કરની સંખ્યામાં ભરતી કરી. દારા તિલકકુમાર હોવાથી અને



શાહજહાનના પછી ગાદીએ આવવાની આશાથી દિલ્હી છોડી સુબાગીરીપર ગયો નહિ. શાહજહાન તેની આશાને ઉત્તેજન આપતો. રાજ્યકીય હુકમો કાઢવાની અને દરબારમાં પોતાથી ઉતરતી નાની ગાદીએ બેસવાની તેને પરવાનગી હતી. દરબાર જોતાં જાણે એક જ વખતે બે પાદશાહ રાજ્ય કરતા હોય તેવું લાગતું. આમ છતાં શાહજહાનના મનમાં કપટ હતું એમ માનવાને કારણ છે. તે દારાનાં પ્રેમ અને માન ભર્યાં વર્ત્તનપર ધ્યાન રાખતો, પણ ખરા અંતઃકરણથી તેને ચહાતો નહિ. વૃદ્ધ પાદશાહ સતત પોતાને ઝેર દેવાયાની ચિંતામાં રહેતો અને એમ પણ કહેવાતું કે છૂપી રીતે તે ઔરંગઝેબ સાથે પત્રવ્યવહાર ચલાવતો હતો. શાહજહાનને ઔરંગઝેબની રાજ્ય ચલાવવાની બુદ્ધિ માટે ઉંચો મત હતો.

આગળ લખવામાં આવનારો ઇતિહાસ સમજવાને માટે શાહજહાન અને તેના શાહજાદાઓનો આટલો વૃત્તાંત પૂરતો છે, એમ હું ધારૂં છું. રાજ્યને માટે થયેલી ધાંધલમાં રમાનારી કપટબાજીમાં મુખ્ય ભાવ ભજવનાર તેની બે શાહજાદીઓનું વૃત્તાંત પણ મૂકી દેવા જેવું નહતું. હિંદુસ્તાન અને કોન્સ્ટૅન્ટીનોપલમાં આવા મોટા બનાવો સ્ત્રી જાતની વગસગથી બને છે. લોક આ બાબત જાણતા નથી, અને ધાંધલના કારણને નિંદે છે અને તેના સંબંધે ખોટા ગપાટામાં મન મનાવે છે.

આ લડાઈ ઉઠ્યા પહેલાંના વખતમાં વઝીર અમીર જમાલ અને ગોવળકાંડાના રાજા સંબંધે ઔરંગઝેબને દક્ષિણમાં કેમ કામ લેવું પડ્યું તે લખતાં મારો ઇતિહાસ વધારે રસિક થવાની આશા છે. વળી એ વૃતાંત વાંચવાથી હિંદુસ્તાનનો શાહજહાન પછી થનાર પાદશાહ અને આ ઇતિહાસનો નાયક ઔરંગઝેબ કેવો હતો તથા તેની બુદ્ધિ અને રીતભાત કેવાં હતાં તે પણ વાચકના જાણવામાં આવશે. અમીર જમાલે શાહજહાનના ત્રીજા પુત્ર ઔરંગઝેબની સત્તા અને સર્વોપરિતાનો પાયો કેવી રીતે નાંખ્યો તે તરફ હવે આપણે જોઈશું.

**અમીર જમાલ**—ઔરંગઝેબ જ્યારે દક્ષિણનો સુબો હતો ત્યારે, ઈરાનમાં જન્મેલા અને હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ થયેલા અમીર જમાલને ગોવળકાંડાના રાજાએ પોતાનો વઝીર બનાવ્યો હતો. અમીર ઉંચા કુળનો ન હતો પણ તેની બુદ્ધિ સર્વોત્તમ હતી. તે એક બાહોશ લડવૈયો અને કામકાજમાં ઘણો જ નિપુણ માણસ હતો. તેની પાસે ઘણો પૈસો હતો

પણ તે તેણે કંઈ એક ધનાઢ્ય રાજ્યના વઝીર થઇને પ્રાપ્ત કરેલો ન હતો. એ પૈસો તેને દુનિયાંના ઘણા દેશો સાથેના વેપારમાંથી અને પારકે નામે પોતે રાખેલી હીરાની ખાણોમાંથી મળ્યો હતો. આ હીરાની ખાણોપર નિરંતર કામ કરાવામાં આવતું, કોથળા ભરીને જ હીરા ગણવાનો રીવાજ પડચો હતો. તેની રાજ્યકીય વગસગ પણ ઓછી ન હતી. તે રાજાના લશ્કરનો ઉપરી હતો, તેમ પોતાને ખરચે તેણે ઘણું લશ્કર રાખ્યું હતું. તેના ખાનગી લશ્કરમાં ફ્રેંચ અને ક્રિશ્ચિયનોથી બનેલું એક સારૂ તોપખાનું હતું. કર્ણાટકઉપર હુમલો કરવાનું બહાનું મળતાં એક પુરાતન મંદિર લૂંટી તેણે અઢળક પૈસો આણ્યો હતો એ પણ વિસરી જવું જોઇતું નથી. વઝીર અમીર જમાલે આ પ્રમાણે પોતાની દોલત વધારી દઇ પોતાના ધનસંબંધી માર્ગ મોકળા કર્યા હતા.

વઝીરને ગોવળકાંડાનો રાજા પોતાથી દૂર કરવાને કે મારી નાંખવાને માટે લાગ શોધતો હતો. સ્વાભાવિક રીતે તેને અમીરપર ઈર્ષ્યા ઉત્પન્ન થઈ હતી. રાજા તેને પોતાની વિધેય પ્રજા તરીકે નહિ પણ એક ભયંકર શત્રુરૂપે જોતો હતો; છતાં તે બધું તેણે પોતાના મનમાં રાખ્યું હતું, કારણ કે અમીરના માણસો તેની હજુરમાં હમેશ હાજર રહેતા હતા. રાજમાતા વૃદ્ધ છતાં ઘણી રૂપાળી હતી અને રાજાને કોઈ તરફથી એવા સમાચાર મળ્યા હતા કે વઝીરને તેની સાથે સારૂં છે. આથી રાજાના અંતરનો દ્વેષ વૃદ્ધિંગત થયો અને ઉઘાડી રીતે તેણે પોતાના બળવાન ગુન્હેગારને શિક્ષા કરવાનું નક્કી કર્યું.

અમીર આ વખતે કર્ણાટકમાં હતો, પરંતુ દરબારમાં મોટી મોટી જગોપર તેણે પોતાના અને પોતાની સ્ત્રીના સગા વહાલા તથા મિત્રોને રાખેલા હતા તેથી રાજાની ઇતરાજીની વાત તેને સહેજ જાણવામાં આવી. અમીર મહા ઉસ્તાદ માણસ હતો. તેણે પહેલું પગલું એ ભર્યું કે પોતાના એકના એક પુત્ર અમીરખાનને રાજાની હજુરમાંથી બોલાવી લેવાની ગોઠવણ કરી. અમીરે લખ્યું પણ ચોકીબાનોના પહેરામાંથી તેના પુત્રથી નાશી શકાયું નહિ. આથી વઝીર પોતાની ધારણામાં નાસીપાસ થયો; પણ બીજું પગલું તેણે ઘણું જ પ્રબળ અને સરસ ભર્યું. આ પગલું તેણે એવું ભર્યું કે જેથી ગોવળકાંડાનો રાજા પાયમાલ થવાની સ્થિતિએ આવી રહ્યો. એ તો સિદ્ધ જ છે કે, જે માણસ ગુપ્ત વાતને સાચવી શકતો નથી તેનાથી રાજ્ય



સચવાતું નથી. વઝીર અમીર જમાલે પોતાના બીજા પગલા તરીકે દોલતાબાદમાં ઔરંગઝેબપર નીચે પ્રમાણે પત્ર લખ્યો.

"આખી દુનિયાં જાણે છે કે ગોવળકાંડાના રાજાની ઘણી અગત્યની સેવાઓ મેં બજાવી છે; અને તે મારા ઉપકારનો દેવાદાર છે, છતાં હાલ તે મારા અને મારા કુટુંબના નાશની યુક્તિઓ રચે છે. આથી હું આપ નામદારને અરજ કરૂં છું કે આપ મને રક્ષણ આપવાની મહેરબાની કરશો. એ દયાના બદલામાં ગોવળકાંડાનું રાજ્ય અને રાજા આપના હાથમાં આવે એવી યુક્તિ હું બતાવીશ. મારી યુક્તિ એવી છે કે આ સાહસ તમને કઠણ નહિ પડે અને ભયંકર નહિ નીવડે. એ યુક્તિ એમ છે કે–તમારા ઘોડેસ્વાર લશ્કરમાંથી ચાર કિંવા પાંચ હજાર ઘોડેસ્વારો ચૂંટી કહાડી તમે સપાટાબંધ ગોવળકાંડા ભણી કુચ કરવા માંડો. ત્યાં જતાં સોળ દિવસ લાગશે. વળી તમે એવી અફવા ઉડાવજો કે—ભાગનગરના રાજા સાથે કંઈ અગત્યના રાજ્યકીય કામને પ્રસંગે એલચીખાતું જાય છે, અને આ લશ્કર તેનું છે. રાજાનો 'દબીર' એટલે જેની મારફતે રાજા સાથે વાતચિત ને પત્રવ્યવહાર થાય છે તે મારો સગો, અને ખરેખરી ખાતરીનો માણસ છે. તમારે જે કરવાનું છે તે માત્ર જલદી કુચ કરવી તે અને જતું લશ્કર શાહજહાનના એલચીખાતાનું છે કે નહિ તેનો કોઇને લગારે શક ન જાય તેની સંભાળ રાખવાનું છે. વળી ભાગનગરના દરવાજા સૂધી તમે તેવા શકવગર જઈ પહોંચો એવી ગોઠવણ હું પોતે કરીશ. આ પ્રમાણે કરતાં રાજા વહેમાશે નહિ અને જ્યારે હમેશના રિવાજ મુજબ રાજા વિશ્વાસપત્ર લેવાને આવે ત્યારે હિંમત રાખી તમે તેને અને તેના કુટુંબને કબજે કરી લેજો. પછી શું કરવું તે હું તમારી પોતાની મુનસફીપર છોડું છું. રાજા જે મહેલમાં રહે છે તે ભાગનગરના રાજ્યમહેલની પાછળ પરિખા કે સારી કિલ્લેબંધી પણ નથી. આ હુમલાનું જે ખરચ થશે તે હું ભરી આપીશ એટલું જ નહિ પણ તે ચાલુ રહેશે તે દરમિયાન દરેક દિવસના પચાસ હજાર રૂપિઆ આપવાને હું બંધાઉ છું."

**ગોવળકોંડા**—રાજ્ય લોભની નિરંતર યુક્તિઓ શોધવામાં તર્ક વિતર્ક કરનારા ઔરંગઝેબે તરતજ અમીર જમાલના કાગળમાં બતાવેલી યોજનાને અમલમાં મૂકી. સત્વર તે ગોવળકોંડાના રાજાની હદ તરફ કુચ કરી ગયો. આ કપટી કામ તેણે એવી તો યુક્તિથી ચલાવ્યું કે, તે ભાગનગરની ભાગોળે

પહોચ્યા ત્યાં સુધી 'આ મહાન્ મોગલના એલચીનો રસાલો નથી' એમ કોઇને શક ગયો નહિ. દેશના રિવાજ પ્રમાણે રાજા આ નામ ધારી એલચીને મળવા માટે તેને ઉતારે તેને ઘટતી ભેટ સોગાદ લઇને ગયો. રાજા નિઃશંક મનથી પોતાના વિશ્વાસઘાતીની પાસે જતો હતો અને જ્યોરજીયન જાતના દસ બાર ગુલામો તેને પકડવાની તૈયારીમાં હતા એટલામાં, આ કપટ પ્રબંધમાં ભાગ લેનાર એક ઉમરાવને એકાએક પશ્ચાત્તાપ અને અનુકંપા આવી જવાથી તે બોલી ઉઠયો કે–'આપ નામદાર જો શીઘ્ર નાશી નહિ જાવ તો માર્યા જશો. ચેતો આ તો ઔરંગઝેબ છે, એલચી નહોય.' આ વચન સાંભળતાં રાજાને જે ગભરામણ અને ત્રાસ ઉત્પન્ન થયો તે તો વર્ણવી શકાય તેમ પણ નથી. તે ત્યાંથી નાઠો અને જે ઘોડો હાથ આવ્યો તેના ઉપર બેશી ભાગનગરથી ત્રણ માઇલ દૂર ગોવળકાંડાના કિલ્લા તરફ ઘોડાને મારી મૂક્યો.

આમ ઔરંગઝેબ તેના શિકારમાં નિષ્ફળ ગયો પણ તેને ધાસ્તી રાખવાનું કારણ નહતું. રાજાને કેદ પકડવાને માટે આગળ કામ ચલાવી શકાશે એમ તેને ભાસ્યું. પછી તે નગરમાં પેઠો અને રાજ્યમહેલ લૂંટી લીધો. તેમાંની કિમતી વસ્તુઓ હાથ કરી લીધી પરંતુ પૂર્વ તરફના પ્રજાપીડક રાજાઓમાં પડી ગયેલા રિવાજ પ્રમાણે રાણીઓને રાજાની પાસે મોકલાવી દીધી. રાજા, તથા કિલ્લાને હાથ કરવાનો પછી તેણે વિચાર કર્યો, પરંતુ ગોવળકોડાના કિલ્લાપર ઘેરો ઘાલવાને જોઇએ તેટલા લશ્કરના તથા સરંજામના અભાવે કેટલાક દિવસ સુધી ખોટી રહેવું પડયું. છેવટ ઘેરો ઘાલ્યો પણ તેને એક મહિનો થયો નહતો અને કંઈ અર્થ સર્યો નહતો એટલામાં ઘેરો ઉઠાવી એકદમ દૌલતાબાદમાં જઇ સૂબાગીરીની લગામ હાથમાં લેવાનો તેને મહાન્ મોંગલનો હુકમ થયો. આથી, કિલ્લો જો કે ખોરાક પાણીની તંગીને લીધે અને લડાયક સામગ્રીના અભાવે છેવટની દશાએ પહોંચ્યો હતો તોપણ ઔરંગઝેબને તો પાછા ફરવાની જરૂર પડી.

આ હુકમ કઢાવવામાં પાદશાહ ઉપર દારા અને બેગમ સાહેબે દબાણ કર્યું હશે એમ ઔરંગઝેબને ગળા સુધી ખાતરી હતી; કારણ કે તેઓ જાણતાં હતાં કે ગોવળકાંડાના રાજા સામે જો તે મચ્યો રહેશે તો ઘણો બળવાન થઈ પડશે. ઔરંગઝેબ કંઈ પણ ક્રોધ દેખાડ્યા વગર એકદમ શાહજાહાનના હુકમને તાબે થયો. પાછા ફરતા પહેલાં તેણે લડાઈના ખરચને



બદલે પુષ્કળ નિસ્તાર મેળવ્યો. વળી રાજા પાસે કબૂલ કરાવ્યું કે, તેણે અમીર જમાલને તેના કુટુમ્બ તથા માલ મિલકત સાથે રાજ્યની બહાર જવાની પરવાનગી આપવી; તથા ભાગનગર રાજ્યના રૂપાના સિક્કાઓ ઉપર શાહજહાન પાદશાહના હથિયારની છાપ પાડવી. આ ઉપરાંત રાજાની મોટી શાહજાદી સાથે તેણે પોતાના શાહજાદા સુલતાન મહમદને પરણાવ્યો; અને એવું વચન લીધું કે, તેના પછી જુવાન શાહજાદાને તેણે ગોવળકાંડાની ગાદીએ બેસાડવો. આ લગ્નથી વળી ઔરંગઝેબને ભર્યો ભાદર્યો અને સર્વોપસ્કરણ સહિત રામગિરિનો કિલ્લો શાહજાદીની સાથે પહેરામણીમાં મળ્યો.

ઔરંગઝેબ અને અમીર જમાલ ઘણા દિવસ સાથે રહ્યા નહિ એટલામાં તો તેમણે મોટાં મોટાં સાહસોની યુક્તિઓ રચી. દૌલતાબાદ આવતાં માર્ગમાં જ તેમણે વિજાપુરના રાજ્યમાંના મજબૂતમાં મજબૂત બેદરના કિલ્લા ઉપર ઘેરો નાંખી તે કબજે કરી લીધો, ત્યાંથી દૌલતાબાદ આવી તેઓ ઘાડમૈત્રીથી રહેવા લાગ્યા. આ કાળની દરમિયાન તેઓ મહા ઉદયની યોજનાઓ યોજતા રહેતા. ઔરંગઝેબ અને અમીરના સંપનો કાળ હિંદના ઇતિહાસમાં એક સ્મરણીય વૃત્તાંત જેવો છે, કારણ કે એ સંપથી જ ઔરંગઝેબને એક મહા પુરૂષ અને પ્રસિદ્ધ થવાનો માર્ગ મળ્યો.

પત્ર વ્યવહાર રાખી અમીર જમાલે એવી ગોઠવણ રાખી હતી કે શાહજહાન પાદશાહના દરબારમાંથી વારંવાર પોતાના ઉપર તેડાં આવ્યા કરે. છેવટ તે ઉમદા ભેટો લઇને આગ્રે ગયો. આગ્રે જવામાં તેની મતલબ એવી હતી કે મહાન્ મોંગલ પાદશાહને પોર્ચ્યુગીઝ, વિજાપુર, અને ગોવળકાંડાનાં સંસ્થાનો ઉપર ચઢાઈ કરવાને લલચાવવો. તે જે ભેટો લઈ ગયો હતો તેમાં પેલો કદમાં અને તેજમાં અપ્રતિહત અને સર્વત્ર પ્રસિદ્ધ કોહિનૂર નામનો હીરો પણ હતો. કંદહારના પહાડો કરતાં જેની ખાણોમાંથી આવાં અમુલ્ય રત્નો નીકળે છે એવું ગોવળકાંડાનું રાજ્ય હસ્તગત કરવામાં કેટલો લાભ છે તે તેણે પાદશાહને સમજાવ્યું. કંદહાર ઉપર ચઢાઈ કરવામાં કંઈ જ માલ નથી એમ ઠસાવામાં તેણે બાકી રાખી નહિ. શાહજહાનને તેણે વળી એમ પણ જણાવ્યું કે કેપ કન્યાકુમારી સૂધીનો મુલક હાથ આવે ત્યાં સૂધી ત્યાં લશ્કર મોકવવું મોકુફ રાખવું જ નહિ. શાહજહાને અમીરની યુક્તિને પસંદ કરી, અને કદાપિ તેનાં રત્નોએ તેના મન પર વધારે મજબૂત અસર કરી હશે.

આમ છતાં દક્ષિણ ઉપર સ્વારી કરવાનું માનનીય કારણ તો એવું મનાય છે કે પ્રતિ દિવસ વધતા જતા દારાના ઔધત્યને તોડી પાડવાને માટે જ શાહજહાને આ બહાને મોટું લશ્કર એકઠું કરવા માંડયું અને અમીરની યોજના સ્વીકારી. આમાં ગમે તે કારણ હોય પણ એટલું તો થયું જ કે એક મોટું લશ્કર અમીર જમાલના આધિપત્ય નીચે આપી દક્ષિણ તરફ સ્વારી મોકલવાનો શાહજહાને ઠરાવ કર્યો.

દારાએ પોતાની સત્તાને સર્વોપરી કરવાને માટે નવા અને છૂપા પ્રપંચોથી પાદશાહની અપ્રીતિ હોરી લીધી હતી. એશિયાખંડમાં વિદ્વાન્ ગણાતા અને પાદશાહને જેની સાથે દોસ્તી દાવો હતો એવા રાજ્યના મોટા વઝીર સદુલ્લાખાનનું ખૂન કરીને તેણે રાજાની ઇતરાજી મેળવી હતી. પાદશાહ તેના આ ગુન્હાને માફ કરે તેમ નહતું. વઝીરે આવી મોટી શિક્ષાને યોગ્ય ગણાય એવો દારાનો શો અપરાધ કર્યો હતો? તે જાણવામાં આવ્યું નથી; પણ એમ કહેવાય છે કે વઝીર હમેશાં સુલતાન સુઝાનો પક્ષ લેતો અને તે ઉપરથી દારાને એવો શક ગયો હતો કે પાદશાહના મરણ પછી તે સત્તાવાન થાય તો તેને ગાદી આપે. કેટલાક એમ પણ કહે છે કે સદુલ્લાખાન જાતનો હિંદુ હતો અને દરબારના પર્શિયનો તેના તરફ અદેખાઈ રાખતા. આથી પણ દારાને તેનાપર ઝેર આવ્યું હોય; કારણ કે લોકમાં એવી ગપ ચાલતી હતી કે, પાદશાહના મરણ પછી વઝીર મોંગલના હાથમાંથી ગાદી છીનવી લેનાર છે. કેટલાક કહેતા કે વઝીર પોતે ગાદીપતિ થવા ઇચ્છે છે અને કેટલાક કહેતા કે તે પઠાણ લોકને ગાદી આપવા ધારે છે. આવો શક લાવવામાં એમ કહેવાતું કે તેની સ્ત્રી પઠાણ છે અને તે લોકોનું લશ્કર તેણે જુદે જુદે ઠેકાણે જમા કરેલું છે.

દક્ષિણમાં ઔરંગઝેબનું બળ વધારવાને માટે જ આ લશ્કર મોકલવામાં આવે છે, એમ લાગવાથી દારાએ અનેક યુક્તિ પ્રયુક્તિ અને વાદ વિવાદ ચલાવી 'દક્ષિણમાં લશ્કર જાય' તેની સામે વાંધો લીધો. પાદશાહને તેની ધારણાથી ન ફેરવી શકાતાં દારાએ તેને કેટલીક શરતો કરવાને માટે સમજાવ્યો. આ શરતો નીચે પ્રમાણે હતી. 'લડાઇ ટંટાના કાર્યથી ઔરંગઝેબે દૂર રહેવું, દૌલતાબાદની બહાર જવું નહિ, તથા પોતાના રાજ્યવ્યવહારમાંજ મચ્યા રહેવું. અમીર જમાલેજ લશ્કરનું આધિપત્ય રાખવું. અમીર આ શરતો પાળે કે નહિ તેની આંટમાં તે તેનાં બૈરી છોકરાંને દિલ્હી મૂકી જાય.'



આ છેલ્લી શરત અમીરને બિલકૂલ ગમી નહિ, પરંતુ જ્યારે શાહજહાને તેમ કરવાને આગ્રહ કર્યો તથા દારાને ખુશ રાખવાને માટેજ તે આ પ્રમાણે કરે છે, અને થોડાજ દિવસમાં તેમને તે મોકલી દેશે એમ કહ્યું, ત્યારે અમીર જમાલ કબૂલ થયો. પછી એક મોટા સૈન્યનો નાયક થઈ અમીર દક્ષિણ ભણી આગળ વધ્યો. મધ્ય દેશમાં કોઈ ઠેકાણે લાંબો વખત પડાવ રાખ્યા વગર તે વિજયનગરના રાજ્યમાં દાખલ થયો, અને અત્યંત દૃઢ ગણાતા કલ્યાણીના કિલ્લા ઉપર ઘેરો નાંખી તેણે પોતાના મોટા કામનું પગરણ કર્યું.

અસાધ્ય વ્યાધિથી ગ્રસ્ત થયેલો મહાન્ મોંગલ પાદશાહ શાહજહાન જ્યારે સીત્તેર વર્ષની વય વટાવી ગયો હતો ત્યારે હિંદુસ્તાનની આવી સ્થિતિ થઈ પડેલી હતી. તેના જેટલી વયે પહોંચેલાને માટે આવી ખટપટ યોગ્ય ન હતી. તેનામાં જે શારીરિક શક્તિ હતી, તેને તેણે આ પ્રમાણે વૃથા વ્યર્થ કર્યા કરતાં સાચવવી જોઇતી હતી.

**રાજ્ય માટે બંધુઓમાં યુદ્ધ**—પાદશાહના મંદવાડથી રાજ્યમાં ખળભળાટ અને ભય ઉત્પન્ન થયો હતો. દારાએ દિલ્હી અને આગ્રામાં મોટાં મોટાં લશ્કર જમા કર્યાં હતાં. બંગાળમાં સુલતાન સુઝાએ લડાઈની મોટી તૈયારીઓ કરવા માંડી હતી. દક્ષિણમાં ઔરંગઝેબ અને ગૂજરાતમાં મુરાદબક્ષે પણ સૈન્યમાં ભરતી કરવા માંડી હતી. ચારે ભાઇએ પોતપોતાના મળતીઆ અને મિત્રોને એકઠા કરવા માંડ્યા હતા. તેમણે પોતપોતાના લાગતાવળગતાઓને પત્રો લખી મોટી મોટી આશાઓ આપી અનેક જાતની યુક્તિઓ ખેલવા માંડી હતી. ભોગજોગે કેટલાક પત્રો દારાના હાથમાં આવ્યા એટલે તે તેણે પાદશાહને બતાવ્યા અને મહા બડબડાટ કર્યો. આ સમયનો લાભ લઇને દારાના તરફ બેગમ સાહેબે પણ પાદશાહના કાન ભંભેરવામાં બાકી રાખી નહિ. શાહજહાનને દારાપર વિશ્વાસ નહોતો. તેને ઝેર દેવાનો ભય હતો અને કોઈ કોઈ વાર તો તે મહા શંકાથી ખાણું લેતો. લોકમાં એમ પણ વાત થતી કે આવા સમયમાં પાદશાહ ઔરંગઝેબ સાથે પત્રવ્યવહાર ચલાવતો હતો. આ વાત દારાના જાણવામાં આવતાં તેને એટલો બધો ગુસ્સો ચઢયો કે તેણે પાદશાહને ઝાટકી નાંખ્યો હોત પરંતુ એટલામાં તો તેની તબિયત બહુ લથડી ગઈ; અને તે મરણ પામ્યો એવી પણ ગપ ઉડી. આખું રાજ્યમંડળ ગભરાટમાં પડયું અને આગ્રાની રૈયત ત્રાસ પામી ગઈ. શહેરમાં હડતાળ પડી અને ચારે શાહજાદાઓએ પોતાની

મોટી ઈચ્છાને માટે હથિયારનો આશ્રય લીધો. તેઓ એટલા પાસે આવી પહોચ્યા હતા કે પાછા ફરવું એ ન બની શકે તેવું કામ હતું, અને લડાઈમાં પરાજય જ નહિ પણ પ્રાણ જાય એમ નક્કી થઈ ચૂકેલું હતું. રાજ્ય કે મરણ તેમાં પસંદગી કરવાનો વખત રહ્યો ન હતો. જેમ શાહજહાન પોતાના ભાઇઓના રૂધિરે હાથપગ ધોઈ ગાદીએ બેઠો હતો તેમ અત્યારે પણ વિજેતાની ઈર્ષ્યાથી અવિજયી ઉમેદવારને કપાઈ મરવાનો વખત હતો.

આગળ પડવામાં સુલતાન સુઝાએ પહેલ કરી, કારણ કે બંગાળ જેવા ધનાઢ્ય દેશની સુબાગીરીની દરમીયાન ઘણાક રાજાઓ અને ગૃહસ્થોને કચરી નાંખી તેણે પોતાનું ખીસ્સુ તર કરેલું હતું. પૈસાના જોરે તેણે અસંખ્ય લશ્કર એકઠું કર્યું. જેમનો ધર્મ એણે ધારણ કર્યો હતો એવા ઈરાની ઉમરાવોપર આધાર રાખી શીઘ્ર આગ્રા તરફ આગળ ચાલવા મંડયો. બંગાળમાં તેણે એવું જાહેરનામું બહાર પડયું કે, ‘ દારાએ ઝેર દેવાથી પાદશાહ પરલોકવાસી થયો છે અને હું એ પિતૃઘાતક ખુનીને શિક્ષા કરવાને તથા ખાલી પડેલી રાજ્યગાદીને સનાથ કરવાને માટે જાઉં છું.’ દારાના આગ્રહથી શાહજહાને તેને પત્ર લખીને જણાવ્યું કે, ‘ ઔષધના જોરે મારો શરદીનો તાવ ઓછો થયો છે અને હું આરોગ્ય છું માટે તારે આગળ ન વધતાં પાછા પોતાના પ્રાંતમાં જવું.’ પાદશાહનો આવો હુકમ થયા છતાં પણ દરબારમાંથી પોતાના મળતીઆ ઉમરાવોની મારફતે સુઝાએ જાણ્યું કે પાદશાહનો રોગ અસાધ્ય છે; એટલે તે આગ્રા તરફ કુચ કરતો ચાલુ રહ્યો. તેણે પોતાની કુચ આગળ ને આગળ ચાલુ રાખતાં એવું મિશ બતાવ્યું કે, ‘ મારા પિતાજી મરણ પામ્યા છે એમ મને પાકે પાયે ખબર મળેલી છે અને કદાપિ તે જીવતા હશે તો હું તેમનાં ચરણ વંદવાને અને સેવા ઉઠાવવાને માટે આગ્રે જવા આતુર છું.’

આણી તરફ દક્ષિણમાંથી ઔરંગઝેબે પણ આગ્રા તરફ પ્રયાણ કરવા માંડયું. સુઝાના કરતાં લગભગ બમણી સેના તેની સાથે હતી. તેને પણ દારા અને શાહજહાન તરફથી પાછા ફરવાનો હુકમ થયો. દારાએ તેને એટલા સુધી લખી વાળ્યું કે, ‘ જો તે દક્ષિણ છોડીને આગળ વધશે તો તેને શિક્ષા કરવામાં આવશે. ’ બંગાળના સુબા સુઝાની માફક કહી તેણે પણ તેવો જ ઉત્તર વાળ્યો. મહેસુલ કમ હોવાથી તેની પાસે જોઇએ તેટલું લશ્કર નહતું, તેથી છેવટ તેણે લશ્કરથી ન બની શકે તેવું કામ બુદ્ધિબળથી કરવાનો વિચાર કર્યો. મુરાદબક્ષ અને અમીર જમાલ તેની આ યોજનાના પ્રથમ ભોગ થઈ પડ્યા. પછી મુરાદને તેણે નીચે પ્રમાણે પત્ર લખ્યો.



‘ પ્યારા ભાઈ ! રાજ્ય ખટપટો એ મારા ખરા સ્વભાવને કેટલી બધી પ્રતિકૂલ વસ્તુ છે તે તમને યાદ દેવડાવવાની તો જરૂર જ નથી. દારા અને સુઝા જ્યારે રાજ્યને માટે તરફડીયાં મારે છે ત્યારે હું માત્ર ફકીરીને માટે જ અત્યાતુર છું. રાજ્ય ઉપરના મારા હક ઉપરથી હાથ ઉઠાવતા પહેલાં હું મારા વિચાર તમોને જણાવવાને બંધાયલો છું એમ ધારૂં છું. પ્રિયમિત્ર ! આજ સુધી મેં જો કોઇને ચાહ્યું હોય તો તે માત્ર આપજ છો. દારા રાજ્ય ગાદીને અયોગ્ય છે એટલું જ નહિ પણ તે રાજ્ય કરવાને માટે પણ શક્તિમાન નથી. તે એક કાફર અને મૂર્તિપૂજક હોઈ દરબારના ઉમરાવજાદાઓથી તિરસ્કાર પામેલો માણસ છે. સુઝાએ રાજ્યને યોગ્ય નથી, કારણ કે તે એક રફેઝી એટલે પાખંડમત માનનારો છે. અલબત તે હિંદુસ્તાનનો કટ્ટો શત્રુ છે. આવું મહાન્ રાજ્ય ચલાવવાને માટે જોઇતા સઘળા ગુણો તમારામાં છે એમ મારે કહેવું જોઇએ. વળી આવો મત કંઈ મારો એકલાનો જ નથી પરંતુ મોટા મોટા ઉમરાવો પણ તેમ માને છે અને તમારા અપ્રતિહત બળને માટે માન ધરાવે છે. તેઓ રાજ્યનગરમાં તમારી વાટ જુવે છે. મારે પોતાને માટે તો હું તમારી પાસે માત્ર એટલું જ માગી લઉં છું કે—આપ જ્યારે પાદશાહ થાઓ ત્યારે તમારા રાજ્યમાં એક એકાંત જગ્યા મને આપજો કે જ્યાં રહીને હું નિરંતર અને હરકત વગર ખુદાતાલાની બંદગી કર્યા કરૂં. હું તમારી સાથે મળવાને તથા મારા મિત્રો અને સલાહથી મદદ કરવાને તૈયાર છું. હું મારૂં લશ્કર તમારે હવાલે કરીશ. આ પત્રની સાથે હું આપને એક લાખ રૂપિઆ મોકલું છું તે મારી સદ્ભાવના તરીકે આપ સ્વીકારશો એવી સંપૂર્ણ આશા છે. વખત બારીક છે માટે આપે એક ક્ષણ પણ ખોયા વગર સુરતપર હલ્લો કરવો, કારણ કે મારી જાણ પ્રમાણે રાજ્યનો મોટો ખજાનો ત્યાં રાખેલો છે.’

મુરાદબક્ષની સત્તા અને નાણાં કંઈ અનહદ ન હતાં. લાખ રૂપિઆ સાથે ઔરંગઝેબની યોજના આવી મળતાં તે બહુ પ્રસન્ન થયો. તેને જે ભવિષ્ય દેખાયું તેથી તે બહુ ફૂલાઈ ગયો. જુવાન માણસો સૈન્યમાં રહેવાને લલચાય અને ધનાઢ્ય લોક પૈસા ધીરવાને આનાકાની કરે નહિ એવી ઉમેદથી ઔરંઝેબનો પત્ર તેણે સર્વેને દેખાડવા માંડયો. તેની પાસે જે થોડો ઘણો પૈસો હતો તે જુલમથી મેળવેલો હતો. ઔરંગઝેબનો પત્ર આવ્યા પછી તો મુરાદબક્ષે જાણે પોતે પાદશાહ જ થયો હોય તેમ વચનમાં ઉ-

દારતા ધારણ કરી. તેણે એવી યુક્તિથી અને વિજયથી કામ લેવા માંડયું કે થોડા જ કાળમાં લશ્કરમાં સારી ભરતી થઈ ગઈ. આ લશ્કરમાંથી ત્રણસેં માણસો ચૂંટી કાઢી શાહ આબાસને તેની સરદારી આપી સુરતપર ઘેરો ઘાલવા મોકલ્યો. શાહ આબાસ ખોજો છતાં ઘણો શૂરવીર હતો.

હવે ઔરંગઝેબે અમીર જમાલ તરફ નજર ફેરવી. શાહજાદા સુલતાન મહમદને તેણે અમીરપર સંદેશો લઈ મોકલ્યો; અને કહાવ્યું કે તેને ઘણુંજ અગત્યનું કામ છે માટે આવવું. અમીર ઔરંગઝેબના મનમાં શું કહેવાનું હતું તે સમજી ગયો અને જણાવ્યું કે–કલ્યાણીને મારા લશ્કરે ઘેરો ઘાલ્યો છે તેવા વખતમાં મારાથી દૌલતાબાદ આવવું બને નહિ. સુલતાન મહમદને તેણે ખાતરીથી કહ્યું કે–'મને હમણાં જ આગ્રેથી સમાચાર મળ્યા છે અને પાદશાહ સલામત છે.' વળી તેણે જણાવ્યું કે 'જ્યાં સૂધી મારાં બૈરી છોકરાં આગ્રે દારાના કબજામાં છે ત્યાં સૂધી મારાથી તમારીસાથે અવાશે નહિ.' ઔરંગઝેબ સાથે ભળવાની આમ તેણે સાફ ના પાડી અને હતું પણ તેમ જ. હાલના કજીઆમાં એકે તરફ ઢળવું નહિ એવો તેનો વિચાર હતો.

પોતાની મરજી માફક ન થયું તેથી અમીર ઉપર ગુસ્સે થઈ સુલતાન મહમદ દૌલતાબાદ પાછો આવ્યો, પણ ઔરંગઝેબ તેથી નાઉમેદ થયો નહિ. નાના શાહજાદા સુલતાન માજુમને તેણે ફરી વાર અમીર પાસે મોકલ્યો. આ શાહજાદાએ એવી ચપળતાથી અને સુજનતાથી કામ લીધું કે અમીરથી તેની પ્રાર્થનાઓ પાછી ઠેલાઈ નહિ. શાહજાદે વળી મૈત્રીની એવી પ્રતિજ્ઞાઓ આપી કે અમીરે હોંશિયારીથી ઘેરાનું કામ આગળ ચલાવ્યું અને કિલ્લાના રક્ષકોને શરણે આવવાની જરૂર પાડી. છેવટ પોતાના લશ્કરમાંથી ચુનંદા માણસો લઇને તે સપાટાપુર દૌલતાબાદ તરફ રવાના થયો.

ઔરંગઝેબે અમીરને 'બાબા' અને 'બાબાજી' એમ કહી કહીને ઘણી જ પ્રીતિથી આવકાર આપ્યો. અમીરને સારી રીતે ભેટી મળીને તેને પોતાની પાસે બેસાડયો અને પછી નીચે પ્રમાણે કહેવા માંડયું. "બાબા ! સુલતાન મહમદને તમે જે કારણો બતાવ્યાં તે હું માન્ય કરૂં છું એટલું જ નહિ પણ મારા દરબારીઓ પણ તેને માન્ય કરે છે. અલબત્ત જ્યાં સૂધી તમારૂં કુટુંબ કબીલો દારાના હાથમાં છે ત્યાં સૂધી તમારાથી મારા પક્ષમાં અવાય નહિ. હું પણ તેને ડહાપણ ભરેલું માનતો નથી, પરંતુ મારે કહેવાની ફરજ નથી કે એવી તો થોડીજ અડચણો હોય છે કે જે દૂર ન થઈ



શકે. મને એક યુક્તિ સાંભરી છે અને તમને તે પહેલાં તો આશ્ચર્ય જેવી લાગશે પરંતુ જ્યારે તમે પૂર્ણ વિચાર કરી જોશો ત્યારે તમારા સમજવામાં આવશે કે તે તમારા કુટુંબની સલામતીને માટે યથાર્થ છે. આ મારી યુક્તિ એ છે કે–'તમે તમારી મેળે અહીં કેદ થાવ. આથી દુનિયાંપર જૂદી અસર થશે અને આપણે આપણું કામ સાધી શકીશું. એમ તો કોઇએ નહિ ધારે કે તમારા જેવો માણસ અમસ્થો સહેલથી કેદમાં જાય. આ વખતમાં હું તમારા લશ્કરનો કેટલોક ભાગ તમે પસંદ કરો એવા કામમાં લેવા ધારૂં છું. વળી મને આશા છે કે આવા બારીક સમયમાં તમે મને ધનની મદદ કરવાની પણ ના પાડશો નહિ. આવી મદદને માટે મેં તમને વારંવાર વિનવેલા છે. તમારા સૈન્યથી અને તમારા પૈસાથી હું સલામત રીતે મારૂં ભાગ્ય અજમાવીશ. હવે આપ જો મને રજા આપો તો હું તમને દૌલતાબાદના કિલ્લામાં લઈ જાઉં. ત્યાં મારા શાહજાદામાંનો એક આપની તહેનાતમાં રહેશે. ત્યાં ગયા પછી મારે કેવી રીતે વર્તવું તેનો પણ આપણે ત્યાં વિચાર કરીશું. હું સમજી શકતો નથી કે આમ થવાથી દારાના મનમાં શક આવવાનો સંભવ રહે ! એ મારો કટ્ટો દુશ્મન છે એટલે તમારા કુટુમ્બને તે કંઈ ઉપદ્રવ કરશે નહિ.'

અમીરની સાથે વાતચીત થઈ તેમાં ઔરંગઝેબે આવીજ નમ્ર ભાષા વાપરી હતી એમ કહેવાને મારી પાસે પુરાવો છે. આ વિચિત્ર યોજનાના જવાબમાં અમીર શું બોલ્યો તે જણાયલું નથી; તોપણ એટલું તો ખરૂંજ છે કે તે ઔરંગઝેબે કહ્યું તેમ કબૂલ થયો અને પોતાનું લશ્કર પણ તેને સ્વાધીન કર્યું. અમીરે વળી તેને ધનની મદદ કરી છતાં એટલું તો ખરેખર અચંબો પામવા જેવું છે કે તે પોતે એક કેદી થઈ તેની સાથે દૌલતાબાદ ગયો. કેટલાક એમ કહે છે કે 'ઔરંગઝેબે તે જ્યારે પાદશાહ થાય ત્યારે તેની પૂર્ણ પીછાણ લેવાનાં અમીરને વચનો આપ્યાં હતાં. વળી એમ માનવાને મજબુત કારણ છે કે ઔરંગઝેબે અમીરને સંકટમાં સહાય કરી હતી તેથી તે લેવાઈ ગયો. કેટલાક લોક વળી સકારણ એમ કહે છે કે ભયને લીધે અમીરથી ના પડાઈ નહિ; કારણ કે જ્યારે તેઓ આ સંતલસ કરવાને બેઠા હતા ત્યારે બન્ને શાહજાદાઓ ત્યાં હાજર હતા અને પહેલે સપાટે અમીરને સમજાવા ગયેલો શાહજાદો સુલતાન મહમદ નિરાશાથી તેનાપર ગુસ્સે થયેલો હોવાથી તે વખત ઉઘાડી તલવારે ત્યાં ઉભો રહ્યો હતો. અમીર

જો ઔરંગઝેબનું કહેવું ન સાંભળે તો તેને મારી નાંખવાને તે શસ્ત્ર ઉગામી રહ્યો હતો. સુલતાન આટલો બધો ગુસ્સે થવાનું બીજું કંઈ કારણ નહતું, સિવાય કે જ્યારે તેનું એલચીખાતું અમીરને સમજાવવાને નિષ્ફળ નીવડયું હતું ત્યારે તેના નાના ભાઈ સુલતાન માજુમનું એલચીખાતું તેમાં સફળ થયું હતું. આ બનાવનું વેર અને ગુસ્સો શાહજાદો મહમદ જીરવી શક્યો નહિ.

જ્યારે વિજાપુરથી આવેલા લશ્કરના જાણવામાં આવ્યું કે અમીર જમાલ કેદ પકડાયો છે ત્યારે તેઓએ પોતાના સેનાધિપતિને છોડી મૂકવાને માગણી કરી; અને ઔરંગઝેબે જો સામ ભેદ ન વાપર્યો હોત તો કદાપિ તેમણે બંદીખાનાના દરવાજા પણ ઉઘાડી નાંખ્યા હોત. લશ્કરના ઉપરી જમાદારને તેણે જણાવ્યું કે–'તમારો સરદાર એની મેળે બંદીખાનામાં ગયો છે એટલુંજ નહિ પણ જો ખરૂં કહું તો તેમ કરવામાં અમારી કંઇક ઉંડી મતલબ છે.' વળી તેણે લશ્કરના સિપાઇઓને ભેટ સોગાતો આપી અને જમાદારનો પગાર વધારવાનાં વચન આપ્યાં. ખાનગી સિપાઇઓના દરમાયા વધારી આપ્યા. એટલા બધા ગૌરવની સાથે પોતાના ઉદાર હાથનું ચિન્હ દેખાડવા માટે તેણે તેમને ત્રણ ત્રણ માસનો પગાર આગળથીજ આપી દીધો.

**સુરતમાં લૂંટ**—આ રીતે જે લશ્કર અત્યાર સુધી અમીરના હાથમાં હતું તે ઔરંગઝેબની સુવિચારિત સ્વારીના કામમાં સામેલ થયું. ઔરંગઝેબને પોતાને પણ ખાતરી થઈ કે હવેજ કામ સાધી શકાશે. સુરત શહેરને એ-દાનમેદાન કરવાને માટે હવે તેણે કુચ કરવા માંડી આણી તરફ મુરાદબક્ષે આવીને સુરત ઉપર ઘેરો ઘાલ્યો હતો પરંતુ ત્યાંના લશ્કરે તે અણધાર્યા હુમલા સામે જુસ્સાદાર અટકાવ કર્યો હતો. ઔરંગઝેબે કુચ કર્યા પછી થોડાજ દિવસમાં મુરાદબક્ષે સુરત લીધાના સમાચાર તેને મળ્યા. ઔરંગઝેબને એ સમાચાર મળતાંજ તેણે ધન્યવાદ આપનારો કાગળ મુરાદબક્ષને લખ્યો અને અમીર જમાલ તથા તેની વચ્ચે થયેલી બાબત તેમાં જણાવી. પોતાને માટે તેણે તેજ પત્રમાં લખ્યું કે 'હું એક મોટા લશ્કરના આધિપત્ય ઉપર છું અને ધન પણ મારી પાસે બેસુમાર છે. મોટા મોટા દરબારીઓ સાથે સંતલસ થઈ ગયેલી છે. હું બહેરામપુર અને આગ્રા ભણી આગળ વધવાને સજ્જ છું. તમારે જેમ બને તેમ જલદી કુચ કરવી અને અમુક જગ્યાએ આપણે મળીશું' એમ તે પત્રમાં જણાવી દીધું.



સુરતમાંથી મળેલા પૈસા જોઇને મુરાદબક્ષ નાઉમેદ થઈ ગયો. ખજાના વિષે કદાપિ વધારે ટકા ચઢાવેલી વાત થઈ હશે અથવા ત્યાંનો સુબો, જેને માટે શક રાખવામાં આવતો હતો, તેણે એ પૈસા વાપરી–ઉરાડી દીધા હશે. ગમે તેમ હો પણ સુરતમાંથી જે પૈસો મળ્યો તે એટલો પણ નહતો કે જે લશ્કરના માણસોમાં પહોચી રહે. પૈસાની આશાએજ મુરાદબક્ષના લશ્કરમાં ઘણા માણસો સામેલ થયા હતા. સુરત શહેર સર થયાથી શાહજાદાના માનમાં પણ કંઈ જાણવા જોગ વધારો થાય તેમ નહતું, કારણ કે, સારી કિલ્લેબંધી ન છતાં તે સર કરતાં બરાબર એક મહિનો લાગ્યો હતો. તેના ઘણા ધસારા નિષ્ફળ ગયા હતા અને ડચ લોકોએ સુરંગો મારવાની યુક્તિ બતાવી ત્યાં સુધી કંઇજ વળ્યું નહતું. કોટનો મોટો ભાગ સુરંગો મારીને ઉડાડી દેતાં કિલ્લેદારો ત્રાસ પામી ગયા અને શરણે આવવાની શરતો નક્કી કરી નાંખી.

સુરત શહેર સર કરવાથી મુરાદબક્ષનાં કેટલાંક ભવિષ્યત: કામો સહેલાં થઈ ગયાં. આ વિજયે તેને પ્રસિદ્ધ કર્યો એટલુંજ નહિ પણ અદ્યાપિ સુધી સંપૂર્ણતાએ નહિ પહોચેલી એવી સુરંગ મારવાની યુક્તિ પ્રથમજ તેણે વાપરી તેથી તેનું નામ પંકાઈ ગયું. સુરતમાંથી તેને જો કે ઘણો પૈસો મળ્યો નહિ તોપણ દુનિયાંપર તો એમજ કહેવાયું કે ' સુરતમાંથી મુરાદને અઢળક પૈસો મળ્યો.' શાહ આબાસ નામના ખોજાએ આ વિજય ઉપર તેમજ ઔરંગઝેબનાં સ્તુતિ વચનો ઉપર આધાર રાખી ઔરંગઝેબના હાથમાં જતાં મુરાદબક્ષને વાર્યો. તેણે મુરાદને કહ્યું કે–' જુઓ વિચાર કરો, હજી પણ મારી શિખામણ માનવાનો વખત છે. જો તમે તેનાપર રાજી થયા હો તો સામાં સામ વચનોથી તેને પ્રસન્ન કરો પરંતુ તમારા લશ્કર સાથે તેની જોડે જોડાઈ જવાનું હમણાં મોકુફ રાખો. આગ્રા તરફ તેને એકલાનેજ આગળ વધવા દો. તમારા પિતાની તબીયતના સમાચાર આપણે ધીરે ધીરે મેળવીશું અને શા બનાવ બને છે તે હમણાં જોયા કરો. આટલા સમયમાં તમે સુરતના કિલ્લાની મરામત કરો. સુરત ઘણી જરૂરની અને અગત્યની જગ્યા છે. આમ કરવાથી તમે એક વિસ્તારવાળા અને મોટી મહેસૂલ આપનારા દેશના ધણી થશો. સુરત આવ્યા પછી ઘણીજ થોડી મહેનતે બરાનપુર લેવાશે. બરાનપુર એક યોગ્ય જગ્યાપર આવેલું અને દક્ષિણના નાકા રૂપનગર છે.'

**મુરાદપર મોહિની.**—ઔરંગઝેબના તરફથી મુરાદબક્ષના ઉપર નિરંતર એવાજ પત્ર આવતા હતા કે તેણે તેના પ્રયત્નમાં ઢીલ કરવી નહિ. આથી કરીને ડાહ્યા અને સ્વામિભક્ત શાહ આબાસ ખોજાની શિખામણોનો અસ્વીકાર થયો. ખોજો સુદૃઢ રાજનીતિજ્ઞ અને ઉત્સાહી તથા માયાળુ સ્વભાવનો માણુસ હતો. તે મુરાદબક્ષ પ્રતિ સ્વાભાવિક રીતેજ અનુરક્ત રહેતો. શાહજહાનના નાના શાહજાદાએ જો તેના ડાહ્યા મિત્રની શિખામણ માની હોત તો તેનું સારૂં થાત; પણ રાજ્યલોભથી તે આંધળો ભીંત થઈ ગયો હતો. 'હું તમારા કામમાં ઘણોજ અનુરક્ત છું' એમ સૂચવતા ઔરંગઝેબના પત્રો પ્રતિ દિવસ વધારે અને વધારે આગ્રહ ભર્યા આવવા માંડયા, અને મુરાદબક્ષે એમ વિચાર કર્યો કે—જો સ્વસત્તામાં અને સ્વસાધનપર આધાર રાખીને બેશી રહીશું તો, મનની મોટી ઇચ્છાને ફળ આવશે નહિ. નિરંતર વિચારમાં ગોથાં ખાઇશું, અને કંઈ થશે નહિ. આમ વિચાર કરી છેવટ તેણે અમદાવાદથી છાવણી ઉપાડી ગૂજરાતને છોડયું. પર્વતમાં અને વનોમાં થઇને કેટલેક દહાડે તે જે જગ્યા બેઉ લશ્કરને મળવાને માટે પહેલેથી મુકરર કરવામાં આવી હતી ત્યાં જવાને ત્વરિત થયો. ઔરંગઝેબ ત્યાં આવી કેટલાક દિવસથી પડેલો જ હતો.

જે દિવસે તેઓ એકઠા થયા ત્યારે તો મોટો આનંદોત્સવ થયો. બેઉ ભાઇઓ એક બીજાને મળ્યા અને ઔરંગઝેબે પોતાનાં અત્યંત સ્નેહ ચાતુર્યને તથા સંપૂર્ણ નિ:સંગતાની પ્રાર્થનાઓ મુરાદબક્ષ તરફ ચાલુજ રાખી. તેણે જણાવ્યું કે—'રાજ્યગાદીને માટે તો મને ઇચ્છાજ નથી; પણ દારા જે આપણો શત્રુ છે તેને હરાવા અને ખાલી પડેલા તખ્તપર આપ નામદારને બેસાડવાને માટે જ મારે આવા મોટા સૈન્યનું આધિપત્ય લેવું પડયું છે.' રાજ્યનગર જતા સૂધી ઔરંગઝેબે એમજ કહ્યા કર્યું. આ વખતની દરમીયાન તે મુરાદબક્ષ પ્રત્યે એક પ્રજાના વિનયથી રહેતો હતો; એટલુંજ નહિ પરંતુ ખાનગીમાં એ તેને તે—હજરત, જહાંપન્હાહ વગરે કહીને બોલવું બોલાવવું ભૂલી જતો નહિ. આશ્ચર્ય છે કે મુરાદબક્ષને તેના કપટ વચનપર કદી અવિશ્વાસ આવ્યો નહિ. ગોવળકાંડાના રાજા સાથે તે જે યુક્તિઓ અને કપટબાજી રમ્યો હતો તેણે પણ મુરાક્ષબક્ષને કંઈ અસર કરી નહિ. બીજુ કંઈજ નહિ પરંતુ મુરાદ રાજ્યલોભમાં અંધ થયો હતો. તેને એમે ખબર



પડી નહિ કે, જેણે થોડાજ વખત ઉપર એક રાજ્યને ઉંધું વાળી ઉજડ કર્યું હતું ને અકીર્તિ લીધી હતી; તે માણુસ તે વળી ફકીરી જીંદગી ગુજારવાનો વિચાર રાખે?

બે સૈન્ય એકઠાં થવાથી સૈન્ય સમૂહ મોટો થઈ પડયો અને તેઓના જવાથી રાજ્યના પાટનગરમાં પણ ભારે હોહા થઈ રહી. દારાના વિંણાચૂંટાનો પાર રહ્યો નહિ. તે આ બનાવના પરિણામને માટે શાહજહાનને ઘણી ધમકીઓ આપતો હતો. તેના મનમાં જે જે વિચારો ઉત્પન્ન થયા તેનાં દારુણ પરિણામો આવ્યાં તે બધું ઔરંગઝેબથી છુપું રહ્યું નહિ. અમસ્થાજ દારાએ દરબારીઓને મોકલીને તેમને પોતપોતાના પ્રાંતો ભણી પાછા વળી જવાને માટે ધમકાવ્યા. સંયુક્ત સૈન્ય આગળ વધે જ ગયું. પાદશાહનો રોગ પ્રાણઘાતક નીવડશે એમ તેમને લાગતું હતું. લોકને તેઓ એમ દેખાડતા હતા કે, તેમનાપર શાહજહાનની સહીના જે કાગળો આવે છે તે દારાના બનાવટી પત્રો છે. દારા દગો કરે છે, પાદશાહ મરી ગયો છે વા મરવાની તૈયારીમાં છે, અને કદાપિ જીવતો હશે તો તેઓ ત્યાં જઈ તેનાં ચરણ વંદન કરશે અને દારાએ તેને જે ગુલામગીરીમાં રાખ્યો છે તેમાંથી છોડાવશે.

શાહજહાનની દશા ખરેખર દુ:ખ રૂપ થઈ પડી હતી. રોગગ્રસ્ત હોવાથી તે દારાના હાથમાં બંદીવાન થઈ પડયો હતો. દારા પણ ઘણા ગુસ્સાથી તેની ઉપર દેખરેખ રાખતો હતો, તેના મનમાં લડાઈ લડાઈ અને લડાઈ જ રમી રહી હતી અને પોતાના જોસ્સાને યોગ્ય લડવાને માટે જોઇતી તૈયારીઓ અપ્રશાંત ચાલી જાય તેમ કરવામાં તે રોકાઈ ગયો હતો. દારાની સ્થિતિ આવી હતી ત્યારે તેનાં બૈરી છોકરાં, વારંવાર કહેવા છતાં પણ આગ્રા તરફ જતાં ન હતાં. આનું કારણ એ હતું કે તેનો ખજાનો બાયડી છોકરાંના હાથમાં હતો અને તેઓ તેને ગમે તેમ વાપરતાં હતાં. જૂના અને લડાઇઓ લઢીને કસાયલા અમલદારોને પોતાની પાસે બોલાવવાની તેને જરૂર પડી; પરંતુ તે લોક તો તેનાથી વિરૂદ્ધ હતા. તેમને શરમને લીધે દારાની આગળ કહેવું પડયું કે તેઓ તેના ભાઇઓની સામે લઢશે. વૃદ્ધ પાદશાહના મનમાં દારાના કરતાં બીજા શાહજાદાઓને માટે સારા વિચાર હતા અને તે તેમને ચહાતો હતો. જ્યારે સુલતાન સુઝા આગળ વધતો ગયો ત્યારે

કટાકટીના વખતનો મામલો બારીક થઈ પડ્યો; કારણ કે ઘણા માણસો આ વખતે ઔરંગઝેબ અને મુરાદબક્ષના સંમિશ્ર સૈન્ય સામે બાથ ભીડવાને માટે રોકાયલા હતા.

**સુઝા અને સુલેમાન શિકોહ.**—સુલતાન સુઝાને આગળ વધતો અટકાવવાને માટે સૈન્ય મોકલવામાં આવ્યું તેનો ઉપરી તેનો દીકરો સુલેમાન શિકોહ હતો. આ શાહજાદો આશરે ૨૫ વર્ષની વયનો, રૂપાળો, શક્તિમાન્, ઉદાર અને લોકમાં પ્રસિદ્ધ હતો. શાહજહાનને પણ તે વહાલો હતો. પાદશાહે તેને ઘણું ધન આપ્યું હતું અને દારાના કરતાં પોતાના પછી એ ગાદીએ આવે તો સારૂ, એમ તે ચહાતો હતો. અનન્ય પ્રીતિને લીધે પાદશાહે, આ અસ્વાભાવિક ઝઘડામાં લોહીની છોળો ન ઉડે તો સારૂ એવી મતલબથી જેપુરના રાજા જશવતસિંહને પોતાના પૌત્રના સલાહકાર અને મિત્ર તરીકે તેની સાથે મોકલ્યો હતો. જશવતસિંહ આ વખતે હિંદુસ્તાનના રાજાઓમાં એક મોટો અને જોરાવર રાજા ગણાતો હતો. એમ પણ કહેવાય કે મોગલ રાજ્યમાં માત્ર તેજ મહા શક્તિમાન્ માણસ હતો. પાદશાહે છાની રીતે સલાહ કરવાની સલાહ આપી હતી અને કહ્યું હતું કે–સુલતાન સુઝાને પાછો વળી જવાને જેટલું બને તેટલું કરજો. પાદશાહે સુઝાને કહાવ્યું હતું કે 'આ તેનો એકલાનો ધર્મ નથી. તેની રાજ્યનીતિ કોઈ વધારે યોગ્ય વખતને માટે તેના બળ સંરક્ષણ કાજે વધારે ધ્યાન આપવા જેવી છે. જ્યાં સુધી મારો રોગ મરણમાં અંત પામ્યો નથી અથવા ઔરંગઝેબ અને મુરાદબક્ષની સંયુક્ત યોજનાનું પરિણામ જણાયું નથી ત્યાં સુધી તારે થોભવું.'

જશવતસિંહના લડાઈ ન થવા દેવાના બધા યત્નો વિફળ થયા કારણ કે આણી તરફથી સુલેમાન શિકોહ લડાયક જુસ્સાથી અને નામના કરવાના લોભથી પૂર્ણ હતો અને પેલી તરફથી સુલતાન સુઝાને એમ બીક હતી કે જો હું પાછો જઇશ તો ઔરંગઝેબ દારાને હરાવી દિલ્હી અને આગ્રા એઉનો રાજા થઈ જશે. બન્ને સૈન્ય એક બીજાની સન્મુખ થતાં મોટી તોપોનો મારો ચલાવવા લાગ્યાં. આ લડાઇનું સવિસ્તર વર્ણન આપવાને હું મારા વાચકોને વધારે વાર ખોટી કરનાર નથી, કારણ કે આથી પણ વધારે અગત્યની વાતો આગળ કહેવાની છે. માત્ર એટલુંજ કહેવું અત્ર તો યોગ્ય



છે કે પ્રારંભમાં બેઉ તરફ ઘણો જોસ હતો પરંતુ સખત લડાઈ થયા પછી સુઝાને માર્ગ આપવાની જરૂર પડી. છેવટ એટલો બધો ગભરાટ થઈ ગયો કે તે રણસંગ્રામમાંથી નાશી છુટ્યો. એ તો સત્યજ છે કે, જો જશવતસિંહ અને તેનો મિત્ર દલીલખાન, જે એક શૂરવીર પઠાણ યોદ્ધ હતો તેઓ જો પાછળ રહ્યા ન હોતતો શત્રુનો પુરેપુરો પરાજય થાત; અને ઘણું કરીને તો તે લશ્કરનો સેનાધિપતિ પણ કેદ પકડાયો હોત. જશવતસિંહે પોતાના પાદશાહના પુત્રપર પ્રાણઘાતક ઘા નહિ કરવામાં ડહાપણ વાપર્યું. તે પાદશાહની સલાહ પ્રમાણે ચાલ્યો તેથીજ સુલતાન સુઝાને નાશી છૂટવાનો પ્રસંગ મળ્યો. શત્રુના લશ્કરમાં થયેલો સંહાર અસાધારણ હતો. કેટલોક લડાયક સામાન અને તોપખાનું સુલેમાન શિકોહના કબજામાં આવ્યું. પોતાના વિજયના સમાચાર તેણે પછી તરતજ પાદશાહી દરબારમાં મોકલ્યા. આ લડાઇથી સુલેલાન શિકોહની કીર્તિમાં વધારો થયો ત્યારે બીજા હાથપર સુલતાન સુઝાને ઘણુંજ નુકશાન થયું, કારણ કે તેના ઉદ્દેશને ઉત્તેજન આપનારા પર્શિયન ઉમરાવોનું મન અને હોંશ ઓછાં થઈ ગયાં.

સુલેમાન શિકોહ સુઝાની પાછળ પડયો હતો પરંતુ એટલામાં ઔરંગઝેબ અને મુરાદબક્ષનું ઝપાટાબંધ આગળ વધવું તેના જાણવામાં આવ્યું; એટલે પિતાની ચાલ, ડહાપણની ખામી, અને તે શત્રુઓથી પરિવૃત છે એમ જાણતાં તેણે રાજ્યધાની તરફ પાછા ફરવાનું ડહાપણ વાપર્યું. રાજ્યધાનીની પાસે જ દારા ઔરંગઝેબ સાથે લડાઈ કરશે એમ લાગતું હતું અને સઉ કોઇનો એવો મત હતો કે જુવાન શાહજાદાએ જો ડહાપણનો માર્ગ ન લીધો હોત તો કિંવા તે પોતાના લશ્કરને વેળા છતાં ત્યાં લઈ આવ્યો ન હોત તો ઔરંગઝેબ લાભ લઈ શક્યો ન હોત; એટલુંજ નહિ પણ તે આવી અસમાન લડાઇમાં ઉતર્યો જ નહોત.

**ઔરંગઝેબની સવારી**—અલ્હાબાદ એટલે જ્યાં ગંગા નદી યમુનાને મળે છે ત્યાં સુલેમાન શિકોહના લશ્કરે જય મેળવેલો હોવા છતાં આગ્રા તરફ જતાં તેમણે જુદોજ માર્ગ લીધો. આણી તરફ ઔરંગઝેબે બરામપુર આગળ નદી ઓળંગી, અને જેનાપર વિજયની આશા રાખવામાં આવતી હતી તે ડુંગરોના માર્ગમાંથી પોતાના લશ્કરને આગળ વધારવા માંડ્યું. ઔરંગઝેબની આ ચાલાકીની વાત સાંભળવામાં આવતાં આગ્રાની સરકાર અચંબો પામી.

ઉજ્જન આગળની નદીના ઉતાર માર્ગ માટે તકરાર ચલાવવાને તુરત એક સૈન્ય મોકલવામાં આવ્યું. મોટું લશ્કર આ વખતે આગળ વધવાની તૈયારીઓ કરતું હતું. નાના સૈન્યના ઉપરી તરીકે બહુજ યુક્તિબાજ, જાતી વગસગવાળા, શ્રેષ્ઠ અને ઘણાજ શક્તિમાન બે માણસોને પસંદ કરવામાં આવ્યા હતા. એ બે અમલદારોમાંનો એક મુખ્ય શાહજહાનને ચાહનાર પરંતુ દારા તરફ બેદરકાર હતો. તેણે ઘણી નારાજીથી લશ્કરનું આધિપત્ય લીધું હતું અને તે પણ જ્યારે મોગલ પાદશાહની શરમ મૂકાઈ નહિ ત્યારે જ. બીજો અમલદાર રાજા જશવતસિંહ હતો અને એ રાજા પણ યોગ્યતા અને વગસગમાં જયસિંહથી જાય તેવો નહતો. તે અકબરના રાજ્યમાં થઈ ગયેલા મહા સત્તાવાન્ રાજા રાણાનો જમાઈ થતો હતો અને એક મોટા રાજાનો પુત્ર હતો.

દારાએ આ બે સેનાપતિઓને બહુ શીખામણ દીધી અને લશ્કરની સાથે ઉપડતી વેળાએ ઉમદા શિરપાવ આપ્યા. શાહજહાનના તરફથી તો આમ છતાં તેઓને જેમ સુલતાન સુઝાની સાથે વર્તવાને શીખામણ દેવામાં આવી હતી તેવીજ શીખ દેવામાં આવી. આનું એ પરિણામ આવ્યું કે ઔરંગઝેબને પાછા ફરી જવાને માટે ખેપીઆપર ખેપીઆ મોકલવામાં આવ્યા. જ્યારે તે પાછો ફરશે નહિ એવો શક ગયો ત્યારે બીજી તરફથી લશ્કરને સજ્જ રાખવામાં આવ્યું. સંદેશો લઈ જનારા કોઇ જ પાછા આવ્યા નહિ અને એમ કરતાં કરતાં ઔરંગઝેબને નદીના કિનારા ઉપર અણધારી રીતે એક સારી અને ઉંચી જગા હાથમાં આવી ગઈ.

દિવસો ઉનાળાના હતા, તાપ માર મારનો પડતો હતો અને નદીમાં પાર થયો હતો. તેમને ભય હતો તેમ ઔરંગઝેબને નદી ઓળંગવાની ફરજ પાડવાનો લાગ જોઈ કાસમખાન અને રાજા લડાઇને માટે તૈયાર થયા. વાસ્તવિક રીતે તો ઔરંગઝેબનું બધું લશ્કર આવી પહોચ્યું નહતું અને નદી ઉતરવી એ એક બહાનું હતું. તે એમ ધારતો હતો કે શત્રુનું સૈન્ય નદી ઉતરે એટલે તેને કાપી નાંખવું અને વિશ્રાંતિ લેતું હોય ત્યારે તેનાપર તૂટી પડવું. આ પ્રમાણે બેત કરી તેણે તેઓને મોરચાની જગ્યા લેતાં અટકાવવા. આ વખતે ઔરંગઝેબ ખરેખરો અટકાવ કરવાને શક્તિમાન નહતો. એ તો સહજ છે કે—કાશમખાન અને રાજાએ જો લડાઈ કરી



હોત તો સહેજમાં જય મેળવ્યો હોત. પહેલી લડાઇમાં હું હાજર નહતો પણ તે જોનાર દરેકનો અને ખાસ કરીને ઔરંગઝેબના તોપખાનાના ફ્રેન્ચ લોકોનો આવોજ મત હતો. ખાનગી હુકમથી કાશમખાન અને રાજાને એવી ફરજ પાડવામાં આવી હતી કે, તેમણે નદી ઓલંગવી નહિ પણ શાંતિથી કિનારાપર પડયા રહીને જ માર્ગ સંબંધી તકરાર ચલાવ્યા કરવી.

**જશવંતસિંહની હાર**—લશ્કરે બે ત્રણ દિવસ વિશ્રાંતિ લીધી ત્યાર પછી જોર જુલમથી રસ્તો કરવાને માટે ઔરંગઝેબે પોતાના સૈન્યને હુકમ કર્યો. સામાવાળાને શેહ પડે તેવે ઠેકાણે પોતાનું તોપખાનું ગોઠવી બંદુકો ફોડતાં સતેજ દમદમાટમાં આગળ વધવા માટે તેણે લશ્કરને ફરમાવ્યું. શત્રુની તોપોના મારાથી તેનું આગળ વધવું અટકાવવામાં આવ્યું અને શરૂઆતની લડાઈ ઘણા આગ્રહથી ચલાવવામાં આવી. જમીનના ઇંચે ઇંચે માટે તકરાર લેતાં જશવતસિંહરાજાએ આગ્રહથી અને યુક્તિથી અલૌકિક શક્તિ બતાવવા માંડી. કાસમખાને પહેલાં તો સારી કીર્તિ મેળવેલી હતી એમાં ના કહેવાય નહિ પરંતુ આ વખતે તેણે ચતુર સેનાની કે ઉત્સાહી યોધ તરીકે કંઈ તેજ બતાવ્યું નહિ. એ કંઇક છળભેદમાં હતો એમ આ અવસરને માટે શક લેવાયલો છે. લડાઈ થઈ તેની પહેલી રાતે તે રેતીમાં સંતાઈ રહ્યો હતો. લડાઇના સામાનનો મોટો ભાગ ન મળવાથી તેણે થોડાક ભાથા વગર લશ્કરને દારૂ ગોળા રહિત રાખ્યું. ગમે તેમ હો પરંતુ તેણે કામ તન દઇને કર્યું નહિ એ તો ખરૂંજ છે. માર્ગ માટે સારો અટકાવ કરવામાં આવ્યો. નદીના પરથારના ખડકોથી આક્રમકો બહુ અગવડમાં આવી પડયા હતા અને નદીના કિનારાની અસાધારણ ઊંચાઇએ કેટલાક ભાગમાં સામે પાર જઇને ઉભા રહેવું એ પણ દુસ્તર હતું. મુરાદબક્ષના ધસારાએ શત્રુના અટકાવને હઠાવ્યો અને તે પોતાના સૈન્ય સાથે સામે કિનારે પહોચ્યો. બાકીનું સૈન્ય તેને અનુસર્યું. આ વખતે કાસમખાન બેઆબરૂ થઈ, જશવતસિંહને ખરેખરા દુઃખના ખાડામાં નાંખી રણસંગ્રામમાંથી નાશી ગયો. લશ્કર નિર્ભય થઈ ઉભેલા રાજાની આસપાસ વિંટાઈ વળ્યું અને તે પોતાના પ્રીતિપાત્ર રજપૂત સિપાઇઓ, કે જેમાંના ઘણાખરા તો તેનું રક્ષણ કરતાં તેના પગ આગળ કપાઈ ગયા હતા તેમની મદદથી બચી ગયો. લડાઇની શરૂઆતમાં આઠ હજારને આશરે રજપૂતો હતા તેમાંથી આ ભ-

યંકર કતલ ચાલ્યા પછી માત્ર છસેંથી પણ થોડા બહાદૂર વીરો બચી ગયા હતા. પોતાને માથે આવેલા મોટા અને અકીર્તિકર જોખમને લીધે જશવતસિંહે આગ્રા ભણી જવું યોગ્ય વિચાર્યું નહિ પરંતુ શેષ રહેલા શૂરવીર રજપૂતો સાથે પછી તે પોતાના દેશ તરફ વળ્યો.

**રજપૂતો**—રાજાના પુત્રો એજ રજપૂત શબ્દનો અર્થ છે. વંશપરંપરાથી તેઓને અસ્ત્ર શસ્ત્રનું શિક્ષણ મળે જાય છે. તેઓ જેના રાજ્યમાં રહેતા હોય તે રાજ્યની તેઓ જાગીર ખાય છે અને જાગીરના બદલામાં એવી શરત ચાલી જ આવે છે કે જ્યારે લડાઇનો પ્રસંગ હોય ત્યારે રાજાની સાથે તેમણે રણે ચઢવું જોઇએ. જે જાગીરો વંશપરંપરાગત હોય છે તેના માલીકો હિંદુસ્તાનમાં ઉમરાવ કે જાગીરદાર ગણાય છે. રજપૂતો નાનપણથી અફીણના બંધાણી થાય છે. કેટલાક તો એટલું બધું અફીણ લે છે કે જે જોતાં હું આશ્ચર્ય પામ્યો હતો. લડાઈ કરવાની હોય ત્યારે તેઓ દોઢે માવે અફીણ લેવું વિસરતા નથી. અફીણ તેમને એટલા બધા સતેજ અને મસ્ત બનાવી દે છે કે, મરણનો જરા પણ ભય રાખ્યા વગર તેઓ પ્રાણ સટોસટની અને હાથોહાથ આવી ગયેલી કાપાકાપીમાં પેસતાં પણ ડરતા નથી. જો રાજા શૂરવીર હોય તો, તેના માણસો-રજપૂતો તેને તજી દેશે એવો સ્વપ્ને પણ ભય રાખવો પડતો નથી. તેમને માત્ર સારા નાયકનીજ આવશ્યકતા રહે છે. પોતાના સ્વામીને તજી દીધા કરતાં તેની સન્મુખ મરણ પામવાનો દૃઢ સંકલ્પ તેઓ રાખે છે. મસ્તિષ્કમાં આવેલાં અફીણના જોમમાં અને મરણ માટે કૃતનિશ્ચયવાળા તેમને રણમાં જતાં સ્નેહીઓને છેલ્લી સલામ કરતા જોવા એ બહુજ આનંદજનક લાગે છે. મહાન્ મોગલ પાદશાહ જાતે મુસલમાન અને હિંદુઓનો કટ્ટો શત્રુ છતાં તે પોતાની પાસે આવા રજપૂતોથી પરિવૃત રાજાઓના સારા મંડળને રાખે છે. દરબારમાં તેમને સારી જગ્યા મળે છે, અને બીજા ઉમરાવોની માફકજ તેમને રાખવામાં આવવા સાથે સૈન્યના અગત્યતા હોદ્દા આપવામાં આવે છે. સેનાપતિના પદ ઉપર તેમની નિમણુકો કરવામાં આવે છે.

**રજપૂતાણીઓ.**—રાજા જશવતસિંહને પાછા ફરતાં તેની સ્ત્રી જે રાણાના વંશની હતી તેના તરફથી કેવા તિરસ્કારથી અટકાવવામાં આવ્યો હતો તે બાબત અત્રે હું જણાવવા ઇચ્છું છું. આઠ હજાર રજપૂતોની સાથે તે ઔરંગઝેબ સાથે લઢ્યો હતો અને એજ લડાઈમાં સઘળા રજપૂતો ખપી જતાં માત્ર પાંચસો રજપૂતો બચ્યા હતા, જેમની સાથે, બેઆબરૂ થઇને નહિ પરંતુ રણસંગ્રામ છોડીને તે આવે છે, એવા સમાચાર જ્યારે તેની રાણીને પહોચ્યા ત્યારે તે શૂરવીર યોધને ધન્યવાદ આપવાને કે તેનાપર આવેલા સંકટમાં દિલાસો આપવાને બદલે તેણે નિષ્ઠુરતાથી તેની સામે કિલ્લાના દરવાજા બંધ કરવાનો હુકમ આપ્યો હતો. રાણીએ કહ્યું કે—‘અપજશીઆ માણસે આ કિલ્લામાં પેસવું નહિ જોઇએ. હું એને મારા સ્વામી તરીકે સ્વીકારવાની નથી, તે મારો સ્વામીજ નહિ, મેવાડના રાણાનો જમાઈ આવો નામર્દ હોય નહિ. તેમણે યાદ રાખવું હતું કે રાણા જેવાના સંબંધી થયા છીએ તો તેમના ગુણ લેવા. આ મારી આંખો હવે એમને જોનાર નથી. એ મહાપુરૂષના ગુણને એ એના જમાઈ થઈ અનુસર્યા નથી. જો એમનાથી શત્રુઓને હરાવાયા નહિ તો એમને અહીં આવવાની શી જરૂર હતી. રણસંગ્રામમાં મરવું હતું.’ વળી થોડીવાર રહીને તે બીજી રીતે બોલવા લાગી. ‘અરે! કોઈ છે કે, ચિતાની તૈયારી કરો, હું મારા દેહને અગ્નિને અર્પણ કરીશ. ખરેખર હું છેતરાઈ છું અને મારો સ્વામી રણસંગ્રામમાં મરણ પામ્યો છે.’ વળી પછી ક્રોધાવેશમાં આવી તે નિષ્ઠુર વચનો બોલવા લાગી. ‘મારે એમને મળવું નથી.’ આવા જોમમાં તેણી એક અઠવાડીઉં રહી. જ્યારે તેની માતા આવી ત્યારે તેને કંઈક અસર થઈ અને તે પણ કયારે કે જ્યારે રાજાને નામે તેની માતાએ તેને ખાતરી આપી કે, હાલના શ્રમમાંથી જરાક વિશ્રામ લીધા પછી બીજું લશ્કર એકઠું કરીને તે ઔરંગઝેબની સામે યુદ્ધ કરશે અને પોતાની ગયેલી પ્રતિષ્ટા મેળવશે, ત્યારેજ તે કેટલેક દિવસે શાંત પડી.

આ દેશની સ્ત્રીઓમાં કેટલો જુસ્સો છે તે જાણવાને માટે હાલ તો આટલો વૃતાંતજ બસ થશે. આવા દાખલા હું આગળ ઉપર બીજા ઘણા આપીશ. મેં ઘણી સ્ત્રીઓને તેમના પતિની ચિતામાં બળી મરતી જોઈ છે; પરંતુ તે બાબત વિસ્તારથી કહેવા જેવી હોવાથી તેને બીજા પ્રસંગ ઉપર મુલતવી રાખું છું. એ બાબતની સાથે આગળ ઉપર હું વહેમ, જૂની રીત, ઇચ્છા અને લોકમતના પ્રાબલ્ય વિષે બોલીશ. મનુષ્ય જાતપર પોતાની આબરૂનો મુદ્દો કેટલો છે તે ત્યાં બતાવીશ.

ઉજ્જન આગળ બનેલા દુઃખદાયક બનાવની જ્યારે દારાને ખબર આપવામાં આવી ત્યારે, જો શાહજહાનના વાદવિવાદે અને પ્રશમને તેને અટકાવ્યો ન હોત તો તેના ક્રોધના આવેશે તેને ઘણીજ વિચિત્ર ચાલના ક્રમમાં નાંખી દીધો હોત. કાસમખાન તેના હાથમાં આવ્યો હોત તો તેનું મસ્તક જાત એમાં તો શકજ નથી. આ હારનું મુખ્ય કારણ અમીર જમાલ હતો કારણ કે તેણે જ ઔરંગઝેબને સૈન્ય સોંપ્યું હતું, અને પાદશાહે જો દારાને એમ ન સમજાવ્યું હોત કે, ઔરંગઝેબના કામમાં તેનો હાથ નથી, તો તેણે તેના શાહજાદા મહમદ અમીરખાનને મારી નાંખ્યો હોત અને તેની સ્ત્રી તથા દીકરીઓને વેશ્યા બનાવી દીધી હોત. તે કહેતો કે, જે માણસને માટે તેને મૈત્રીની ભાવના નથી તેના લાભને સારૂ પોતાના કુટુંબને ભયમાં રાખવામાં તેની વિચારણા મજબૂત હતી, આથી ઉલટું એ, તો સંપૂર્ણ સ્પષ્ટજ છે કે દારા પોતે છેતરાયો અને ઔરંગઝેબના પેચમાં પડયો.

આણી તરફ ઔરંગઝેબ અને મુરાદબક્ષ પોતાના વિજયથી એટલા બધા ફૂલાઇ ગયા કે, કોઈ કામ કરવું આપણને કઠિન પડે તેમ નથીજ, એમ માનવા લાગ્યા. પોતાના લશ્કરનો વધારે વિશ્વાસ સંપાદન કરવાને માટે ઔરંગઝેબે એમ જણાવ્યું કે, ત્રીસ હજાર મોગલો મારી નોકરી કરવાને અનુરાગી હોય એવા ઘણા દારાના લશ્કરમાં હજી રહેલા છે. આ ગર્વ કંઈ ખોટો નહતો. હવે તેની સત્યતાનો પ્રસંગ પાસેજ હતો. મુરાદબક્ષને હવે એક ઘડી જુગ જેવી થવા માંડી. આગળ વધવાને માટે એ અધીરો થયો. ઔરંગઝેબે લશ્કરને કેટલાક દિવસ વિશ્રામની જરૂર છે એમ જણાવ્યું, અને નર્મદાના રળીઆમણા કિનારાપર છાવણી નાખી થોડાક દિવસ ત્યાં રહેવાને તેને સમજાવ્યો. આમ કરવાથી મિત્રોની સાથે પત્રવ્યવહાર ચલાવવાનો વખત અને આગ્રામાં શું થાય છે તે જોવાની તક મળી. હવે આગ્રા તરફ જવાનું ધીરૂ અને સાવધાની ભર્યું પગલું ભર્યું વળી રોજ મળતા સમાચારોને અનુસરીનેજ આગળ ચાલવામાં આવતું હતું.

**શાહજહાંનની શીખ.** શાહજહાન હમણાં નિરાશ અને દુઃખદ સ્થિતિમાં આવી પડયો હતો. તેને એમ લાગ્યું કે શાહજાદાઓ નગરમાં આવવાના સુદૃઢ વિચારથી પાછા ફરવાના નથી. આખરની મરણીઆ લડાઈની દારાએ કરેલી તૈયારી પણ તેણે જોઈ. જેને ઉરાડી મૂકવાને સારૂ તેણે પ્રયત્ન કર્યા હતા. ભયંકર કાળચક્ર તેના વંશપર ભમી રહેલું છે એમ એને અગમચેતી થઈ.



દારાની ઈચ્છાઓને અટકાવે તેવી સ્થિતિમાં તે ન હતો. હજી તે પેલા રોગથી પીડાતો હતો અને તેને લીધે મોટા દીકરાના વડીલ જેવો નહિ પરંતુ ચાકર જેવો થઈ રહ્યો હતો. દારાને સઘળી સત્તા, લશ્કરપરના હુકમ, અને ટુંકમાં સર્વે આપી દેવાની જરૂર પડી હતી. વળી દરબારીઓને પણ દારાને આધીન રહેવાની સૂચના તેનેજ કરવી પડી હતી. આથી કરીને દારા એક મોટું અને હિંદુસ્તાનના મેદાન–રણસંગ્રામ ઉપર કદીએ આવ્યું નહોય તેના કરતાં પણ મોટું લશ્કર એકઠું કરી શકયો હતો. તેના સૈન્યમાં ઓછામાં ઓછા એક લાખ સ્વાર, વીશ હજારથી પણ વધારે પાયદળ અને એંશી તોપો હતી. વળી લશ્કરને અનાજ પાણી પૂરૂં પાડનારા, તંબુ લઈ જનારા અને બીજા ખાનગી ચાકર નફર મળીને પુષ્કળ માણસ હતા. હિંદુસ્તાનના ઇતિહાસ લખનારાઓ જે ત્રણ ચાર લાખ માણસનું લશ્કર ગણે છે તે ઉપરનાં બધાં માણસો ગણતા હશે એમ મારો મત છે. ઔરંગઝેબનું લશ્કર જે ચાલીશ હજાર માણસનું હતું તે થાકી ગયેલું, તાપ તડકાથી પીડાયલું અને મજલો કરવાથી કાયર થઈ ગયેલું હતું તોપણ દારા પોતાના લશ્કરથી સહેજમાં તેને હાર ખવરાવે એટલું લશ્કર તેની પાસે હતું એમાં તો શંકાવકાશ નથીજ. જેના ઉપર દારા વિશ્વાસ રાખી શકે તે લશ્કર તો સુલેમાન શિકોહની સાથે હતું. મોટા મોટા ઉમરાવોએ દારાના તરફ અપ્રીતિ દેખાડેલી હતી તેથી આ સૈન્યપર આધાર રાખીને લડતાં તો દારા વિજય મેળવે એમ કોઈ પણ કહેતું ન હતું. દારાને તેના મિત્રોએ ઉક્ત બાબતોને લક્ષમાં લઈ સંગ્રામ જેવા સાહસથી દૂર રહેવાને ભલામણ કરી અને અશક્ત હોવા છતાં પણ શાહજહાન પાદશાહને આ મોટા સૈન્યનો ઉપરી થઈ ઔરંગઝેબ સામે થવાની માગણી કરવાનું કહ્યું. દારા જેવા તો મિજાજના શાહજાદાની અભિવૃદ્ધિ અટકાવવાને અને દેશમાં સુલેહ રાખવાને માટે આ યુક્તિ યોગ્ય હતી. આણી તરફ ઔરંગઝેબ કિંવા મુરાદબક્ષ પણ તેમના પિતા સામે જંગ મચાવવાને આવેલા ન હતા અને કદાપિ જો તેઓ પાદશાહની સામે થયા હોત તો તેમનો અવશ્ય નાશ થયો હોત; કારણ કે ઉમરાવો વૃદ્ધ પાદશાહની પક્ષમાં હતા અને એ બે ભાઇનું સૈન્ય પણ પાદશાહને ચહાતું હતું.

સમશેરથી કામ લેવાનો વિચાર માંડી વળાવવાના પ્રયત્નોમાં નાસી પાસ થયેલા દારાના મિત્રો વળી તેને ઉતાવળ કરતાં વારવા લાગ્યા. સુલેમાન શિકોહ આવી પહોચે ત્યાં સુધી વિલંબ કરાવવાનું સમજાવતાં તેઓ થાકી ગયા પણ દારા એકનો બે થયો નહિ. આ શિખામણ પણ સારી હતી, કારણ કે સુલેમાન શિકોહ એક વિજયી સૈન્યનો હાલ ઉપરી હતો અને સર્વે તેને ચહાતા હતા. પહેલાંની માફક દારાએ કશુંએ કબૂલ કર્યું નહિ અને ઔરંગઝેબ આવે કે તરત જ તેની સાથે જંગમાં ઉતરી તેનો મદ મર્દવાના પોતાના વિચારને વળગી રહ્યો.

**દારાનો દુરાગ્રહ**—મિત્રોની સલાહ પ્રમાણે કર્યું હોત તો દારાએ દૈવને પાછો વાળી, બનતા બનાવોને અટકાવી, પોતાનું માન જાળવી અદ્‌ભૂત લાભ મેળવ્યો હોત પરંતુ તેના મનમાં તો નીચેના વિચારો ભમી રહ્યા હતા. “ હું પાદશાહના દેહનો ધણી છું, મારી પાસે ખજાનો છે, અને પાદશાહી લશ્કર ઉપર હું અવિભક્ત સત્તા ધરાવું છું. સુલતાન સુઝા અધમુઓ થઈ ગયો છે અને ઔરંગઝેબ તથા મુરાદબક્ષ તો જાણી જોઇને જ થાક્યા પાક્યા લશ્કરને લઈ મારે ભોગ પડવા આવે છે. તેઓ હારશે તો તેમને નાશી જવાનો રસ્તો નથી, એટલે હું જ સ્વતંત્ર પાદશાહ થઈશ. હું મારા શ્રમનાં ફળ વેડીશ અને પ્રતિસ્પર્ધી રહિત નિષ્કંટક રાજ્ય ભોગવીશ.” દારા આવા વિચાર કર્યા કરતો અને તે પણ છુપા રાખેલા ન હતા. જો આ લડાઈની બધી યોજના તેણે શાહજહાનને સોંપી હોત તો ઘર મેળે જ બધું પતી ગયું હોત. ત્રણે શાહજાદાઓ પોતાના પ્રાંતોપર પાછા ફર્યા હોત, અને તબીયત સુધરતી હોવાથી વૃદ્ધ પાદશાહે રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી હોત અને રાજ્ય વ્યવહાર પાછો પ્રથમની પેઠે ચાલુ થયો હોત. વળી, દારા જો પોતાનો શાહજાદો આવી પહોચે ત્યાં સુધી થોભ્યો હોત તો પાદશાહે તેને ગેરલાભ થાય એમ કર્યું ન હોત પરંતુ ઔરંગઝેબને તેના લાભમાં તે કંઈક સમજાવી શક્યો હોત. દારાને એમ પણ કદાપિ વિચાર આવ્યો હોય કે, ‘જો હું સુલેમાનની વાટ જોઇશ તે આવશે અને વિજય થશે તો તે તરતનો વિજયી હોવાથી બધું માન તેને મળી જશે.’ એ શાહજાદો શૂરવીર હતો એટલે લોકે પણ જયનો લાભ તેને આપ્યો હોત. સુલેમાન શિકોહ, શાહજહાનને પ્રિય હતો અને ઉમરાવો તેના પક્ષમાં હતા, એટલે જીત થાય તો શું થાય કે શું નહિ ? સુલેમાન શિકોહને રાજ્ય લોભ લાગે અને પિતા પુત્રનો ધર્મ



તેના મનમાં રહે કે ના રહે ત્યારે શું થાય ! રાજ્ય લોભ શું ન કરાવે ?

ડહાપણ અને મૈત્રીને યોગ્ય શિખામણો આ કારણને લીધે જ દારાને ગળે ઉતરી નહિ. તેણે પોતાના સૈન્યને રણ ચઢવાનો હુકમ આપ્યો. આગ્રાના કિલ્લામાં જ્યાં વૃદ્ધ અને દુઃખીઆરો શાહજહાન પાદશાહ રહેતો હતો ત્યાં તે રજા માગવાને માટે ગયો. પાદશાહ તેને મળ્યો અને તેમ કરતાં આંસુ ઢાળી તે દુઃખીઆરા પિતાએ પોતાના ઉદ્ધત પુત્રને કહ્યું કે–‘ દીકરા ! જ્યારથી તેં તને સૂઝતા રસ્તાઓ લેવા માંડ્યા છે ત્યારથી, ભલે ખૂદા તને ફતેહ આપો પણ આ મારાં વચનો યાદ રાખજે કે, જો તું આ લડાઈમાં હારીશ તો તારે વિલે મોંડે મારી પાસે પાછું આવવું પડશે.’ પાદશાહનાં વચનોથી દારાને કંઈ અસર થઈ નહિ. તેણે ઉતાવળમાં જ રજા માગી લીધી અને આગ્રાથી ૬૦ માઇલ દૂર ચુંબલ નદી ઉપર પોતાના સૈન્યને પડાવ નાંખવાનો અને મોરચો બાંધી શત્રુની રાહ જોવાનો હુકમ આપ્યો. દીર્ઘ દૃષ્ટિ વાળો અને પ્રપંચી ફકીર–ઔરંગઝેબ કંઈ ઓછો ન હતો. તેણે બધે પોતાના પ્રણિધીઓ રાખેલા હતા. જાસુસોની મારફત દારાની હિલચાલ જાણી લઇ ઔરંગઝેબે પોતાના સૈન્યને દારાની સામે જ પડાવ નાંખવાનો હુકમ આપ્યો. એક તરફ તેણે આવો હુકમ આપ્યો ત્યારે બીજી તરફ તે સંપતરાવ નામના રાજાની સાથે કેટલીક છુપી ગોઠવણો કરવા લાગ્યો. એ રાજાને મોટાં મોટાં વચનો અને સારાં સારાં પારિતોષિક આપીને તેણે વશ કરી લીધો એટલું જ નહિ પણ નદીનો જે ઠેકાણે પાર હતો તે ઠેકાણેથી પોતાના સૈન્યને નદી પાર ઉતારવાનો પણ તે રાજાની મારફતે જ બંદોબસ્ત કરાવ્યો. સંપતરાવ રાજાએ, દારાથી ઓલંગી શકાય નહિ એવાં વન અને પર્વતોના માર્ગમાંથી ઔરંગઝેબનું લશ્કર પસાર કરાવી આપવાનું પોતાને માથે લીધું. દારાને છેતરવાને માટે તંબુઓને તેના સૈન્ય સામે એમના એમ પડ્યા રહેવા દઇ ઔરંગઝેબ કુચ કરી ગયો, અને આ પ્રમાણે થયાની ખબર તે નદી ઉતરી ગયો ત્યાર પછી દારાને પડી. અણિનો વખત આવી રહેલો હતો તેથી કિલ્લાની માફક છાવણીની જે ગોઠવણ કરેલી હતી તેને છોડી દારાને ઔરંગઝેબની પુંઠ લેવી પડી. ઔરંગઝેબ સપાટાબંધ નદી ઓલંગી આગળ ચાલ્યો, કારણ કે જો યોગ્ય જગ્યાએ પહોચી જવાય તો ત્યાં ખાઈ ખોદી મોરચો બાંધવાનો, તથા પોતાના લશ્કરને વિશ્રાંતિ આપવાનો તેને વિચાર

હતો. એણે પસંદ કરેલી જગ્યા આગ્રાથી પાંચ લીંગ ૧૫ માઈલ દૂર હતી, અને ત્યાં આગળ તે વેળાએ સમુગઢ નામે કસબો હતો જેને હાલ ફતેહાબાદ કહે છે. દારા પણ બને તેટલી ઝડપે ત્યાં આવી પહોંચ્યો અને ઔરંગઝેબની છાવણી અને આગ્રા વચ્ચે તંબુઓ ઠોકી ધામા નાંખ્યા.

બેઉ લશ્કર એક બે દિવસ સુધી તો એમને એમજ પડી રહ્યાં. ચાર દિવસ સુધી લડાઈ જાહેર કરી નહિ. શાહજહાને આ વિલંબની દરમીઆન દારાને વારંવાર લખ્યું કે, 'સુલેમાન શિકોહ પાસે આવતો જાય છે, તું પૂર્ણ વિચાર કર્યા વગર લડાઈ જાહેર કરતો નહિ, અને વધારે સારૂ તો એ છે કે તારો શાહજાદો આવી પહોચે ત્યાં સુધીમાં તારે આગ્રાની પાસે આવી ખાઈ ખોદી છાવણીની આસપાસ કિલ્લેબંદી કરી લેવી.' શાહજહાનના પત્રોનો દારાએ એ જ જવાબ આપ્યો કે-તમારે ફિકર કરવી નહિ, એક બે દિવસમાં ઔરંગઝેબ અને મુરાદબક્ષને મુસ્કેટાટ બાંધી હું તમારી હજુર રજુ કરૂં, ત્યારે એ તમારા બંડખોર શાહજાદાઓને તમારી ધ્યાનમાં આવે તે શિક્ષા ફરમાવજો.' આવો પ્રત્યુત્તર લખી મોકલી તરત જ તે લડાઈ માટે તૈયાર થયો.

**ઔરંગઝેબ અને દારાના મોરચા.**—શત્રુના ઘોડેસ્વારોને પોતાના લશ્કરમાં દાખલ થવાનો રસ્તો મળે નહિ એટલા માટે દારાએ પહેલાં લોખંડની સાંકળે સાંકળી તોપોને મોખરે ગોઠવી દીધી. તોપોની પાછળ ઉંટ ઉપરની નાની ઝંઝાળો રાખી. આ ઝંઝાળોને નીચે ઉતાર્યા વગર ગમે તેણી તરફ ફેરવીને ફોડી શકાય છે. લશ્કરી વહાણ ઉપર રાખવામાં આવતી 'સ્વીવેલ' ને તે બહુ મળતી આવે છે. એની પાછળ મસ્કેટીયર, ભાલાવાળા ઘોડેસ્વાર લશ્કરને રાખ્યું હતું. બીજું ઘોડેસ્વાર લશ્કર તરવારોવાળું હતું. તેની પાછળ તીરકામઠાંવાળા હતા. મોગલો ઘણું ખરૂં તીરકામઠાં વાપરે છે અને મેં આગળ જણાવ્યું છે તેમ ગોરો અને પરદેશી હોય તે-એટલે ઈરાની, તુર્ક, આરબ અને યુસબેગનો રહેવાશી પણ મોગલ જ ગણાય છે.

આખા લશ્કરને ત્રણ ભાગમાં વહેંચી નાંખ્યું હતું. જમણી તરફના ત્રીસ હજાર મોગલની સરદારી સાલિલ્-ઉલ્લાહ્-ખાનને આપી હતી. ડાબી તરફના લશ્કરપર ત્રણ માણસો હતા તેમાં પહેલો પ્રસિદ્ધ અને બહાદૂર યોદ્ધો રૂસ્તમખાન હક, બીજો રાજા સત્તારસાથ, અને ત્રીજો રામસિંહ રોટેલા



હતો. સાલિલ્-ઉલ્લાહ્-ખાનને પાછળથી દાનેશમંદખાન બનાવવામાં આવ્યો હતો અને એજ માણસના હાથ તળે હું હતો. શાહજહાનના હુકમમાં અને સારી સત્તામાં આવેલો હોવાથી દારાની તેનાપર ઇતરાજી થઇ હતી અને એજ કારણને લીધે પછી તેણે એ જગ્યાનું રાજીનામું આપ્યું હતું. આણી તરફ ઔરંગઝેબ અને મુરાદબક્ષે પણ પોતાના લશ્કરને એવીજ રીતે ગોઠવ્યું હતું. તેમની સામેના ઉમરાવોના સૈન્યમાં કેટલીક તોપો છુપી રાખેલી હશે એમ ધારીને અમીર જમાલે એ ગોઠવણ કરેલી હતી એમ કહેવાય છે. આવી યુક્તિથી તે જય મેળવતો હતો. આ લડાઈમાં તીર કામઠાંવાળા લશ્કરને આમતેમ વહેંચી નાંખેલું હતું, એ સિવાય બીજી યુક્તિ વાપરેલી હોય એમ મારા જાણવામાં નથી. તીર સરટકના બે ફીટ લાંબા સાંઠાપર લગાડેલું ભાલા જેવું લોખંડનું ફળ, તીર કામઠાથી મારવામાં આવે છે અને તેના વરસાદથી ઘોડાઓ ત્રાસ પામી જાય છે. ઘણીવાર માણસો પણ માર્યા જાય છે. ઘોડેસ્વાર તીરંબાજોને એવી હીકમતથી ઉભા રાખવામાં આવે છે કે જેથી તેઓ સહેલથી તીર છોડી શકે છે. બંદૂકવાળા બેવાર બંદૂક છોડે એટલામાં તીરવાળા છ વાર તીર નાંખે છે. તીરવાળા સારી હારમાં ઉભા રહેછે એટલું જ નહિ પણ શત્રુપર હલ્લો કરતી વેળાએ તો તેઓ વખાણવા જોગ ટોળા બંધ થઇને ઉભા રહેછે. આમ છતાં પણ આપણા દેશના કેળવાયલા લશ્કર આગળ એમની ચાલાકી કંઈ લેખામાં નથી. આનાં ઘણાં કારણો છે અને તે હું આગળ ઉપર વધારે વિસ્તારથી લખીશ.

**લડાઈ**—ઉપર પ્રમાણે ગોઠવણ થઈ રહેતાંવાંત જ બે લશ્કરે લડાઈ જાહેર કરી અને સામસામી તોપોના બહાર થવા માંડ્યા. પછી તીરથી આકાશ છવાઈ જવા માંડ્યું, તીર ઓછા થયા એટલે વળી તોપો છૂટવા માંડી, અને સિલોનના-લંકાના એક મોટા હાથી ઉપર બેઠેલો દારા જંગના મધ્ય ભાગમાં સર્વેની નજરે પડ્યો. લડાઈના હુકમ આપતો તે એક મોટા ઘોડેસ્વાર લશ્કર સાથે શત્રુની તોપોના મોરચા તરફ બહાદૂરીથી વધતો હતો. દારાને આગળ વધતો અટકાવવાને મહાભયંકર કતલ ચલાવવામાં આવી; શત્રુના અને તેના લશ્કરના માણસો કપાઈ તેની આસપાસ મડદાંના ઢગલા થયા, અને આખુ લશ્કર નહિ પરંતુ તેની પાછળનું ઘોડેસ્વાર લશ્કર પણ

અસ્તોવ્યસ્ત થઈ ગયું. દારૂણ યુદ્ધ ચાલ્યું તેમ છતાં તેણે તે વખતે ધૈર્ય અને હિમત બતાવી આગળ વધવાનો આગ્રહ રાખ્યો. બહાદૂરીથી પોતાના લશ્કરને શૂર ચઢાવતો તે પોતાના હસ્તીપર બેઠેલો આગળ વધે જતો હતો તેથી લશ્કરને પણ પોતાના સરદારની હિમતથી શૂર ચઢ્યું. ધર્મની જનુનથી ઉશ્કેરાયલા તેઓ ક્રમમાં ગોઠવાઈ ગયા અને તોપનો મારો ચલાવવો શરૂ કર્યો પરંતુ શત્રુના સૈન્યપર તેઓ ફરીને તીરનો વરસાદ વરસાવે એટલામાં તો લશ્કરનો ઘાણ નીકળી ગયો અને દારાથી શત્રુની સામા અવાયું નહિ. લશ્કરમાં ભંગાણ પડ્યું પરંતુ જ્યાં સૂધી તોપનો મારો ચલાવી શકાયો, સાંકળો તૂટી ગઈ, ઉંટની હારો અને પાયદળ વિખેરાઈ ગયાં, ત્યાં સૂધી સિપાઇઓ તો મોટે ભાગે મરણીઆ થઇને લડ્યા. પાયદળની હાર ટૂટતાં બેઉનાં ઘોડેસ્વાર લશ્કર એકઠાં થઈ ગયાં અને તેઓ વચ્ચે મહા દારૂણ સંગ્રામ ચાલ્યો. તીરનો વરસાદ વરસવા માંડયો તેમાં દારાએ પોતાનો ભાથો ખાલી કરી નાંખ્યો. તીર એ કંઈ સારૂ શસ્ત્ર નથી કારણ કે દશમાંથી નવ તો માથાપર થઇને ચાલ્યાં જાય છે અથવા પહોચતાં નથી. તીર ખૂટી ગયાં એટલે તેઓએ તરવારો તાણી અને એક બીજાની સામે મોંડા મોંડ કતલ ચલાવવા લાગ્યા. બેઉપક્ષના શૂરવીરો આંખો મીચીને શૂરમાં લઢતા હતા, ત્યારે તરવારો પણ પોતાનું ભયંકર કામ કરતી હતી. આ તરવારે ચાલતી કતલની દરમીઆન દારાએ તેના અવિજય્ય ઉત્સાહની સાક્ષી આપી. તે વારંવાર પોતાના સેનાપતિઓને બૂમો પાડીને શૂર ચઢાવતો હતો અને પોતે પણ એવી શૂરવીરતા બતાવતો હતો કે સામાને પાનો ચઢે. આટલી બધી મહેનત કરવા છતાં પણ શત્રુના ઘોડેસ્વારોને કતલ કરી નાંખવાને તે શક્તિમાન થયો નહિ.

ઔરંગઝેબ આ વખતે કંઈ દૂર નહતો. તે પોતાના હાથીપર બેસીને લશ્કરને શૂર ચઢાવતો હતો. ચૂંટી કાઢેલા ઘોડેસ્વારોની સાથે ટક્કર લેવાને તેણે મહેનત કરી પરંતુ તેને મારીને તથા ગભરાવીને પાછો હઠાવી કાઢ્યો. અત્રે ઔરંગઝેબના શૂર અને એકનિશ્ચયપર બોલ્યા વગર ચાલે તેમ નથી. જ્યારે તેનું પોતાનું લશ્કર ગભરાઈ ગયેલું, નાશ ભાગ કરતું, કતલ થતું જણાયું તથા તેની આસપાસ માત્ર ૧૦૦૦ અથવા મારી જાણ પ્રમાણે માત્ર ૫૦૦ સિપાઇઓ લઢતા જણાયા ત્યારે પણ તે હિમત હાર્યો



નહિ એટલું જ નહિ પરંતુ દારાના તે વખતના સખ્ત ધસારાથી પણ તે ડરી ગયો નહિ. તેણે મોટી બૂમ પાડીને નામ દઈ દઇને પોતાના સૈનિકોને બોલાવ્યા અને કહ્યું કે–“ દિલ–ઇ–યારાના, સખુરે હિમત.' મને તેના પોતાના શબ્દો યાદ છે કે ' ખોદા અહીયાં છે. નાસવામાં કંઈ લાભ નથી મારો ! અહીં તમારૂ દક્ષિણ છે એમ ધારતા નહિ, તે આમ કહીને જ અટક્યો નહિ પણ માણસોને પોતાની દ્રઢતા બતાવવાને માટે તેણે તરત જ તે સ્થાનેથી પોતાનો હાથી આઘો પાછો થઈ શકે નહિ તેટલા માટે હાથીના પગમાં સાંકળ નાંખવાનો હુકમ આપ્યો. આમ કરવાથી તેણે પોતાનો કાં તો તે સ્થાનમાં જ મરવાનો કે જીતવાનો નિશ્ચય બતાવી આપ્યો. સૈનિકોને પોતાના નાયકનો દ્રઢ ઠરાવ જોઈ ધૈર્ય આવ્યું. આસપાસના સિપાઇઓએ અને સરદારોએ જો તેના દ્રઢ નિશ્ચયપર વિશ્વાસ ન આણ્યો હોત તો ઔરંગઝેબે હાથીના પગમાં સાંકળ નંખાવી પણ હોત જ.

આ બધો વખત દારાએ ઔરંગઝેબના ઉપર છાપો મારવાનો વિચાર કર્યો, પરંતુ રણ ખાડાખૈયાવાળું હતું અને શત્રુના ઘોડેસ્વાર લશ્કરને લીધે જઈ શકાય તેમ ન હતું. ઘોડેસ્વાર પલટણ આઘી પાછી થઈ ગઈ હતી એ ખરૂં પણ બન્ને ભાઈના એક બીજાપર ધશી જવાના માર્ગ તેમનાથી ભરાયલા હતા. દારાના મનમાં એમ હતું કે, ઔરંગઝેબને માર્યા કિંવા કેદ કર્યા વગર આ વિજય કંઈ કામનો નથી. તેને અટકાવવાને ઔરંગઝેબ ઘણો અટકાવ કરતો હતો. એ દોર નરમ પાડવાની દારાને બહુ ઇચ્છા હતી. આ જંગમાં ઔરંગઝેબને કચરી નાંખવાનો એક ખરેખરો લાગ હતો, પણ નીચે જણાવવામાં આવશે એવાં કારણોને લીધે ઔરંગઝેબ તેને માથે ભમી રહેલી આપત્તિઓથી બચી ગયો.

**ઔરંગઝેબની દ્રઢતા**—વખત જે વેળાએ અણિનો આવી રહેલો હતો તે વેળાએ દારાને માલુમ પડ્યું કે ડાબી તરફનું લશ્કર વેરણખેરણ થવા માંડ્યું છે. દારા આથી વિચારમાં પડી ગયો હતો એટલામાં કોઈ એવા સમાચાર લાવ્યું કે, રૂસ્તમ અને સાદ્રેસાલ સરદારો રણમાં પડ્યા. શત્રુના દળથી વિંટાયલો રામસિંહ રોટેલા કતલમાંથી બહાર ધશી આવતાં મહા સંકટમાં આવી પડ્યો છે. આ સમાચાર મળતાં જ દારાએ ઔરંગઝેબ તરફ ધસારો કરવાનો વિચાર માંડી વાળ્યો અને ભાગતા લશ્કરની

વહારે ધાવાનો મનસૂબો કર્યો. ઘણી સખત મારામારી અને કતલ ચાલતાં દારાની હાજરીથી એ પક્ષ પ્રબળ થયો અને શત્રુઓ સર્વે જગ્યાથી પાછા પડ્યા. હવે દારાથી તેમને છોડીને દૂર જવાય તેમ ન હતું. એક તરફ રામસિંહ રોટેલા મુરાદબક્ષની સામે લઢતાં મહા પરાક્રમ કરતો હતો. મુરાદબક્ષને તેણે ઘાયલ કર્યો હતો એટલું જ નહિ પણ તેને મરણ શરણ કરવાને તે અત્યારે છેક તેની લગોલગ જઈ તેના હાથીની શૂંઢ કાપી નાંખવાનો પ્રયત્ન કરતો દેખાતો હતો. મુરાદબક્ષ ઘાયલ થયલો અને ચારે તરફથી મરણીઆ રજપૂતોથી વિંટાઈ રહેલો હતો તેમ છતાં પણ તેણે રામસિંહના ઈરાદાને સફળ થવા દીધો નહિ. તે ઘણો જ ચંચળ અને બાહોશ યોધ હતો. પોતાના ઘામાં અસહ્ય દુઃખ થતું હતું તેને ન ગણકારતાં તેણે પોતાની જોડે બેઠેલા પોતાના સાતથી આઠ વર્ષની* ઉમ્મરના શાહજાદાના રક્ષણ માટે તેને અડતલે ઢાલ મૂકી અને પછી પૂર્ણ જોશથી તથા નિશાન માંડીને એક તીર એવા જોરથી રામસિંહને માર્યું કે જેણે તે બહાદૂર રાજાને મડદુ કરી જમીનપર નાંખી દીધો.

રામસિંહ રોટેલાના મરણ સમાચારની સાથેજ દારાને વળી કહેવામાં આવ્યું કે તે સરદારના મરણથી મરણીઆ થયેલા રજપૂતો મુરાદબક્ષને ઘેરીને જંગ મચાવી રહ્યા છે. આથી દારાએ મુરાદબક્ષ ઉપરજ તૂટી પડવાનો નિશ્ચય કર્યો. ઔરંગઝેબને જતો રહેવા દેવામાં જે ભૂલ થઈ હતી તે સુધારી લેવાનો માત્ર એકજ માર્ગ હતો; પણ દારાનું આ પગલું કપટમાં રમતાં વ્યર્થ થયું, અને તેથીજ તેને નાશકારક અને પાછા હઠીજવાના શરમ ભરેલા પરાજયને આધીન થવું પડયું.

**વિશ્વાસઘાતી નાયક**—જમણી તરફના લશ્કરમાં ત્રીસ હજાર મોગલો હતા અને તેમનો સેનાધિપતિ કાલિલ્-ઉલ્લા-ખાન હતો. ઔરંગઝેબના બધા લશ્કરને નાશ કરવાને માટે આ સૈન્ય પૂરતું હતું, પરંતુ દારા જ્યારે ડાબી તરફના લશ્કરને મોખરે ઉત્સાહ અને જયની આશાથી લઢતો હતો ત્યારે આ સેનાધિપતિ પોતાના કર્તવ્યથી વિમુખ રહ્યો હતો. એ વિશ્વાસઘાતી સેનાની એવું ડોળ ઘાલતો હતો કે-'મારૂં સૈન્ય તો અનામત લશ્કરનો એક ભાગ છે.' આથી કરીને તે લડાઈમાં ભાગ લેતો ન હતો. દારાની ગફલતજ આ ઘોરતર વિશ્વાસઘાતનું મુખ્ય કારણ હતું.

* આવા મહાદારૂણ સંગ્રામમાં સાત આઠ વર્ષનાં છોકરાં પણ તેમના પિતાની પાસે રહેતાં. લોહીમાં ઉછર્યા વગર લોહી પડાયજ નહિ એ ખરૂં છે.



પૂર્વે એકવાર દારાએ આ કાલિલ્-ઉલ્લા-ખાનને ખાસડાંનો માર મારી અપમાન આપ્યું હતું. એ સેનાનીના મનમાં એ વેર નિરંતર તાજુને તાજુ રહેલું હતું, એટલે અત્યારે દારાપરનું વેર વાળવાને ખરેખરો વખત છે એમ જાણીને કાલિલ્-ઉલ્લા-ખાન લડાઇથી દૂર રહ્યો હતો. દારા સંકટમાં પડયો હતો અને વિશ્વાસેજ માર્યો ગયો. જ્યારે કાલિલ્-ઉલ્લાખાનને એમ માલુમ પડયું કે, જમણી તરફના લશ્કરની મદદ વગર પણ દારા જય મેળવવાને શક્તિમાન છે ત્યારે તે થોડા માણસો લઇને તેણી તરફ ગયો અને દૂરથી દારાને કહ્યું કે-'મોહ્બરેકબાદ, હઝરત સલામત, ઇલ્લાહમદ, ઉલ્લેલાહ્-અરે ખોદા, આપ હજી આ હાથીપર કેમ બેશી રહ્યા છો ? શું તમે મહા સંકટમાં આવી પડેલા નથી ? તમારી અંબાડીનો આગલ્યો ભાગ ગોળીઓથી અને તીરોથી કાંણો થઇ ગયો છે. આવા મારામાં ઉંચા હાથીઉપર એકાદ ગોળી કે તીર આપને વાગશે તો અમારી કેવી દશા થશે. આપ ખુદાને ખાતર હાથીપરથી ઉતરી ઘોડાપર સ્વાર થાવ. નાસતા સિપાઇઓની પાછળ પડવા સિવાય વધારે પરાક્રમનો હવે વખત રહ્યો નથી. હું માત્ર એટલીજ વિનંતિ કરૂં છું કે આપ એ કમબખ્ત લોકને નાશી છૂટવા ન દ્યો અને ઘોડેસ્વાર થાવ.'

### દારા હાથીપરથી ઉતર્યો અને હાર્યો.

જેનાપર બેશી દારાએ આટલી બધી બહાદૂરી બતાવી હતી અને લશ્કરને હુકમ આપવાનું કામ કર્યું હતું તે હાથીપરથી ઉતરવાથી કેવું પરિણામ આવશે, તેનો જો કદાપિ દારાએ વિચાર કર્યો હોત તો તે એક મોટા રાજ્યનો ધણી થયો હોત. રાજ્યલોભી શાહાજાદાએ વિશ્વાસઘાતી કાલિલ્ ઉલ્લા-ખાનના વચન ઉપર વિશ્વાસ રાખ્યો અને તેની સલાહને ખરા અંતરની સલાહ તરીકે માની હાથી ઉપરથી ઘોડેસ્વાર થયો. તેને પા કલાક પણ થયો નહિ હોય એટલામાં કપટ છે એમ સમજાયું. તરત તેણે કાલિલ્-ઉલ્લા-ખાનને માટે પડપૂછ કરી પણ એટલામાં તો તે દગલબાજ દૂર નીકળી ગયો હતો. દારાએ તેને અનેક શાપ દીધા, મનમાં બહુ કકળ્યો અને હાથ આવે તો કચરી નાંખવા જેટલા ક્રોધથી દાંત કચરડ્યા

પણ હવે એ ગુસ્સો નકામો હતો. તેને શિક્ષા કરવાનો ઈરાદો પણ હવે બર આવે તેમ ન હતું. દારા હાથીપરથી ઉતરતાંવંત લશ્કરમાં તે મરણ પામ્યાની બૂમ પડી અને મોટી ગડબડ થઈ રહી. લશ્કર નાસાનાશ કરવા લાગ્યું અને સઉને પોતાની સલામતી જોવાની ઈચ્છા થઈ. સૈનિકો ઔરંગઝેબના કોપમાંથી કેમ નાશી છુટવું તેનો વિચાર કરવા લાગ્યા. થોડી મિનિટમાં લશ્કર છિન્નભિન્ન થઈ ગયું અને એક ક્ષણમાં જ વિજેતા હતો તે હારી ગયો. પા કલાક સૂધી ઔરંગઝેબ પોતાના હાથીપર દૃઢ બેશી રહ્યો અને તેથીજ તે ભવિષ્યમાં હિંદુસ્તાનની શહેનશાહતનો ધણી થયો. અલ્પકાળને માટે દારા તેના હાથી ઉપરથી હેઠે ઉતરી પડી દુઃખીઆરા શાહજાદાઓમાંનો મહા દુઃખીઆરો શાહજાદો થયો. ટુંકી નજરના માણસો થોડાને માટે ઉંધું ખણે છે અને એક નજીવો અકસ્માત્ આવાં મોટાં પરિણામ આણે છે તે આનું નામ.

મોટાં લશ્કર મોટાં પરાક્રમ કરે છે તે ખરૂં, પરંતુ જ્યારે તે ગભરાટમાં પડે છે ત્યારે નિયમમાં લાવવાં પણ કઠણ થઈ પડે છે. મોટું લશ્કર એક મોટી નદીના પૂરની માફક ગભરાટમાં પડી જ્યારે આસપાસ વિખરાઈ જાય છે ત્યારે ઘણી ખરાબી કરે છે. હિંદુસ્તાનના બીનકવાયતી સિપાઇઓ ઢોરનાં ટોળાંની માફક અનિયમિત રહી પોતાને ગેરલાભ કરે છે. આવા અસંખ્ય સિપાઇઓ પણ પ્રીન્સ કોન્ડેથી વા માર્સલ ટ્યુરેનથી શાસિત ૨૫ હજાર કવાયતી સિપાઇઓને હરાવવાને શક્તિવાન્ થાય એમ મને લાગતું નથી. ખોરાક પાણીની સગવડ માટે રાખેલાં લાખો માણસવાળું છ અથવા સાત લાખ માણસનું ડેરીઅસનું મોટું સૈન્ય દશ હજાર ગ્રીક, અથવા ઍલેકઝાંડરનાં પંદર હજાર મેસેડોનીઅન સિપાઇઓથી ઘેરાઈ ગયું હતું એમ વાંચવામાં આવે છે તેથી લગારે આશ્ચર્ય થતું નથી. એક ફ્રેન્ચ લશ્કરની ટુકડી જો બરાબર નિયમમાં ગોઠવેલી હોય તો ઘણા હિંદુસ્તાની સિપાઇઓને ગભરાટમાં નાખી દે, અથવા એલેકઝાંડરે કર્યું હતું તેમ પોતાની મુખ્ય ધારણાને બર આણે એમાં ફેર નથી. તેમની કવાયતી હીલચાલ હિંદુસ્તાનીઓને ધાસ્તી અને ત્રાસ પમાડી સત્વર અને સામાન્ય લુટ પાડી શકે એમાં શંસય નથી.

અણધારી અને મૃગતૃષ્ણા જેવી જીતથી જે લાભ લઈ લેવાય તે લેવાને ઔરંગઝેબે વિચાર કર્યો. પોતાની ધારણાને સફળ કરવાને માટે તે અ-



નેક સંકલ્પવિકલ્પ કરવા લાગ્યો. જીતની સાથેજ દગલબાજ કાલિલ્-ઉલ્લા-ખાન તેને આવી મળ્યો. ઔરંગઝેબે તેને હજારવાર શાબાશી આપી અને અનેક આશાઓ આપી, પરંતુ પોતાને નામે તેને પોતાના પક્ષમાં લેતાં સાવધ રહ્યો.. તેને નિંદનાર મુરાદબક્ષની પાસે ઔરંગઝેબ એને લઈ ગયો. મુરાદબક્ષે દયાભાવથી તેને લીધો, અને ઔરંગઝેબે તેની સમક્ષ મુરાદબક્ષને પોતાના વડીલ તરીકે, પાદશાહ તરીકે અને શ્રેષ્ટ તરીકે સ્વીકાર્યો. કાલિલ્-ઉલ્લા-ખાને પણ મુરાદબક્ષનાં વખાણ કરતાં તેને રાજ્ય મુકુટને યોગ્ય કહ્યો અને આ વિજય થયો તે પણ એ શાહજાદાના પરાક્રમ અને શૂરથી થયો એમ જણાવી દીધું.

**ઔરંઝેબની નીતિ**–મુરાદબક્ષ ઉપર ઔરંગઝેબ આ પ્રમાણે પ્રીતિયુક્ત રહેતો હતો તેમજ રાત દિવસ ઉમરાવોની સાથે પત્રવ્યવહાર ચલાવતો હતો. ઉમરાવો ધીરે ધીરે તેના પક્ષમાં આવવા માંડ્યા હતા. ચતુર, બુદ્ધિશાળી અને મોટી વગસગવાળો શાઈસ્તખાન પોતાના ભાણેજ ઔરંગઝેબના મતને અનુમોદન આપવાને માટે યત્ન કરતો હતો. ઔરંગઝેબને તે એક સારો સહાયક નીવડ્યો. પરાનુગ્રહ સંપાદન કરે એવા લેખ લખવામાં અને છટ્ટાદાર ભાષા બોલવામાં આ વેળાએ એ એક્કો હતો. લોકમાં એમ કહેવાતું હતું કે દારાએ પહેલાં તેને અપમાન કરેલું માટે આ વખતે દારા પ્રત્યેનું વેર વાળવાને માટે તે ઔરંગઝેબના પક્ષમાં ભળ્યો હતો અને તેને બળવત્તર કરવાને મહેનત લેતો હતો. રાજ્ય મેળવવાના મોટા લોભમાં છતાં ઔરંગઝેબ બહારથી એમ દેખાડતો હતો કે, જાણે પોતાને આ ખટપટમાં કંઈ સ્વાર્થ જ નથી. મુરાદબક્ષને નામે જ જે થતું તે થતું. સંધિ અને કોલકરાર મુરાદબક્ષને નામે થતા અને બીજાઓને જે આશાજનક વચનો અપાતાં તે પણ તેને નામે અપાતાં. મુરાદબક્ષને નામે જ હુકમો થતા અને ભવિષ્યનો પાદશાહ પણ તેજ ગણાતો. ઔરંગઝેબ, મુરાદબક્ષના એક સરદાર અને અધીનાધિકારી જેઓ ગણાઈ તેવું વર્તન રાખતો. વળી તે એમ દેખાડતો હતો કે, ' મારા ફકીરી મનને આ રાજ્ય ખટપટ મૂળે ગમતીજ નથી.'

નિરાશાથી અને ત્રાસથી દારા બેહાલ થઈ ગયો. તે સત્વર આગ્રે ગયો પણ ' દારા તું હારીશ તો તારાથી મને મોં દેખાડવાને અવાશે નહિ ' એવાં પાદશાહનાં વચન હજી તેના કાનમાં ગાજી રહ્યાં હતાં તેથી પિતાને મળાયું નહિ. દુઃખીઆરા પિતાએ પુત્રને પરાજય પામી આગ્રે આવેલો જા-

ણ્યો ત્યારે એક ખોજાને તેની પાસે મોકલ્યો અને તે ખાનગી માણસની મારફતે તેને ખાતરી કરાવી કે, પાદશાહનો પ્રેમ તેના ઉપરથી ઓછો થયો નથી અને જે સ્થિતિ હાલ આવી છે તેને માટે તે દિલગીર છે. વળી પાદશાહે એમ પણ કહાવ્યું કે, ‘દારા ધીરજ રાખ, હજી સુલેમાન શિકોહની પાસે સારૂ સૈન્ય છે અને તારે નિરાશ થવાનું કારણ નથી. હું તને સલાહ આપું છું કે હવે તું દિલ્હી તરફ જા. ત્યાંની પાદશાહી ઘોડારમાંથી હજાર ઘોડા તને મળશે અને કિલ્લાના સુબેદારને મારો હુકમ છે તે તને જોઇતાં નાણાં અને હાથી પૂરા પાડશે. જેટલે દૂર રહેવું યોગ્ય હોય તેટલે દૂર રહેજે. હું તને વારંવાર પત્ર લખતો રહીશ અને મારા પત્રો તને વહેલા મળે એટલે દૂર રહેજે. હજી ઔરંગઝેબને વશ કરવાનાં અને શિક્ષા આપવાનાં સાધન મારી પાસે છે એમ હું ધારૂં છે.’ પાદશાહે આવો સંદેશો કહાવી દારાને દિલસોજી આપી. પરંતુ તે એટલો બધો શોકગ્રસ્ત અને નિરાશ થઈ ગયો હતો કે, તેણે આવા હિતકારક સંદેશાનો જવાબ આપ્યો નહિ તો નહિ પરંતુ તે મળ્યાના ખબર પણ આપ્યા નહિ. બેગમ સાહેબ ઉપર તેણે ઘણા સંદેશા મોકલ્યા અને છેવટ ત્રણસેં ચારસેં માણસના રસાલા સાથે સ્ત્રી, છોકરીઓ, અને નાના શાહજાદા શેફર શિકોહની સાથે ભાગી રાતે આગ્રા છોડી ગયો. દારા તેની દુઃખદ સ્થિતિમાં દિલ્હી તરફ મુસાફરી કરે છે તે દરમીઆન આપણે ઔરંગઝેબની રાજ્યનીતિનું અને શીખવા જોગ રીતભાતનું અવલોકન કરીએ.

દારાને પોતાનો દાવ અજમાવવાને માટે આરોજ ન રહે એટલા માટે ઔરંગઝેબે જે પહેલું પગલું ભર્યું તે એ હતું કે, સુલેમાન શિકોહના લશ્કરમાં કુસંપ ઉત્પન્ન કરાવવો. એ લશ્કરના સરદારો રાજા જયસિંહ અને દલીલખાનને ઔરંગઝેબે પોતાની પાસે બોલાવી દારાનો સમૂળ નાશ કરવાને માટે સાધી લીધા અને તેમને કહ્યું કે, ‘જુવો જે મોટા લશ્કરપર દારા આધાર રાખતો હતો તે મોટી હાનીથી હારી ગયું અને મારે આશ્રયે આવ્યું છે. દારાની પાસે હવે એકે પલટણ નથી. તે એક બહારવટીઆ જેવો થઈ પડ્યો છે. થોડા વખતમાં શરણ થયા વિના તેનો છૂટકો નથી. પાદશાહને માટે તો હવે છેજ શું ? તે મંદવાડથી એવી દશામાં આવેલો છે કે બચશે એમ લાગતું નથી. જે કાર્ય હવે અસંભવિત થઈ પડયું છે તેમાં તમે



શા માટે પડી રહ્યા છો ? દારાની પડતીને વધારે અનુરક્ત રહેવું એ બેવકૂફી ભરેલું છે.’ આ પ્રમાણે કહીને વળી તેણે તેમને સલાહ આપી કે, ‘તમારે વાસ્તે સારામાં સારો રસ્તો તો એજ છે કે હવે તમારાથી સહેલથી પકડાય તેવો સુલેમાન શિકોહ છે તેને કબજે કરી લઈ મારે શરણે આવવું.’

**જયસિંહ રાજાની નિમકહલાલી**—પોતાના સ્વામીસામે આવી દગલબાજી રમવાને જયસિંહે ઘણી આનાકાની કરી. શાહજહાન અને દારાનો હજી તેને ડર હતો. એક શાહજાદાને આવી રીતે કેદ કરવાનું કેવું પરિણામ આવે તેથી તે ડરતો હતો. શાહજાદાને કેદ કરવો એ ગુન્હો એવો હતો કે જે કદાપિ ઔરંગઝેબજ શિક્ષા કરનાર હોય તોપણ માફ થાય નહિ. સુલેમાન શિકોહના બળ અને જુસ્સાથી જયસિંહ અજાણ્યો નહતો. તે સારી રીતે જાણતો હતો કે, શાહજાદો જીવ આપવાને તૈયાર થશે પરંતુ પરાધીનતાને સ્વીકારશે નહિ.

ન છૂટકે છેવટ એને એજ માર્ગ લેવાનો નિશ્ચય કરવો પડયો. દલીલખાનની સલાહ લઈ અન્યોઅન્ય પ્રીતિના ફરી વાર સર સોગંદ ખાઈ જયસિંહે તેની સાથે એકમતે એવો ઠરાવ કર્યો કે, ‘જયસિંહે સુલેમાન શિકોહને ડેરે જવું અને ઔરંગઝેબે કરેલી ઉથલપાથલ જણાવી તેની ઇચ્છા તેને જાહેર કરવી.’ પછી જયસિંહે તેમ કર્યું. તે શાહજાદાને તંબુએ ગયો, તેને મળ્યો અને કહ્યું કે, ‘નામદાર શાહજાદા ! હું તમને દગો દેવા ચહાતો નથી; છુપે વેશે નાશી જવા માગતો નથી પરંતુ જે મારે કરવું જ પડે છે તે કહું છું. તમારે માથે મોટો ભય આવી પડયો છે. દલીલખાન અથવા દાઉદખાન અથવા આ લશ્કરના કોઇપણ ભાગ ઉપર વિશ્વાસ રાખીને બેશી રહેવા જેવું રહ્યું નથી. તમે તમારા પિતાની પાસે જશો તો ત્યાંય તમને વિશ્રાંતિ મળવાની નથી. તમે પોતે મોટા નાશને અધીન થશો. આ ભયમાંથી તમે *શ્રીનગર વગર બીજે સ્થળે આશ્રય લઈ શકો તેમ નથી. ત્યાંનો રાજા તમને આદરથી બોલાવશે. તેનો દેશ ચડાઈ થઈ શકે તેવો નથી, ઔરંગઝે-

* આ શ્રીનગર કાશ્મિરવાળું નહિ. ઘણા લેખકોએ અને ટીકાકારોએ તેના સંબંધે ગોટાળો કર્યો છે. પણ ૧૬૭૦માં પારીસમાં છપાયલી આ પુસ્તકની પહેલી ફ્રેન્ચ પ્રતના નકશામાં તે બરોબર બતાવેલું છે. વાયવ્ય પ્રાંતોમાંના ગરહવાલ જીલ્લામાં તે આવેલું છે. બર્નિયરના વખતમાં ત્યાં ગરહવાલ રાજા રાજ્ય કરતો હતો. આ ગરહવાલ જીલ્લો નીચા ઉંચા પહાડી ટેકરાઓથી અગમ્ય છે, હાલ પણ આ શહેર જીલ્લાનું મોટું ગામ ગણાય છે.

બથી તે બીહીતો નથી અને ત્યાં રહેતાં આપ શાંતિથી અત્રે બનતા બનાવો જોતા રહેશો. જ્યારે લાગ આવે ત્યારે ત્યાંથી ઉતરી આવતાં વાર લાગશે નહિ."

**સુલેમાન શિકોહના સૈન્યમાં ફૂટ**—આ વાતચિત ઉપરથી જુવાન શાહજાદાના સમજવામાં આવ્યું કે રાજા અને લશ્કર બેઉ તેના કાબુ બહાર ગયાં છે. રાજાના કહ્યા પ્રમાણે નહિ થાય તો તેની જીંદગી જોખમમાં આવી પડશે. પછી સુલેમાન શિકોહ તેનાપર આવેલા સંકટને અધીન થયો નહિ પરંતુ શ્રીનગર જવાને પહાડી પ્રદેશ તરફ ચાલી નીકળ્યો. કેટલાક પ્રીતિવાળા મિત્રો અને ઘણું કરીને મુન્સફદારો, સૈયદો, અને બીજા કેટલાક જેમને તેમની સાથે ગયા વગર ચાલે જ નહિ તેઓ તેની સાથે નીકળી પડયા. લશ્કર, જયસિંહ રાજા અને દલીલખાનની પાસે રહ્યું. આ બે દગલબાજોએ માત્ર આટલું જ કર્યું નહિ, પરંતુ સુલેમાન શિકોહની પાસે જે સરસામાન અને માલ મિલકત હતી તે પણ લઈ લીધી. આગળ જતાં તેના ઉપર લૂટ કરાવી. મહોરો લાદેલો એક હાથી લૂંટાઈ ગયાથી સ્વાર્થી માણસો તે શાહજાદાને છોડીને ચાલ્યા ગયા. વળી ખેડૂતો અને બીજા લૂંટારૂઓથી કાયર થતો તે ઘણી મહેનતે શ્રીનગર પહોચ્યો. શ્રીનગરના રાજાએ સુલેમાન શિકોહ તથા તેના કુટુંબ કબિલાને પોતાને ત્યાં આશ્રય આપ્યો એટલુંજ નહિ પણ તેને ખાતરી આપી કે, 'મારા દેશમાં તમે સંપૂર્ણ સલામત છો અને જો જરૂર હશે તો હું તમને મારા સૈન્યની પણ મદદ આપીશ.' શાહજાદો સુલેમાન શિકોહ જ્યારે શ્રીનગરમાં સ્વસ્થ થયો ત્યારે આગ્રામાં શું બન્યું તે તરફ આપણે આપણી વાર્તાનો સંબંધ જોઇએ.

**શાહજહાનને દિલાસો**—સમુગઢની લડાઈ પછી ત્રીજે કે ચોથે દહાડે ઔરંગઝેબ અને મુરાદબક્ષ કિલ્લાથી ત્રણ માઇલ દૂરના એક બાગમાં આવી પહોચ્યા. ઔરંગઝેબના વિશ્વાસુ અને તેની યુક્તિ તથા ગુણના જાણનારા એક ખોજાને ત્યાંથી તેમણે શાહજહાનની પાસે મોકલ્યો. એ માણસે પાદશાહ પાસે આવી પોતાના ધણીને નામે સલામ કરી, અને ઔરંગઝેબની તેના પ્રતિ પ્રીતિ અને માન જરાય ઓછાં થયાં નથી એમ ખાતરી કરી આપ્યા સાથે જણાવ્યું કે, 'દારાની દુષ્ટ અને અમર્યાદ રાજ્યલોભેચ્છાને લીધે જે બનાવ બન્યો છે તેને માટે ઔરંગઝેબ ઘણોજ દિલગીર છે. આપ નામદારની તબીયતમાં સુધારો થતો જાય છે તેને માટે



તેનો ધણી તમને અભિવંદન આપવાને રજા લે છે એટલુંજ નહિ પરંતુ તે આપના હુકમને શિરોમાન્ય કરવાને માટે આગ્રા સૂધી આવ્યો છે.'

શાહજહાન સઘળું સમજતો હતો. તેણે પોતાના પુત્રની આ રીતને પોતાને અસર કરનારી જણાવી, પણ તેની મહદિચ્છા અને દાંભિકતાથી તે અજાણ્યો નહતો. ખોજાને પાછો વાળ્યા પછી પાદશાહે પોતાના પુત્રને વશ કરવાના ઇરાદાથી ઉમરાવોને બોલાવી પોતાની કપટ જાળ રચવાની બુદ્ધિને કામે લગાડવાનો વિચાર કર્યો. ઔરંગઝેબ આખા કુટુંબમાં ચઢીઆતો હતો તેથી દીકરાને ફસાવવાને માટે પિતાએ પાથરેલી જાળમાં પિતાજ સપડાઈ ગયો એમાં તો નવાઈ જેવું છેજ નહિ. એક વિશ્વાસુ ખોજાને મોકલી શાહજહાને ઔરંગઝેબને તે કેવો ચહાય છે અને દારાને કેવો ધિક્કારે છે તે જણાવ્યું. આની સાથે વળી એમ પણ કહાવ્યું કે હાલના બનાવથી જે ગોટાળો અને ગભરાટ થઈ રહેલો છે તેમાં કેવી ગોઠવણ કરવી તે વિષે વિચાર કરવાને દીકરાએ પિતાને મળવા આવવું. ઔરંગઝેબે શાહજહાનનો આમ છતાં પણ વિશ્વાસ રાખ્યો નહિ. તે બહુજ સાવધ માણસ હતો. તે જાણતો હતો કે, બેગમ સાહેબ એક ક્ષણ, રાત્રી કે દિવસ તેને વિલો મૂકતી નથી તે તેના કાબુમાં છે, અને તેણે આ સંદેશા જાણી લીધેલા તેથી જનાનખાનામાં રાખવા જોગ મજબૂત બાંધાની તાતાર લૂંડીઓને કિલ્લામાં રાખેલી છે, એટલે જો કદાપિ પિતાના વચનથી ભોળવાઈ તે ત્યાં જાય તો હથીઆર બંધ લૂંડીઓ તેનાપર તૂટી પડેજ. આ બધા વિચાર કરી ઔરંગઝેબે કિલ્લામાં પગ મૂકયો નહિ. જો કે ઘણી વાર તેણે આજ મળું છું, કાલ મળું છું એમ આશાઓ આપ્યા કરી. તે જવાની તૈયારી કરતો અને છેવટ આવતી કાલે જઈશું એમ કરી મુલતવી રાખતો. આવા કપટ પ્રબંધ રચવામાં જે વખત ગયો તેની દરમીઆન ઔરંગઝેબે સત્તાવાન્ ઉમરાવોની શી મરજી છે તે જાણી લીધું. તેણે પોતાની કપટ જાળને ઘણાજ વિચાર પૂર્વક પાથરી, અને તે એટલી બધી સાવચેતીથી કે જ્યારે તેના શાહજાદાએ પાદશાહને કિલ્લામાં કબજ કરી લીધો ત્યારેજ લોક ચમકી ઉઠયા અને જાણ્યું. શાહજાદો કેટલાંક ચૂંટી કાઢેલાં માણસો સાથે જાણે ઔરંગઝેબનો સંદેશો લઈ જતો હોય તેવા ડોળથી મહેલમાં દાખલ થયો હતો. દરવાજા આગળ આવી પહોરેગિરપર તેના માણસો તૂટી પડયા અને પાછળથી બીજું લશ્કર આવી પહોચ્યું હતું. શંકા રહિત

પહેરેગિરોને આ પ્રમાણે હરાવી તેણે કિલ્લો હાથ કરી લીધો.

દીકરાને માટે પાથરેલી જાળમાં પોતેજ આવી પડયો છે, પોતે બંદીવાન, અને પુત્ર એક કિલ્લાનો ધણી થઈ પડયો છે એમ જ્યારે શાહજહાન પાદશાહના જાણવામાં આવ્યું, ત્યારે જો કોઈ પણ માણસ કદી આશ્ચર્યમાં પડયો હોય એમ માનીએ તો તે આ શાહજહાન પાદશાહ જ હતો. દુઃખી પાદશાહે ઔરંગઝેબના શાહજાદા સુલતાન મહમદ ઉપર તરતજ એક સંદેશો મોકલી જણાવી દીધું કે, 'જો આ અવસરે તું મને ઉગારી લઇશ તો, હું ગાદીના અને કુરાનના સોગંદ લઇને કહું છું કે, હું તનેજ ગાદીએ બેસાડીશ. એક ક્ષણ પણ અવરથા ન જવા દેતાં તું મારી પાસે આવજે અને તારા દાદાને આ બંદીખાનામાંથી મુક્ત કરજે. સદ્વર્તનથી ખુદા તારૂં ખેર કરશે અને તને અમર કીર્તિ મળશે.' પાદશાહે આમ કહાવ્યું હતું એમ લોકમાં કહેવાતું.

સુલતાન મહમદમાં જો આ યોજનાને મનમાં રાખી રહેવાની પૂર્ણ હિમત હોત તો તેણે પોતાના દાદાને બંધનમુક્ત કર્યો હોત એમાં શંકા નથી. શાહજહાનની વગસગ હજી પ્રબળ હતી અને કિલ્લામાંથી બહાર જવાની જો તેને રજા આપવામાં આવી હોત, લશ્કરનું આધિપત્ય તેને લેવા દીધું હોત તો મને પણ માનવાને કારણ છે કે તેઓએ તેની સત્તાને સ્વીકારી હોત; અને રાજ્યના મુખ્ય મુખ્ય ઉમરાવો પણ તેના રાજ્ય પ્રતિ નિમકહલાલ રહ્યા હોત. પિતાની સામે જંગ જગાવવાને માટે ઔરંગઝેબ પણ એટલો બધો હિમતી થયો હોત નહિ. ઔરંગઝેબને મુરાદબક્ષ આમ કરતાં તજી દે એ મોટી બીક હતી.

સમુગઢની લડાઈ અને દારાના નાશી છૂટયા પછી જેવી ભૂલ શાહજહાને કરી હતી તેવીજ ભૂલ આ વખતે સુલતાન મહમદે કરી એમ સર્વનો મત હતો. કેટલાક રાજ્યનીતિજ્ઞોનો વળી એવો પણ મત છે કે દારાનો પરાજય થયા પછી પાદશાહ મહેલમાં બેશી રહ્યો એજ સારૂં થયું. આમ કરવું એજ શાહજહાનને માટે તો સ્થિતિ પ્રમાણે યોગ્ય હતું. પરિણામપર આધાર રાખીને અમુક યુક્તિને સારી કિંવા નઠારી ગણવી એ શ્રેષ્ટ સંપ્રદાય નથી, કારણ કે પૂર્ણ વિચાર પૂર્વક જમાવેલી યુક્તિનું ઘણીવાર નઠારૂં પરિણામ આવે છે અને કોઇવાર સાહસિક યુક્તિથી સારૂં પરિણામ આવે છે. પાદશાહ ઔરંગઝેબની પ્રતિ પ્રીતિ અને શુભેચ્છા રાખતો હતો તેથી



કદાપિ તેણે એમ ધાર્યું હશે કે, વિશ્વાસે તે પાસે આવશે અથવા બેગમ સાહેબે તેને એમ સમજાવ્યું હશે કે, ઔરંગઝેબ એની મેળે મળવાને કિલ્લામાં આવશે અને એમ થશે તો વધારે માથાકૂટ ન કરતાં વિશ્વાસી પક્ષી એની મેળેજ પિંજરામાં આવી પરાધીન થશે. અહીંના રાજ્ય પુરુષના મત પ્રમાણે–સુલતાન મહમદ, કહે છે કે રાજ્યગાદી માટે ઘણો આતુર નહતો છતાં જો તેણે એમ કર્યું હોત તો તેની ઇચ્છા પૂર્ણ થઈ હોત. વળી ઉદારતા તથા મનની કોમળતા માટે પણ તે જગત્‌માં પ્રસિદ્ધ થાત.

પિતૃધર્મ ઉપર દૃષ્ટિ રાખીને સુલતાન મહમદે આમ કર્યું એમ ઘણા થોડા જણ માને છે. પાદશાહના વચન ઉપર તેને વિશ્વાસ નહતો અને બીજું તેને એવો વિચાર આવ્યો હશે કે ઔરંગઝેબ જેવા માનસિક બળવાળાની સાથે રાજ્યગાદીના પ્રપંચમાં ઉતરવું એ અશક્ય છે. સુલતાન મહમદે ગમે તે વિચાર કર્યો હોય પરંતુ જો તેણે દુઃખીઆરા પાદશાહને બંદીખાનામાંથી મુક્ત કર્યો હોત તો તેને ફાયદો થાત; પરંતુ 'મને બંદીખાનામાં કે કિલ્લામાં આવવાની સત્તા નથી, મને તો માત્ર કિલ્લાના દરેક દરવાજાની કુંચીઓ ઔરંગઝેબની પાસે લઈ જવાનો હુકમ છે' એમ જણાવી તે પાદશાહ પાસે ગયો નહિ. તેણે જણાવ્યું કે ઔરંગઝેબને પાદશાહનાં ચરણવંદન કરવા આવવું છે માટેજ તેણે આમ કર્યું છે. બે દિવસ સુધી શાહજહાને કુંચીઓ આપી નહિ, પણ પછી જ્યારે તેને માલુમ પડયું કે પહેરેગીરો ચોકી છોડીને ચાલ્યા જાય છે ત્યારે કુંચીઓ આપી દીધી અને કહાવ્યું કે, 'જો ઔરંગઝેબ ડાહ્યો હોય તો હવે તેણે એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં મારી મુલાકાતે આવવું, મારે તેને બહુજ ખાનગી વાત કહેવાની છે. ઔરંગઝેબ પાદશાહના વચનઉપર વિશ્વાસ રાખી કિલ્લામાં જાય તેવો ભોળો માણસ નહતો. તેણે ઇતબારખાન નામના વિશ્વાસુ ખોજાને કિલ્લાનો કોટવાળ નિમ્યો અને તેના હુકમથી વૃદ્ધ અને દુઃખી શાહજહાન, બેગમસાહેબ, અને તેમનાં માણસો સખત બંદીવાન થઈ રહ્યાં. ઘણા દરવાજા ચણીને પૂરી લેવામાં આવ્યા અને પાદશાહ તથા તેના મિત્રો વચ્ચેનો તમામ વ્યવહાર બંધ પાડવામાં આવ્યો. પાદશાહથી કોટવાળની રજા વગર પોતાનો ઓરડો પણ છોડી જવાતું નહિ.

આ વખતે ઔરંગઝેબે એક કાગળ શાહજહાન પાદશાહનાપર લખ્યો અને તે બીડતા પહેલાં સર્વેને બતાવ્યો. તે પત્રમાં ઔરંગઝેબે શાહ-

જહાનને લખ્યું હતું કે–'મેં તમારા પ્રત્યે જે ચાલ ચલાવી છે તે તમે મારા પ્રત્યે ચલાવેલી વર્તણુકથીજ સારી દર્શાવી શકાશે. જ્યારે તમે મારે માટે અસાધારણ પક્ષપાત અને દારાના કામકાજ માટે મને અપ્રીતિ દર્શાવતા હતા ત્યારે તમે મને પાકે પાયે ખબર મળ્યા પ્રમાણે સુવર્ણ મહોરથી ભરેલા બે હાથીઓ દારાના ઉપર મોકલાવી આપ્યા હતા અને એમ કરી તમે એને નવા લશ્કરની ભરતી કરવાનાં સાધન પૂરાં પાડી એક નાશકારક લડાઇને લંબાવવાનું તેને ઉત્તેજન આપ્યું હતું. આથી મારે જે અસ્વભાવિક અને સખત પગલાં ભરવાં પડ્યાં તે એની હઠને પરિણામે છે કે કેમ તે વિચારી લેવાનું હું આપનેજ સોંપું છું. ખરૂં કહીએ તો એજ તમારી કેદનું કારણ છે. તમે એક પ્રિય પુત્રની પાસેથી જેવા ધર્મની આશા રાખો છો તેવો ધર્મ બજાવવા આવવામાં મને જે વિલંબ થયો છે તેનું પણ શું એજ કારણ નથી? એણેજ મને તેમ કરતાં અટકાવ્યો નથી? હાલ મારી વર્તણુકમાં જે વાંધા જેવું જણાય છે તેને માટે આપ ક્ષમા આપશો અને જે અસ્વાતંત્ર્યમાં આપ હમણાં આવી પડ્યા છો તેને ધીરજથી સહન કરજો. હું આપને ખાતરીથી કહું છું કે, દારાને આપની વિશ્રાંતિમાં ખલેલ કરતો અટકાવ્યા પછી અર્થાત્ તેને સાધન રહિત કર્યા પછી હું જાતેજ કિલ્લામાં આવીશ અને મારે પોતાને હાથે તમારા બંદીખાનાના દરવાજા ઉઘાડી નાખીશ.'

મારી જાણ પ્રમાણે જે રાતે દારાએ દિલ્હી જવાને માટે આગ્રા છોડયું તેજ રાતે શાહજહાને સુવર્ણની મહોરોથી લાદેલા બે હાથી તેનાપર મોકલ્યા હતા; અને રોશનઆરા બેગમે આ સમાચાર ઔરંગઝેબને પહોચાડ્યા હતા. ઔરંગઝેબ કિલ્લામાં આવે તો તેનો ઘાટ ઘડી નાંખવાને માટે તાતાર લુંડીઓને રાખવામાં આવી છે, એવા સમાચાર પણ આ શાહજાદીએજ તેને પહોચાડ્યા હતા. વળી એમ કહેવાય છે કે, દારાપર લખેલા શાહજહાનના કેટલાક પત્રો ઔરંગઝેબના હાથમાં આવ્યા હતા.

ઉપર જણાવી ગયા તેવો પત્ર ઔરંગઝેબે શાહજહાન ઉપર લખ્યો તેમ છતાં પણ કેટલાક બુદ્ધિશાળી રાજ્ય પુરૂષો તો એમ કહે છે કે, પાદશાહના લાગતાવળગતાઓને છાતીએ હાથ મૂકાવવાને માટે ઔરંગઝેબે માત્ર એ તરકટ કર્યું હતું. ગમે તેમ હો પણ એ તો સિદ્ધજ છે કે, પાદશાહને મળવા કરવાનું બંધ થયાથી દરેક ઉમરાવને મુરાદબક્ષ અને ઔરંગઝેબના



દરબારમાં આવવાની જરૂર પડી. વૃદ્ધ અને દુઃખીઆરા પાદશાહના વતી કોઇએ કોઈ પણ જાતની હિલચાલ ' ા હોય એમ મારા જાણવામાં આવ્યું નથી. વૃદ્ધ પાદશાહના ઉપર જુલમ પાડવામાં ઘણાક ઉમરાવો નારાજ હતા કૉરણ કે આ દેશની રીત પ્રમાણે શાહજહાને તેમાંના ઘણાકને છેક નીચી પદવીએથી તો શું પણ ગુલામગીરીમાંથી આવે મોટે પદે ચહડાવ્યા હતા. દનેશમંદખાન જેવા થોડાક તટસ્થ રહ્યા તે સિવાય બધાજ ઉઘાડી રીતે છચોક ઔરંગઝેબને પુષ્ટિ આપવામાં સામેલ થઈ ગયા.

આમ થવાનું કારણ એ છે કે અહિં, ફ્રેન્ચ અને ક્રિશ્ચિયન લોકનાં બીજાં રાજ્યોની માફક ઉમરાવો જમીનદાર હોતા નથી અને તેમની જમીન હોય તો કુલ ઉપજ તેમને મળતી નથી. મેં પ્રથમ જણાવ્યું છે તેમ હિંદુસ્તાનના ઉમરાવોની ઉપજ પાદશાહ તરફથી મળતાં સાલીઆણાંપર આધાર રાખે છે, અને જ્યારે એ સાલીઆણાં બંધ થાય છે ત્યારે તેઓ એટલા બધા મહિમા રહિત થઈ જાય છે કે તેમને નાનીશી રકમ કોઈ ધીરતું પણ નથી.

એક સંપ થયેલા ઔરંગઝેબ અને મુરાદબક્ષે ઉપર જણાવ્યું તેમ શાહજહાન પાદશાહને આગ્રાના કિલ્લામાં કેદ કર્યા પછી ઉમરાવોને હાથ કરી લીધા અને તેમની સંપૂર્ણ વગ મેળવ્યા પછી દારાનો કેડો લેવા તરફ વિચાર કરવા લાગ્યા. તેમની ધન સંબંધી મુશ્કેલીઓ પાદશાહી તિજોરીમાંથી પુરી પડી એટલે ઔરંગઝેબના મામા શાઇસ્તખાનને આગ્રાનો સુબો નીમી તેઓ દિલ્હી તરફ જવાને તૈયાર થયા.

## મુરાદબક્ષનું કેદ થવું.

જે દિવસે લશ્કરની સાથે આગ્રેથી કુચ કરી જવાનું હતું તે દિવસે મુરાદબક્ષના મિત્રોએ અને તેમાં પણ ખાસ કરીને તેના હિતસ્વી ખોજા શાહ આબાસે તેને આગ્રા અને દિલ્હીની પાડોશમાં રહેવાની સલાહ આપી. તેણે કહ્યું કે–'અત્યંત માન અને સાકરીઆ જીભ જ માણસના હૃદયનું કાપટ્ય બતાવવાને પૂર્ણ છે. તમે પાદશાહ છો અને ઔરંગઝેબ સુદ્ધાં આખા જગતે તમને પાદશાહ તરીકે સ્વીકાર્યા છે તો પછી આગ્રા અને દિલ્હીથી દૂર જવું એ તમને યોગ્ય નથી. ભલે ઔરંગઝેબને તમે દારાની પાછળ

જવા દ્યો.' મુરાદબક્ષે જો આ ડાહી શિખામણોને લક્ષમાં લીધી હોત તો ખરેખર ઔરંગઝેબના હાથ હેઠા પડત પરંતુ તેને તો પોતે અને ઔરંગઝે-બે વારંવાર કુરાન ઉપર હાથ મૂકીને જે સરસોગન ખાધા હતા તે સ્મરણમાં હોઈ કંઈ અસરજ થઈ નહિ અને ઔરંગઝેબ ઉપર અવિશ્વાસે આવ્યો નહિ. છેવટ બેઉ જણે સાથે આગ્રા છોડયું અને દિલ્હી તરફનો માર્ગ લીધો.

આગ્રાથી ચાર મજલ દૂર મથુરાંમાં જ્યારે તેઓની છાવણી પડી હતી ત્યારે નવી નવી બીનાઓ સાંભળવામાં આવતાં વધારે શકમાં પડેલા મુરાદ બક્ષના મિત્રોએ વળી એકવાર તેના ઉપર આવી પડનાર ભયનું તેને સૂચન કરી સાવધાન રહેવાને યત્ન કર્યો. તેમણે ખાતરીથી મુરાદબક્ષને કહ્યું કે-' ઔરંગઝેબના મનમાં તમારે માટે ઘણીજ ખરાબ કલ્પનાઓ ચાલે છે. તેણે કોઈક જાતનું કાવતરૂ કરવા માંડયું છે' આ સમાચાર તેઓને ઘણે ઠેકાણેથી મળ્યા હતા. 'આજ તે પોતાની નઠારી અને દુષ્ટ ધારણા પાર પાડનાર છે માટે તમારે એને મળવું નહિ 'મારી તબીયત સારી નથી' એમ કહીને તમે મળવા જશો નહિ એટલે હમેશના નિયમ પ્રમાણે થોડા હજુરીઆઓ સાથે તેજ અહીયાં તમને મળવા આવશે."

આવાં આવાં કારણ, વાંધા અને વિનંતિઓથી પણ મુરાદબક્ષ પોતે જે સર સોગનથી બંધાયલો હતો તેમાંથી એકનો બે થયો નહિ. એ અભા-ગીઓ શાહજાદો ઔરંગઝેબનાં ઉપરચોટીયાં માનથી લેવાઈ ગયો હતો. પોતાના શુભચિંતક મિત્રોની સલાહને લક્ષમાં ન લેતાં તે દહાડે તેણે ઔરંગઝેબનું નોતરૂં સ્વીકાર્યું. ઔરંગઝેબને તે આવશે એમ વિશ્વાસ હતો; તેથી તેણે મીરખાન અને બીજા ત્રણ ખુશામતીઆઓ સાથે કેવી રીતે મુરાદબક્ષનો ઘાટ ઘડવો તેનો વિચાર કર્યો. સાંજ પડી અને મુરાદબક્ષ ઔરંગઝેબને ડેરે ગયો. જે દિવસથી ઔરંગઝેબે તેને દાઢમાં ઘાલ્યો હતો તે દિવસના કરતાં આજ તેને વધારે માન મર્તબાથી આવકાર આપ્યો એટલે સુધી કે તેને મળતાં તેની આંખમાંથી હર્ષનાં આંસુ પડ્યાં અને મોંડુ પણ મલકાઈ ગયું. મુરાદના હાથમાં હાથ આપતાં તો ઔરંગઝેબ જાણે પ્રેમના ઉમળકાથી પસીને નવાઇજ ગયો. ખાણા ઉપર બેઠા અને ત્યાં પણ એવોજ આનંદ અને ગમ્મત ચાલુ રહ્યાં. વાતચિતની ધૂમ મચી રહી અને પ્રેમનો વરસાદ વર-સ્યો. ખાણાની છેવટ ઉત્તમમાં ઉત્તમ સીરાજ અને કાબુલના સ્વાદિષ્ટ દારૂની મા-ણોપર માણો ઓરડામાં આવી ત્યારે ઔરંગઝેબ હળવે રહીને પોતાની ખુરશી



ઉપરથી ઉઠીને ઉભો થયો અને છેવટ હર્ષ તથા માનપ્રીતિની નજરે મુરાદના સામું જોઇ વિનયથી બોલ્યો કે-' મારા મનના વિચિત્ર વલણ માટે આપ ખુદાવંતને ચોખું કરીને કહેવાની તો જરૂર નથી, તેમાં પણ ખાસ કરીને એક મુસલમાન તરીકે આ દારૂની ગમ્મતમાં ભાગ લેવાની મારી ઇચ્છા નથી. આથી હું અહિંથી ચાલ્યો જાઉંછું. આમ કરવું એ હું મારો ધર્મ સમજું છું છતાં મીરખાન અને બીજા મારા મિત્રો આપ ખુદાવંત નામદા-રને મારા વતી સારી ગમ્મત કરાવશે એવી મને પૂર્ણ આશા છે." મુ-રાદના બીજા દુર્ગુણોમાં દારૂ એ મુખ્ય હતો. હાલ અત્રે તે વધારે સારો અને લહેઝતદાર હોવાથી તેણે એટલો બધો પીધો કે, બે ઘડી થઈ નહિ એટલામાં તે ઘોર નિદ્રામાં પડી જમીન ઉપર ઢળી પડયો. ઔરંગઝેબે દારૂથી જે અસર કરવાની આશા રાખી હતી તે આ જ હતી. 'તમારા સ્વામીની સુખ નિદ્રામાં ખલેલ ન થાય માટે બહાર જાવ' એવે બહાને તેના નોકર ચાકરોને બહાર કાઢી મૂકી મીરખાને તેની કટાર અને સમશેર લઈ લીધાં. થોડી વારે તેને નિદ્રામાંથી જગાડવાને ઔરંગઝેબ આવ્યો. તેણે દિવાનખાનામાં આવી મુરાદબક્ષે આંખો ઉઘાડી ત્યાં સુધી ઠેસવાં માર્યાં. પછી તિરસ્કાર પૂર્વક થોડાં તુચ્છ વચનો કહ્યાં—' શરમ છે તને નાદાન, તેં જગત્માં અકીર્તિ કરી. તું એક પાદશાહ થઇ આવો દુર્ગુણ રાખે છે. આ જાણશે ત્યારે લોકો મારે અને તારે માટે કેવા વિચાર બાંધશે.' આમ બોલી તેણે પોતાના માણસોને કહ્યું કે, 'જાવ આ છાકટાને તેની શરમ ભરેલી હાલતને ઊંઘી કાઢવા માટે ઓરડામાં લઈ જાવ' ઔરંગઝેબના મુખમાંથી આ હુકમ નીકળતાંજ પાંચ છ માણસો તેના ઉપર ધશી ગયા અને મુરાદે બહુએ બુમો પાડી તથા આનાકાની કરી તેમ છતાં મુસકેટાટ બાંધી અંદર લઇ ગયા. મુરાદબક્ષના લાગતાવળગતાના જાણવામાં આવતાં તેમણે હોહા કરવાનો તથા દિવાનખાનામાં જવાનો પ્રયત્ન કર્યો પણ ઔરં-ગઝેબના સુવર્ણથી મરેલા મુરાદબક્ષના તોપખાનાના ઉપરી અલ્લાહ્-કોલીએ તેમને આંખ દેખાડી દાબી દઈ ટાઢા પાડ્યા. છાવણીમાં વાત પ્ર-સરતાં કેટલાક સિપાઇઓ કંઇ હિલચાલ કરવા લાગ્યા અને ઔરંગઝેબના તંબુમાં જઇ તેને એ વાત વિષે વધારે ખાતરીથી પૂછવાનું સાહસ કરવાની કેટલાક લોકો ધૂસ ધૂસ કરવા લાગ્યા પરંતુ તેમને જણાવવામાં આવ્યું કે, 'મુરાદબક્ષે ઘણો દારૂ પીધો છે, ઘેનમાં તે બેભાન થઈ ગયો છે અને

જોમમાં આવી સહુને નકારી ગાળો દેછે. ખાણાપર બેઠેલાઓમાં કોઈ પણ એવો માણસ નહતો કે જેને એણે ગાળો દીધી ન હોય. ઔરંગઝેબ સુદ્ધાંના ઉપર તેણે ગાળોનો વરસાદ વરસાવ્યો હતો. ટુંકામાં માત્ર એટલુંજ કે, તે બહુ છાકટો થઈ ગયો અને વશ રહ્યો નહિ ત્યારે તેને જૂદા ઓરડામાં સુવાડ્યો છે. વહાણામાં ભાન આવતાં પાછો તે જેમ હતો તેમ તમારો પાદશાહ થશે.' એક તરફ જ્યારે સિપાઇઓને આમ સમજાવવામાં આવતા હતા ત્યારે બીજી તરફ મોટા મોટા અમલદારોને આશાજનક વચનો અપાતાં હતાં. તેમને મોટી મોટી પદવીઓ ઉપર ચઢાવવાની આશાઓ અને કેટલાકનાં મોં પૂરવામાં આવતાં હતાં. ખરા સિપાઇઓને તો તે ને તેજ વખતે તેમના ચઢેલા પગાર આપી દેવામાં આવ્યા અને આખી રાત એવી યુક્તિઓ ચાલી કે, સવારમાં કંઈ ગડબડજ થઈ ન હોય એમ છાવણી જાગી. પછી મુરાદબક્ષને ઓઝલવાળી અંબાડીમાં ઘાલી ઔરંગઝેબે દિલ્હીનો રસ્તો પકડ્યો. દિલ્હી આવ્યા પછી નદી વચ્ચે બાંધેલા સલીમગઢના કિલ્લામાં એ નિર્ભાગી શાહજાદાને તેણે કેદ કર્યો.

### દારાની પૂઠ પકડવી.

શાહ આબાસ ખોજાએ સહેજ ગરબડ કર્યા સિવાય તમામ લશ્કર નવી ગોઠવણને આધીન થયું. ઔરંગઝેબે મુરાદબક્ષના લશ્કરને પોતાના લશ્કરમાં દાખલ કર્યું. હવે આપણે દારાની તરફ નજર કરીએ. લાહોર પહોચી મિત્રો તથા એશીઓ સાથે ત્યાં કિલ્લેબંધી કરી લઈ નચિંત થવાને વિચારે તે જ્યારે તેણી તરફ કુચ કરતો હતો ત્યારે ઔરંગઝેબે એની પૂંઠ પકડી. ઔરંગઝેબની ધમાલથી તે લાહોરમાં પોતાનો વિચાર બર લાવી શક્યો નહિ. એજ વિચારે તેને મુલતાન ભણી વધવું પડ્યું પરંતુ ત્યાંય ઔરંગઝેબની ત્વરિત હિલચાલોથી તે ઠરીને ઠામ બેસવા પામ્યો નહિ. બુદ્ધિ અને ચપળતા તો ઔરંગઝેબના બાપનાં જ! મારમારની ગરમી પડતી હતી તેની પણ દરકાર કર્યા વગર તેનું સૈન્ય રાત્રિ દિવસ કુચ કરતું હતું. લશ્કરને ઉત્સાહમાં રાખવા માટે તે છડી સવારીએ સૈન્યની બે માઇલ આગળ ચાલ્યા કરતો. આ વખતે સાધારણ માણસ કરતાં કોઈપણ રીતે સારી મુસાફરી તે કરતો નહતો. સુકો પાકો રોટલો અને મેલા પાણીથી તે ચલાવી લેતો, એટલુંજ નહિ પણ પથારી ન હોય ત્યારે સાવ જમીન ઉપર સુતો હતો.



આ દેશના રાજ્ય પુરૂષોના મત પ્રમાણે લાહોર છોડ્યા પછી દારા કાબૂલ તરફ ઉતર્યો નહિ એ એણે મોટી ભૂલ કરી. કાબૂલ તરફ જવાની તેને સખત શિખામણ મળી હતી, પરંતુ હમેશની માફક તેણે ગણગાર્યું નહિ. આ વખતે હિંદુસ્તાનના સત્તાધારી ઉમરાવોમાંનો એક જૂનો ઉમરાવ મોહોબતખાન કાબૂલનો અમીર હતો, અને ઔરંગઝેબની સાથે તેને જરાએ બેસ્તી નહતી. તેની પાસે દશ હજાર કરતાં પણ વધારે મરણીયા માણસોનું લશ્કર હતું અને તેઓ, યુસબર્ગ, પર્શીઅન, અને અફગાન લોક સામે થવાને તરત તૈયાર થાય તેવા હતા. દારાની પાસે પૈસાની છૂટ હતી એટલે ત્યાંથી એને બીજાં માણસ મળી શકત, તથા મોહોબતખાન ઘણી ખુશીથી તેની ધારણાને ઉત્તેજન આપત. કાબૂલ જવાથી યુસબર્ગ અને પર્શીઆની સરહદ ઉપર અવાત અને ત્યાંથી પણ તેને સારો આશ્રય મળત. પઠાણના પાદશાહ શેરખાને હરાવીને કાઢી મૂકેલા હુમાયુએ પર્શીઅનોની મદદથી પુનઃ રાજ્ય મેળવ્યું હતું એ દાખલો દારાએ ભૂલી જવો જોઇતો નહતો. વિદ્વાન અને દીર્ઘદૃષ્ટિવાળાઓની સલાહ હશી કાઢવી એ, એ અભાગી શાહજાદાનો જાતિ સ્વભાવ હતો. કાબૂલ તરફ જવાનું માંડી વાળી તે સિંધ તરફ ઉતર્યો અને સિંધુ નદની વચ્ચે બાંધેલા પ્રસિદ્ધ અને મજબૂત ટાટાબકરના કિલ્લામાં જઈ આશ્રય લીધો.

દારાના વલણની ખબર પડતાં ઔરંગઝેબે જાણ્યું કે, હવે તેની પાછળ જવું એ વધારે ઉપયોગી નથી. દારાનાં પગલાં કાબૂલ તરફ નથી એમ જાણવામાં આવતાં તે ભયંકર બનાવ બનવાના ભયથી મુક્ત થયો અને દારાની પાછળ, સાત આઠ હજાર માણસ આપી પોતાના દૂધભાઈ મીર બાબાને મોકલ્યો. પછી જેવી ઝડપે આવ્યો હતો તેવીજ ઝડપે આગ્રા તરફ પાછો વળ્યો. પોતાની ગેરહાજરીમાં રાજ્યનગરમાં શું થયું હશે અથવા શું નહિ થાય તેને માટે તે ઘણોજ ચિંતાતુર રહેતો હતો. તેના મનમાં એમ થયા કરતું કે, વખતે જશવતસિંહ અથવા જયસિંહ જેવા બળવાન રાજાઓ પાદશાહને બંદીખાનામાંથી છોડી મૂકશે, કે વખતે સુલેમાન શિકોહ અને શ્રીનગરનો રાજા તેના પહાડી પ્રદેશમાંથી લશ્કર લઈ ઉતરી આવશે કે, પછી સુલતાન સુઝા કદાપિ અત્રે આવવાની હિંમત ધરશે તો પછી કેમ થશે? ઔરંગઝેબની અધુરે કામ લેવાની રીતથી જો આવા અણિના વખતમાં સહજ પણ ખટપટ થઈ જાય તો તેની શી દશા થાય તે વિચારવા જેવું છે.

જેવી ઝડપે ઔરંગઝેબ દારાની પાછળ ગયો હતો તેવીજ ઝડપે મુલતાનથી લાહોર તરફ જતાં, ચૂંટી કહાડેલા ૪૦૦ વા ૫૦૦ રજપૂત સિપાઇઓને લઇને રાજા જયસિંહને પોતાની સામે આવતો સાંભળી તે આશ્ચર્યથી ચકિત થયો. જયસિંહનો પાદશાહપ્રતિનો અત્યનુરાગ ધ્યાનમાં લઈ ઔરંગઝેબના મનમાં વિંણાચૂંટા થવા લાગ્યા. તેણે એમજ અનુમાન કર્યું કે, જયસિંહ રાજા આ અવસરનો લાભ લઇ કોઈ સારી યુક્તિ કરીને પોતાના પૂજ્ય પાદશાહને, આ પ્રમાણે તેના ઉપર અકારણ બળાત્કાર અને ક્રૂરતા કરી બંદીખાનામાં સડાવનાર દુષ્ટની ગુલામગીરીમાંથી છોડાવશે જ. રાજા જયસિંહે આ સવારી ઔરંગઝેબને કેદ કરવાને માટે આરંભી હતી અને એમ માનવાને પણ કારણ છે કે, થોડા દિવસ પર ઔરંગઝેબને ખબર મળી હતી કે, તે દિલ્હીમાં છે તેમ છતાં આટલી ત્વરાથી તે આજ અહિં બીજે શે કારણે આવ્યો હોય ? માનસિક ધૈર્ય અને નિશ્ચયાત્મક બુદ્ધિના બળેજ ઔરંગઝેબ માથાપર ઝઝુમી રહેલા ભયમાંથી બચી ગયો. રાજા સામો મળતાં તેણે ગભરાટ કે ભય દેખાડયો નહિ, પરંતુ પ્રસન્ન મુખે તેની સામે ચાલ્યો ગયો. રાજાને સામા આવવાની ઇશારત કરતાં તે બોલ્યો કે, 'સલામત બાશદ રાજાજી! સલામત બાશદ બાબાજી!' પછી સમાગમ થતાં તેણે કહ્યું કે, 'હું તમને મળવાને માટે એટલો બધો આતુર હતો તે તો મારૂં મનજ જાણે છે. લડાઇનો અંત આવ્યો અને દારા પાયમાલ થઇ જઈ આમ તેમ નાશભાગ કરે છે. એ બહારવટીઆની પાછળ મેં મીરબાબાને મોકલ્યો છે અને તે તેની ચોટમાંથી છટકી જવા પામશે નહિ.' આમ કહી ઔરંગઝેબે પોતાની મોતીની માળા અત્યંત માન અને વિનયની નિશાની દાખલ રાજા જયસિંહના ગળામાં નાંખી. પછી તે બોલ્યો કે, 'મારૂં લશ્કર થાકી ગયેલું છે એટલે મને સંપૂર્ણ આશા છે કે, તમે સત્વરજ લાહોર તરફ કૂચ કરી જશો કારણ કે ત્યાં કોઇ જાતની હિલચાલ થવાનો મને ભય છે. હું તમને લાહોરની સુબેદારી આપી બધી વસ્તુ તમારા હાથમાં સોંપું છું. વળી થોડા વખતમાં આપણે મળીશું પણ જૂદા પડીએ ત્યાર પહેલાં સુલેમાન શિકોહની ફાંસ કાઢવા માટે હું તમને ધન્યવાદ આપું છું. દલીલખાન કયાં છે અને કયાં ગયો ? તેને શી શિક્ષા કરવી તે મારે જાણવું જોઇએ. ભલે ત્યારે હવે આપ લાહોર તરફ સિધાવો, સલામત બાશદ.'



દારા તાતાબકર આવ્યો. બુદ્ધિ અને એકનિશ્ચયને માટે પ્રસિદ્ધ થયેલા એક ખોજાને તેણે કિલ્લાની સુબેદારી આપી. પઠાણ અને સૈયદ લોકોને સૈન્યમાં અને પોર્ચ્યુગીઝ, ફ્રેન્ચ તથા જર્મન લોકને તેણે તોપખાનામાં રાખ્યા. આ યુરોપિઅનોને શાહજાદાની નોકરીમાં રહેવાને માટે લલચાવવામાં આવ્યા હતા, અને એટલા સૂધી તેમને વચન આપવામાં આવ્યાં હતાં કે જ્યારે તે પાદશાહ થશે ત્યારે તેઓ યુરોપિઅન છતાં પણ તેમને ઉમરાવની પદવીએ ચઢાવવામાં આવશે. દારાની પાસે હજી પુષ્કળ સોનુ રૂપુ હતું. નગદને કિલ્લામાં મૂકી બે અથવા ત્રણ હજાર માણસ સાથે દારા સિંધુને રસ્તે આગળ ચાલ્યો. સપાટાબંધ માર્ગ કાપતાં કચ્છમાં થઇને ગુજરાતના પાટનગર અમદાવાદમાં* આવ્યો. મરકતના પ્રાચીન રાજાઓના વંશનો અને ઔરંગઝેબનો સસરો શાહનવાઝખાન આ વખતે અમદાવાદનો સૂબો હતો. સૂબો ચતુર અને સભ્ય હતો પણ એક યોધ તરીકે પ્રસિદ્ધ નહોતો. મોજ શોખનો તે ગુલામ હતો. એક સારા લશ્કરના સખ્ત હુમલાની સામે ટકર લે એવો મજબૂત કિલ્લો અમદાવાદની આસપાસ હતો. મનની નિર્બળતાથી કે પછી ઓચિંતા ચમકી જઇને શાહનવાજે દારાને અટકાવ્યો નહિ. ઘણા માનથી તેને શહેરમાં લીધો અને એટલો બધો લટી પડયો કે દારા તેના પ્રેમમાં લેવાઈ ગયો. જયસિંહ અને બીજા રજપૂત રાજાઓએ પોતાથી બને તેટલા લશ્કર સાથે મદદ આપવાના પત્રો લખ્યા હતા તે દારાએ તેને કપટબાજ જાણ્યા છતાં બતાવી દીધા અને પોતાનું હૃદય ઉઘાડી પોતાની દરેક યુક્તિથી તેને વાકેફ કર્યો.

## ઔરંગઝેબની મુશ્કેલીઓ.

દારા અમદાવાદમાં આવી તેનો ધણી થઈ પડયો છે એમ સાંભળવામાં આવ્યું ત્યારે ઔરંગઝેબ બહુજ આશ્ચર્ય પામ્યો અને ગુંચવણમાં પડયો. તેને ખબર હતી કે દારાની પાસે નાણાની છૂટ છે અને તેના મિત્રો જ નહિ પણ રાજ્યથી બેદીલ થયેલા બીજા રાજાઓ પણ તેને આવી

* એક જુના નગરના ખંડિએરપર અહમદશાહે સને ૧૪૧૩ની સાલમાં અમદાવાદ વસાવ્યુ હતું. ૧૬–૧૭ મી સીદીમાં હિંદુસ્તાનનાં મુખ્ય નગરોમાં અમદાવાદ ઘણુંજ ભવ્ય અને સુંદર હતું. પ્રાચીનખંડિએર ઉપર એટલે સિદ્ધરાજના પિતાએ વસાવેલા કર્ણાવતી નગરના ખંડિએરપર હાલનું શહેર વસાવવામાં આવ્યું હતું.

મળશે ગુજરાતમાં અમદાવાદ જેવી લાગતી જગામાં દારાને સુદૃઢ ન થવા દેવાને માટે તેણે જાતેજ તેની પુંઠ પકડવી જોઇએ એમ ઔરંગઝેબ સમજતો હતો; પરંતુ શાહજહાનને આગ્રાના કિલ્લામાં બંદીવાન રહેવા દઇ અમદાવાદ જેટલે દૂર દેશાવર જવું એને યોગ્ય લાગ્યું નહિ. વળી જયસિંહ અને જશવંતસિંહ જેવા બળવાન રાજાઓના મુલકમાં થઇને જવું પડે એ પણ ભય ભરેલું હતું. આણી તરફ એક મોટા અને બળવાન લશ્કરની સાથે સુલતાન સુઝા દિલ્હી તરફ આવતો હતો, અને અલ્હાબાદ સુધી આવ્યાના સમાચાર ઔરંગઝેબને થોડાજ દિવસપર મળ્યા હતા. શ્રીનગરના રાજાની મદદથી સુલેમાન શિકોહે એ લડાઈમાં ભાગ લેવાની તૈયારી કરી છે એમ પણ જાણવામાં આવ્યું હતું. આમ ચારે તરફથી ઔરંગઝેબ ગુંચવણમાં આવી પડ્યો હતો; પરંતુ ઘણો વિચાર કર્યા પછી તેણે દારાને શાહનવાજની પાસે રહેવા દઈ ગંગા ઉતરીને આગળ વધેલા સુલતાન સુઝાની સામે ચઢી જવાનો મનસુબો કર્યો.

ખાજુઆ નામના એક નાના ગામની પાસે તળાવના કિનારાપર લાગતી જગા જોઈ સુઝાએ છાવણી નાંખી હતી. ઔરંગઝેબની તે વાટ જોતો હતો. સાડાચાર માઇલને છેટે એક નાની નદીપર તે પડેલો હતો. એ છાવણીઓની વચ્ચે લડાઇને યોગ્ય મોટું વિશાળ રણસંગ્રામ હતું. ઔરંગઝેબ લડાઇને માટે આતુર હતો. આવી પહોચ્યાને બીજે દહાડે સામાન આ પાર રાખી ઔરંગઝેબ સામે પાર ગયો. અભાગીયા દારાના પ્રતિકૂળ દૈવથી અમીરનાં બૈરી છોકરાં મુક્ત થયાં હતાં અને તેને પણ હવે ઔરંગઝેબના શુભને માટે કેદ પડી રહેવાની જરૂર ન હતી. અમીરજમાલ તેનાથી જેટલું ભેગુ કરી શકાય તેટલું લશ્કર લઇને યુદ્ધ થવાનું હતું તેજ દિવસે સવારમાં ઔરંગઝેબને આવી મળ્યો. સવારના પહોરમાં લડાઈ ચાલી પણ રણસંગ્રામમાં નહિ પડવાને ઈરાદે સુલતાન સુઝા શત્રુઓના હુમલાને ભયંકર કતલ કરીને પાછા વાળતો ગયો. ઔરંગઝેબની મુશ્કેલીઓ વધી પડી. સુઝાનો વિચાર એવો હતો કે, પસંદ કરેલી અને કિલ્લેબંદીવાળી જગામાંથી ચાલતા સૂધી બહાર પડવું નહિ. શત્રુ થાકીને ઉનાળાની ગરમીને લીધે નદી તરફ પાછા ફરશે એટલે તેમનાપર તુટી પડી સહજમાં જય મેળવાશે. ઔરંગઝેબ સુઝાનો આવો વિચાર છે એમ જાણી ગયેલો હોવાથી પાછો પડયો નહિ પણ પોતાના લશ્કરને જેમ બને તેમ આગળ



વધારવાની હઠ લઈ બેઠો. વળી એટલામાં દુકાળમાં અધિક માસ જેવું થયું અને એક નવીજ બાબતના વિણાચૂંટા કરાવે તેવા સમાચાર તેને પહોચાડવામાં આવ્યા.

થોડા દિવસ ઉપર સદ્ભાવના દેખાડી મિત્રતામાં આવેલો જશવંતસિંહ રાજા તેનાં થોડાં માણસો પર છાવણીમાં તુટી પડ્યો છે, અને લશ્કરી સરંજામ તથા તીજોરી ઉપર લૂંટ ચલાવે છે એમ એને ખબર મળી. વાયે વાત ચાલી, અને એશિયાખંડના વતનીઓમાં સહજ બને છે તેમ સિપાઈઓમાં ગભરાટ ફેલાયો અને ચારે તરફ ભય વધી પડયો. અણિનો વખત આવી રહ્યો હતો છતાં ઔરંગઝેબે ધીરજ છોડી નહિ. પાછા ફરતાં સઘળી આશાઓ ધૂળ મળશે, એવા વિચારથી તે દારા સાથે થયેલી લડાઇની માફક પરિણામ સૂધી દૃઢ રહેવાને સ્થિર થયો. એક નિશ્ચય થઈ તે રણસંગ્રામમાં ઉભો રહ્યો; પરંતુ પ્રતિપળે લશ્કરમાં વધારે અને વધારે ફાટફૂટ થતી ગઈ. સુલતાન સુઝા આવા અણધાર્યા લાગનો લાભ લેવા વધારે જોરથી હુમલા કરવા લાગ્યો એવામાં ભોગજોગે એક તીર વાગવાથી ઔરંગઝેબનો મહાવત લોથ થઈ પૃથ્વીપર પડયો, હાથી નિરંકુશ થઈ ગયો, અને ભય ઘણોજ વધી પડતાં ઔરંગઝેબ તેનાપરથી ઉતરવાની તૈયારીમાં હતો એટલામાં પાસેજ લડતા અમીર જમાલે મોટો ઘાંટો કહાડીને તેને કહ્યું કે, "હજરત ! આ દક્ષિણ નથી વિચાર કરો વિચાર." અમીરે આખો દિવસ ભયંકર યુદ્ધ કરી લોકને આશ્ચર્યમાં નાંખ્યા હતા, હવે સાંજ પડવા આવી હતી અને બાજી હાથમાં રહે તેમ નહોતું તેમ છતાં અમીરે હાથી ઉપરથી ઉતરી મહા ભયંકર કામ કરતાં ઔરંગઝેબને ચેતાવી દીધો. ચારે તરફ વિચાર કરતાં ઔરંગઝેબ છેવટની દશાએ પહોચી ગયો હતો. તેના સૈન્યની દશા અને નશીબનો મામલો ઉપાય રહિત થઈ પડ્યાં હતાં અને દરેક ક્ષણે તે પોતે શત્રુના હાથમાં જઈ પડવાની રાહ જોતો હતો પરંતુ ભાવિની પ્રબળતા વિચિત્રજ છે. અમીરનાં વચનથી તેને પાછું ધૈર્ય આવ્યું અને તે હાથી ઉપર બેશી રહ્યો. થોડીજ મિનિટમાં તેને વિજય મળ્યો અને સમુગઢની લડાઇમાં દારાની માફક સુઝાને પણ પોતાનો જીવ બચાવવા માટે રણસંગ્રામમાંથી નાશી છૂટવું પડ્યું.

વધારે ત્વરાથી શત્રુની પાછળ પડવાના વિચારે સુલતાન સુઝા તેના હાથી ઉપરથી નીચે ઉતર્યો અને દારાની માફક માર્યો ગયો. તેને હાથી પરથી

ઉતરવાની સલાહ આપનાર ફૂટેલો હતો કિંવા નહિ તે કહી શકાય તેમ નથી. અલ્લા-વરદિ-ખાન નામના માણુસે કાલિલ-ઉલ્લાની માફક તેને હાથી ઉપરથી ઉતરી ઘોડેસ્વાર થવાની સલાહ આપી હતી. કેટલેક દૂરથી તે સુઝાની તરફ દોડી આવ્યો અને દૂરથીજ બે હાથ જોડી તેને કહ્યું કે, 'હઝરત ! આ થાકી ગયેલા હાથીપર બેશી રહી આપ શું કરવાને માટે જોખમમાં પડો છો ? તમે જોતા નથી કે શત્રુનું દળ આમ તેમ વિખરાઈ ગયું છે. હવે જો આપ વિલંબ કરી તેમની પુંઠ નહિ પકડો તો મોટી ભૂલ કર્યા માટે પાછળથી પસ્તાવો થશે. આપ નામવર ઘોડેસ્વાર થાવ અને આપ દિલ્હીના તખ્તપર બેઠા છો એમજ જાણો.' દારાને સંબંધે જેમ બન્યું હતું તેમ આજ પણ સુલતાન સુઝા હાથી ઉપરથી હેઠો ઉતરતાં લશ્કરમાં તે પબ્રાના સમાચાર ફેલાઈ ગયા અને ફરીને ગોઠવાય નહિ તેમ સૈન્ય દોદશ વિખરાઈ ગયું.

ઔરંગઝેબના ઓચિંતા જયથી રાજા જશવંતસિંહ લૂંટના માલથી સંતુષ્ટ થઈ સ્વદેશ તરફ જવાને માટે આગ્રે આવ્યો. જશવંતસિંહ આગ્રે આવ્યો ત્યારે શહેરમાં એવી બૂમ પડી રહી હતી કે, ઔરંગઝેબ હાર્યો છે અને તે તથા અમીર જમાલ કેદ પકડાયા છે. સુલતાન સુઝા વિજયી લશ્કરની સાથે સપાટાબંધ આગ્રે આવે છે. ઔરંગઝેબના મામા, અને આગ્રાના સૂબા શાઇસ્તખાને આ બૂમને ખરી માની અને જશવંતસિંહ આવ્યો ત્યારે અપાર ભયથી તેણે ઝેર પીવાની પેરવી કરી. ઝેરથી ભરેલો પ્યાલો તેણે હાથમાં લીધો પરંતુ જનાનાની બીબીઓએ વચમાં પડી તે ઢોળી નંખાવ્યો. બે દિવસ પછી ખરી બાબત આગ્રામાં જણાઇ તે ઉપરથી કહી શકાય છે કે જો રાજા જશવંતસિંહે હિમ્મતથી કામ લીધું હોત તો તેણે શાહજહાનને બંદીખાનામાંથી છૂટો કર્યો હોત; પરંતુ ખરી બાબત તેની જાણમાં હોવાને લીધે તે હિમ્મત ધરી શક્યો નહિ. છેવટ તે પ્રથમના વિચારો પ્રમાણે પોતાની રાજ્યધાની તરફ ચાલી ગયો.

જશવંતસિંહ શું કરશે કે શું નહિ એવી ઔરંગઝેબને ચિંતા થયે જતી હતી અને પ્રતિપળ તે આગ્રામાં બંડ થયાના સમાચાર સાંભળવાની વાટ જોતો હતો. સુલતાન સુઝાની પાછળ જવાનું આથી તેણે માંડી વાળ્યું અને શીઘ્ર આગ્રા તરફ પ્રયાણ કર્યું. આગ્રા આવ્યા પછી થોડે દિવસે તેના જાણુવામાં આવ્યું કે જે લશ્કરને તેણે હરાવ્યું હતું તેને કંઈ વધારે માર પડ્યો ન હતો અને આસપાસના રાજાઓની ઉશ્કેરણીને લીધે તે ફરીને બળવાન થતું જાય છે અને સુલતાન સુઝા ગંગા અને જમુનાના સંગમ ઉપર આવેલા અલ્હાબાદના કિલ્લામાં પોતાની મેળે વધારે દૃઢ થતો જાય છે.



આવા અણિના વખતમાં ઔરંગઝેબને પોતાના માત્ર બે માણસોપરજ વિશ્વાસ રાખી શકાય તેમ હતું. એક તેનો વડો શાહજાદો અને બીજો અમીર જમાલ. મોટી રાજ્ય સેવા બજાવનારના મનમાં કેટલેક કાળે રાજ્યલોભ ઉત્પન્ન થાય છે અને તેને મળતું ફળ ઓછું પડે છે. વળી વડા શાહજાદાને માટે આગ્રામાં શાહજહાન સંબંધે બનેલા બનાવથી પણ તેના મનમાં તેની નિરંકુશતા વિષે વિચાર ઉત્પન્ન થયો હતો. અમીરને માટે ઔરંગઝેબને તેની બુદ્ધિની તિવ્રતા અને હિમ્મત માટે માન હતું. તે તેને વખાણુતો પરંતુ તેના એ ગુણોથીજ તેને ભય અને અવિશ્વાસ ઉત્પન્ન થયો. અમીરની પાસે અપાર ધન હતું, જરૂરના બનાવોમાં કેવી રાજ્યનીતિએ કામ લેવું તે તે જાણુતો હતો. આ બધા ઉપરથી ઔરંગઝેબે એમ ધાર્યું કે જેવો એ મહા પુરૂષ છે તેવી તેની આશાઓ પણ મોટીજ હશે. સામાન્ય માણસને આવા વિચાર થાય નહિ, અને થાય તો ગુંચવણ પડે પણ ઔરંગઝેબ સંકડામણમાં આવે તેવો નહતો. તેણે એ બેઉને દરબારથી દૂર રાખવાની યુક્તિ કરી. એક મોટા લશ્કરનો સેનાધિપતિ બનાવી અમીરને સુલતાન સુઝાની પુંઠે મોકલતાં તેણે કહ્યું કે, 'અમીર હઝરત ! બંગાળ જેવા વિશાળ દેશની સૂબાગીરી હું આપને આપું છું એટલુંજ નહિ પણ તમારા પંછી તે તમારા વંશજોને આપવામાં આવશે એમાં શંકા રાખતા નહિ. તમારી અમુલ્ય અને જીવના જોખમ જેવી સેવાઓના બદલામાં તો હું કંઇ જ કરતો નથી. આ ફૂલ નહિ ને ફૂલની પાંખડી જેવી તમારી બુજજ માત્ર છે. જ્યારે તમે સુઝાને હરાવશો ત્યારે હું તમને મીર-ઉલ-ઉમરાવની પદવી આપવા ધારૂં છું.

સુલતાન મહમદને તેણે માત્ર એટલુંજ કહ્યું કે, 'જો તારે તો યાદ રાખવાનું છે કે તું મારો વડો શાહજાદો છે. તું બીજા કોઇની વતી લડવા જાય છે એમ તારે ધારવું નહિ. તેં આજ સુધીમાં બહુ કર્યું છે પરંતું જ્યાં સૂધી સુલતાન સુઝાની ધારણા નિષ્ફળ જાય નહિ ત્યાં સૂધી તેં કશુંએ કર્યું નથી એમ ધારજે. તું તેને તારા કબજામાં લેવાની પેરવી કરજે અને

યાદ રાખજે કે આપણા શત્રુઓમાં તે સૌથી વધારે અજય્ય અને બળવાન્ શત્રુ છે.' આટલું કહી ઔરંગઝેબે સુલતાન મહમદ તથા અમીરને ઉમદા સિરપાવ આપ્યા અને કેટલાક હાથી ઘોડાની ભેટો કરી. ઔરંગઝેબ કંઈ ગાંજ્યો જાય તેવો ન હતો, આટલું કર્યા છતાં પણ તેને તેઓનો વિશ્વાસ આવ્યો નહિ. તેમની ચોટલી પોતાના હાથમાં રાખવાને માટે પછી તેણે સુલતાન મહમદની બેગમ, ગોવળકોંડાના રાજાની રાજપુત્રી અને અમીરના એકના એક શાહજાદાને પોતાની પાસે રાખ્યાં. વહુને પોતાની સાથે રાખવાના કારણમાં એમ જણાવ્યું કે આવી મોટા કુળની સ્ત્રી લશ્કરની સાથે હોય તો કોઈ વેળા લડાઇના કામમાં આડખીલી રૂપ થઈ પડે અને અમીરના શાહજાદાને રાખવામાં એમ જણાવ્યું કે, અમીરખાન જુવાન છે અને જુવાન રાજ્ય કુમારો ઉપર એને ઘણી પ્રીતિ છે, ઉપરાંત વળી તે તેની કેળવણી ઉપર જાતે દેખરેખ રાખવાને માટે આતુર છે. ઔરંગઝેબે ખરૂ જોતાં તો ગોવળકોંડાના રાજાની પુત્રી અને સુલતાન મહમદની બેગમ તથા અમીરના પુત્ર અમીરખાનને એ બે સરદારોની નિમકહલાલીની આંટમાં પોતાની પાસે રાખ્યાં હતાં.

પશ્ચિમ બંગાળનો રાજા રખેને તેની જમીન પચાવી પડી સામો થાય એવી સુલતાન સુઝાને નિરંતર ચિંતા રહેતી હતી. તેણે અલ્હાબાદથી પોતાની છાવણી ઉપાડી અને પટના તથા બનારસ થઈ છેવટ તે બંગાળની કુંચી જેવા ગંગા નદીના તીર ઉપર આવેલા અને પર્વત તથા જંગલોની વચ્ચે ભયંકર પ્રદેશમાં આવેલા મોંઘીર નામના ગામમાં આવીને છાવણી નાંખી. વિશ્રાંતિમાં ખલલ પહોચાડવાને માટે અમીર જમાલ અલ્હાબાદથી દક્ષિણોત્તરે ગંગા ઓલંગશે એવા ભયથી તેણે આમ કર્યું હતું. અહી મોંઘાઇમાં સ્થિર થવાના વિચારે તેણે કોટ પાડી શહેરની આસપાસ ઉંડી ખાઈ ખોદાવી. આ ખાઈ બર્નિયરે કેટલાંક વર્ષ પછી જોઈ હતી. એ ખાઈ શહેર નદી અને છેક પર્વત સુધી લાંબી હતી. એ મજબૂત જગામાં રહી તે શત્રુની વાટ જોતો હતો અને ગંગા ઉતરવા સંબંધે પણ ત્યાં રહી તકરાર ચલાવવાનું તેણે ધાર્યું હતું; પરંતુ જ્યારે તેના જાણવામાં આવ્યું કે અમીર જમાલ અને સુલતાન મહમદ પહાડી પ્રદેશના રાજાઓને ફોડીને બંગાળની રાજ્યધાની રાજમહાલ તરફ કુચ કરે છે અને લશ્કર તો માત્ર તેને ભૂલાવો ખવરાવવાને માટેજ નદી કિનારા ઉપર ફરતુ રાખવામાં આવ્યું



છે ત્યારે તે બહુ ચકિત થયો. જો આમ થયું તો તે બંગાળની બહાર નીકળી જશે. આથી તેણે પોતાને માટે મજબૂત કરેલી જગા મૂકીને રાજમહાલ તરફ પ્રયાણ કર્યું. ઘણી મુસીબતો વેઠી તે તેમના પહેલો ત્યાં જઈ પહોચ્યો. રાજમહાલમાં ખાઈ ખોદીને સારી કિલ્લેબંદી કરી લેવાનો તેને વખત મળ્યો, કારણ કે જ્યારે ઔરગઝેબના સેનાપતિઓના જાણવામાં આવ્યું કે સુઝા રાજમહાલમાં છે ત્યારે તેઓ નીચાણને રસ્તે મોટી તોપો અને લશ્કર લેવાને માટે ગયા હતા. તોપો મળી અને લશ્કર ભેગુ થયું ત્યારેજ તેમણે સુઝાની સાથે વિગ્રહ માંડયો. સુઝાએ ઘણી બહાદૂરીથી પોતાનો બચાવ કર્યો પરંતુ જ્યારે અમીરની ભારે તોપોના મારા સામે તેનું ગારાનું કિલ્લેબંદી કામ પડી ભાગવા માંડયું ત્યારે તે, 'આગળ આવતા ચોમાસામાં મારો એકે આરો નહિ રહે' એવા વિચારે એ મોટી તોપોને ત્યાંને ત્યાં પડી રહેવા દઈ રતોવાઈ રાજમહાલમાંથી નાશી છૂટયો. છુપું લશ્કર પોતાના ઉપર તુટી પડવાની બીકે શત્રુઓ પણ તેની પાછળ પડ્યા નહિ; અને વહાણું વહાતાં વહાતાં તો એવો સખત વરસાદ આવ્યો કે રાજમહાલ છોડી સુઝાની પાછળ જવું એ અમીરને બીલકુલ યોગ્ય લાગ્યું નહિ. જુલાઈ, ઑગષ્ટ, સપટેમ્બર અને અકટોબરમાં જે ભારે વરસાદ પડે છે તેજ વરસાદની એટલે ચોમાસાની એ શરૂઆત હતી. હિંદુસ્તાનમાં ચોમાસામાં પાણી ભરાઇને રસ્તાઓ એવા અગમ્ય થઇ જાય છે કે લશ્કર કુચ કરી શકતું નથી અને આ વખતે તો તેમાં એવો વરસાદ આવ્યો કે અમીરને રાજમહેલમાં તંબુ નાંખી તેમાં લશ્કરને રાખવાની જરૂર પડી. અમીર વરસાદને લીધે રાજમહાલમાં રહ્યો તેની દરમિયાન સુઝાને પોતાને ઠરી ઠામ બેસવાની જગા અને લશ્કર એકઠું કરવાને પ્રસંગ મળ્યો. દક્ષિણ બંગાળમાંથી ઘણાક પોર્ટુગીઝ લોક તોપો સાથે તેને આવી મળ્યા. જમીનની અસંત ફળદ્રુપતા યુરોપવાશીઓને આ દેશમાં આવવાને લલચાવતી હતી; તેમ પરદેશીઓને પોતાના રાજ્યમાં વરસાવવા માટે તેમને ઉત્તેજન આપવું એ સુઝાની મૂળથી જ રાજ્યનીતિ હતી. પોર્ટુગીઝ મિશનરીઓને ખાસ કરી તે બહુ ચહાતો, તેમને રૂચે ત્યાં દેવળ બાંધવાની અને બોધ કરવાની તે આશાઓ આપતો. આ યુરોપીઅન લોક ખરેખર મોગલના શાહજાદાને સારી મદદ કરી શકે તેમ હતું કારણે યુરોપના અને અત્રે જન્મેલા તથા કેટલાક ફ્રેન્ચ વગેરે મળીને એકંદરે આઠ નવ હજાર માણસની દક્ષિણ બંગાળમાં વસ્તી હતી.

રાજમહાલમાં ચોમાસુ રહ્યા. ત્યાં અમીર જમાલ અને સુલતાન મહમદ વચ્ચે અણબનાવ થયો. સુલતાન મહમદે આખા સૈન્યનું આધિપત્ય હોય એવી સત્તા ચલાવા માંડી અને અમીર તરફ તિરસ્કારની નજરે જોવા માંડ્યું. પિતાના તરફ તે એટલી બધી કાળજી રાખતો નથી એમ તેના વર્તન તથા વચન ઉપરથી જણાવા લાગ્યું અને વળી તે પોતે પણ ગર્વથી કહેવા લાગ્યો કે 'મારે લીધેજ આગ્રાનો કિલ્લો હાથ આવ્યો એટલે હાલ રાજ્યગાદી મળી તેને માટે ઔરંગઝેબ જો કોઇનો પણ ઓસિંગણ હોય તો તે મારોજ ઓસિંગણ છે.' આ વાત ઔરંગઝેબના જાણવામાં આવી ત્યારે અમીર પાદશાહના હુકમથી કબજે મને કરી લેશે તો ભોગ મળશે એવા શકથી છેવટ શાહજાદો સુલતાન મહમદ થોડાક હજુરીઆઓની સાથે સુલતાન સુઝાની તરફ જતો રહ્યો. તેની નોકરીમાં દાખલ થવાનું કહેણ મોકલાવ્યું પરંતુ સુલતાન સુઝાએ, આ ઔરંગઝેબ અને અમીરની યુક્તિ હશે એમ ધારી મહમદનો વિશ્વાસ કર્યો નહિ અને તેનાં વચનો ઉપર પણ વજન મૂક્યું નહિ. તેણે તેને પોતાની સાથે રાખ્યો પણ કંઈ સોંપ્યું નહિ ઉલટો તેની ઉપર જાપતો રાખવા માંડ્યો. સુઝાના વર્તનથી મહમદ થોડા દિવસમાં જ કંટાળી ગયો અને પોતાની હવે કેવી દશા થશે તેના ભયમાં લાચારીએ પાછો અમીર જમાલને શરણે ગયો. અમીરે તેને ઘટતા માનથી આવકાર આપ્યો અને ગઈ ગુજરીને માટે માફી આપવાનું વચન આપ્યું.

ઘણા જણ કહે છે કે, ઔરંગઝેબના કહેવાથીજ સુલતાન મહમદ સુલતાન સુઝાની પાસે ગયો હતો કારણ કે ઔરંગઝેબ ગમે તેવા પોતાના પુત્ર ઉપર આવતા જોખમે પણ સુઝાનો નાશ કરવાના કાવતરામાં પડવાને ખુશી હતો. આ વાત ખરી કિંવા ખોટી હો; પરંતુ એટલું તો ખરૂંજ છે કે ઔરંગઝેબ પોતાના શાહજાદાને કબજે કરવાને માટે એકાદ મામએસણાની વાટ જોયા કરતો હતો. આવો લાગ મળતાં ને શાહજાદાને કોઈ સલામતી ભરેલી જગાએ લઈ જવા ઇચ્છતો હતો. સુલતાન મહમદ પાછો રાજમહાલમાં અમીરની પાસે આવ્યો છે એમ ખબર મળતાં ઔરંગઝેબે તેના ઉપર એક પત્ર લખ્યો અને તેમાં તેને એકદમ દિલ્હી આવવાનો હુકમ કર્યો. સુલતાન મહમદના ભાર નહોતા કે તેના હુકમની અવગણના કરે. તરતજ તે દિલ્હી તરફ ચાલી નીકળ્યો. આ અભાગિયો શાહજાદો જ્યારે ગંગાને સામે પાર આવ્યો



ત્યારે જેમ મુરાદબક્ષને કેદ કર્યો હતો તેમ કેટલાંક હથીઆરબંધ માણસોએ તેને પણ કબજે કરી લીધો અને જનાનાને માટે વપરાતી અંબાડીમાં બેસારી ગ્વાલીઅરના કિલ્લા તરફ કૂચ કરી. સુલતાન મહમદને તેની જીંદગીના બાકી રહેલા દિવસો પુરા કરવાને માટે ઔરંગઝેબે ગ્વાલીઅરમાં કેદ કરાવ્યો.*

આ પ્રમાણે મોટા શાહજાદા મહમદને કબજે કર્યા પછી ઔરંગઝેબે તેના નાના શાહજાદા સુલતાન માજુમને કહ્યું કે–'તારે તારા મોટા ભાઇની માફક મોટી મોટી આશાઓ રાખવી નહિ. રાજ્યકાર્યભાર ચલાવવો એ બહુ બારીક કામ છે. રાજાઓને છેડાઈ જતાં વાર લાગતી નથી. તું જો ડહાપણથી નહિ વર્તું તો તારી પણ તેના જેવી જ ગતિ થશે. શાહજહાને જેમ જહાંગીરને અને શાહજહાનના દીકરાઓએ જેમ તેને પજવ્યો તેમ ઔરંગઝેબ તેના દીકરાઓથી પજવાય એમ ધારતો જ નહિ. મારા હાથમાંથી રાજ્ય પડાવી લેવાય એમ ધારવું નહિ.' સુલતાન માજુમની રીતભાત એવી હતી કે તેના પિતાને શક લઈ જવાનું કશુંએ કારણ નહોતું. વિષયાસક્ત માણસો યુક્તિબાજ અને પહોચેલા નથી હોતા. તેમના બોલવાપરથી પણ તેઓ રાજ્યલોભી નથી જણાતા. ઔરંગઝેબ કદી સત્તા અને માનને માટે બેદરકાર અથવા ધર્મદાનને માટે વધારે કાળજીવાળો જણાયો નથી. વિચિક્ષણ માણસો આમ છતાં એમ માને છે કે બહુશઃ બાપના ગુણ દીકરામાં ઉદય પામે છે. સુલતાન માજુમનું મન રાજ્ય સત્તા તરફ ઢળતું હતું એ વિષે આગળ ઘણાં ઉદાહરણો મળશે, હાલ તો આપણે બીજા અગત્યના બનાવો ભણી જોઇએ.

જ્યારે આગ્રા અને દિલ્હીમાં આ પ્રમાણે વર્તમાન ચાલી રહ્યાં હતાં ત્યારે સુલતાન સુઝા બંગાળમાં એક ઠેકાણે રહીને પોતાનો સ્વાર્થ સાધવામાં રોકાયો હતો. અમીર જમાલ ગંગાના કિનારાઓપર આમ તેમ ફર્યા કરતો હતો. આ બધો વખત ઔરંગઝેબ આગ્રામાં પડી રહ્યો હતો. મુરાદબક્ષને ગ્વાલીઅરના કિલ્લામાં મોકલાવી દિલ્હી જઈ ઘણા ઉમંગથી તેણે રાજ્ય લગામ પોતાના હાથમાં લીધી. દારાને ગુજરાતમાંથી કાઢવાના વિચાર તેના

*ગ્વાલીઅર–મોગલોના રાજકુમારોને કેદ રાખવાનું બંદીખાનું હતું ઘણા શાહજાદા અને શાહજાદીઓ તેમાં જ પોતાની જીંદગી ગાળતાં હતાં. સને ૧૬૭૬ના ડીસેમ્બરની ૫ મીએ સુલતાન મહમદ તેમાં મરણ પામ્યો હતો. આબીસીનીઆના રાજકુમારોને પણ એક પહાડી કિલ્લામાં કેદ રાખવામાં આવતા એમ રાસેલાસમાં કહેલું છે.

મનમાં થયા કરતા હતા પરંતુ આગળ જણાવેલાં કારણુને લીધે એકે પગલું ભરાયું નહોતું. છેવટ તેની અગાધ બુદ્ધિ અને ચાલુ રહેલા ચઢતા ભાગ્યે તેને સર્વ વાતે જય અપાવ્યો.

જશવંતસિંહ રાજાએ પોતાના રાજ્યમાં આવ્યા પછી ખાજુઆની લૂંટમાંથી આણેલો પૈસો મોટા અને બળવાન સૈન્યની ભરતી કરવા પાછળ ખરચવા માંડયો. દારાને તેણે લખ્યું કે 'જો તમે આગ્રા ઉપર ઘેરો લઈ જશો તો મારા તમામ સૈન્ય સાથે હું તમને અજમેર મુકામે આવી મળીશ.' ગુજરાતમાં દારાએ પણ પસંદગીનું તો નહિ પરંતુ ઘણું લશ્કર એકઠું કર્યું હતું અને લડાઇએ જતાં જશવંતસિંહ સિવાય બીજા પણ ઘણા રાજાઓ તેને આવી મળવાની આશા હતી. આવા વિચારે આખરે દારાએ અમદાવાદ છોડયું અને અજમેર* તરફ પ્રયાણ કરવા માંડયું. અજમેર આગ્રાથી સાત આઠ દિવસને રસ્તે છે. દારા ત્યાં આવ્યો પણ જશવંતસિંહે પોતાનું વચન પાળ્યું નહિ. ભાવિનું વલણ ઔરંગઝેબ તરફ ઢળતું જોઈ જયસિંહ રાજાએ તેના પક્ષમાં ભરાવું પસંદ કર્યું. પોતાના મતને અનુસરી તેણે જશવંતસિંહ રાજાને પણ દારાના પક્ષમાં ભળતો અટકાવવાને માટે પોતાથી બન્યું એટલું કર્યું તેણે જશવંતસિંહને નીચે પ્રમાણેનો પત્ર લખ્યો.

'દારાના પડતા ભાગ્યમાં ઝંપલાવવામાં તમે શો સ્વાર્થ ધારો છો, તે હું સમજી શકતો નથી. આગ્રહ રાખ્યાથી દારાનું સારૂ થશે નહિ અને તમે વચવેગળ સહકુટુંબ પાયમાલ થઈ જશો. યાદ રાખજો કે ઔરંગઝેબ માફી આપશે નહિ. હું પણ એક તમારા જેવો દેશી રાજા છું અને તમને એમ જણાવું છું કે, તમે આવા ઝઘડામાં ઉતરી નકામુ રજપૂતોનું રક્ત પાડશો નહિ. તમારા પક્ષમાં બીજા રાજાઓને બોલાવવાનો ઝુંડો તમે ન લેતા, એમ કરવાનાં સાધન તો મારી પાસે પણ છે. આ બાબત આખા હિંદુસ્તાનને લગતી છે માટે જેને પાછળથી ઓલવવાનો ઉપાય નથી એવા અને થોડી વારમાં આખા હિંદુસ્તાન ઉપર સર્વત્ર સળગી ઉઠે એવા ઝઘડાને પ્રજ્વલિત કરવાની તમને એકલાને છૂટ નથી. વિશેષમાં એટલુંજ કે જો તમે દારાને છોડી દેશો તો ઔરંગઝેબ ગઈ ગુજરીને મનમાંથી કાઢી નાંખશે.

* અજમેરમાં જહાંગીર અને શાહજહાન ઘણી વાર રહેતા હતા. ઇંગ્લંડના જેઈમ્સ રાજાના પ્રતિનિધિ સર ટોમસરોને અજમેરમાં જહાંગીર પાદશાહે ૧૬૫૨ ના ડિસેમ્બરમાં ઘણા માનથી મુલાકાત આપી હતી.



ખાજુઆથી તમે જે લૂંટ લાવ્યા છો તે પાછી લેશે નહિ અને વધારામાં તમને ગુજરાતની સુબેદારી આપશે. તમારા દેશને લગતા ગુજરાત જેવા દેશને માટે તમે તુલના કરજો. ગુજરાતમાં તમે સંપૂર્ણ શાંતિ અને સલામતીમાં રહી શકશો. વળી આ જે જે બાબત મેં તમને જણાવી છે તે સાચી છે. હું તમને તે ભરી પુરીને મળે ત્યાં સૂધી વચમાં પડું છું. તમને તે બધુ મેળવી આપવાને માટે ખાત્રી આપું છું પછી શું?' આ રીતે જયસિંહ રાજા જશવંતસિંહને દારાને આશ્રય આપતો દૂર રાખી કાબેલ ઔરંગઝેબના સમસ્ત સૈન્યની સાથે અજમેર આવી દારાની સન્મુખ છાવણી નાંખી પડયો.

દગો દેવાયલા અને ઉંધે રસ્તે દોરવાયલા દારાને માટે આ ઇતિહાસ વાંચનારને પણ દયા તો ઉત્પન્ન થતી હશે જ. જશવંતસિંહ ઉપર રાખેલો વિશ્વાસ જ્યારે ખોટો પડયો ત્યારે બાજી સુધારવાનો વખત રહ્યો નહોતો. તે સહેલથી અમદાવાદ તરફ ઉતરી પડયો હોત પરંતુ આ વખત ઉનાળાનો હતો અને તેમાં અધુરામાં પુરો મારવાડમાં દુકાળ ચાલતો હતો. તે પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકયો નહિ. અમદાવાદ પાંત્રીસ દિવસને રસ્તે હતું. આટલો બધો લાંબો માર્ગ અને તે પણ જશવંતસિંહના લાગતા વળગતા રાજાઓનાં રાજ્યોમાં થઇને જવાનો હતો. વળી નવા અને તાજા લશ્કરવાળો ઔરંગઝેબ નળ પુંઠે કળિયુગની માફક પાછળ લાગેલો હતો. આખરે દારાએ વિચાર કર્યો કે, 'વીર મરણે મરવું એ જ વધારે સારૂં છે.' દારા ખરેખરી બાબતથી અજાણ હતો. ન ધારી શકાય તેવે સ્થળે અને માનવામાં પણ આવે નહિ તેવા પ્રપંચ તેની સામે રચાયલા હતા. અમદાવાદનો સુબો શાહનવાજ ખાન જે દારાને વહાલો થઈ તેના પેટમાં પેશી ગયો હતો તેણે ઔરંગઝેબની સાથે પત્ર વ્યવહાર રાખ્યો હતો. દારાના મનની તમામ વાત અને તેની હિલચાલ તેણે પોતાના જમાઈ ઔરંગઝેબને જણાવી હતી. આ વખતે પણ તે અજમેરમાં હતો. લડાઇમાં એ દગલબાજ દારાને હાથે કપાઈ ગયો અથવા એમ કહેવાય છે કે, ઔરંગઝેબના લશ્કરનો એક નોકર જે દારાની સાથે પત્રવ્યવહાર રાખતો હતો તેણે પોતાની બાબત શાહનવાજ ખાનની મારફત ઔરંગઝેબના જાણવામાં આવશે એવા ભયથી તે નિમકહરામને મારી નાંખ્યો. ગમે તે રીતે મુવો પણ મુવો તો ખરો જ તો હવે એ દગલબાજના મરણ માટે વધારે પિ-

જણ કરવાનું પ્રયોજન નથી. દારા અમદાવાદ આવીને રહ્યો ત્યારથીજ જો તેણે પોતાના શુભેચ્છકોની સલાહ માની હોત અને શાહનવાજ ખાનનો વિશ્વાસ ન રાખ્યો હોત તો કામ બગડયું ન હોત.

લડાઈ સવારના નવ અને દશની વચ્ચે શરૂ થઈ. ઉંચી અને મોરચાની જગ્યાપર ગોઠવેલું દારાનું તોપખાનું પ્રથમ મોટા અવાજથી છૂટવા માંડયું, પણ એમ કહેવાય છે કે, એ તોપો માત્ર ખાલીજ છુટતી હતી. આટલી બધી હદ સૂધી પોતાનાં માણસો ફુટેલાં છે એમ દારાને ખબર નહોતી. લડાઇનું વર્ણન કરવાની જરૂર નથી. જો આને લડાઇનું નામ આપીએ તો તે લડાઈ નહિ પણ પ્રપંચથી પૂર્ણ એક નાશકારક ઉત્પાત હતો. વાંચનાર દગો કેવો સજડ રચેલો હતો તે એટલાથીજ સમજી જશે કે પહેલી ગોળી હજી તો ભાગ્યેજ છુટી હશે એટલામાં રાજા જયસિંહ દારાની સન્મુખ આવીને ઉભો રહ્યો અને એક અમલદારને મોકલી તેને કહાવ્યું કે, ‘જો તમારે બંદીવાન થતા બચવું હોય તો રણ છોડીને ચાલ્યા જાવ.’ ગરીબ બિચારો દારા આવા અણધાર્યા અને ઓચિંતા બનાવથી એવો ત્રાસ પામી ગયો કે, સરસામાન માટે પણ કંઈ બંદોબસ્ત ન કરતાં એકદમ જીવ લઇને રણમાંથી નાશી ગયો. જે સંકડામણમાં તે આવી પડયો હતો તેને લક્ષમાં લેતાં તે બિચારો બૈરી છોકરાંને લઇને નાસવા પામ્યો તેમાં પણ જયસિંહનો ઉપકારી હતો. જયસિંહના હાથમાં બધુ હતું. પાદશાહ જાદાઓને અપમાન આપવું એ કેટલું જોખમ ભરેલું છે તે જયસિંહ સમજતો હોવાથીજ તે માન આપીને વર્ત્યો.

દુઃખીઆરા અને આતુર દારાને અમદાવાદ જવાય તો ત્યાં બચાવનું સ્થાન હતું. તેણે તંબુ અને નિત્ય ઉપયોગના સરસામાન વગરજ શત્રુના પ્રદેશમાં મુસાફરી કરવા માંડી. અમદાવાદ અને અજમેરની વચ્ચેનો પ્રદેશ ઘણોખરો રજપૂત રાજાઓનો છે. દારાની સાથે માત્ર બે હજાર માણસ હતાં. મારમારનો તાપ પડતો હતો અને કોળી લોક વારંવાર લૂંટને માટે તેનાપર તુટી પડી તેનાં માણસોના જીવ લેતા હતા. થોડાં માણસની સાથે મુસાફરી કરવી એ તેના જેવા પાદશાહજાદાને માટે ભય ભરેલું હતું. કોળી લોક હિંદુસ્તાનમાં ઘણાજ ગ્રામ્ય, અભણ અને ઢંગધડા વગરના લૂંટારૂ લોક ગણાય છે. ઘણાંક દુઃખ વેઠયા પછી દારા છેવટ અમદાવાદથી એક મંજલ દૂર આવી પહોચ્યો. વળતી સવારે અમદાવાદ પહોચી નવા સૈન્યની ભરતી કરવાની તે હોંશમાં હતો પરંતુ પરાજિત અને અભાગિયા માણસોની આશાઓ ક્વચિતજ પુરી પડે છે.



દારાએ જેને અમદાવાદનો કિલ્લો સોંપ્યો હતો તેજ માણસે હમણાં, કાં તો ઔરંગઝેબની ધમકીથી ડરી જઇને કે કાંતો તેનાં સારાં સારાં વચનોથી લોભાઈ જઇને ગમે તેમ પણ પોતાના સ્વામિનો પક્ષ સદંતર છોડી દીધો અને દારાને વાગેલામાં વાગ્યા જેવું કરવાને એક પત્ર લખી તાકીદ આપી કે, ‘તેણે શહેરની પાસે આવવું નહિ. દરવાજા તેની સામે બંધ કરવામાં આવ્યા છે અને નગરના માણસો હથિયારબંધ થઈ તેને નગરમાં આવતો અટકાવવાને તૈયાર થયા છે.’ હિંદનો મુસાફર પોતે કહે છે કે, આજ ત્રણ દિવસ થયા હું *દારાની સાથે હતો. આવા વિકટ માર્ગમાં દારાની સાથે કોઈ વૈદ ન હોવાથી અને વૈદની જરૂર પડવાથી તેણે મને પોતાની સાથે રાખ્યો હતો. અમદાવાદના સુબાનો તેને પત્ર મળ્યો તેની પહેલી રાતે તો તેણે મને કોળીઓ મારી નાંખે નહિ માટે જનાનાવાળી કનાતોના પડદામાં સુવાડયો હતો. આ ઉપરથી તમારા જાણવામાં આવશે કે, હિંદુસ્તાનના મોટા લોકો પોતાની સ્રિયો માટે કેટલા બધા અદેખા હોય છે. દારા કેવી ખરાબ હાલતમાં હતો તે જણાવવાનેજ હું આ લખું છું. બીજે દિવસે સવારે દારાના હાથમાં સુબાનો પત્ર આવ્યો ત્યારે બેગમોએ એકદમ ત્રાસ અને દયા ઉપજે એવી કીકીયારી પાડી અને દરેક જણની આંખમાંથી આંસુની ધારોઓ ચાલી. અમે બધાં ગભરાટમાં બાવરાં બની ગયાં અને મુંગે મોંડે ગમગીનીમાં એક બીજાના મોં સામુ ટગર ટગર જોવા લાગ્યાં. માથે આવી પડેલા ભયમાંથી કેમ મોકળા થવું એવા વિચારમાં ગુમ થઈ ગયેલાં અમે પ્રતિપળે મોટા વિચારમાં પડી જતાં હતાં. સૌ આ પત્ર વંચાયા પછી આભાં બની ગયાં હતાં. દારા જીવતો મુવા જેવો થઈ પડયો હતો. બેભાન જેવી હાલતમાં ઘડીમાં તે આમ કહેતો, ઘડીમાં આમ કરો એમ સૂચવતો અને ગભરાયલા જેવો થઈ ઘડીમાં એક સામાન્યમાં સામાન્ય સિપાઇની પણ સલાહ લેતો હતો. તેને ચારે તરફ નિરાશા જણાઈ ‘હું એકલો અહીંથી નાશી જાઉં’ એમ પૂછવા લાગ્યો પણ કયાં જવું ? હવે વિલંબ કરવો એ નાશનું કારણ હતું.

---

* મોન્સીઅર બર્નિયર સુરતથી આગ્રે જતાં રસ્તામાં પ્રથમ દારાને મળ્યો હતો. દારાની બેગમ માંદી હતી તેનું તે ઔષધ કરતો હતો.

જેટલો વખત હું એ શાહજાદાની સાથે રહ્યો તેટલા વખતમાં તો અમે એક ક્ષણ પણ વિરામ લીધા વગર ચાલ્યાજ કરતા હતા. તાપ ઘણો પડતો હતો તેમજ ધૂળ પણ એટલી બધી ઉડતી હતી કે સૌ કાયર કાયર થઈ જતાં. ગુજરાતના ત્રણ બળદોમાંથી એક બળદ વાટમાં મરી ગયો, બીજો મરવા પડયો, અને ત્રીજો થાકને લીધે આગળ ચાલવાને અશક્ત થઈ પડયો. દારાની બેગમના પગમાં એવી ખરાબ જાતનો રોગ થયેલો હતો કે તે મને તેની નોકરીમાં રાખવાને માટે ઘણોજ આતુર હતો. તેણે મારી ગાડીને માટે બળદ, ઉંટ અને ઘોડો મેળવવાને માટે ઘણો શ્રમ લીધો પણ તેથી કંઇ વળ્યું નહિ. દારા આ પ્રમાણે સત્તા રહિત અને વગસગ વગરનો થઈ ગયો હતો. ન ચાલે આખરે હું પાછળ રહ્યો અને ચારસેં અથવા પાંચસેં ઘોડેસ્વારની સાથે શાહજાદો મારાથી દીલગીરી સાથે જુદો પડયો. જુદા પડતી વખતે અમારી આંખોમાં આસું આવ્યાં. દારાની સાથે સોનેયા અને રૂપૈયા લાધેલા બે હાથીઓ હતા. તે તાતાબકર તરફ જવાને ઇચ્છતો હતો, જે ક્રમ કંઈ નકામા જેવો ન હતો. તાતાબકર જતાં આવતાં રેતીના રણમાંથી તે સહીસલામત ચાલ્યો જશે એવી આશા નહોતી. તેની સાથેનાં ઘણાં માણસો અને સ્રિયો કોઈ ભૂખથી તો કોઈ થાકથી, કોઈ તરસથી તો કોઈ લૂંટારા કોળીઓના હાથથી માર્યાં ગયાં હતાં. દારા આ રેતીના રણને પસાર ન કરી ગયો હોત તો પણ સારૂ પરંતુ દુર્ભાગ્યે તે રણ ઉતરી પેલી પાર કચ્છમાં ગયો.

કચ્છના રાવે તેને ઘણો સારો આવકાર દીધો. દારા જો તેની શાહજાદી રાવના કુંવરની સાથે પરણાવે તો તે તેને લશ્કરની મદદ પણ આપે એમ રાવે જણાવ્યું. દુઃખમાં દુઃખ થાય તેમ એક સામાન્ય રાજા પોતાની બેટી માગે એ દુઃખ દારાને કંઈ ઓછું લાગ્યું નહિ. દારાએ તે કબૂલ કર્યું નહિ અને આણી તરફથી રાજા જયસિંહે જેમ પ્રથમ જશવંતસિંહને દારાને મદદ કરતો અટકાવ્યો હતો તેમ કચ્છના રાવને અટકાવ્યો. કચ્છના રાવમાં તરતજ ફેરફાર થઇ ગયો અને દારા તે પામી જતાં પોતાના પ્રાણ લેવાની જયસિંહ જેવા રાજાની દુષ્ટ કપટ ઝાળોથી ત્રાસ પામી તાતાબકર જવાને માટે કચ્છમાંથી પણ નાશી છુટયો.

મારે મારી પોતાની મુસાફરીનો ઘણો લાંબો હેવાલ લખવાનો છે તો શું કરવાને માટે હું વાચકોને આવી વાતોથી વધારે કંટાળો આપું છું. હું



લૂંટારાઓના હાથમાં જઈ પડયો અને કેવી રીતે મેં તેમને દયા ઉત્પન્ન કરી, મારી પાસેના પૈસા બચાવી લીધા તે લખવાનું છે. મારા ધંધાનો ચમત્કાર બતાવ્યો અને મારા બે નોકરોએ પણ તેમને જણાવ્યું કે હું દારાના સિપાઇઓના સપાટામાંથી મહા સંકટે બચેલો છું. છેવટ તેમના મનમાં દયા આવી. સાત આઠ દિવસ પછી તેઓ મારા ગાડાને બળદ જોડી મને અમદાવાદના દરવાજામાં મુકી ગયા. અમદાવાદથી એક ઉમરાવનો સંગાથ થયો તેની સાથે પછી હું દિલ્હી ગયો. આખે રસ્તે, ગરીબ બિચારા દારાના લશ્કરની નિશાઓની તરીકે, મરી ગયેલાં માણસોનાં, હાથીઓનાં, બળદોનાં, ઘોડાનાં અને ઊંટનાં સુકાઈ ગયેલાં હાડ પિંજર અમારી દૃષ્ટિને દ્રવિભૂત કરતાં હતાં.

જ્યારે દારા તાતાબકર તરફ કુચ કર્યે જતો હતો ત્યારે બંગાળમાં લડાઈ ચાલતી હતી. સુલતાન સુઝા પહેલાંના કરતાં વધારે બળવાન લશ્કર એકઠું કરવાના કામમાં લાગેલો હતો. બંગાળ ઘણો દૂર હોવા સાથે અમીર જમાલની બુદ્ધિ ઉપર વિશ્વાસ રાખી ઔરંગઝેબ આગ્રામાં પડયો હતો. બંગાળ તરફ વધારે લક્ષ રાખવાની જરૂર નહોતી પરંતુ આગ્રેથી આઠ દિવસને રસ્તે આવેલા શ્રીનગરના રાજા સાથે સુલેમાન શિકોહ ઉતરી આવે તે તરફ લક્ષ આપવાની વધારે અગત્ય હતી. બળવાન શત્રુ ઓળખવામાં અને તેનો પ્રથમ પ્રતિકાર કરવામાં ઔરંગઝેબ ઘણો ચતુર હતો. સુલેમાન શિકોહને કચરી નાંખવા તરફ હાલ તેનું લક્ષ લાગેલું હતું.

આ બાબતમાં ધાર્યું કરવાનો એકજ માર્ગ હતો અને તે એ કે, જયસિંહ રાજાની મારફતે શ્રીનગરના રાજા સાથે પત્ર વ્યવહાર ચલાવી સામ, દામ અને દંડથી તેને ફોડવો. જયસિંહ રાજાએ ઔરંગઝેબના કહેવાથી શ્રી નગરના રાજાને લખ્યું કે, જો તે સુલેમાન શિકોહને કેદ પકડી આપશે તો તેને સારો બદલો આપવામાં આવશે. રાજાએ તેને વચનોપર વચનો આપવા માંડ્યાં તેમ છતાં પણ ન માને તો તેને ધમકી આપવામાં પણ કચાસ રાખી નહિ. શ્રીનગરના રાજાએ જયસિંહના ઘણા પત્રોના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, ‘ મારાં દેશ અને રાજ્યપાટ જશે તોપણ હું અમાનુષિક દગો અને વિશ્વાસઘાત કરીશ નહિ. મને રાજ્યપાટ ગયાનો ભય નથી પણ કીર્તિનો લાંચ્છન લાગવાનો ભય છે. શ્રીનગરનો રાજા ધમકીઓથી અથવા વિનતિઓથી પણ ડગ્યો નહિ ત્યારે ઔરંગઝેબ તેના

પહાડી પ્રદેશ સામે મોટું લશ્કર લઈ ચઢી ગયો અને તોપખાનાનો ઉપયોગ કરી મોટાં પહાડી શિખરપર ગોળા ચલાવવા માંડ્યા. પહાડી પ્રદેશમાં આ રીતે માર્ગ કરવાના તેના આ ઉપહાસ્યાસ્પદ પ્રયત્ન તરફ હશી શ્રીનગરનો રાજા બોલ્યો કે, 'એક સૈન્યથી તો શું પણ આવાં આવાં અનેક હિંદુસ્તાનનાં લશ્કર આવે તોપણ મારા પ્રદેશમાં માર્ગ કરવો સહેલો નથી ?' કેટલાક દિવસ સુધી આવી મિથ્યા માથાફોડ કરી છેવટ ઔરંગઝેબે પોતાના સૈન્યને પાછું બોલાવી લીધું.

કેટલેક દિવસે દારા તાતાબકરથી ત્રણ ચાર મંજલ દૂર પહોચ્યો ત્યારે તેના જાણવામાં આવ્યું કે, ઘેરો નાંખીને પડેલા મીર બાબાએ કિલ્લાને છેક છેવટની સ્થિતિએ પહોચાડી દીધો છે. કિલ્લામાં ખોરાકી ખૂટી પડી હતી. ચોખા અને માંસ બે રૂપિએ શેર વેચાતાં હતાં, બીજી ખોરાકીની વસ્તુઓ એટલીજ મોંઘી થઈ ગઈ હતી. આટઆટલું છતાં પણ કિલ્લેદાર અડગ રહ્યો હતો. તે વારંવાર સ્તુતિપાત્ર કામ કરતો અને હરેક રીતે પોતાનું શૌર્ય, હિંમત અને નિમકહલાલી દેખાડતો હતો. શાંત અને એક નિશ્ચયવાન્ થઈ તે અત્યાર સુધી ટક્કર લઈ રહ્યો હતો. તે મીર બાબાની સાથે યુદ્ધમાં ડરતો નહિ તેમ ઔરંગઝેબની ધમકીઓને ગણગારતો નહિ.

તેની સાથે લડાઈમાં ભાગ લેનાર ઘણા ફ્રેન્ચ લોકોએ મને ખાતરીથી કહ્યું હતું કે, સુબાની હિમત સ્તુતિપાત્ર હતી. જ્યારે તેને દારા આવે છે એવા સમાચાર મળ્યા ત્યારે તેણે સૈન્યમાં ઔદાર્ય બતાવ્યું અને શત્રુઓને હાંકી કાઢવાને માટે દરેક સૈનિક ઉત્સાહથી મરણીઓ થઇને લડ્યો, એટલા માટે કે, દારાને કિલ્લામાં દાખલ થવાનો માર્ગ મળે. પોતાના સિપાઇઓ કેવી રીતે રાજી રાખવા તે આ સુબો યથાર્થ રીતે જાણતો હતો. વળી આ કિલ્લેદારે ઘણી ચાલાકીથી હોશિયાર પ્રણિધીઓ મારફત મીર બાબાના પડાવના સિપાઇઓમાં એવી વાત કરાવરાવી કે ઘેરો લંબાવવાને માટે દારા એક મોટા સૈન્યની સાથે અત્રે આવે છે. પ્રણિધીઓએ કિલ્લેદારના કહ્યા પ્રમાણે વાત ઉડાડી અને મીર બાબાના સિપાઇઓને તેની અસર પણ થઈ. દારા જો ધીરજથી ત્યાં આવ્યો હોત અને લડાઈ ચલાવી હોત તો હરબડી ગયેલા મીર બાબાના સિપાઇઓ અડધાપડધા દારાની તરફ આવી ગયા હોત અને બીજા ત્યાંથી નાશી ગયા હોત.



દારા કોઈ પણ જાતના સાહસમાં સંપૂર્ણ ધીરજથી કામ લેતો નહિ. જ્યાંને ત્યાં એના અનિશ્ચયથી તે પરાજય પામતો હતો. આ પ્રસંગે પણ તેણે એમ ધાર્યું કે, થોડાં માણસથી મીરબાબાની સામે ટક્કર લેવાશે નહિ માટે સિંધુ ઉતરી બારોબાર ઇરાન તરફ ઉતરી પડવું ઠીક છે. આ વિચાર પણ અધુરેજ છોડી દીધો કારણ કે ઈરાનને રસ્તે પણ ઘણાં પઠાણનાં સ્વતંત્ર્ય રાજ્યોમાં થઇને જવાનું હતું. એ પઠાણ લોકનાં રાજ્યો ડુંગરી પ્રદેશમાં આવેલાં છે અને તેઓ હિંદુસ્તાનના પાદશાહને કે ઈરાનના શાહને ખંડણી આપતાં નથી. પાણીની પણ એ પ્રદેશમાં બહુ તંગી છે. મેં આગળ ઉપર જણાવ્યાં છે તેનાથી હળવાં કારણ બતાવીને તેની બેગમે તેને એ માર્ગ ન લેવાને સમજાવ્યો. બેગમે કહ્યું કે, 'જો તમે તમારા કુટુમ્બને અને બેગમો તથા શાહજાદીઓને એ ચોર અને લુચ્ચાઓની લુંડીઓ કરવા ધારતા હો તો જ એ માર્ગ લેજો.' હુમાયુનની સ્ત્રીને આ પઠાણ લોકોએ કેવી રીતે રાખી હતી તે આ વખતે દારા અને તેની બેગમ બેઉ વિસરી ગયાં.

કયો માર્ગ લેવો અને શું કરવું એની તે ગુંચવણ હતો એટલામાં તેને યાદ આવ્યું કે, ઉક્ત પઠાણ રાજ્યોમાંના એક રાજ્યનો ધણી મલેક જીવણખાન નામનો પઠાણ તેનો આભારી છે, અને તેનો દેશ પણ દૂર નથી. બોલનઘાટથી પાંચ માઈલ દૂર દાદરમાં તેની રાજ્યધાની હતી. શાહજહાનના રાજ્યમાં બંડ કર્યાના ગુન્હા માટે બે વાર જીવણખાનને હાથીના પગ તળે કચરી મારવાની શિક્ષા થયેલી અને બેઉ વાર દારાશાહે તેને જીવતદાન અપાવેલું હતું. તાતાબકરથી મીર બાબાને હાંકી કાઢવા જેટલી જીવણખાન આભારી હોવાથી મદદ આપશે એમ દારાને લાગ્યું તેથી તેણે પોતાનાં માણસોને કહ્યું કે, 'મલેક જીવણખાન પઠાણના તરફથી મળનારી મદદે આપણે તાતાબકરથી મીર બાબાને હાંકી કાઢી ત્યાં પૈસો ટકો મુકી પછી કંદહાર તરફ જઈશું અને ત્યાંથી કાબૂલ દૂર નથી. કાબૂલનો સુબો મહોબતખાન આપણે જોઇએ તેવી મદદ કરશે કારણ કે તે ઔરંગઝેબને ધીક્કારે છે અને મારો આભારી છે.' મહોબતખાન મોટી વગસગવાળો અને પ્રજામાં માનિતો હોવાથી તે એક સારા સહાયક જેવો નીવડશે એમ ધારવામાં દારાની ભૂલ નહોતી. આમ છતાં પણ જીવણખાન પઠાણને આશ્રયે જવા સંબંધે તેનું કુટુમ્બ આડે પડ્યું. તેની બેગમ, શાહજાદીઓ અને નાનો કું-

વર સીપેહ શિકોહ આંસુ ભરી આંખે દારાને પગે પડ્યાં અને પ્રાર્થના કરી કે, 'તમે આ યોજનાને મૂકી ધો. એ પઠાણ રાજા લુચ્ચો અને લૂંટારો છે, એનાપર વિશ્વાસ રાખવો એ કાળના મોંડામાં જઈ પડવા જેવું છે. અમે સમજી શકતાં નથી કે, તાતાબકરનો ઘેરો લંબાવવાને માટે તમે આટલા બધા આતુર શાથી છો ? ત્યાં ગયા વગર પણ આપણે કાબૂલ જઈ શકીએ તેમ છે કારણ કે આપણને જતાં અટકાવવાને માટે મીર બાબા તાતાબકરનો ઘેરો ઉઠાવી પાછળ પડનાર નથી.'

ભુંડુ નસીબ જ દારાને ઉંધે રસ્તે ખેંચી જતું હતું. તેમને તેણે જણાવ્યું કે કાબૂલની મુસાફરી ઘણી વિકટ અને ભયપ્રદ છે, ખરેખર છે પણ તેમજ. વળી દારાના મનમાં એમ પણ હતું કે, 'જે માણસને જીવતદાન આપ્યા જેવા એ મોટા ઉપકારમાં લીધેલો છે તે માણસ શું મને દગો દેશે?' ઘણી વિનંતિઓને લક્ષમાં ન લેતાં દારાએ જીવણખાનને ત્યાં જવાનો માર્ગ લીધો અને દુષ્ટ સ્વભાવના નિમકહરામ આભારીને હાથે ન ધારેલાં માઠાં ફળ આવ્યાં તે અનુભવ્યાં. કૃતઘ્ન માણસો પોતાનો સ્વાર્થ હોય છે ત્યારે ઉપકાર કરનારનો ભોગ આપતાં પણ પાછા પડતા નથી.

પ્રથમ તો જીવણખાન પઠાણે દારાને સારો આવકાર દીધો, એમ ધારીને કે, તેની પાસે મોટું અને બળવાન લશ્કર હશે. ગામમાં સર્વ લોકને એવો હુકમ આપ્યો કે, તેમણે દારાના માણસોને પોતાના ઘરમાં ઉતારવા અને મિત્ર તથા સ્નેહીની માફક તેમને જોઇતી કારવતી વસ્તુઓ પુરી પાડવી પરંતુ જ્યારે તે આવી પહોચ્યો અને તેની પાસે બસેં ત્રણસેંથી વધારે માણસ નથી એમ તેના જાણવામાં આવ્યું ત્યારે તેણે બધો ઢોંગ મૂકી દીધો. નક્કીપણે જણાયલું નથી કે તેને ઔરંગઝેબે ફોડેલો હતો કિંવા નહિ? અથવા તેણે દુષ્ટ કૃત્ય કર્યું તે જાતેજ તેની જાતપર જઇને કર્યું ? લૂંટારાઓથી મહા મહેનતે બચાવેલા સોનૈયાથી લાદેલાં હજી કેટલાંક ખચ્ચર દારાની પાસે હતાં તે ધન જોઇને જીવણખાનનું ચિત્ત ચળ્યું. ગમે તેમ હોય પણ એટલું તો સત્યજ છે કે તેનો જીવ ફરી ગયો અને કેટલાંક હથીઆર બંધ માણસોની સાથે રાતને વખતે તે દારાના તંબુમાં પેઠો તથા સઘળો પૈસો અને સ્રિયોના દાગીના ઝવેર વગેરે લઈ લીધાં. નાણાથી તૃપ્ત ન થતાં તે દુષ્ટ વૃત્તિના પઠાણે છેવટ દારા અને તેના શાહજાદા સિપેહ શિકોને કેદ કર્યા. તેમ કરવામાં અટકાવ કરનાર દારાના લાગતા વળતા



તથા અંગરક્ષકોને તેણે કતલ કર્યા. * પછી દુષ્ટ જીવણખાને બાપ દીકરાને સખ્ત બાંધી લઇને ઉઘાડા હાથીપર નાંખ્યા, અને ગામના ઘાતકને તેમની પાસે બેસાડી એવો હુકમ આપ્યો કે, 'જો તેઓ પોતે અથવા બીજુ કોઈ તેમને છોડવવાનો કે કશો પણ પ્રયત્ન કરવા જાય તો તારે તેમનો જરા પણ વિલંબ વગર શિરચ્છેદ કરવો.' પછી પહેરામાં તે પોતે તેને તાતાબકર લઈ ગયો અને મીર બાબાને સ્વાધીન કર્યો મીર બાબાએ દારાને લાહોર થઈ દિલ્હી લઈ જતાં એ દુષ્ટને પોતાની સાથે રહેવાનો હુકમ આપ્યો.

દુર્ભાગ્ય દારાને દિલ્હીમાં આણ્યો ત્યારે ઔરંગઝેબને વિચાર થઈ પડયો કે, ગ્વાલીઅરના કિલ્લામાં કેદ કરતા પહેલાં તેને રાજ્યરસ્તે ફેરવવો કે નહિ ? કેટલાક દરબારીઓએ એવો મત આપ્યો કે, પાદશાહી કુટુંબને હિણું લાગે તેમ કદાપિ દારાની આ સ્થિતિથી લોક ઉશ્કેરાઈ જઈ બંડ કરે માટે તેને રાજ્યમાર્ગ ઉપર ફેરવવો નહિ. ઔરંગઝેબના ખુશામતીઆ અને દુષ્ટ ઉમરાવોએ આથી વિરૂદ્ધ મત આપી એમ જણાવ્યું કે, 'તમારી પૂર્ણ સત્તા જામી છે એમ બતાવવા તથા લોકના મનમાં રાજ્યનો ત્રાસ અને છાપ પાડવા માટે દારાને રાજ્યમાર્ગમાં ફેરવવો એ ઘણુંજ જરૂરનું છે.' વળી કેટલાકના મનમાં એમ છે કે 'દારા પકડાયો નથી અને આ બધું તુત છે તેમને ખાતરી થવાને માટે પણ એજ અગત્યનું છે.' ઔરંગઝેબને પણ આ વિચાર પસંદ પડયો. અંતે તેઓ એવા નિશ્ચય ઉપર આવ્યા કે, સિપેહ શિકોહની સાથે દારાને મજબૂત બાંધી હાથી ઉપર નાંખવો અને તે-

---

* ઔરંગઝેબના વખતમાં એક બીજો યૂરોપીઅન મુસાફર ટવનીયર હિંદુસ્તાનમાં મુસાફરી કરવા આવ્યો હતો. તેણે પણ પોતાનો પ્રવાસ લખ્યો છે. એમાં એ લખે છે કે, ગરમીને લીધે દારાની એક બેગમ મરી ગઈ હતી. કોઈ દિવસ દારાને થયેલો નહિ એવો શોક એ વખતે થયો હતો. ગમગીનીમાં તે પઠાણના ઘરમાં નિશ્ચિત થઈને ઊંઘેલો હતો તેવામાં જીવણખાન કેટલાંક માણસ સાથે અંદર આવી નાના શાહજાદાને કેદ કરવા લાગ્યો. બાળક છતાં તેણે તીરકાંમઠુ લઇ ત્રણ ચાર જણને ઠાર કર્યા પણ ઝાઝા આગળ એકલું બાળક શું કરે ? છેવટ બધા વિંટાઈ વળ્યા અને સિપેહશિકોહને જમીનપર નાંખી બાંધવા લાગ્યા ત્યારે તેણે ચીસ પાડી. દુઃખીઆરો પિતા પોતાના બાળકની કારમી ચીસથી નિદ્રામાંથી જાગી ઉઠયો અને મુખ આગળ બનતા બનાવને જોઇ બોલ્યો કે,' ધીક્કાર છે તને દુષ્ટ ! કૃતઘ્ન ! ઝટ કર હવે તારૂ કામ તું કરી લે પણ યાદ રાખજે કે, પાદશાહજાદાઓના હાથ બાંધવાથી કેવું ફળ મળે છે. ઈશ્વર તારા વિશ્વાસઘાતનો તને બદલો આપશે. જીવણખાન આથી ડરી ગયો અને તેણે તેમના હાથ નહી બાંધતાં માત્ર પહેરામાં રાખ્યા.

ની સાથે તપાસને માટે બહાદુરખાનને બેસાડવો. દારાનું દુઃખદ સરઘસ છેવટ દિલ્હીમાં ફરવા નીકળ્યું. આ વખતે દારા કંઈ પેગુ કે લંકાના મોટા મદ ઝરતા હાથીઉપર સોનાની હીરા મોતીથી અલંકૃત કરેલી અને છત્ર ચામર વાળી અંબાડીમાં બેઠો નહોતો. અત્યારે તો તેને.બિચારાને જાડાં ખાદીનાં કપડાં પહેરાવી નીચામાં નીચા માણસો બાંધે છે તેવી સાલ માથે બંધાવી એક ઘરડા અને દુર્બળ હાથી ઉપર નાંખ્યો હતો. હિંદુસ્તાનના રાજાઓ જેથી ઓળખાય છે એવી આંબળાં જેવડાં મોતીની માળાઓ પણ અત્યારે તેના કંઠમાં નહોતી. તે જ્યારે પુર્ણ દમામમાં દિલ્હીમાં સ્વારી લઈ નીકળતો ત્યારે જે વૈભવમાં તે નીકળતો તેનાથી બીલકુલ પ્રતિકૂળ દેખાવમાં તે અત્યારે જાહેર શેરીઓમાં બાંધે હાથે ફેરવાતો દેખાતો હતો.

આવી સ્થિતિમાં દારાને દિલ્હીના દરેક લત્તામાં ફેરવવામાં આવ્યો. લોકપ્રિય શાહજાદાની આવી ફજેતી જોવાને માટે હું પણ નીકળ્યો હતો. કાંહી હથીયાર બંધ માણસ જોવામાં આવતાં નહોતાં. ઔરંગઝેબની અમાનુષિક ચાલ ચલગતને માટે કેટલેક વખત લોકના મનમાં ખરાબ લાગણી રહી; પાદશાહનું, સુલતાન મહમદનું, અને મુરાદબક્ષનું કેદ થવું જાણમાં આવતાં લોકમાં ત્રાસ અને ઔરંગઝેબ માટે અપ્રીતિ થઈ હતી. દારાના સરઘસ વખતે પુષ્કળ લોકની મેદની મળી હતી અને તેઓ તેના દુર્ભાગ્યને માટે શોક કરતા હતા. પ્રથમ મોટા બજારમાં એક સારે ઠેકાણે બેઠક લઈ છેવટ બે માણસોની સાથે ઘોડેસ્વાર થઈ હું સર્વત્ર ફરી વળ્યો હતો. હિંદુ લોકનાં મન ઘણાં કોમળ હોયછે. દરેક ઠેકાણે મેં તેમને ત્રાસ અને દયાથી મુગે મોંડે આંસુ ઢાળતાં જોયાં હતાં. પુરૂષો, સ્ત્રીઓ અને છોકરાં જેમ પોતાના ઉપર કોઈ મોટી આપત્તિ આવી પડી હોય તેમ રૂદન કરતાં હતાં. દારાની જોડે ચાલતા જીવણખાન પઠાણ ઉપર લોકે ધીક્કાર અને ગાળોનો વરસાદ વરસાવ્યો. એ દુષ્ટ પઠાણની ભણી કેટલાકોએ ખાસ કરીને ફકીર અને ગરીબોએ તો પથ્થર નાંખ્યા તે પણ મેં જોયું હતું. આટલી બધી લાગણી છતાં કંઈ ગડબડ થઈ નહી અને પોતાને પ્રિય શાહજાદાના મોક્ષ માટે કોઇએ તલવારે તાણી નહિ. આ ગર્હ્ય સરઘસને આખા નગરમાં ફેરવ્યા પછી દારાને ઘણીજ પ્રિય હઇદરાબાદ નામની વાડીમાં કેદ કરવામાં આવ્યો જે જોઈ ગમગીન થયેલું લોક પાછું વળ્યું.



દારાનું શોકપ્રદ સરઘસ ફેરવવાથી લોકના મન ઉપર કેવી અસર થઈ હતી અને વિશ્વાસઘાતી પેલા પઠાણની સામે પથ્થર નાંખી લોકે કેવો ધિક્કાર બતાવ્યો હતો તથા કેવી રીતે લોકમાં બંડ થવાની ધાસ્તી રાખવામાં આવી હતી વગરે બાબતો તરતજ ઔરંગઝેબને વિદિત થઈ. દારાને પ્રથમના વિચાર પ્રમાણે પાધરો ગ્વાલીઅર મોકલી દેવો કે વધારે વિલંબ વગર મારી નાંખવો એ સંબંધે વિચાર કરવાને માટે તરત એક દરબાર ભરવામાં આવ્યો. કેટલાક દરબારીઓએ એવો મત આપ્યો કે, જો સારા બંદોબસ્તથી તેને ગ્વાલીઅર લઈ જવાય તો કશી હરકત નથી, અને જો સહેલથી લઈ જવાય એમ છે તો પછી વધારે ક્રૂર કૃત્ય કરવાની શી જરૂર છે ? દારા અને દનેશમંદખાનને આગળનું વૈર હતું તેમ છતાં તેણે ઉક્ત મતને પોતાથી બને તેટલા દાખલ દલીલોથી ટેકો આપ્યો પરંતુ છેવટ એવો નિશ્ચય થયો કે, સિપેહ શિકોહને ગ્વાલીઅર લઈ જવો અને દારાને તો ગરદન જ મારવો જોઇશે. આ દરબારમાં રોશનઆરા બેગમે તેના મોટા ભાઈ ઉપરનું આગલું વેર વાળવામાં બાકી રાખી નહિ. તેણે દનેશમંદખાનનાં દરેક સમર્થનને તોડી નાંખવાનો અને અમાનુષિક તથા ક્રૂર કર્મ કરવાને ઔરંગઝેબને ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો. વળી દારાના મૂળના દુસ્મન કાલીલ–ઉલ્લા–ખાન અને શાઇસ્તિખાને રોશનઆરાના મતને પોતાના તરફના ટેકા આપ્યા અને એક સામાન્ય વૈદ્યના પદથી હાલ ઉમરાવ થયેલા તાકરૂબખાને એજ વિચારને શ્રેષ્ટ જણાવ્યો. આ માણસ 'હકીમ દાઉદ' ને નામે પહેલાં ઓળખાતો અને તે ઇરાનથી નાશી આવેલો હતો. આ દુષ્ટ માણસે આ વખતે ઉશ્કેરાઈ જઇ મોટા ઘોંઘાટથી દરબારમાં કહ્યું કે, 'દારાને જીવતો મૂકવો જોઇએ નહિ; તેને તરત મારી નાંખવામાં જ રાજ્યની સલામતી રહેલી છે. વળી હું આટલો બધો આગળ પડીને બોલું છું તે એટલાજ માટે કે, દારા હવે મુસલમાની ધર્મમાં રહ્યો નથી, તે કાફર થઈ ગયો છે. એવા માણસને મારવાથી જો પાપ લાગતું હોય તો તે ભલે મનેજ લાગે.' ધર્મ ભ્રષ્ટ થયેલા માણસને જીવતો રાખવો એ મહમદીય ધર્મને હક નથી, એવા વિચારથી દારાને ધર્મદ્રોહી અને કાફર ઠરાવી મહા ક્રૂર મરણની શિક્ષા ફરમાવવામાં આવી.

નાઝર નામના માણસને આ કામ સોંપવામાં આવ્યું. નાઝર શાહજહાન પાસે રહેલો અને શિખેલો હતો. દારા તેને હમેશાં દુઃખ દેતો હતો.

પોતાને ઝેર દેવામાં આવશે એમ ધારતો દારા બંદીખાનામાં સિપેહશિકોહની સાથે મસૂરની દાલ ઉકાળતો હતો તેવામાં ચાર જમ જેવા મારાઓની સાથે નાઝર તેના ઓરડામાં આવ્યો. દારા તેમને જોઇ બોલી ઉઠયો કે, 'દીકરા ! વહાલા દીકરા ! આ દુષ્ટ માણસો આપણો જીવ લેવાને આવ્યા છે.' બંદીખાનામાં બીજુ તો શું હથિયાર હોય પણ શાક મોળવાની પાળી હતી તે તેણે લીધી. એક જણે સિપેહ શિકોહને પકડી લીધા પછી બીજા ચાર જણા દારાના ઉપર તુટી પડ્યા. તેમણે મહા મહેનતે સ્વરક્ષણને માટે તરફડીઆં મારતા દારાને પકડી નીચે નાંખ્યો અને ત્રણ જણા જ્યારે તેને ઝાલી રહ્યા ત્યારે દુષ્ટ નાઝરે પોતાના દુઃખીઆરા ભોગનું–દારાનું મસ્તક તેના ધડથી જુદુ કર્યું. મસ્તકને એક થાળીમાં મૂકી ઔરંગઝેબને દેખાડવા લઇ ગયા એટલે તેણે પાણી મગાવી તેને ધોવરાવ્યું અને તે દારાનું જ મસ્તક છે એવી ખાતરી થઈ એટલે આંસુ પાડ્યાં અને દિલગીર થઈ બોલ્યો કે, 'અરે દુષ્ટ માણસો ! આ છાતી ફાટે તેવા દેખાવને મારી આંખો આંગળથી દૂર કરો. આ મસ્તકને અહાંથી લઈ જાવ અને તેના ધડ સાથે હુમાયુનની કબરમાં દફનાવો.'*

દારાની દીકરીઓને તેજ દિવસે સાંજે રાજ્ય મહેલમાં બેગમોને સ્વાધીન કરવામાં આવી; પરંતુ શાહજહાન અને બેગમસાહેબની વિનંતિથી પછી તેમને આગ્રે મોકલી દીધી. પોતાના અને ધણીના ઉપર પડતી પરંપરાની આપત્તિયોથી કંટાળી દારાની બેગમે ઝેર ખાઈ લાહોરમાં પોતાના જીવનો અંત આણ્યો હતો.† પછી સિપેહ શિકોહને કેદ કરવાને ગ્વા-

* દારાનું મસ્તક પોતાની પાસે આવતાં ઔરંગઝેબે તેને તપાસી જોયું હતું તથા મીચાયલી આંખો ઉઘાડી ખાતરી કરી હતી. પછી રોશનઆરાના કહેવાથી તે મસ્તકને એક પેટીમાં બંધ કરી આગ્રે શાહજહાન ઉપર મોકલાવ્યું હતુ. ઔરંગઝેબ તરફથી આવેલી પેટી જોતાં વૃધ પાદશાહને કંઇક સદ્ભાવ ઉત્પન્ન થયો પરંતુ જ્યારે તેને ઉઘાડી અને માંહેથી પોતાના પ્રિયપુત્રનું મસ્તક નીકળ્યું ત્યારે દુઃખીઆરો શાહજહાન મૂર્છા ખાઈ ગયો અને બેગમસાહેબે મહા આક્રંદકરી બંદીખાનું ગજવી મુકયું. તા–૨૨ મી અક્ટોબર ૧૬૫૯ માં દારાનો શિરચ્છેદ થયો હતો.

† જહાંગીરના બીજાપુત્ર સુલતાન પરવીસની શાહજાદી નાદિરા સાથે દારા વીસ વર્ષની વયે પરણ્યો હતો. સુલેમાન શિકોહ અને સિપેહ શિકોહ એ બે નાદિરાના પુત્ર હતા. મલેક જીવણને ત્યાં દારા હતો ત્યારે અતિસાર અને શળીથી બેગમ મરી ગઇ હતી. બેગમે મરતી વેળાએ દારાને કહ્યું હતું કે મને હિંદુસ્તાનમાં દાટજો તેથી તેનું મડદુ લાહોર મોકલ્યું હતું.



લીઅર લઈ ગયા. આ બનાવ બની ગયા પછી જીવણખાન પઠાણને દરબારમાં બોલાવી થોડો સિરપાવ આપી દિલ્હીમાંથી કાઢી મૂક્યો. દુષ્ટકર્મ અને વિશ્વાસઘાતનું ફળ તેને મળ્યું. દુષ્ટ માણસો એવો વિચાર કરતા નથી કે દુષ્ટકર્મનું ફળ મળ્યા વગર રહેતું નથી. જીવણ ખાન તેને દેશ પહોચ્યો નહિ એટલામાં તો લૂટારૂઓએ તેને લૂંટી રસ્તામાં જ મારી નાંખ્યો.

છેવટ તાતાબકરનો કિલ્લો પણ ઔરંગઝેબના સુબાને હાથ આવ્યો. દારાએ એક વિશ્વાસુ ખોજાને મોકલ્યો હતો પણ તેણે માન્યુ નહોતું એટલે તે મીરબાબાને સ્વાધીન થયો. મીરબાબા લશ્કરની સાથે કિલ્લામાં દાખલ થયો. પછી તાતાબકરનો સુબો અને રક્ષણ કરતાં બાકી રહેલાં નિર્બળ મનુષ્યો લાહોર ગયાં. લાહોરના સુબા કાલીલ–ઉલ્લાખાને તેઓને કતલ કર્યા અને એમ કરવામાં એવું કારણ બતાવ્યું કે, ઔરંગઝેબને મળવા જવાને બહાને આ લોકો સુલેમાન શિકોહને તેના વિચારને દૃઢિભૂત કરવાની ઇચ્છા રાખતા હતા માટે મારી નાંખ્યા. એ માણસોમાં ઘણાક ફ્રેન્ચ લોક હતા અને તેમને છૂટે હાથે નાણાં આપવામાં આવ્યાં હતાં.

દારાના કુટુંબમાં હવે માત્ર સુલેમાન શિકોહ રહ્યો હતો. શ્રીનગરનો રાજા જો તેની પ્રતિજ્ઞાને છેવટ સુધી વળગી રહ્યો હોત તો સુલેમાન શિકોહ હાથ આવવો દુર્લભ હતું; પરંતુ જયસિંહ રાજાના કાવાદાવા અને ઔરંગઝેબનાં વચનો તથા ધમકીઓ, દારાનું મરણ, અને આસપાસના રાજાઓની ભયંકર તૈયારીઓથી એ નામર્દ રાજા છેવટ પોતાની પ્રતિજ્ઞાથી ચળ્યો. પોતે સલામતીમાં નથી એમ લાગતાં જ સુલેમાન શિકોહ ટિબેટ તરફ જવાને શ્રીનગરમાંથી નિકળી નાઠો. ઉંચા નીચા પહાડો અને જંગલોવાળા પ્રદેશમાંથી તેને માર્ગ કરવાનો હતો. રાજાનો છોકરો તેની પાછળ પડયો અને છેવટ તેણે તેને પકડી પાડી ઘાયલ કર્યો અને દિલ્હી લઈ ગયો. જેમાં પ્રથમ મુરાદ બક્ષને કેદ કરવામાં આવ્યો હતો તે કિલ્લામાં સુલેમાન શિકોહને પણ રાખવામાં આવ્યો.

દારાની વખતે કર્યું હતું તેમ આ વખતે પણ ઔરંગઝેબે કર્યું. સુલેમાન શિકોહ પકડાયો છે કે નહિ તેની લોકને ખાતરી કરી આપવાનો તેણે નિશ્ચય કર્યો. આ વિચારાનુસાર દરબાર ભરી તેમાં સુલેમાન શિકોહને આણવામાં આવ્યો. મને આ ગમગીન દેખાવ જોવાનું મન થવાથી હું પણ ત્યાં જોવા ગયો હતો. દરબારમાં લાવતાં શાહજાદાના પગની બેડીઓ કાઢી

લેવામાં આવી હતી. હાથની બેડીઓ રહેવા દીધી હતી તે ચાંદીની હતી.* આ ઉંચા, રૂપાળા અને સ્પૃહણીય જુવાન શાહજાદાને જોઇને ઘણા ઉમરાવોની આંખોમાંથી આંસુ પડયાં. એ દરબાર જોવાને જનાનાની બેગમોને રજા મળવાથી તેઓ ચકમાં બેઠી હતી. સુલેમાન શિકોહની સ્થિતિ જોઇને તેમનાં કોમળ હૃદયમાં પણ લાગણી થઈ આવી હતી. પોતાના ભત્રિજાને જોતાં ઔરંગઝેબ ગદગદિત થઈ ગયો અને બોલ્યો કે, 'શાંત થા શાંત થા. તારા ઉપર કંઈ આપત્તિ પડશે નહિ. તને સારી રીતે રાખવામાં આવશે. તારા પિતા દારાને મારી નાંખવાનું કારણ તો માત્ર એટલુંજ હતું કે–તે એક કાફર થઈ ગયો હતો. તેણે સર્વ ધર્મનો ત્યાગ કર્યો હતો.' દેશાચાલ પ્રમાણે આ ઉપકાર માટે આભાર બતાવવા સુલેમાન શિકોહે નીચા નમી સલામ કરી. પછી મનને વશ રાખી ધીરજથી તેણે પાદશાહને વિનંતિ કરી કે 'જો મને પૉસ્ટ–કસુંબો પાવાનો હોય તો તેમ ન કરતાં અત્યારે જ મારી નાંખવો. આ ઉપરથી ઔરંગઝેબે મોટા ઘોંટાથી તેને કહ્યું કે 'તારે નચીંત રહેવું, કદી પણ તને તે પાવામાં આવશે નહિ.' શાહજાદાએ પછી બીજી સલામ કરી. પછી પાદશાહની તરફથી તેને શ્રીનગર જતાં હાથી ઉપર લાદીને લઈ જવાયલી મોરો સંબંધે કેટલાક સવાલ કરવામાં આવ્યા. પછી તેને દરબારમાંથી રજા આપી અને બીજે દહાડે ગ્વાલીઅર લઈ ગયા.

આ પૉસ્ટ તે બીજું કંઈજ નહિ પણ કચરેલાં અફીણનાં ડોડવાંને એક રાત પાણીમાં પલાળી બનાવેલો કસુંબો. પાદશાહ જેને મારી ન નાંખતાં ગ્વાલીઅરના કિલ્લામાં કેદ કરેછે તેને છેવટ આ ઝેરી કવાથ પાવામાં આવે છે. ઘણું કરીને રાજકુંવરોનો આ કવાથથીજ પ્રાણ લેવાય છે. સવારના પહોરમાં તેમને એ કસુંબાનો એક મોટો કટોરો ભરીને ધરવામાં આવે છે અને જ્યાં સુધી તે પી ન જાય ત્યાં સુધી કશું ખાવાનું આપતા નથી, અને ન પીએ તો પછી કેદીને ભૂખે મારી નાંખે છે. આ કસુંબો પીનારને ધીરે ધીરે ઘેન ચઢે છે, પગે ગોટલા બાઝે છે, શરીર ખંચાયછે અને છેવટ બેભાન હાલતમાં મૃત્યુ નીપજે છે. સિપેહ શિકોહ, મુરાદ

* આ ચાંદીની બેડીઓ ઔરંગઝેબની પાસે ઘણાં વર્ષથી તૈયાર હતી. તે તેના દીકરાને દેખાડી વારંવાર ભય બતાવતો હતો.



બક્ષના પૌત્ર અને સુલેમાન શિકોહને આ ઝેર પાઇને જ મારી નાંખવામાં આવ્યા હતા.

મુરાદ બક્ષને વધારે ક્રૂર અને ઉઘાડી રીતે મારી નાંખવામાં આવ્યો. તે બંદીખાનામાં હતો તેમ છતાં બહુજ પ્રખ્યાત અને લોકપ્રિય હતો. તેની ચાલ ચલગત અને માનસિક ધૈર્યને માટે નિરંતર સ્તુતિની કવિતાઓ રચાવી હતી. આથી કરીને મુરાદ બક્ષને ચુપ ચૂપ મારી નાંખવો, એ ઔરંગઝેબને ઠીક લાગ્યું નહિ, કારણકે એમ મારી નાંખવામાં એવો ભય અને શંકા રહે કે, તેને ખરેખર મારી નાંખ્યો છે કે નહિ? અને એ શંકાને લીધે કોઈ વાર બંડ થાય તથા તેમાં તે કારણ રૂપ ગણાય. તેઓ કહે છે કે એટલા માટે મુરાદ બક્ષના ઉપર એક ગુન્હો મૂકવામાં આવ્યો.

જ્યારે મુરાદ બક્ષ લડાઇને માટે મોટી તૈયારી કરતો હતો ત્યારે તેણે (પોતાના) ગુજરાતના રાજ્યમાં અમદાવાદમાં એક સૈયદને તેની પાસેથી પૈસા લેવાને માટે મારી નાંખ્યો હતો. તે માર્યા ગયેલા સૈયદના છોકરા હવે દરબારમાં આવ્યા અને ઈન્સાફ માગવા લાગ્યા. તેમણે મુરાદ બક્ષનું માથુ માગ્યું. આ કાર્યવિધિમાં કોઈ પણ ઉમરાવ વચ્ચે પડયો નહિ, કારણ કે જેને મારવામાં આવેલો છે એમ કહેવાતું હતું તે જાતે સૈયદ એટલે મહમદના વંશનો હતો અને બીજુ એમ કે ઈન્સાફને નામે પાદશાહ પોતે આ બળવાન્ શત્રુનું ઠેકાણું પાડવાને માટે કપટ રચવામાં સામેલ હતો. વધારે પંચાત કર્યા વગર તરતજ એ સૈયદના છોકરાઓને તેમના પિતાને મારનાર મુરાદ બક્ષનું માથુ કાપી લેવાની રજા મળી અને તરતજ તેઓ મસ્તક મેળવવાને માટે ગ્વાલીઅર ગયા.

હવે તેના કુટુમ્બમાં માત્ર એક માણસ બાકી રહ્યું હતું અને તેને માટે ઔરંગઝેબના મનમાં ચિંતા અને ધાસ્તી રહ્યા કરતી હતી. આ માણસ તે બીજુ કોઈ જ નહિ પણ સુલતાન સુઝા હતો. અત્યાર સુધી તેણે બળ અને નિશ્ચયને દૃઢ રાખ્યાં હતાં પણ હવે તેને ભાઈની સત્તા અને ચડતા ભાગ્યને અધીન થવું પડયું. જ્યાં સુધી સુઝા પોતાની જાતના બચાવને માટે દરિયાના કિનારાપર આવેલા અને બંગાળના છેલ્લામાં છેલ્લા ઢાકા નગરમાં નાશી ગયો ત્યાં સુધી નિરંતર તેને ચારે તરફથી ઘેરી લેવાને માટે અમીર જમાલના ઉપર ઔરંગઝેબે લશ્કર મોકલ્યા કર્યું અને અહીંયાં સઘળી દગલ બાજીનો અંત આવ્યો.

આ શાહજાદા પાસે દરિયા પાર જવાને વહાણ ન હોતાં તેમ આશ્રયને માટે કયાં જવું તે સુઝતુ નહોતું. સુઝાએ પોતાના મોટા છોકરા સુલતાન બેગને આરાકાનના મૂર્તિપૂજક હિંદુ રાજાની પાસે મોકલ્યો અને તેને પુછાવ્યું કે મકકા જવાને માટે મોસમ આવે ત્યાં સુધી તે તેને આશ્રય આપશે કે કેમ? સુલતાન સુઝાનો વિચાર એવો હતો કે મક્કા જવું અને ત્યાંથી તુર્કીસ્તાનમાં અથવા ઇરાનમાં જઈને રહેવું. આરાકાનના રાજાએ ઘણીજ સભ્યતાથી તેને હા કહી. સુલતાન બેગ કેટલીક ગેલીઓ હોડીઓ લઈ પાછો આવ્યો. તે ગેલીઓને ફ્રેન્ચ લોક ચલાવતા હતા. આ દેશમાં આવેલા બધા ખ્રિસ્તીઓને અત્રે મેં ફ્રેંકમાં ગણ્યા છે, તેમનો આશય દેશને લૂંટી લેવાનો હતો. આખા દક્ષિણ બંગાળમાં તેઓ ફેલાઈ ગયા હતા. હોડીઓમાં બેસી સુલતાન સુઝા, તેની બેગમ, ત્રણ દીકરા અને દીકરીઓની સાથે આરાકાન ગયો. રાજાએ તેમને સારો આવકાર આપ્યો અને જોઇતી દરેક વસ્તુ પૂરી પાડી. મહિના પર મહિના ચાલ્યા ગયા, અનુકૂલ ઋતુ આવી પરંતુ મક્કે જવાને માટે વહાણનું કંઈ થયું નહિ ત્યારે સુઝાએ ભાડે વહાણ લેવાની વેતરણ કરી, કારણ કે હજી તેની પાસે સોનુ રૂપુ અને ઝવેર પુષ્કળ હતાં. તેની પાસે પુષ્કળ નાણું હતું અને તેની મોટી દોલતેજ ઘણું કરીને તો તેનો નાશ કરાવ્યો. આ જંગલી રાજા ઔદાર્ય ગુણથી રહિત હતો એટલું જ નહિ પણ તેણે જે વચન આપ્યું હતું તે પાળવાની પણ તેને ઓછીજ દરકાર હતી. તેનામાં ડહાપણનો કે વિચારનો અંશ નહોતો. તેની પ્રકૃતિજ દુષ્ટ કર્મો કરવામાં એક થઇ હતી એટલે તેને સારાસાર વિચાર હતો જ નહિ. સ્વાર્થમાં અંધ થઈ તેઓ ગમે તેવું ક્રૂર અને અમાનુષિક કાર્ય પણ કરે છે. આ દુષ્ટોના હાથમાં પડયા પછી નિકળવાનાં બે બારાં હોય છે અને તે એકે કાંતો તમારી પાસે તેમના લોભાગ્નિને શાંત કરવા જેટલું ધન હોય વા તમારામાં તેમનાથી વધારે બળ હોય. સુલતાન સુઝાએ મક્કે જવાનાં વહાણ આપવાને માટે પ્રાર્થના કર્યા કરી પણ રાજાએ કંઈ સાંભળ્યું જ નહિ. ઉલટો તેણે એમ ઠપકો દીધો કે શાહજાદો મને મળવાને માટે આવતો નથી. સુલતાન સુઝા તેને મળવું એ પોતાના દરજ્જાથી ઓછું ધારતો હશે કે તેને કેદ પકડી લેવાની તથા પોતાનો ખજાનો—પૈસો લૂંટી લેવાની બીક હશે કે શું, તેથી તે રાજાની પાસે જતો નહિ. ઔરંગઝેબને નામે અમીરે



તે રાજાને ઘણો પૈસો આપવાનાં અને બીજાં સારાં સારાં વચન આપ્યાં હતાં અને જો તે સુલતાન સુઝાને પકડી એને સ્વાધીન કરે તો તરતજ તે પુરાં પાડવાનું વચન આપ્યું હતું. સુલતાન સુઝા છેવટ સુધી તેને મળવા ગયો નહિ પરંતુ છેવટ તેણે સુલતાન બેગને રાજાની પાસે મોકલ્યો. સુલતાન બેગ રસ્તામાં સોનાની મહોરો અને રૂપિયા ઉછાળતો આરાકાનના રાજાની પાસે ગયો અને તેને ઉંચી જાતનાં જરીનાં કપડાં તથા સોના રૂપામાં બેસાડેલી ઝવાહીરની ભેટો આપી. પોતાના બાપથી તેને મળવા ન અવાયું તેને માટે દરગુજર કરવાનું જણાવી મક્કે જવાનાં વહાણ આપવા સંબંધીનું તેનું વચન તેને યાદ દેવડાવ્યું.

પ્રથમની પ્રાર્થનાઓની માફક આ પ્રાર્થના પણ તે દુષ્ટ રાજાને પોતાનું વચન પાળવાને માટે યાદ અપાવતાં નિષ્ફળ ગઈ. આ દુષ્ટ રાજાએ પછી પાંચ છ દિવસ રહીને સુલતાન સુઝાની શાહજાદીની માગણી કરી. સુલતાન સુઝાએ આ માગણી પાછી વાળી અને તેની સ્થિતિ મરણીઆ જેવી થઈ પડી. હવે તેણે શું કરવું. જો આળસુ રહે તો નાશ થાયછે. દરિયાની મુસાફરી કરવાની મોસમ ચાલી જતી હતી તેથી ગમે તે એક નિશ્ચય ઉપર આવવાની જરૂર હતી. તેણે છેક છેવટ એક નિશ્ચય કર્યો અને તેને પરિણામે તે આશા રહિત અને ખરાબ સ્થિતિમાં આવી પડયો. આરાકાનનો રાજા જો કે હિંદુ હતો તેમ છતાં તેના રાજ્યમાં ઘણા મુસલમાનો હતા અને તેઓમાંના ઘણા ખરા ઉપર જણાવેલા કિનારાપર ફરતા ફ્રેંચ લોકના તાબેદાર થઈ પડ્યા હતા. બાકીના ઘણા મુસલમાનોને એકઠા કરી પોતાના પક્ષમાં લઇ પોતાનાં થોડાંક માણસોમાં વધારો કરી તેથી આરાકાનના રાજાના ઘર પર તુટી પડી તેના આખા કુટુંબને કતલ કરી આરાકાનનો રાજા થઈ પડવાની સુલતાન સુઝાએ વેતરણ કરી. આ સાહસ ડાહ્યા માણસને યોગ્ય હોય તેના કરતાં મરણીઆને વધારે યોગ્ય હતું. તોપણ એ સાહસ જોનાર હોલાંડના અને પોર્ટુગાલના માણસો તથા મુસલમાનોએ મને જણાવ્યા પ્રમાણે ઘણું સારૂ હતું. પરંતુ જે દિવસે હલ્લો કરવાનો હતો તેને આગલે દિવસે તે કપટ ઉઘાડુ પડી જવાથી સુલતાન સુઝા અને તેનું આખુ કુટુમ્બ નાશકારક સ્થિતિમાં આવી પડયું.

સુલતાન સુઝાએ પેગુ જતા રહેવાનો વિચાર કર્યો પરંતુ હાલ જેવા રસ્તા અને સડકો છે તેવું પહેલાં કંઇજ નહોતું. માર્ગ પર્વત અને મોટાં

જંગલોને લીધે વિષમ હતો. નાઠા પછી બરોબર ચોવિસ કલાકે તેને પકડી પાડવામાં આવ્યો. ઘણીજ વખાણવા જેવી રીતે તેણે પોતાનો બચાવ કર્યો અને હઠ તથા હિમ્મતથી તેણે ઘણા જંગલીઓનેકાપી નાંખી પોતાની તરવાર તળે ઢગલો કર્યો; પરંતુ વધતા જતા દુશ્મનોને લીધે અસમાન સંખ્યાની સાથે લડવું તેણે પોતે છોડી દીધું અને તેમ થતાં તેમણે તેને પકડી લીધો. સુલતાન બેગ તેના બાપ જેટલો આગળ જવા પામ્યો નહોતો. શત્રુઓ આવી પહોચતાં તે પણ સિંહની પેઠે તેમની સાથે લઢયો હતો. પરંતુ ચારે તરફથી તેના પર વરસાવવામાં આવતા ધારવાળા પથ્થરોથી જ્યારે તે લોહી લુહાણ થઈ ગયો ત્યારેજ તેમને અધીન થયો. શત્રુઓએ સુલતાન બેગ, તેના બે ભાઇઓ, તેની બહેનો અને તેની માને પકડી લીધાં અને આરાકાન લઈ ગયા.

વિશ્વાસ રખાય એવો વધુ હેવાલ સુલતાન સુઝાના વિષે બીજો મળ્યો નથી. એમ કહેવાય છે કે એક ખોજો, એક દાસી અને બીજા બે માણસો સાથે તે પહાડી પ્રદેશમાં જઈ પહોચ્યો હતો; એટલામાં એક ધારવાળો પથ્થર તેના માથામાં વાગ્યો એટલે તમ્મર ખાઇને તે નીચે ટુટી પડ્યો, પરંતુ ખોજાએ પોતાની પાઘડી વતી પોતાના સ્વામિના માથાનો ઘા સખ્ત બાંધી લઈ પોતે તેને ઉપાડી જંગલમાં ગેબ થઈ ગયો હતો.

આ બનાવ નહિ જોનારાઓની પાસેથી તેના સંબંધે મેં બે ત્રણ જુદી જુદી વાતો સાંભળી હતી. કેટલાકોએ મને ખાતરીથી કહ્યું હતું કે, કતલ થઈ ગયેલાઓના ઢગલામાંથી તેનું શબ જડયું હતું, જો કે તે ઓળખાય તેવું રહ્યું નહોતું. વળી એ દેશમાં વેપારી કોઠી ચલાવનાર એક હોલંડરના એવાજ હેવાલનો પત્ર પણ મેં જોયો હતો. આમ છતાં કશું નક્કીપણે જાણવામાં આવેલું નથી અને તેથી કરીને જ હાલ દિલ્હીમાં ઘણીવાર ચિંતા ઉત્પન્ન કરે તેવી બાબતોના વારંવાર ગપાટા ચાલ્યા કરે છે. એક વાર એવી વાત ચાલી હતી કે સુલતાન સુઝા સહી સલામત મછલીપટન આવી લાગ્યો છે અને ગોવલકાંડાનો તથા વિજાપુરનો રાજા પોતાથી બને તેટલા લશ્કરની તેને મદદ આપવામાં સામેલ થઈ ગયા છે. બીજી એકવાર એવી વાત ખાતરીથી બોલાતી હતી કે, સુલતાન સુઝાને બે લાલ વાવટાવાળાં વહાણોમાં સુરત આગળ થઇને પસાર થતો જોવામાં આવ્યો છે. આ વહાણો તેને પેગુના રાજાએ અથવા સિયામના રાજાએ આપ્યાં હતાં. વળી એમ



પણ કહેવાતું હતું કે સુલતાન સુઝા ઈરાનમાં છે. તે સિરાજમાં છે ત્યાંથી કંદહાર ગયો છે અને કાબૂલપર ચઢાઈ કરવાની તૈયારીમાં છે. એક વાર ઔરંગઝેબે પોતે કહ્યું હતું, પછી તે મશ્કરીમાં બોલ્યો હોય તો કોણ જાણે? છેવટ સુલતાન સુઝા હાજી યાત્રાળુ થયો છે; તેણે મક્કાની યાત્રા કરી છે અને હજી હાલ કેટલાક ખાતરીથી જાણનારા એવા માણસો પણ છે કે, પુષ્કળ પૈસાથી મદદ મેળવીને સુલતાન સુઝા કોન્સ્ટૉન્ટીનોપલથી હમણાંજ ઈરાનમાં આવ્યો છે. મારા વિચાર પ્રમાણે તો આ ગામ ગપાટામાંનો કોઈ પણ ખરો નહોતો. હું એક ડચ ગૃહસ્થના પત્ર ઉપર વધારે વિશ્વાસ રાખું છુ. એ પત્રમાં જણાવેલું હતું કે સુઝા નાશતાં નાશતાં માર્યો ગયોછે. બંગાળથી મછલીપટન જતાં મારે તેના એક ખોજાનો સંગાથ થયો હતો તેણે અને સુઝાના તોપખાનામાંના અને હાલ ગોવળકોડાના રાજાની નોકરીમાં રહેલા એક બીજા માણસે એમ બે જણે મને ખાતરીથી જણાવ્યું હતું કે, 'તેમનો સ્વામી મરણ પામ્યો હતો.' જો કે આથી વધારે વાત જણાવાને તેઓ રાજી નહોતા. એક ઈસ્પહાનથી આવેલો ફ્રેન્ચ વેપારી મને દિલ્હીમાં મળ્યો હતો તેણે કહ્યું હતું કે ઈરાનમાં સુલતાન સુઝાને વિષે તેણે કશું પણ સાંભળ્યું નહોતું. જ્યાં આગળ તેને જંગલીઓની સાથે લડાઈ થઈ હતી ત્યાંથી તેની તલવાર અને જમૈયો મળી આવ્યાં હતાં, અને બીજા લોક માને છે તેમ કદાપિ તે જંગલમાં નાશી જવા પામ્યો હોય તો પણ તે ત્યાં બચવા પામ્યો નહિ હોય. જંગલમાં તે કાંતો લૂંટારૂઓને હાથે મરણ પામ્યો હશે અથવા ત્યાંનાં જંગલમાં અનેક વાઘ અને જંગલી હાથીઓ રહે છે તેના સપાટામાં આવી તેમને ભોગ પડી આ દુનિયાંમાંથી ચાલ્યો ગયો હશે.

સુલતાન સુઝાનું શું થયું તેને માટે ગમે તેવા શક લઈ જવાય એમ છે પરંતુ તેના કુટુમ્બના ઉપર જે આફત આવી પડી તેને માટે તો કશો શક નથી. જ્યારે પુરૂષો, સ્ત્રિયો અને છોકરાંને પકડી આણ્યાં ત્યારે તેમને બંદીખાનામાં પુર્યાં અને ઘણીજ નઠારી રીતે રગડવામાં આવ્યાં. થોડા દિવસ પછી તેમ છતાં તેમને છોડયાં અને સારી રીતે રાખવા માંડ્યાં. રાજા મોટી શાહજાદી સાથે પરણ્યો પણ રાજમાતાને સુલતાન બેગ સાથે જોડવાની ઘણી હોંસ હતી.

જ્યારે આ પ્રમાણે વર્તમાન ચાલતા હતા ત્યારે, મેં પ્રથમ કહ્યું છે તેવા કપટોપાયમાં કેટલાક મુસલમાનોની સાથે સુલતાન બેગના માણસો સામીલ થયા. જે દિવસે એ કપટનો પરિણામ આવવાનો હતો તેને આગલે દિવસે એક દારૂડીઆએ દારૂના જોમમાં એ બાબતને ફોડી નાંખી. આના સંબંધે પણ મેં જુદી જુદી ઘણી વાતો સાંભળી છે. ખાતરી લાયક વાત તો એ છે કે આ બાબત પાદશાહના જાણવામાં આવતાં તે એટલો બધો ક્રોધે ભરાયો કે તેણે સુલતાન સુઝાના આખા કુટુંબને નિર્મૂળ નાશ કરવાનો હુકમ આપ્યો. જે શાહજાદીની સાથે તે પોતે પરણ્યો હતો અને હાલ જેને કેટલાક મહિના થયા હતા તેને પણ તેના ક્રૂર હુકમની રાહે રેંશી નાંખવામાં આવી. સુલતાન બેગ અને તેના બે ભાઇઓને બુંઠા કુહાડાઓથી ગરદન મારવામાં આવ્યા (મસ્તક કાપી નંખાવ્યાં) અને તે દુર્ભાગ્ય કુટુમ્બની સ્ત્રિયોને એક સખ્ત અંધારા ઓરડામાં કેદ કરી તેમને ભૂખે મારી નાંખવામાં આવી.

આ પ્રમાણે જે લડાઈ ચાર ભાઇઓ વચ્ચે રાજ્ય લોભને લીધે લાગી હતી તેનો અંત આવી ગયો. ૧૬૫૫ થી ૧૬૬૦–૬૧ એટલે લગભગ પાંચથી છ વર્ષ સુધી તે ચાલી હતી. આ ભયંકર લડાઇને પરિણામે ઔરંગઝેબ એક મોટા અને વિસ્તારવાળા રાજ્યનો નિષ્કંટક પાદશાહ થયો.

## ઔરંગઝેબ ગાદીએ બેઠા પછી બનેલા જાણવા જોગ બનાવો.

લડાઈ પૂરી થઈ ગયા પછી યુસબેગના તાતારોએ ઔરંગઝેબને મુબારકબાદી આપવા માટે એક એલચીખાતું મોકલ્યું. શાહજહાનના રાજ્યમાં જ્યારે સમરકંદના ખાનને બલ્કના ખાન સાથે વિગ્રહ ચાલતો હતો ત્યારે પાદશાહે કેટલુંક લશ્કર આપી ઔરંગઝેબને સમરકંદના ખાનની મદદે મોકલ્યો હતો. અકબારે જેમ કાસ્મિર લઈ લીધું હતું તેમ ઔરંગઝેબ બેઉના દેશ લઈ લેશે એવા ભયથી લડાઈ મૂકી દઈ તેઓ એક થઈ ગયા અને બલ્કનો કિલ્લો લેવા પ્રપંચ રચ્યો. તેમણે આ લડાઇઓમાં ઔરંગઝેબનું બળ અને ચાતુર્ય જોયું હતું તેથી એમ ભય રાખતા હતા કે, તે પેલા પ્રપંચનું વેર લીધા વગર રહેશે નહિ. હાલ હિંદુસ્તાનમાં બનેલા બનાવથી તેઓ જાણીતા થયા હતા અને ગાદીને માટે લડતા ચારે ભાઇઓમાં બીજાઓનો નાશ થઈ જઈ ઔરંગઝેબ હિંદુસ્તાનનો પાદશાહ થયો



હતો એવી હકીકત પણ તેમના જાણવામાં આવી હતી. શાહજહાન જીવતો છતાં તેનો શાહજાદો જ હવે હિંદુસ્તાનનો ખરો અને માન્ય પાદશાહ થયો છે એમ જાણતાં તેમણે ઉક્ત એલચીખાતું મોકલ્યું હતું. આમ કરવામાં ત્રણ કારણ હતાં; એક તો તેના કોપમાંથી બચવાનું, બીજું પોતાને માન્ય રખાવાનું અને ત્રીજુ સામી ભેટમાં મોટો માલ મળવાની આશા રાખવાનું હતું. મુબારકબાદીમાં તેમણે કેટલીક ભેટો અને તેમના જેવું કામકાજ હોય તો તે ફરમાવવાની માગણી કરી હતી. લડાઈ થઈ રહ્યા પછી કરેલું મહાંનિયું કેમ સ્વીકારવું તે તે સારી રીતે જાણતો હતો. એલચીખાતું મોકલવામાં તેમનો જે આશય હતો તે પણ તે પામી ગયો હતો. બર્નિયર કહે છે કે, સદ્ભાગ્યે એ લોક આવ્યા ત્યારે હું દરબારમાં હાજર હતો. તેમનો કેવી રીતે સત્કાર થયો હતો વગેરે બાબતનો હું નીચે પ્રમાણે જાતે જોયલો હેવાલ લખું છું.

યુસબેગના પ્રતિનિધિઓએ દૂરથી મુગલાઈ સલામ કરી. પછી તેઓ એટલા પાસે ગયા કે પાદશાહે તેમના હાથમાંથી કાગળ લીધો હોત પરંતુ ઉમરાવે પત્ર લીધો, ઉઘાડ્યો અને પાદશાહના હાથમાં આપ્યો. પાદશાહે પત્રને ગંભીર ચહેરે મનમાં વાંચ્યા પછી તરત હુકમ કર્યો કે તેમને પગથી માંડીને માથા સુધીનો સર્વ પોષાક શિરપાવ તરીકે આપવો. સાલ, પાઘડી, જામા અને રેશમી જરીયલ દુપટ્ટા આપવામાં આવ્યા પછી ખાનના તરફથી મોકલવામાં આવેલી ભેટો પાદશાહની આગળ આણવામાં આવી. આ ભેટોમાં, લાપીસ લાઝુરીની કેટલીક પેટીઓ, થોડાં લાંબા વાળ વાળાં ઉંટો, શોભીતા ઘણાક ઘોડા; ( તાતાર દેશના ઘોડા જોરમાં કે બળમાં તો કંઈ એવડા બધા સારા હોતા નથી પણ દેખવડા હોય છે ) સુકો અને લીલો મેવો; જેવો કે, શેફફળ, દાડિમ, જમરૂખ, લીલી દ્રાક્ષ, અને મીઠાં લીંબુ, સુકામાં, બોખાર, આલુબોખાર પસ્તાં, ઠીલા વગરની કાળી અને ધોળી મોટી દ્રાક્ષ વગેરે હતું.

ઔરંગઝેબે ખાનની આ ઉદારતા માટે પસંદગી બતાવી અને ઘોડા, ઉંટ તથા ફળનાં ઘણાં વખાણ કર્યાં. પછી યુસબેગની ફળદ્રુપતા વિષે કેટલુંક કહ્યું અને ત્યાર પછી સમરકંદની પાઠશાળાના સમાચાર પૂછ્યા. પછી પ્રસંગોપાત પોતાને મળવાનું કહી તેણે તેમને ઉતારે જઈ વિશ્રાંતિ લેવાનું ફરમાવ્યું.

પાદશાહે તેમના હાથમાંથી પત્ર ન લીધો તેથી અથવા સલામ કરવી પડી તેથી નાખુશ ન થતાં તેઓ પોતાને મળેલા શિરપાવ અને સત્કારથી પ્રસન્ન થતા પોતાને ઉતારે ગયા. જો તેમને જમીનપર પડી દંડવત્ કરવાને અથવા એથી પણ વધારે નમ્ર નમસ્કાર કરવાને ફરજ પાડી હોત તોપણ મને ખાતરી છે કે તે તેમણે ખુશીથી કર્યું હોત. તેમના દેશની રીત પ્રમાણે સલામ કરવાનો આગ્રહ અને ઉમરાવને હાથે નહિ પણ પાદશાહના હાથમાં બારોબાર પત્ર આપવાનું તેમણે જો ધાર્યું હોય તો તે નિર્થક હતું કારણ કે એ છૂટ માત્ર ઈરાનના પ્રતિનિધિઓને જ મળે છે અને તે પણ કેટલી મુશ્કેલીએ અને આનાકાનીએ આપવામાં આવે છે.

આ યુસ્બેગના પ્રતિનિધિઓ ચાર પાંચ મહિના દિલ્હીમાં રહ્યા. આવો લાંબો અટકાવ તેમની તંદુરસ્તીને ઘણો જ ગેરફાયદો કરનાર જણાયો. તેમાંના કેટલાક માંદા પડ્યા અને કેટલાક મરી ગયા. ઠંડા દેશના રહેવાશી હોવાથી હિંદુસ્તાનની ગરમીને લીધે આમ થયું કે તેમની અસ્વચ્છતાથી વા અપૂર્ણ ખોરાકથી તે શંકા ભરેલું છે. તેઓ તાતાર લોક કરતાં કંઈ ઓછા ગંદા કે મૂંજી નહોતા. ઔરંગઝેબના તરફથી પુષ્કળ પૈસા મળવા છતાં પણ તેઓ પોતાને ન છાજતી કંજુસાઈથી રહેતા હતા. છેવટ તેમને મોટી ધામધુમથી વિદાય કરવામાં આવ્યા. ઉમરાવોની સમક્ષ પાદશાહે તેમને દરેકને બે જોટા કિમતી કાપડ અને આઠ હજાર રૂપિઆ આપ્યા. ખાનને માટે પણ ઉમદા શિરપાવ અને ભેટો મોકલવામાં આવી. એ ભેટમાં—કેટલાક તાકા બુટ્ટાદાર લપેટાના, કેટલાક સોના રૂપાના તારની ચોકડીઓ પાડેલા મશરૂના, થોડી સેતરંજીઓ અને જવાહિરથી જડેલી બે સમશેરો હતી. દિલ્હીમાં રહેતા એક મોટા ધનાઢ્ય યુસ્બેગના પુત્રની મારફતે તેઓ રહ્યા તેની દરમિયાન ત્રણ વાર હું તેમને મળ્યો હતો. તેમના દેશ સંબંધી કેટલીક બાબત જાણવાનો મારો ઈરાદો હતો પણ તે તો તે કંઈ કહી શક્યા નહિ. તેઓ પોતાના દેશ સંબંધી પણ અજ્ઞાન જણાયા. તેઓ યુસ્બેગની સીમા પણ નહોતા જાણતા તો પછી થોડા વખતપર જે તાતાર લોકોએ ચીન[1] લઈ લીધું હતું તે સંબંધી તો મને તેઓ શું જણાવી શકે. એકવાર મને તેમની

૧—પ્રથમ તાતાર લોકે ચીન જીત્યુ હતું પણ તે પછી તેમને પાછા કહાડી મૂક્યા હતા. ૧૬૪૪માં બીજીવાર તાતારોએ ચીન જીતી લીધું અને 'શન–ચી' પાદશાહ થયો એજ મન્ચુવંશ હજી ચીનમાં રાજ્ય કરે છે.



સાથે જમવાની ઈચ્છા થઈ અને તેઓ વધારે સાદા હોવાથી હું તેમ કરી શક્યો. ખાણું મને ઘણું વિચિત્ર લાગ્યું કારણ કે તેમાં મુખ્ય ઘોડાનું માંસ હતું. જેમ તેમ કરીને હું જમવા લાગ્યો અને તેમને અતિ પ્રિય 'રગાઉટ'—નાં મારે વખાણ પણ કરવાં પડ્યાં. ખાણાની દરમીયાન જ્યાં સુધી મારા સાથીઓ પલાઉથી ગાલ ભરી ભરીને ખાતા હતા ત્યાં સુધી તો કંઈ વાતચિત થઈ નહિ, પરંતુ જ્યારે તેમનાં પેટ ઉંચાં આવ્યાં ત્યારે તેમનાં મોં ઉઘડ્યાં. આ લોક છરી કાંટે જમી જાણતા નથી.

વાત ચાલતાં તેમણે મને જણાવ્યું કે યુસ્બેગના લોક ઘણા જોરાવર અને કદાવર છે, તેની સાથે તીર કામઠામાં તો તેઓ કોઈ પણ જાત કરતાં ઘણાજ નિપુણ છે. પછી તીર કામઠાં મગાવ્યાં, જે હિંદુસ્તાનનાં તીર કામઠાં કરતાં મોટાં હતાં. તેમણે કહ્યું કે આ કામઠાંથી અમે બળદ, ઘોડો કે પાડો જે હોય તેને આરપાર વીંધી નાંખીએ છીએ. પછી તેમણે તેમના દેશની સ્ત્રિયોનાં બળ પરાક્રમ કહેવા માંડ્યાં, જેમની સરખામણીમાં આપણી 'આમાઝોન' નાજુક અને ડરકણ ગણાઈ. સ્ત્રિયોની શક્તિની તેમણે મને અનેક વાતો કહી પરંતુ તેમાંની એક મને આશ્ચર્ય ઉત્પન્ન થયું જે હું નીચે લખું છે. તેમણે કહ્યું કે, 'જ્યારે ઔરંગઝેબ અમારા દેશમાં લડાઈ ચલાવતો હતો ત્યારે એક વાર તેના કેટલાએક ઘોડેસ્વારો એક નાના ગામડામાં ગયા હતા. ત્યાં તેઓ લૂંટફાટ અને મારામારી કરતા હતા તેવામાં એક વૃદ્ધ સ્ત્રિએ તેમને કહ્યું કે—બેટા ! જો તમને જીવવાની આશા હોય તો ચાલ્યા જાવ, કારણ કે મારી છોકરીઓ બહાર ગયેલી છે તે આવી પહોચશે તો તમારા જીવ લીધા વગર રહેશે નહિ. ડોશીનું કહેવું ન ગણગારતાં તેમણે લૂંટ ચલાવી અને કેટલાક માણસોને ગુલામ તરીકે પકડ્યા. છેવટ પોતાનાં પ્રાણીપર સઘળી માલ મિલકત ભરી તેમણે કેદીઓ અને પેલી ડોશી સાથે ગામ છોડ્યું. તેઓ માઇલ ગયા નહિ હોય એટલામાં તો નિરંતર પાછળ જોયા કરતી ડોશી બૂમ પાડીને બોલી ઉઠી કે, 'મારી દીકરીઓ આવી, મારી દીકરીઓ.' ડોશીને સંતાડી દીધી પણ તેમણે એમ ન ધાર્યું કે પોતાની વાલી જનેતાને છોડાવવા તેની દીકરીઓ આવે છે. ધૂળના ગોટેગોટ ઉડતા હતા તેમાં શું દેખાય ? ખભે તીરના ભાથા અને હાથમાં કામઠાંવાળી તાતાર કુમારિકાઓ દૂરથી ઘોડાપર બેઠેલી જણાઈ. તેઓ દૂર હતી ત્યારે વળી એકવાર પેલી ડોશીએ સિપાઇઓને કહ્યું કે, હજી

પણ જીવ્યાની આશા હોય તો લૂંટ અને ગુલામો મૂકીને નાશી જાવ. મોગલોએ ડોશીનું કહેવું કાને ધર્યું નહિ, પણ જ્યારે ચાર તીરે ચાર જણને વીંધી નાંખ્યા ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા. મોગલોએ તેઓની સામે તીર નાંખ્યા પણ પહોચ્યા નહિ. તાતાર કુમારિકાઓના બળવાન હાથે નંખાતા તીર નિશાન બંધ મોગલોને લાગતા ગયા. અડધા માણસોને આ પ્રમાણે તીર માર્યા પછી તેઓ તરવાર લઇને તૂટી પડી અને સઘળા મોગલોને કાપી નાંખ્યા.'

ઔરંગઝેબને સખ્ત માંદગી આવી ત્યાં સુધી તાતારના પ્રતિનિધિઓ દિલ્હીમાં જ હતા.[1] તેને વારંવાર તાવ આવતો હતો અને જીભ એવી અશક્ત થઈ ગઈ હતી કે બોલાતું નહિ. વૈદ્યોએ એની આશા મૂકી દીધી અને સામાન્ય રીતે તે મરણ પામ્યો એમ બોલાયું, જો કે ખરી બાબત સ્વાર્થને લીધે રોશનઆરા બેગમ ગુપ્ત રાખતી હતી. ગુજરાતનો સૂબો જશવંતસિંહ શાહજહાન પાદશાહને છોડાવવાને આવે છે, એવી આ વખતે અફવા ચાલી હતી. બીજી તરફથી કાબુલનો સૂબો મહોબ્બતખાન, જેણે ઔરંગઝેબને પાદશાહ તરીકે માન્ય કર્યો હતો છતાં, જશવંતસિંહ જેવા વિચારે ત્રણથી ચાર હજાર ઘોડેસ્વાર સાથે કાબુલથી નીકળેલો લાહોર થઈ સપાટાબંધ આગ્રા તરફ ચાલ્યો આવે છે, એવી પણ અફવા ઉડી હતી. વળી ઇતબારખાન ખોજો, જેના કબજામાં વૃદ્ધ પાદશાહને સોંપેલો હતો તે પાદશાહના બંદિખાનાનાં દ્વાર ઉઘાડાં મૂકવાનું માન લેવાને અતિ આતુર થઈ રહ્યો છે, એમ પણ બોલાતું હતું.

આણી તરફ સુલતાન માજુમે લાંચ અને ભેટ સોગાતો આપી ઉમરાવોને પોતાના પક્ષમાં લેવાની મહેનત કરવા માંડી હતી. એકવાર રાતે વેશ બદલી તે રાજા જયસિંહને ઘેર ગયો અને તેને માનથી ઘણી નમ્ર ભાષામાં વિનવ્યો કે તેણે તેના પક્ષમાં આવવું. બીજી તરફ ઔરંગઝેબનો ત્રીજો શાહજાદો સુલતાન અકબર જે માત્ર સાત વર્ષની ઉમર હતો તેની વતી રોશનઆરા બેગમ પ્રયત્ન કરતી હતી. તેણે ઘણા ઉમરાવો અને આર્ટીલરીના વડા ફેઇડીખાનને પોતાના પક્ષમાં લઈ લીધા હતા.

૧ આ મંદવાડ વિશે જુદાં જુદાં વર્ષ લખાયલાં છે પણ ખાફીખાનના લેખ પ્રમાણે તે ૧૬૬૨ ની સાલ હતી.



ઇતબારખાન અથવા બીજું કોઈ વૃદ્ધ પાદશાહને છોડી દે અને પોતાનો સ્વાર્થ સધાય નહિ માટે ઉપર કહેલા બેઉ પક્ષે એવું બહાનું બતાવ્યું હતું કે, અમે જે મહેનત કરીએ છીએ તે અમારે માટે નહિ પણ શાહજહાનને છોડવવાને માટે કરીએ છીએ. લોકે આ વાત માની હતી. શાહજહાનને પુનઃ રાજ્યાસનપર આણવાની ઇચ્છા રાખતો હોય એવો તો ખરૂં જોતાં કોઈ ઉમરાવ કે વગસગવાળો માણસ દિલ્હીમાં નહોતો. જશવંતસિંહ, મોહબ્બતખાન અને બીજા કેટલાક હજી તેનાપર પ્રીતિ રાખતા હતા અને તેની સામે પડતી બાબતમાં ભાગ લેતા નહિ. શાહજહાનનો પક્ષ છોડી દઈ ઔરંગઝેબના પક્ષમાં ભળી ગયો નહોય એવો એકે ઉમરાવ નહોતો. શાહજહાનને બંદીખાનામાંથી મુક્ત કરવો, એ સિંહને પાંજરામાંથી કહાડવા જેવું ભયંકર છે, એમ તેઓ જાણતા હતા. આવી જાતનો બનાવ બનવાના સંભવે આખો દેશ ગભરાયો હતો, તેમાં સઉથી વધારે ઇતબારખાનને ભય લાગ્યો હતો, કારણ કે તેણે અકારણ તેના હાથમાં સોંપાયલા દુઃખીઆરા પાદશાહની ઉપર સખ્તી અને અસભ્યતા વાપર્યાં હતાં.

આવી સખ્ત માંદગી છતાં પણ ઔરંગઝેબ તેના બંદીવાન્ પિતાના ઉપર ચોકશી અને રાજ્યના કામ કાજ ઉપર ધ્યાન રાખ્યા કરતો હતો. સુલતાન માજુમને તેણે અંતઃકરણથી એવી શિખામણ આપી કે, 'જો કદાપિ મારૂ મરણ થાય તો તું પાદશાહને છોડજે.' વળી ઇતબારખાનના ઉપર રોજ પત્ર લખ્યા કરતો હતો કે 'તું તારી ફરજ વિશ્વાસથી અને નેકીથી અદા કરતો રહેજે.' તેની માંદગીને પાંચમે દિવસે જ્યારે તે મરી ગયો છે એવી લોકમાં વાત ચાલતી હતી ત્યારે, તેણે લોકવાયકાને ખોટી પાડી બતાવવાને તથા શાહજહાન બંધન મુક્ત થાય એવા બનાવને અટકાવવાને કારણે પોતાના માણસોને હુકમ કર્યો કે–'ઉમરાવોની સમક્ષ મને સભામાં લઈ જાવ.' સાતમે, નવમે અને દશમે દિવસે પણ ઉપર કહ્યાં તેવાંજ કારણોને લીધે તે માંદો માંદો પણ દરબારમાં ગયો હતો. માંદગીને તેરમે દિવસે તેને ખરેખરો ઝોબો આવ્યો હતો અને તે દિવસે તે મરીજ ગયો, એમ લોકમાં દૃઢ વાત ચાલતી હતી. ઝોબો વળ્યા પછી તરતજ તેણે પોતે જીવતો છે એમ બતાવવાને માટે રાજા જયસિંહ અને બીજા બે ચાર મુખ્ય ઉમરાવોને પોતાની પાસે બોલાવ્યા હતા. પછી તેણે પરિજનોને કહ્યું કે, 'મને બેઠો કરો અને ખડીઓ કાગળ અને કલમ લાવો.' તેણે પછી

પોતાને હાથે ઇતબારખાનપર કાગળ લખ્યો અને રોશનઆરા બેગમની સંભાળમાં સોંપેલો રાજ્યકીય સિક્કો લઈ આવવાનો ચાકરોને હુકમ કર્યો. એ રાજ્યકીય સિક્કાને એક કોથળીમાં ઘાલી તેના મુખપર તેણે પોતાની સીલ કરી હતી, જે સીલ તેના પ્રકોષ્ટપર બાંધી રાખેલી હતી. રોશનઆરા પાસેથી રાજ્યકીય સિક્કો મંગાવવામાં વળી તેની એવી પણ મતલબ હતી કે તેણે તેનો ઉપયોગ તો કર્યો નથી. મારા આગળ આ બધી બાબત જણાવવામાં આવી ત્યારે હું હાજર હતો અને તે બાબત સાંભળતાં આગાખાને કહ્યું કે—'અહો શું માનસિક બળ! અને શું અપાર ધૈર્ય! ઔરંગઝેબ ખુદા તને મોટી વિભૂતિ અને અભ્યુદયને માટે જીવતો રાખો. તું હજી મરવાને માટે યોગ્ય નથી.' આ શબ્દો મેં કાનોકાન સાંભળ્યા હતા. આગાખાનની આશીષ પછી દહાડે દહાડે ઔરંગઝેબને ફેર પડતો ગયો.

આ વખતે એક મુખ્ય ઉમરાવે હિમ્મતથી ઔરંગઝેબને કહ્યું કે 'આ પ્રમાણે રાત દિવસ રાજ્યકાજમાં શ્રમ લેવાથી આપની તબીયતમાં બગાડો થશે, અને માનસિક શક્તિ તથા વિચાર દુ:સાધ્ય થઈ જશે.' આ હિતશ્વીના કહેવા તરફ લક્ષ ન આપતાં પાદશાહે એક બીજા મોટા ઉમરાવને બોલાવી તેના સંબંધે નીચે પ્રમાણે પોતાના વિચાર જણાવ્યા, જે વિચારો તે ઉમરાવના પુત્રે (જુવાન વૈદ્યે) જે મારો મિત્ર હતો તેણે મને કહ્યા હતા.

'વિદ્વાનોનો તો એવો મત હોવો જ જોઇએ કે, તેના હાથમાં જે પ્રજાને સોંપવામાં આવી છે તે પ્રજાના રક્ષણમાં અને સંકટના વખતમાં પોતાની જીંદગીના જોખમે પણ તેણે રણમાં ઉતરવું જોઇએ. પ્રજાના રક્ષણમાં હાથમાં તરવાર રાખીને મરણ પામવું એ સારૂં છે. હું ગમે તેમ થાય તોપણ રાજ્યની ચિંતા મૂકી દઇને સુખ વૈભવમાં સુખે ઉંઘવાનો નથી, કારણ કે રાજા તરીકે મારો એ મુખ્ય ધર્મ છે અને તેવાં કાર્ય હું મારા જીવના જોખમે પણ કરીશ અને તેમાંથી મને નિવૃત કરવાનો શ્રમ વૃથા જશે. આ શીખામણ પ્રમાણે ચાલું તો મારે મારા શારીરિક સુખનો જ વિચાર રાખવો પડે અને દૈહિક સુખ શાંતિ તથા મોજમઝા કેમ પ્રાપ્ત થાય તે જાણવું પડે. એ શીખ પ્રમાણે ચાલતાં આ મોટા રાજ્યની ધુરા મારે કોઈ હોંશિયાર વઝીરને સોંપવી જોઇએ પરંતુ એ શીખમાં એમ વિચાર કરવામાં આવ્યો નથી કે, રાજાનો પુત્ર અને તે પણ વળી ગાદી ઉપર આવેલો હોય તેણે કેમ વર્તવું જોઇએ. પરવરદિગારે મને આ દુનિયાંમાં મારા



પોતાના સુખને માટે નહિ પણ બીજાઓના સુખને માટે મહેનત કરવાને મોકલેલો છે. આથી એ તો મારો ધર્મ જ છે કે મારે મારા સુખનો વિચાર કરવો નહિ. જ્યાં સુધી મારી પ્રજા દુ:ખમાં હોય ત્યાં સુધી તો એવો વિચાર નજ કરવો જોઇએ, પછીની વાત પછી, એટલે કે પ્રજાના સુખ પછી મારૂ સુખ. મારે જે પ્રથમ વિચારવાનું છે તે બીજું કંઇજ નહિ પણ મારી પ્રજાની સુખ શાંતિ જ છે. ન્યાય, રાજ્યસત્તા અને રાજ્યની સલામતીને કોઇ પણ સુખને માટે ભોગ આપવાનાં નથી. આ શીખામણ દેનાર પોતે જે વિચારોથી દોરવાયલો છે તે વિચારોમાં એ ભૂલ ખાય છે એટલું જ નહિ પણ બીજાના સ્કંધ ઉપર મેલેલી રાજ્યધુરાથી કેવાં નઠારાં પરિણામ આણે છે તેનો પણ એને વિચાર આવ્યો હોય એમ લાગતું નથી. આપણા મહા પ્રસિદ્ધ કવિરાજ સાદીએ કહ્યું છે તે કંઈ વિચાર વગર કહ્યું નથી જ કે, 'હે રાજાઓ! તમે રાજ્યત્વને મૂકી ઘો, રાજ્યત્વને મૂકી ઘો, નહિતર પોતાના દેશ ઉપર પોતે જ રાજ્યકાજ અને પ્રજાની ચોકશી રાખવાનો દૃઢ નિશ્ચય કરો.' જાવ તમારા મિત્રને કહો કે હવે પછી કોઈ વાર પણ તે રાજાને પોતાના સુખમાં પ્રેરવાની શીખામણ આપે નહિ. અરેરે! આપણને કુદરતે જ આપણાં સુખ તપાસવાની પૂર્ણ ચાનક આપેલી છે તો પછી આપણે આવા સલાહકારોની શી અગત્ય છે. સુખ ચેનવાળા વિશ્રાંતિ અને મોજમઝાના રસ્તા ઉપર લઈ જનારીઓ તો આપણને આપણી સ્ત્રિઓ મળેલી જ છે.'

સાંજે થતાં વાંત જ ઔરંગઝેબે દારાની શાહજાદીને તેના ત્રિજા પુત્ર સુલતાન અકબર સાથે પરણાવવા માટે શાહજહાન અને બેગમસાહેબના કબજામાંથી મેળવવાનો યત્ન કર્યો. આ શાહજાદાને ઔરંગઝેબ પોતાના પછી ગાદીએ આવનાર માનતો હતો અને તેટલા માટે જ તેને દારાની પુત્રી સાથે પરણાવવાનો તેનો વિચાર હતો, કારણ જો એમ થાય તો સુલતાન અકબરનો હક વધારે દૃઢ થાય. એ શાહજાદો ઘણો નાનો હતો તેમ છતાં દરબારમાં તેનાં સગાં સાગવાની સારી સહાય હતી. વળી તે શાહનવાજખાનની પુત્રીને પેટ જન્મેલો હોવાથી મસ્કતના રાજ્યવંશનો દોહિત્ર હતો. સુલતાન મહમદ અને સુલતાન માજુમની માતાઓ રજપૂતાણીઓ હતી. મુગલ પાદશાહો મુસલમાન છતાં પોતાની સત્તાને બળવાન કરવાને માટે અથવા સ્વરૂપવતી સ્ત્રિયો મેળવવાને માટે રજપૂત–રાજાઓની કન્યાઓ પરણેછે.

ઔરંગઝેબ તેના વિચારમાં સફળ થયો નહિ. શાહજહાન અને બેગમ સાહેબે એ બાબતને તિરસ્કારથી ધિક્કારી કાઢી અને નાની શાહજાદીએ પણ એ લગ્ન કરવાની ખુશી બતાવી નહિ. કેટલાક દિવસ સુધી એ છોકરી ચિંતામાં રહી. એને એમ હતું કે, મને જોર જુલમથી ત્યાં લઈ જઈ પરણાવશે. છોકરીએ કહ્યું કે, 'મારા બાપને જેણે મારી નાંખ્યો છે એના છોકરા સાથે હું મરી જઈશ તે હા, પરંતુ પરણીશ નહિ.'

દુનિયાંમાં વખણાયલું મયૂરાસન પુરૂ કરવાને માટે તેણે શાહજહાન પાસેથી અમુક જવાહિર માગ્યું પણ કંઈ વળ્યું નહિ. વૃદ્ધ પાદશાહે ઉત્તર આપ્યો કે 'ઔરંગઝેબે આવી પંચાત ન કરતાં ડહાપણ અને સમતાથી રાજ્ય ચલાવવામાં લક્ષ દેવું જોઇએ. એ તખ્તના કામમાં વચ્ચે પડવાની કંઈ જરૂર નથી; અને હવે પછી જો જવાહીર માગવામાં આવશે તો હું તે સઘળાંને હથોડાવતી ભાગી નંખાવીશ.' ઔરંગઝેબે પછી બાબત છેડી નહિ.

હોલંડરોએ પછી ઔરંગઝેબને મુબારકબાદી અને ભેટ મોકલાવી. સુરતની કોઠીના તે વેળાના વડા ઑવરશીઅર ઍડીકનને પ્રતિનિધિ તરીકે મોકલવાનો તેમણે ઠરાવ કર્યો. કેટલાક જણ વિરૂદ્ધ છતાં પણ એ બુદ્ધિશાળી પુખ્ત વિચારનો અને ડાહ્યો પુરૂષ પોતાના દેશીઓનું કામ કરવાને દિલ્હી જવા નીકળ્યો; જો કે ઔરંગઝેબ એક ચુસ્ત મુસલમાન હતો અને ક્રિશ્ચિયન લોકને માટે તેને તિરસ્કાર હતો, તેમ છતાં આ એલચીખાતાની આગત વખતે તો તે ઘણોજ વિવેકી અને સભ્ય જણાયો હતો. મુગલાઈ સલામ કર્યા પછી મોન્શીઅર એડીકનને આગળ વધી રાજ્યગાદીને સલામ કરવાની રજા મળી હતી. પાદશાહે જો કે પત્ર તો ઉમરાવને હાથે જ લીધો પણ તેથી કંઈ અપમાન થયું એમ કહેવાય નહિ, કારણ કે યુરોપના પ્રતિનિધિઓના હાથમાંથી પણ પાદશાહે પત્ર લીધો નહોતો. આ બધી રીત થઈ રહ્યા પછી ઔરંગઝેબે ભેટ કાઢવાને માટે તેને સૂચવ્યું અને તેને તથા તેના રસાલાનાં થોડાં માણસોને સિરપાવ અને જરીઅલ કપડાં ભેટ આપ્યાં. ભેટમાં ઘણાં ઝીણાં અને સુંદર કપડાં, લાલ અને લીલાં કપડાં, કેટલાક આયના, અને ચીન તથા જાપાનની બનાવટનો બીજો ઘણોક સામાન હતો. આ સનમાં તખ્તે-રવાન અથવા ઉચકી લઈ જવાય એવી એક ઘણીજ સુન્દર પાલખી હતી અને તેને જોઈ સઉ આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા.



પરદેશીય રાજ્યના એલચીઓ દરબારમાં આવી બેસે એ એક પોતાના દરબારની ભવ્યતા અને મોટાઇ મનાય છે, એવા વિચારથી ઔરંગઝેબ સઘળા એલચીઓને ઝટ દઇને રજા આપતો નહિ. મોન્શીઅર એડીકનને પણ તેણે ધાર્યું હશે એટલી વહેલી નહિ પણ તાતારના એલચીઓ કરતાં વહેલી રજા આપવામાં આવી. તેનો સેક્રેટરી મરણ પામ્યો અને રસાલાના માણસો માંદા પડવા માંડ્યા, ત્યારે ઔરંગઝેબે તેને રજા આપી. રજા આપતાં વળી પાદશાહે તેને પોતાને માટે સિરપાવ આપ્યો. બટેવીઆના સૂબાને માટે બીજો ઘણો કિમતી પોષાક અને જવાહીરથી જડેલી કટાર સાથે ઘણોજ સારો પત્ર લખી આપ્યો.

આમ કરવામાં હોલંડરોનો વિચાર એવો હતો કે પાદશાહની તેઓના ઉપર મહેરબાની થાય અને દરીઆપારના દેશોમાં જે સૂબાઓ હોય, તેમણે જ્યાં જ્યાં કોઠીઓ નાંખી હોય ત્યાં અડચણ કરે નહિ. વળી તેમણે આથી એવી આશા રાખી હતી કે એ સૂબાઓ તેમને અપમાન આપતા અને વેપારને આગળ વધતો અટકાવતાં ડરે અને પોતાને માટે વડા દરબારમાં વગસગ છે એમ દેખાડતાં તેઓ તેમની ફરીઆદોને કાન પર લે. તેમણે પાદશાહને એમ બતાવવાનો યત્ન કર્યો કે, તેમનો વેપાર રાજ્યને ઘણો લાભકારક છે. આના ટેકામાં તેમણે જૂદી જૂદી જાતના માલનું એક મોટું લીષ્ટ રાજાને દેખાડયું હતું અને એથી એમ સિદ્ધ કરી આપ્યું હતું કે દરેક વર્ષે તેઓ હિંદુસ્તાનમાં પુષ્કળ સોનુ રૂપુ લાવે છે. આમ કરતાં તેઓએ ત્રાંબુ, શીશુ, મરી, એલોઝનું લાકડુ, હાથી અને બીજી વસ્તુઓથી તેઓ કેટલો સામાન લઈ જાય છે તે દેખાડયું નહોતું.

આ વખતે દિલ્હીમાં જનાનખાનામાં બનેલા એક બનાવે બહુજ ચર્ચા ઉભી કરી હતી. આ બનાવના સંબંધે મેં તેમજ બીજાઓએ જે વિચાર બાંધ્યા હતા તે છેવટ ખોટા પડ્યા. અમારો વિચાર એવો હતો કે, જે માણસનામાં શક્તિ નથી તેને પ્રીતિની અસર થતી જ નથી. આ વિચાર નવા બનેલા બનાવથી ખોટો છે એમ અમને નિશ્ચય થયો.

જનાનખાનાના મુખ્ય ખોજા દિદારખાને એક નવું મકાન બંધાવ્યું હતું અને વારંવાર ગમ્મતને ખાતર તે ત્યાં જઈ રહેતો તથા રાતે સુઈ જતો. આ ખોજાનો પાડોશી એક હિંદુ હતો અને તે કંટ્રાકટનો ધંધો કરતો હતો. દિદારખાન પાડોશીની એક રૂપાળી બેન સાથે પ્રીતિમાં પડયો હતો. તે બેની

વચ્ચે આડો વેહેવાર કેટલાક કાળ સુધી ચાલ્યો પણ કોઇને કંઈ શક ગયો નહિ; કારણ કે ગમે તેટલો પણ દિદારખાન ખોજો હતો અને સ્ત્રીઓના જનાનખાનામાં જવાની એને પૂર્ણ છુટ હતી.

છેવટ આ બે આસુક માસુક વચ્ચે એટલી બધી ઘાલમેલ થવા લાગી કે આડોશીપાડોશીને તેમની વચ્ચે પ્રીતિ છે એવો પૂર્ણ શક ગયો. આખર તે લોકોએ પેલા હિંદુ વેપારીને એ બાબતની ખબર આપી. તેણે તેમને એટલી બધી ધમકી આપી કે જો તમારા સંબંધે ચાલતી વાતનું સત્ય મારા જાણવામાં આવશે અને ખાતરી થશે તો બન્નેને રેંશી નાંખવાં પડશે. ખાતરી કરવાને માટે વધારે દહાડા વાટ જોવાની જરૂર પડી નહિ. એક દિવસ દિદારખાન અને પેલી સ્ત્રી એક બીછાનામાં સુતેલાં તેના જોવામાં આવ્યાં. ખરી બાબત નજરે પડતાંજ પેલા હિંદુ વેપારીએ દિદારખાનની છાતીમાં કટાર ભોકી દીધી અને પોતાની બેનને પણ ત્યાંની ત્યાંજ રેંશી નાંખી.

આ બનાવ બનતાં જનાનખાનામાં હાહાકાર વર્તાઈ રહ્યો. ખવાસણો અને ખોજાઓએ એકત્ર થઈ પેલા વેપારીને મારી નાંખવાનો ઠરાવ કર્યો, પણ તેમના વિચારથી ઔરંગઝેબ ગુસ્સે થયો અને પેલા વેપારીને માત્ર મુસલમાન–ઈસ્લામી ધર્મ અંગીકાર કરવાની ફરજ પાડીને જ સંતોષ પામ્યો.

આમ છતાં લોક મત તો એવો છે કે પેલો વેપારી મુસલમાન થવા છતાં પણ ખોજાઓના વૈર્ય અને સત્તાને ભોગ થઈ પડયો. હિંદુસ્તાનના લોક કહે છે કે, જન્મથી જે બોથડ જન્મ્યો હોય તેના કરતાં પાછળથી નપુંસક થયેલો માણુસ ઘણો જ ખરાબ નીવડે છે. જન્મનો બોથડ શાંત અને ગરીબ પ્રકૃતિનો હોય છે જ્યારે ખોજો વિષયી ન છતાં ઘણોજ ક્રૂર અને વેરી નીવડે છે. આમ છતાં તેઓમાંના ઘણાક વિશ્વાસને પાત્ર, ઉદાર અને શૂરવીર હોય છે એમાં તો શંસયાવકાશ છે જ નહિ.

થોડાક સમય પછી વળી બે પુરૂષોને જનાનખાનામાં દાખલ કરવાનો શક પડવાથી રોશનઆરા બેગમ ઉપર ઔરંગઝેબ નારાજ થયો હતો. કેટલાકો કહે છે કે એ માત્ર વહેમ જ હતો, અને પાદશાહે તેની બેનને તરતજ શાંત પાડી મનવી હતી. બેગમસાહેબના યારોને શાહજહાને જેવી શિક્ષા કરી હતી તેવી શિક્ષા રોશનઆરાના યારોને પકડીને ઔરંગઝેબની પાસે લઈ જવા છતાં પણ તેણે કરી નહોતી. બેગમસાહેબનો યાર પાણી ઉનું મૂકવાના દેગમાં સંતાઈ જતાં તેમાં જ તેને ગુંગળાવી



મારી નાંખવામાં આવ્યો હતો તે આપણે પ્રથમ વાંચી ગયા છીએ. ઔરંગઝેબે તેમ કર્યું નહિ. મા હિંદવાણી અને બાપ પોર્ટુગીઝથી જન્મેલી એક વૃદ્ધ પોર્ટુગીઝ સ્ત્રી, કે જેણે જનાનખાનામાં કેટલાંક વર્ષ નોકરી કરી હતી તેણે મને આ વાત જેવી કહેલી છે તેવીજ હું અત્રે ટાંકુ છું. તેણે મને કહ્યું કે, ઉક્ત યારોમાંના એક જુવાન માણુસની સાથે કેટલાક દિવસ સુધી ભોગ વિલાસ ભોગવી રોશનઆરા બેગમે તેને છૂપો રાખ્યો હતો. છેવટ તેણે તેને રાતને વખતે જનાનખાનામાંથી બહાર કાઢી મૂકવાને માટે પોતાની દાસીઓને સોંપ્યો, પરંતુ તેમના ઉપર ચોકશી રાખવામાં આવવાથી અથવા તેમને ભય લાગવાથી કે પછી ગમે તે કારણથી પણ એ દાસીઓએ પેલા ભયભીત થઈ ગયેલા યારને નજરબાગમાં જ છૂટો મૂકી દીધો અને પોતે નાશી ગઇઓ. નજરબાગમાંથી પકડીને તેને ઔરંગઝેબની સમક્ષ લઈ જવામાં આવ્યો. પાદશાહે તેને છેક પોતાની પાસે બોલાવી કેટલીક તજવીજ કરી પણ તેમાંથી તે બીજું કંઈ રહસ્ય કહાડી શકયો નહિ. માત્ર પેલા ભયાર્ત યારે એટલું જ કબૂલ કર્યું કે તે જનાનખાનાનો કોટ ચડીને આવ્યો હતો. ઔરંગઝેબે તેને જેમ આવ્યો હોય તેમ જનાનખાનામાંથી નીકળી જવાનું ફરમાવ્યું; પરંતુ એ માનવા જોગ છે કે, ખોજાઓએ પાદશાહના હુકમથી વધારે આગળ વધી તે બિચારાને કિલ્લાના ઊંચા કોટ ઉપરથી નીચે ખાઇમાં નાંખી દીધો. બીજા યારના સંબંધે પેલી વૃદ્ધ પોર્ટુગીઝ સ્ત્રીએ કહ્યું કે, એ બીજો માણુસ પણ નજરબાગમાંથી પકડાયો હતો અને પાદશાહની આગળ લઈ જતાં તેણે કબુલ કર્યું હતું કે તે બીજે કાંહીથી નહિ પણ દરવાજાને રસ્તેથી અંદર આવ્યો હતો. એજ દરવાજે થઇને બહાર નાશી જવાને માટે તેને ફરમાન થયું હતું; તોપણ ખોજાઓના ઉપર દાખલો બેસાડવાને માટે સખ્ત શિક્ષા કરવાનો ઔરંગઝેબે નિશ્ચય કર્યો હતો; કારણ કે, તેમના રક્ષણમાં આમ ઘાલમેલ થાય તેથી પાદશાહી કુટુમ્બને લાંચ્છન લાગે એટલું જ નહિ પણ તેથી કોઈવાર પાદશાહની જાતની સલામતીને પણ ભય રહે ખરો. જનાનખાનાના દરવાજાઓ ઘણીજ ચોકશીથી સાચવવા જોઇએ. ઔરંગઝેબે ત્યાર પછી ખોજાઓને તથા દરવાનોને સખ્ત તાકીદ આપી હતી.

આ બનાવ બન્યા પછી કેટલેક મહિને થોડા થોડા દિવસને અંતરે દિલ્હીમાં પાંચ પરદેશીય રાજ્યના પ્રતિનિધિઓ આવ્યા. પહેલો પ્રતિનિધિ

મક્કાના શેરીફનો હતો અને તે જે ભેટ લાવ્યો હતો તેમાં થોડાક અરેબીઅન ઘોડા અને પવિત્ર સાવરણી હતી. મક્કાની મોટી જુમા મસજિદનો મધ્ય ભાગ જ્યાં બેશીને કાજીઓ વાયેજ આપે છે તે ભાગ વાળવામાં એ સાવરણી ઘણો કાળ વપરાયલી હતી. મુસલમાનો વાયેજના ઓરડાને ઘણોજ પવિત્ર માને છે તેને બી–ઈદ અલ્લાહ ખુદાનું ઘર કરીને કહેવામાં આવે છે. તેને તેઓ ખરા ઈશ્વરને અર્પણ કરેલું પ્રથમ પવિત્ર મકાન માને છે અને તે અબ્રાહામે બંધાવેલું છે એમ કહેવાય છે.

બીજો રાજ્ય પ્રતિનિધિ, મક્કાના અગ્નિકોણમાં આવેલા અરેબિયા ફેલીક્ષ નામના દેશના રાજાએ મોકલેલો હતો. ત્રીજો બસરાના રાજાનો હતો અને તેઓ બન્ને અરેબીઅન ઘોડાઓ ભેટને માટે લાવેલા હતા.

બીજા બે રાજ્ય પ્રતિનિધિઓ ઇથિયોપિયાના રાજાએ મોકલેલા હતા.

ઉક્ત રાજ્યપ્રતિનિધિઓમાંના પહેલા ત્રણને તો થોડુ અથવા વધારે માન આપવામાં આવ્યું નહિ એમ કહીએ તોપણ ચાલે. તેમની ભેટ–સામાન–એવી તો નાદાર હતી કે, સઉ કોઇને એવો શક પડયો કે તેઓ બીજા કોઈ કારણને લીધે નહિ પણ ભેટ આપી તેના બદલામાં પાદશાહ પાસેથી સારાં નાણાં મેળવવાને માટે આવેલા છે. વળી રાજ્ય પ્રતિનિધિના સામાન તરિકે ઘણીક વેપારની વસ્તુઓ દાણ જકાતમાંથી બચાવી તેઓ દેશમાં લાવ્યા હતા; જેમાંથી પણ તેમને સારો લાભ થવાની આશા હતી. અરબસ્તાનના ઘોડા અને બીજો સામાન વેચી તેમણે હિંદુસ્તાનની વસ્તુઓ ખરીદ કરી હતી અને તેપણ પરદેશ ખાતે જતા માલ ઉપર લેવાતી જકાતમાંથી ભેટના માલને નામે સ્વદેશ લઈ જવાના હતા. ટુંકામાં તેઓ રાજ્ય પ્રતિનિધિ તરીકે નહિ પણ પાદશાહ પાસેથી સારી ભેટો અને વેપારની વસ્તુઓમાંથી સારો લાભ મેળવી જવાને માટે આવેલા છે એમ સર્વેને ખાત્રી થઈ હતી.

ઇથિયોપિયાના રાજા તરફથી આવેલા એલચીખાતા પર કંઈક બોલવા જેવું છે. હિંદુસ્તાનમાં થયેલી ઉથલપાથલથી તે રાજા માહિતગાર હતો અને હિંદુસ્તાન જેવા મોટા રાજ્યમાં પોતાની કીર્તિ ફેલાવવાને માટે તેણે એલચીખાતુ મોકલ્યું હતું. એલચીખાતુ પણ તેની મોટી સત્તા અને ઝાહેઝલાલીને ઘટિત હોવું જોઇએ એમ તેને સૂઝેલુ હોય એમ લાગતું હતું. આમ છતાં પણ ખરૂં કહીએ તો ઇથિયોપિયાના રાજાના મનમાં પણ સારી ભેટના



બદલામાં ઔરંગઝેબના ઉદાર હાથે અપાયલી મોટી ભેટની લાલસા હતી.

આ એલચીખાતામાં શું હતું તે જોઇએ. તે રાજાએ પોતાના દરબારના બે મોટા અને પ્રસિદ્ધ ઉમરાવોને એલચીખાતાના પ્રતિનિધિઓ તરીકે મોકલેલા હતા અને તે બન્ને રાજાના મનની જે ભાવના હતી તેને પૂર્ણ કરે એવા હતા, એમાં તો શક નથી જ. એ બેમાંનો એક મુસલમાન વેપારી હતો જેને થોડા વર્ષ ઉપર ઈજીપ્તથી રાતા સમુદ્ર સુધી જતાં રસ્તામાં હું મોખામાં મળ્યો હતો. આ મુસલમાન વેપારીને તેના માનવંતા રાજાએ ઘણા ગુલામો વેચવાને માટે અને તેમાંથી મળેલા પૈસાથી હિંદુસ્તાનનો વેપારી માલ ખરીદી જવાને મોકલેલો હતો.

આફ્રિકાનો ક્રિશ્ચિયન રાજા આવો માનવંતો વ્યાપાર કરે છે!

બીજો પ્રતિનિધિ આરમિનિયન અને ક્રિશ્ચિયન વેપારી હતો. તે એલેપોમાં જન્મેલો અને ત્યાંજ પરણેલો, મોરાઆદ નામે ઈથિયોપિયામાં ઓળખાતો માણસ હતો. આ માણસ પણ મને મોખામાં મળ્યો હતો. ત્યાં તેણે મને પોતાના ઓરડાનો અડધો ભાગ આપીને સારી સગવડ કરી આપી હતી, એટલું જ નહિ પણ આ ઇતિહાસના પ્રારંભમાં કહેલું છે તેમ તેણે જ મને ઈથિયોપિયાના રાજ્યમાં નહિ જવાને માટે સલાહ આપી હતી. મુસલમાન વેપારીની માફક મોરાઆદને પણ દરેક વર્ષે રાજા મોખા મોકલે છે અને તે હમેશાં પોતાના સ્વામિની વાર્ષિક ભેટો, અંગ્રેજની અને ડચ લોકની 'ઇસ્ટ ઇન્ડીયા' કંપનીઓને સારૂ લઈ જાયછે અને તેના બદલામાં તેમના તરફથી મળેલી ભેટો તે પાછો પોતાની સાથે ગોન્ડર લઈ જાય છે.

હિદુસ્તાનના પાદશાહના દરબારમાં શોભે તેવા ભભકાથી પોતાના પ્રતિનિધિઓ દરબારમાં જાય એવા હેતુથી એ આફ્રિકન રાજાએ આ એલચીખાતાને ઉદાર હાથે ખરચ આપ્યું હતું. રાજાએ તેમને બતરીસ ગુલામો આપેલા હતા; જેમાંના છોકરા અને છોકરીઓને મોખા બંદરે વેચવાનાં હતાં અને એ વેચાણમાંથી ઉપજેલું સન્માર્ગોપાર્જિત નાણું એલચીખાતાના ખરચ માટે કામમાં લેવાતું હતું! આ ઉદારતા ખરેખર ખાનદાની જ હતી! આ સ્થળે એટલું પણ યાદ રાખવું કે, મોખા બંદરમાં સારા જુવાન ગુલામો પચીસ અને ત્રીસ ક્રાઉને વેચાય છે. ગુલામો ઉપરાંત ઈથિયોપિયાના ઉદાર રાજાએ હિંદુસ્તાનના મહાન્ મોગલ પાદશાહને માટે પોતાની પસંદગીના ૨૫ ગુલામો પ્રતિનિધિઓને સ્વાધીન કરેલા હતા. ગુલામોમાંના

નવ અથવા દસ જણ તો કિશોર વયના અને જનાનખાતાના ખોજા બનાવવાને યોગ્ય સ્થિતિના માણસો હતા. એક ક્રિશ્ચિયન તરફથી એક મોટા પાદશાહને આજ યોગ્ય ભેટ હોય એમાં શક નથી !! પરંતુ ઈથિયોપિયનનો ક્રિશ્ચિયન ધર્મ આપણાથી ઘણોજ ભિન્ન છે પ્રતિનિધિઓએ વળી મહાન મોગલને માટે રાજાએ આપેલા પંદર ઘોડાઓ, જે આરબી ઘોડાના જેવાજ હતા તેમને અને કેટલાંક નાનાં નાનાં ખચ્ચર જેમની ચામડી ચિત્ર વિચિત્ર અને રેશમના ચટાપટા વાળા હિંદુસ્તાની ગલીચા કરતાં પણ વધારે સુન્દર અને શોભીતી હતી. જમીન ઉપરથી એક મોટો અને જોરાવર માણસ પણ ઉપાડી શકે નહિ એવા બે હાથી દાંત, અને સીવેટથી* ભરેલું એક બળદનું મોટુ શિંગડુ, જે મેં દિલ્હીમાં જોઈ માપી જોયું હતું જેનું મોડુ અરધો ફૂટ વહોળું હતું; એટલાં વાનાં તેમણે રાજાની પાસેથી મહાન્ મોગલને ભેટ કરવાને માટે પોતાને સ્વાધીન લીધાં હતાં.

આ પ્રમાણે રાજ્યવંશી અને ભભકભરી રીતે તૈયાર કરેલા બે રાજ્ય પ્રતિનિધિઓ પછી ઇથિયોપિયાના રાજ્ય નગર ગોન્ડરથી હિંદુસ્તાન જવાને માટે ઉપડ્યા. ગોન્ડર દુમ્બીઆ જિલ્લામાં આવેલું છે. તેમણે બે માસ સૂધી ઉજડ જંગલમાં, બેઇલોલ અને દરિયાના કિનારા ઉપર અને મોખાની સામે બાબાલમંડળના કિનારાપર મુસાફરી કરી. ગોન્ડરથી આરકીકો જવાનો પોઠી માર્ગ જે માત્ર ચાલીસ દિવસનો છે તે માર્ગ એ પ્રતિનિધિઓએ કેમ ન લીધો તેનાં કારણો હું મારી વાર્તાના પ્રવાહમાં આગળ ઉપર જણાવીશ. આરકિકોથી મોસાવાના ટાપુમાં થઇને જવું પડે છે અને ત્યાં તુર્કસ્તાનના મહાન્ સુલતાનનું થાણું છે.

આ એલચીખાતાને રાતો સમુદ્ર ઓલંગી જવાને માટે મોખાના વહાણ સારૂ બેઇલોલમાં કેટલાક દિવસ સુધી ખોટી રહેવું પડ્યું હતું; જ્યાં ખાવા પિવાની જરૂરની વસ્તુઓ ન મળવાથી તેમને હેરાન થવું પડ્યું અને કેટલાક ગુલામો એ સંકટમાં મરણ પામ્યા.

મોખામાં આવતાં આ પ્રતિનિધિઓને જણાયું કે બજારમાં ગુલામોની

* સીવેટ, ઉત્તર આફ્રિકામાં એક શિયાળની જાતનું પ્રાણી થાય છે અને તેના શરીરમાંથી કસ્તુરી મૃગની માફક એક જાતનો સુગંધીદાર પદાર્થ મળી આવે છે. આ પ્રાણી સીવેટ કહેવાય છે તેમ તેના શરીરમાંથી નીકળેલો સૌગંધિક પદાર્થ પણ 'સીવેટ' કહેવાય છે. ભા. ક.

ઊ૩ ૩૬૮/૫૯ G- 3/686



પુષ્કળ ભરતી થયેલી છે. આથી કરીને તેમને પોતાની સાથેના જુવાન છોકરા અને છોકરીઓ ઘણે ઓછે ભાવે વેચવાં પડ્યાં. ગુલામોનું વેચાણ થઈ રહેતાં જ સુરત જતા એક વહાણમા તેઓ હિંદુસ્તાન જવાને માટે મોખા બંદરથી ઉપડ્યા. પચીસ દિવસની દુઃખતર સફર કરી તેઓ સુરત બંદરે આવી ઉતર્યા. ગુલામો ઓછે ભાવે વેચાયા તેથી એલચીખાતા પાસે પૂરા પૈસા નહોતા, એટલે તેઓ પોતાની સાથેના ગુલામોને તથા ઘોડાઓને માર્ગમાં સારો ખોરાક આપી શકયા નહિ, અને સુરત આવતાં આવતાં ઘણા ઘોડા અને ગુલામો મરણ પામ્યા. ખચર પણ મરી ગયાં, પરંતુ તેમની ચામડી તેઓએ સંભાળીને રાખી મૂકી.

અધુરામાં પૂરૂ સુરત બંદરમાં આવ્યાને તેમને થોડો વખત પણ થયો નહોતો એટલામાં વિજાપુર રાજ્યના શિવાજી નામે એક બહારવટીઆએ સુરતમાં ધાડ પાડી અને શહેરને લૂટી લીધું તથા આગ લગાડી. આ ભયંકર આગમાંથી નવા આવેલા એલચીઓનું ઘર પણ બચી ગયું નહિ. મહા મહા મહેનતે તેઓ આગ તથા લૂટમાંથી માત્ર કેટલોક સામાન અને ગુલામોને બચાવી શકયા. ગુલામો માંદા હતા તેથી શિવાજીએ તેમને લઈ લીધા નહિ, કારણ કે એવા માંદાઓને લઈ જઇને તે શું કરે? તેમના ઇથિયોપિયન પોશાકને માટે તો શિવાજીને લાલસા થાય તેમ નહોતુંજ. ખચરનાં ચામડાં રહી ગયાં તે તો મારા ધારવા પ્રમાણે શિવાજીને કંઈ ખાસ રીતે ધ્યાનમાં આવ્યાં નહિ હોય, અથવા તેનો એને કંઈ ભાવ નહિ હોય. સીવેટ કાઢી લીધા પછી પડી રહેલું બળદનું શીંગડું પણ લૂટમાંથી બચી ગયું હતું.

પોતાના ઉપર આવી પડેલી આપત્તિના સંબંધમાં એ પ્રતિનિધિઓ તો બહુંજ વધારીને વાત કરતા હતા; પરંતુ જે લોકોએ ખરાબ પોશાકમાં, ધનરહિત અને અરધા ભૂખે મરી ગયેલા જેવી સ્થિતિમાં તેમને ઉતરતાં જોયા હતા, તેઓ તો કહે છે કે, સુરત ઉપર પડેલી આપત્તિનો એમના પર મોટો આભાર થયો એમ તેમણે માનવું જોઇએ; કારણ કે સુરતમાં લૂંટ થઈ એથી તો તેઓ પોતાની કિમતી ભેટ સોગાત સાથે પાદશાહ પાસે જઈ શકયા નહિ. અર્થાત્ આ બાબત તેમને લાભકરતા થઈ પડી, નહિ તો તેઓની વધારે અકીર્તિ થાત. હિંદુસ્તાનના લોક તો કહે છે કે ઇથિયોપિયાના આ માનવંતા પ્રતિનિધિઓને રાજ્યનગર દિલ્હી જવા માટે

માગવાને માટે સુરતના સુબા ગાડાંના પૈસા અને પોતાના પોષણનાં સાધન પાસે ભીખારી તરીકે જઈ માગણી કરવાનું શિવાજીની લૂંટને લીધે બહુ સારૂ બહાનું મળી ગયું. આ ઉપરાંત તેમણે પોતાના લાભને માટે કેટલાક ગુલામો વેચી ખાધા હતા, સીવેટ વેચી નાંખ્યો હતો, તથા બીજો પણ કેટલોક સામાન વેચી માર્યો હતો; એ તેમનાં દુષ્ટ કૃત્યો સુરતમાં ધાડ પડવાથી ઢંકાઈ ગયાં નહિ હોત તો તેમની પૂરી ફજેતી થાત.

સુરતની ' ડચફેકટરી ' ડચ લોકોની વ્યાપારી કોઠીના ઉપરી મારા પરમપ્રિય મિત્ર મી. આડ્રીકને મુરાતને મારા ઉપર ભલામણનો પત્ર આપ્યો હતો. મોખા બંદરમાં હું તેનો પરોણો થયો હતો તે ન જાણતાં તેણે દિલ્હીમાં મને એક કાગળ આપ્યો. પાંચ છ વર્ષ પછી આવી રીતે અણધાર્યા અમારૂ મળવું થયું તેથી અમને બહુ આનંદ ઉપજ્યો. હું મારા જુના મિત્રને ભેટયો અને મારાથી બની શકે તેવી દરેક મદદ આપવાને માટે તેને મેં વચન આપ્યું. દરબારીઓમાં મારે કંઈ વધારે સારી અને ઘણી પીછાણ નહોતી, તેથી આવા રિક્તહસ્ત પ્રતિનિધિઓને હું કંઈ વધારે ઉપયોગી થઈ પડું તેમ નહોતું, ખચરોનાં ચામડાં અને એ લોકને ઘણોજ મનપસંદ પડતો શેલડીનો દારૂ ભરેલું પેલું બળદનું શિગડું એટલાં વાનાં જ પાદશાહને ભેટ કરવાની જણશોમાં તેમની પાસે રહ્યાં હતાં. જેટલો તિરસ્કાર કિમતી ભેટના અભાવથી નથાય એટલો તેમના ભિખારી જેવા દેખાવથી ઉપજે એમ હતું. ઉઘાડે માથે અને ઉઘાડે પગે, ઢગરાપર એક મેલું કપડુ વિંટાળેલા તથા ઉનાળાના પટકા જેવાં ખરાબ પેરણ પહેરેલા ગુલામોની સાથે મેલા ઘેલા વેશમાં તેઓ પાલખી વગર–વાહન વગર તેમની એડોળ ખરેખરી હાલતમાં દિલ્હીની શેરીઓમાં રખડતા હતા. એક ભાગ્યા તૂટચા ભાડાના ગાડા વગર આ ઇથિયોપિયન પ્રતિનિધિઓની પાસે બીજું કંઈ વાહન નહોતુ અથવા કોઈ કોઈ વાર તેઓ એક ' મિશનરી ફાધર ' ક્રિશ્ચિયન ધર્મગુરૂનો અને કોઈવાર મારો ઘોડો માગી જતા હતા, એ તેમનાં વાહન થતાં. મારો ઘોડો તે લઈ ગયા હતા તેને અરધો મારી નાંખવા જેવો કરી મૂકી ગયા.

આ ધિકારવા જોગ પ્રતિનિધિઓને માટે મેં કેટલોક વખત મિથ્યાજ મહેનત લીધી. તેમને જે તે ભીખારીઓ જ ધારતા હતા. તેઓ કંઈ કોઇનું



ધ્યાન ખેંચાય તેવા રહેલા નહોતા. આમ છતાં પણ એક વાર જ્યારે મારો આગા દિનેશમંદખાન અને હું અમારી અભ્યાસની ઓરડીમાં એકાંતમાં બેઠેલા હતા ત્યારે–દિનેશમંદખાન રાજ્ય સંબંધી કામકાજ કરનાર પ્રધાન હતો તેથી મેં ઇથિયોપિયાના રાજાની મોટાઈ વિષે એવો તો ફતેહમંદ રીતે લંબાણથી હેવાલ આપ્યો કે, જેથી દિનેશમંદખાનને અસર થઈ. તેણે પાદશાહને તે વાત કરી એટલે ઔરંગઝેબ પણ એલચીઓની મુલાકાત લેવાને તથા તેમનો પત્ર લેવાને માટે લલચાયો. છેવટ મુલાકાત થઈ અને તેમાં પાદશાહે તે બેઉને કિનખાબના તાકા રેશમના જરી ભરેલા કમરબંધ, તેવીજ જાતની પાઘડી અને કારીગરીવાળો કેટલોક સામાન શિરપાવમાં આપ્યો. પાદશાહે વળી તેમના ચુલાખરચને માટે હુકમ આપ્યો. વળી થોડા જ દિવસમાં તેમને વિદાયગીરી આપવામાં આવી ત્યારે પણ પાદશાહે તેમને શિરપાવ ઉપરાંત છ હજાર રૂપિઆ આપ્યા. પરંતુ આ રૂપિઆ અસમાન ભાગે વેંચી લેવામાં આવ્યા, એટલે કે જે પ્રતિનિધિ જાતનો મુસલમાન હતો તેને ૪ હજાર મળ્યા અને મુરાત જે જાતનો ક્રિશ્ચિયન હતો તેને માત્ર બે હજાર રૂપરડી ભાગ આવી.

ઔરંગઝેબ પાદશાહે તેમની જોડે તેમના રાજાને માટે પણ કિમતી સિરપાવ મોકલાવ્યો. એ સિરપાવમાં રૂપાના ઢોળ ચડાવેલાં બે રણસિંગડાં, રૂપાનાં બે મોટાં ઢોલ, એક જડાવવાળી કટાર, અને વીસ હજાર 'ફ્રેંક' ની કિમતના સોના રૂપાના સિક્કા હતા. ઇથિયોપિયાના રાજ્યમાં કોઈપણ જાતનો સિક્કો ચાલતો નહિ હોવાથી પાદશાહે સિક્કાઓ આપતાં એવી ઇચ્છા બતાવી હતી કે, દુર્લભતાને લીધે આ સિક્કા તો ત્યાંના રાજાને વધારે કિમ્મતી ભેટ તરીકે થઈ પડશે.

પાદશાહ સારી રીતે જાણતો હતો કે એકે રૂપિયો હિંદુસ્તાનની બહાર જશે નહિ અને એલચીઓ પોતાને જોઇતી વેપારની વસ્તુઓની ખરીદીમાં તેને વાપરી નાંખશે. જેમ તેણે ભવિષ્ય ભાખ્યું હતું તેમજ થયું. તેમણે, તેમને રાજા, રાણી અને તેમના તિલક કુમારને માટે બદનને સારૂ ઝીણાં મુલાયમ કપડાં, ઉન્હાળાના પોષાક માટે સોના રૂપાના કસબી આંતરાવાળા મસરૂ, ઈંગ્લંડમાં બનેલાં લીલાં અને આછાં રાતાં કપડાં, રાજાને માટે બે હાથ કાપિઆ અરબ્બી કબજા, અને જનાનખાનાની બીજી ફાલતું બાયડીઓ અને તેમનાં છોકરાંને માટે બીજાં જરા ઉતરતા વરગનાં

કપડાં ખરીદ્યાં. આ બધો સામાન એલચીના સામાન તરીકે ગણાવી પરદેશ જતા માલપર લેવાતી જકાત વગર તેઓ પસાર કરી ગયા. મુરાતની સાથે મારે મૈત્રી હતી, મેં તેને માટે મારી વગસગ ચલાવી તેથી હું ત્રણ કારણોને લીધે પસ્તાઉં છું. પહેલું કારણ એ છે કે, તેણે તેનો છોકરો મને ૧૫ રૂપિએ વેચાતો આપવાનું વચન આપેલું હતું તેમ છતાં તેણે પાછળથી મને કહાવી મોકલ્યું કે 'ત્રણસેં રૂપિઆ વગર હું તે છોકરાને વેચીશ નહિ.' એક પિતાએ પોતાના પુત્રને વેચ્યો છે એમ દેખાડવાને માટે મને બહુ હોંશ હતી તેથી મેં એણે માગી તે રકમ આપવાનો વિચાર કર્યો. એ છોકરો સારા બાંધાનો, સ્વચ્છ કાળી ચાંમડીનો, ચપટા નાક કે જાડા હોઠવાળો નહિ હતો. ઇથિયોપિયાના લોકમાં આવા થોડા જ માણસ હોય છે. હું મોંના માગ્યા પૈસા આપીને તે છોકરો ખરીદનાર હતો તેમ છતાં તેણે તેને વેચી ખાધો તેથી તેણે જે વચન તોડયું તેને લીધે હું મુરાતની સાથે ઘણો ગુસ્સે થયો.

બીજો એલચી પેલો મુસલમાન અને મારો મિત્ર હતો તેણે પોર્ટુગીઝના વાસ પછી પડી ભાગેલી ઇથિયોપિયાની એક મસજિદને સમારાવવાનું તેના રાજા ઉપર ઔરંગઝેબની પાસે આગ્રહથી લખારાવરાયું હતું. આ ઉત્તમ સેવાની અગમચેતી આપ્યા માટે મોગલ પાદશાહે એ બે એલચીઓને બીજા બે હજાર રૂપિઆ બક્ષિસ આપ્યા. પોતાના ઇસ્લામી ધર્મને વધારવાને માટે એક શેખ-અથવા દરવીશ મક્કેથી ઇથિયોપિયા ગયો હતો અને ત્યાં તેણે પોતાનો ધર્મ સારી રીતે વધાર્યો હતો. આ શખે બંધાવેલી ઉક્ત મસજિદ, ઇથિયોપિયામાંથી એક મુસલમાત સરદારે કાઢી મૂકેલા પોર્ટુગીઝ લોકની મદદે ગયેલા ગોવાના સૈનિક માણસોએ ભાગીને ધુળધાણી કરી નાંખી હતી. મારૂ ત્રિજુ કારણ એ હતું કે, ઇથિયોપિયાના રાજાના નામે એ દુષ્ટ મુરાતે ઔરંગઝેબને વિનંતી કરી કે, તેણે એલકોરન અને બીજી સાત ચોપડીઓ ઇથિયોપિયાના રાજા ઉપર મોકલી આપવી. આ ચોપડીઓ શાની હતી તે હું સારી રીતે જાણતો હતો. મુસલમાનના ધર્મનું સ્થાપન કરવાને માટે લખાયલી આ ચોપડીઓ આ લોકમાં બહુ જ માનનીય છે.

ક્રિશ્ચિયન રાજાને નામે કામ કરતા આ ક્રિશ્ચિયન એલચીના સંબંધે એલચીખાતામાં ચાલેલા કામમાંથી બહુ જ શરમ ભરેલું કામ જણાઇ



આવતું હતું. ઇથિયોપિયાના રાજ્યમાં ક્રિશ્ચિયાનિટી કેવી ખરાબ હાલતમાં આવી રહેલી છે તેનો જે હેવાલ મેં પ્રથમ મક્કામાં સાંભળ્યો હતો, તે આ એલચીઓના કહેવાથી મને ખરેખર સત્યજ લાગ્યો. ત્યાંના લોકો અને સરકાર બેઉ મુસલમાન ધર્મને બહુ વધારે છે અને એમાં તો કંઈ શંકા નથી કે, થોડા છતાં પણ જે ક્રિશ્ચિયનો પહેલાં ગોવાના લશ્કરથી સુરક્ષિત ઇથિયોપિયાના ક્રિશ્ચિયન રાજાના કાળમાં આબાદ હતા, તે તેના મરણ પછી પંગુ થઈ ગયા છે. આ બનાવ પછી રાજમાતાના કાવતરાને પરિણામે પોર્ટુગીઝો કેટલાક કતલ થઈ ગયા હતા અથવા દેશ બહાર કાઢી મૂકાયા હતા. જેસ્યુયાટ પેટ્રીઓટ જેને તેના સ્વદેશીઓ ગોવેથી પોતાની સાથે લેતા આવ્યા હતા તેને જીંદગી બચાવવાને માટે નાશી છૂટવાની ફરજ પાડવામાં આવી હતી.

એ એલચીઓ દિલ્હીમાં રહેલા હતા તે વખતમાં મારા આગાએ તેમને વારંવાર પોતાને મળવા તેડ્યા હતા, કારણ કે કંઇક નવું જાણવાની અને જ્ઞાન મેળવવાની તેને બહુ ઈચ્છા રહેતી હતી. તે તેમને તેમના રાજ્ય વહીવટ સંબંધે અને દેશ વિષે ઘણા પ્રશ્ન પૂછતો હતો, પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ તો નાઇલ નદીનું મૂળ ક્યાં છે તે જાણવાનો હતો. નાઇલને તેઓ 'આબાબાઇલ' પાણીનો પિતા કરીને કહે છે. આ બન્ને જણા એણી તરફથી આવેલા હતા એટલે તેમણે જે જણાવ્યું તે ખરૂં હતું. વળી મેં મોખામાં એ પ્રમાણે જ સાંભળ્યું હતું. તેમણે જણાવ્યું કે, અગાન લોકોના દેશમાં નાઇલનું મૂળ છે. એક બે નાના પ્રવાહ એક ડુંગરમાંથી પડી નાનું તળાવ થાય છે અને તેમાંથી વહેતુ નાઈલનું પાણી ઘણું થોડું હોય છે પરંતુ આગળ ચાલતાં બીજા ઘણા નાના મોટા પ્રવાહ એને આવી મળતાં એનો પ્રવાહ વધી જાય છે. ત્યાંથી પછી એ પ્રવાહ સર્પાકારે વહેતો ઘણા ટાપુઓ બનાવતો વહે છે અને કેટલાંક નીચાં ઉચ્ચાં શિખરો ઉપરથી સપાટ જમીન પર એક મોટા તળાવ-સરોવરમાં બધાં પાણી એકઠાં થાય છે. આ સરોવર ઘણુંજ વિશાળ છે, તેમાં નાના મોટા અનેક ફળદ્રુપ ટાપુઓ છે. ત્યાં આગળ માછલાં વિચિત્ર પ્રકારના કાચબા વગરે અનેક જાતનાં જળચર પ્રાણીઓ પણ થાય છે. ડુમ્બીઆના દેશમાં આ સરોવર આવેલું છે. ગોંડરથી તે ત્રણ ચાર મજલ દૂર છે, અને નાઈલનું મૂળ પાંચ છ મજલ દૂર છે. આ દેશમાં હિંદુસ્તાનની માફક ચોમાસુ નિયમબંધ જુલાઇની આખરે વર્ષોવર્ષ

બેસે છે, એટલે એ સરોવરમાં આસપાસના પર્વતોમાંથી અનેક પ્રવાહો માર્ગે અત્યંત પાણી આવે છે અને નાઈલ આ સરોવરથી નીકળેલી મોટા પાણીના જથાને વહન કરતી આગળ વધે છે. આથી કરીને વર્ષોવર્ષ તેમાં પૂર આવે છે. એ સરોવરમાંથી નીકળેલી નાઈલ ફુંગીના રાજાના રાજ્યનગર સેનાર આગળ થઈ ઘણા સપાટ પ્રદેશને જળમય કરતી રસાળ અને મોટા સપાટ મિસર અથવા ઇજીપ્તના પ્રદેશમાં થઇને વહે છે. ઇજીપ્તની ઉતરે તે સમુદ્રમાં અનેક મુખથી પડે છે.

મને અને મારા આગાને બેઉને એટલું બધું પસંદ ન હોવા છતાં પેલા બે એલચીઓએ તો તેમના રાજાનું ઔદાર્ય, શોભા, તેના લશ્કરનું બળ, અને બીજી મોટાઈ વિશે ઘણું લંબાણ ચલાવ્યું, પરંતુ તેમની સાથે આવેલા પેલા મોગલે તેમના ઉક્ત સ્તુતિવાદમાં ભાગ ન લેતાં તેમની ગેરહાજરીમાં અમને કહ્યું કે, રાજાથી પોતાથી રણ ઉપર કવાયતને માટે આણેલું ઇથિયોપિઆનું સૈન્ય બેવાર તેણે જોયું હતું, ત્યારે તેને તો તે ઘણીજ ખરાબ હાલતમાં અને શિક્ષણ રહિત માણસોના ટોળાં જેવું જણાયું હતું. આ મોગલે ઇથિયોપિઆ સંબંધી અમને બહુ બાબતો જણાવી અને તે સઘળી મેં મારી નોંધમાં ઉતારી લીધી જે કોઇકવાર જાહેરમાં આવશે. હાલતો મુરાતે કહેલી બે કે ત્રણ બાબતો અત્રે લખીને જ હું ગનીમત રહીશ. આ ત્રણ વાતો લખવાનું કારણ તો એટલું જ છે કે એવી બાબતો પણ ક્રિશ્ચિયન ભૂમિમાં બનેછે, એમ તમારા જાણવામાં આવે.

એણે જણાવ્યું કે, ઇથિયોપિયામાં થોડા માણસોનેજ થોડી બાયડીઓ હશે. એ પોતે મારે મોંડે કબૂલ કરતાં શરમાયો નહિ કે તેને પણ તેની પરણેતર ઉપરાંત બીજી બે બાયડીઓ છે. એ પરણેતર સ્ત્રી એલેપો ખાતે રહે છે. તેણે કહ્યું કે, હિંદુસ્તાનના મુસલમાનો અને હિંદવાનોની સ્ત્રીઓની માફક ઇથિયોપિઆની સ્ત્રીઓને જનાનામાં રાખવામાં આવતી નથી અને બીજા લોકોની આંખોમાં જે ઝેર હોય છે તે ઝેર એ લોકની આંખોમાં નથી, એટલે રાત દિવસ પરણેલી કે કુંવારી, સ્વતંત્ર કે દાસી નીચી કે ઉંચી ગમે તે જાતની સ્ત્રીઓ એકજ ઘરમાં હમેશાં પુરૂષો તથા સ્ત્રીઓના સમવાય ભેગી જોવામાં આવે, એ તો ત્યાં સહજ છે. અમીર લોકની સ્ત્રીઓ અથવા ધણીઆણીઓને કોઈ રૂપાળા પુરૂષ સાથેનો પોતાનો પ્યાર છુપાવવાની જરાય જરૂર પડતી નથી, તેઓ કંઈ પણ ભય કે આશંકા વગર



છયોક પોતાના રના ઘરમાં જઈ શકે છે. તેમણે મને કહ્યું કે જો તમે ઇથિયોપિયામાં આવ્યા હોત તો તમને પણ પરણવાની ફરજ પાડવામાં આવી હોત. ગ્રીક દેશનો વૈદ્ય બનીને થોડાંક વર્ષ ઉપર એક પાદરી એ દેશમાં ગયો હતો તેને પરણવાની જરૂર પાડી હતી. જે સ્ત્રી તેના છોકરાને માટે હતી એજ સ્ત્રી સાથે તેને નેકા પઢાવી દેવામાં આવ્યા હતા, એ વળી વધારે રમુજી લાગે એવું છે. એકવાર એક એંશી વર્ષના ડોસાએ દરબારમાં હાજર થઈ રાજાને ૨૪ મોટી ઉમ્મરના અને હથિયાર લઈ લડાઈમાં જાય એવા છોકરા અર્પણ કર્યા ત્યારે રાજાએ તેને પૂછ્યું હતું કે, ‘ અરે બુઢા ! તું આવડી મોટી ઉમ્મરનો થયો ત્યારે તને માત્ર આટલાજ છોકરા થયા છે?’ પેલાએ જણાવ્યું કે તેને કેટલીક છોકરીઓ છે. તે ઉપરથી ગુસ્સે થઈ રાજાએ કહ્યું કે, ‘ધિક્કાર છે તને તું મને તારૂં મોં બતાવતો નહિ, કારણ કે આટલાં વર્ષે અને મારા રાજ્યમાં સ્ત્રીઓની ખોટ ન છતાં તું કઇજ સંતતિ ઉત્પન્ન કરી શક્યો નથી. ’ ઇથિયોપિયાના રાજાને ઓછામાં ઓછાં એંશી છોકરાં છે. આ બધાં છોકરાં જનાનખાનામાં રહેતા દાસ દાશીઓનાં છોકરાંથી ઓળખાવવાને એક વેરનીશ ચડાવેલા લાકડાના દંડુકા જે રાજ્ય દંડ તરીકે ગણાય છે તે ગળે બાંધેલાં જનાનાના આંગણામાં રખડતાં જોવામાં આવેછે.

ઔરંગઝેબે પણ એ એલચીઓની બે ચારવાર મુલાકાત લીધી હતી, કારણ કે મારા આગાની માફક એને પણ પોતાના જ્ઞાનમાં વધારો કરવાની બહુ ઉત્કંઠા રહે છે; પરંતુ તેની મુખ્ય આતુરતા તો તેમના દેશમાં મુસલમાની ધર્મની શી દશા છે તે જાણવાની હતી. તેને પેલાં ખચ્ચરની ચામડી જોવાની ઇચ્છા હતી, પરંતુ કોઈ કારણથી તે પછવાડે રહી ગઈ હતી અને પાછળથી કિલ્લામાં એક અધિકારીએ તેને પોતાને કબજે કરી હતી. મેં બજાવેલી સેવામાં એ ચામડી મને આપવાની હતી અને ફ્રાન્સ આવી મારે કોઈ ઉમરાવને તે ભેટ આપવાની હતી પણ તેમાંએ હું ના ઉમેદ થયો. મેં એ એલચીઓને પેલું શિગડું અને ખચ્ચરની ચામડી પાદશાહને બતાવવાને સખ્ત ભલામણ કરી હતી, પરંતુ સુરતની લૂંટમાં શિંગડામાંનું સુગંધીદાર સીવેટ ગયું અને તે પડી કેમ રહ્યું તેનો જવાબ આપવાનો માર્ગ ન હોવાથી તેઓ તેને વિષે કંઈ બોલ્યાજ નહિ.

તિલકકુમાર શાહજાદા અકબરના ધર્મગુરૂની નીમણોક કરવાને માટે ઔરંગઝેબે વિદ્વાનોની એક મોટી સભા બોલાવી ત્યાં સુધી તો ઇથિયોપી-

આના એલચીઓ દિલ્હીમાં હતા. આ સભામાં ઔરંગઝેબે તેના શાહજાદાને
રાજ્યગાદીને ઘટે તેવી વિદ્યા આપવાની ઉત્કંઠા બતાવી. પ્રજાનું રક્ષણ કર-
નાર રાજ્ય કુમારના મનમાં ઉપયોગી જ્ઞાનનો કેટલો મોટો વધારો કરવાની
જરૂર છે તેની અગત્ય ઔરંગઝેબના જેટલી બીજો કોઇ નહિ સમજતો
હતો. તે કહેતો કે શાહજાદાઓ જેમ બળમાં અને મોટાઇમાં બીજા લોક
કરતાં ચડી જાય છે તેમ તેમણે ડહાપણ અને નીતિમાં પણ બીજાના
કરતાં સરસાઈ મેળવવી જોઇએ. એશિયાખંડના ઘણા રાજાઓનાં રાજ્ય
વારંવાર અરાજ્યને અને બીજા ગેર બંદોબસ્તને લીધે નાશ પામે છે તેનું
ખરૂં કારણ તેમના શાહજાદાઓને સારી કેળવણી આપવામાં નથી આવતી
તેજ છે, એમ એ પોતે સારી રીતે સમજતો હતો. રૂશિયા, સરકેશિયા,
મીગ્રેલીઆ જ્યાર્જીયા અથવા ઇથિયોપિયાના ધંધાને લીધે નીચાં મનવાળા
અદેખા અને ગર્વિષ્ટ ગુલામોના હાથ તળે નાનપણથી જ નઠારી કુટેવોને
ભોગ પડેલા શાહજાદાઓ હળવા મનના, ઝેરીલા અને અજ્ઞાન નીવડે છે.
આવા શાહજાદાઓને જ્યારે રાજ્યગાદી મળે છે ત્યારે જ અજ્ઞાન જેવા
તે જનાનાની બહાર નીકળે છે. તેઓ એટલું પણ સમજતા નથી કે તેમના
ઉપર કેવી જોખમદારી રહેલી છે. તેઓ આ નવા દુનિયાં જેવી સ્થિતિમાં
આવતાં પોતાને મૂર્ખમાં ખપાવતા આસપાસના માણસોમાં મૂર્ખ બને છે. એક
નાના બાળકની માફક તેઓ દરેક વસ્તુને માટે ઇચ્છા કરે છે. દરેકથી ભય-
ભિત રહે છે, અને સારી શિખામણને કાનપર ન લેતાં ઘણીવાર હઠે ચડીને
મૂર્ખાઈ ભરેલાં કામમાં ઝંપલાવે છે. આવા શાહજાદાઓ નાનપણમાં તેમના
મન ઉપર જે ખુશામત, અહંકાર અને ભભકા વગેરેની છાપ પડી ગયેલી
હોય છે તેને તરત જ બહાર દેખાડી આપે છે. ગાદીએ આવતાં ઉંડા મનમાં
રહેલો દુર્ગુણ અંકુશ વગર બહાર નીકળે છે અને એક બાળકની માફક તેઓ
પોતાની મોટાઈમાં, ખુશામતમાં અને અહંકારમાં અંધ બની સ્વેચ્છાચરણે
ચાલે છે. જેમ કરતાં તેમને પોતાની મોટાઇનો કે ખરાધર્મનો લેશ પણ ભાવ
રહેતો નથી. એશિયાખંડના રાજાઓના ઇતિહાસનો કયો અભ્યાસક શાહજા-
દાઓના વિષે જણાવેલા આ વિચારની સત્યતાને માટે ના પાડશે? એશિ-
યાખંડના રાજાઓ આંધળા અને મૂર્ખ થઇને ક્રૂરતા વાપરે છે. દયા રહિત
થઇને વર્તે છે. ઘણા જ નીચ અને ધિક્કારવા જોગ છાકટાપણાને તેઓ
અધીન નથી? તેઓ ઘણીજ શરમ ભરેલી મોજ શોખોના ગુલામ જેવા



છે. રાંડો અને તાયફાઓના ટોળામાં તેમનો વખત, આબરૂ અને પૈસો
ચાલ્યો જાય છે અને છેવટ દેશનું હીર હરાઈ જઈ તેઓ નાશને આધીન
થાય છે. આવા દુર્ગુણો તેમનામાં નથી એમ કોણ કહી શકશે? રાજ્યકા-
જના કામમાં ગાળવા જેવો તેમનો વખત શું લાંબી શિકારની ટીપોમાં નથી
ચાલ્યો જતો? આ દુષ્ટ રાજાઓને તેમની પાછળ જનારા માણસોના દુઃખ
સુખનું પણ ભાન રહેતું નથી. તેઓ બીચારા જંગલમાં રાજાની પાછળ રખ-
ડતાં ભૂખથી, તરસથી, ટાઢથી, તડકાથી અને બીજાં દુઃખથી મરી જાય છે.
ટુંકામાં માત્ર એટલું જ કે એશિયાખંડના રાજાઓ મોટા મોટા દુર્ગુણોમાં
તેમનો કાળ ગાળે છે. મેં પ્રથમ જણાવ્યું તેમ નાનપણથી જેવી તેમના
મગજ ઉપર છાપ પડી હોય તેવા દુર્ગુણો તે લે છે. વ્યભિચારની છાપવાળો
વ્યભિચારી, શોખીન શોખી અને એજ પ્રમાણે પોતાના રાજ્ય સંબંધી
સારૂં જ્ઞાન ધરાવનારો તો કોઇક જ રાજા મળી આવે છે. રાજાઓ રાજ્યની
લગામ દિવાનના હાથમાં સોંપી મોજ શોખમાં પડે છે, એટલે દિવાન રાજ્ય-
ના કુલ મુખત્યારની માફક રાજ્યગાદી અને સત્તા ભોગવે છે. અને પોતા-
ના રાજાને નઠારા દુર્ગુણોમાં વધારે તલ્લીન કરવાની પેરવીઓ કરે છે. તેને
કોઈ પણ જાતના સારા માર્ગ ઉપર આવવા દેતા નથી. જો પહેલા જ દિ-
વાનથી રાજ્યની લગામ બરોબર પોતાના હાથમાં નથી રખાતી તો પછી
રાજાની માતા રાજ્ય ચલાવે છે અને રાજ્ય માતા તેની આસપાસ રહેલા
નીચા મનના ગુલામોની શીખામણ પ્રમાણે ચાલે છે, જેથી તેઓ મહીઓ
મહી એક બીજાને મારી નાંખે છે, બંદીખાને નાંખે છે, દેશપાર કરે છે કે
બીજી યુક્તિ રમે છે. આ પ્રમાણે તેઓ હમેશાં રાજ્ય માતાને ઓથે કપટ
બાજી ખેલ્યા કરે છે અને તેના અમલની અંદર કોઈ પણ સારો માણસ
પોતાની માલ મીલકત, આબરૂ તથા જીવને માટે એક ક્ષણ પણ નચિંત
રહી શકતો નથી. આ પ્રમાણે એશિયાના રાજાઓ વર્તે છે તેથી તેમનાં રા-
જ્ય પાયમાલ થઈ જાય છે, એમ ઔરંગઝેબ કહેતો હતો.

મેં ઉપર જણાવ્યું તેમ દેશ દેશના એલચીઓ ઔરંગઝેબને સલામ
ભરી ગયા પછી એવા સમાચાર આવ્યા કે એક એલચી ઈરાનના દરબાર
તરફથી સરહદ ઉપર આવેલો છે. ઔરંગઝેબના દરબારમાં નોકરી કરતા
અમલદારો અને ઉમરાવો જેઓ ઈરાનના હતા તેમણે એવી વાત ચલાવી
કે ખરેખરા કોઇ અગત્યના કારણ માટે ઈરાનનું એલચી ખાતું આવે છે.

બુદ્ધિમાન માણસોએ આ વાતને કંઈ વજન આપ્યું નહિ. મોટા બનાવોનો કાળ હવે ચાલ્યો ગયો હતો અને પોતાના દેશીઓને મોટું કામ સોંપવામાં આવે છે એમ જણાવવાને કાજે જ આ લોકો વાતો કરતા હતા એ ખુલ્લે ખુલ્લું સમજાઈ રહેતું. તેઓ પોતાના જાત ભાઇને વખાણવાને માટે આ પ્રમાણે મોટી વાતો ઉડાવતા હતા. એજ માણસોએ વળી એવી પણ વાત ઉડાવી હતી કે, ઈરાનના એલચીને લેવા જવાને, માન આપવાને તથા તેને દિલ્હી આવવાની સારી ગોઠવણ કરી આપવાનું સરહદના ઉમરાવને સોંપવામાં આવ્યું છે, તે બીજા કોઇજ કારણથી નહિ પણ એ એલચીખાતાનો શો આશય છે, તે જાણવાને માટે છે. તેઓ કહેતા હતા કે, આવતા એલચીને ધીરે ધીરે સમજાવીને પરંપરાથી ચાલતી આવેલી રીતે સલામ ભરવાને તથા ત્રીજા માણસની મારફતે પાદશાહને પત્ર આપવાને માટે સમજાવવો એવી ઉમરાવને સૂચના થયેલી છે. એલચી આવ્યો ત્યારે અમે જે જોયું તે ઉપરથી હું કહુંછું કે ઉપર જણાવી તે બધી વાતો માત્ર પોગળ હતી.

ઈરાનનો એલચી જ્યારે દિલ્હીમાં આવ્યો ત્યારે જેટલા જોઇએ તેટલા માનથી તેને શહેરમાં આવકાર આપવામાં આવ્યો. જે બઝારમાં થઇને તે ગયો તે બઝારને સારાં શણગારવામાં આવ્યાં હતાં અને રસ્તાની બન્ને બાજુ ઉપર લગભગ ત્રણ માઇલ જેટલી લંબાઈએ ઘોડે સ્વારોની પલટણો ઉભી રાખવામાં આવી હતી. વાજીંત્રોની સાથે ઘણા ઉમરાવોએ આ સરઘસમાં ભાગ લીધો હતો અને એલચી રાજ્યમહેલના કિલ્લાના દરવાજામાં પેસતાં સલામતીનો તોપો છોડવામાં આવી હતી. ઘણા વિનયથી ઔરંગઝેબે તેને આવકાર આપ્યો, ઈરાનની રીતે તેણે સલામ કરી તે પર કંઈ નારાજી દેખાડી નહિ અને જે પત્રો તે લાવ્યો હતો તે કોઇની મારફતે નહિ પણ હાથો હાથ લીધા, એટલું જ નહિ પણ તે પત્રોને તેણે માનને ખાતર છેક તેના તાજ સુધી ઊંચા કર્યા. એક ખોજાએ એ પત્રોને ફોડ્યા પછી ઔરંગઝેબે ગંભીર અને પ્રસન્ન ચેહેરે અથથી ઇતિ વાંચી જોયા, અને ત્યાર પછી હુકમ કર્યો કે દરબારમાં પાદશાહની સન્મુખ જ એલચીને શિરપાવ આપવો. તરત જ ઝરીનો એક ઝામો, પાઘડી, અને સોના રૂપાથી ભરેલી કસબી પામરી એલચીને શિરપાવમાં આપવામાં આવી. આ શિરપાવ આપવાનું કામ પૂરૂં થઈ રહ્યા પછી ઈરાનના રાજાએ મોકલેલી ભેટ દરબારમાં મંગાવવાનો આદેશ થયો. ઈરાનથી આવેલી ભેટ-નજરાણામાં મેં કદી પણ



નહિ જોયેલા એવા સુંદર પચીશ ઘોડા, ઘોડાના કીનખાબના ઓઢા, હાથીના જેવાં મોટાં રૂષ્ટ પુષ્ટ ૨૦ ઉંટ, ઉંચી જાતના ગુલાબ જળથી ભરેલી નેતરના ઘરવાળી કેટલીક શીશીઓ, 'બેડમસ્ક' નામના પાણીથી ભરેલા શીશા જે ઘણાજ ઉત્તમ ગણાય છે અને સહજલભ્ય હોતા નથી. મોટા વિશાળ અને ઘણાજ સુંદર પાંચ અથવા છ ગલીચા, એવી તો ઉત્તમ કારીગરીથી અને નાજુકતાથી વણેલા ફુલોવાળા કેટલાક કીનખાબના તાકા તેમાં હતા કે જેવી ઉમદા કારીગરી અને કીમતવાળી વસ્તુ મેં યુરોપમાં કદી પણ જોઈ નથી. ચાર દમાસકસી વાંકી તરવારો અને તેટલીજ કટારો, જેની મૂઠો ઉપર જવાહીર જડેલાં હતાં; અને છેવટ પાંચ અથવા છ ઘોડાના સામાનની ખોગીરો જે ઘણીજ વખણાઈ હતી, તે વગેરે એ નજરાણામાં હતું. આ છેલ્લી ભેટ ઘણીજ સુંદર અને કીમતી હતી અને તેના ઉપર જે ભરત કામ કરેલું હતું તે ઘણાંજ પાણીદાર મોતીની ઝાલરનું ઉમદા ભરતની કારીગરીવાળું હતું.

એમ કહેવામાં આવ્યું હતું કે, આ સર્વોત્તમ નજરાણાથી ઔરંગઝેબ ઘણો જ ખુશ થઈ ગયો હતો. તેણે દરેક વસ્તુને ધ્યાન પૂર્વક તપાસી જોઈ હતી અને તેમ કરતાં તે તે વસ્તુની કીમત અને અછતને માટે બોલ્યો હતો તથા એ ભેટ જોતાં તેણે ઈરાનના રાજાનો વિભવ અને સૌભાગ્ય વખાણ્યું હતું. મુખ્ય ઉમરાવોમાં એ એલચીને જગ્યા આપી અને પછી તેની લાંબી મુસાફરી અને શ્રમને માટે ખબર અંતર પૂછી તથા વારંવાર રોજ તેને મળતા રહેવાનો આગ્રહ કરી ઉતારે જવાની અનુજ્ઞા આપી.

ઈરાનથી આવેલો એલચી દિલ્હીમાં ચાર પાંચ મહિના રહ્યો. તેનું સઘળું ખરચ ઔરંગઝેબના દરબારમાંથી અપાતું હતુ. મોટી મોટી ઉજાણીઓમાં અને મેળાવડાઓમાં બોલાવી દિલ્હીના મુખ્ય ઉમરાવો વારા ફરતી તેની પરોણાગત કરતા હતા. જ્યારે તેને સ્વદેશ જવાની રજા આપવામાં આવી ત્યારે પણ પાદશાહે તેને દરબારમાં બોલાવી કિમતી સિરપાવ અને ઊંચી તથા કીમતી ભેટ સોગાતો બક્ષીસ કરી હતી. ઈરાન પોતાનું એલચીખાતું મોકલવાનું હતું તેથી ઈરાનના શાહને મોકલવાનું નજરાણું ઈરાની એલચીને આપવામાં આવ્યું નહોતું. આ એલચીખાતામાં મોકલવાના માણસોની ત્યાર પછી તરત જ ઔરંગઝેબે નીમણુંક કરી હતી.

ઈરાની એલચીને ઔરંગઝેબે અંતઃકરણ પૂર્વક સ્પષ્ટ માન મર્તબાથી

આદર સત્કાર કરીને વધાવી લીધો હતો, છતાં દિલ્હી દરબારના કેટલાક ઈરાની ઉમરાવો એમ જણાવે છે કે, ઈરાનના શાહે તેના પત્રમાં દારાના ખૂન તથા શાહજહાનના બંદીખાને નાંખવાના કાર્ય માટે ઔરંગઝેબને એમ લખ્યું હતું કે એ કર્મ એક ભાઈ તરીકે, પુત્ર તરીકે અને નિમકહલાલ મુસલમાન તરીકે તેને છાજતાં નહોતાં. તેઓ વળી એમ પણ કહેતા હતા કે શાહે ઔરંગઝેબને 'આલમગીર' નામ ધારણ કરવા માટે તથા હિંદુસ્તાનના સિક્કા ઉપર એ નામ પડાવવા માટે પણ ઉક્ત પત્રમાં સખ્ત ઠપકો લખ્યો હતો. નીચેના શબ્દો એ પત્રમાં લખેલા હતા એમ કહેવાને પણ તેઓ સાહસિક થયા હતા.' ભલે જો તું આલમગીરજ હોઊં તો બિસ્મીલ્લા, હું તને ઘોડા અને સમશેર મોકલું છું, અને ભલે ઈચ્છા હોય તો આપણે સામ સામે આવી જઈએ.' આ વાતો જે પ્રમાણે મારા જાણવામાં આવી છે તે પ્રમાણે હું અત્રે જણાવીશ. અત્રેના દરબારમાં ચાલતી ખાનગી બાબતો જે માણસ અત્રેની ભાષા જાણતો હોય, દરબારમાં સારી મૈત્રી ધરાવતો હોય અને જેની પાસે સારા પૈસા હોય તે જાણી શકે છે. ઈરાનના શાહે ઔરંગઝેબના ઉપર એવાં વાક્યો લખ્યાં હશે, એ માનવામાં આવતું નથી, જો કે જ્યારે પોતાની સત્તા અને મોટાઈની વાત વદવી હોય ત્યારે ઈરાનીઓ જરા ચડીને બોલે એવા ગણાય છે. પણ હોંશિયાર નીતિજ્ઞ માણસોના માનવા પ્રમાણે તો ઈરાનનો શાહ હિંદુસ્તાનના પાદશાહની સામે વર્તવાને એટલો બધો યોગ્ય નથી. ઈરાનને જે સાચવવાનું છે તે માત્ર એજ છે કે હિંદુસ્તાન ભણી કંદહાર અને તુર્કીસ્તાન તરફ પોતાની સરહદ કબજે રાખવી. ઈરાનનું બળ અને ધન અગણિત નથી, અને ઈરાનની ગાદી ઉપર નિરંતર કંઈ શાહઆબાસ બેઠેલો નથી કે જે યુક્તિબાજ, સુધરેલો, અને રાજ્ય નીતિજ્ઞ હતો તથા થોડાથી મોટી વસ્તુ કરી શકતો અને જ્યાં ત્યાં પોતાનો વિજય વર્તાવતો હતો. એ કાળ તો હવે ગયો હતો. જો એ કાગળમાં જે વિચાર જણાવ્યા છે તે પ્રમાણે ઈરાનના શાહમાં હિંદુસ્તાન જેવા એક મોટા રાજ્ય સામે કંઈ પણ સાહસ કરવાની શક્તિ હોય તો શાહજહાનના પુત્રો વચ્ચે જે પાંચ વર્ષ સુધી લડાઈ ચાલી તે વખતે તે શાંત બેશી રહ્યો નહોત. દારાની, શાહજહાનની, સુલતાન સુઝાની અને કાબુલના સુબાની વિનંતિઓ થયા છતાં પણ ઈરાન અચળ રહ્યું હતું. જો કે તે વખતે તેણે યત્ન કર્યો હોત તો થોડીજ ફોજથી અને અલ્પ ખરચથી હિંદુસ્તા-



નના એક ફળદ્રુપ પ્રાંતને હાથ કરી લીધો હોત અને કદાચ સિંધુ નદી સુધી અથવા તેથી આગળનો પ્રદેશ પણ સર કરી લીધો હોત. આ પ્રમાણે ઈરાન જો આ ઝઘડામાં વચ્ચે પડયું હોત તો તેને લાભ થાત પરંતુ તે તો સઘળો વખત શાંત બેશી રહીને જોયા કરતું હતું.

ઈરાનના શાહના પત્રોમાં કંઈ કોપ જનક બાબત લખેલી હો અથવા ઔરંગઝેબને એલચીની વર્તણુંક અને ભાષાથી તેના પર ઈતરાજી થઈ હો, ગમે તેમ હો પણ એ લોકોના દિલ્હીમાંથી ગયા પછી બીજે અથવા ત્રીજે દહાડે પાદશાહે જણાવ્યું હતું કે ઈરાનના શાહને નામે ભેટ આવેલા ઘોડાઓ તો એલચીએ સરહદ ભણીથી લીધેલા હતા. આથી પાદશાહે હુકમ કર્યો કે, ઈરાની એલચી હિંદુસ્તાનમાંથી જે ગુલામો લઈ જાય છે તે સરહદ તરફ જતાં તેની પાસેથી લઈ લેવા જોઈએ. એ તો ખરૂં છે કે એ ગુલામોની સંખ્યા અઘટિત હતી. તેણે દેશમાં દુકાળ ચાલતો હોવાથી ઘણીજ હળવી કીમતે ગુલામો ખરીદ કરેલા હતા. વળી એમ પણ કહેવાતું કે, એ એલચીના માણસોએ ઘણાં છોકરાંને ચોરી લીધાં હતાં.

ઔરંગઝેબ આ એલચીખાતું દિલ્હીમાં રહ્યું ત્યાં સુધી પોતાની સત્તામાં બહુજ દૃઢ વર્તણુક દેખાડતો રહ્યો, એના પિતા શાહજહાનની પેઠે નહિ કે જેણે આવે પ્રસંગે શાહઆબાસના એલચીને કવખતે કોપ બતાવી ગુસ્સે થવાનું અથવા અઘટિત પરિચયથી ધિક્કાર ઉત્પન્ન કરવાનું પગલું ભર્યું નહોતું. હિંદુસ્તાનને ખરચે દિલ્હીમાં મોજ મઝા કરનાર એક ઈરાનીના સંબંધે નીચે જણાવેલી કેટલીક બનાવટી વાતો ચાલતી.

શાહજહાન પાદશાહના વખતમાં પણ ઈરાનથી એક એલચી આવ્યો હતો. હિંદુસ્તાનની રીત પ્રમાણે સલામ કરવાને માટે તેને ઘણો સમજાવવામાં આવ્યો હતો પરંતુ જ્યારે કશાથી પણ તે સમજ્યો નહિ ત્યારે પાદશાહે એવી યુક્તિ કરી કે, આમેખાસમાં એની મુલાકાત લેવાનું ઠરાવવામાં આવ્યું. તેનો મોટો દરવાજો બંધ કરાવ્યો અને બારી ઉઘાડી રખાવી કે જેથી આમેખાસમાં પેસતાં દરેક માણસને પોતાનું માથું નીચું નમાવવું જ પડે. શાહજહાનને ખાતરી હતી કે આ યુક્તિથી એલચીને હિંદુસ્તાનની રીતે સલામ કર્યા વગર છુટકો નથી, પરંતુ જ્યારે તે દરવાજાની પાસે આવ્યો અને આવી રીતે કારસ્તાન થયેલું જોયું ત્યારે તેણે બારીમાં પેસતાં પહેલાં પુંઠ નમાવી અને પગ ઘાલ્યા. આ પ્રમાણે આમે ખાસમાં પેસતાં

પાદશાહે ધાર્યું હતું તેમ ન થયું પણ તેથી વિરૂદ્ધ અને અપમાન જેવું થયું. પાદશાહે આવા વર્તનથી ચીડાઇને તે એલચીને કહ્યું કે, 'અરે એડબખ્ત ! શું તું એમ ધારે છે કે તું તારા જેવા ગદ્ધાઓના તબેલામાં પેસે છે ?' એલચીએ જવાબ આપ્યો કે, 'હા હું તો એમ જ ધારૂં છું, આવા બાયણામાં થઇને જતાં કોઈ એમ નહિ ધારે કે તે ગદ્ધાઓને મળવા નથી જતો.'

બીજી વાત આમ છેઃ—ઇરાની એલચીના અસભ્ય વર્તનથી અને કઠોર વાણીથી ગુસ્સે થયેલા શાહજહાન પાદશાહે એકવાર તેને કહ્યું કે, 'મૂર્ખ ! શું શાહ આબાસના દરબારમાં કોઈ સભ્ય માણસ નથી કે આવા મૂર્ખને અહીં મારી તરફ મોકલ્યો છે ?' હાજર જવાબી એલચીએ તર્તજ જવાબ આપ્યો કે, 'ખરેખર મારા રાજાના દરબારમાં મારાથી ઘણા વિદ્વાન ડાહ્યા અને હોંશિયાર માણસો છે પરંતુ તે જેવો રાજા હોય તેના જેવોજ એલચી પસંદ કરીને મોકલે છે.'

એકવાર શાહજહાને ઇરાની એલચીને પોતાને ત્યાં જમવા બોલાવ્યો હતો. જમતાં જમતાં રાજા તેની મશ્કરી કરવાને લાગ શોધતો હતો એવામાં એલચી હાડકાં વીંણી વીંણીને ખાવા લાગ્યો એટલે પાદશાહે કહ્યું કે, 'અરે એલ્તશાજી ! કુતરાં શું ખાતાં હશે.' 'ખીચડી' એમ એલચીએ તર્ત ઉત્તર આપ્યો, કારણ કે શાહજહાન પાદશાહને ખીચડી ઘણી પ્રિય હતી. હિંદુસ્તાનમાં સામાન્ય લોકનો સાધારણ ખોરાક ખીચડી છે. પાદશાહે એકવાર નવી બંધાતી દિલ્હી દેખાડીને એલચીને પુછ્યું કે, 'ઇસ્ફાનની સાથે સરખાવતાં તેમ દિલ્હીને કેવું ધારો છો ?' એલચીને ઉત્તર આપ્યો કે, 'બિલ્લાહ ! બિલ્લાહ ! તમારા દિલ્હીની ધુળ સાથે ઇસ્ફાનને સરખાવાય જ નહિ ?' પાદશાહ પ્રથમ તો આ ઉત્તરથી બહુ પ્રસન્ન થયો પરંતુ પાછળથી એલચીના વાક્યનો મર્મ સમજવામાં આવ્યો ત્યારે ક્રોધે ભરાયો. એલચીનો ભાવાર્થ એવો હતો કે, દિલ્હી ગમે તેવું છે પણ તેની ધુળ ઇસ્ફાનમાંનથી અર્થાત્ અહીંની રજ અસહ્ય છે.

વળી એકવાર પાદશાહે ઇરાની એલચીને ઘણોજ આગ્રહ કરીને પૂછ્યું કે 'હિંદુસ્તાનના રાજા અને ઇરાનના રાજાને તમે કેવા બળવાન ધારોછો?' એલચીએ ઉત્તર આપ્યો કે, 'હિંદુસ્તાનના રાજા તે પૂર્ણિમાના ચંદ્ર અને ઇરાનના રાજા તે શુદ બીજ ત્રીજના ચંદ્ર જેવા છે.' પાદશાહ પ્રસન્ન થયો પરંતુ જ્યારે આ વાક્યનો અર્થ તેને એમ કરી બતાવવામાં આવ્યો કે, પૂર્ણિમાનો ચંદ્ર એટલે પડતી પર આવેલો અને બીજ ત્રીજનો ચંદ્ર એટલે ચઢતી પરનો ચંદ્ર. આથી પાદશાહ ઘણોજ દિલગીર થયો હતો.



હિંદુસ્તાનમાં ઇરાનના લોક આવે છે અને તે આવાં આવાં વાક્ચાતુર્યમાં કાળ ગાળે છે, જે વાક્ચાતુર્યનાં ટાયલાં કરતાં તેઓ કંટાળતા પણ નથી. આવા માણસોને પોતાનો ભાર પાડતાં આવડતો નથી અને ગતકડાંમાં તેઓ પોતાને ઉલટા હલકા ઠરાવે છે. પોતાની વર્તણુકને સન્માર્ગે લઈ જવાનું ડહાપણ તેમનામાં જોવામાં આવતું નથી. શાહ આબાસના એલચીનામાં આવો વિવેક નહોતો તો નહોતો પણ તેનામાં એટલી પણ અકલ નહોતી કે આવી મશ્કરીઓથી, ચેષ્ટાઓથી અને કઠોર ભાષણથી તે શાહજહાનનો કોપ વધારે છે. તેની આવી વર્તણુકથી તે એકવાર મોટા જોખમમાંથી ભાગ્યને પરિબળેજ બચી ગયો હતો. શાહજહાન તેનાપર ગુસ્સે થયો હતો અને તેને તિરસ્કારી કહાડયો હતો એટલુંજ નહિ પણ એકવાર તો ગુપ્ત રીતે તેણે એવો હુકમ કર્યો હતો કે, 'એલચી દરબારમાં આવતો હોય ત્યારે તેના પર સાંકડે રસ્તે એક ગાંડા હાથીને છોડી મૂકવો.' પાલખીમાં બેશીને એલચી દરબારમાં આવતો હતો ત્યારે પાદશાહના હુકમ પ્રમાણે તેના માણસોએ એક ગાંડા હાથીને સાંકડી નળીમાં તેની સામે છોડી મૂક્યો હતો. એલચીએ તર્ત બુદ્ધિ વાપરી પાલખીમાંથી કુદી પડી પોતાના માણસો સાથે હાથીની સૂંઢમાં તીરો માર્યા અને સદ્ભાગ્યે હાથી ભડકીને નાશી ગયો નહિ તો તેજ દિવસે એનો અંત આવી જાત.

ઇરાની એલચી પાછો ફર્યો એવામાં જ ઔરંગઝેબના એક જુના ગુરુનો જાણવા જોગ બનાવ બન્યો હતો. આ વાત ઘણી જ રસીક છે. ઔરંગઝેબ નાનો હતો ત્યારે શાહજહાને મુલ્લા સાલે નામના એક કાજીને તેને ભણાવવા રાખ્યો હતો. એ કાજી પાદશાહે આપેલી બક્ષીસથી કાબુલ તરફ વિરામની જીંદગી ગુજારતો હતો, પરંતુ જ્યારે તેને માલૂમ પડ્યું કે, શાહજહાનના પુત્રો વચ્ચે ચાલેલી રાજ્યગાદીની લડાઇનો અંત આવી તેનો શિષ્ય ગાદીએ આવ્યો છે, ત્યારે તે દિલ્લીના દરબારમાં કોઇક મોટા અમીરની પદવી પામવાની લાલચે રાજ્ય નગરમાં દોડી આવ્યો હતો. દિલ્લી આવી પોતાના સ્વાર્થ માટે તેણે બહુ પ્રયત્ન આદર્યો હતો અને રોશનઆરા બેગમના સુધી પણ વગસગવાળા કોઈ માણસને તેણે પોતાના લાભમાં નહોતો ઘુણાવ્યો એમ નહોતું. ત્રણ માસ સુધી પાદશાહે જાણ્યું પણ નહોતું

કે તેના મૂળ કાજી સાહેબ પધારેલા છે; પરંતુ પછી હમેશાં તેને દરબારમાં જોઈ જોઇને અકળાઈ ગયો ત્યારે ઔરંગઝેબે તેને એકાંતે મળવાનું કહ્યું. હકીમ ઉલ મુલ્ક, અને દનેશમંદખાન જેવા મોટા દરજ્જાના ત્રણ ચાર ઉમરાવોની સાથે એકાંતમાં એકવાર ઔરંગઝેબ મુલ્લા સાલે સાહેબને મળ્યો. આ વખતે ઔરંગઝેબે જે ભાષણ કર્યું હતું તે મને મારા આગાએ કહ્યું હતું એટલે હું તેના અક્ષરે અક્ષર તો લખી શકતો નથી, પરંતુ ઘણું ખરૂં તે આ પ્રમાણે હતું. એ પ્રસંગે કદી હું ત્યાં જાતે હાજર હોત તોપણ કંઈ શબ્દે શબ્દ તો લખી શકતજ નહિ. એ એકાંત મંડળમાં પછી ઔરંગઝેબે કાઝીને કહ્યું કે, ‘ મુલ્લાંજી ! શું આપ એમ ધારો છો કે હું તમને મારા દરબારમાં એક મોટી પદવીએ ચડાવીશ ? તમારી યોગ્યતાનો ત્યારે તો આપણે નિર્ણય કરીએ. જો તમે મારા બાળક મગજમાં જોઇએ તેવા વિચારોનો બોધ આપ્યો હોત તો તમે ધારો છો એવી પદવીને તમે લાયક ગણાત, એ હું ના પાડતો નથી. એક સારી કેળવણી પામેલા માણસને માટે તે તેના પિતાનો કે ગુરૂનો કોનો આભારી છે તે કહેવું અશક્ય છે; પરંતુ મેં તમારા હાથ તળે શું જ્ઞાન મેળવ્યું છે તે તો બતાવો ? તમે તો મને શીખવ્યું હતું કે, આખુ ફીરંગીસ્તાન–યુરોપ એક મોટા બેટ જેવું છે અને તેમાં સૌથી મોટો રાજા પહેલાં પોર્ટુગાલનો હતો; પછી હોલાંડનો અને ત્યાર પછી ઇંગ્લંડનો રાજા હતો. ફોરંગીસ્તાનના બીજા રાજાઓ એટલે કે ફ્રાંસ અને અલાલુસીઆ જેવા દેશોના રાજાઓના સંબંધે તો તમે મને શીખવ્યું હતું કે, તેઓ તો હિંદુસ્તાનના સામાન્ય ઠાકોરો જેવા છે; તથા હિંદુસ્તાનના રાજાના જેવા કોઈ નથી, સઉ તેનાથી ઉતરતા છે. હુમાયુ, અકબર, જહાંગીર અને શાહજહાન જેવા કીર્તિવાળા રાજા દુનિયાંપર થયા જ નથી; અને ઇરાન, યુસબેગ, કાશગર તાર્તરી, કાર્થી (કૈથી અર્થાત્ ચીન) પેગુ, સીઆમ, ચીન, મચીન (મહાચીન) વગરે દેશના રાજાઓ તો હિંદુસ્તાનના પાદશાહનાં નામ સાંભળતાંજ થથરી જાય છે. મુલ્લાંજી ! ધન્ય છે તમારા ભૂગોળ જ્ઞાનને અને ધન્ય છે તમારા જેવા એક મોટા ઐતિહાસિકને !! દુનિયાંની હરેક પ્રજાના લક્ષણથી, તેમનાં બળ પ્રતિકારોપાયથી તેમની લડાયક રીતથી, રીતભાતોથી, ધર્મથી, અને તેમની રાજ્ય કાજ ચલાવવાની પદ્ધતિથી મને જ્ઞાન આપવાનું શું મારા ગુરૂનું આવશ્યક કર્મ નહોતું ? દેશ વિદેશના લોકનો શામાં સ્વાર્થ રહેલો છે, વગરે બાબતોથી ભરેલા ઇતિહા-



સના જ્ઞાનથી રાજ્યકાજનાં મૂળતત્વોમાં મને જાણીતો કરવાનો શું નહોતો ? દુનિયાંનાં જૂદાં જૂદાં રાજ્યો કેવી રીતે આબાદ થયાં, કેમ પડતીમાં આવી પડ્યાં, કેવી ભૂલ થાપોથી નાશ પામ્યાં, તેમાં કેવા કેવા બનાવો બન્યા, કેવા કેવા અકસ્માતો અથવા ભૂલોને લીધે તેમાં મોટા મોટા ફેરફાર થયા અને એવા એવા બનાવોની દેશ ઉપર કેવી અસર થઈ વગરે બાબતમાં તમે મને શું શીખવ્યું છે ? મનુષ્ય જાતના ઇતિહાસમાં તમે મને શું શીખવ્યું હતું ? અરે મનુષ્ય જાતનો ઇતિહાસ તો એક કોરે રહ્યો પણ તમે તો મને આ મહા રાજ્યના સ્થાપનાર મારા પૂર્વજોનાં નામ સુદ્ધાં પણ ક્યારે શીખવ્યાં અથવા જણાવ્યાં હતાં ? હું તમારી પાસેથી તે પણ જાણવા પામ્યો નથી. મારા પૂર્વજોનાં જીવન ચરિત્ર, તેમના વખતના બનાવો અને તેનાં પરિણામ, અને આવી મોટી મોટી જીત્યો મેળવવામાં વાપરેલી તેમની સ્તુતિપાત્ર અત્યુત્તમ બુદ્ધિથી પણ તમે તો મને તદ્દન અજ્ઞાતજ રાખ્યો હતો. પોતાના દેશની આસપાસ રહેતી પ્રજાઓની ભાષા જાણવી એ તો રાજ્ય કુંવરને માટે ઘણું જ અગત્યનું છે, પરંતુ તમે તો મને અરેબીક લખતાં વાંચતાં માત્ર શીખવ્યું હતું. દશ અથવા બાર વર્ષના લાગટ અભ્યાસ વગર જેમાં માણસ પાવરધો થઇ ન શકે એવી આરેબીક ભાષા શીખવવામાં તમે જે મારો કાળ મિથ્યા કહડાવ્યો હતો તેને વાસ્તે શું તમે મને તમારો આભારી કહેવા માગો છો ? એક શાહજાદાની કેળવણીને માટે ઘણાજ અગત્યના ગણાતા અનેક વિષયો મૂકીને તમે એક વિદ્વાનને જાણવા જેવા માત્ર વ્યાકરણ જેવા શુષ્ક વિષયની યુક્તિ પ્રયુક્તિ શબ્દ પ્રયોગ, અર્થ અને નકામા કોઈ દહાડો પણ પુરા ન થાય તેવા શબ્દ સિદ્ધાંતોમાં અને મિથ્યા માથાફોડમાં મારા બાળપણના અમુલ્ય પ્રહરોને વૃથા ગુમાવરાયા હતા.

મુલ્લાંજી પ્રત્યે આરંગઝેબે આ રીતે એનો ઉભરો કહાડ્યો હતો પરંતુ કેટલાક વિદ્વાન્ માણસો, કાંતો પાદશાહનાં વખાણને માટે, કાંતો તેના ભાષણને એક બુદ્ધિવાળું ઠરાવવાને કાજે અથવા કાંતો મુલ્લાંજી ઉપરના દ્વેષ ભાવને લીધે, કહે છે કે પાદશાહ આટલોજ ઠપકો દઇને રહ્યો નહોતો પરંતુ આ રીતે જૂદી જૂદી બાબતોપર બોલ્યા પછી તેણે વળી મુલ્લાંજીને નીચે પ્રમાણે ઝાડી કહાડ્યા હતા. ‘ મુલ્લાંજી ! શું તમે જાણતા નહોતા કે, નાનપણનો વખત કે જ્યારે સ્મરણ શક્તિ સહજ ગ્રહણ ચાતુર્યવાળી હોય છે

અને મન જ્યારે હજારો સદ્વિચારને ધારણ કરી શકે છે ત્યારે મનુષ્યના બાળકના મનમાં ઉંચી ઉંચી જાતના વિચારોની છાપ પાડવી, કે જેથી ભવિષ્યમાં તે કીર્તિકર કાર્યો કરવાને માટે યોગ્ય થાય? શું પ્રાર્થનાઓ કરવાનું, કાયદાનું અને શાસ્ત્રોનું જ્ઞાન માત્ર આરેબીક ભાષામાંથી મેળવી શકાય છે? શું પ્રાર્થનાઓ અને બીજી અગત્યની બાબતોનું જ્ઞાન આપણી ચાલુ ભાષાથી નથી મેળવી શકાતું? તમે મારા પિતા શાહજહાનને કહ્યું હતું કે 'મેં ઔરંગઝેબને તત્વજ્ઞાન શીખવ્યું છે.' અને મને સારી રીતે યાદ પણ છે કે તમે મારા બાળ મગજને કેટલાંક વર્ષો સુધી એ ઉદાસિન અને મૂર્ખાઈ ભયા સિદ્ધાંતોમાં અમસ્થુજ શ્રમિત કર્યું હતું, કે જે સિદ્ધાંતોની સમજણ મનને સંતોષ આપતી નહોતી. જીંદગીના વ્યવસાયમાં કંઇજ કામ ન આવે એવા એ તત્વજ્ઞાનના પરાંણે અને મહા મહેનતે મગજમાં ઉતરે તથા અલ્પ સમયમાંજ પાછા વિસરાઈ જાય એવા સિદ્ધાંતો મનુષ્યને બીજો કંઇજ લાભ કરતા નથી પણ ઉલટો તેને થકવી નાંખી બુદ્ધિનો નાશ કરી વજના માથાનો અને કંટાળા ભરેલો અસહ્ય બનાવી મૂકે છે. ખરેખર મને યાદ છે કે તમે મારાં અમુલ્ય વર્ષો તમને પ્રિય એવા કલ્પના શાસ્ત્રમાં ગુમાવરાયાં હતાં અને તે ભણી રહ્યા પછી હું તે શાસ્ત્રને તર્તજ ભૂલી ગયો હતો. એવા વિચિત્ર અને તરેહવાર વિચારો માણસના મગજમાં ઠરતા નથી અને ઉલટું તેને ઉદાસિન, ગુચવાયલા જેવું, ભોટ, અને ભર્યાર્ત કરી મૂકે છે. એવું તત્વજ્ઞાન માણસને ફાયદો કરે છે એમ તમારા વગર બીજો કોણ માને? તમારી એ ભૂતભાષામાં ઊંચી અને ઊંડી જ્ઞાન પ્રતિભા રહેલી છે એમ તમે જ સમજો છો અને તેનું જ્ઞાન પણ તમેજ ધરાવો છો? જો તમે મને કોઈ પણ વસ્તુથી સંતોષ ન પામતાં ઉંચ વૃત્તિની પાછળ મચ્યા જ રહેવા જેવા વિચારને શીખવી શકે એવી અને મનુષ્યના ભવિષ્ય જીવનમાં તેના ઉપર આવી પડતી આપત્તિઓમાંથી કેમ બચવું, મોભો કેવી રીતે સાચવી રાખવો, વિભૂતિમાં કેવા સમાન ભાવ રાખવા, ફુલાઈ ન જવું, બીજા માણસની મોટાઈ ઉપર અને શ્રેય ઉપર સ્પર્ધા કરવી તથા પ્રતિપક્ષીને કેવી રીતે જીતી લેવો વગરે વિચારનાં મનુષ્યના મનમાં બીજ વાવનારી ઉત્તમ વિદ્યા ભણાવી હોત તો એલેકઝેન્ડર જેટલો એરીસ્ટોટલનો આભારી થયો હતો તેથી પણ હું તમારો વધારે આભારી થયો હોત. મારી ધારણા પ્રમાણે તે ઉપર જણાવ્યા તેવા વિચારોનું મનુષ્યના મ-



નમાં ઉદ્ઘાટન કરવું એજ તત્વજ્ઞાન કહેવાય. જેમ બને તેમ સંસારમાં પોતાને મોટો અને શ્રેષ્ટ કરવાની ઈચ્છા જેના મનમાં થાય છે તેજ વિદ્વાન ગણાય છે. આવું સાંસારિક તત્વજ્ઞાન જો તમે મને શીખવ્યું હોત તો એલેકઝંડરે તેના ગુરૂને જે માન અને પદવી આપ્યાં હતાં તેથી પણ વધારે મેં તમને આપ્યાં હોત; પરંતુ તમે તો તેમાંનું કશુંય કર્યું નથી. અરે ખુશામતિયા મુલ્લાંજી મને જવાબ દ્યો કે બીજું કંઈ તમે મને ન શીખવું તો ખેર પણ રાજ્ય કુમારને અવશ્ય જાણવું જોઇએ તેવું એટલે કે પ્રજાનો રાજા પ્રતિ શો ધર્મ છે અને રાજાનો પ્રજા પ્રતિ શો ધર્મ છે તેનું પણ તમે મને કંઇજ જ્ઞાન આપ્યું હતું? શું એ તમારે મને નહોતું શીખવવું જોઇતું? મારે કોઈ વાર મારા પોતાના સ્વરક્ષણને માટે અને રાજ્ય ગાદીને માટે મારા બંધુઓની સાથે હાથમાં તલવાર લઇને લડવું પડશે એમ શું તમારે આગળથી વિચારવાનું નહોતું? કારણ કે તમે સારી રીતે જાણો છો કે હિંદુસ્તાનના રાજ્ય કુમારોને એવા ઝઘડામાં વારંવાર જવું પડે છે. એક નગર ઉપર કેવી રીતે ઘેરો ઘાલવો અને રણસંગ્રામમાં કેવી રીતે વ્યુહ રચના કરવી વગરે યુદ્ધ વિદ્યા શું તમે કોઈવાર પણ મને શીખવી છે? મારા સારા ભાગ્યે આવું અગત્યનું જ્ઞાન મેં તમારા કરતાં વધારે કુશળ માણસોની પાસેથી ગ્રહણ કર્યું તે સારૂં થયું, નહિ તો મેં તમારી પાસેથી તો કંઇજ ઉપયોગી જ્ઞાન મેળવું નહોતું; એટલે મારૂં હાલ શું થયું હોત. તમે છાનામાના તમારે ગામ ચાલ્યા જાવ અને હવે પછી તમે ક્યાં છો અને તમારૂં શું થયું તે પણ કોઇના જાણવામાં આવવા દેશો નહિ? મુલ્લાંજી પધારો, સિધાવો.'

આ કાળે ભવિષ્ય કહેનારા જોશીના સંબંધે એક બનાવ બનેલો છે અને તે જાણવા જોગ હોવાથી મેં અત્રે લખવો ઉચિત ધાર્યો છે, જે તમને પણ કટાળા રૂપતો નહિજ થઈ પડે. એશિયાખંડના લોક જોશ સંબંધે એટલા બધા વહેમી છે કે જોશીને પૂછ્યા વગર કોઈ પણ કામ કરતા નથી. તેમના કહેવા પ્રમાણે આ દુનિયાંપર એવો એકે બનાવ નથી બનતો કે જેને માટે ગ્રહોની ગતિમાં સૂચન કરેલું ન હોય. દરેક કામમાં તેઓ જોશીની સલાહ લે છે. મૂહુર્ત વગર કામ થતું નથી. રણસંગ્રામમાં બે લશ્કર સામે સામે ગોઠવાયાં હોય અને લડવાનો યોગ્ય સમય હોય તોપણ સાહેત મુહુંત જોયા વગર સેનાપતિઓ લડાઈ ચલાવી શકતા નથી. આ પ્રમાણે વળી મુખ્ય અધિકારી પણ મુહુર્ત જોયા વગર નીમી શકાતો નથી, લગ્ન

થઈ શકતાં નથી અને મુસાફરીની શરૂઆત પણ કરાતી નથી. મુહુર્ત જોયા વગર અને જોશોની સલાહ વગર અત્રેના લોકનું કોઈ પણ કામ થતું નથી. એક વિશાત વગરના કામમાં પણ સાહેત પૂછાવ્યા વગર ચાલતું જ નથી. ગુલામ ખરીદવાને અને નવાં લુગડાં પહેરવાને માટે પણ મૂહુર્ત અને પળ ચોઘડીઆં જોવરાવવાં પડે છે. આ ગાંડો અને નકામો વહેમ એટલો બધો અડચણ કરતા છે કે ન પૂછો વાત, આમ છતાં પણ તે જમાના થયા ચાલ્યો જાય છે તે મને બહુજ આશ્ચર્ય ઉત્પન્ન કરેછે. આ વિચિત્ર જાતના વહેમને લીધે અત્રેના લોકને ખાનગી તેમજ જાહેર અને સાધારણ તેમ જ અગત્યના દરેક કામમાં જોશીની સલાહ લેવાની જરૂર પડે છે. જોશી વગર તેમનું પૈડુ ફરતું જ નથી.

હમણાં એમ બન્યું કે પાદશાહનો મુખ્ય જોશી ભોગજોગે પાણીમાં પડીને ડુબી મુવો. આ બનાવથી દરબારમાં ઘણી દિલગીરી ઉપજાવનારી ચર્ચા ચાલી રહી અને તેથી બીજા જોશીઓને તેમના ધંધામાં તથા જોશના સત્ય સંબંધે જે માન્ય તેઓ રાખતા હતા તેને ઘણી હાની પહોચી. આ રીતે અકાળે અને જળમાં મરણ પામેલો એ જોશી જ હમેશાં પાદશાહ અને ઉમરાવોના જોશ જોઈ તેમને તેમનાં કર્તવ્ય અને પ્રવર્તનમાં મૂહુર્ત આપતો હતો. સ્વાભાવિક રીતે હમણાં લોકમાં એવી વાત ચાલે છે કે બીજાનાં સારાં ખોટાં ભવિષ્ય કહેનાર એક બાહોશ જોશી શું ત્યારે જે અકાળ મોતે તે મરી ગયો તે જાણવા પામ્યો નહોતો? કેટલું બધુ વિચિત્ર! પોતાનું ભલું ભુંડુ જોવાને તે કેમ અશક્ત થયો? આ લોક વળી એમ કહે છે કે, યુરોપ ફીરંગીસ્તાનમાં બધાં શાસ્ત્રો સારી રીતે જણાયલાં છે અને તેનો અભ્યાસ પ્રતિદિવસ વધતો જાય છે તેમ છતાં ત્યાંના જોશીઓ અને ત્યાંનું જોતિષ્ય શાસ્ત્ર કંઈ એવડુ બધું સારૂ અને મનુષ્યનાં સારાં માઠાં ભાગ્ય કહેવામાં વખણાયલું નથી. આમ થવાનું કારણ એ શાસ્ત્ર સારા મુદ્દા પર રચાયલું નહિ હોય. ફીરંગીસ્તાનના જોશીઓને આ લોક એક સાધારણ વાદીનાથી વધારે માન આપતા નથી. આપણું ગ્રહ ગણિત મનુષ્યનાં શુભાશુભ ફળ જોવામાં યોગ્ય નથી એમ અત્રેના લોકનું ધારવું છે.

ઔરંગઝેબ પાદશાહનો મુખ્ય ભવિષ્ય કહેનાર મરી ગયો તેના સંબંધે જે ચર્ચા ચાલી તેથી અત્રેના બીજા જોશીઓ પણ ઘણાજ છેડાઈ ગયા હતા. તેઓને નારાજ થવાનાં કારણોમાં એક નીચેનું કારણ પણ હતું જે



લોકોમાં છૂટથી કથન કરાયલું છે. એમ કહેવાય છે કે ઈરાનના શાહ, શાહ આબાસને એકવાર તેના જનાનખાના આગળની છૂટી જગામાં વાડી કરવાની ઈચ્છા થઈ. માળીને ઝાડ પાન વાવવાની બધી ગોઠવણ કરવાનો હુકમ કર્યો અને તેણે જૂદી જૂદી જાતનાં ઝાડને માટે ઘટતી જગાઓ પસંદ કરી ક્યારા બનાવ્યા, પરંતુ એકવાર જ્યારે કંઈ કામને પ્રસંગે તે બહાર ગયેલો હતો ત્યારે પાદશાહે પોતાના જોશીને પૂછ્યું કે ‘વાડીમાં ઝાડ રોપવા માટે તમે મૂહુરત નક્કી કરી આપો.’ જોશીએ તરતજ પોતાની ચોપડીઓનાં પાનાં ઉથલાવી તથા યંત્ર કહાડી શાહને જણાવ્યું કે, ‘અત્યારે ઝાડ રોપવાનો જોઇએ તેવો વખત છે. એક કલાક પછી બધા ગ્રહો ફરી જાય છે, માટે જો આપ નામદારને રોપેલાં ઝાડને સારાં ફળેલાં જોવાની ઈચ્છા હોય તો કંઈ પણ વિલંબ કર્યા વગર તે કામ અત્યારેજ કરવું.’ શાહે તરત બીજા માણસોને બોલાવી રોપવાનાં ઝાડ મંગાવ્યાં અને માળીએ કરી રાખેલા ક્યારા ઉપર ધ્યાન ન આપતાં ઝમરૂખીના ક્યારામાં બદામનું અને બદામના ક્યારામાં ઝમરૂખીનું ઝાડ એમ સઘળાં ઝાડો પોતાને શ્રી હાથે રોપી દીધાં. આ રીતે વાડીમાં વૃક્ષ રોપણનું કામ કર્યા પછી શાહ પોતાના કામ ઉપર ગયો. કેટલીકવારે એટલે સાંજે માળી જ્યારે પાછો આવ્યો ત્યારે વાડીમાં ઉલટા સુલટી વૃક્ષો વાવેલાં તેના જોવામાં આવ્યાં. તાજાં રોપેલાં વૃક્ષોને તેણે ઉપાડી લીધાં અને જેમ જોઇએ તેમ ફરીને રોપી દીધાં. બીજે દિવસે કોઇ રીતે જોશીના જાણવામાં આવ્યું કે માળીએ તેણે રોપાવેલાં વૃક્ષોને ઉખાડી ફરી રોપ્યાં છે, તેથી તેણે તે વાત શાહને રોશન કરી. શાહે માળીને બોલાવી સિદ્ધ ચોઘડીઆમાં પોતાને હાથે રોપેલાં વૃક્ષો ઉપાડી પુનઃ રોપવા માટે સવાલ કર્યા અને જોશીએ તેમાં હાજીઓ ભણ્યો. શાહ માળીને શિક્ષા કરવાની તૈયારીમાં હતો એટલામાં માળીએ બે હાથ જોડી કહ્યું કે, ‘નામદાર! મારા કરતાં સાહેત વધારે શિક્ષાને પાત્ર છે, કારણ કે એણે એવું કેવું ચોઘડીઉ જોઇને એ વૃક્ષો આપ નામદાર શ્રીને હાથે રોપાવ્યાં કે જે સાંજ પડતા પેલાં પાછાં ઉખાડવાં પડ્યાં?’ શાહને માળીનાં વચન સાંભળી એકદમ આશ્ચર્ય ઉત્પન્ન થયું. પછી તે જોશીના સામુ જોઇને હસ્યો અને તેના તરફ વધારે વાર ન જોતાં દરબારમાં ચાલ્યો ગયો.

શાહજહાન પાદશાહના વખતમાં બનેલા છતાં બીજા બે બનાવો હું

અત્રે ટાંકવા ઉચિત ધારૂં છું. આ દેશમાં કેટલીક જૂની રીતભાતો કેવી જંગલી છે તે જાણુવાને અને દેખાડવાને એ વાતો બહુ જ ઉપયોગી થઈ પડશે. હિંદુસ્તાનમાં એવો સંપ્રદાય છે કે રાજાની નોકરીમાં જો કોઈ પણ માણુસ મરી જાય તો તેની પાછળ રહેલી તેની તમામ મિલકતનો વાલી વારસ પાદશાહ ગણાય છે. શાહજહાનના દરબારમાં નાયક-નાય-ખાન નામનો એક મોટો ઉમરાવ હતો. તેણે ચાલીસથી પચાસ વર્ષ સુધી દરબારમાં મોટા હોદ્દાપર રહી ઘણી લક્ષ્મી સંપાદન કરી હતી. ઉપર જણાવેલા ધારાને આ ઉમરાવ બહુજ ધિક્કારતો હતો, કારણુકે એથી મોટા મોટા ઉમરાવોની વિધવાઓ ભીખ માગતી થઈ જતી હતી તથા તેમના છોકરાઓને બીજા ઉમરાવોની નોકરીમાં રહેવું પડતું હતું. શાહજહાનને પણ તેણે આ ક્રૂર અને જંગલી રીવાજને માટે ઘણીવાર સારી સલાહ આપી હતી, પરંતુ તેથી તેના લોભી મન ઉપર કંઇજ અસર થઈ નહોતી. જ્યારે પોતાના મરણુના દિવસો પાસે આવ્યા ત્યારે આ ઉમરાવે ગુપ્ત રીતે પોતાનો સઘળો પૈસો દુઃખિઆરી વિધવાઓ અને ભીખ માગતા થઈ ગયેલા ઉમરાવજાદાઓમાં વહેંચી આપ્યો. પછી પોતાની તિજોરીમાં જૂનું લોખંડ, ફાટેલાં ખાસડાં અને લુગડાંના ડુચા ભરાવ્યા. જ્યારે તે મરણુ પામ્યો ત્યારે પાદશાહને ખબર કરવામાં આવી. લોભી પાદશાહે એક ક્ષણુનો પણ વિલંબ કર્યા વગર મોટી દોલતની આશાએ નાયક-નાય-ખાનની તીજોરીને દરબારમાં ઉપડાવી મંગાવી. સિપાઇઓ સપાટાબંધ તે લઈ આવ્યા. મોટા ધનના ઢગલાની આશાએ પાદશાહે દરબારની વચ્ચે જ તે ઉઘડાવી પરંતુ જ્યારે તેમાંથી હીરા, મોતી અને દોલત નીકળવાને ઠેકાણે ફાટેલાં ખાસડાંનો ગંજ નીકળ્યો ત્યારે પાદશાહ શરમાઈ ગયો અને કંઈ પણ બોલ્યા ચાલ્યા વગર વીલે મોંડે દરબારમાંથી ચાલ્યો ગયો.

બીજું ઉદાહરણુ એક વૃદ્ધ વાણીઅણુની હાજર જવાબીનું છે. પાદશાહની નોકરીમાંના એક ગૃહસ્થ વાણીઆના મરી ગયા પછી તેની વિધવા અને દિકરા વચ્ચે વાંધો પડયો હતો. મરનારે વ્યાજવટાં કરી પુષ્કળ પૈસો જમા કરેલો હતો પણ ડોશી તેમાંથી છોકરાને કંઈ આપતી નહિ, કારણુકે છોકરો ઉડાઉ અને હાથનો છૂટો માણુસ હતો. માની બદ્ધમુષ્ટતાથી કંટાળી છોકરાએ પોતાની ખરી મીલકત કેટલી છે તે શાહજહાનને જાહેર કરવાની મૂર્ખાઈ કરી. શાહજહાને તરતજ તે વાણીઆની વિધવાને દરબારમાં બોલાવી અને ધમકી આપી હુકમ કર્યો કે, 'જા, આ સિપાઇઓની સાથે એક લાખ રૂપિઆ દરબારમાં મોકલી દે અને અરધો લાખ તારા છોકરાને આપ.' વાણીઅણુને આવો સાહસિક હુકમ કર્યા પછી તેણે સીપાઇઓને કહ્યું કે હવે તેને દરબારમાંથી બહાર કહાડી મૂકો.



વાણીઅણુ પાદશાહનો હુકમ સાંભળીને આભી બની ગઈ છતાં સીપાઇઓના હાથમાંથી છૂટી તેણે પાદશાહ ભણી જોયું અને 'એક અરજ છે, અરજ છે, એમ બુમો પાડી.' સીપાઇઓ અને વાણીઅણુની ખેંચતાણ જોઈ પાદશાહે કહ્યું કે, 'ભલે, તેને શું કહેવું છે, ઉભી રાખો અને તેને જે કહેવું હોય તે કહેવા દ્યો.' વાણીઅણે પછી પાદશાહની સામે ફરીને કહ્યું કે, 'હજરત સલામત ! મારો દીકરો આ મીલકતની માગણી કરે છે તે કંઈ કારણુ વગર કરતો નથી. તે મારો અને મારા ધણીનો પુત્ર છે અને ધન માગે છે તે વાજબી છે, પણ હું નમ્રતા પૂર્વક જાણુવા માગું છું કે મારા મરનાર ધણી અને આપ નામદાર વચ્ચે એવો કીઓ સંબંધ છે કે જેથી આપ નામદાર એક લાખ રૂપિયાની માગણી કરોછો ? એમ કરવાનું કારણુ હોય તો મને જણાવશો જી.' પાદશાહ એ વાણીઅણુનું સયુક્તિક ભાષણુ સાંભળી છક થઈ ગયો અને હશી પડયો. પછી કંઈ પણ ઉત્તર ન આપતાં તેણે હુકમ કર્યો કે, 'આ વાણીઅણુને તેના ધણીની મિલકત સુખેથી ભોગવવા દેવી.'

લડાઈ બંધ થયા પછી એટલે ૧૬૬૦ થી તે હું સ્વદેશ આવવા માટે નીકળ્યો તેટલા વખતમાં બનેલા મુખ્ય મુખ્ય બનાવો લખવાનો હું હવે વિચાર રાખું છું. અત્રેના લોકોની રીતભાત અને મોગલ પાદશાહોની રાજ્યનીતિ તથા બીજો અગત્યનો સામાન્ય હેવાલ હું લખવાનો છું, પરંતુ તે આગળપર લખીશ. હાલ અત્ર તો હું મોટા મોટા માણુસોના સંબંધે પાદશાહ કેવી રીતે વર્તે છે તે લખવાનો છું, તેમાં પ્રથમ ઔરંગઝેબ તેના વૃદ્ધ પિતા શાહજહાનની સાથે કેમ વર્તે છે તે લખવાનો પ્રારંભ કરૂં છું.

### પિતા પુત્રનો સંબંધ.

ઔરંગઝેબ પાદશાહે જો કે તેના પિતાને આગ્રાના કિલ્લામાં કેદ રાખ્યો છે અને તે નાશી ન જાય તેને માટે સંપૂર્ણ સાવધાની રાખવામાં આવે છે, તેમ છતાં વૃદ્ધ પાદશાહને માનપૂર્વક મમતાળુતાથી પાળવામાં આવે છે. તેને તેના પ્રથમના દિવાને ખાસમાં મહાલવાની અને બેગમ સાહેબ તથા બીજી

જનાનાની સ્ત્રીઓ ખાસ કરીને રામજણિયો, સેવકો અને ખાણાં પકાવનારાઓની સાથે છૂટથી બેસવા ઉઠવાની રજા આપવામાં આવી છે. આવી બાબતોના સંબંધે પાદશાહ જે માગણી કરે છે, તે આપવામાં આવે છે અને તે ઘણો શ્રદ્ધાળુ હોવાથી અમુક મુલ્લાઓને તેની પાસે જઈ કુરાન વાંચી સંભળાવવાની છૂટ મૂકેલી છે. ઘોડાઓ, જૂદી જૂદી જાતનાં પક્ષીઓ, તેની ગમતને માટે સાટમારીનાં હરિણો અને બીજાં પ્રાણીઓ મગાવવાની તેને છૂટ છે. ઔરંગઝેબની તેના વૃદ્ધ પિતાના તરફની મમતા નિરંતર એક ધારી અને માનભરી જોવામાં આવે છે. તેણે વૃદ્ધ પાદશાહના ઉપર ભેટોનો વરસાદ વરસાવ્યો હતો. એક પૂજ્ય તરીકે તે તેની સલાહ લે છે, અને વારંવાર પિતાનો પુત્ર પ્રતિ અને પુત્રનો પિતા પ્રતિ કેવો ધર્મ અને અધીનતા છે તેના સંબંધે પિતા પુત્ર વચ્ચે પત્ર વ્યવહાર ચાલે છે. આમ શાન્ત અને મમતાળુ સંબંધ ચાલુ રહેતાં છેવટ વૃદ્ધ પાદશાહની રીસ અને ગુસ્સો ઉતરી ગયાં છે. રાજ્યકીય બાબતોના સંબંધે તે વારંવાર ઔરંગઝેબનાપર પત્ર લખી સારી સલાહ આપે છે. દારાની પુત્રીને તેણે ઔરંગઝેબને ત્યાં મોકલી છે અને જે જવાહીરને માટે તેણે પ્રથમ ઔરંગઝેબ આગ્રહ કરે તો ભાગીને ભૂકો કરી નાંખવાની ધમકી આપી હતી તેમાંનાં ઘણાં રત્નો તેણે તેને મોકલાવ્યાં છે. વૃદ્ધ પાદશાહે હાલ તેના બંડખોર પુત્રને છોરૂ કછોરૂ ગણી માફી આપી છે, એટલુંજ નહિ પણ ઔરંગઝેબના તરફથી જેને માટે વારંવાર વિજ્ઞાપના થતી હતી તે પિતાના મનનો આશીર્વાદ પણ પાદશાહે તેને પ્રસન્ન મને દીધો છે.

મેં જે વાત લખી તે ઉપરથી એમ ન ધારવું કે બાપ દીકરા વચ્ચે એવો જ વ્યવહાર નિરંતર ચાલતો હતો. શાહજહાનને હમેશાં સારૂ લગાડવામાં આવતું એમ કંઈ નથી. એક બે પત્રો મારા જોવામાં આવેલા તેથી હું કહી શકું છું કે–કોઈ કોઇ વાર ઔરંગઝેબ મોટાઈના અને રાજ્ય સત્તાના તોરમાં આવી વૃદ્ધ પાદશાહને આદેશિક વાણીમાં પણ પત્ર લખતો હતો. એક પત્રનો કેટલોક ભાગ મારા જોવામાં આવ્યો હતો, તેમાં આ પ્રમાણે લખેલું હતું.:–‘ તમારી શું એવી જ ઇચ્છા છે કે મારે જુના રીવાજોને આંખો મીચી વળગી રહેવું જોઇએ અને મારી નોકરીમાં મરણ પામતા દરેક માણસની મિલકતનો હું વારસ છું એમ જાહેર કરવું જોઇએ. આપણને એવી ટેવ પડી ગયેલી છે–સંપ્રદાય પડી ગયેલો છે કે, એ-



કાદ અમીર ઉમરાવ કે ધનાઢ્ય વેપારી પોતાનો શ્વાસ મૂકી દે–ખરે કોઈ કોઈ વાર તો તે મરણ પણ ન પામ્યો હોય ત્યાર પહેલાં તેના ઘરને કડી કરી લઇએ છીએ. ઘણીવાર તેની તમામ મિલકત કેટલી છે તે જણાવવાને માટે તેના ઘરના મહેતા મુસદી લોકને કેદ કરી કે માર મારી પજવીએ છીએ અને તે પણ ઘણાજ થોડા જવાહીરને માટે જુલમ કરીએ છીએ. અલબત્ત, આ રીત આપણને લાભકારક છે; પરંતુ શું આપણે એ રીત અન્યાય ભરી અને જુલમી છે તે ના કહી શકીશું? નાયક–નાય ખાન ઉમરાવ અને પેલા હિંદુ વેપારીની વિધવાની માફક જેઓ વર્તે તેનાથી શું આપણે યોગ્ય રીતે સેવાયલા નથી?

હું આપણું લાંચ્છન ભૂશી નાંખવા ધારૂં છું અને તમે મારે માટે જે ખોટા વિચાર બાંધોછો તે સહન કરી શકતો નથી. તમે ધારો છો તેમ રાજ્ય ગાદીપર બેસતાં હું દર્પથી અને અહંપદથી ઉદ્ધત થઈ ગયો નથી. ચાલીસ વર્ષ કરતાં પણ કંઇક વધારે વર્ષના અનુભવથી તમે જાણતા જ હશો કે રાજ્યગાદીના ભૂષણ રૂપ થઇને રહેવું તે કેટલું વિકટ કામ છે અને રાજાને લોકના ઉદય માટે કેટલા બધા ફીકરમંદ રહેવું પડે છે? પોતાના પુત્ર અને પૌત્રોને ડહાપણ, ન્યાય અને નેક શાંતિથી રાજ્ય ચલાવવાની ભલામણ કરતાં આપણા પૂર્વજ અકબરે કેવા વિચાર જણાવેલા છે અને મીર તૈમુરની ઉત્તમ નોંધ ઉપર કેવું ધ્યાન આપવા માટે જણાવેલું છું, તેના ઉપર લક્ષ આપો. તે કહે છે કે, જ્યારે * બજાયત રાજાને કેદ કરી તૈમુર લેનની પાસે લાવી ખડો કરવામાં આવ્યો ત્યારે તૈમુર લેન તેના સામે ધારીને જોઇ રહ્યો અને પછી તેના સામે હસ્યો. તૈમુરના હસવાથી બઝાયતને ઘણો ક્રોધ ચડયો અને તેણે વિજેતા તૈમુરને કહ્યું કે, ‘ સૌભાગ્યના વિજયમાં અતિશે છકી જવું એ સારૂં નથી, ઇશ્વરની ગતિ ગહન છે. તેજ રાજાઓ ને મનુષ્યને એકવાર હાથીને હોદ્દે ચઢાવે છે અને બીજીવાર તરણાથી પણ તુચ્છ કરી નાંખે છે. કોણે જાણ્યું છે કે કાલ શું થશે? આજ તું વિજેતા થયો છે અને કાલ બેડીએ પણ પડે.’ તૈમુરે જવાબ આપ્યો કે,

* તુર્કસ્તાનના સુલતાન બાઈ આઝાર ૧ લાને ૧૪૦૨ ના જુલાઈની ૨૧ મી તારીખે તૈમુરે કેદ પકડી લોખંડના પાંજરામાં પૂર્યો હતો અને .૧૪૦૩ ના માર્ચની ૮ મી તારીખે તે મરણ પામ્યો ત્યાં સૂધી એજ પાંજરામાં તેને તૈમુરની સાથે જ્યાં જાય ત્યાં લઈ જવામાં આવતો હતો.

'ઐહિક માયાની અસ્થિરતા અને વૈચિત્ર્યથી હું સારી રીતે જાણીતો છું; અને ઈશ્વર ન કરે કે હું મારા પડતા શત્રુને અપમાન આપું કે તેના ઉપર હસું.' રાજા બઝાયતજી ? હું તમને ખોટું લાગડવાને માટે હસ્યો નથી પરંતુ મારા અને તમારા બેઉના બેડોળપણાપર વિચારોની પરંપરા મારા મનમાં ઉત્પન્ન થઈ હતી તેથી સહસાજ હસવું આવી ગયું. એક આંખ ફૂટી જવાથી અનાલોક્ય થયેલા તમારા ચહેરા સામે જોતાં મને મારા દુઃસહ પંગુત્વના વિચાર આવ્યા અને એ વિચારોમાં અનેક તર્ક વિતર્ક થતાં હાસ્ય થયું. મનમાં ને મનમાં મેં મારા મનને પૂછ્યું કે, 'રાજ્ય ચક્રમાં એવું તે શું હશે કે જેથી રાજાઓ અસાધારણ સ્વાત્મમાની થઈ જાય છે, જ્યારે આવા અભાગ્ય મૃત્યુંને રૂપરંગનો આપનાર તો સર્વ નિયંતા પરમેશ્વર એક જ છે.'

અભિવૃદ્ધિની યોજનાઓ કરવી અને અમલમાં આણવી તથા રાજ્યના સ્થૈર્ય અને સલામતીને માટે ઘણુંજ અગત્યનાં કામોમાં ઓછું લક્ષ આપવું અને થોડો વખત મારે કામમાં ગાળવો જોઇએ, એમ તમારૂં ધારવું હોય એવું મને લાગે છે. એક મહાન્ રાજાના રાજ્યની પ્રતિષ્ટા મેળવવાની ઈચ્છાવાળો હું તે માન્ય કરતો નથી અને જો હાલના રાજ્યને વધારી તેની હદ સાચવીને બેસી રહું તો તેથી હું આપણા મૂળ પુરુષના નામને લાંચ્છન લગાડનારો ના કહેવાઉ ? મેં મારાં સૈન્યોને દક્ષિણ અને બંગાળમાં ઉપયુક્ત રાખ્યાં છે, ને તેથી હું કંઈ અકીર્તિકર કામ કરતો હોઉં એમ મને લાગતું નથી. હું તમને યાદ આપવાની રજા લઉછું કે મોટા વિજેતાઓ હમેશાં મોટા રાજા હોતા નથી. ગુણથી રાજા પ્રખ્યાત થાય છે, જીતથી નહિ. અઘટિત અને જંગલી રીતે દુનિયાંની અનેક પ્રજાઓને જીતનારાઓ થોડા જ વર્ષમાં પાયમાલ થઈ ગયા છે. જે રાજાની પોતાની જીતેલી પ્રજાને યથા યોગ્ય ન્યાય મળે છે તેજ રાજા ખરૂ જોતાં મોટો રાજા છે.' વગરે વગરે. આ પત્રનો આગલ્યો ભાગ મારા જોવામાં આવ્યો નથી.

## અમીર જમાલનો વૃતાંત.

હવે હું પ્રસિદ્ધ અમીર જમાલના સંબંધે લખું છું. શાહજાદાઓના કલહનો અંત આવ્યા પછી એને કેવાં કામ સોંપવામાં આવ્યાં હતાં અને છેવટ તે કેવી રીતે અને કેવી સ્થિતિમાં આ દુનિયાંમાંથી પોતાની યશસ્વી કાર્યદક્ષતાને બંધ કરી ચાલી ગયો તે કહીશ. દારાના પ્રસંગમાં પેલો ની



જીવણખાન પઠાણ જેવી રીતે વર્ત્યો હતો અને સુલેમાન સિકોહના સંબંધમાં શ્રીનગરનો રાજા જેમ વિશ્વાસઘાતથી માર્યો ગયો હતો તેમ અમીર જમાલ સુલતાન સુઝાના સંબંધમાં વર્ત્યો નહિ, પરંતુ તેની પુંઠ લઈ તેણે તેને નશાડી મૂક્યો અને બંગાળ પ્રાન્ત સર કર્યો. એક ચતુર અને શૂર વીર સેનાપતિને ઘટે તેવી રીતથી તેણે બંગાળ જેવા સમૃદ્ધ દેશને જીતી લીધો અને સુઝાને પકડવાને નીચ છળ કપટની બાજી રમ્યો નહિ; જો કે તેણે તેને દરીઆના કિનારા ઉપર હાંકી કાઢ્યો અને છેવટ દેશ પણ છોડાવ્યો હતો. આ પ્રમાણે થયા પછી અમીર જમાલે એક ખોજાને પત્ર આપી ઔરંગઝેબની હજુરમાં મોકલ્યો અને એજ ખોજાની સાથે પોતાના કુટુમ્બને બંગાળ મોકલી દેવા માટે વિનંતિ કરી. તેણે ઔરંગઝેબને લખ્યું કે, 'સદભાગ્યે હવે લડાઇનો અંત આવી ગયો છે અને અવસ્થા આવતાં હવે હું નિર્બળ અને કલાન્ત થઈ ગયો છું એટલે મને સંપૂર્ણ ખાતરી છે કે મારા બાકી રહેલા દિવસો મને મારા કુટુમ્બ પરિવારની સાથે સુખમાં ગાળવા દેવાની રજા આપતાં તમે આનાકાની કરશો નહિ.' પરંતુ ઔરંગઝેબ આ ચતુર રાજ્યનીતિજ્ઞની ઈચ્છા તરત પામી ગયો. તેને એમ લાગ્યું કે, 'જો અમીરના દીકરા મહમ્મદ અમીરખાનને બંગાળે મોકલીશું તો તેનો પિતા—અમીર જમાલ બંગાળની જૂદીજ સ્વતંત્ર રાજ્ય સત્તા ધારણ કરશે.' તેને ખાતરી હતી કે અમીર કંઈ જેવો તેવો માણુસ નથી. તે બુદ્ધિશાળી, સાહસિક, શૂરવીર અને ધનાઢ્ય છે. વળી તે હાલ જય પામેલા સૈન્યનો સેનાધિપતિ હતો. તેના સૈનિકો તેનાથી ભય પામતા અને તેનાપર પ્રીતિ રાખતા, અને હિંદુસ્તાનમાંના ઉત્તમોત્તમ પ્રદેશનો તે સ્વામિ હતો. ગોવળકોંડાની જે ખટપટમાં તે પડ્યો હતો તેમાં તેનો આગ્રહી ઉત્સાહ તથા હિંમતી શક્તિ સિદ્ધ થયેલાં છે, અને તેને એમદમ તેની માગણી જો ના પાડવામાં આવી તો તેનું પરિણામ ભયંકર આવશે. આમ વિચાર કરી આ વખતે પણ ઔરંગઝેબ ઘણાજ ડહાપણ અને દીર્ઘદષ્ટિથી વર્ત્યો. તેણે અમીરની બેગમ તેની પુત્રી અને તેના પુત્રનાં છોકરાંને બંગાળે મોકલ્યાં, પાદશાહ પોતાના પ્રિયજનને જે મોટામાં મોટું માન આપી શકે તે માન એટલે કે મીર–ઉલ્–ઉમરાવની પદવી તેણે તેને આપી અને તેના પુત્ર મહમ્મદ અમીરખાનને દરબારમાં બીજા કે ત્રીજા દરજ્જાની વડા બક્ષીની પદવી આપી. આ પદવી એવી છે કે તે અધિકારી રાજાથી

દૂર રહી શકતો નથી, કદી દૂર જાય તોપણ એટલો બધો તો નહિજ. બક્ષીએ દરબારમાં જ રહેવું જોઇએ એવો નિયમ છે. વળી અમીર જમાલને પણ તેણે તેજ વખતે બંગાળની સુબેદારી આપી.

### આસામ ઉપર સ્વારી.

પોતાની ધારણા બર આવતાં અમીરને પણ એમ લાગ્યું કે પાદશાહને ગુસ્સે કર્યા સિવાય શાહજાદાને માટે બીજી માગણી થઈ શકશે નહિ. તેણે પછી ડહાપણથી એજ રસ્તો લીધો કે પાદશાહે તેના ઉપર જે ઉપકાર કર્યા હતા તેનો આભાર માન્યો. આ પ્રમાણે બરોબર બાર મહિના ચાલ્યા પછી પાદશાહે આસામના બળવાન્ અને ધનાઢ્ય રાજા ઉપર સ્વારી કરવાનું કામ અમીર જમાલને સોંપ્યું. બંગાળી ઉપસાગરના કાંઠાપર ઢાકાની ઉત્તરે આસામ દેશ આવેલો છે. આ રીતે અમીરને એ સ્વારીનું કામ સોંપવાનું ખરૂં કારણ તો એ હતું કે, રાજ્ય લોભી શૂરવીર ઘણો કાળ શાંત બેશી શકતો નથી અને જો તેને દૂર દેશાવરોની લડાઇઓથી વિમુખ રાખ્યો હોય તો તે અંદર અંદરના ભાગમાં અર્થાત્ રાજ્યમાં ખટપટ ઉભી કરે છે એવી એને ભીતિ રહેતી હતી.

આવી એક સ્વારીના વિચાર આણી તરફ અમીરના મનમાં પણ ઘણા કાળથી ઘોળાયાં કરતા હતા. તેને એવી આશા હતી કે ઉક્ત સ્વારીથી તે ચીનની સરહદ સુધી જઈ શકશે અને એમ થશે તો તેને અનન્ય કીર્તિ મળશે. આવી અમર કીર્તિ મેળવવાનો તેને ભાવ હતો. ઔરંગઝેબના સંદેસ વાહકને અમીર આવી સ્વારીને માટે સજ્જ જણાયો. જે દેશ જીતવાનો હતો ત્યાં થઇને આવતી બ્રહ્મપુત્ર ઓલંગી થોડાજ દિવસમાં અમીરનું સૈન્ય ઢાકે જઈ પહોચ્યું. અમીર અને તેનું સૈન્ય નદીને ઈશાનખુણે ચાલ્યું તે ઢાકાથી સો માઇલ દૂર આવેલા અને બંગાળના સુબા પાસેથી આસામના રાજાએ છીનવી લીવેલા ' ઓઝા ' ના કિલ્લા આગળ આવી પહોચ્યું. ઓઝા ઉપર ઘેરો ઘાલ્યોઅને એક પખવાડીઆની અંદર તેને સર કર્યું. આસામના મૂલકની કુંચી રૂપ નાકા જેવા સમદર નગર તરફ પછી અમીરે કુચ કરવા માંડી અને અઠાવીસ દહાડે તે ત્યાં પહોચ્યો. ત્યાં રાજા અને અમીર વચ્ચે લડાઈ થઈ. રાજા હાર્યો અને સમદરથી ૪૦ માઇલ દૂર આવેલા પોતાના રાજ્ય નગર ' ગારગોન ' તરફ નાશી ગયો. જમાલે ઉત્સાહ ભેર જોસ્સામાં તેની પુંઠ પકડી હતી તેથી રાજા રાજ્ય નગરમાં જઈ ત્યાં કિલ્લે



બંદી કરી શક્યો નહિ, કારણ કે વખત ઘણો થોડો રહ્યો હતો. અમીર પુંઠે લાગેલો હતો તેથી પછી તે લાસાના રાજ્ય તરફ પર્વતોમાં નાશી ગયો. સમદર અને ગારગોન લૂંટવાની સીપાઇઓને પરવાનગી મળી. ગારગોનમાંથી અમીરને પુષ્કળ ધન મળ્યું. ગારગોન નગર મોટું અને સારી બાંધણીનું શહેર છે, ત્યાં વેપાર સારો ચાલે છે અને સ્ત્રિયોના સૌંદર્યને માટે તે નગર બહુજ પ્રસિદ્ધ છે.

હમેશના કરતાં કંઇક વહેલો વરસાદ થવાથી પછી અમીર જમાલ તે રાજાની પાછળ જઈ શક્યો નહિ. આસામની ઉત્તરના પ્રદેશમાં બહુજ વરસાદ વરસે છે. એક નાનું ગામ પણ સારી ઉંચી ટેકરી ઉપર બાંધેલું હોય છે. આ વખતમાં રાજાએ આખા દેશને સાફ કરી નાંખ્યો અને અમીરના પડાવની આસપાસનાં ઢોર અને બીજાં દાણાપાણી એટલાં બધાં ઘટાડી નાંખ્યાં કે વરસાદ રહી ગયો, ચોમાસુ પૂરૂં થયું તોપણ લસ્કર ખાનપાનની વિટંબનામાંથી મુક્ત થયું નહિ. અમીરની પાસે પૈસો તો ઘણોય ભેગો કરેલો હતો, પરંતુ આ દુઃખમાં તે કંઈ કામ આવ્યો નહિ. અમીરને આગળ તેમજ પાછળ ફરવું ઘણું મુસ્કેલ માલૂમ પડયું. આગળ વધાય તેમ નહોતું કારણ કે સામે મોટા પર્વતો કોટની માફક આવી રહેલા હતા અને પાણી, ઉંડો કાદવ, અને સમદર જવાના રસ્તાપરનો બાંધ તોડી નાંખવાને માટે કરી રાખેલી રાજાની ગોઠવણોને લીધે પાછુ વળાય તેમ પણ નહોતું. ચોમાસા ભર આ કારણોને લીધે અમીરને છાવણી છોડીને જવાનું બન્યું નહિ અને સુકીઋતુ આવતાં એટલે શરદઋતુ આવી ત્યારે તેનાં માણસ ખાન પાનની હેરાનગીથી એટલાં બધાં નરમ પડી ગયેલાં તેને લાગ્યાં કે ન પૂછો વાત. આથી અમીર જમાલે આસામ જીતવાનો વિચાર છોડી દીધો. અમીરથી ઓછી બુદ્ધિવાળા નાયકના હાથ તળે તે સૈન્ય બંગાળમાં પાછુ આવી શકત નહિ. ખાધાની તંગી ઘણી પડતી હતી, અને હજી સુકો અને જાડો કાદવ એટલે બધો હતો કે ફોજ સત્વર કુચ કરી શકતી નહિ. નળની પાછળ કળિયુગની માફક પુંઠ લઈ ચાલ્યો આવતો હતો પરંતુ અમીર જમાલે તેની હમેશની રીત પ્રમાણે એવા ચાતુર્યથી પોતાના લસ્કરને ચલાવ્યું કે જેથી તેને અત્યંત ખ્યાતિ મળી. તે પુષ્કળ દોલત લઇ સહિ સલામત બંગાળમાં પાછો આવ્યો.

પાછા ફરતાં અમીરે આવતે વર્ષ આસામ ઉપર સ્વારી કરવાની ઉમેદથી ઓઝાનો કિલ્લો સમરાવી દીધો અને ત્યાં થાણું રાખ્યું, પરંતુ વૃદ્ધાવસ્થાને લીધે જીર્ણ થઈ ગયેલું શરીર તે આવો દુઃસહ શ્રમ કેટલી વાર જીરવી શકે ? તે અને તેના સૈનિકો કંઈ લોહોડાં લાકડાંના નહોતા. બંગાળમાં આવતાં વાંત જ આખા લશ્કરને તેમ અમીર જમાલને અતિસારનો રોગ લાગુ પડયો. એ રોગ છેવટ દક્ષિણની હીરાની ખાણોના ધણી, ઔરંગઝેબની મુછના વાળ અને મહા ચતુર સેનાધિપતિને આ ક્ષણભંગુર સંસારમાંથી સદાને માટે લઈ ગયો*

તેના મરણથી જેવી ધારી શકાય તેવી જ દુઃખદ લાગણી આખા હિંદુસ્તાનમાં સઉને થઈ. એનું મરણ સાંભળી ઘણા રાજ્યનીતિજ્ઞ અને ડાહ્યા માણસોના મુખમાંથી એવો ઉદ્દગાર નીકળ્યો હતો કે, ‘ હવે જ ઔરંગઝેબને બંગાળનો ધણી કહી શકાશે. ’ અમીર જમાલે પોતાના ઉપર ચડાવેલા આભારનો જાણુ અને ગુણજ્ઞ છતાં પણ ઔરંગઝેબને તેની સત્તા અને માનસિક બુદ્ધિ બળને લીધે નિરંતર ભયાર્ત રહેવું પડતું હતું. તેના મરણથી તે વધારે દિલગીર થયો નહિ. મહમ્મદ અમીરખાનને તેણે જાહેરમાં કહ્યું કે, ‘ તને તારા પ્રિય પિતાનો શોક થાય છે. તું શોક કરે છે તેમજ હું પણ મારા એક બળવાન અને ભયંકર મિત્રનો શોક કરૂં છું. ’ આમ કહ્યા છતાં ઔરંગઝેબ મહમ્મદ ખાન પ્રત્યે વાત્સલ્ય પ્રેમથી અને ઔદાર્યથી વર્ત્યો. ‘ મને તું હવે તારા પિતા તુલ્ય ગણજે હું તને તેવી જ રીતે પાળીશ ’ એમ એણે એ જુવાનને ખાતરીથી કહ્યું અને તેનો પગાર ઘટાડી નાંખવાને તથા અમીરની દોલત કબજે કરી લેવાને બદલે તેના પુત્ર મહમ્મદ ખાનને વડા બક્ષીના હોદ્દા ઉપર રહેવા દઈ તેના પગારમાં માસિક એક હજાર રૂપિઆનો વધારો કરી આપ્યો. વળી તેને તેના પિતાની સઘળી માલ મિલકતનો વારસ બનાવ્યો.

## શાઈસ્તખાન.

હવે આપણે ઔરંગઝેબના મામા શાઇસ્તખાનના સંબંધે લખીશું. મેં આગળ કહ્યું છે તેમ તે તેના વાક્ચાતુર્યથી અને છળકપટની બાજીથી તેના ભાણેજની યોગ્યતાએ પહોચ્યો હતો. કડજાઈની લડાઈ પછી જ્યારે ઔરંગઝેબ સુલતાન સુઝાની સામે લડવાને ગયો ત્યારે તેને આગ્રાનો સુબો નીમવામાં આવ્યો હતો, એ તો આગળ આપણે જણાવી ગયા છીએ. પછી તેને દક્ષિણનો સુબો અને ત્યાંના સૈન્યનો સેનાધિપતિ નીમવામાં આવ્યો હતો. અમીર જમાલના મરણથી તેને બંગાળના સૂબાની પદવી આપવામાં આવી અને ત્યાંના સૈન્યનો અધિકાર મળ્યો. જમાલના મરણથી ખાલી પડેલી મીર–ઉલ–ઉમરાવની પદવી પણ એને એનાયત કરવામાં આવી.

* અમીર જમાલ કુચબિહારમાં ખીજરપુર ગામમાં તા–૩૧ માર્ચ ૧૬૫૩ માં મરણ પામ્યો હતો.



બંગાળમાં આવ્યા પછી તેણે એક ઘણુંજ યશપ્રદ મોટું કામ માથે ઉઠાવ્યું જે કામ તેના પહેલાંના સુબાને સુઝયું પણ નહોતું. આ કામથી તેના માનમાં ઘણો વધારો થયો. આ એના મહા કામની બાબતથી આજ સૂધી અંધારામાં રહેલી બંગાળ અને આરાકાનની ઘણીક જાણવા જોગ અને લક્ષમાં લેવા યોગ્ય બાબતો ઉપર અજવાળું પડશે એમ લાગે છે. શાઇસ્તખાને કરવી ધારેલી ચઢાઇનું સ્વરૂપ સમજવાને અને બંગાળાના ઉપસાગરમાં આવેલા ટાપુઓમાં બનેલા બનાવોનો કંઈક ખ્યાલ આપે એવું દર્શન થવાને માટે અત્ર જણાવવાની જરૂર છે કે, આરાકાન અથવા મોગનું રાજ્ય ઘણેખરે ભાગે દુનિયાંના જૂદા જૂદા દેશોમાંથી આવીને ભરાયલા સંકર જાતિના ક્રિશ્ચિયન, કોઈ ફ્રેન્ચ, અને ઘણાક પોર્ટુગીઝ લોક તથા ખીસ્તી ગુલામોથી વસેલું છે. ગોવા, સીલોન, કોચીન, મલાકા અને બીજાં જૂનાં પોર્ટુગીઝ લોકનાં પરગણાંમાંથી નાશી છૂટેલા લુચ્ચા લફંગાઓનો આ ટાપુ આશ્રય સ્થાન હતો. જેણે કંઈ મોટો ગુન્હો કરેલો હોય, બે ત્રણ બાયડીઓ પરણેલો હોય અથવા જે પોતાના રાજ્યસ્થાન મઠમાંથી નાશી આવેલો હોય તેને ત્યાં સારો આવકાર મળતો હતો. આ લોકો માત્ર નામના જ ખ્રીસ્તી હતા. એક બીજાને ઝેર દઈ મારી નાંખવા, વા કાપી નાંખવામાં દયા રાખવી નહિ, દુષ્ટ વર્તણુકે ચાલવું એજ એમની જીંદગી જોગવવાની મુખ્ય રીત હતી. તેઓ ઘણીવાર પોતાના પાદરીઓને પણ કતલ કરી નાંખતા અને પાદરીઓ પણ ખૂનીઓ જેવાજ સ્વભાવના એમનામાંથી થતા હતા.

આરાકાનનો રાજા મોગલ પાદશાહથી નિરંતર ભયભીત રહેતો હતો એટલે તેણે ચીતાગોંગ તરફ કેટલીક જમીન આપીને ત્યાં આવા દુષ્ટ પરદેશીઓને પોતાની સરહદનું રક્ષણ કરવાના આશયથી વસવા દીધા હતા. રાજાનો તેમના ઉપર દાબ કિંવા અંકુશ નહિ હોવાથી આ

ખૂનીઓ લૂંટફાટ અને ચાંચિયાનો ધંધો લઇ બેઠા હતા. આ લોકો નાની અને હળવી હોડીઓમાં દરિયા કીનારે ફરતા અને ગંગાના વિભક્ત મુખપ્રવાહોથી પડેલા ટાપુઓમાં તથા જમીન ઉપર પણ ચાલીસ ચાલીસ માઇલ સૂધી જ્યારે બજાર ભરાતાં હોય ત્યારે કિંવા લગ્ન સમારંભ વખતે અથવા તેવીજ જાતના બીજા કોઇ ઉત્સવના પ્રસંગે ગરીબ અને તાલેવન લોક ઉપર ટૂટી પડતા અને તેમને લૂંટી જતા હતા. આ ચાંચિયાઓ જે તેમના હાથમાં આવે તેમને ગુલામ કરી લઈ જતા અને ન વહન થઈ શકે તેવી જંગમ વસ્તુઓને આગ લગાડી મોટી ખુવારી કરતા હતા. આ કારણથી જ આપણે ગંગાના મુખ પ્રદેશ ઉપર આવેલા સારા સારા ફળદ્રુપ બેટો જે પૂર્વે ગીચ વસ્તીવાળા છતાં હાલ તદ્દન ઉજડ થઇ જઇ વ્યાઘ્ર અને બીજાં ફાડીખાનારાં પ્રાણીઓના થર રૂપ થઇ પડેલા જોઈએ છીએ. *

આ પ્રમાણે ટેવાયલા હોવાથી તેમની ગુલામો પ્રતિવર્તણુક ઘણી ક્રૂર હતી. તેઓ જે દેશના ઉપર ટુટી પડતા હતા તેમાંથી ઘણુંખરૂં ઘરડા માણસો તેમને હાથે પકડતા હતા. જુવાન માણસો નાશી છુટતા તે પાછા ગુલામ થયેલાં પોતાનાં માબાપના છુટકાને માટે ચાંચિયા લોકને મોંના માગ્યા પૈસા આપતા હતા. આમ છતાં જે શક્તિવાન માણસ હોય અને ખપે નહિ તેને તેઓ પોતાની ચાકરીમાં રાખતા અને પોતાના જેવા નઠારા ધંધામાં અને ખૂનામરકી કરવાના કામમાં હેળવતા હતા અથવા ગોવા, સીલોન આરસેનથોમ વગરે સ્થળોમાં લઇ જઇ વેચી મારતા હતા.

* આ લેખ સુન્દર વનના સંબંધમાં છે. ૧૭૭૦ માં કહાડેલા રેનેલ્સના નકશામાં એ ભાગ ચીતરવામાં આવ્યો હતો. સુંદર વનનો પ્રદેશ પહેલાં ઘણોજ વસ્તી વાળો અને વનસ્પતિ પૂર્ણ હતો પરંતુ પાછળથી ઉપર કહ્યા તેવા ક્રિશ્ચિયન ખૂનીઓથી ઉજડ થઈ ગયો છે. એ પ્રદેશ ઉજડ થવામાં વળી ગંગાના પ્રવાહની વારંવાર બદલાતી પ્રવાહ પ્રકૃતિ પણ એક કારણ છે. હાલ ( ચોવિસ પરગણાં ) નામના રાજ્યકીય વિભાગમાં સુંન્દર વન આવેલું છે. મુંબાઈની'પોર્ટ કેનિંગ એન્ડ લેન્ડ ઈમ્પુવમેન્ટ' કંપની એ પ્રદેશને સુધારે છે. મારી નોકરીના પ્રસંગે હું ત્યાં ગયેલો ત્યારે મેં સુન્દર વનને જોયેલું તે પરથી પણ હું કહી શકુંછુ કે એ પ્રદેશ કોઈવાર વસ્તીવાળો અને આબાદ હશે. 'નલગોરા' નામના એક ટાપુ તરફ જતાં મેં એક ઉજડ ટાપુમાં પ્રાચીન પદ્ધતિએ બાંધેલું શિવાલય જોયું હતું. સ્ટીમ બોટમાંથી ઉતરી તેને જોવાનો વિચાર કર્યો પરંતુ તપાસ કરાવતાં અંદર વાઘ હતો અને મારી પાસે હથીઆર બંધ માણસ નહોતાં તેથી અંદરની બાંધણી જોવાનો અવકાશ મળ્યો નહોતો.



બંગાળમાં આવેલા હુગલી સંસ્થાનના પાર્ટુગીઝો પણ આ દુર્ભાગ્ય ગુલામોને ખરીદ કરવામાં આશંકાતા નહિ. આ દુષ્ટ અને ત્રાસજનક ધંધો તેઓ ઓરિશાની પાલીરસ ભૂશિર ઉપર ચલાવતા હતા. ચાંચિયા લોક એક મેકમાં સમજીને પોર્ટુગીઝના આવતા સૂધી થોભ્યા એટલે તેમણે સોંઘે ભાવે બધો વકરો ખરીદી લીધો. પોર્ટુગીઝના પછી આવનારા બીજા યુરોપિયનોએ પણ આ દુષ્ટ ધંધામાં હાથ નાખ્યો હતો એમ કહેવું એ પણ શરમ ભરેલું છે. વળી તેઓ પોતાના દુષ્ટ ધંધાના બચાવમાં એમ બતાવતા હતા કે પાદરીઓ દશ વર્ષમાં જેટલા માણસોને વટલાવતા નથી તેટલા માણસોને તેઓ એક વર્ષમાં વટલાવે છે. આપણા પવિત્ર ખ્રિસ્તીધર્મને આ લોકો આવે દુષ્ટ બહાને વગોવે છે એ શું ઓછું ધિક્કારને પાત્ર છે.

ઔરંગઝેબના દાદા જહાંગીર પાદશાહના વખતમાં પોર્ટુગીઝ લોકોએ હુગલીમાં વસાયત કર્યો હતો. એ પાદશાહને ખ્રિસ્તીઓને માટે નઠારો મત નહોતો તેમજ તે ખ્રિસ્તીઓના વેપારથી પોતાના લોકને મોટો લાભ થવાની આશા રાખતો હતો. નવા આવીને વસેલાઓ પણ ચાંચિયાઓના જુલમથી બંગાળી ઉપસાગરને વિમુક્ત રાખવાનું માન્ય કરતા હતા.

જહાંગીરના કરતાં શાહજહાન કંઇક વધારે આસ્તીક મોહમેદન હતો. તેણે હુગલીના પોર્ટુગીઝોની મુલાકાત લઇ સારી શિકસ્ત આપી હતી. આરાકાનના લૂંટારૂઓને ઉત્તેજન આપવાથી તથા મોગલ રાજ્યની પ્રજામાંના ગુલામોને છોડી મૂકવાની ના પાડ્યાથી હુગલીના પોર્ટુગીઝો ઉપર શાહજહાન રીસે ભરાયો હતો. પ્રથમ તેણે તેમને ધમકી આપી ઘણાં નાંણાં દંડ તરીકે માગ્યાં પણ જ્યારે તેઓ એકના બે ન થયા ત્યારે તેણે હુગલી ઉપર હલ્લો કર્યો અને શહેરને કબજે કરી લઇ તેમાંના સઘળા પાર્ટુગીઝોને ગુલામ કરી આગ્રા મોકલી દેવાનો હુકમ કર્યો.

અર્વાચીન કાળના ઇતિહાસમાં આ લોકના ઉપર પડેલું દુઃખ અપાર હતું અને તે કોઇ સાથે સરખાવાય તેવું નહોતુ અથવા બાબીલોનના કેદીઓના દુઃખને ઘણું મળતું હતું એમ કહેવાય. બૈયાં છોકરાં અને સાધુ સંત સર્વેને સમાન રીતે દુઃખ દેવામાં આવ્યું, બધાંને એકજ અસ્ત્રે મુંડવામાં અને પરણેલી અને કુવારી સઘળી રૂપાળી સ્ત્રીઓને જનાનામાં દાખલ કરી દીધી. આધેડ અને વાહવા રૂપાળી હોય તેને ઉમરાવોમાં વહેંચી દીધી. નાનાં છોકરાં હતાં તેમને સુન્નત કરાવી દીધી તથા કેટલાંકને જનાનામાં નોકર રાખી દીધાં

અને મોટા માણસોને જો તેઓ ખ્રિસ્તી ધર્મ છોડી મુસલમાન ન થાય તો હાથીના પગતળે નાંખી કચરાવી નાંખવા માંડયા. આટલી બધી સખતાઈ છતાં પણ કેટલાક સાધુઓ પોતાના ધર્મને વળગી રહ્યા જેમને પાછળથી જેસ્યુટ અને બીજા મોભાદાર પાદરીઓની વગસગથી અને લાંચ આપી છૂટા કરી ગોવે મોકલી દેવામાં આવ્યા. આ ખ્રિસ્તી સાધુઓને છોડાવનાર આગ્રાના પાદરીઓએ એમાં પૈસો અને મિત્રનો વગવશીલો કામે લગાડયો હતો.

હુગલીવાળા બનાવની પૂર્વે પણ ખ્રિસ્તીઓ શાહજહાનના કોપમાંથી બચી ગયા નહોતા. જહાંગીરના વખતમાં લાહોર અને આગ્રામાં બાંધેલાં બે મોટાં ખ્રીસ્તી દેવળોને તેણે જમીન દોસ્ત કરાવી નાંખ્યાં હતાં. એ બેઉ દેવળો ઉપર મોટા અને ઉંચા ઘુંમટ તથા આખા શેહેરમાં સંભળાય તેવા ઘંટ બાંધેલા હતા.

શાહાજહાને હુગલી સર કર્યું તેની પહેલાં થોડાજ વખત ઉપર ચાંચિઆ-ઓએ ગોવાની સરકારને આરાકાન લઇ લેવાની માગણી કરી હતી. ચાંચિઆઓનો ઉપરિ બાસ્તીયલકોનસેલ્વ એટલો બધો બળવાન અને પ્રસિદ્ધ હતો કે આરાકાનના રાજાની પુત્રી સાથે તે પરણ્યો હતો. ગોવાનો ગવર્નર ઘણોજ મગરૂર હતો, તેણે આ માગણી કાને ધરી નહિ અને તેને એમ પણ લાગ્યું કે, એવા એક સામાન્ય દેશવિભાગને માટે પોર્ટુગાલનો રાજા એક નીચ માણસના આભાર નીચે જાય એ પણ સારૂ નહિ. જાપાન, પેગુ, ઇથિયોપીઆ અને બીજા ભાગોમાં રહેતા પોર્ટુગીઝોની વર્તણુંક જોતાં આમાં કંઈ નવાઇ પામવા જેવું નથી. હિંદુસ્તાન અને બીજા ભાગોમાંથી તેમની સત્તા નિર્મૂળ થઇ ગઇ તે તેમનાં દુષ્ટ કામોથી થઇ એમ ખુલ્લું કહી શકાય તેમ છે; અથવા તેઓ ખરા અંતઃકરણથી માન્ય રાખે છે તેમ તેમનાપર દેવનીજ અપ્રીતિ થઇ હતી. પૂર્વે તેમનું નામ સત્તાવાળામાં મુખ્ય હતું, હિંદુસ્તાનના દરેક રાજાઓ તેમની મૈત્રી ઇચ્છતા હતા; અને ઉત્સાહ, ઉદારતા, ધર્મએકીન ધનબાહુલ્ય અને તેમની ઉત્તમ યોજનાઓ માટે પોર્ટુગીઝો વખાણુતા હતા. પરંતુ તે વખતના પોર્ટુગીઝો આજના પોર્ટુગીઝોના જેવા નઠારા નહોતા. હાલના પોર્ટુગીઝો દરેક જાતનાં વસનોમાં પડેલા અને નીચી જાતની ઇસ્કબાજીમાં પડેલા છે.

ગંગાના મુખ ઉપર ઘણીજ અગાસની જગા ઉપર આવેલો સનદ્વીપ નામનો ટાપુ આ વખતે પોર્ટુગીઝોએ પોતાને કબજે કરેલો હતો. એક પા-



દરીએ ઇશ્વર જાણે કે કેવીએ રીતે આ દ્વીપના સુબાનું કાસલ કહાડી ઘણાં વર્ષ સૂધી નિષ્કંટક રાજ્ય કર્યું હતું.

આ લોકો પણ ચાંચિયાનો ધંધો કરતા હતા. સુલતાન સુઝાને આરાકાન લઈ જવા માટે તેમણે પોતાની હોડીઓ ઢાકે મોકલી હતી. આ લોકોએ સુલતાન સુઝાની કેટલીક પેટીઓ ઉઘાડીને તેમાંથી ઉંચી કીમ્મતનું જવાહીર ચોરી લીધુ હતું. ઘણા કિમ્મતી હીરાઓ તેમણે આરાકાનમાં જુજ કિમ્મતે વેચી ખાધા હતા. ડચ અને બીજા લોકોએ ‘આ હીરા તો નરમ છે અને જો તે કઠણ હોય તો વધારે મૂલ ઉપજે પણ નરમ છે એટલે અમે શું કરીએ’ એમ સમજાવી થોડી કિમ્મતમાં પડાવી લીધા હતા.

આરાકાનમાં વસતા આવા દુષ્ટ ચાંચિયા લોકોથી મોગલ પાદશાહના રાજ્યને વારંવાર હરકત થતી હતી અને એ અવિશ્રાંત ખટપટે તેનું લક્ષ ખેંચાયું હતું. બંગાળની સરહદ ઉપર એ લોકોને પાપે તેને મોટું ભૂમિ લશ્કર અને દરિયાઇ લશ્કર રાખવું પડતું હતું. આટલી સાવધાની છતાં પણ ચાંચિયા તેને રગડતા હતા. તેઓ એટલા બધા હિમ્મતી થઇ ગયા હતા કે ચાર હોડીયોથી મોગલની ઘણી હોડીઓને હઠાવી કહાડી ડુબાડી દેતા કિંવા પકડી લેતા હતા.

જંગલી અને ક્રૂર ચાંચિયા લોકોના જુલમમાંથી બંગાળ દેશને છોડવવા માટે જ એ દેશની સુબાગીરી મળતાં શાઇસ્તખાને આરાકાન ઉપર ચડાઇ કરવાનો ઇરાદો રાખ્યો હતો. વળી એ ચડાઇના વિષે બીજો એવો પણ મત છે કે, શાઈસ્તખાન આરાકાનના રાજાને તેણે સુલતાન સુઝા અને તેના કુટુમ્બ પ્રત્યે વાપરેલા જુલમની શિક્ષા આપી આસપાસના બીજા રાજાઓમાં દાખલો બેસાડવા માગતો હતો, કારણ કે ઔરંગઝેબનો એવો દૃઢ વિચાર હતો કે ગમે તેવી સ્થિતિમાં અને હાલતમાં પણ પાદશાહી કુટુમ્બના માણસ સાથે જો કોઇ અયોગ્ય રીતે વર્ત્યો હોય તેનું વેર લેવાવું જ જોઇએ.

શાઇસ્તખાને સપાટાબંધ ફોજ એકઠી કરી પરંતુ ચાંચિયા લોકનું બળ દરિયામાં ઘણું હોવાથી તે નદી નાળાં વાળા પ્રદેશમાં થઇને પોતાનું સૈન્ય સેહેલથી આરાકાન લઇ જાય તેમ નહોતું. આ ઉપરથી શાઇસ્તખાને ડચ લોકને પોતાની સાથે મેળવી લેવાનો વિચાર કરી એક દૂતને અમુક શરતો એ આરાકાનનું રાજ્ય બેઉ વચ્ચે વહેંચી લેવાનું રાખી બટેવીના ડચ સંસ્થાનના ઉપરીની પાસે મોકલ્યો. ઓરમજનો ટાપુ હસ્તગત કરવા માટે

પહેલાં ઇરાનના રાજા શાહઆબાસે એજ રીતે અંગ્રેજોની મદદ મેળવી હતી.

બટેવીઆના ગવર્નરે આ યુક્તિને થોડા જ આગ્રહથી માન્ય રાખી, તેઓ હિંદુસ્તાનમાંથી પોર્ટુગીઝોનું બળ નરમ પાડવાને માટે આતુર હતા અને એમ થાય તો ડચ કંપનીને બીજા વેપારી લાભો થાય એમ હતું, મોગલના સૈન્યને સહેલથી ચીતાગોંગ લઇ જવાને માટે તથા મદદ કરવાને તેણે તરતજ લડાઈના વહાણો બંગાળના સુબા ઉપર મોકલી આપ્યાં, દરમીઆન શાઇસ્તખાને મોગલને વશ ન થનારાઓને સખત રીતે કચરી નાંખવાનો જાપતો આપી ચાંચિયા લોકને પોતાને વશ કરી લીધા હતા તથા કેટલીક લડાયક બોટો પણ મેળવી હતી. શાઈસ્તખાને ચાંચિયાઓને જણાવ્યું કે, આરાકાનના રાજાને શીકસ્ત આપવા માટે ઔરંગઝેબે દૃઢનિશ્ચય કરેલો છે અને ડચ લોકનાં લડાઇનાં વહાણ અમારી પક્ષે આવી પહોચેલાં છે જેને તમે પહોચી વળો તેમ નથી. જો તમે ડાહ્યા હો અને તમારા પંડની તથા તમારાં કુટુંબોની સલામતી ઇચ્છતા હોતો આરાકાનના રાજાનો પક્ષ છોડી ઔરંગઝેબના પક્ષમાં આવો. એમ કરશો તો બંગાળમાં તમને જોઇતી હશે તેટલી જમીન આપવામાં આવશે અને હાલ તમને જે પગાર મળે છે તેથી બમણો પગાર બાંધી આપવામાં આવશે.

આ વખતે ચાંચિયા લોકે આરાકાનના એક મોટા અધિકારીનું ખૂન કર્યું હતું એટલે કાંતો તે ખૂનની શીક્ષા થશે એવા ભયથી કિંવા શાઈસ્તખાનનાં વચનોથી અથવા તેણે આપેલી ધમકીથી કે પછી બીજા કારણથી પણ તે તેને વશ થયો એમાં તો શંકા નથી જ. ગમે તેમ હો પરંતુ એતો સત્યજ છે કે આ દુષ્ટ પોર્ટુગીઝોને એકવાર એવા ઓચીંતા આંતરી લેવામાં આવ્યા હતા કે તેમને ૪૦–૫૦ હોડકાંમાં આંખો મીચીને પોતાના કુટમ્બ કિંવા કિમ્મતી વસ્તુઓની પણ સંભાળ લેવા ન રહેતાં બંગાળમાંથી નાશી જવું પડયું હતું.

આ પ્રમાણે નાશીને આશ્રયે આવેલાઓને શાઇસ્તખાને આદર માન આપ્યું, તેમને પુષ્કળ નાંણાં આપ્યાં, ઢાકા નગરમાં તેમનાં બૈરાં છોકરાંને રહેવા કરવાની સારી જગ્યાઓ આપી અને આ પ્રમાણે તેમનો વિશ્વાસ મેળવ્યો એટલે તે સઘળા ચાંચિયાઓ મોગલના સૈન્યની સાથે એકત્ર થઈ ગયા. સનદ્વીપપર છાપો મારવામાં તેમણે અતિ ઉત્તમ મદદ કરી. આ ટાપુ આરાકાનના હાથમાં ગયેલો હતો. વળી એ ચાંચિયાઓ મોગલ સૈ-



ન્યની સનદ્વીપથી ચીતાગોંગ પણ સાથે જ ગયા. એટલામાં ડચનાં બે લડાયક વહાણો આવી લાગ્યાં, પરંતુ શાઇસ્તખાને તેમનો આભાર માની જણાવ્યું કે હવે તેમનું તેને કામ પડે એમ નથી. બંગાળના અધિકારીઓની સાથે મેં આ ડચ વહાણોને જોયાં હતાં. ત્યાંના અધીકારીઓ હિંદુઓનો આભાર આવા મોટા કામમાં સહેજ ફળ વગરનો માનતા હતા. પોર્ટુગીઝના સંબંધે તો શાઇસ્તખાન તેને ઘટે તેમ તો કદાચ નહિ પણ તેઓને જેમ ઘટે તેમ વર્તે છે. તેણે ચીતાગોંગથી તેઓને બોલાવી લીધા છે અને તેઓ તથા તેમનાં કુટુમ્બ હાલ તેની સત્તામાં છે. તેમની મદદનો હવે અવકાશ રહ્યો નથી અને તે ઉપરથી તે એમ ધારેછે કે તેમને આપેલાં વચન પાળવાની કંઈ જરૂર છે જ નહિ. જેનું ઘણાં વર્ષ સૂધી નિમક ખાધુ તેને દગો દેનાર દુષ્ટોનો વિશ્વાસ શો, એમ કહીને તે તેમને મહિનાના મહિના સૂધી પગાર આપતા નથી એટલે તેઓ ભૂખે મરે છે.

મેં આગળ જણાવ્યું તેમ જેમણે આખો દક્ષિણ બંગાળ ઉજડ કર્યો હતો તે દુષ્ટોની સત્તાનો આ પ્રમાણે શાઈસ્તખાને ચીતાગોંગમાંથી નાશ કર્યો છે. આરાકાનના રાજ્યની સાથે તેણે જે સાહસ ઉઠાવેલું છે તેમાં પણ તે વિજયી થાય છે કે કેમ તે કાળ આગળ ઉપર જણાશે.

ચોથુઃ—ઔરંગઝેબના બે શાહજાદા સુલતાન મહમ્મદ અને સુલતાન માજ્જુમના સંબંધે બોલતાં તો આપણે જો સામાન્ય લોક વાયકાને માનીએ તો સુલતાન મહમ્મદને ગ્વાલીઅરના કિલ્લામાં રહેતા શાહજાદાઓની માફક અફીણનો કવાથજ આપવામાં આવ્યો હશે. સુલતાન માજ્જુમ તો તેની પ્રકૃતિ પ્રમાણે હમેશાં ડહાપણ અને શાંતિથી જ ચાલ્યા કરતો હતો, જોકે ઔરંગઝેબ માંદો પડયો ત્યારે રાજ્ય ગાદી મેળવવાને માટે તેણે કેટલાંક કાવતરાં ચલાવ્યાં હતાં, એવી વાત બહાર આવી તેને લીધે કે પછી લોકમાં નહિ જણાયલા કોઈ બીજા કારણથી તેતો ઈશ્વર જાણે, પણ ઔરંગઝેબ તેના ઉપર નારાજ થયો હતો એ તો સત્ય છે. ગમે તેમ હો પરંતુ ગઈ ગુજરીને યાદ ન કરતાં ઔરંગઝેબે પોતાના શાહજાદાનું અધીનત્વ અને ધૈર્ય જોવાને માટે એકવાર ભર દરબારમાં તેને એક સિંહ મારવા જવાનો હુકમ કર્યો હતો. એ સિંહ પર્વત ઉપરથી ઉતરી આવી આસપાસના લોકોને પીડા કરતો હતો, ગામડાંને ઉજડ કરતો હતો. આવાં

પ્રાણીના ભય ભરેલા શિકારની વખતે વપરાતી જાળ સુલતાન માજુમને અપાવવી જોઇએ, એવી શિકારખાતાના ઉપરીએ ભલામણ કરી હતી પરંતુ ઔરંગઝેબે દૃઢતાથી કહ્યું કે, 'જાળ વગરજ એ સિંહના ઉપર હલ્લો કરશે. જ્યારે હું શાહજાદો હતો ત્યારે મેં એવા સાધનની દરકાર કરી નહોતી.' આવા નિશ્ચયાત્મક વચનમાં આપેલી આજ્ઞા પાળ્યા વગર ચાલે તેમ નહોતું. શાહજાદા માજુમે પણ આ બાબત કંઈ આનાકાની કરી નહિ. બે ત્રણ માણસો મરી ગયાં અને ઘોડા ઘાયલ થયા તોપણ શાહજાદાએ તે ભયંકર અને સિંહને પુરો કર્યો. સુલતાનના હાથીના માથા ઉપર ઘાયલ સિંહે તરાપ મારી હતી. આ સાહસિક કામ કર્યા પછી ઔરંગઝેબે તેના શાહજાદા તરફ માયાથી વર્તવા માંડયું, એટલુંજ નહિ પણ તેને દક્ષિણનું રાજ્ય અને સુબાગીરી પણ આપી. આમ છતાં અત્રે એટલું તો અવશ્ય યાદ રાખવું કે તેણે સુલતાન માજુમને એટલી બધી સત્તા અને પૈસા નહોતા આપ્યા કે જેથી પાદશાહને તેના તરફની બીક કિંવા ધાસ્તીમાં રહેવું પડે.

**પાંચમું**—વાચકોની સમક્ષ હવે હું પાચમા પાત્રને આણું છે, જે બીજું કોઈજ નહિ પણ કાબુલનો સુબો મહોબતખાન છે. ઘણે પ્રકારે છેવટ મહોબતખાનને કાબુલની સુબાગીરીનું રાજીનામુ આપવાને માટે સમજાવી લીધો અને 'મહોબતખાન જેવા શૂરવીરની જીંદગી–જીવન અમુલ્ય છે, એમ કહીને ઔરંગઝેબે ઉદારતાથી તેનો જીવ લેવાને સારૂ ના પાડી. વળી પાદશાહે કહ્યું કે તેને પોતાના ઉપકારક શાહજહાન તરફની નિમકહલાલી માટે ધન્યવાદ ઘટે છે; ગુજરાતના સુબા જશવંતસિંહને દક્ષિણમાં લડાઇના પ્રસંગ ઉપર મોકલતાં ખાલી થયેલી ગુજરાતના સુબાની જગા પાદશાહે તેને આપી. એ તો સત્યછે કે મોહોબતખાને કેટલીક અમુલ્ય ભેટ આપીને પાદશાહની પ્રીતિ સંપાદન કરી લીધી હતી, કારણ કે રોશનઆરા બેગમને કેટલીક કિમ્મતી ભેટ આપ્યા ઉપરાંત પાદશાહને તેણે પંદરથી સોળ હજાર મહોરો અને ઘણાંક ઈરાની ઊંટ તથા ઘોડા નજર કર્યા હતા.

કાબુલની વાત મને તેની પાડોશના કંદહારના રાજ્યનું સ્મરણ આપે છે. હાલ તે ઇરાનનું સામંત રાજ્ય છે. આ વિષે એક બે પાનાં લખવાં જોઇએ એમ મને લાગે છે. હિંદુસ્તાન અને ઇરાનના રાજ્યો વચ્ચે એનાથી ઉત્પન્ન થતા રાજ્યકીય ,સંબંધ સંબંધે તેમજ એ દેશ સંબંધે બહુ જ



અજ્ઞાન ચાલે છે. દેશનું અને રાજ્યનગરનું નામ એકજ છે. કંદહાર એ એક સમૃદ્ધ અને સુન્દર દેશની રાજ્યધાની છે. જમાના થયાં કંદહારને માટે હિંદુસ્તાનના પાદશાહો અને ઈરાનના શાહો વચ્ચે નિરંતર લડાઇઓ ચાલ્યા કરે છે. મહાન અકબરે ઈરાનના શાહ પાસેથી તે લઈ લીધું હતું અને તેના જીવન પર્યંત તે તેના તાબામાં હતું. અકબરના પુત્ર જહાંગીરની પાસેથી પછી ઇરાનના શાહ શાહ અબાસે તે પાછુ લઈ લીધું હતું. વળી પાછુ અલીમર્દનખાન નામના સુબાની દગલબાજીથી તે જહાંગીરના શાહજાદા શાહજહાનના કબજામાં આવ્યું હતું. ઈરાનમાં અલીમર્દનખાનને માથે અનેક શત્રુઓ હતા તેથી જ્યારે શાહે તેના રાજ્યની હકીકત માગી ત્યારે તે શાહજહાનના પક્ષમાં ભરાઇ ગયો. વળી શાહ આબાસના શાહજાદાએ કંદહારને ઘેરો ઘાલી સર કર્યું હતું. શાંહજહાને પુનઃ બે વાર હુમલ્લા કર્યા પણ કંઈ વળ્યું નહિ. સ્વદેશાનુરાગી ઈરાની ઉમરાવોને લીધે પહેલી વારનો હુમલ્લો નિષ્ફળ નીવડયો હતો, જ્યારે રૂપસિંહ રાજાના નગરની પાસેના પર્વતની ઉપર ઝંડો રોપ્યો હતો ત્યારે તેમણે એને અનુસરવાની સાફ ના પાડી હતી તથા ઘેરાની દરમીઆન શરમ ભરેલી રીતે પોતાની કમરજી દેખાડી હતી. બીજી નિષ્ફળતાનું કારણ ઔરંગઝેબની અદેખાઇ હતી. શાહજહાન કાબુલમાં હતો ત્યારે આ ઘેરો ઘાલવાની સરદારી તેણે મુખ્ય કરીને દારાને આપી હતી, એટલે ઔરંગઝેબ આવા એક મોટા અગત્યના વિજયનું માન દારાને મળે તે દેખી ખમ્યો નહિ– એટલે ફ્રેંચ, જર્મન, પાર્ટુગીઝ અને અંગ્રેજ ગોલંડાઝોએ તોડી નાંખેલા બંધનીય કિલ્લાને પણ તેણે અદેખાઈથી હસ્તગત થવા દીધો નહોતો. દિલ્લીની પાદશાહીને માટે શાહજહાનના શાહજાદાઓ વચ્ચે રણજંગ જામ્યો તેની પહેલાં શાહજહાન ત્રીજી વાર કંદહાર પર સ્વારી મોકલવાના વિચારમાં હતો, પરંતુ આગળ ઉપર આપણે લખી ગયા છીએ તેમ દક્ષિણમાં સ્વારી મોકલવાની અમીર જમાલની સલાહથી એ વિચાર માંડી વાળવામાં આવ્યો હતો. અલીમર્દનખાને અમીરની યોજનાને ટેકો આપતાં શાહજહાનને નીચેના વિચિત્ર બોલોમાં સલાહ આપી હતી. 'મારા જેવો કોઈ દગલબાજ જ્યાં સૂધી કંદહારના દરવાજા ઉઘાડી આપે નહિ ત્યાં સૂધી આપ જહાંપન્નાહ તેને સર કરી શકનાર નથી, અથવા ઘેરો ઘાલનાર ફોજમાંથી તમે જ્યાં સૂધી સઘળા ઈરાનીઓને બાતલ કરો નહિ અને બઝારમાં આવતા માલને માટે સંપૂર્ણ છુટનો ઢંઢેરો પીટાવો

નહિ, એટલે કે લશ્કરને માટે આવતા ખોરાકના ઉપરની જગાત મુકો નહિ ત્યાં સૂધી કંદહાર કબજે આવે એવી આશા જ રાખવી નહિ.’ ઇરાનના શાહે લખેલા પત્ર ઉપરથી કિંવા તારબીયતખાન નામના મોગલ એલચીને ઇરાનના દરબારમાં બરોબર માન મળ્યું નહિ તેથી ઉશ્કેરાયલા ઓરંગઝેબે પણ થોડા વર્ષ ઉપર તેના પૂર્વજોની માફક કંદહાર પર ચડાઈ મોકલવાનો વિચાર રાખ્યો હતો, પરંતુ એટલામાં ઇરાનના શાહના મરણ સમાચાર તેના સાંભળવામાં આવતાં તેણે એ વિચાર પડતો મુકયો, એમ બહાનું કહાડીને કે, નાના અને હમણાં જ ગાદીએ આવેલા શાહસુલેમાનની સામે મારે થવું એ મારા દરજ્જાને ઘટિત નથી; જો કે મારી જાણ પ્રમાણે તો ઇરાનનો શાહ સુલેમાન તે વેળાએ પચીસ વર્ષની ઉમ્મરનો હતો.

છઠ્ઠું:—હવે હું કેટલુંક ઔરંગઝેબના માનિતા સહાયકોના વિષે કહુછું; જેમાંના ઘણાકને તો તેણે મોટે દરજ્જે ચડાવ્યા હતા. આપણે આગળ જણાવી ગયા છીએ તેમ ઔરંગઝેબે તેના મામા શાઈસ્તખાનને દક્ષિણનો સુબો અને સેનાપતિ બનાવ્યો હતો અને આગળ ઉપર બંગાળનો સુબો અને અમીર ઉલ્લ ઊમરાવ બનાવ્યો છે. મીરખાનને કાબુલની સુબેદારી મળી, કાલીલ ઉલ્લા ખાનને લાહોરની, મીરબાબાને અલ્હાબાદની અને લશ્કરખાનને પટનાની સુબેદારી મળી હતી. જેની સલાહથી સુલતાન સુઝાને કજાકની લડાઈમાં પરાભવ મળ્યો હતો તે અલ્લાહ-વરદી-ખાનના પુત્રને સિંધનો સુબો બનાવ્યો હતો. જેની સલાહ ઔરંગઝેબ વારંવાર લેતો હતો તે ફજલખાનને ખાનગી ખાતાનો ઉપરી નીમ્યો હતો. દનેશમંદખાનને દિલ્લીનો સુબેદાર બનાવ્યો હતો અને તેની અભ્યાસક પ્રકૃતિને ધ્યાનમાં લઇ તથા તે જે રાજ્ય સંબંધી કામકાજ કરતો હતો તેના ઉપર લક્ષ રાખી પરંપરાગતથી ચાલતા આવેલા રીવાજ પ્રમાણે પાદશાહને દિવસમાં બે વાર સલામ ભરવાની રીતમાંની એક વારની સલામ ભરવાની તસ્દીમાંથી મુક્ત રાખ્યો હતો. આ સલામ ભરવાનો ધારો તોડનારને મોટો દંડ થાય છે, તે અત્રે લક્ષમાં રાખવા જોગ છે. કાશ્મિરનું રાજ્ય ઔરંગઝેબે ઘાનતખાનને સોંપ્યું હતું. આ નાનું રાજ્ય ઘણુંજ સુંદર પર્વતના ઉચાણ પ્રદેશમાં આવેલું છે અને હિંદુસ્તાનની સ્વર્ગ—દેવભુમિ કહેવાય છે. કપટોપાયથી તે અકબરને મળ્યું હતું. એ દેશ પોતાના દેશની ભાષામાં પોતાનો અચ્છો ઇતિહાસ હોવાને સગર્વ છે. એ ઇતિહાસ પ્રાચીન રાજાઓના ઘણા રસપુર્ણ



હેવાલવાળો છે. ત્યાં એવા બળવાન રાજાઓ થઇ ગયેલા છે કે જેમના તાબામાં હિંદુસ્તાન તો શું પણ સીલોનનો ટાપુ પણ હતો. આ ઈતિહાસનું જહાંગીર પાદશાહે ઇરાની ભાષામાં સંક્ષિપ્ત ભાષાંતર કરાવેલું છે. જેની એક પ્રત મેં પણ મેળવી છે. નઇજા બતખાન જે સમુગઢ અને કજાકની લડાઈઓમાં નામ મેળવી ગયો હતો તે આખરે રાજાની નોકરીમાં ચાલુનો ચાલુ રહેવાથી ઔરંગઝેબે તેને કહાડી મુકયો હતો, તે પણ અત્રે વિસરી જવા જેવું નથી. પેલા બે દુષ્ટ માણસો જીવનખાન અને નાજર હવે રહ્યા, પરંતું જીવનખાનને તો તેના કર્મ જેવું ફળ મળ્યું હતું એમ આગળ આવી ગયું છે, પરંતું નાજરનું શું થયું તે જાણવામાં આવ્યું નથી.

## શિવાજી.

હવે જશવંતસિંહ અને જયસિંહ રાજાઓના સંબંધમાં કેટલોક ગોટાળો વળેલો છે, જે ચોખ્ખો કરવાનો હું પ્રયત્ન કરીશ. વિજાપુરના રાજ્યમાં એક મૂર્તિ પૂજકે એ દેશના ઘણા અગત્યના કેટલાક કિલ્લાઓ અને એકાદ બે બંદરો સર કરી દક્ષિણમાં ગડબડાટ મચાવી મૂકયો હતો. આ બહાદૂર સાહસિક વીરનરનું નામ શિવાજી અથવા શિવદેવ છે તે સાવધ અને બડો સાહસિક નર છે. તે પોતાના જીવને માટે બીલકુલ દરકાર રાખતો નથી. શાઇસ્તખાન જ્યારે દક્ષિણમાં હતો ત્યારે વીજાપુરના રાજા કરતાં પણ વધારે બળવાન શત્રુ તેને શિવાજી જણાયો હતો. ઉપર કહ્યા તે બે રાજાઓની સાથે તેના આખા લશ્કરને પણ તે ગાંઠતો નહોતો. શિવાજી કેવો બળવાન હતો તેનો કંઇક વિચાર આપવાને માટે એટલું જ કહેવું બસ થશે કે, *ઔરંગાબાદના કિલ્લેબંધ નગરમાં અને સેનાપરિવૃત શાઈસ્ત ખાનના પંડને તથા તેના ખજાનાને હાથ કરી લેવાનું તેણે સાહસ આદર્યું હતું. થોડા સહાયકોની સાથે એક વાર રાતે તે લશ્કરમાં થઇને શાઇસ્તખાનના તંબુના ઓરડામાં પેઠો હતો અને જો થોડોજ વખત તે છૂપો રહી શક્યો હોત તો તે તેની ધારણામાં વિજયી થયો હોત. શાઇસ્તખાન સખ્ત જખમી થયો અને તેનો શાહજાદો તેની તરવાર ખેંચતાં મર્યો ગયો. શિવાજી પછી સાહસમાં પડ્યો અને તેમાં તે વધારે વિજયી થયો. આ સાહસ એ હતું કે, ત્યાંથી સહીસલામત નીકળી જવાને માટે તે પોતાના સૈન્યના ચુનંદા બે

* ઔરંગાબાદ નહિ પણ પુના. આ ભૂલ જેવું છે. ભા. ક.

ત્રણ હજાર માણસોના ઉપરિપણામાં મોગલ રાજાને મળવા જતાં કોઈ દેશી રાજાને બહાને છટકી જવા પામ્યો હતો. સુરતથી થોડેક છેટે તેને એક કોટવાળ મળ્યો હતો પરંતુ તેને તેણે એમ કહ્યું કે, તે સુરતમાં ગયા વગર આગળ મુસાફરીએ જનાર છે. સુરત જેવા મુખ્ય અને ધનવાન નગરને લૂંટવાનો એનો મુખ્ય ઈરાદો હતો. મારફાડ કરતો તે શહેરમાં દાખલ થયો, સંતાડેલું ધન બતાવવાને માટે ત્રણ દિવસ સૂધી પ્રજાને ત્રાસ પડાવ્યો. જે લેવાયું નહિ તેને આગ લગાડી. કોઈના પણ અટકાવ વગર શિવાજી લાખો રૂપિઆનું સોનું, રૂપુ, મોતી, રેશમનાં થાન, સુન્દર કાપડ અને બીજો મૂલ્યવાન વેપારીઓનો માલ લઈ પાછો સહિસલામત દક્ષિણમાં ચાલ્યો ગયો. રાજા જશવંતસિંહ અને શિવાજીની વચ્ચે ગુપ્ત ગોઠવણ થયેલી હતી એવો વહેમ જવાથી તથા શાઇસ્તખાન અને સુરતના ઉપર હલ્લો કરવાના કામમાં સામેલ ગણાવાથી ઔરંગઝેબે તે રાજાને દિલ્લીમાં આવવાનો હુકમ મોકલ્યો પરંતુ દિલ્લી ન જતાં તે પોતાના દેશ તરફ ગયો.

સુરતની લૂંટની દરમીઆન શિવાજીએ, પવિત્ર કેપ્પુચીન મિશનરી અંબોઝના વાસને માનની ખાતર લૂંટયો નહોતો, એ બાબત પણ મારે ભૂલી જવી જોઈતી નથી. તેણે કહ્યું કે—ફ્રેંકીશ પાદરીઓ સારા માણસ છે માટે તેમને રગડવા કે લૂંટવા નહિ. ડચ લોકનો એક દેશી દલાલ જે જીવતો હતો ત્યારે ઘણો દાનેશ્રી હતો. તેનું ઘર પણ શિવાજીએ લૂટયું નહોતુ. ડચ અને અંગ્રેજ લોકની કોઠીઓ પણ બચી ગઈ હતી, પરંતુ તે કંઈ માનની નજરે બચી નહોતી, પરંતુ તે લોકોએ સામા થઈને પોતાનો અચ્છો બચાવ કર્યો હતો. વહાણના ખલાશીઓની મદદથી અંગ્રેજ લોકોએ તો આશ્ચર્યજનક રક્ષણ કર્યું હતું. તેમણે પોતાનાં જ ઘર નહિ પરંતુ પાડોશીઓનાં ઘરને પણ લૂટમાંથી બચાવ્યાં હતાં. કોનસ્ટાન્ટીનોપલના રહેવાશી એક જ્યુ વેપારીની હઠે દરેક માણસને આશ્ચર્ય ચકિત કરી નાંખ્યા હતા. શિવાજીના જાણવામાં આવ્યુ કે તેની પાસે ઘણાં જ કિમતી પાનાં (રત્ન) છે અને તે, તે ઔરંગઝેબને વેચાથી આપનાર છે, પરંતુ તેણે ત્રણવાર તેને ઉઘાડી તરવાર તળે બેસારી ધમકીઓ આપવા છતાં કોઈ પ્રકારે માન્યાં જ નહિ. જીંદગી કરતાં પણ પૈસાને પ્રિય ગણનાર જ્યુને આ વર્તણુક યોગ્યજ હતી.



સુલતાન માજુમની સાથે જઈ દક્ષિણના સૈન્યની પદવી લેવાને માટે ઔરંગઝેબે રાજા જયસિંહને આગ્રહથી કબૂલ કરાવ્યું. સુલતાન માજુમને રાજાની સાથે મોકલવા છતાં તેને કંઈ સત્તા આપી નહોતી. દક્ષિણમાં જઈ રાજા જયસિંહને પહેલું જે કાર્ય કરવાનું હતું તે એ કે શિવાજીના મુખ્ય મુખ્ય કિલ્લાઓ હસ્તગત કરી લેવા. જયસિંહ સંધિ વિગ્રહના કાર્યમાં કુશળ હતો, તેણે ઘણા કિલ્લાઓ ઘેરો ઘાલી તોડી નાંખ્યા, વગર સંધિના કોલકરારો કરાવી લઈ હસ્તગત કરી લીધા. વિજાપુરના રાજાની સામે થવાનું કબૂલ કરવાથી ઔરંગઝેબે શિવાજીને રાજા તરીકે સ્વીકાર્યો, પોતાના રક્ષણમાં લીધો અને તેના પુત્ર શંભાજીને ઉમરાવ તરીકે ગણી તેટલો દરમાયો બાંધી આપ્યો. થોડા વખત પછી ઈરાન ઉપર ચડાઈ કરવાનો વિચાર હોવાથી ઔરંગઝેબે શિવાજી પર બુદ્ધિ પૂર્વક તેની પ્રશંસા વાળો અને ઉદાર પત્ર લખી તેને દિલ્લી આવવાને માટે આમંત્રણ કર્યું અને રાજા જયસિંહ શિવાજીને સમજુતી માટે વચમાં પડયો. શિવાજી દિલ્લી આવ્યો ત્યારે ઔરંગઝેબની સગી શાઈસ્તખાનની બેગમ દિલ્લીમાં હતી તેણે, પોતાના પુત્રનો પ્રાણ લેનાર, પોતાના ધણીને ઘાયલ કરનાર અને સુરત જેવા શેહેરને લૂંટનાર શિવાજીને કેદ કરવા માટે ઔરંગઝેબ ઉપર દબાણ કર્યું. આનું પરિણામ એ આવ્યું કે, શિવાજી પોતાના તંબુની આસપાસ ત્રણ ચાર ઉમરાવોને તેમનાં સૈન્ય સાથે ચોકી કરતા જોઈ ચેતી ગયો અને રાતને વખતે દિલ્લીમાંથી નાશી ગયો. આથી ઘરમાં તેમજ દરબારમાં બહુ ઉદ્વેગ ઉત્પન્ન થયો અને જયસિંહના વડા પુત્ર ઉપર શિવાજીને નાશી જવામાં મદદ કર્યાની શંકા આવવાથી દરબારમાં આવતો બંધ કર્યો. જયસિંહ અને તેના પુત્રને માટે ઔરંગઝેબને બહુ માઠુ લાગ્યું અથવા માઠુ જણાયું તેથી જયસિંહ રાજા, ઔરંગઝેબ તેના દેશને કોઈ પણ બહાને ખાલસા કરી લેવાને ચૂકશે નહિ એવા વિચારથી દક્ષિણના સૈન્યનું આધિપત્ય છોડી સ્વદેશના રક્ષણ માટે દેશ ગયો, પરંતુ બરામપુર આવતાં માર્ગમાંજ તેનું મૃત્યુ થયું. રાજાના મરણના સમાચાર આવ્યા પછી ઔરંગઝેબે તેના પુત્ર તરફ દેખાડેલી કૃપાથી, જયસિંહના મરણ માટે લોકે દિલાસો આપ્યો તેથી અને બાપને મળતુ હતું તે સાલિયાણું પુત્રને મળતુ રાખવાની ઘણા માણસોએ ભલામણ કરી. લોક માને છે કે ઔરંગઝેબે પોતે આંખ આડા કાન કરવાથી જ શિવાજી

નાશી જવા પામ્યો હશે. બેગમ શિવાજી તરફ ઘણાજ ત્રાસજનક રૂપ ભાવથી જોતી હતી તેથી ઔરંગઝેબ તેની હમેશની દરબારમાંની હાજરીથી ગભરાઈ ગયો હતો. મિત્રો અને પરિજનોના રૂધિરથી જેના હાથ પલવેલા હતા એવા તેને જનાનખાનાની બિબિઓ એક મોટા રાક્ષસ જેવો ગણતી હતી.

## દક્ષિણનાં રાજ્યો.

પ્રથમ આપણે દક્ષિણના ઇતિહાસનો કંઈક ઉપર ચોટિઓ વિચાર કરી જઇએ કે જે દક્ષિણ દેશ આજ લગભગ ચાલીશ વર્ષથી પણ વધારે કાળથી નિરંતરના વિગ્રહની રંગ ભૂમિ રૂપ થઈ પડેલો છે અને જેને લીધે મોગલ પાદશાહને વારંવાર ગોવળકાંડા વિજાપુર અને બીજાં નાનાં પણ બળવાન રાજ્યોની સાથેના ઝઘડાના ખાડામાં ઉતરવું પડતું હતુ. દક્ષિણમાં ચાલતા ઝઘડાનાં કારણ અને સ્વરૂપ ત્યાં રાજ્ય કર્તા રાજાઓનો ઇતિહાસ જાણ્યા વગર સમજાય એવાં નથી.

ખંભાતના અખાતથી જગન્નાથપુરી સૂધીનો પશ્ચિમથી પૂર્વ અને દક્ષિમાં કેપ કુમારિન ભૂશિર સૂધીનો એટલે કે વિન્ધ્યની નીચેનો ત્રિકોણ પ્રદેશ કેટલાંક પહાડી સંસ્થાનો શિવાય લગભગ બે સૈકાં થયાં કોઈ એક રાજાની સત્તામાં રહેલો નથી. એ બધાનો એકચક્રવર્તી રાજા રામરાસ નામે હતો, તેના મરણ પછી એક રાજ્ય ટૂટી જઈ જુદા જુદા ધર્મનાં ઘણાં રાજ્ય ઉત્પન્ન થયેલાં છે. રામરાસને અત્યંત પ્રિય ત્રણ જ્યોર્જીઅન જાતના ગુલામ હતા તેમને તેણે દેશના મોટા મોટા ત્રણ ભાગના સુબા નીમ્યા હતા. હાલ મોગલ પાદશાહના તાબામાં જે દક્ષિણ છે તેનો એક સુબો છે. આ દક્ષિણનું મુખ્ય નગર દૌલતાબાદ હતું અને તેની સરહદ બીદર, પુરંદર, સુરત અને છેક નર્મદા નદી સૂધી હતી. હાલ જેટલો દેશ વિજાપુરના રાજ્યમાં છે તેટલો પ્રદેશ રામરાસના બીજા ગુલામની સત્તામાં હતો અને ત્રીજાના તાબામાં ગોવળકાંડાના રાજાનો બધો પ્રદેશ હતો. સુબેદારીમાંથી આ ત્રણે ગુલામો પછી ઘણા પૈસાવાળા અને બળવાન્ થયા. પછી તેમણે ઇસ્લામી ધર્મને સ્વીકાર્યો અને ઇરાનીઓના શિયા પંથને અવલંબન કર્યો જેથી રામરાસના દરબારમાંના ઘણાક મોગલોએ તેમને મદદ કરી. તેઓની હિંદુ થવાની કદાપિ ઇચ્છા હોત તોપણ તેમનાથી હિંદુ થવાત નહિ;



રણ કે ગમે તેવો ઉચ્ચ માણસ હોય પણ તેનાથી હિંદુ ધર્મમાં તો દાખલ થઈ શકાતું જ નથી. હિંદુ તે હિંદુજ. જન્મથી જ હિંદુ હોય તે હિંદુ બીજાથી હિંદુ થવાય જ નહિ. એ ત્રણે ગુલામોએ છેવટ એક સંપ કરીને રાજ્યમાં બંડ ઉઠાવ્યું અને રામરાસને મારી નાંખી ત્રણે જણે પોતપોતાના પ્રદેશમાં જઈ ‘શાહ’ રાજાનો અધિકાર ધારણ કર્યો. રામરાસનાં છોકરામાં આ લોકની સામે થવાની શક્તિ નહિ હોવાથી તેઓ મૌન રહ્યા અને હાલ આપણા નકશામાં જેને વિજયનગરનો પ્રદેશ કહેલો છે તેમાં જઈ ત્યાંનું રાજ્ય કરવા લાગ્યા, હાલ પણ તેઓ ત્યાં રાજ્ય કરે છે. દક્ષિણ દ્વિપકલ્પના બાકીના પ્રદેશમાં જૂદા જૂદા તામીન નાયકોએ નાનાં નાનાં સંસ્થાન સ્થાપ્યાં, જે તેઓ આજપણ ભોગવે છે. એ મળીને ચાર મોટા ભાગ થઈ ગયા. આ ત્રણ ગુલામોના વંશજો જ્યાં સૂધી એક મેકમાં સંપ સંપીને રહ્યા ત્યાં સૂધી તો તેમનાં સંયુક્ત સૈન્યો મોગલના હુમલાથી પોતાનાં રાજ્ય સાચવી શકયાં પરંતુ જ્યારથી તેમનામાં કુસંપ અને અદેખાઇએ વાસ કર્યો ત્યારથી તેમની સત્તા નબળી પડી ગઈ અને મોગલોને તેમનાં રાજ્યમાં પગ પેસારો કરવાનો વખત મળ્યો. પાંત્રિસ કે ચાલીશ વર્ષ ઉપર જ્યારે મોગલ પાદશાહના જાણવામાં આવ્યું કે તેમનામાં કુસંપ પેઠેલો છે ત્યારે તેણે પહેલા ગુલામના પાંચમા કે છઠ્ઠા વંશજ નિઝામશાહના ઉપર ચડાઈ કરીને બધો દેશ લઈ લીધો. નિજામ શાહ તેના પૂર્વના રાજ્ય નગર દૌલતાબાદમાં બંદિખાનામાં મરણ પામ્યો હતો.

તે વખત પછી ગોવળકાંડા મ્લેચ્છથી બચી રહ્યું છે પરંતુ તે કંઈ પોતાની સત્તાથી નહિ પણ તેના ઉપરનાં બે રાજ્યોની સાથે મોગલને લડાઇ ચાલ્યા કરે છે તેને લીધેજ. મોગલ પ્રથમ અમ્બર, પુરંદર, બીદર અને બીજાં નગર કબજે કરવા મથે છે. આ શહેરો કબજે થાય તો પછી ગોવળકાંડા ઉપર સહેલથી ચડાઈ કરાય એવી આશાથીજ, તે મથે છે અને ગોવળકાંડા પોતાની સત્તા સાચવી રહ્યું છે. બીજાં રાજ્યો પોતાની સલામતી ડહાપણથી રાખી રહ્યાં છે એટલે કે મોગલ પાદશાહને લડાઈમાં ગોંધાયલો રાખવાને માટે તેઓ વિજાપુરના રાજાને નાંણાંની મદદ કરે છે અને તે મોગલ સામે ભીડયો રહે છે. વિજાપુરનું સૈન્ય હઠી જાય છે ત્યારે ગોવળકાંડાનો રાજા પોતાનું લશ્કર મોકલે છે એમ જણાવવાને માટે કે અમે એક બીજાને મદદ કરવાને માટે સાવધાન છીએ. વળી ગોવળકાંડાનો રાજા

મોગલના સેનાપતિઓને હમેશાં મોટી મોટી લાંચો આપે છે એટલે સેનાપતિઓ પાદશાહને એમજ સમજાવ્યા કરે છે કે વિજાપુર દોલતાબાદની નજીક હોવાથી તે સર કરવાની જેટલી અગત્ય છે તેટલી ગોવળકાંડાને માટે નથી. આપણે આગળ ઉપર જણાવી ગયા છીએ તે અમીર જમાલના સંબંધે થયેલી ઔરંગઝેબ અને હાલના ગોવળકાંડાના રાજાની આધિનતા પછી એ રાજ્ય લેવાને લશ્કર મોકલવા જેવી ઔરંગઝેબને કંઇ લાલસા રહી નથી. એ રાજ્યને તો તે પોતાના જેવું જ લેખે છે. તે ઘણા કાળથી મોગલના ખંડિયા રાજ્ય જેવી સ્થિતિમાં છે, કારણ કે વર્ષો વર્ષ તે મોગલને રોકડ નાંણાં, તેના દેશમાં બનેલી કારીગરીનો માલ, અને અને સીઆમ, સીલોન તથા પેગુથી આવતા હાથીઓ ભેટ અપ્યા કરે છે. અટકાવ કરી શકે એવો એકે કિલ્લો હાલ દોલતાબાદ અને ગોવળકાંડા વચ્ચે રહ્યો નથી એટલે ઔરંગઝેબના મનમાં પણ એમ ટાઢક છે કે વખત આવશે તો માત્ર એકજ સ્વારીથી ગોવળકાંડા સર કરી લેવાશે. મારા મત પ્રમાણે તે એમ ધારે છે કે વિજાપુરવાળો આખુ દક્ષિણ પોતાને હાથ કરી લેશે, એવા વિચારથી તે ગોવળકાંડાપર ચડાઈ કરતો નથી અને વિજાપુરવાળો એમ ધારે છે કે જો મારો પાડોશી પડયો તો અચૂક જ મારો પણ નાશ થશે. આમ ભારમાં તે ભારમાં બધું ચાલ્યા કરે છે.

ઉપર જણાવી તે બાબતો ઉપરથી ગોવળકાંડાની અને મોગલ પાદશાહની કેવી આંટ થઈ રહેલી છે તેનો કંઈક વિચાર આવી શકશે એમ હું ધારૂછું. અમીર જમાલે બતાવેલી યુક્તિ જ્યારથી ઔરંગઝેબ રમ્યો ત્યારથી ગોવળકાંડાના રાજાની હિમ્મત જતી રહી છે અને તે દિવસ પછી તેણે રાજ્ય લગામ પણ હાથમાં લીધી નથી. દેશના રિવાજ પ્રમાણે તે દરબાર ભરતો નથી તેમ લોકને ઈન્સાફ આપવાને પણ બેસતો નથી. વળી ગોવળકાંડાના કોટ બહાર જવાનીએ તે હિમ્મત ધરી શકતો નથી. આ પ્રમાણે થતાં દેશમાં અરાજ્ય અને હિંગામાની સ્થિતિ થઇ રહે એ સ્વાભાવિક છે. ઉમરાવો રાજાનો હુકમ માનતા નથી, કારણ કે હવે તેમને રાજાને માટે લાગણી કે પ્રીતિમાન રહ્યું નથી. તેઓ લોકના ઉપર અનહદ જુલમ ગુજારે છે તેથી લોક પણ પોતાના રાજાની ધુરા નાંખી દઈ ખુશીથી ઔરંગઝેબનું રાજ્ય આવે તો માન્ય કરે એમ થઈ રહેલું છે.



આ રાજ્યો જે ખરાબ હાલતમાં આવી પડ્યાં છે તેના કારણ રૂપ પાંચ છ ખરી બાબતો હું અત્રે જણાવું છું.

૧– ૧૬૬૭ની સાલમાં હું જ્યારે ગોવાળકાંડામાં હતો ત્યારે ઔરંગઝેબનો એક એલચી ત્યાં આવ્યો હતો. એને આવવાનું કારણ એ હતું કે જો રાજા વિજાપુરની સામે મોકલવાને દશ હજાર ઘોડે સ્વારો પુરા ન પાડે તો તેણે લડાઈને માટે તૈયાર થવું. ઘોડે સ્વાર પલટણ તો આપવામાં આવી નહિ પરંતુ તેટલી પલટણ પાળી શકાય તેટલાં નાંણાં આપવામાં આવ્યાં અને તે ઔરંગઝેબને વધારે પ્રિય લાગ્યાં. રાજાએ એ એલચીને અત્યંત માન આપ્યું અને જતી વખતે તેને તથા તેના સ્વામિને માટે ઘણીક કિમતી ભેટો આપી.

૨–ઔરંગઝેબનો હમેશનો એલચી જે ગોવળકાન્ડામાં રહે છે તે દરેક હુકમ કાઢે છે, પરવાના આપે છે અને લોકના પર ઇચ્છાનુરૂપ જુલમ ગુજારે છે. ટુંકામાં તે અપ્રતિમ રાજ્ય સત્તા ભોગવે છે.

૩–અમીર જમાલનો પુત્ર મહમદ અમીરખાન જો કે હાલ તે એક ઔરંગઝેબના ઉમરાવ જેવોજ માત્ર છે તોપણ ગોવળકાંડામાં અને ખાસ કરીને મછલીપટનમાં તેનું અત્યંત માન છે. મછલીપટનમાં તેનો દલાલ તેના નામે રાજાની માફક વર્તે છે. તે સોદો કરે છે માલ વેચે છે અને જકાત વગર માલને આવવા જવા દે છે અને તેમાં કોઈ તેને અડચણ કરી શકતું નથી. આ દેશમાં તેના પિતાની વગસગ એટલી બધી હતી કે જે હાલ પુત્ર પણ ભોગવે છે.

૪. કેટલીકવાર ડચ લોકો ગોવળકાંડાના માલનાં વહાણને ખાળે છે. અને રાજા જ્યારે તેમને તેમની માગણી આપે છે ત્યારે જવાદે છે. તેઓ રાજાની સામે અવાજ ઉભો કરે છે એમ મારા જાણવામાં આવ્યું છે. એમ થવાનું કારણ એ છે કે એકવાર મછલીપટનના સુબાએ તેમની ફેક્ટરી બાળી નાંખવાની તથા તેમને કતલ કરી નાંખવાની ધમકી આપીને તેમના બંદરમાં પડેલું અંગ્રેજોનું વહાણ જોર જુલમથી લઈ લેતાં અટકાવ્યા હતા.

૫. આ રાજ્યની પડતીનું બીજુ કારણ અહીંના ખરાબ પૈસા છે. નાંણાની આવી સ્થિતિને લીધે વેપારીઓથી બરોબર વેપાર થતો નથી.

૬. રાજ્યની પડતીનું છઠું કારણ એ છે કે, અત્રેના પોર્ટુગીઝો બહુજ માથે ચડી વાગ્યા છે. ડચ લોકની સત્તાને આધીન ન થવાને માટે સેનથો-

મસના નામના વાસમાં તેઓએ સ્વતંત્રતા ધારણ કરી હતી તેમાં જો રાજા વચમાં પડવા આવે તો તેની સામે લડાઈ કરવાની તેઓ ધમકી આપ્યા કરે છે.

હું ગોવળકાંડામાં હતો ત્યારે કેટલાક ડાહ્યા પુરૂષોએ મને ખાતરીથી કહ્યું હતું કે, રાજા આ બધુ નથી સમજતો એમ નથી પરંતુ દેખાવમાં આવી દીનતા, અને રાજ્ય કાર્યભાર તરફ બેતમા વગેરે મૌનતા તેણે પોતાના શત્રુઓને ઠગવાને ધારણ કરેલી છે. તેને એક ડાહ્યો ચતુર અને વીર પુત્ર છે જેને તેણે લોકથી છૂપાવી રાખેલો છે અને લાગ આવે ત્યારે તેને ગાદીએ બેસાડી ઔરંગઝેબ સામે માથુ ઉચકવાનો એનો વિચાર છે. આ વિચારની સત્યાસત્યતાને વખત એની મેળે નિર્ણયપર લાવી આપશે એટલે હવે આપણે તે ઉપર કાળક્ષેપ ન કરતાં વિજાપુર સંબંધે બોલીશું.

વિજાપુરના રાજ્યને વારંવાર મોગલ પાદશાહની સાથે ઝઘડામાં ઉતરવું પડે છે. તેમ છતાં તે હજી સ્વાતંત્ર્ય ભોગવે છે. સત્ય તો એમ છે જે મોગલ પાદશાહે મોકલેલા સેનાપતિઓ પાદશાહ દૂર હોવાથી સેનાપતિના હોદામાં રહી મોજ મજા ભોગવે છે. તેઓ દમામમાં બધો વખત ગાળે છે અને જરાક પણ બહાનું મળતાં તેમની સ્વારી લંબાતાં વાર લાગતી નથી, અને એ તો સામાન્ય કહેવત થઈ પડી છે કે, હિંદુસ્તાનના લડવૈયા અને સેનાપતિઓનો રોટલો દક્ષિણ દેશમાંથી મળે છે. અર્થાત્ દક્ષિણ તો સિપાઇઓનું અન્નદાતા છે. વળી આ સ્થળે એટલું પણ યાદ રાખવું કે વિજાપુરના રાજ્યમાં ઘણા મજબુત અને અજય્ય પહાડી કિલ્લાઓ આવેલા છે તેમાં પણ પાદશાહના મૂલકની પાસેનો વિજાપુરના રાજ્યનો પ્રદેશ વધારે પહાડી અને અલંઘનીય હોઈ ત્યાં દાણો પાણીના પણ વખતે સાંસા પડે એમ છે. રાજ્ય નગરનો કિલ્લો ઘણોજ મજબૂત છે અને તે પર્વતના સપાટ ઉત્સંગમાં આવેલું છે; ત્યાં શહેરમાંજ પીવા જેવું પાણી મળે છે કોટ બહાર પાણી મળે તેમ નથી.

આમ છે છતાં વિજાપુર પણ હવે ખટપટનું મોં કાળુ કરવાને માટે મથે છે. રાજ્યની કુંચી રૂપ પુરંદર, બેદર અને બીજા કિલ્લાઓ મોગલે હસ્તગત કરી લીધા છે. રાજા, વૃદ્ધ અને વાંઝિયો છે એટલે તેના મરણથી પણ મોગલોનું ભાવિ બળવાન્ થાય તેમ છે. ગોવળકાંડાના રાજાની બહેન રાણીએ એક ભણેલા ગણેલા છોકરાને દત્તક લઇ ગાદીએ બેસાડેલો છે. પરંતુ



તેમાં પણ દહાડે દહાડે અપ્રીતિ થતી જાય છે. હમણાં થોડા વખત ઉપર જ્યારે રાણી મક્કેથી હજ કરીને આવી ત્યારે તેને નામનુંજ માન મળ્યું હતું. બાળ રાજાના મનમાં રાણીની ચાલચલકતને માટે વહેમ છે, તે ધારે છે કે ડચના વહાણમાં તે મક્કે ગઇ તેમાં કંઈ કાળું હતું. બે ત્રણ ખલાસીઓ સાથે તેને વધારે ધાલમેલ છે, અને કહે છે કે રાણીની સાથે મક્કે જવાને માટે તેઓએ વહાણની ચાકરી છોડી દીધી હતી.

આગળ જણાવી ગયા તે શિવાજી રાજા રાજ્યની પડતી સ્થિતિનો લાભ લેતો જાય છે તેણે કેટલાક ઉત્તમ અને મજબૂત કિલ્લાઓ હાથ કરી લીધા છે. એ સઘળા પહાડી પ્રદેશમાં આવેલા મજબૂત છે. શિવાજી બધી બાબતમાં એક સ્વતંત્ર રાજાની માફક વર્તે છે અને મોગલ તથા વિજાપુરના રાજાઓની ધમકીઓને હસી કહાડે છે. તે સુરતથી ગોવા સુધીના દેશમાં લૂંટફાટ ચલાવ્યાં કરે છે. વિજાપુરના રાજાને તે વારંવાર ધોક્કો પહોચાડે છે તેમ છતાં વિજાપુરના રાજ્યની ઉત્તર સરહદ ઉપર મોગલોની સામે ભીડવામાં વિજાપુરનું રાજ્ય તેને પોતાના એ સારા અણધાર્યા સહાય જેવો ગણે છે. બહાદૂરી ભર્યા સતત ચાલતાં તેનાં સૈનિક વર્તનથી ઔરંગઝેબનું લક્ષ તેના ઉપર લાગેલું રહે છે એટલે વિજાપુર ઉપર વિજય કરવાની તેની ઇચ્છા કંઈક ઓછી થાય છે. શિવાજીને કેવી રીતે દાબી દેવો એ સવાલ તેની આગળ મુખ્ય અને અગત્યનો થઈ પડયો છે. સુરતનો તેનો વિજય આપણે આગળ જોઈ ગયા ત્યાર પછી ગોવાની પાસેના બરડેસ નામના પોર્ટુગીઝ સંસ્થાનને તેણે સર કર્યું છે.

ફ્રાન્સ તરફ પાછા ફરવાને માટે દિલ્લી છોડી જ્યારે હું ગોવળકાંડામાં આવેલો હતો ત્યારે શાહજહાન મરણ પામ્યાના અને પિતાના મરણથી પુત્રને જે લાગણી થાય તે લાગણી ઔરંગઝેબને ખરેખરી થયાના સમાચાર મને ત્યાં મળ્યા હતા. શાહજહાનનું મરણ સાંભળતાંને વારજ તે આગ્રે જવાને માટે નીકળી પડયો હતો અને બેગમ સાહેબે તેને યોગ્ય માન આવકાર દીધો હતો. તેણે મોટી મસજીતને કીનખાબના વાવટાઓથી અને કિલ્લામાં આવતા પહેલાં ઔરંગઝેબ જ્યાં ઉતરવાનો હતો તે જગ્યાને તેવીજ રીતે ભભકાબંધ વાવટાઓથી શોભાવી મૂકી હતી. જનાનખાનામાં બેગમસાહેબના દિવાનખાનામાં આવતાં દરવાજા આગળ તેણીએ પોતાનાં તથા શાહજહાન પાસે હતાં તે બધાં રત્નોથી ભરેલા સુવર્ણના ખુમચાની નજર કરી ઔરં-

ગઝેબને વધાવી લીધો હતો. આવા ભભકાદાર આવકારથી ઉપકૃત થયેલા અને બંધુસ્નેહના સહજ આવિર્ભાવથી લાગણીવાળા ઔરંગઝેબે પણ તેના પૂર્વના ગુન્હા માફ કર્યા અને ત્યાર પછી તેને માનથી અને કૃપાથી પાળતાં પૂર્ણ છુટ આપી છે.

હવે મારા ઈતિહાસનો છેડો આવ્યો છે. હાલ રાજ્ય કરતો મોગલ પાદશાહ કેવી રીતે પૂર્ણ સત્તાના શિખરપર ચડ્યો તે જાણવાને માટે જોઈએ તેટલાં સાધનમેં મારા વાંચકોની સમક્ષ ખડાં કર્યાં છે. ઔરંગઝેબનાં વર્તન અલબત્ત ગેર ઈન્સાફી અને જુલમી હતાં પરંતુ યુરોપિયન રાજાઓના સંબંધે આપણે જેમ વિચાર કરીએ છીએ તેમ આને માટે વિચાર કરવાનો નથી. આપણા દેશમાં કાયદાથી એવું દૃઢજ કરેલું છે કે મોટો દિકરો હોય તે ગાદિએ આવે પરંતુ હિંદુસ્તાનમાં તો રાજ્ય ગાદીને માટે બાપના મરણ પછી ભાઈઓ ભાઇઓમાં સ્પર્ધા થાય છે. દરેકને ગાદીપર આવવા માટે પોતાના ભાઇઓ સાથે લડી તેમને કતલ કરવા પડે છે અથવા બીજા ભાઇના દૃઢ રાજ્ય પદ માટે પોતાને ઉપર કહી તેવી દશાએ પહોચવું પડે છે. ઔરંગઝેબે જે ચાલ ચલાવી તેને માટે દેશકાળ, તેનો જન્મ અને તેની કેળવણી પર વિચાર કરતાં તેવું બહાનું સાર્થ કહેવાય તેમ નથી એમ કહેવાય, પણ તે એક અગાધ બુદ્ધિ વાળો, મહારાજ્યકીય અને મોટો પાદશાહ હતો એમ તો કબુલ કરવુંજ પડે છે.

---

## બર્નિયરનો ફ્રાંસના પ્રધાન મો. કોલબર્ટ પ્રતિ પત્ર.

### હિન્દુસ્થાનના વિસ્તાર, નાંણાં, સોનું રૂપું, મહેસુલ, સૈન્ય, ન્યાય, રાજ્ય વ્યવસ્થા અને એશિયાનાં રાજ્યોની પડતીનાં મુખ્ય કારણો વગેરે સંબંધી.

માનવંતા સાહેબ,

એશિયામાં ખાલી હાથે મોટા માણસોને મળવાનો સંપ્રદાય નથી. મહાન્ મોગલ પાદશાહ ઔરંગઝેબનાં ચરણવંદન કરવાનું માન મને મળ્યું ત્યારે મારે પણ તેના માન ખાતર આઠ રૂપિઆ નજર કરવા પડ્યા હતા. વળી રાજ્યની ભારેમાં ભારે જોખમદારી વાળા નામદાર દિવાન ફઝલખાખાનને મેં એક ચાકનું મેન, કાંટો અને અંબરમાં બેસાડેલું ચાકુ નજર કર્યાં હતાં, કારણ કે વૈદ તરિકેના મારા પગારનો આંકડો પાડવો એ પણ તેના હાથમાં હતું. સાહેબ, જો કે ફ્રાંસમાં હું નવી રીતભાત દાખલ કરવાનું ડોળ ઘાલતો નથી તોપણ હમણાં ઉપર જણાવી તેવી સઘળી રીતભાતો હિંદુસ્તાનથી પાછો ફરતાં હું ભુલી જાઉ એમ તો બને જ નહિ; અને તેથી હું આશા રાખું છું કે ઔરંગઝેબે દેખાડી તેના કરતાં જુદી જાતની મારા પ્રત્યે મમતા રાખનાર નામદાર ( લુઇસ ૧૪ મો ) શહેનશાહની હજુરમાં અથવા ફઝલખાનના કરતાં મારે વધારે માન આપવાને યોગ્ય આપ નામવરની હજીરમાં નાનીશી પણ ભેટ વગર આવવાને હું આનાકાની કરૂં છું તેને માટે ક્ષમા કરશોજી. હું જે ભેટ કરનાર છું તે ભેટ મારા હાથથી નહિ તો ખેર પણ તેની નવિનતાથી કંઈક કિમતી ગણાશે એવી આશા છે. અદ્દભુત બનાવોથી ભરપુર હિંદુસ્તાનમાં હમણાંજ થયેલો ફેરફાર આપણા મહાન્ શહેનશાહને જાણવા જોગ છે; અને આ પત્ર પણ તેમાં સમાયલી જાણવા જોગ બાબતોથી રાજ્ય મંડળમાં બિરાજતાં આપ જે પદવી ભોગવો છો તેને અયોગ્ય છે એમ નહિ લેખાય. મેં ફ્રાંસ છોડ્યું તે પહેલાં અપ્રિતિવિધેય રીતે ગુંચવાઈ ગયેલાં ઘણાંક ખાતાંને જેના કાર્યે ભારે વ્યવસ્થિત બનાવી દીધાં છે, જેણે આપણા રાજાની કીર્તિને દિગંતરમાં ફેલાવવાને માટે ઘણીજ કાળજી રાખી છે અને પોતાના લાભની તથા કીર્તિની જે યોજનાઓ યોજાય તે પ્રમાણે વર્તવાને ફ્રેન્ચ લોકને જેણે યોગ્ય

બનાવ્યા છે તે પુરુષની ગ્યોગ્યતાને આ પત્ર ઘટિત છે એમ હું માનું છું.

જ્યાં તમારી કીર્તિ ગવાય છે તે દેશથી–હિંદુસ્તાનથી બાર વર્ષે પાછા આવતાં, ફ્રેંચ પ્રજાના સુખથી અને તેને આગળ વધારવાને માટે આપે જે અવિશ્રાંત શ્રમ, ઉત્તમ મન શકિતને કામે લગાડ્યાં છે તેનાથી હું પ્રથમ જ જાણીતો થયો છું. આ વિષય એવો છે કે તેના ઉપર હું ઘણું લખી શકું, પણ જ્યારે મારો પ્રસ્તુત ઉદ્દેશ નવી અને અજાણી બાબતો પર લખવાનો છે ત્યારે જેને જગતે ક્યારનીય સ્વીકારેલી છે તેવી બાબત પર શું કરવાને વિસ્તાર કરૂં ? હિંદુસ્તાનની સ્થિતિનો આપને ખરેખરો ખ્યાલ આવે એવી બાબતો લખવાનું મેં આપને વચન આપેલું છે તે બાબતો જો હું લખીશ તો આપને વધારે પસંદ પડશે.

સામાન્યતઃ ઇંડીઝ અથવા હિંદુસ્તાનને નામે પ્રસિદ્ધ, મહાન્ મોગલના રાજ્યનો વિશાળ વિસ્તાર એશિયાનો નકશોજ બતાવી આપે છે. ગણિતની ચોકસાઇથી મેં કંઈ હિંદુસ્તાનનું માપ લીધું નથી પણ સાધારણ રીતે મુસાફરીને અડસટે અને ગોવળકાંડાથી ગીઝની ત્રણ માસનો રસ્તો છે એમ વિચારીને અથવા ગીઝનીથી પણ દૂર ઈરાનના પહેલાં કંદહાર સુધી હિંદુસ્તાનની હદ ગણતાં તો આ બે દૂરનાં સ્થાન વચ્ચેનુ અંતર ફ્રાંસના પાંચસો લીગ અથવા પારીસથી પાંચવાર લીયોન નગરના અંતર કરતાં થોડુ અંતર નહિજ હોય.

આ વિશાળ દેશનો કેટલોક ભાગ તો ઘણો રસાળ છે એમ કહેવું જ પડે છે. દાખલા તરીકે મોટુ બંગાળનું રાજ્ય, માત્ર ચોખાની, અનાજની અને બીજી અગત્યની ચીજોની ઉપજથીજ નહિ પણ ઈજીપ્તમાં નહિ ઉત્પન્ન થતી એવી અનેક વેપારના બરની ઉપજથી, જેવી કે રેશમ, રૂ, અને ગળીથી તેના કરતાં ચઢે તેવું છે. હિંદુતાનના ઘણા દેશો ભરપુર વસ્તી અને સારી રીતે ખેડાણ થયેલી રસાળ જમીનવાળા છે. અહીંના કારીગર લોક જો કે જરા આળસુ છે તોપણ, સેતરંજીઓ, કીનખાબ, ભરત કામ, સોનારૂપાનાં કસબી કામ, અને અનેક જાતનાં રેશમી અને સુતરાઉ કાપડ વણુવા વગરેના ધંધામાં વળગેલા રહે છે. એમનો માલ દેશમાં ખપે છે અને પરદેશ જાય છે.

પૂર્વ ગોળાર્થપરના ઘણાક દેશોમાં ફર્યા પછી સોનું અને રૂપુ પણ



હિંદુસ્તાનમાં આવી ભરાય છે અથવા કેટલેક અંશે લોપ થાય છે એમ પણ જણાવવું જ જોઇએ. અમેરિકામાંથી આવતું સોનું યૂરોપખંડનાં જુદાં જુદાં રાજ્યોમાં વહેંચાઈ ગયા પછી પાછું તુર્કસ્થાનથી આવતા માલના બદલામાં ત્યાં જાય છે, અને કેટલુંક સ્મીર્નો બંદરથી ચઢતા રેશમના બદલામાં ઈરાન જાય છે. અરેબીયા ફેલીકસ અથવા યેમેનથી આવતી કૉફી વગર તુર્કસ્થાનને ચાલતું નથી; તેમજ તુર્કસ્થાન, યેમેન અને ઈરાનને પણ હિંદુસ્તાનની પેદાશ વગર ચાલતું નથી, એટલે આ દેશોને વળી પોતાને યૂરોપખંડમાંથી મળેલું સોનું રૂપુ, બાબલમંડળની પાસેના રાતા સમુદ્રપર આવેલા મોકા બંદરે, ઈરાની અખાતપર આવેલા બસરાના બંદરે, અને ઓરમસની નજીકના ગોમેરોન અથવા આબાસી બંદરે માલના બદલામાં મોકલવું પડે છે. આ ત્રણ પ્રસિદ્ધ બંદરોપર દરેક વર્ષે મોસમમાં અથવા અનુકૂલ પવન હોય ત્યારે હિંદુસ્તાનનો માલ લઈ આવતાં વહાણોની મારફતે પોતાનું સોનું રૂપુ હિંદુસ્તાન મોકલવું પડે છે. આ પ્રમાણે હિંદુસ્તાનની ઉપજ પરદેશ ખાતે લઈ જનારાં વહાણો પછી ગમે તો તે હિંદુઓનાં હો, ડચનાં હો, અંગ્રેજોનાં હો, કે પોર્ચુગીઝોનાં હો પણ દરેક વર્ષે તેઓ હિંદુસ્તાનનો માલ પેગુ, ટેનાસેરીમ, સીઆમ, સીલોન, એચીમ, મકાસર, માલ્ટીવઝ, મોઝાંબીક અને બીજા બંદરે લઈ જાય છે અને તે દેશોની કિંમતી ધાતુને વ્યાપારી માલના બદલામાં હિંદુસ્તાનમાં ઘસડી આણે છે. એ કિંમતી ધાતુ પણ મોકા, બસરા અને આબાસી બંદરને રસ્તે આવતા સોનારૂપાની માફક હિંદુસ્તાનમાં ગેબ થઈ જાય છે. વળી ડચ લોક જાપાનની સોનાની ખાણોમાંથી જે સોનાનો મોટો ભાગ કાઢે છે તેનો પણ કેટલોક ભાગ વહેલો મોડો હિંદુસ્તાન જ ગળી જશે. આ બધાની ઉપરાંત વળી પોર્તુગાલથી અને ફ્રાન્સથી દરિયા માર્ગે જે સોનુ રૂપુ બારોબાર હિંદુસ્તાનમાં આવે છે તે ત્યાંજ રહે છે અને તેના બદલામાં હિંદ માત્ર વ્યાપારી માલ જ પરદેશ ચઢાવે છે.

તાંબુ, લવિંગ, જાયફળ, તજ, હાથી અને બીજી કેટલીક વસ્તુઓની હિંદુસ્તાનને જરૂર છે અને તે જાપાન, મોલુકસ, સીલોન અને યૂરોપથી ડચ લોક લાવે છે. શિસુ પણ ઘણે ભાગે ત્યાંથી આવે છે. બનાત અને બીજો કેટલોક સામાન ફ્રાંસથી આવે છે. હિંદુસ્તાનમાં સારા ઘોડાઓની પણ તંગી છે અને યુસબેગથી વર્ષ દહાડે પચીસ હજાર તથા કંદહારને રસ્તે ઈરા-

નથી ઘણા ઘોડા આવે છે. વળી મોકા, બસરા અને બંદર આબાસીને રસ્તે થઈ જળ માર્ગે પણ ઘણા ઘોડા ઇથીઓપીયા, આરેબીઆ અને ઇરાનથી હિંદુસ્તાન ખાતે ચઢે છે. સમરકંદ, બાલી, બોખારા, અને ઈરાનમાંથી કાલિંગડ, સેફ્ફળ, જામફળ, આખો શિયાળો ઘણે મોંઘે મુલે વેચાતી અને ખવાતી દ્રાક્ષ વગેરે લીલો મેવો હિંદુસ્તાનમાં પુષ્કળ ખપે છે. આ ઉપરાંત પસ્તાં, ચારોળી, અને બીજી ઘણી જાતની નાની બદામો, આલુબોખાર, જરદાળુ, સુકી દ્રાક્ષ, જે આખુ વર્ષ વેચાય છે તે વગેરે સુકો મેવો પણ પરદેશથી જ હિંદુસ્તાનમાં આવે છે. બંગાળ અને બીજે કેટલેક ઠેકાણે નાના નાણાના ચલણમાં વપરાતી કોડીઓ માલ્ડીવઝથી આવે છે અને ત્યાંથી તથા મોઝાંબીકથી અંબર પણ આયાત થાય છે. ઈથીઓપીયાથી ગેંડાનાં શિંગડાં, હાથીદાંત, અને ગુલામો આવે છે. કસ્તુરી અને ચીનાઈ સામાન ચીનથી, ઈરાનના ટાપુ બેહરેનથી તથા સીલીન પાસેના ટુટીકોરીનથી મોતિ, અને બીજી કેટલીક વસ્તુઓ જેના વગર હિંદુસ્તાનને ચાલે પણ ખરૂં તેવી બધી વસ્તુ પરદેશથી હિંદુસ્તાન ખાતે આવે છે.

હિંદુસ્તાનમાં આટલી બધી વસ્તુઓની આયાત થાય છે તો પણ તેથી હિંદુસ્તાનમાંના સોના રૂપાને નિકાસ થવાનો વખત મળતો નથી; કારણ કે જે વેપારીઓ એ વસ્તુઓ લાવે છે તેમને હિંદમાં ઉપજતી વસ્તુઓ બદલામાં લેવી લાભકારક થઈ પડે છે.

આટલી બધી પરદેશી ઉપજની અને બનાવટની વસ્તુઓ હિંદુસ્તાનમાં આવવા છતાં આખી દુનિયાંનું સોનુરૂપુ જે અનેક માર્ગે આવે છે તે અટકતું નથી અને આવે છે તેને જવાનો રસ્તો મળતો નથી.

વળી એ પણ ધ્યાનમાં રાખવા જોગ છે કે મહાન મોગલ પાદશાહ મોટા ઉમરાવોનો તેમજ તેની નોકરીમાં રહેલા મુનસફદારોનો અને પોતાના રાજ્યની સઘળી જમીનનો ધણી ગણાય છે. ઘર અને વાડી વજીફા જેવી કેટલીક શહેર અને ગામ તળની જમીનો ધણીયાતી હોય છે, જે પ્રજા પોતપોતામાં વેચી સાટી શકે છે.

દેશમાં ખાણો નથી તોપણ હિંદુસ્તાનમાં કિંમતી ધાતુ પુષ્કળ છે અને મહાન્ મોગલ પાદશાહ સઘળી જમીનનો ધણી છતાં તેને પુષ્કળ વસુલાત મળે છે તેથી તેની દોલત અસંખ્યાત છે. આ દોલતના ઉત્તર પક્ષમાં બીજી ઘણી સ્થિતિઓનું અવલોકન કરવા જેવું છે.



પહેલું—આ હિંદુસ્તાનના વિશાળ રાજ્યનો કેટલોક ભાગ રેતાળ અથવા પહાડી હોઇ અખેડ છે, કેટલોક ખરાબ રીતે ખેડાય છે અને આછી વસ્તીવાળો છે. મજૂર અથવા કામ કરનાર લોકની તંગીને લીધે કેટલોક રસાળ ભાગ પણ અખેડ પડયો રહે છે, અને ઘણાક ખેડૂતો તેમના સૂબાના જુલમથી મરણ પામે છે. અત્રેના ગરીબ ખેડુત લોકો જ્યારે તેમના મહા લોભીયા સૂબાની માગણી પુરી પાડી શકતા નથી ત્યારે માત્ર તેમની આજીવિકા ખુચાવી લઇનેજ તેમને જવા દેવામાં આવતા નથી પણ તેમનાં છોકરાંને સૂબાઓ ગુલામ કરી લઈ લે છે. આવા અસહ્ય જુલમનું એ પરિણામ આવે છે કે ઘણા ખેડુતો પોતાની જાગીરો છોડી નાશી જાય છે અને શહેરમાં અથવા છાવણીઓમાં રાવત, ભીસ્તી, અથવા મજૂરનો ધંધો કરી પેટ ભરવું વધારે સારૂ ગણે છે. કેટલીકવાર તેઓ દેશી રાજાઓની હદમાં જઈ રહે છે જ્યાં તેમને ઘણી છુટ અને સગવડ મળે છે.

બીજું—મહાન્ મોગલના રાજ્યમાં ઘણી જાતની પ્રજા છે અને તે સઘળાનો તે સ્વામી થઈ શકતો નથી. આ જાતોમાંની ઘણી પોતાના એક મોટાને માને છે અને તે રાજા, મહાન્ મોગલને જ્યારે જરૂર પાડવામાં આવે છે ત્યારે ચોથ અથવા ખંડણિઓ માત્ર નામની જ આપે છે, કેટલીક તો ભાગ્યેજ અપાય છે. ખંડણી આપવાને ઠેકાણે કેટલીક જાતો ઉલટી ખંડણી લે છે તે પણ હું જણાવીશ. દાખલા તરીકે હિંદુસ્તાન અને ઈરાનની હદ ઉપરની જાતના લોકના રાજાઓ ઈરાનના રાજા કે કિંવા હિંદુસ્તાનના મહાન્ મોગલને કોઇને પણ કંઈ ખંડણી આપતા નથી. બલુચી, અફગાન અને બીજા પહાડી રાજાઓ પણ મોગલને ખંડણી આપતા નથી. તેઓ સઉ પોત પોતામાં સ્વતંત્ર છે. તેઓ પોતાની વીરતાથી ઉલટા ચોથ જેવું કંઈક લે છે. દાખલા તરીકે જ્યારે મહાન્ મોગલે કંદહારને ઘેરો ઘાલવાને માટે અટકથી સિંધુ નદીના પ્રદેશમાં થઇને કાબુલ તરફ કુચ કરી ત્યારે જ્યાં સુધી તેઓની માગેલી ભીખરૂપી ઇનામ તેમને આપવામાં આવ્યું નહિ ત્યાં સુધી પર્વતમાંથી પાણી પુરૂ નહિ પાડતાં તેઓએ મોગલના લશ્કરને અટકાવી રાખ્યું હતું.

પઠાણ લોક અપ્રિતિવિધેય છે. તેઓ બંગાળ તરફ ગંગાના પ્રદેશમાં રહેનાર મુસલમાન છે. ઘણા ભાગમાં, મોગલોએ હિંદુસ્તાનપર ચઢાઈ કરી ત્યાર પહેલાં પઠાણો જોરાવર થઈ પડ્યા હતા. તેઓનું દીલ્હીમાં ઘણું

જોર અને સત્તા હતી અને આસપાસના ઘણાક રાજાઓ તેમને ખંડણી આપતા હતા. જોરસાદાર અને લડાયક છતાં આ લોક હાલ ભીસ્તી અને ચાકરનું કામ કરે છે. જ્યારે કોઈ પણ વાતની ખાતરી કરી આપવી હોય ત્યારે 'જો એમ હોય તો હું કદી દીલ્હીના તખ્ત પર ન જાઉ' એમ કહેવાની તો એમનામાં ટેવ પડી ગયેલી છે. હિંદુસ્તાનમાં વસતા મોગલ અને હિંદુઓ એ બેઉ પર તેઓ તિરસ્કારની નજરે જુવે છે અને હિંદુસ્તાનમાં પ્રથમ તેઓની કેવી સ્થિતિ હતી તે યાદ કરતાં તેઓ મોગલોને ઘણાજ ધિક્કારે છે, કારણ કે મોગલોએજ તેમના વડવાઓને તેમની જાગીર લઈ લઈ દીલ્હી અને આગ્રાથી ઘણે દૂર પર્વતમાં હાંકી કાઢયા હતા. આ સરહદના પહાડી પ્રદેશમાં હવે તે પઠાણ લોકો પોતાનાં રાજ્ય સ્થાપી બેઠા છે, પણ તેમની સત્તા કંઈજ નથી.

વિજાપુરનો રાજા મોગલ પાદશાહને ખંડણી આપતો નથી, એટલુંજ નહિ પણ તેની સાથે હમેશાં ઝઘડો ચાલુ રાખે છે અને પોતાનો દેશ સાચવી રહેવાની યુક્તિઓ કર્યા કરે છે. તે આ રીતે પોતાના દેશનું રક્ષણ કરે છે તેનું માન તેના લશ્કરી બળ કરતાં બીજી તરેહ વાર સ્થિતિને ઘટે છે. મોગલ પાદશાહનાં મુખ્ય રાજ્યધાની નગરો દીલ્હી અને આગ્રાથી તેનું રાજ્ય અને રાજ્ય નગર વિજાપુર ઘણું દૂર છે. તેનું પાટનગર મજબૂત છે અને સહેલથી ઘેરી શકાય તેવું નથી, કારણ કે તેના રાજ્યની આસપાસના દેશમાં પાણી ખરાબ છે અને પશુને માટે ઘાસ ચારાની પણ તંગી છે. વળી જ્યારે તેનાપર ચડાઇ આવે છે ત્યારે આસપાસના રાજાઓ અન્યોન્યના સંરક્ષણ અર્થે પોતાનાં લશ્કર સાથે તેની કુમકે આવી પહોચે છે. થોડાજ વખત ઉપર પ્રખ્યાત શિવાજીએ સુરત બંદર લૂંટીને તથા બાળીને તેના લાભમાં ખલેલ કર્યું હતું.

વળી ગોવળકાંડાનો ધનવાન અને સત્તાવાન્ રાજા પણ ખાનગી રીતે તેને મદદ કરે છે. પૈસાની મદદ ઉપરાંત તે પોતાની હદના રક્ષણને અર્થે અને વખત પડ્યે વિજાપુરના રાજાને કામ આવે એવી ધારણાથી વિજાપુરની પાસે પોતાનું લશ્કર રાખે છે. આજ પ્રમાણે ખંડણી નહિ આપનારાઓમાં ગણી શકાય તેવા સો કરતાં પણ વધારે દેશી રાજાઓ છે. આ બળવાન દેશી રાજાઓમાંના કેટલાકનાં રાજ્ય દીલ્હી અને આગ્રાની નજીક



છે અને કેટલાકનાં દૂર છે. આ દેશી રાજાઓમાંના પંદર સોળ રાજાઓ તો ઘણાજ બળવાન અને ધનવાન્ છે. આમાં ખાસ કરીને રાણો જે પહેલાં રાજાઓનો રાજા અને પુરનો વંશજ હતો તે છે. બીજા બે જયસિંહ અને જશવંત સિંહ છે. આ ત્રણ જણા જો મહાન્ મોગલની સાથે લડાઇમાં ઉતરવાનું ધારે તો મોગલને તે ભયંકર શત્રુ રૂપ થઈ પડે એવા છે, કારણ કે દરેક રાજાની પાસે હમેશ રણ સંગ્રામમાં આવીને ઉભારહે તેવા વીસ હજાર ઘોડેસવારો છે અને તે પણ તેમની સામે મોરચો બાંધનારના ઘોડે સવારો કરતાં અત્યુત્તમ. આ સવારો રજપૂત કહેવાય છે. મેં બીજે ઠેકાણે જણાવ્યું છે તેમ તેમનું લડાયક પદ બાપથી દીકરાને મળે એવું પરંપરાગત છે. આના બદલામાં તેઓને જાગીરો આપેલી છે; એટલે જ્યાં અને જ્યારે રાજા રણે ચઢે ત્યારે તેઓ વગર વિલંબે તેને અનુસરવાને બંધાયલા છે. આ રજપૂત લોક ઘણો શ્રમ સહન કરી શકે છે અને ઉત્તમ યોધ થવાને તેમને સહજજ કવાયતની જરૂર પડે તેમ છે.

ત્રીજુ—મહાન્ મોગલ પાદશાહ શુની જાતનો મુસમાન છે એમ જણાવવું એ તો જરૂરનું જ છે. ઉસમાન ખરેખરો મહમદનો વારસ હતો એમ માનનાર તુર્ક લોકની માફક મોગલો પણ તેને માને છે અને તેથી તેઓ 'ઓસ્માની' એ નામથી ઓળખાય છે. પાદશાહના ઉમરાવો ઘણે ભાગે ઇરાનના વતની અને શીયા જાતના છે. તેઓ અલ્લાને માનનારા છે. વળી મહાન મોગલ એક પરદેશીય રાજા છે એટલે કે તાર્તરીના મોગલોના વડા તૈમુર લેનના વંશનો છે. મોગલોએ ઇ. સ. ૧૪૦૧ ની સાલમાં હિંદુસ્તાન જીતી લીધું હતુ. આમ હોવાથી પાદશાહને હજારો હિંદુ મુસલમાન શત્રુઓથી ભરેલા દેશમાં રાજ્ય કરવું પડે છે. આવા દેશમાં અને ચારે તરફથી બળવાન્ અને રોજના શત્રુ સમુદાયમાં પગ ઘાલીને રહેવા માટે, અને યુસબેગ અથવા ઇરાનથી જો કંઈ ચઢાઇ જેવી હીલચાલ થાય તો તેમના સામા થવાને માટે પાદશાહને શાંતિના વખતમાં પણ પોતાની પાસે મોટુ લશ્કર રાખવાની જરૂર પડે છે. આ સૈન્યમાં રજપૂત દેશીઓ, પઠાણ અને ખરેખરા મોગલને રાખેલા હોય છે. થોડા માનવાળા પણ પરદેશી, ગોરા અને ધર્મે મુસલમાન હોય તે મોગલમાં ગણાય છે. રાજ્યમંડળમાં હાલ તેમજ પહેલાં કંઈ ખરા મોગલો નહોતા; યુસબેગી, ઇરાની, આરબ અને તુર્ક અથવા તેમના વંશના હોય તે સઘળા મેં આગળ

કહ્યું તેમ સામાન્ય રીતે મોગલ તરીકે જ લેખાય છે. બેત્રણ પેઢી થઇ જતાં જેમનાં છોકરાં કાળાં અને દેશની રીતભાતવાળાં થાય છે તેમને મોગલ તરીકે બહુ માન મળતું નથી અને નવા આવનારના જેવી જોખમદારીની નોકરી પણ મળતી નથી. તેઓ વળી જો તેમને સામાન્ય પ્યાદળમાં અથવા ઘોડેસવાર લશ્કરમાં દાખલ કરવામાં આવે છે તોય સંતોષ પામે છે. આપ નામદારને મહાન્ મોગલ પાદશાહના લશ્કર સંબંધી અને તેની પાછળ થતા ખરચ ખૂટણનો ખરેખરો ચિતાર આપી કંઇક અનુમાન બાંધવાને શક્તિમાન્ કરવા એવા વિચારથી હું તેનું યથાર્થ વર્ણન કરૂં છું.. ન ચાલે રાખવું જ પડે એવા દેશી લશ્કર સંબંધી હું પ્રથમ લખીશ. ' દેશી લશ્કર ', એ નામમાં જયસિંગ અને જશવત સિંહના દેશી રજપૂત શૂરવીરોનો સમાવેશ થાય છે. આ બે રજપૂત રાજાઓને તેમજ બીજા પણ કેટલાક રાજાઓને પાદશાહ તેમના રાજપૂતોને પોતાની પાસે નોકરીમાં રાખવા માટે ધનની મોટી બક્ષીસો આપે છે. પરદેશી અને મુસલમાન ઉમરાવોના જેવીજ પદવી એ રાજાઓ ભોગવે છે. પાદશાહ પોતાની ખીજમતમાં રાખે છે તે લશ્કરના અથવા પ્રાંતોમાં રાખેલા લશ્કરના જેવીજ સમાનતા તેમને માટે છે. દેશી રાજવંશિઓ પણ ઉમરાવોના ધારાએજ પળાય છે માત્ર એટલોજ ફેર કે દેશી રાજવંશીઓથી કિલ્લાની અંદર ઘોડેસવાર થવાતું નથી. દેશીઓ પોતાના તંબુમાં રહે છે અને ઘણું તો પોતાના સરદારને માટે પ્રાણાહુતિ આપવાને માટે પણ પાછા ન પડે એવા રજપૂત શૂરવીરોની સાથે લડવા જાય છે. રાજાઓના માનભંગને માટે કપટ રચાયલાં હોય ત્યારે રજપૂતોની આ સ્વજાત ભક્તિ સિદ્ધ થાય છે.

મોગલ પાદશાહને રજપૂત રાજાઓને પોતાની નોકરીમાં રાખવાનાં બીજાં પણ ઘણાં કારણો છે. ૧લું—રજપૂતો શૂરવીર છે એટલુંજ નહિ પણ કેટલાક રાજાઓ મેં આગળ કહ્યું તેમ ગમે તે કાળે વીશ હજાર કરતાં પણ વધારે માણસ રણમાં લાવે છે. બીજું—જેઓ મોગલની નોકરીમાં ન હોય તેવા રાજાઓને બંધમાં રાખવાને માટે પણ જરૂરના છે કારણ કે તેઓ ખંડણી ન આપતાં હથિયાર લે અને મોગલ બોલાવે ત્યારે ન આવે તેવા છે—ત્રીજું. પાદશાહની એ રાજ્ય નીતિની પદ્ધતિ જ છે કે રાજાઓમાં ઇર્ષ્યા ઉત્પન્ન કરાવવી અને એકના કરતાં બીજાને વધારે માન મર્તબો આપી તેઓમાં માંહેમાંહ લડાઈ સળગાવીને પોતાનું કામ સાધી



લેવું. ચોથું—કોઈ ઉમરાવ, સૂબો કે પઠાણ તોફાન કરી ઉભો થાય તો તેમની સામે ધરવાને રજપૂતો હાજર હોય છે. પાંચમું—જ્યારે ગોવળકાંડાનો રાજા વિજાપુરના રાજાની ખંડણી અટકાવી સામો થાય છે અથવા બીજા રાજાને હરાવા ચઢે છે ત્યારે મોગલ પાદશાહ તેને પોતાને વશ કરવાને માટે તેમની જાતના ઉમરાવો કરતાં રજપૂત રાજાઓને તેમની સામા મોકલવાનું વધારે પસંદ કરે છે. છઠું—જ્યારે પાદશાહને ઇરાનીઓની સાથે લડાઇમાં ઉતરવું પડે છે ત્યારે રજપૂત રાજાઓ તેને અત્યંત કામના થઈ પડે છે. હમણાંજ મેં ટીકા કરી તેમ દરબારી ઉમરાવો એ જાતના હોવાથી પોતાના દેશના રાજાની સામે લડવાને પાછા પડે છે અને ખાસ કરીને તે એટલા માટે કે તેઓ તેને ઇમામ, કાલીફ અથવા અલ્લાનો વંશ જ માને છે અને તેની સામે હથીયાર પકડવાં એ એક મોટું પાપ અને ગુન્હો માને છે.

રજપૂતોનું સૈન્ય રાખવાનાં મેં જે ઊપર કારણો બતાવ્યાં તેના જેવાં જ કારણોથી પાદશાહને પઠાણનું લશ્કર રાખવાની જરૂર પડે છે.

ઊપર જણાવ્યું તે બધું પરદેશીય અથવા મોગલોનું બનેલું સૈન્ય જે રાજ્યસૈન્ય તરીકે ગણાય છે તેનું રાજાને મોટે ખરચે પાલન કરવું પડે છે. આ સૈન્યનો સવિસ્તર હેવાલ અત્રે અનુચિત તો નહિજ ગણાય.

ઘોડેસવાર અને પાયદળ લશ્કરના મુખ્ય બે ભાગ છે. એક ભાગ હમેશાં પાદશાહની પાસે રહે છે અને બીજો પ્રાન્તની છાવણીઓમાં રહે છે. જે ઘોડેસવાર લશ્કર પાદશાહની પાસે રહે છે તે ઉમરાવોનું હોય છે અને પ્રથમ હું તેના સંબંધે જ લખીશ, પછી મુનસફદાર અને રોજીંદદાર લશ્કર સંબંધી લખીશ, અને છેક છેલ્લે સામાન્ય ઘોડેસવાર અને પાયદળ વિષે બોલીશ. ત્યારે હવે પ્રથમ ઇન્ફન્ટ્રી અને પછી ભાલાવાળા અને છેવટ તોપખાનાના પગપાદા અને ઘોડેસ્વારો સંબંધી લખવા માંડુંછું.

મોગલ પાદશાહના દરબારના ઉમરાવો ફ્રાન્સના ઉમરાવોની માફક ઉમરાવજાદા હોય છે એમ તો ધારવુંજ નહિ. રાજ્યની તમામ જમીન પાદશાહની પોતાની હોવાથી અહીં જમીનદારો કે ઉમરાવ પદ જેવું કંઇ છે જ નહિ. જમીનદારીના પૈસા ઉપર જીવતું અને રાજ્યમાં ઉમરાવ પદ ધરાવતું કોઈપણ કુટુમ્બ આ દેશમાં છે જ નહિ. પાદશાહના દરબારી ઉમરાવો અમીરજાદા હોતા નથી, કારકે, ઊમરાવની માલ મિલકતનો ધણી

રણી પાદશાહ પોતે ગણાતો હોવાથી કોઈપણ કુટુમ્બ પોતાનું પદ વંશ
પરંપરા જાળવી શકતું નથી. ઉમરાવનું મરણ થતાં તેનો છોકરો અને
બહુ તો તેનો પુત્ર ભીખારીની હાલતમાં આવી પડે છે અને
તેને ભૂખના માર્યા બીજા કોઈ ઉમરાવને ત્યાં ચાકરીમાં રહેવું પડે છે.
પાદશાહ ઘણું કરીને ઉમરાવની વિધવાને વર્ષાસન બાંધી આપે છે, અને
જો કોઇ ઉમરાવ ઘણાં વર્ષ જીવે તો તે સારા ચહેરાવાળા અને ગોરા
મોગલમાં ખપે તેવા પોતાના છોકરાઓને વગસગથી દરબારમાં દાખલ ક-
રાવી દે છે. આ પ્રમાણે મોટા પદ પર જવું એ ઘણુંજ ધીરે ધીરે જવાય
છે, કારણ કે સારી વગ હોય તોપણ નાની નોકરી કરતાં કરતાં ક્રમ પ્ર-
માણે જ અમુક માણસ મોટા હોદ્દા પર જઈ શકે એવો નિયમ બંધાયલો
છે. ઊમરાવોનું મંડળ આ રીતને લીધે ઘણુંખરૂં પરદેશના સાહસિકોનું
અથવા ગુલામ અને ખોજાઓનું બનેલું હોય છે, જેઓ નીચ જાતના અને
વગર કેળવાયલા હોય છે. મોગલ પાદશાહ પોતાની ઇચ્છા પ્રમાણે તેમને
વધારે ઉચા હોદ્દા ઉપર ચડાવે છે અથવા ભીખ માગતા કરી નાંખે છે.

કેટલાક ઉમરાવોને હજારી એટલે એક હજાર ઘોડેસ્વારનો અધિપ,
કોઇને બે હજારી, કોઇને પાંચ હજારી, કોઇને સાત હજારી, કોઈને દશ
હજારી, અને કોઇને બાર હજારી એવા ઈલકાબ હોય છે. પરંતુ બાર હ-
જારી તો ઘણું કરીને પાદશાહનો શાહજાદો થાય છે. ઉમરાવોનો પગાર તે-
મનાં માણસના પ્રમાણમાં નહિ પરંતુ ઘોડાના પ્રમાણમાં હોય છે અને
એક માણસને સાધારણ રીતે બે ઘોડા સોંપવામાં આવે છે. હિંદુસ્તાન
જેવા ગરમ દેશમાં એક ઘોડાવાળો સિપાઇ લંગડો ગણાય છે, કારણ કે
એક ઘોડો માંદો સાજો કે મરી ગયો હોય તો તે શું કરી શકે? આ પરથી
એમ ન ધારતા કે બાર હજારી અને સાત હજારી ઇલકાબવાળા ઉમરાવો
તેટલા ઘોડા રાખે છે અથવા પાદશાહ તેમનું તે પ્રમાણે ખરચ આપે છે.
આ નામો તો ઘણે ભાગે મોટાઇ દેખાડવાનાં જ માત્ર છે. પાદશાહ દરેક
ઉમરાવે કેટલા ઘોડા રાખવા તે જણાવે છે અને તેટલાના પ્રમાણમાં તેને
પગાર મળે છે. ઉમરાવના પગારનો આધાર ઘોડાઓની સંખ્યા ઉપર આ-
ધાર રાખે છે. ઉમરાવો આ પ્રમાણે મળતા પગારમાંથી થોડા ઘોડા રા-
ખીને અથવા રાખેલાં માણસોને કરકસરથી પગાર આપીને નાણાં બચાવે
છે. આ પ્રમાણે નગદીમાંથી ઉગારો કરનારાઓના કરતાં જે ઊમરાવોને જા-



ગીર મળે છે, તેઓ વધારે માતબર થાય છે. મેં પંચ હજારી ઉમરાવને ત્યાં ચાકરી કરી હતી. તેને પાંચસેં ઘોડા રાખવાનો આંક બાંધી આપેલો હતો અને તેને મળતા પગારમાંથી સઘળો ખરચ બાદ કરતાં તેના પગાર તરીકે તેને ચોખ્ખા હજાર રૂપિઆ પડતા હતા; જો કે તે ઉમરાવ જાગીરદારી ઉમરાવ નહોતો, પરંતુ નગદી ઉમરાવ હતો. આ શિવાય બીજા કેટલાક બડા સાહેબ ઊમરાવો જોવામાં આવે છે, જેઓનું ખરચ તેમને દેવાના ખાડામાં બુડાડી દે છે, અને બીજા દેશના અમીર લોકની માફક તેઓ પાયમાલ થઇ જાય છે એટલુંજ નહિ, પરંતુ તેઓ ખરેખરી હાડમારીમાં આવી પડે છે. ખાણાનો અને દમામનો જ તેમને ખરચ રાખવો પડે છે એમ નહિ પણ વખતો વખત પાદશાહને નામ પ્રમાણે મોટી મોટી નજરો કરવી પડે છે, તેમાં એમનાં ઘર બેશી જાય છે. વળી તેઓ પોતાના અમીરાઈના મોભામાં ઘણીક સ્ત્રીઓ પરણે છે, તેના ચાકરોનાં ખરચમાં અને ઉંટ તથા ઘોડાની ઘોડારોમાં તમને પુષ્કળ દેવું થાય છે.

પાદશાહના દરબારમાં હાજર રહેનારા ઊમરાવો શિવાય બીજા ઉમરાવો પ્રાંતોમાં અને લશ્કરોમાં દેશાવર ખાતે હોય છે. તેમની સંખ્યા કેટલી છે તે હું નક્કી કહી શકતો નથી, તેમજ તે મુકરર પણ નથી. દરબારમાં પાદશાહની હજુરમાં હાજર થતા ઊમરાવોની સંખ્યા ૨૫થી ૩૦ની છે અને મેં ઉપર જણાવ્યું તે પ્રમાણે તેમની ઉપજ છે, તેમાં એક હજારીથી બારહજારી સુધીના ઉમરાવો આવી જાય છે.

આ ઉમરાવો મોટા રાજ્યના સ્થંભ ગણાય છે અને તેમને રાજ્ય નગરમાં અને દેશાવરમાં તથા લશ્કરમાં મોટા મોટા ઓદ્ધા અને અત્યંત માનવંતા ઇલકાબ મળે છે. કેટલાક ઊમરાવો ખાસ રાજ્યનગરમાં રહી હજુરમાં હાજર રહે છે. આ ઉમરાવો વારંવાર બડા ઠાઠથી નગરમાં નીકળે છે. કોઈવાર હાથી ઉપર કોઈવાર ઘોડા ઉપર અને ઘણીવાર પાલખીમાં બેશી બહાર જતા તેઓ નજરે પડે છે. જ્યારે તેઓ બહાર નીકળે છે ત્યારે કેટલાક ઘોડેસ્વારો તેમની આગળ પાછળ ચાલે છે, કેટલાક પગે ચાલતા ગુલામો તેમને પડખે રહે છે અને કેટલાક ચાકરો, કોઈ ઉમરાવનું પાણી, કોઈ પીચદાની, તથા કોઈ હુક્કો લઈ ચાલે છે અને એકાદ બે મોર પિંચ્છની ચમરીથી વારંવાર તેમના શેઠને માખો ઉરાડતા પાલખીની લગોલગ દોડતા જોવામાં આવે છે. આવા બડેજાવ ઠાઠથી ઊમરાવો રાજ્ય નગરની શો-

ભામાં અને મહત્તામાં મોટો વધારો કરે છે. કામે જતા હોય ત્યારે કેટલાક માણસો ચોપડા લઈ તેમની પુંઠે દોડે છે દરેક ઉમરાવને બે વખત પાદશાહની હજૂરમાં હાજરી આપી આવવાની ફરજ પાડેલી છે. સવારના દશ અગીયારને અમલે જ્યારે પાદશાહ ન્યાયાસન ઉપર બેસે છે તે વખતે અને સાંજના છ વાગે એવા બે દરબાર ભરાય છે. જે ઉમરાવ હાજર ન થાય તેને માટે શિક્ષા ઠરાવેલી છે. અનુક્રમે દરેક ઉમરાવને રાજ્ય મહેલમાં પોતાનો ચોકી પહોરો અઠવાડીઆમાં એક વાર ૨૪ કલાક સૂધી રાખવો પડે છે. ચોકી પહોરો રાખવાનો હોય ત્યારે સુવાનાં ગોદડાં, સાદડી વગેરે સઘળુ ઉમરાવને મોકલવું પડે છે. પાદશાહ તો માત્ર તેમને ખાણુંજ પુરૂ પાડે છે અને એ ખાણું વિધિ પુરઃસર ઉમરાવ રાજમહેલ તરફ સુખ રાખી સલામો કરીને લઈ જાય છે.

પાદશાહ જ્યારે હાથી ઉપર અંબાડીમાં બેશીને બહાર નીકળે છે ત્યારે વયથી, રોગથી, અથવા અમુક રાજકીય કામથી જેઓ રોકાયલા નહોય તેવા ઉમરાવોને ઘોડા ઉપર બેશીને તેની સાથે રહેવું પડે છે. ધૂળ બુકતાં અને તાપ સાંખતા તેઓ પાદશાહની સાથે સવારીમાં ચાલ્યા જાય છે. દરેક વખતે પાદશાહનું રક્ષણ કરવામાં આવે છે. શિકારે ચડલો હોય કિંવા એક ગામથી બીજે ગામ જતો હોય તોપણ દમામથી છત્ર ચામર અને બીજાં સુખ સાધનોથી તેને એશારામમાં રાખવો પડે છે. જ્યારે નગરની પાસે શિકાર કરવા જાય છે, ત્યારે પાદશાહ એવો મોટો રસાલો પોતાની સાથે રાખતો નથી, છતાં તે દિવસે જે ઉમરાવ ચોકી પર હોય તેને જ સાથે લઇ જાય છે.

માસિક પગારના ઘોડેસ્વાર તે મુનસફદ્દાર કહેવાય છે. તેમને ઉમરાવો જેટલો તો નહિ પરંતુ સારો પગાર મળે છે. તેઓ નાના ઉમરાવ જેવા લેખાય છે અને મોટા ઉમરાવોની પસંદગી તેમનામાંથી જ થાય છે. તેઓ રાજાને જ પોતાનો અધિકારી ઉપરી ગણે છે અને એમનું કામ ઉમરાવના જેવું જ છે. પહેલાં ઉમરાવોની માફક તેમના હાથતળે પણ ઘોડેસ્વારો રાખવામાં આવતા, પરંતુ હમણાં એ રીત નાબુદ કરેલી છે. હાલ તેઓ પોતાના કામ જોગ પાંચ છ ઘોડા રાખે છે અને તેમનો પગાર એંકસોથી સાતસો સુધીનો હોય છે. તેમની સંખ્યા નક્કી નથી, પરંતુ એટલું તો ખરૂં કે ઉમરાવોના કરતાં તેઓ ઘણા છે. દેશાવરમાં અને લશ્કરમાં



રહેતા મુનસફદ્દારો બાદ કરતાં દિલ્હીના દરબારમાં તેમની સંખ્યા બસેં ત્રણસેંથી ઓછી નથી.

રોજીંદારને નામે ઓળખાતા લોક પણ ઘોડેસ્વાર છે. તેમને તેમના નામના અર્થાનુસાર રોજનો રોજ પગાર મળે છે. મુનસફદ્દારના કરતાં પણ કેટલાકનો પગાર ઘણો વધારે હોય છે. તેઓ જુદી પાયરીના અને કંઇ માનવંતા માણસ ગણાતા નથી. મુનસફદ્દારોની માફક તેઓ પાદશાહના બંધાયલા નથી. મુનસફદ્દારોની માફક ઊંચી જાતનો સામાન તેમને લેવાની જરૂર પડતી નથી. તેમની સંખ્યા ઘણી મોટી છે. તેઓ કામદાર અને કારકુનનું કામ કરે છે. તેમને પોતાના પગારની ચોપડી રાખવી પડે છે પરંતુ તે દેખાડીને તેઓ લાંચ રૂશવત ખાઇ શકતા નથી.

ઉમરાવોના હાથ નીચે નોકરી કરનારા ઘોડેસ્વારોના બે ભેદ છે. પહેલા વર્ગના ઘોડેસ્વાર બે ઘોડા રાખે છે, જે ઉમરાવને પાળવા પડે છે. બીજા વર્ગનો સ્વાર એક ઘોડો રાખે છે. આ લોકોનો પગાર ઉમરાવની ઈચ્છા ઉપર આધાર રાખે છે, છતાં પાદશાહ તે ઉમરાવને પગાર આપતાં એક ઘોડેસ્વારનો પગાર પચીસ રૂપિઆ લેખે ગણી ઉમરાવને આપે છે.

પાયદળને ઘણો હલકો પગાર મળે છે, તેમાં પણ બંદુકવાળાઓ અનેક જાતના જોખમમાં જવા ઉપરાંત બહુજ થોડા પગારદાર જોવામાં આવે છે. તેમને દશ પંદર અને વીશ રૂપિઆ મળે છે. ઈંગ્લીશ, જર્મન, ડચ ફ્રેન્ચ અને પાર્ટુગીઝ કંપનીઓમાંના નાશી છુટેલા માણસો જેઓ પાદશાહને ત્યાં તોપખાનામાં નોકર રહેલા હોય છે તેમને સારો પગાર મળે છે; છતાં આજના કરતાં પહેલાં એટલે જ્યારે મોગલો તોપખાનાની બાબતમાં ઓછા માહિતગાર હતા ત્યારે તેમને ઉદાર હાથે પગાર આપવામાં આવતા હતા. હજી એવા જુના નોકરો છે જેમને મહિને બસેં રૂપિઆનો પગાર મળે છે. પરંતુ હાલ તો પાદશાહ મહા મહેનતે તેમને નોકરી આપે છે અને તે પણ બત્રીસ રૂપિઆમાં. આ રકમ તોપખાનાના યૂરોપિઅન નોકરોને માટે હાલમાં મુકરર થઈ ગઈ છે.

ભારે અને હળવું એવા તોપખાનાના બે વિભાગ છે. ભારે તોપખાનાના સંબંધે મને યાદ છે કે જ્યારે ઔરંગઝેબ પાદશાહ તેના મંદવાડમાંથી ઉઠયા પછી લાહોર અને હિંદુસ્તાનના નાના પણ અતિ રમણીય

સ્વર્ગભૂમિ રૂપ કાસ્મિરની મુલાકાતે ગયો ત્યારે તેની સાથે પીતળની ભારે તોપો લગભગ સીત્તેર હતી. આ ભારે તોપો ઉપરાંત બંદુકથી બમણી મોટી નાની તોપોની સંખ્યા તે વેળાએ આશરે બસેં ત્રણસેંની હતી અને તે સઘળી આપણી વહાણની તોપોની માફક ઉંટની પીઠપર લાદેલી હોય છે. આગળ ઉપર હું પાદશાહની મુસાફરીનું વર્ણન આપીશ ત્યારે મુસાફરીની દરમીઆન પાદશાહ કેવી રીતે પોતાના શિકારીબાજને જંગલી પંખીઓપર છોડી દેતો, કેવી રીતે ભુરા રંગના ગોધાઓનો શિકાર કરતો, પાળેલા ચિત્તાઓને છોડી મૂકીને કેવી રીતે હરિણનો શિકાર કરતો અને મોટા સિંહના શિકારમાં કેવી રીતે વારા ફરતી પાદશાહ પ્રતિ દિવસ શિકારની સેલગાહ મારતો હતો તે બરોબર વિગત વાર લખીશ.

લાહોર અને કાશ્મિરની મુસાફરીમાં સાથે રાખેલા ભારે તોપખાનામાં જે તોપો લેવામાં આવેલી હતી તે તોપો મારા મત પ્રમાણે પ્રવાસને અનુકૂળ હતી. આવી પીતળની ભારે તોપો ૫૦ થી ૬૦ ને આશરે હતી અને તે સઘળી નાના પ્રકારના સુંદર રંગથી રંગેલી ગાડીઓ ઉપર ગોઠવેલી હતી. જે ગાડીને આગલે તથા પાછલે ભાગે દારૂખાનાની પેટીઓ પણ રાખવામાં આવે છે. આ તોપની ગાડી સારા બે ઘોડાથી ખેંચાય છે અને ત્રીજો ઘોડો આગળ જોડવામાં આવે છે. દરેક ઘોડા ઉપર એક સ્વાર હોય છે. પાદશાહ શિકારની શોધમાં અને પાણી વાળી જગ્યાની પાસેના પ્રદેશમાં થઇને મુસાફરી કરવાની ખાયેસને લીધે વારંવાર મુખ્ય રસ્તો મૂકી આડફેટે રસ્તે મુસાફરી કરતો હતો, તેથી ભારે તોપખાનું તેની સાથે ચાલતું નહોતું. આ તોપોને નદીઓ ઉપર નાંખેલા હોડીઓના પુલ ઉપર થઇને લઈ જવી એ ઘણું કઠણ કામ હતુ, તેવે માર્ગે તે ચાલી શકતી નહિ. ઉંટ ઉપરની હળવી તોપો હમેશાં પાદશાહની નજદીકજ રાખવામાં આવે છે. પાદશાહ જ્યારે સવારમાં પોતાની મુસાફરી શરૂ કરે છે ત્યારે તે તોપો આગળ ઉપર જ્યાં પાદશાહ અને ઉમરાવોના તંબુ આગળથી ખેંચવામાં આવ્યા હોય છે તે ઠેકાણે પાધરી લઈ જવામાં આવે છે. તંબુને મોખરે તેમને ગોઠવવામાં આવે છે અને જ્યારે પાદશાહ સલામત ત્યાં પધારે છે ત્યારે તેમને સલામતી આપવાને તેના બાર થાય છે.

મહાલની છાવણીઓનાં લશ્કર પાદશાહની સાથેના લશ્કરની સંખ્યાથી વધારે હોય છે. એજ લશ્કરમાં જો ફેર હોય તો તે છે. દરેકે દરેક મહા-



લમાં ઉમરાવ, મુનસફદાર, રોજીંદાર, પાયદલ અને તોપખાનું રહે છે. ફક્ત દક્ષિણમાં ૨૫–૩૦ હજાર ઘોડેસ્વારનું લશ્કર રહે છે, કારણ કે વિજાપુર અને ગોવળકાંડાના રાજા કદાપિ એકઠા થઈ પાદશાઈ લશ્કરની સામે થાય તો તેમને પુરૂ પડે એટલું લશ્કર ત્યાં રાખવું જ જોઇએ. ઇરાની, ઔગાન અને બલુચી જાતના લોકની સામે સરહદના રક્ષણ માટે કાબુલના રાજ્યમાં પાદશાહનું થોડામાં થોડુ બાર અથવા પંદર હજાર માણસનું લશ્કર રહે છે. ચાર પાંચ હજાર માણસનું સૈન્ય કાશ્મિરમાં રહે છે. વારંવારની લડાઈના સ્થાન રૂપ થઈ પડેલા બંગાળ દેશમાં સઉથી વધારે લશ્કર રહે છે. એવો તો એકે મહાલ નથી કે જ્યાં લશ્કર રાખ્યા વગર ચાલે. દરેક ઠેકાણે દેશકાળના ઉપર વિચાર કરીને થોડુ કે ઘણું લશ્કર રાખવું જ પડે છે. આ પ્રમાણે જોતાં હિંદુસ્તાનનું લશ્કર બે સુમાર છે.

આ આડીતેડી પાયદળ વગેરેની ગણતરી જવા દઇને હું માત્ર મારા અને બીજા પ્રવીણોના મત સાથે મળીને માત્ર ઘોડેસ્વાર લશ્કરની આશરે સંખ્યા આપું તો તે, પણ ઘણી મોટી છે, એટલે કે દેશી રાજા અને પઠાણ લોકોના સૈન્ય સાથે પાદશાહની તહેનાતમાં હમેશાં ૩૫ થી ૪૦ ચાલીસ હજાર ઘોડેસ્વાર લશ્કર રહે છે, તે અને જુદા જુદા મહાલોમાં રહેલા લશ્કરના ઘોડેસ્વારો મળીને હિંદુસ્તાનના મહાન મોગલ ઔરંગઝેબ પાદશાહનું ઘોડેસ્વાર લશ્કર જ માત્ર બે લાખ ઘોડાઓનું અથવા એથી પણ સહેજ વધારે છે.

મેં કહ્યું કે પાયદળ ઘણું છે તેપરથી એમ ન ધારવું કે પાદશાહની સાથે રહેતા લશ્કરમાં તે ઘણું છે, તેમાં તો પગવાળા, બંદુકોવાળા અને હલકી તોપોની પાછળ રહેલા માણસો શુદ્ધાં પંદરહજાર માણસની સંખ્યા છે. આ ઉપરથી મહાલમાં કેટલું પાયદળ હશે તેનો આશરો કહાડી શકાશે. બીજા લોકો લશ્કરમાં મજુરો, ગાડાંવાળા, વેપારીઓ અને પાણીવાળાને સામેલ રાખી લશ્કરની સંખ્યાનો આંકડો ન મનાય તેવો વધારે છે, હું એમ કહેવા માગતો નથી પરંતુ ખરે ખરૂં તો નહિ પણ આશરે લડાયક પાયદળ કેટલું છે તે આપવા માગું છું. આવા માણસો બાદ કરતાં રાજાની સાથેનું અને બીજા મહાલનું એકંદર પાયદળ ગણીએ તો તે પણ ત્રણ લાખ માણસથી ઓછું નજ થાય. સૈન્યની સાથે રાખવામાં

આવતા તંબુઓ, વેપારીઓ, ભીસ્તીઓ અને સ્ત્રિયોની સંખ્યા જો મનપર લઈશું તો આ સંખ્યા ગપ જેવી લાગશે. આવા મોટા સૈન્યને લઇ જવા લાવવાને માટે વળી પાદશાહને ઘણાક હાથીઓ, ઉંટો, બળદો, ઘોડાઓ અને મજુરો રાખવા પડે છે. આ ઠેકાણે આપ નામદારે યાદ રાખવાનું છે કે, હિંદુસ્તાનના રાજ્યની રીત પ્રમાણે પાદશાહ જ આખા રાજ્યની જમીનનો માલીક ગણાય છે અને આગ્રા અથવા દિલ્હી જેવાં મોટાં રાજ્યનગરો આવાં મોટાં સૈન્યથી જ વસ્તીવાળાં ગણાય છે, કારણ કે રાજ્યનગરમાં રહેતા લોકને પણ પાદશાહ જ્યારે લાંબી મુશાફરીએ નીકળે છે ત્યારે તેને અનુસરવું પડે છે. આ રાજ્યનગરો પારિસ જેવાં વસ્તીવાળાં નગર સાથે સરખાવતાં છાવણીથી કંઇક વધારે સગવડ વાળાં ઘરોને લીધે એક મોટી છાવણી સાથે સરખાવીએ તો વધારે યોગ્ય છે.

દરેક બે મહિને અત્રેના સૈનિકોને પગાર આપવો પડે છે. ઉમરાવોને દરબારમાંથી પગાર મળે છે અને તેઓ પોતાના માણસોને પગાર આપે છે. પાદશાહના તરફથી જે દરમાયો મળે એજ માત્ર તેમની આજીવિકા છે· ફ્રાંસમાં જ્યારે વખત પડે રાજ્ય પોતાનું દેવું તરતજ અદા કરવાને અશકિતવાન્ થાય છે તે વખતે અમલદાર અને સૈનિક પોતાની ખાનગી ઉપજમાંથી ત પુરૂ કરી શકે છે પરંતુ હિંદુસ્તાનમાં તો જો પગારની વિલંબ થાય તો મહાભયંકર પરિણામ આવે છે. સૈનિકો તેમની પાસેનો જુજ સામાન વેચી ખઇને પણ છેવટ ભૂખે મરી જાય છે. શાહજાદાઓની છેલ્લી લડાઈના અંતમાં મને અનુભવ થયેલો છે કે નાંણાંને માટે સૈનિકોએ પોતાના ઘોડા વેચી ખાવા માંડ્યા હતા અને જો વધારે વખત સૂધી એ લડાઇ ચાલી હોત તો ઘણું લશ્કર એ પ્રમાણે કરત. આમ થવાનું કારણ પણ આપ નામદાર જો અત્રેના સૈનિકોને પાળવાં પડતાં સ્ત્રી, છોકરાં અને ચાકર નફર ઉપર વિચાર કરશો તો આશ્ચર્ય નહિ લાગે. મોગલ પાદશાહના સૈન્યમાં એકે માણસ એવો નથી કે જે પરણેલો ના હોય અને જેને સ્ત્રીઓ અને ગુલામો ન હોય. આ પ્રમાણે એક નહિ પણ લાખો માણસો પાદશાહી પગારના ઉપર આધાર રાખે છે. આવા મોટા ખરચને કંઇ વસૂલાત પુરૂ પડી શકે ? પરંતુ હિંદુસ્તાનના શાહોની સમૃદ્ધિને યાદ કરીએ તો આવું ખરચ ચલાવવું એ તેમને ભારે પડે એમ નથી, હિંદુસ્તાન જે રીતે શાસિત થાય છે તે રીત જ એવી વિચિત્ર છે.



મહાન મોગલ પાદશાહનું બધુ ખરચ તો હજી મેં ગણાવ્યું નથી. આવા મોટા લશ્કર ઉપરાંત પાદશાહ દિલ્લી અને આગ્રામાં બેથી ત્રણ હજાર સારા પાણીદાર ઘોડા, જરૂરના વખતને માટે રાખે છે. વળી એવાજ પ્રસંગને માટે આઠસેં અથવા નવસેં હાથી, ઘણાક ભારદારી ઘોડા, ટટુ અને મજુરો તેના મોટામોટા તંબુઓ, ખાણાં, બીજો સરસામાન અને બેગમોના રસાલા માટે તથા ગંગાના પાણી માટે અને બીજા જરૂરીઆત સામાનને માટે માણસો રાખવામાં આવે છે એ તો જુદુ. આવી મોટા દમામની વસ્તુઓ પાદશાહની સાથે હર હમેશ રહે છે, જેની ફ્રાંસના રાજાને જરા પણ જરૂર પડતી નથી

આ ઉપરાત વળી જો તમારી ઇચ્છા હોય તો જનાનખાનું બેસુમાર ખરચ ગણીએ. જ્યાં બેગમો સુનેરી લપેટાનાં વસ્ત્ર જ માત્ર વાપરે છે, કિનખાબ, ઊંચી જાતનાં રેશમી કપડાં, નાના પ્રકારનાં ભરત કામ, મોતી કસ્તુરી, અંબર અને નાના જાતનાં ઉમદા અત્તર તો તેઓ પુષ્કળ વાપરે છે. આ ખરચ ઉમેરતાં તેની સંખ્યા કેટલી થાય તે તો ધારણામાં પણ આવી શકતું નથી.

આ પ્રમાણે વિચાર કરતાં મોગલ પાદશાહને ગમે તેટલી મોટી મહે-
સૂલ મળતી હશે તોપણ તેના પ્રમાણમાં ખરચ છે એટલે જેમ બીજા લો-
ક ધારે છે તેમ ખજાનામાં રોકડ પુરાંત વધારે વધતી હોય એમ મારૂં
ધારવું નથી. હું કબૂલ કરૂંછું કે ઇજીપ્ત અને ઇરાનની એકત્ર થયેલી ઉપજ
કરતાં પણ મોગલની મહેસૂલ વધારે છે, પરંતુ જો મોગલને ધન-
વાન્ રાજા તરીકે ગણવો હોય તો હું તો તને એમજ કહું કે હા ધનવાન્
ખરો, પરંતુ એક હાથે જેવો ધનવાન્ તેવો જ બીજે હાથે ખરચાળ છે.
હું તે જ રાજાને ખરો ધનવાન ગણુછું કે જે પોતાની રયતને પીડ્યા
વગર ઉપજતી ઉપજમાંથી પોતાના દમામવાળા દરબારનું, મોટાં મોટાં
મકાન બાંધવાનું, અને સરહદ ઉપર મોટાં સૈન્ય રાખવાનું ખરચ કાઢતાં
પણ કોઈ ભવિષ્યમાં આવી પડનાર આપત્તિને માટે પોતાની તીજોરીને
તર રાખે. અલબત્ત તીજોરીને તર રાખવાને માટે કેટલાંક વર્ષ ચાલુ આવી
રીત રાખવી પડે. અલબત હિંદુસ્તાનના પાદશાહો પાસે આવાં સાધન
અને ધન છે, પરંતુ ધારવા જેટલાં હોય તેને માટે મને શક રહે છે. મો-

ગલ પાદશાહના મોટા ખરચ સંબંધે મેં જે કહ્યું તે ઉપરથી તમે આશ્ચર્ય પામશો, છતાં એક બે બાબત જે મારા અનુભવમાં આવેલી છે તે જ્યારે હું જણાવીશ ત્યારે આપ નામદારને પક્કી ખાતરી થશે કે મોગલની સમૃદ્ધિની વાતો ટકા ચડાવીને કરેલી હોય તેવી નથી.

પહેલું—ગાદીને માટે થયેલી લડાઇનું સમાધાન થયા પછી દેશમાં સર્વત્ર શાંતિ હતી. બંગાળ જ માત્ર સુલતાન સુઝાના હાથમાં હતું, લશ્કરના પગાર ટુંકા હતા, લડાઈ માત્ર પાંચજ વર્ષ ચાલી હતી અને શાહજહાનનો ખજાનો પણ ઔરંગઝેબના હાથમાં આવ્યો હતો, તેમ છતાં પણ સિપાઇઓનો ચડેલો પગાર પતાવતાં ઔરંગઝેબને સાંસા પડ્યા હતા.

બીજું—શાહજહાન જે એક કરકસરીઓ પાદશાહ હતો અને એકે મોટી લડાઈ લડ્યા વગર જેણે લાગલાગટ ચાલીસ વર્ષ સુધી રાજ્યગાદી ભોગવી હતી તે પણ છ કરોડ કરતાં વધારે રૂપિઆ એકઠા કરવા શકિતમાન થયો નહોતો. પરંતુ આ રકમમાં હું સોના રૂપાના દાગીના અને સરસામાન, નાના પ્રકારની ચીજો ગણાતો નથી પુષ્કળ મોતીના છડા, અને મોટી નાની કિમ્મતનાં જુદી જુદી જાતનાં રત્નોને ગણુતો નથી. આ બધું જવેરાત અને સામાન તો જુદોજ. આટલી સમૃદ્ધિ મોગલ સિવાય બીજા કોઈ શહેનશાહની પાસે હોય તેને માટે તો મને શક જ છે. મોગલ પાદશાહનું રાજ્યાસન જે હીરાએ મઢેલું અને મોતીની ઝાલરોથી શણગારેલું છે તેજ એકલું જો હું ભૂલતો ન હોઉં તો ત્રણ કરોડ રૂપિઆનું છે. જે જવાહીર એકઠું થયેલું છે તે કંઈ આજ કાલનું નથી તેતો ઘણા રાજાઓએ ઘણાં વર્ષે પ્રાપ્ત કરેલું મોગલને હાથ આવેલું છે અને બીજા દાગીના તથા કિમતી વસ્તુઓ જુદે જુદે ઠેકાણેથી તેને ભેટ મેળવેલી છે, ઉપરાંત અમુક વખતે ઉમરાવો તેને નજરાણાં આપે તેમાંથી એકઠી થયેલી છે. આ બધાનો સ્વામિ પાદશાહ છે એમાં શક નથી, પરંતુ આપત્તિનો વખત આવી પડતાં તે કામ લાગતું નથી અને પાદશાહ તો બીજી રીતે એક નાની રકમ પણ ઉભી કરી શકતો નથી.

મેં પૂર્વે કહ્યું છે તેમ આદેશ સોનારૂપાની ખાણ જેવો છે છતાં બીજા દેશોના જેટલું પણ સોનુ રૂપુ અહીયાં જણાતું નથી, તેનું કારણ હું આ વિષય પુરો કરતા પહેલાં સ્પષ્ટ કરવા ધારૂં છું. એમ થવાનું કારણ એ છે કે દુનિયાંના બીજા દેશોના લોકો જેવા ધનવાન્ દેખાય છે તેમ અત્રેના



લોકો ધનવાન્ છતાં પોતાને ધનવાન દેખાડતા નથી, અને મિલકત દાટી રાખે છે.

પ્રથમ તો હિંદુસ્તાનમાં ઘણું ખરૂ સોનુ રૂપુ સ્ત્રીઓનાં હાથનાં, પગનાં, કાનનાં અને બીજાં ઘરેણાંમાં જાય છે, તથા જુદી જુદી જાતનાં ઘરેણાં ઘડાવતાં તેનો ધીરે ધીરે નાશ થાય છે. વિંટીઓ, વાળીઓ, કંદોરા, કડાં, સાંકળાં વગેરે ઘરેણાં એ બેઉ ધાતુનાં થાય છે. વળી બીજુ વધારે સોનુરૂપુ, નાના પ્રકારનાં લપેટાનાં કસબી કપડાંમાં, તોરાઓમાં, પામરીઓમાં, કીનખાબમાં, જરીની સાડીઓમાં, સોનારૂપાની સાડીઓની લેસોમાં, પાઘડીના તારમાં, ફુમતાંમાં, અને વણાટ કામમાં તથા જરીનાં ભરત કામમાં ખપી જાય છે. હિંદુસ્તાનમાં બનતી આવી વસ્તુઓ અસંખ્ય છે. એક સામાન્ય સિપાઇથી માંડીને તે મોટા ઉમરાવ અને પાદશાહો સુધી સર્વે સોનારૂપાનાં કિમતી ઘરેણાં પહેરે છે અને પોતાનાં છોકરાં બૈરાંને પહેરાવે છે. ભૂખે મરે તે હા, પણ ઘરેણાં પહેર્યા વગર રહે નહિ. વારંવાર તેવા લોક ભૂખે મર્યાના દાખલા બને છે.

બીજુ એ કે, પાદશાહ સઘળી જમીનનો ધણી છતાં ઉમરાવ વગેરેને પગારને ઠેકાણે તે જાગીર આપી દે છે. સુબાઓને પણ તેમના પોતાના પગાર પેટે તથા તેમના સૈન્યના પોષણ પેટે જીલ્લાઓ આપવામાં આવે છે, તેમાં માત્ર એટલીજ બોલી કે તેણે પાદશાહને વર્ષ દહાડે અમુક રકમ ભરવી. બાકી રહી તે જમીન રાજા પોતાના ખરચમાં રાખે છે અને મોટા મોટા માણસોને વર્ષ દહાડે તેઓ દરબારને અમુક રકમ આપે એવી શરતે તે ઇજારદારોને આપી દે છે. જેઓ વર્ષ દિવસે સલામી અથવા જમીનના મહેસુલ તરીકે અમુક રકમ પાદશાહી તીજોરીમાં ભરે છે.

તેસીલદાર, સુબા, અથવા ઈજારદાર જેના તાબામાં જમીન આવે છે તેઓ ખેડુતો ઉપર તેમજ ગામડાનાં વસવાયાં અને વેપારીઓ ઉપર અધિકાર ભોગવે છે અને તેઓ ખેડુત, વસવાયાં, કારીગર લોક અને વેપારીઓ ઉપર અનહદ જુલમ ગુજારે છે. ખેડુતો, કારીગરો અને વેપારીઓને પોતાના ઉપર ગુજરતા અન્યાયને માટે ફરીઆદ કરવાને કોઇ છે જ નહિ. ફ્રાન્સની માફક હિંદુસ્તાનમાં કોઈ મોટો ઉમરાવ, પાર્લામેન્ટ કે સ્થાનિક ન્યાયાધિકારી નથી, એટલે એ નિર્દય જુલમગારોને કોણ અંકુશમાં રાખે. કેટલેક ઠેકાણે કાજી—ન્યાયાધિકારી હોય છે, પરંતુ દુર્ભાગ્ય લોકને થયેલું

નુકશાન ભરી અપાવવા જેટલી કે તેનો યથાર્થ ન્યાય કરવાની તેમને સત્તા હોતી નથી. દિલ્હી અને આગ્રા જેવાં મુખ્ય નગરો, મોટાં શહેર અને બંદરોમાં તથા તેની આસપાસનાં ગામડાંમાં આવો અત્યંત જુલમ થતો નથી, કારણ કે તેવે સ્થલે અન્યાયનો આડો આંક વળે તો તે પાદશાહ અથવા મોટા અધિકારીઓથી છુપો રહેતો નથી. દૂરનાં ગામડાંના લોકને સુબાઓ અને તેહેસિલદારો કચરી નાંખે છે અને તેમની વાર કે ફરિયાદ કોઈ સાંભળતું નથી.

આવી જુલમ ભરેલી રીતે લોક ગુલામગીરી જેવી સ્થિતિમાં આવી પડે છે, એટલે વેપાર પણ વધતો નથી. તેમ લોકની રીતભાત પણ સુધરતી નથી. લોકને વેપારમાં ઉત્તેજન આપવાનું તો રહ્યું, પણ કદાપિ કોઈ સાહસિક નર વેપારમાં પડે અને સારૂ ફળ મેળવે તો જુલમગારો તેને સુખથી ભોગવવા દેતા નથી અને તે માણસને તેની મહેનતનું ફળ જોર જુલમથી ખાઈ જઈ ઉલટો વધારે પીડે છે. કોઈ માણસ જાત મહેનતથી ધન પ્રાપ્ત કરે તોપણ તેનાથી સુખચેનમાં પોતાની કમાઇનો ઉપભોગ થતો નથી; તેનાથી સ્વતંત્રપણે વર્તાતું નથી એટલું જ નહિ, પણ તે બિચારો પોતાના દૈન્યના પોશાકને, ઘરબારને અને સામાનને પણ ફેરવી શકતો નથી. પોતાની લક્ષ્મી માટે નિરંતર ભયમાં રહેવું પડે છે. આથી લોક સોના રૂપાને ઉંડે જમીનમાં દાટી રાખે છે. ખેડુતો, કારીગરો, અને વેપારીઓમાં ધનને દાટી દેવાની રીત પરંપરાથી ચાલી આવે છે. કારીગર અથવા વેપારી પછી તે મુસલમાન કિંવા હિંદુ હોય તો તેને પણ એજ રીતે રહેવું પડે છે, પરંતુ આ રીત મુસલમાનોના કરતાં હિંદુઓમાં વધારે છે, અને તેઓ ગૃહસ્થ પણ છે. લોકો એમ માને છે કે જે પૈસો દાટી રાખ્યો હશે, તે કોઈવાર સારા કામમાં આવશે. જેમને દરબારી પગાર મળે છે, જેઓ ઉમરાવના નોકર હોય છે અને જેને માથે બળવાન્ ઉપરીની સહાય હોય છે તેજ માણસો કંઈક પોતાની લક્ષ્મીનો સુખચેનથી ઉપયોગ કરી શકે છે. મારા મત પ્રમાણે તો આ રીતે લક્ષ્મી દાટી રાખવાથી બીજા દેશોની માફક તે બહાર દેખાઈ આવતી નથી. લોકો આશા ભંગ જેવા ચિથરે હાલ ફરે છે. ધનને દાટી મૂકવું એજ હિંદનું હતભાગ્ય છે.

ઉપર જે હેવાલ આપ્યો છે તેથી એવો સવાલ ઉત્પન્ન થવો સ્વાભાવિકજ છે કે, જો આપણે અહીં છે તેમ હિંદુસ્તાનમાં પણ રાજા સઘળી



જમીનનું ધણીઆપુ છોડી દે, તો તે રાજા, પ્રજા ઉભયને લાભદાયક થાય કે નહિ? મેં યુરોપનાં રાજ્યોની સાથે આ બાબતને સરખાવી જોઇએ છે, અને તેથી એવા વિચાર ઉપર આવ્યો છું કે જો જમીન લોકમાં વહેંચાયલી હોય તો તેથી બેઉને લાભ થાય, તેમાં પણ રાજાને વધારે લાભ થાય એમાં શંકા નથી. તહેસીલદાર, સુબેદાર અને ઈજારદારોના જુલમને પરિણામે હિંદુસ્તાનમાં સોનુ રૂપું કેવું ખૂણે પડ્યું રહે છે તે તો આપણે આઆગળ વાંચી ગયા. એ લોકનો જુલમ તો રાજા પોતાના રાજ્ય નગરની પાસેથી પણ એટલો બધો ઓછો કરી શકતો નથી, તો પછી દૂરના દેશમાંથી અને ગાંમડાંમાંથી કેમ ઓછો થાય? એ જુલમથી લોકો, કારીગરો અને વેપારીઓ કંઈ સુખ ભોગવતાં ચિથરે હાલ હાલતમાં રહે છે એટલું જ નહિ, પણ તેમનાં છોકરાં બાળવયમાં જ ભૂખે ટાંટિયા ઘશીને મરી જાય છે. આ જુલમગારો કંઈ પણ વાંક પડતાં ખેડૂતની જમીન દંડમાં તાણી લે છે અને તેમને એવા જુલમમાંથી છુટવાને કોઈ પાસેના દેશી રાજ્યમાં નાશી જવું પડે છે. દેશી રાજ્યમાં એટલો બધો જુલમ થતો નથી, તેથી ખેડુતો ત્યાં જાય છે અથવા તો પાદશાહના સૈન્યમાં કોઈ સાધારણ સિપાઇને ત્યાં હળવી મહેનત મજુરીની નોકરી ઉપર જઈ રહે છે. આ પ્રમાણે જુલમ ગુજરતો હોવાથી ખેડુતો ન ચાલે જમીન વાવવાને લે છે. એટલે તેઓ પાણીની નીકો વગરે કશું સુધારતા નથી અને વધારે ખુલ્લા બોલોમાં કહીએ તો આ રીતે રફેદફે થઈ ગયેલા ખેડુત લોકથી હિંદુસ્તાનની જમીન બરોબર ખેડાતી નથી તથા ઘણે ભાગે પડતર રહે છે. વળી લોકો પોતાનાં ઘરબાર પણ સમરાવતા નથી તો પછી નવાં તો બાંધે જ ક્યાંથી? ખેડુતોના મનમાં હમેશાં એવોજ વિચાર રહે છે કે 'જુલમગારોને માટે આપણે શું કરવાને મહેનત કરવી. આપણે જાત ભાગીને જે કંઈ મેળવ્યું હોય તે ગમે ત્યારે આવીને જુલમ કરી ખેંચી જાય અને આપણને દુઃખદ હાલતમાં મૂકે? કોણ જાણે કે ક્યારે આવી તે શું કરેશે?' ખેડુતોના મનમાં જ્યારે આમ આવે છે ત્યારે પેલા જુલમગાર તહેસીલદારો, સુબેદારો અથવા ઈજારદારો એમ ધારે છે કે, 'જમીનની જ્યારે કોઇને દરકાર નથી ત્યારે આપણે પણ શું કરવાને માટે માથુ પકવીએ? અને જમીનને રસાળ તથા ફળદ્રુપ બનાવવાને માટે આપણે શું કામ આપણો પૈસો અને કાળ ગુમાવીએ. એક ક્ષણમાં પાદશાહ તે આ-

પણી પાસેથી લઈ લે અને આપણી મહેનત ન તો આપણને અને ન તો
આપણાં છોકરાંને કોઇને પણ મળે. આપણે તો આપણાથી બને તેટલા
પૈસા જમીનમાંથી ખેંચી લેવા, પછી ગમે તો ખેડુત જીવો કે મરો, તેની
આપણે શી ચિંતા ! આપણે તો જ્યારે હુકમ થાય ત્યારે પાધર વગડો થઈ
ગયેલી જમીન છોડી ચાલ્યા જવું."

એશિયાખંડનાં મોટાં મોટાં રાજ્યો સપાટા બંધ નાશ પામે છે તેનું
કારણ જાણવાને માટે મેં ઉપર કહી તે બાબતો મારા ધારવા પ્રમાણે બસ
છે. રાજ્ય વ્યવહાર ચલાવવાની આ જુલમી રીતને લીધે જ હિંદુસ્તાનનાં
ઘણાંક શહેરો કાદવ ચકરાનાં ઘરની બાંધણીનાં અને હળવા સામાનવાળાં
છે. હિંદુસ્તાનમાં એવું તો એકે શહેર નથી કે જે ઉજડ થઈ ગયેલું
ન હોય. શહેર માત્ર પાસે આવતી પડતીનાં ચિન્હ દેખાડે છે. હિંદુસ્તાન
જેવા દૂરના રાજ્ય ઉપર આપણા વિચાર ચલાવાવની શી જરૂર છે? આ-
પણે ત્યાં એવા દાખલા ક્યાં લેવા જવા પડે એમ છે ? એસોપોટેમિઆ,
અન્ટોલીઆ, પાલેસ્ટાઈન વગેરે મોટાં અને સારાં રાજ્યો કે જેની જમીન પૂર્વે
બરોબર એડાતી અને ફળદ્રુપ હતી ત્યાં હાલ જુલમગાર રાજાઓના રા-
જ્યથી કેવી પડતી થઈ રહી છે. તે બધાં કેવાં પાયમાલ થઈ મનુષ્યને
રહેવાની યોગ્યતામાંથી પણ નિર્માલ્ય અને ઉજડ થઈ ગયાં છે. ઇજીપ્ત પણ
દાસત્વમાં ડુબી ગયેલા દેશનું એક અચ્છુ ચિત્ર આપે છે. આજ એંશી વ-
ર્ષમાં નહેરો અને સમારકામ વગર નાઇલના પાણીને તેના ચાલુ વહોમાં
વહેતું રાખવાની બેદરકારીને લીધે તેનો એક અડમાંશ ઉપરાંત ભાગ હાલ
નકામો અને ઉજડ થઈ પડયો છે. નીચાણની ફળદ્રુપ જમીન નાઇલના પુ-
રોમાં દડથી પુરાઈ ગઇ છે, જે દડ કંઈ થોડા પૈસા અને થોડી મદતમાં
અને થોડી મહેનતમાં દૂર કરી શકાય તેમ નથી. સારા અને ન્યાયી રા
જમાં કારીગરી અને ધંધા જેમ વધે છે તેમ આ ઉજડ દેશમાં વધે નહિ
એમાં શું આશ્ચર્ય છે? આપણા સુખ અને આબાદ ફ્રાંસમાં ધંધો રોજગાર
જેમ વિકાશ પામતો જાય છે તેમ આવા દેશમાં કેમ વધે ? કદી નહિ. જ્યાં
લોકો અત્યંત ગરીબ અને ગૃહસ્થ છે તે પણ ગરીબ દેખાવાને માટે યત્ન કરે
છે તેવા રાજ્યમાં કારીગર લોકો પણ શી આશાએ પોતાના ધંધા ઉપર
ધ્યાન લગાડે? અત્રેના પોતાની ભૂખ દેખાડનારા લોકમાં કિંમતી અને ઉચો
માલ ક્યાંથી ખપે, કે કારીગરો તે કરવાને માટે લલચાય. જુલમગાર લોક



એવી વસ્તુ લઈ શકે, પરંતુ તેઓ તો પોતાના અધિકાર જોરથી તેવી વ-
સ્તુના ગરીબ બીચારા કારીગરને અરધા દામ પણ પૂરાં પાંસરા નથી આ-
વતા. ઉમરાવો તેમને જોઇતી વસ્તુ જો કોઈ ખેડુત કે કારીગર ન આપે
તો ઉલટો તેને કોરડાનો માર મારે છે. દરેક ઉમરાવના ઘર આગળ એવો
કોરડો ભરવેલો હોય છે. જ્યાં કારીગરને કંઈ ઉત્તેજન નથી અને તેનાથી
જમીન ખરીદી સુખે રહેવાતું નથી, તથા જ્યાં તેની કારીગરીની પીછાણ
તરીકે તેને કંઈ મળનાર નથી, જ્યાં પૈસાને છૂપાવવાને માટે મેલા ઘેલા
વેશમાં રહેવું પડે છે ત્યાં માણસને નવી શોધ કરવાની કે પોતાની કારી-
ગીરીમાં સુધારો કરીને તેને ખીલવવાની ક્યાંથી ઇચ્છા થાય ? ઘણો કાળ
થયાં હિંદુસ્તાનની કારીગીરીએ પોતાની ખુબી અને સુન્દરતા ખોઈ છે. રાજા
અને ઉમરાવો તેઓને પોતાની પાસે રાખી ઉત્તેજન આપતા નથી, પણ
તેઓ શીખે તો તેમને મુફ્ત કામે લગાડે છે અને જો કામ ન કરે તો
બરડા ઉપર કોરડાનો માર પડે છે. પોતાના દેશની કારીગીરીને નાશ થતી
બચાવવા માટે કેટલાક વેપારીઓ કામગરા માણસોને વધારે પૈસા આપી
પોષણ કરે છે, પરંતુ તેવું ઘણું થોડું બને છે. આ ઉપરથી એમ ન ધારવું
કે કારીગર લોકની તેથી તુલના થાય છે, કિંવા તેમને સ્વાતંત્ર્ય મળે છે.
તેવા લોક કારીગરોને ચાલે ન ચાલે રાખે છે અને કારીગર લોક તેથી પૈ-
સાદાર થવા પામતા નથી. કારીગરો પણ બીચારા પોતાને અને કુટુમ્બને
સુકો પાકો સુખનો રોટલો અને જાડાં પાંતળાં કપડાં શરીર ઢાંકવાને મળે
એટલે સંતોષ પામી બેશી રહે છે. કારીગીરીવાળી વસ્તુમાંથી સારો પૈસો
ઉપજતો નથી તેમ છતાં ઉપજે તો તે કારીગરને મળતો નથી, પણ વે-
પારી લઈ લે છે અને વેપારીને પણ તે ક્યારે સુખ આપે છે, કારણ કે
વેપારી વળી તેના ઉપરીની તરાપથી હમેશાં બિહીતો ફરે છે, એટલે કોઈ,
થી પોતાની કમાઇનો સુખે ઉપભોગ થતો નથી.

સાર્વત્રિક અંધતા–અજ્ઞાનનું કારણ લોકની સ્થિતિ જ છે કે જેને
યથાર્થ વર્ણવવાને માટે મેં પ્રયત્ન કર્યો છે. શું હિંદુસ્તાનમાં પાઠશાળાઓ
અને વિદ્યાવર્ધક ખાતાં સ્થાપી શકાય તેમ છે ? આવાં ખાતાના સ્થાપકને
ક્યાંથી શોધી લાવવા અને ભાગ જોગે કદાપિ તેઓ મળે તો વિદ્યાર્થીઓ
ક્યાંથી લાવવા ? પાઠશાળામાં પોતાના છોકરાને રાખીને ભણાવી શકે
એવો શક્તિમાન માણસ ક્યાં છે ? અને ધારો કે કદાપિ તેવા ગૃહસ્થ

માણસો છે, તોપણ ધનવાન્ છે એમ ખુલ્લુ બતાવી આપવાને માટે કોણ ઉભો થાય તેમ છે? છેવટ આપણે કદાપિ એમ ધારીએ કે આવી અડચણો છતાં પણ વિદ્યાવર્ધકખાતાં અને પાઠશાળાઓ સ્થાપી શકાય તથા વિદ્યાર્થીઓ પણ મળી આવે. પરંતું નવા માણસોને ઉત્તેજન આપે એવાં ન્યાય તથા જુદા જુદા શાસ્ત્રનાં ખાતાં ક્યાં છે, કે જેને માટે વિદ્યા ભણનારને સારી આશા રાખવાનું અને ઉત્તેજન લેવાનું કારણ હોય? રાજ્યમાં એવાં ખાતાં છે જ નહિ કે જ્યાં આ પ્રમાણે ભણેલાઓનું પોષણ થાય.

આપણે યુરોપમાં જોઇએ છીએ તે પ્રમાણે વેપાર પણ આ રીતે જ્યાં રાજ્ય વહીવટ ચાલતો હોય ત્યાં કેવી રીતે ચાલે અને જય મેળવે? બીજા માણસના લાભને માટે આટલા બધા જોખમમાં જઇ વેપાર કરીને લક્ષ્મી મેળવે એવા માણસો થોડા હોય છે; કારણ કે તેવા વેપારીનો લાભ તે દેશનો સુબો કે ઈજારદાર જોત જોતાંમાં તેના મોંમાંથી પડાવી લેછે. એ લાભ તો ઉંધી ગયો પણ તે બીચારાથી પોતાના પાડોશીઓ કરતાં વધારે ખાધા પીધાના અને બેસવા ઉઠવાના સુખમાં રહેવાતું હોય તોય ઘણું છે પરંતુ તેય ક્યાં છે? કોઈ સારા સૈનિક અધિકારીની વગ અને મહેરબાની હોય તો માણસ મોટા વેપારનું સાહસ કરી શકે છે એ ખરી વાત, પરંતુ તેવા પ્રગમાં તે એક ગુલામ જેવો થઇ રહે છે અને તેને આશ્રય આપનાર અમલદાર આશ્રયના બદલામાં તેની પાસેથી ગમે તે વસ્તુ કે ધન પડાવી લે છે.

મહાન્ મોગલ પાદશાહ પણ રાજા રજવાડામાંથી, સારી કીર્તિવાળા ગૃહસ્થોમાંથી, પરંપરાના કુળવાનોમાંથી, પોતાના પૌરમાંથી, વેપારીમાંથી, કારીગર લોકમાંથી, વિદ્વાનોમાંથી, અધિકારની ઉચ્ચ બુદ્ધિવાળા અને રાજા પ્રતિ પ્રેમવાળામાંથી, પોતાના પરાક્રમથી, કુળની મોટાઇથી, અને વખત આવી પડે તો દરબારમાં અથવા સૈન્યમાં રહેતાં પણ પોતાની ખાનગી મીલકતમાંથી પોતાનું ચલાવી લે એવા માણસોમાંથી, અને સારા કાળને માટે ઉત્સુક તથા રાજાની શાબાસી તથા મંદસ્મિતથીજ સંતોષ માનનારા માણસોમાંથી કોઈને પોતાની નોકરીને માટે પસંદ કરતો નથી, ઉપર કહ્યા તેવા માણસોને બદલે પાદશાહ તો ઉલટો ગુલામોથી, બુદ્ધિવગરના ઢઢાઓથી, નીચી સ્થિતિમાંથી ઉંચે ચઢી આવેલા નીચ માણસોથી, રાજ્ય ભક્તિ અને આશ્રયના અજ્ઞાનોથી, અસહ્ય મગરૂરીવાળા માણસોથી, અને માન,



આબરૂ, દેખાવ કે માનસિક ધૈર્ય રહિત માણસોથી સદા આવૃત રહે છે.

લોકને વશ રાખવાને માટે રાખવા પડતા મોટા લશ્કરના ખરચમાં અને મોટી મોટી અદાલતો અને દરબારોનો મોભો સાચવવાને માટે રાખવા પડતા ખરચમાં દેશ બીચારો પાયમાલ થઈ જાય છે. લોકના દુઃખનો યથાર્થ ચિતાર તો કોઈ પણ રીતે આપી શકાય તેમ નથી. કોરડો અને હેડના ભયમાં લોકને બીજાના લાભવાળા કામમાં મહેનત કરી જાત ભાગી નાંખવી પડે છે. તેમના ઉપર અનહદ જુલમ ગુજારવામાં આવે છે અને લશ્કરથીજ તેમને બંડ કરતા તથા નાશી જતા અટકાવવામાં આવે છે.

રોકડમાં ઘણાં નાંણાં મેળવવાને માટે જયારે અમુક દેશ વા ભાગને વેચવો પડે છે ત્યારે અને લડાઇના હંગામમાં તથા ટુંકામાં કહીએ તો હમેશાં જ આ દુર્ભાગ્ય દેશના દુઃખમાં વધારો થાય છે. આથી કરીને થાય છે એમ કે નવો આવેલો રાજા અથવા સુબો પોતાને થયેલા ખરચનું ભરતીઉ ભરવાને માટે નાશકારક–કચરી નાંખે એવા મોટા દરે નાણાં ઉપાડે છે. અમુક પ્રાંતનું રાજ્ય વેચાતી લેવાયું હોય કિંવા નિમણોકથી મળ્યું હોય તોપણ ત્યાંના ઉપરિ અથવા સુબા અથવા ઇજારદારને વર્ષો વર્ષ દરબાર ઉપર જેની વધારે વગસગ હોય તેવી જનાનાની મુખ્ય બેગમ, વઝીર અને ખોજાને મોટાં નજરાંણાં કરવાં પડે છે. એ સુબો વળી પાદશાહની ચોથનું ભરણું નિયમ બંધ વર્ષોવર્ષ ભરે જાય છે અને તે ઉપરાંત પોતે જ્યારે ગુલાબગીરીમાં હોય ત્યારે અધિકાર મેળવવાને માટે તથા મોજ શોખને માટે જે મોટુ દેવું કર્યું હોય તે પતાવવા માટે લોકો ઉપર નવો કર નાંખી નાંણાં કઢાવે છે અને નીચ નાતનો માણસ એક મોટા ઉમરાવ જવો બડે જાવ થઈ પ્રજાના ઉપર જુલમ ગુજારે છે.

આ પ્રમાણે આખો દેશ જુલમને લીધે પાયમાલ થઇ જાય છે. પ્રાંતિક સુબાઓ આપણે ઉપર જણાવ્યું તેમ એવા જુલમગાર હોય છે કે ન પુછો વાત. વળી તેમની સત્તા અપાર અને લોકની દાદ સાંભળનાર કોઈ જ નહિ એટલે તે પ્રજાના ઉપર વારંવાર ચહાય તેટલો જુલમ અને ગેરઇન્સાફ કરે છે.

પાદશાહ દરેક પ્રાંતમાં 'વાકિયાનવીશ *' મોકલે છે અને પ્રાંતમાં

* દેશની સ્થિતિ વગરે પાદશાહને લખી જણાવનારા માણસો આ ખાતુ અકબર પાદશાહે સ્થાપ્યું હતું.

બનતા દરેક બનાવ પાદશાહને લખી જણાવવા એ એનું મુખ્ય કર્તવ્ય હોય છે, એ વાત ખરી, પરંતુ દુર્ભાગ્ય સુબાઓ અને એ લોકની વચ્ચે એવો સંબંધ હોય છે કે જેથી તેમની હાજરી પણ ભાગ્યેજ દુર્ભાગ્ય અને દુઃખી લોક ઉપર ગુજરતો જુલમ ઓછો કરી અથવા અટકાવી શકે.

વળી હિંદુસ્તાનમાં તુર્કસ્થાનની માફક છેક ખુલ્લી રીતે અને વારંવાર પ્રાંતિક રાજ્યોને હરાજીથી વેચવામાં આવતાં નથી. 'ખુલ્લી રીતે' એમ લખવાનું કારણ એકે વેચાતાં નથી પરંતુ પ્રાંતના સુબાઓ વારંવાર જે નજરાણાં કરે છે તે વેચાણ કે ઇજારાના જેવાંજ હોય છે. આથી કરીને તુર્કસ્થાનના કરતાં અત્રેના સુબાઓ પોતાના પ્રાંતમાં વધારે વખત સૂધી કાયમ રહે છે અને એથી એમ થાય છે કે તુર્કસ્થાનના કરતાં હિંદના લોક ઉપર કંઇક આછો જુલમ ગુજરે છે, કારણ કે સુબો જ્યારે નવો નિમાયલો હોય છે ત્યારે જેટલો ધનને માટે લોભી અને રહે બેસાડવાને માટે જુલમી થાય છે તેટલો પાછળથી સ્વાભાવિક રીતે જુલમી રહેતો નથી. જો ઘણોજ જુલમ ગુજરશે તો લોકો દેશી રાજાઓના મુલકમાં નાશી જશે. (જેમ વારંવાર બને છે પણ ખરૂ) એવા ભયથી પણ સુબાઓનો જુલમ કંઈક અંકુશમાં રહે છે.

ઈરાનમાં પણ તુર્કસ્તાનની માફક જાહેર રીતે અને વારંવાર પ્રાંતિક ઈજારાઓ-આપવામાં આવતા નથી, કારણ કે સુબાઓનાં છોકરાંને પિતાની જગા મળવી એ ત્યાં અસાધારણ નથી. આથી કરીને તુર્કસ્થાન સાથે સરખાવતાં ઈરાનની પ્રજાની સ્થિતિ સારી માલૂમ પડે છે. વળી તુર્કલોકના કરતાં ઇરાનીઓ વધારે સભ્ય અને વિદ્યાના અભ્યાસમાં વધારે લક્ષ દેનારા છે.

જમીન અથવા બીજી કોઇ વસ્તુના હક સંબંધી, આ ત્રણ દેશો તુર્કસ્તાન, ઇરાન, અને હિંદુસ્તાનમાં કંઈ મુદ્દાવાળો વિચાર કોઈના મનમાં થતો નથી; અને જાગીરી હક સંબંધી અરે નહિ હોવાથી દનિયાંમાં કઈ વસ્તુ સારી છે અને કઈ ઉપયોગી તે લક્ષમાં ન રહેતાં બધુ એકજ અસે મુડાય છે, અને પરિણામે તેથી લોકો ઉપર જુલમ, દુઃખ અને આપત્તિ આવી પડે છે. આપણી તરફ રાજાઓ બધી જમીનના ધણી નથી તેથો સાહેબ, આપણે કેટલા બધા સુખી અને ઉપકૃત છીએ. જો રાજાઓ સઘળી જમીનના સ્વામિ હોત તો સારા ખેડાણવાળા પ્રદેશ, ધાડી વસ્તી, ધનવાન્ અને સારી બાંધણીનાં નગરો અને સભ્ય, સંતોષી તથા આબાદ પ્રજાને



માટેનો આપણો પ્રયત્ન અફળજ થયો હોત. જો આ પ્રમાણે હોત તો યુરોપનાં રાજ્યો પ્રતિ પ્રજા જે સદ્‌ભાવ અને રાજ્યભક્તિ રાખે છે તેની સ્વપ્ને પણ આશા રહેત નહિ. હિંદુસ્તાનના જેવો કાયદો હોત તો રાજાઓને ઉજડ, શાંત, જંગલી અને નિર્માલ્ય વહેમી લોક પર રાજ્ય કરવું પડત. ઇશ્વરનો પાડ માનો કે આપણી તરફ એવો નાશકારક રીવાજ હયાતીમાં જ નથી.

રાજ્યલોભથી અંધ થયેલા એશિયાખંડના રાજાઓ ઈશ્વરના કાયદા ઉલ્લંઘી તેણે જે કર્મમાં લખ્યું હોય છે તેના કરતાં પણ વધારેની આશા રાખે છે અને 'સઘળુ મારૂ' કરીને સઘળુ સંપાદન કરવા જતાં સઘળુ ખાઈ બેસે છે. તેઓ નિરંતર લક્ષ્મી મેળવવાને માટે મથન કરે છે અને જ્યારે તેમાં નાસીપાસ થાય છે ત્યારે તેઓ પોતાના ભવિષ્યની માથાફોડ કર્યા કરે છે. હિંદુસ્તાનના જેવી રાજ્ય પદ્ધતિ જો આપણા દેશમાં ચાલતી હોય તો વળી હું આપ સાહેબને પૂછુંછું કે-શું આપણુને ઉમરાવો, અમીરો, સંપત્તિવાન્ નાગરિકો, ચડતા વેપારીઓ, અને બુદ્ધિવાન તથા હોસીઆર કારીગરો અને કામદાર લોકો મળી શકત? વળી પારીસ, લીઓન, ટોલેસ, રોન અને તમને પસંદ હોય તો લંડન અને તેવાં જ બીજાં નગરો પણ શું હયાતીમાં હોત? અસંખ્ય સુખી ગામડાં અને શહેરો ક્યાંથી હોત? યુક્તિ અને મહેનતથી ખેડાયલાં ખેતરોવાળા ઘણા જ રળીઆમણા ખેતર પાદરવાળા ખીણોના, પર્વતોના અને સપાટ મેદાનોના પ્રદેશો પણ આપણા દેશમાં ક્યાંથી દૃષ્ટિએ પડત? આવી મોટી મહેસૂલ ક્યાંથી આવતી હોત? અને પ્રજા તથા રાજાને ઉભયને લાભકાર ઉદ્યોગ પણ દેશમાં ક્યાંથી પ્રવર્તતો હોત? ઈરાન, તુર્કસ્તાન અને હિંદુસ્તાનના જેવી રાજ્ય પદ્ધતિ હોત તો સઘળુ આથી વિપરિત જ જણાત. એમ હોત તો આપણાં મોટાં મોટાં મકાનવાળાં સુંદર નગરો મરામત વગર જીર્ણ થઈ જઈ ખંડેર જેવાં થઈ જાત અને તેમાં રહેવાત પણ નહિ. આપણાં હરિયાળીથી હસીને સામાં આવે એવાં પર્વતના ઢોળાવ ઉપરનાં ખેતરો ઉજડ અને પાદર પડ્યાં રહેત તથા મેદાનો થોર અને કંટાળી ઝાડથી ભરાઈ જાત અથવા નકામા કારમા ઘાસનાં જંગલો થઈ પડત!! મુસાફરોની ઉત્તમોત્તમ સગવડોનો નાશ થઈ જાત, દાખલા તરીકે પારીસ અને લીયોન વચ્ચેની સંપૂર્ણ સગવડવાળી વિશીઓ જતી રહી તેને ઠેકાણે દશ બાર ઉતારૂખાનાં થઈ રહેત, અને મુસા-

ફરોને હબસીનાં ટોળાંની માફક બધા સામાનનાં પોટલાં લઈ દુઃખીઆરી મુસાફરી કરવી પડત. રથડ નાંખેલાં આપણાં 'પોન્ટફ' ને બરોબર મળતી આવતી કણુપીઠ જેવી એશિયાની ધર્મશાળાઓ છે. ઘોડા, ખચ્ચર, અને ઊંટની સાથે એકઠા થઈ ખીચોખીચ ભરાઈ ગયેલા હજારો માણુસો તેમાં આવી આશ્રમ કરે છે, તેમાં પણુ જ્યારે ઉનાળો હોય ત્યારે તો એ મકાનો અત્યંત ગરમ રહે છે અને રૂંધાઇ જવાય છે. શિયાળામાં એ મકાનમાં મનુષ્યના શ્વાસની ગરમીએ જ માણુસો બહારની કડકડતી ટાઢથી બચવાને માટે આવી ઉતરે છે.

પરંતુ હિંદુસ્તાન જેવા દૂરના દેશ સૂધી પણુ જવાનું શું પ્રયોજન છે, જ્યારે ગ્રાન્ડ સીનોરના દેશમાં પણુ હિંદુસ્તાનના જેવી રાજ્યપદ્ધતિ છે છતાં પણુ ત્યાં રાજ્ય સચવાઈ રહે છે એટલું જ નહિ, પરંતું તેની સત્તા વૃદ્ધિંગત પણુ થઇ શકે છે અને ચાલે છે. ગ્રાન્ડ સીનોરના જેવું મોટું અને વિસ્તારવાળુ રાજ્ય કે જેમાં ઘણુા દેશો તો એવા ફળદ્રુપ છે કે જેને બરોબર ખેડવામાં અને સંભાળવામાં ન આવ્યા હોય તોપણુ ઘણાં વર્ષ સૂધી એવાને એવા રસાળ રહે, તે પણુ સત્તાવાન્ અને સમૃદ્ધિવાન્ હોવા ઉપરાંત બીજું કંઈ વધારે કરી શકતું નથી. વિસ્તાર અને કુદરતી રસાળતાના પ્રમાણુમાં તુર્કસ્તાનનું રાજ્ય કેવું નિર્માલ્ય અને ધન રહિત છે? તુર્કસ્તાન જેવો દેશ જો સંભાળથી ખેડાણુ કરવામાં આવતો હોય અને સારી વ્યવસ્થા હોય તો એક મોટા અને બળવાન્ લશ્કરને રાખી શકે પરંતુ આ તો ખાસ કોન્સસ્ટૉન્ટીનોપલમાં પણુ પાંચ કે છ હજાર સૈનિકો એકઠા કરવા હોય તો ત્રણુ ચાર મહિના વીતી જાય છે. હું ઘણું ખરૂં એ રાજ્યના તમામ ભાગમાં ફરી વળ્યો છું અને મારા પ્રવાસની દરમિયાન તેને ઉજડ અને નિર્જન થતાં જોયો છે. બીજા દેશોમાંથી પકડી આણેલા ક્રિશ્ચિયન ગુલામોને લીધે તે કેટલોક ધડે રહેલો છે, પરંતુ જો એ દેશ હાલ ચાલતી રાજ્યપદ્ધતિ પ્રમાણે જો બીજાં થોડાં વર્ષ સૂધી ચાલશે તો તે અંદરની નિર્માલ્યતાથી પડશે અને નાશ પામશે. હાલ તો ગમે તેમ છે પણુ એ નિર્માલ્યતા પણુ એને ટેકા રૂપ થઇ પડેલી છે, કારણુ કે હાલ ત્યાં વડો સુબો છે જ નહિ. વળી ત્યાં એવો એકે માણુસ ધનનાં સાધનવાળો નથી કે જે એક સામાન્ય સાહસ પણુ પોતાને માથે લઇને ચલાવી શકે. અથવા તેને તેના કામને પાર ઉતારવાને મદદ આપે તેવો માણુસ મળી આવે. સલામ-



તીનાં શાં અદ્‌ભુત સાધન! તુર્કીસ્તાનને ધન્ય છે કે તેના પોતાના નાશનાં બીજ તેના પોતાના પેટમાં જ ભરેલાં છે! બંડની ફીકર દૂર કરવાને તથા તે વિષેની સઘળી બીકનો અંત આણુવાને માટે તો પેગુના બ્રહ્માએ જે ઉપાય લીધો હતો તેના જેવો યોગ્ય અને અનુકૂલ ઉપાય બીજો એકે નથી! આવી જાતની ધાસ્તીને લીધે પેગુના બ્રહ્માએ પોતાની વસ્તીમાંના અરધો અરધ ભાગને ભૂખ મરાથી મારી નાંખી દેશને વેરાનવત કરી મૂક્યો હતો અને કેટલાંક વર્ષ સૂધી કોઇને જમીન પણુ ખેડવા દીધી નહોતી, પરંતુ આટલુ થઈને જ અટક્યું નહિ. એ ક્રૂરતર યુક્તિ પણુ ફતેમંદ ઉતરી નહિ, રાજ્યના ભાગ પડી ગયા અને હમણાં થોડા વખત ઉપર જ કેટલાક ચીનના નાશી આવેલા માણુસોએ રાજ્યનગર આવા સર કરી લીધું. આપણે કબૂલ કરવું જોઇએ કે આપણા વખતમાં તુર્કીનું રાજ્ય સાવ ઊજડ તો થઈ ગયું નથી અને આથી વધારે નાશ થયેલો આપણે ન જોઇએ તો વધારે સારૂ, કારણુ કે તેની આસપાસનાં રાજ્ય બીજાં રાજ્યોની મદદ વગર એકલે હાથે તેના ઊપર ચડાઇ કરી શકે એવી હાલતમાં નથી.

એશિયાખંડનાં રાજ્યોને સારા કાયદાનો લાભ શા કારણુથી નથી મળતો અને એ દેશના લોકો પોતાનાં દુઃખો અને જુલમોની પાદશાહને તથા ગ્રાંડ વઝીરને કેમ ફરીઆદ નથી કરતા એમ સવાલ થાય છે પરંતુ તેનાં કારણુ જૂદાં છે, હું કબૂલ કરૂંછું કે એશિયા તરફનાં રાજ્યોમાં સારા કાયદાઓ છે અને જો તેનો બરોબર અમલ થતો હોય તો મને ખાતરી છે કે દુનિયાં ઉપરનાં બીજાં રાજ્યોના કરતાં એશિયા ખંડનાં રાજ્યોની સ્થિતિ જરા પણુ ખરાબ ન હોય. પરંતુ જ્યારે નિયમબંધ અનુવર્તન અને અમલ ન થાય ત્યારે પછી સારા કાયદા હોય તોય શા કામના? જેમને પ્રજાની ફરિયાદ સાંભળવાનો અધિકાર છે તેજ પાદશાહ અને તેજ ગ્રાન્ડ વઝીરને હાથે જ શા માટે પ્રાંતિક સુબાઓની નીમણુક થવી ન જોઇએ? અને આવા જુલમગારો સિવાય બીજા માણુસો પ્રાંતમાં સુબાગીરીને માટે નીમવા જોગ નથી શું? રાજા કે કાંતો વઝીર સુબેદારીની જગ્યા વેચે છે અને એક વાર આપણે એમ કબૂલ કરીએ કે પાદશાહ અથવા વઝીર લોકની દાદ સાંભળે છે પરંતુ ૧૦૦ દોઢસો અથવા બસેં ગાઉને અંતરે ઈન્સાફ માગવા જવું એ શું એક ગરીબ ખેડુત અથવા દુઃખી કારીગરને માટે ઓછું વિષમ છે? તે રસ્તાનું ખરચ ક્યાંથી

લાવે? માર્ગમાં તેને કોઈ લૂંટી લે અથવા વારંવાર બને છે એમ તેનું ખૂન થાય અથવા વહેલો મોડો તે બિચારો પાછો સુબાના હાથમાં આવે ત્યારે એની શી ગતિ થાય? તે વેળાએ પાછું તેને એ નીચને નમવાનું જ રહેને? ભોગજોગે તે રાજ્યનગરમાં પહોચે પરંતુ તેથી શું? ત્યાં વળી એના ઉપર જુલમ ગુજારનારના લાગતા વળગતા હોય તે સત્ય ને અસત્ય બનાવી ઊંધુ છતું સમજાવી દે ત્યારે એનું શું થાય? ટુંકામાં માત્ર એટલું જ કહેવું બસ છે કે સુબાઓ તેમના ખરા અર્થમાં સુબાઓ જ છે. ન્યાયાધીશ, પાર્લામેન્ટ, વડી ન્યાયસભા, અને પાદશાહનો કર ઉઘરાવનાર સઉ સુબામાં જ છે. તે જ બધામાં છે. આવા સુબા, ઇજારદારો અને મહેસૂલના અધિકારીઓના સંબંધે ઇરાનીઓ કહે છે કે 'તેઓ રેતીને પીલીને તેલ કહાડનારા છે' તે સત્ય છે. તેમના તાયફા, બાયડીઓ, છોકરાં અને ગુલામોને માટે, ગમેતેવી ઉપજ હોય તે પણ પુરી થતી નથી.

જો એમ કહેતા હો કે, આપણા રાજાઓનાં વતન તો બીજા લોકનાં વતનની માફક સારી રીતે ખેડાય છે અને તેમાં વસ્તી પણ પુષ્કળ છે, તો હું માત્ર એટલો જ ઉત્તર આપું છું કે, થોડા વતનવાળા રાજાની અને વિઘે વિઘા જમીન જ્યાં પોતાની જ ગણાય છે એવા રાજાની વચ્ચે મુકાબલો થતો જ નથી. ફ્રાંસના કાયદા એટલા બધા યોગ્ય છે કે રાજા જ તેને પ્રથમ માન આપે છે. એટલે કે રાજાનાં વતન પણ કાયદાના ભંગ વગર સમાન ઈન્સાફના કાબુમાં છે અને રાજાના વતનના ખેડુતો ઉપર કાયદાની અદાલતમાં કામ ચાલી શકે છે તથા તેમાં રહેતા કારીગરો અને ખેડુતો તેમના પર થતા જુલમ તથા અન્યાયની દાદ માગી શકે છે. પૂર્વ તરફના દેશોમાં તો નબળા અને નુકશાન પામેલા લોકને દાદ મળવાનું કોઈ ઠેકાણે સ્થાન જ નથી. સુબાનો મિજાજ અને કોરડો જ આવી બધી તકરારોનો નીવેડા આપવાને માત્ર એક કાયદા રૂપ થઈ પડે છે.

આમ છતાં કોઈ વળી એમ કહેશે કે, સ્વતંત્ર રાજ્યમાં બીજા કેટલાક લાભ સમાયલા છે અને તે એ કે ત્યાં ધારા શાસ્ત્રીઓ ઓછા અને કાયદાની અદાલતો પણ થોડી હોય છે, તથા કજીઆઓ જુજ હોવાથી વહેલા ચુકવાઈ જાય છે. 'મંદાલસ ન્યાયથી શીઘ્ર અન્યાય થાય તે સારો' આ ઇરાની કહેવતને આપણે કંઇ વધારે વખાણીશું નહિ. હું



કબૂલ કરૂં છું કે કોઇ પણ રાજ્યમાં લંબાતા મુકરદમા હોય તે એક મોટી અને ન સોસાય તેવી ખરાબી છે અને એવી ખરાબીની સામે તરત ઉપાય લેવો એ ત્યાંના રાજાનું આવશ્યક કાર્ય છે. એ તો ખરૂ છે કે ખાનગી મીલકતોનો હક કાઢી નાંખવો એના જેવો કાર્યસાધક ઉપાય બીજો એકે નથી. રાજ્યહક કહાડી નાંખ્યાથી જુલમ વધવાની જગ્યા જ રહે નહિ, ખાસ કરીને, અગત્યના, લાંબા અને ગુચવણવાળા મુકરદમા તો બંધજ થઈ જાય, અને રાજા લોકને ઇન્સાફ આપવાને માટે જે ન્યાયધીશો નીમે છે તેમનો ઘણો વખત નકામો જતો બચે. પરંતુ એટલું પણ ખરૂ કે આ ઉપાય વળી વધારે નઠારો નીકળે એટલે કે રોગના કરતાં ઓસડ વધારે ભયંકર થઇ પડે અને લોકને માથે કેટલું દુઃખ પડે છે તેની તો ગણનાજ ન થાય. કાજીઓની પ્રમાણિકતા ઉપર આધાર રાખનાર રાજાઓને માટે આપણે દયા લાવવી જોઇએ. એશિયાખંડનાં રાજ્યોમાં જો કોઈ પણ મુકરદમામાં યથાર્થ ન્યાય અપાય છે એમ કહીએ તો તે એજ મુકરદમામાં અપાય છે કે જેમાં વાદી અને પ્રતિવાદી બેઉ જણ ગરીબ હોઈ કાજીને લલચાવી શકાતા નથી, અથવા ભાડુતી સાક્ષીદારો મેળવી શકાતા નથી; આવા ભાડુતી સાક્ષીઓ જુજ કિમ્મતમાં મળી શકે છે અને ખોટી જુબાની આપવા માટે તેમને શીક્ષા થતી નથી. હું જે મત અત્રે પ્રદર્શિત કરૂં છું તે ખરો છે કારણ કે મેં ઘણાં વર્ષ તેનો અનુભવ મેળવ્યો છે તથા દેશીઓ, યુરોપિયન વેપારીઓ, ધારા શાસ્ત્રીઓ અને અદાલતોમાં કામ કરનારા દુભાશીઆઓના વિચારથી સિદ્ધ થયેલો છે. ઘણો ખરો તો તેઓનોજ કહેલો એ મત મારા અનુભવમાં અને સાંભળવામાં આવેલો છે. આપણા દેશના ઘણાક મુસાફરોના મતથી આ મારો મત જૂદો છે. નીચા લોકમાંના બે જણને કંઈ ટંટા માટે કાજીની સમક્ષ આવેલા તેમણે કદાપિ જોયા હશે અને કાજીને તેમની પાસેથી કંઈ લાંચ લેવા જેવું ન જણાયાથી 'બાપા તમે તમારી મેળે અદાલતે ન ચડતાં મહીઓ મહી સમજી લ્યો' એવા શબ્દો કહી મુકરદમો કહાડી નાંખતાં જોયા હશે અને આવી રીતે સાધારણ મુકરદમામાં લેવાતું કામ આપણા મુસાફરોએ જોયું હશે, એટલે અત્રેના ન્યાય ખાતા માટે તેમને અચંબો ઉત્પન્ન થયો હશે. આવો દાખલો જોઈ આવેલા તેઓ પછી કાજીનાં અને હિંદુસ્તાનના અદલ ઇન્સાફનાં વખાણ કરે એમાં શી નવાઈ? તેઓ ફ્રાંસના માજીસ્ટ્રેટોમાં આવાઓને નમુનેદાર ગણી જાય, પરંતુ તેઓ

એમ નથી જાણતા કે ગુન્હેગારો પણ જો કાજીના કિંવા તેના કારકુનના હાથમાં બે રૂપિઆ મૂકે તો પછી તેનો મુકરદમો કેવો તેના લાભમાં ઉતરે છે અને કેવો તેની ઇચ્છા પ્રમાણે લંબાય છે. આવું એશિયાનાં રાજ્યોનું રહસ્ય જાણ્યા વગર ઉપર ઉપરથી જોનારાઓ તેના ધોરણને વખાણે એમાં આશ્ચર્ય નથી.

સાહેબ, સંક્ષેપમાં જ આ બાબત પુરી કરતાં મારે પુનઃ કહેવું પડે છે કે, જાગીરનો ખાનગી હક લોક પાસેથી લઇ લ્યો અને પછી જુઓ કે તમે તેથી રાજ્યમાં જુલમ, ગુલામગીરી, અન્યાય, ભીખ, અને જંગલીપણુ તમારાં એ પગલાંના પરિણામે અવસ્ય કરી દાખલ કરોછો કે નહિ? એમ થતાં જમીન ખેડાતી બંધ થઇને પાદર પડી રહેશે, અને ટુંકામાં કહું તો તેથી લોક અને રાજાના સંપૂર્ણ નાશનો રસ્તો એની મેળે ખુલ્લો થઈ જશે. માણુસ પોતાની મહેનતનાં ફળ ચાખવા અને તેનો લાભ પોતાનાં સંતાનને આપવા માટે આશાવાળો રહે છે અને એ આશામાં જ સઘળુ ઉત્તમ અને આવી જાગીરોમાં લાભકારક થઇ પડે છે અને જો આપણે દુનિયાં ઉપરનાં જુદાંજુદાં રાજ્યોનું અવલોકન કરીશું તો આપણને માલુમ પડશે કે તે રાજ્યો આ મુખ્ય મુદ્દાને માન્ય રાખવાથી ચડે છે અને ધિક્કારી કાઢવાથી પડે છે. ટુંકામાં કહું તો દુનિયાં ઉપર જે સારા નઠારા ફેરફાર થાય છે તે આ બાબતના સારા નઠારા સ્વીકારને અનુસરીને જ થાય છે.

## દિલ્હી અને આગ્રા.

સાહેબ,

હું ધારૂંછું કે હું સ્વદેશ પાછો ફરીશ ત્યારે પ્રથમ જ તમે મને હિંદુસ્તાનનાં રાજ્યનગરો વિષે પુછશો. દિલ્હી× અને આગ્રા શોભામાં, વિસ્તારમાં અને વસ્તીમાં પારીસને હઠાવે તેવાં છે કે કેમ. તે જાણવાને તમે

× દિલ્હી અને આગ્રાનાં વર્ણન આ પત્રમાં કરવામાં આવશે. બર્નિયરે આ પત્ર તેના મિત્ર મોથેલીવેયરને સને ૧૬૬૩ ની પહેલી જુલાઈએ દિલ્હીમાંથી લખ્યો હતો. આમાં એ બે મુખ્ય નગરોના વર્ણન ઉપરાંત, મોગલની દરબારી રીત, મોગલોનો સુધારો અને હિંદુસ્તાનના લોક વીષે લખ્યું છે. બર્નિઅરનો મિત્ર મોથેલીવેયર ઐતિહાસિક, ભૂગોળ સંબંધી લખાણોનો લખનાર હતો. તે ઇતિહા



આતુર હશો, તેટલા જ માટે આ બાબત ઉપર તમારા કૌતુહલને મટાડવા હું ઊતાવળો થાઊછું. બીજી પણ કેટલીક બાબત હું આના ભેગી લખીશ અને મને આશા છે કે તે તમને અરસિક થઈ પડશે નહિ જ.

આ નગરોના સૌંદર્ય વિષે લખતા પહેલાં મારે લખવું પડે છે કે હિંદુસ્તાનમાં રહેતા યુરોપિઅનો આ નગરો અને બાજી જગાઓને માટે જે તિરસ્કાર ભરેલો મત ઉચ્ચારે છે તે સાંભળીને તો હું કેટલીક વાર આશ્ચર્ય ચકિત થઈ જઉ છું. ઋતુ પરત્વે નગરની અને ઘરની બાંધણી હોવી જોઇએ, એ વિચારને કોરે મૂકી, તેઓ એમ કહે છે કે, પશ્ચિમ તરફની ભૂમિના કરતાં આણી તરફનાં મકાનો દેખાવમાં ઘણાં જ ઉતરતાં છે; પરંતુ તેઓ એમ વિચાર કરતા નથી કે, પારીસ, લંડન અને આમસ્ટડામમાં જે યોજના ઉપયોગી અને યથાર્થ ગણાય છે, તે દિલ્હીમાં કંઈ જ કામની નથી. એમ ધારો કે કદાપિ આપણાં નગરો હિંદુસ્તાનમાં લાવી મૂકીએ તો તેમનો ઘણો ખરો ભાગ તોડી નાંખીને ફરી જ બાંધવો પડે. યુરોપનાં નગરો વધારે શોભાયમાન છે, એમાં તો શક નથી; પરંતુ તેમ હોવાનું કારણ ટાઢ છે. આ રીતે જોતાં ઉષ્ણ ઋતુને યોગ્ય હોય એવી ગોઠવણથી દિલ્હી પણ કેટલેક દરજ્જે શોભાયમાન છે. હિંદુસ્તાનમાં એટલી બધી ગરમી પડે છે કે રાજાઓ પણ મોજા પહેરતા નથી. પગના રક્ષણને માટે નાજુક દિલ્હીશાઈ જોડા જ બસ થાય છે. ઘણા જ મુલાયમ લુગડાની પાઘડી માથાનું રક્ષણ કરે છે. બીજો પોષક પણ આ પ્રમાણે હલકો (વજનમાં) હોય છે. ઉન્હાળામાં એટલી ગરમી પડે છે કે ભીંતે હાથ અને ઉશીકા ઉપર માથુ મૂકતાં પણ ગરમી લાગે છે. અનુક્રમે લાગલગટ છ મહિના સુધી ગરમી પડે છે, ત્યારે ઘણાખરા લોક બહાર સુઈ રહે છે. સાધારણ ગરીબ લોક શેરીઓમાં અને પૈસાદાર તથા મોટા માણસો પોતાની વાડીઓમાં અથવા અગાસીઓમાં સુઇ રહે છે. હવે કહો કે, જો એસજોક્ષ અથવા એસડેશિસની પોળોને દિલ્હીમાં લાવીને મૂકી હોય તો તે બંધીયાર ઘર અને મજલા ઉપર મજલા ચડાવેલી હવેલીઓને લીધે વસવા જોગ પણ

સની બીનાઓ જાણવાને એવો આતુર રહેતો કે; જ... રૂ તે મરવાપર... કિલ્લાની
... ચો..નમાં પોતાના તંબુઓ
અર તેને મળવા આવ્યો ત્યારે પણ તેણે પૂછ્યું '... ..વ તેવા રાજાઓને કિલ્લાની અંદર રાખ-
મોગલના શા સમાચાર છે.' ...ના અંદર જે રખેવાળ રાખવામાં આવે છે તે ઉમ-

કહેવાય કે? અને જ્યારે પવન બીલકુલ બંધ હોઈ રૂંધાઈ જવાતું હોય ત્યારે એ મકાનોમાં સુદ્ધ રહેવાય પણ ખરૂં કે? ધુળથી ભરાઈ ગયેલો થાકી ગયેલો અને પરસેવાથી નવાઈ ગયેલો એક ઘોડેસ્વાર પોતાની મુસાફરી પછી શું સાંકડા અને ગરમીવાળા ઊંચા દાદરો ચડીને પાંચમે મજલે જઈ શકે કે? હિંદુસ્તાનમાં આવી મુસાફરી પછી શાંત થવાનું બહુ સહેલું છે. થાકેલો માણસ સારૂ શીતલ પાણી અથવા લિંબુનો સરબત પીએ, કપડાં કહાડી નાંખે, હાથ પગ અને મોંહુ ધોઈ નાંખે અને પછી કોઈ શીતળ જગ્યામાં ખાટલા ઉપર સઈ જાય અને એક બે માણસો મોટા પંખા લઈ તેને પવન નાંખે એટલે બસ. દિલ્હી કેવું છે, તેનું તમારાથી અનુમાન થઈ શકે એટલા માટે હવે હું નીચે પ્રમાણે તેનું બરોબર વર્ણન કરૂંછું.

આજથી ચાલીસેક વર્ષ ઉપર હાલ રાજ્ય કરતા મહાન મોગલ પાદશાહ ઔરંગઝેબના પિતા શાહજહાન પાદશાહને જૂના દિલ્લીની પાસે એક નવું નગર વસાવી પોતાનું નામ અમર કરી જવાની ઇચ્છા થઈ હતી. એ નવું નગર વસાવી તેને 'શાહજહાનાબાદ' એવું નામ આપવામાં આવ્યું હતું. આગ્રામાં ઉન્હાળાને દહાડે ઘણો તાપ પડે છે તેથી પાદશાહથી ત્યાં રહેવાનું બનતું નથી, માટે નવા દિલ્લીમાં દરબાર ભરવાનું રાખવું એમ એનું કહેવું હતું. જુના નગરના સર સામાનથી નવું નગર વસાવ્યું, પરંતુ લોકો તેને શાહજહાનાબાદ ન કહેતાં દિલ્લીજ કહે છે અને આપણે પણ શાહજહાનાબાદ કરતાં દિલ્લી એ નામના વધારે પરિચિત છીએ; એટલે હું પણ અત્રે તેને જુના નામમાં દિલ્લી કહીનેજ લખીશ.

બૅાઇરેના જેવડી યમુના નામની નદીના કિનારાપર સપાટ પ્રદેશમાં નવું દિલ્લી શહેર વસાવેલું છે. નદીના એક કિનારા ઉપર તેને રોનકબંધ બાંધેલું છે અને સામેપાર જવાને માટે એક પૂલ છે. એક બાજુ નદીના રક્ષણમાં છતાં પણ શહેરની આસપાસ મોટો અને મજબૂત ઇંટનો કોટ બાંધેલો છે. આ કિલ્લેબંદી પણ એટલી બધી સંપૂર્ણ નથી. પરિખા કે બીજું કંઈ વધુ રક્ષણને માટે કરેલું નથી. સો સો કદમને છેટે જાડી ભીંત ઉપર ગુંબારો અને કોશિશાં કાઢેલાં છે. રાજ્ય મહેલનો કોટ નાનો છે તેમ આમાં અ[illegible] મોટો કોટ વધારે મજબૂત બાંધેલો છે. પગે ચાલતાં હું ત્રણ કલાક[illegible] અને હિંદુસ્તાનના [illegible] છું અને જ્યારે ઘોડાપર હોઉ ત્યારે એક વેચર ઐતિહાસિક, ભૂગોળ સંબંધી [illegible]જીમાં હું પરાં ગણતો નથી.



લાહોરી દરવાજા બહાર મોટાં મોટાં મકાનોવાળાં પરાં, બીજી તરફનાં નાંનાં મળીને બેચાર પરાં છે તે બધું ગણતાં તો દિલ્લીનો વિસ્તાર ઘણો થાય; અને જો દિલ્લીનો વ્યાસ લઈએ તો તો ત્રણ સાડા ત્રણ માઇલ થાય; જે બરોબરજ છે એમ મારાથી કહી શકાતું નથી, કારણ કે નગર અને પરાં વચ્ચે મોટા મોટા બગિચા આવેલા છે અને મહી મહી છૂટાં ચોગાન પણ ઓછાં નથી; છતાં એ તો ખરૂં છે કે દિલ્લી કંઈ નાનું સુનું નગર નથી.

કિલ્લામાં એક મોટો રાજ્ય મહેલ અને રાણીવાસ છે. મહેલના સંબંધે હું આગળ બોલીશ. એ મકાન અર્ધ ગોળ છે. રાજ્ય મહેલનો પાછલ્યો ભાગ નદીના સુંદર દેખાવ ઉપર ખુલ્લો આવેલો છે, નદી અને કિલ્લાના કોટની વચ્ચે નદીનો પૂલિન પ્રદેશ છે અને તેના ઉપર સાઠમારીની ગમ્મત કરવામાં આવે છે. વળી ત્યાં આગળ જ દેશી રાજાઓ અને ઉમરાવોના લશ્કરની કવાયત થાય છે, જે પાદશાહ રાણિવાસના છજામાંથી જુવે છે. કિલ્લાનો કોટ બુરુજવાળો અને ઘણે દરજ્જે નગરના કોટને મળતો છતાં ઘણો મજબૂત અને પહોળા ઓસારનો છે. તે ઘણો ખરો ઈંટોનો બાંધેલો છે. તેની બુરુજો અને બારીઓ નકશીદાર રાતા પથ્થરની બનાવેલી હોવાથી બહુજ શોભાયમાન દેખાય છે. શહેરના કોટ કરતાં કિલ્લાનો કોટ ઊંચો, મજબૂત અને જાડો છે તથા તેમાં નગરાભિમુખ નાની નાની તોપો ગોઠવેલી છે. નદીની બાજુ વગર બીજી ત્રણે બાજુએ મોટી અને ઉંડી પરિખા કરી લીધેલી છે. પરિખાની બાંધણી પથ્થરની છે અને તેમાં માછલાં પણ થાય છે. આ મકાન ઘણાં મોટાં અને પૈસા ખરચીને ઉભાં કરેલાં છે, પરંતુ મારા મત પ્રમાણે તો આપણી એક સાધારણ બેટરી પણ તેમને સપાટા બંધ જમીનદોસ્ત કરી નાંખે.

પરિખાની આગળ કોટની સામે એક મોટો બાગ બનાવેલો છે; તેમાં બધી ઋતુમાં નાના પ્રકારનાં ફૂલ થાય છે. એ બાગની વનસ્પતિનું સૌંદર્ય સામેના કોટને ઝાંખો પાડી નાંખે છે. બાગની આગળ એક મોટું ચોગાન છે. ચોગાનની એક બાજુએ કિલ્લાનો સુશોભિત દરવાજો, અને બે બાજુએ બે મોટા વિસ્તારવાળા રસ્તાઓ આવેલા છે. જેમને પાદશાહના કિલ્લાની રખેવાળી કરવાની હોય છે તે રાજાઓ એ ચોગાનમાં પોતાના તંબુઓ નાંખે છે અને જેમને છૂટ ન અપાય તેવા રાજાઓને કિલ્લાની અંદર રાખવામાં આવે છે. કિલ્લાની અંદર જે રખેવાળ રાખવામાં આવે છે તે ઉમ-

રાવો અને મુનસફદારો હોય છે. સવારના પહોરમાં આ ચોગાનમાં પાદશાહની અશ્વશાળાનો વડો અધિકારી પાસેની મોટી ઘોડારના ઘોડાઓને ફેરવે છે તથા ઉમરાવોને સ્વાધીનના ઘોડાઓને તપાસે છે. જો તે ઘોડા ખરેખરા તુર્કસ્તાનના સિદ્ધ થાય છે તો પછી તેની સાથળ ઉપર પાદશાહની અને જેના તાબામાં તે હોય એ ઉમરાવની છાપ મારવામાં આવે છે. કવાયત લેતી વખતે આથી કરીને બહુ અડચણ પડતી નથી, કારણ કે સઉ સઉના ઘોડા નિશાનીથી પરખાઇ આવે છે.

અહીં આગળ જ અનેક વસ્તુ વેચવા માટે ગુજરી ભરાય છે. વાદીઓ, જોશીઓ અને તમાસગીરો પણ એ ચોગાનમાંજ એકઠા થાય છે. હિંદુ અને મુસલમાન જાતના ભવિષ્ય જોનારાઓ પણ અહીં જ બેસે છે. એક ધૂળથી ભરેલા સાદડીના કકડા ઉપર આ વિદ્વાન ભવિષ્ય જોનારા બેશી રહે છે અને તેમના મોં આગળ એક મોટી જુની ચોપડી, ગૃહચક્ર અને પાટલા ઉપર રમળ પડેલા હોય છે. આ રીતે રસ્તે જનાર લોકનું તેઓ ધ્યાન ખેંચે છે, જેઓ તેમને ખોટા ન પડે એવા શુકન જોનાર તરીકે માને છે. એક પૈસો લઇને આ વિદ્વાનો માણસને તેનું ભવિષ્ય વાંચી આપે છે. જે માણસ પોતાના કામ માટે સવાલ પુછે તેનો હાથ તથા મોંડુ જોયા પછી તેઓ પોતાનો ફાટયો તૂટયો ચોપડો ઉથલાવે છે અને ગૃહની રાશીઓ ગણતા હોય તેમ વેંઢા ઉપર આંગળીઓ ફેરવી પુછનારે પોતાનું કામ કયારે શરૂ કરવું તેનું મૂહુર્ત આપે છે. વહેમી સ્ત્રીઓનાં ટોળાં પગથી માથા સુધીનો બુરખો નાંખી આવા ભવિષ્ય કહેનારાઓની પાસે જાય છે અને પોતાના મનનું તથા ઘરનું તમામ રહસ્ય તેની આગળ ખુલ્લુ કરે છે. હિંદુસ્તાનના વહેમી અને અજ્ઞાત લોક એવું માને છે કે ગૃહનું સારૂ નરતું બળ મનુષ્યના ઉપર ચાલે છે અને જોશીઓ તેને નિવારી શકે છે.

આ જોશીઓમાંના ઘણા તો ગોવાથી નાશી આવેલા હાફકાસ્ટ ક્રિશ્ચિયનો હોય છે; જેઓ બીજાઓની માફક મેલી સાદડી ઉપર બેશી રહે છે અને લખી વાંચી ન જાણવા છતાં પણ લોકને ઉંધુ છતુ સમજાવી દે છે; એમની ઘરાકી વધારે થાય છે. રમળ તરીકે તેઓ ભોળા લોકને ખલાસીઓનો હોકાયંત્ર દેખાડે છે અને જોતિષ શાસ્ત્રનાં પુસ્તકમાં પોર્ટુગીઝ ભાષાની જુની રોમીશ પ્રાર્થનાની ચોપડીઓ બતાવી તેમાંના ચિત્રને યુરોપિયન રાશિમંડળ તરીકે ઓળખાવી દે છે. આવા ઢોંગીઓમાંના એ-



કને આવું કામ કરતાં જેસ્યુટ પાદરી બુઝે દીઠો ત્યારે તેણે કહ્યું કે, 'બાપજી! શું કરીએ જેવો દેશ તેવો વેશ કરવો પડે છે.'

આ તો હું ગરીબ અને બજારમાં બેસનારા જોશીઓ વિષે બોલ્યો પરંતુ જેઓ ઘરબારી અને પાદશાહ તથા ઉમરાવોની સભામાં જનારા છે તે તો પોતાને મોટા વિદ્વાન ગણે છે અને સપાટાબંધ ગૃહસ્થ થઇ જાય છે. આખો એશિયાખંડ આવા વહેમમાં તારાજ થઈ ગયેલો છે. આ કપટબાજ જોશીઓને પાદશાહ અને ઉમરાવો મોટા મોટા પગાર આપે છે અને તેમની સલાહ લીધા વગર સહેજ પણ કામ કરતા નથી. તે આકાશમાં–ભાવિમાં લખેલું હોય છે તે જ વાંચે છે અને ગૃહ મંડળની ગણતરી કરી તથા કુરાનનાં પાનાં ઉથલાવી પ્રચ્છકના દરેક સવાલનો જવાબ આપે છે.

બે મોટા રાજ્યમાર્ગ જે ચાંદનીચોકમાં આવી મળે છે, તે ૨૫ થી ૩૦ ફીટની પોહોળાઈના છે. નજર પણ ન પહોચે એટલે સૂધી તે સીધાને સીદ્ધા દૂર ગયેલા છે, છતાં લાહોરી દરવાજાનો રસ્તો બીજા જેટલો લાંબો નથી. બન્ને રસ્તાઓ ઉપર ઘરની પંક્તિઓ સમાન છે. આપણી રાજ્ય પોળની માફક અહીં પણ આરકાં પાડેલાં હોય છે, ફેર માત્ર એટલો જ કે અહીં તે ઇંટોનાં બનાવેલાં છે. દરેક ઘરના ઉપર ઘણુંખરૂં ધાબુ વાળી લીધેલું હોય છે જે અગાશી તરીકે કામ આવે છે. વળી પેલેસ રોયલની રચનામાં અને આ માર્ગોનાં ઘરોની રચનામાં કંઇક ફેર છે, એટલે કે રસ્તાઓ ઉપર અહીં દુકાનો કાઢેલી હોય છે જેમાં દિવસે કારીગર લોક કામ કરે છે. માંડવીમાંની દુકાનોમાં વેપારીઓ બેસે છે. અંદર કોઠીમાં જવાનું નાનુ બારણું હોય છે અને રાતે વેપારીઓ ત્યાં પોતાનો માલ મૂકે છે.

માંડવીની ઉપર તથા પાછળના ભાગમાં વેપારી લોકનાં મકાન છે તે દેખાવમાં તથા હવાની આવજામાં ઠીક છે પરંતુ જો દૂર હોય તો જ છીયાડો ન આવે નહિ તો આવે જ. દુકાનના છાપરા ઉપર અગાસી હોય છે તેની સાથે એનો સંબંધ હોય છે. અગાશીમાં માલીક રાતે સુઈ રહે છે. આખા રસ્તામાં બધાં એકધારાં ઘર નથી. શહેરના બીજા થોડા જ ભાગમાં આવાં સારાં મકાન છે. બીજે ઠેકાણે દુકાનોની ભીતો એટલી નીચી છે કે રસ્તામાંથી છાપરૂ દેખાય. મોટા વેપારીઓની દુકાનો દૂર બઝારમાં

હોય છે અને તેથી સાંજે તેઓ પોતાને ઘેર જાય છે. કારીગર લોક તો ઘર અને દુકાન એક જ કરીને રહે છે.

ઉપર કહ્યા તે બે મોટા રાજ્ય માર્ગ જેવા બીજા પાંચ નાના મોટા માર્ગ છે પરંતુ તે માર્ગે સારાં રોનકદાર ઘર બાંધેલાં નથી. એકબીજાની સાથે મળી જતી ઘણી પોળો છે. પરંતુ તેમાં કંઇ કમાનો કાઢેલી હોતી નથી. વળી તેમાંનાં ઘરની ગોઠવણ પણ ઘર ધણીઓને જેમ પાલવે તેમ કરેલી અને બધાં એક જ વખતે નહિ બંધાયલાં એટલે સમાનતા રાખેલી જોવામાં આવતી નથી. ઘણાં જ થોડાં ઘર મોટાં સિદ્ધાં, રોનકદાર અને એકસરખાં બાંધેલાં હોય છે.

આ પોળોમાં મુનસફદારો, ઉમરાવો રાજ્યના બીજા અધિકારીઓ અને મોટા મોટા વેપારીઓ વસે છે. ઘણી પોળો તો તરેહવાર હોય છે. ઈંટનાં અથવા સાવ પથ્થરનાં બાંધેલાં તો ઘણાં થોડાં ઘર હોય છે. પીંઢારીઆં-માટીનાં અને જાવલીનાં છતાં અહીંના ઘરો ઘણાં જ રળીઆમણાં અને હવાવાળાં છે. કેટલાંક ઘર આગળ આંગણુ અને વાડીઓ પણ હોય છે. કેટલાંકમાં સારો સરસામાન હોય છે. સારાં મજેનાં લાંબાં અને મજબૂત પીઢીયાં પર ધાબાં બાંધી લીધેલાં હોય છે અને માટીની ભીતો સાવ ધોળેલી હોય છે. આ સારા લોકના વાસમાં મહી મહી કેટલાંક નીચાં ઉંચાં માટીનાં જાવલી નાંખેલાં ઘર છે તેમાં લશ્કરી માણસો અને રાજાના હલવા નોકર ચાકર વગેરે લોક રહે છે.

જાવલીનાં ઝુંપડાંને લીધે દિલ્લીમાં વારંવાર આગ લાગે છે. ગયા વર્ષના ઊનાળામાં જ્યારે પવન જરા વધારે જોરમાં હતો ત્યારે જુદી જુદી ત્રણ આગોથો ઊપર કહ્યાં તેવાં નાનાં નાનાં સાઠ હજાર ઝુંપડાં બળી ગયાં હતાં. જાવલીના ઝુંપડાંમાં લાગેલી આગ એટલી બધી સપાટાપુર ફેલાઈ જાય છે કે ઉક્ત આગોમાં ઘણાંક ઊંટ અને ઘોડા બળીને ભસ્મ થઈ ગયા હતા. વળી જનાનાની સ્ત્રીઓ જેમને લાજ કાઢવી પડે છે તે આગની વખતે બહાર જવાની શરમને લીધે નાશી જવાનું ન સુચતાં વારંવાર અગ્નિદેવને ભોગ પડે છે.

આવાં ઝુંપડાંને લીધે જ હું દિલ્લીને એક ઘણાં ગામના સમુદાય જેવું અને એક મોટી છાવણી જેવું લેખુ છે. ઊમરાવ લોકનાં ઘર જો કે નદી



ઉપર આવેલાં છે તેમ છતાં ઘણાખરા ઉમરાવો મોટી પોળોમાં રહે છે. હિંદુસ્તાન જેવા ગરમ દેશમાં સુમગતાવાળુ અને ઊત્તરના પવનના આગવાળુ છુટનું ઘર સઉથી શ્રેષ્ઠ ગણાય છે. સારાં મોટાં ઘર હોય છે તેમાં વાડો આંગણું ફૂલઝાડ, મોટાં ઝાડ, પાણીના ફૂવારા સુખાસનવાળા વ્યજન યુક્ત ઓરડા વગેરે બપોરની ગરમીને વખતે વિશ્રામ લેવા જોગ સઘળી ગોઠવણ કરેલી હોય છે. બપોરની નિદ્રા લેવાને માટે કેટલેક ઠેકાણે ઉંડાં અને સુઘડ ભોંયરાં હોય છે. લોક બપોરના ચાર પાંચ વાગ્યા સુધી તેમાં વિશ્રાંતિ લે છે. ઘણા માણસો ભોંયરાં કરતાં ટટીઓ બાંધેલાં જાુંપડાં પસંદ કરે છે, કારણ કે ત્યાં બહારથી પાણી લાવી ટટીઓ છંટાય છે એટલે ટટીમાં થઇને સુગંધીદાર શીતળ પવન ચાલે છે. બગીચાના મધ્ય ભાગમાં ચારે તરફની છૂટવાળું એક માણસ પુર ઊંચા પરથારે બાંધેલું ચાર દિવાનખાનાંવાળું ઘર તેઓ સર્વોત્તમ ગણે છે, કારણ કે એવા ઘરમાં બધે ઠેકાણે હવા આવે છે અને સુખ મળે છે. સાંજે પાણી છાંટીને શીતળ કરેલી અગાશીમાં સુવાનું હોય તેના જેવી તો મઝા બીજી એકે નહિ. એક મોટા વિશાળ ઓરડાની જોડે જ અગાશી હોય છે કારણ કે રાતે વરસાદ આવે, ધૂળનું કોરણ ચઢી આવે, અથવા પ્રભાતમાં ટાઢ વહાય ત્યારે ખાટલો ઊંચકીને અંદર પેસી જવાનું સહેલ પડે. વળી સવારમાં ઝાકળ પડે છે, તે પણ પોતાના શરીર ઊપર ન લેવા માટે લોક અંદર જતા રહે છે, કારણ કે ઝાકળથી હાડકાં ભાગી જાય છે અને ઘણીવાર સંધીવા જેવું થઇ આવે છે. એક સારા ઘરનાં દિવાનખાનામાં ચાર આંગળ જાડી રૂની ગાદી ચારે ખુણે પહોચી રહે તેવી રીતે પાથરેલી હોય છે. ગાદીના ઉપર દૂધ જેવી ધોળી ચાદર પાથરવામાં આવે છે. શીયાળામાં ધોળી ચાદરને ઠેકાણે રેશમી સેતરંજી પથરાય છે. દિવાનખાનાના શ્રેષ્ટતર ભાગ આગળ એ બે ગાદીની ઉપર વળી એક અથવા બે ચીકનના અને જરીના ભરત કામથી અત્યંત શોભાયમાન તથા મૂલ્યવાન ગલીચા માલીકને તથા તેવો જ કોઈ મોહા દરજ્જાનો માણસ મળવા આવે તેને માટે પાથરેલા હોય છે. દરેક ગલીચાની આગલ ભીંત સરસો એક ઉમદા રેશમી કિનખાબનો તકીઓ આઠેલવાને માટે મૂકવામાં આવે છે. વળી કેટલાક ભરેલી સાટીનના ફૂલવાળી મખમલના, મશરૂના કે કીનખાબના તકીઆ ગાદી ઊપર ચારે ત-

રફ મૂકેલા હોય છે, જે સર્વેજણને આઢેલીને બેસવાના કામમાં આવે છે. જમીનથી પાંચ છ ફીટની ઊંચાઇએ મનપસંદ પડતી રીતે કોતરી કહાડેલા ભીતોમાં ગોખલા હોય છે અને તેમાં નાના પ્રકારનું ચીની કામ ગોઠવેલું જોવામાં આવે છે. કોઇ કોઈમાં પુષ્પનાં વાસણ પણ મૂકેલાં હોય છે. દિવાનખાનાની છત સોનેરી ઢાળ ચડાવેલી અને વેલથી ચીતરેલી હોય છે પરંતુ ધર્મથી મનાઈ હોવાને લીધે તેમાં મનુષ્ય કે જનાવરનાં ચિત્ર ચિતરેલાં નથી હોતાં. આવી મનોરંજક રીતે શણગારેલાં દિવાનખાનાંવાળાં ઘર કંઈ દિલ્હીમાં ઓછાં નથી, ઘણાં છે. અને આવાં ઘરોને લીધે ખુશીથી એમ કહી શકાય કે દિલ્લી હિંદુસ્તાનનું રાજ્યનગર કંઈ સૌંદર્યમાં જાય તેમ નથી, જો કે યુરોપનાં રાજ્યનગરોની બરોબરી તો તેનાથી થાય તેમ નથી એમ મેં આગળ કહેલું જ છે.

યુરોપનાં નગરો તેમની દુકાનોના ભભકાથી શોભી રહે છે આવી ભભકાબંધ દુકાનોની દિલ્હીમાં ખોટ છે. દિલ્હી એક મહાન અને ધનવાન્ રાજ્યનું રાજ્યનગર છે તથા જો દુકાનો હોય તો ઘણો ઉંચી જાતનો માલ ખપે પણ ખરો, છતાં પારીસની એસ. ડેનીશના જેવી વેપારી પેઢી અત્ર તો શું પણ આખા એશિયાખંડમાં કાંહી પણ નથી. અહીયાં તો કિમતી માલને વખારોમાં ભરી રાખે છે. ભારે કિમ્મતનો અને દેખાડો કરવાનો માલ ભાગ્યે જ દુકાનમાં રાખવામાં આવે છે. આખા શેહેરમાં રેશમનાં, સુતરનાં, મુલાયમ કપડાં, કીનખાબ અને જરીકામનાં તથા લપેટાનાં સુંદર લુંગડાંની આશરે પચીસેંક દુકાનો સારી છે, બાકીની બધી દુકાનો જુઓ તો ત્યાં તેલનાં અને ઘીનાં કુલ્લાંના ગંજ, અને જવ, ચોખા, ઘઉ, બાજરી, જુદી જુદી જાતનાં અને બીજાં ઘણીક જાતનાં અનાજથી ભરેલા ટોપલાઓ એક એકની ઉપર ખડકી મૂકેલા જોવામાં આવે છે. માંસ પણ એવી દુકાનોપર વેચાતુ નથી, કારણ કે હિંદુઓ માંસ ખાતા નથી. ગરીબ મુસલમાનો અને હળવાપગારના સૈનિકો પણ તે ખાતા નથી એટલે જ્યાં ને ત્યાં નેસ્તીની દુકાનો જ નજરે પડે છે.

ફળ ફળાદિનું બજાર છે તે અલબત્ત જરા દેખાડો કરે છે, આ બજારમાં ઘણી દુકાનો છે અને ઉનાળામાં તેમાં ઈરાન, બલ્ક, બોખારા, અને સમરકંદનો સુકો મેવો પુષ્કળ વેચાય છે. સુકામેવામાં, આલુ, આલુ બોખાર, ધોળી અને લાલ દ્રાક્ષ, પસ્તાં, બદામો, વગરે હોય છે, જ્યારે લીલા મેવામાં શીયાળામાં લીલી, કાળી અને ધોળી દ્રાક્ષ મળે છે, તે પણ ઉક્ત દેશોમાંથી આવે છે. દ્રાક્ષના દાબલામાં રૂ રાખવામાં આવે છે. વળી જામફળ, દાડિમ, સુકાં અને લીલાં એપલ ત્રણ ચાર જાતનાં તડબુચ વગરે મેવો આખો શીયાળો પુષ્કળ મળે છે. આ મેવો ઘણો મોંઘો મળે છે છતાં ફળ અને મેવાના જેવી બીજી મહેમાનગીરી નથી. ઉમરાવોનું મોટું ખરચ મેવાની ખરીદી છે. મારો આગો સવારના જમણ વખતે જ માત્ર ૨૦ ક્રાઉન જેટલા પૈસા મેવા પાછળ ખરચે છે, એમ વારંવાર મારા જાણવામાં આવેલું છે. ઉનાળામાં દેશી તડબુચ સોંઘાં મળે છે ખરાં પણતે ઊચી ઊંતનાં લેખાતાં નથી. ઉમરાવોના બાગમાં ખાસ સંભાળથી ઈરાનથી આણેલાં બીજ વાવીને પકવવામાં આવે છે તે સારાં થાય છે; સારાં કલિંગડ અત્રે થતાં જ નથી કારણકે હિંદુસ્તાનની જમીન એને બંદબેસતી નથી એટલે એક વર્ષ સારાં થયા છતાં તેનાં બીજ બીજે વર્ષે કામ આવતાં નથી.



ઉનાળાના પાછલા બે મહિનામાં આંબા–અથવા કેરીઓ પુષ્કળ અને સોંઘી મળે છે. પરંતુ દિલ્લીની આસપાસ તે એવડીબધી સારી થતી નથી. બંગાળ, ગોવળકાંડા અને ગોવા તરફથી આવતી કેરીઓ ઘણી જ સારી હોય છે. કેરીના જેવી સ્વાદીષ્ટ વસ્તુ મારી ધારણા પ્રમાણે બીજી કોઈ નથી.

પાણીમાં તડબુચ આખુ વર્ષ મળે છે પણ દિલ્હીનાં તડબુચ તો પોચાં, રંગ વગરનાં અને જરાય મીઠાં હોતાં નથી. જો આ ફળ કયાંય સારાં મળતાં હોય તો તે માત્ર ગૃહસ્થ ઉમરાવોને ત્યાંજ સારાં મળે છે, કારણ કે તેઓ દેશાવરથી બીજ મંગાવી ઘણી સંભાળથી પોતાના ઘરની વાડીઓમાં પકવે છે. શહેરમાં કંદોઇની દુકાનોની કંઈ ખોટ નથી પરંતુ મીઠાઈ સારી રીતે બનાવવામાં આવતી નથી અને તેના ઉપર માખોનાં ટોળાં ઉડા કરે છે તથા તેમાં રસ્તાની રજ ભરાય છે, ભઠીઆરા પણ ઘણા છે છતાં તેમની રાંધણી આપણા જેવી સારી ન હોઈ ઘણી ખોડ ભરેલી છે. તેઓ રોટલી સારી કરતા નથી અને તેને પુરી સેકતા નથી. કિલ્લામાં મળતી રોટલી સારી થાય છે પરંતુ ઉમરાવ લોક તો તે પોતાને ઘેર બનાવે છે એટલે સારી બને છે. રોટલીમાં ઘી, દૂધ અને ઈંડા વગરે નાંખવામાં તેઓ કચાસ રાખતા નથી પરંતુ સેકતાં તેના ઉપર ચાંઠઇયાં પડી જાય એટલે

બળેલા જેવો સ્વાદ આપે છે. રોટલી નહિ પણ તેને ભાખરી કહીએ તો ચાલે અને તે પણ એવી કે પારીસનાં હોટેલમાં બનતી લહેજતદાર ભાખરીઓની સાથે તો સરખાવી શકાય જ નહિ.

બજારમાં કેટલીક દુકાનોમાં રાંધેલું તેમજ કાચુ માંસ વેચાય છે પરંતુ તે શેનું છે તે ખાતરીથી કહી શકાતું નથી કારણ કે તે લોકો ઉંટ, ઘોડા અને વખતે મરી ગયેલા બળદનું માંસ પણ વેચે છે. રોગથી મરી ગયેલા જનાવરનું માંસ પણ તેઓ વેચે છે એટલે બજારના માંસ ઉપર વિશ્વાસ રાખી શકાતો નથી. ઘેર પોતાને હાથે તૈયાર ન કર્યો તે સિવાયનો કોઈ પણ ખોરાક સારો છે એવી ખાતરી રાખી શકાતી નથી. શહેરમાં બધી જગાએ માંસ વેચાય છે પરંતુ 'મટન' ને ઠેકાણે વેપારીઓ બકરાનું માંસ ધાપડી આપે છે. આ દગાને માટે ઉપાય થવો જોઇએ છીએ; કારણ કે ' મીટ ' અને ગાયનું માંસ, તેમાં પણ ખાસ કરીને મટન જો કે સ્વાદમાં નઠારૂ ન હોવા છતાં ગરમ, બાદી કરતા અને ન પચી શકે એવું હોય છે. બકરાનાં બચ્ચાનું માંસ સારૂ હોય છે પણ તે બજારમાં તો કોઈક વખત જ મળે છે. લવારૂ જીવતું ખરીદવું જોઇએ, પણ તે ઘણુંજ અસુગમ પડે છે; કારણ કે તેનું માંસ એક રાતવાસો રહી શકતું નથી, જો રાખીએ તો બગડી જાય, બજારમાં બકરીનું માંસ વેચાય છે પણ તે પાતળુ અને લુંખુ હોય છે.

લોકની રીતભાતનો પરિચય પડ્યા પછી મને કોઈ દિવસ નઠારૂ માંસ કે રોટલી મળ્યાં નથી, એટલે આ પ્રમાણે અત્ર મળતી વસ્તુઓના સંબંધે દોષ દેખાડવા એ અકારણું જેવું છે. હું મારા ચાકરને કિલ્લામાં પાદશાહના વેપારી પાસે મોકલું છું અને મોંની માગી કિમ્મત આપું છું એટલે તે મને સારો માલ મોકલાવે છે. દોડસો રૂપિયા ખરચવા છતાં પણ જો હું આ પ્રમાણે કિલ્લામાંથી ખાવાનું ન મગાવું તો ભૂખે મરી જાઉ, એમ મેં જ્યારે એકવાર મારા આગાને કહ્યું ત્યારે તે હસ્યો હતો. આપણે ત્યાં તો આઠ આનામાં રાજાના જેવું ખાવાનું મને મળી શકે.

દરેક જાતના પ્રાણી તરફ અત્રેના લોક ઘણા દયાળુ હોવાથી મરઘાં તો ઘણું ખરૂં મળતાંજ નથી. મરઘાંમાં નર બાતલ થાય છે જો કે જનાનામાં મરઘા ખપે છે એમાં શક નથી. બજારમાં મરઘીઓ ઘણી અને



સોંઘી મળે છે. બીજાં પક્ષી કરતાં એક નાની મરઘી થાય છે તે ઘણી જ નાજુક અને સુકુમાર હોય છે, જેને હું ઇથિયોપીઅન કરીને કહું છું. આ મરઘીની ચામડી સાવ કાળી હોય છે પણ તેનો સ્વાદ સરસ છે. કબૂતર બજારમાં વેચાય છે, પરંતુ નાનાં મળતાં નથી, કારણ કે અત્રેના લોક કહે છે કે તેને મોટું થયા વગર મારી નાંખવું એ કૂર કર્મ કહેવાય.

આપણા દેશના કરતાં અહીં હંસ નાના થાય છે અને પારધી તેને જીવતા જ ઝાળમાં પકડી લાવે છે. તે દૂરથી આવે છે પણ પક્ષી ખોરાકમાં તે ઘણા સારા નથી. બતકો અને જળ કુકડીઓને પણ ઝાળીદાર પાંજરામાં લાવે છે પરંતુ તે પણ હંસની માફક સારાં હોતાં નથી. અત્રેના માછીઓ કંઈ વિચિત્ર હોય છે, તેઓ એ જાતનાં સારાં માછલાં પકડી લાવે છે; પરંતુ જ્યારે ઢંડી પડતી હોય ત્યારે તેઓ માછલાં પકડવાનો ધંધો ચાલતા સુધી કરતા નથી, કારણ કે યૂરોપિયનો ગરમીથી જેટલા નથી ડરતા એટલા આ લોકો ઠંડીથી ડરે છે. બજારમાં જે માછલાં મળે છે તે માત્ર ખોજાઓ પકડી લાવે છે. એમને માછલાં પકડવાનો શોખ હોય છે, શા કારણથી તે હું જાણતો નથી. ઉમરાવો તેમના આંગણામાં રાખી મૂકેલા કોરડાના દોરથી જ્યારે માછીઓ પાસે માછલાં પકડાવી મંગાવે છે ત્યારે, બાકી માછીઓ પોતે લાવતા નથી. સારા ભોજનના શોખીન માણસે પારીસ છોડી દિલ્લીની મુલાકાતે આવવું કે કેમ તે મેં આપેલા વર્ણનથી આપ જ વિચારી લેજો. મોટા માણસોને તો સઘળી સારી વસ્તુઓ મળે છે એમાં શંકા નથી, પરંતુ તે તેમના માણસોના બાહુલ્યથી, કોયડાના દોરથી અને પૈસાની છૂટથી તેમને પ્રાપ્ત થાય છે. દિલ્લીમાં વચલા વાંધાના લોકની વસ્તી છેજ નહિ, ગરીબ અને તવંતર માત્ર છે. બજારોમાં કંઈજ મળતું નથી એટલે જો કે મારો પગાર સારો છે તેમ છતાં પણ હું મનમાં આવે તે વસ્તુ બજારમાંથી મગાવી મારા મનને સંતોષ આપી તૃપ્ત કરી શકતો નથી. મોઝ મઝાની મુખ્ય ચીજ જે દારૂ તે તો દિલ્લીમાં એકે દુકાને મળતો નથી. દારૂ, ગામઠી દ્રાક્ષમાંથી પણ બને છે છતાં હિંદુઓ તેમજ મુસલમાનોના ધર્મ શાસ્ત્રમાં તેની મનાઈ હોવાથી તે બનાવવામાં આવતો નથી. ડચ અને અંગ્રેજોનાં ઘરમાં મેં અમદાવાદ અને ગોવળકાંડામાં દેશી દારૂ પીધો હતો તે કંઈ નઠારો નહોતો. મોગલના રાજ્યમાં જો કાંહી પણ દારૂ જોવામાં આવે છે તો તે કાંતો સીરાજનો કિંવા કેનરીઝનો હોય છે. સીરાજનો દારૂ ઈરા-

નમાંથી પ્રથમ ખુશકી રસ્તે આબાસી બંદર આવે છે, ત્યાંથી સુરત અને સુરતથી ૪૬ દહાડે દિલ્લીમાં આવે છે. કેનરીઝ દારૂ ડચ લોક સુરત લાવે છે. આ બે જાતના દારૂ એટલા મોંઘા મળે છે કે પીવાનું મન જ ન થાય. આપણી ત્રણ પેંટની એક શીશી છ અને સાત ક્રાઉનથી ઓછે મળતી નથી. આ દેશમાં દારૂ તરીકે કાચી શેલડીમાંથી અરક કઢાય છે તેજ માત્ર. આ અરક પણ ખ્રીસ્તીઓ વગર બીજુ કોઈ ખુલ્લી રીતે પી શકતું નથી. પોલાંડમાં અનાજમાંથી બનાવવામાં આવે છે તેવો આ અરકનો સ્વાદ ઘણોજ તીગ્મ અને બળતો હોય છે. રોગમાં, અપચામાં વગરેમાંજ માત્ર તેનો ઉપયોગ થાય છે. દારૂ પીનારો માણસ પણ અહીં આવ્યો હોય તો તે સુંદર અને ટાઢુ પાણી પીવા શીખે અથવા તેને સોંઘો અને બીન હરકતી લીંબુનો સરબત મળી શકે, જે કંઈ હરકત વગર પીવાય છે. સત્ય કહું તો અહીના જેવા ગરમ દેશમાં ભાગેજ દારૂ પીવાનું મન થાય છે. અહીં દારૂ પીવાની રીત નથી તે સારી છે, કારણ કે જ્યાં તાપ ઘણો અને પરસેવાથી નવાઇ જતા હોઇએ ત્યાં દારૂ જેવી વસ્તુનું શું પ્રયોજન છે. સંધીવા, પથરી. પેસાબ સંબંધી રોગ ની પીડા, સલેખમ, અને ઘર કરી રહેલા તાવ વગરે રોગો તો આ દેશમાં જણાતા પણ નથી; અને ઉપર કહ્યા તેમાંના કોઈ પણ રોગથી પીડાતો આદમી હિંદુસ્તાનમાં આવે છે તો તેનો તે રોગ નાબુદ થાય છે. હું એવા એક રોગથી પીડાતો હતો જે હિંદુસ્તાન આવ્યા પછી બીલકુલ નાબુદ થયો છે. હિંદુસ્તાનમાં સંભોગ જન્ય રોગ ઘણા ચાલે છે ખરા, પરંતુ દુનિયાંના બીજા દેશોની માફક તે કંઈ ભયંકર થઈ પડતા વા દુષ્ટ પરિણામ પામતા જણાતા નથી. લોકતંદુરસ્તી હિંદુસ્તાનમાં ઘણી સારી જોવામાં આવે છે તેમ છતાં શીત પ્રદેશના લોક કરતાં શકિતમાં તેઓ નબળા અથવા આળસુ માલૂમ પડે છે. ગરમ દેશ અને ઘણી વાર તાપની બીમારી વારા ફરતી આવી જતી હોવાથી ગરમીને લીધે લોક કમતાકાદ અને મનના નબળા જોવામાં આવે છે. અત્રે આવીને રહેલા યૂરોપિઅનોમાં હજી એવી રૂધિરની ગરમીની અસર વધારે જોવામાં આવતી નથી.

જેમાં સારા હોંશિયાર કારીગરો કામ કરતા હોય એવાં કારોગીરીનાં કારખાનાં તો દિલ્લીમાં શોધ્યાં પણ જડે તેમ નથી, એ બાબતમાં દિલ્લીથી જરાય ગર્વ લેવાય તેમ નથી. આમ હોવાનું કારણ કંઈ એ કારીગીરી બી-



લવવામાં લોકો અશકત છે એવું નથી, પરંતુ તેમને મદદ નથી. હિંદુસ્તાનના દરેક ભાગમાં હોંશિયાર અને બુદ્ધિશાળી કારીગર લોક રહે છે. અભ્યાસ તરીકે જરાય શીક્ષણ લીધું ન હોય એવા અને કોઇ પણ જાતના સારા ઓજાર વગર સામાન્ય બુદ્ધિબળથી બનાવેલાં કારીગીરીનાં અચંબો પમાડે એવાં કામ જોવામાં આવે છે. યૂરોપની બનાવટનાં કેટલાંક કારીગીરીવાળાં કામને તેઓ એવી તો ચતુરાઇથી અનુકરણ કરી નવાં બનાવે છે કે મૂળ યૂરોપનું અને હિંદુસ્તાનના અજ્ઞાન કારીગરે બતાવેલું કામ કયું તે પારખી પણ શકાતું નથી. બીજી ઘણી વસ્તુઓ સાથે હિંદુસ્તાનના લોક ઘણી સારી બંદુકો, કુંદાઓ, પિસ્તોલો, અને સોના રૂપાના દાગીનાઓ એવા તો સરસ બનાવે છે કે, યૂરોપનો શીક્ષણ લીધેલો ઉત્તમ સોની પણ તેવા બનાવી શકે કે નહિ, તેને માટે શક રહે છે. હિંદુસ્તાનના ચીતારાઓની ચિત્ર સુંદરતા, નરમાસ અને નાજુકતાથી હું વારંવાર વિસ્મય પામ્યો છું. તેઓ સૂક્ષ્મ ચિત્રમાં એક્કા છે તેમાં પણ અકબરનાં પરાક્રમનું એક ચિત્ર ઢાલ ઉપર ચિતરેલું મેં જોયું હતું તેમાં તો અવધી વાળી દીધેલી હતી. એ ચિત્ર ચીતરનારને સાત વર્ષ સુધી કામે લગાડેલો હતો. હું એ કામને એક આશ્ચર્યજનક કામ તરીકે લેખું છું. હિંદુસ્તાની ચિતારાઓ મુખાકૃતિ અને અવયવોના સમાન નાના મોટાપણામાં ભૂલ કરતા જણાય છે, પરંતુ જો સારા શિક્ષકથી ચિત્રકળાનું શિક્ષણ આપવામાં આવે તો એ ખોટ ઝટ દઇને સુધરી જાય એવી છે. *

---

* મહાન અકબર પાદશાહે જેપુરના હોંશિયાર ચિતારા પાસે ત્રણ મહાન ચિત્રો ચીતરાવેલાં છે, જેનો જોટો આખા હિંદુસ્તાનમાં નથી. આ ત્રણ ચિત્રોમાં એક રામાયણનું ચિત્રછે, જેમાં રામ ચરિત્રના દરેક બનાવને આબેહુબ ઉતારવામાં આવેલ છે. બીજુ ચિત્ર મહાભારતનું છે અને તેમાં મહાભારતના પ્રાસંગિક આલોક ચિતરવામાં આવેલો છે. ત્રીજુ ચિત્ર પાંડવાશ્વમેધનું છે અને તેમાં યજ્ઞશાળા વગરેના ચિતાર આપવામાં આવેલા છે. આ ત્રણ પ્રસિદ્ધ ચિત્રના નમુનાઓ ઉપરથી પહેલાનું અનુકરણ જેપુરના એક બીજા આધુનિક ચિતારા મી. ગંગાબક્ષે જેપુર મ્યુઝીયમના ઓનરરી સેક્રેટરીની ફરમાસથી ૧૮૯૧ માં તૈયાર કર્યું હતું બીજાં બે ચિત્રોનાં અનુકરણ પણ કરવામાં આવેલાં છે. ચિત્રના સંબંધમાં અકબર ઘણો શોખીન હતો. આઇન અકબરીમાં અકબર સાહના પોતાના બોલો તરીકે લખેલું છે કે, એકવાર મિત્રમંડળમાં બેઠેલા હતા ત્યારે તેમણે કહ્યુ હતું કે, ચિતારો મનુષ્યને ઇશ્વરનું સ્મરણ આપે છે એટલે કે તે પોતે વાં ચિત્ર ચિતરે છે કે જે જોતાં આપણને તે જીવતાં હોય તો

નગરમાં ઉંચી જાતની કારીગીરીનો માલ જોવામાં આવતો નથી તેનું કારણ કંઈ કારીગરોમાં એવી બુદ્ધિપ્રભા નથી એમ નહિ. કારીગરો અને વણકરોને જો ઉત્તેજન અપાતું હોય તો તેઓમાં વૃદ્ધિ થાય; પરંતુ અહીં તો એવા દુર્ભાગ્ય કારીગરોને ધિક્કારવામાં આવે છે અને તેમના ઉપર સખ્તાઈ વાપરી કામ લેવા છતાં મહેનતનો બદલો આપવામાં નથી આવતો. ગૃહસ્થોને દરેક વસ્તુ સોંઘામાં જોઇએ છીએ. જ્યારે કોઈ ઉમરાવ કિવા મુનસફદારને કારીગરની જરૂર હોય છે ત્યારે બજારમાંથી તેને બોલાવી મંગાવે છે અને ન આવે તો જોર જુલમથી પકડાવી મગાવે છે, અને તેની પાસે પોતાને ઘેર કારીગરીનું કામ કરાવે છે, તથા છેવટ જ્યારે કામ પુરૂં થાય છે ત્યારે કારીગરને તે માગે તેટલા પૈસા આપતા નથી, પરંતુ પોતે જે આપવું ધાર્યું હોય તેજ આપે છે. કારીગર બિચારો મહેનતના બદલામાં કોરડાનો માર ન પડે અને થોડા તો થોડા પણ પૈસા મળે તો તેથી રાજી થઈ ચાલ્યો જાય છે. જ્યાં આવી રીતે કામ લેવામાં આવે ત્યાં સારા અને હોંશીયાર કારીગરો અને વણકરોનો વધારો કે સુધારો થવાની તો આશાજ કેમ રખાય? કારીગરો બિચારા આથી પોતાનું કામ એક ઉત્તમ કારીગીરી કરીને નામ મેળવવું એવી ધારણાથી કરતા નથી, પરંતુ પોતાનું અને કુટુંબનું પોષણ થાય તેટલાં નાણાં મળે એવા વિચારથી કરે છે. પાદશાહની કિંવા કોઈ મોટા ઉમરાવની નોકરીમાં કામે લાગ્યા હોય તેજ કારીગરો પોતાની બુદ્ધિ વાપરીને પોતાના આશ્રય દાતાને માટે ઉત્તમ કારીગીરીનું કામ કરે છે.

કિલ્લામાં રાણી મહેલ અને બીજાં રાજકીય મકાનો આવેલાં છે, પરંતુ આપ એમ તો ધારતા જ નહિ કે તે ફ્રાન્સના જેવાં સુન્દર હશે. કિલ્લામાં આવેલાં મકાનોની બાંધણીમાં જરાય યૂરોપિયન મકાનોની છાયા જેવું નથી, અને એમ હોવાની જરૂર નથી, કારણ કે તે આ દેશની હવાને અનુકૂળ

કેવું સારૂં એવો વિચાર ઉત્પન્ન થઇ 'જીવ' મૂકવો એતો ઈશ્વરનું કામ છે માટે તેના તરફ આપણું ધ્યાન જાય છે. ઘણા ધર્માંધ અને બીજા લોકો કહે છે કે ચિત્ર એ કંઈ નહિ પણ નવરાના મનરમાડાની નિશાની છે પરંતુ એમ નથી, ચિત્ર છે એ માનવ બુદ્ધિનો અને ઈશ્વરવિષે વિચાર ઉત્પન્ન થવાનો એક અત્યુત્તમ પ્રસંગાવકાશ અને કારીગરીનું કામ છે. હાલ ચિત્ર કળામાં સુધારો થયો છે છતાં સૂક્ષ્મ અને સૂક્ષ્મતર ચિત્રો જેવાં હિંદુસ્તાનીઓ ચિતરે છે તેવાં શીક્ષણપામેલા ચિતરી શકતા નથી, રાજા રવિવર્મા હાલનો આર્યચિતારો હિંદુસ્તાનમાં સર્વોપરિ છે.



બાંધણીએ બાંધેલાં છે, એટલુંજ બસ છે. કિલ્લાના મુખ્ય દરવાજા આગળ કશુંએ ધ્યાન ખેંચે એવું નથી, સિવાય કે દરવાજાના સામા સામા ટોડા આગળ બે મોટા હાથીઓ ઉભા કરેલા છે અને તેમના ઉપર બે વીર રજપૂતોનાં પુતળાં મૂકેલાં છે. એક હાથીના ઉપર ચિતોડનો શૂરવીર રાજા જેમલ છે અને બીજાપર તેનો ભાઈ ફત્તા છે. મહાન્ અકબરે જ્યારે ચિતોડ નગર લેવાને માટે ઘેરો ઘાલ્યો ત્યારે આ બે વીર રજપૂતોએ પોતાના દેશના અને ધર્મના રક્ષણમાં પુંઠ કિંવા નતિ ન આપતાં સામી છાતીએ શત્રુને મારતાં યશની સાથે રણભૂમિમાં શયન કરવું એજ પોતાનું શ્રેય ઇચ્છ્યું હતું. તેમની સ્વદેશ ઉપરની અનન્ય ભકિત અને શૂરવીરતાને લીધે તેમનાં પુતળાં કરીને તેમના શત્રુઓએ પોતાના કિલ્લા આગળ મૂકાવેલાં છે. બે વીરસ્વારોથી આરોહિત આ બે દરવાજા આગળના મોટા હાથીઓ જોતાં મારા મનમાં તેમના વીરત્વ વિષે જે ભકિતની અસર અને માન ઉત્પન્ન થયાં હતાં તે કહેવાને માટે હું શકિતવાન નથી.

દરવાજામાં થઇને કિલ્લામાં પેસતાં એક સજીવન વહેતા પાણીની નહેરથી દ્વિધા થતો મોટો માર્ગ જોવામાં આવે છે. આ મોટા રસ્તાને ઉચો કરેલો છે અને તેની બન્ને બાજુએ અડાળીઓ ઉતારેલી છે. આખી અડાળી આરકાંથી બનાવેલી સળંગ છે. આ વિશાળ અડળીઓમાં બજારની ઉપજ લઈ આવેલા મહેસુલના અધિકારીઓ કંઈ પણ ગડબડ વગર પોતાનું કામ બજાવી જાય છે. એ તારવેલા માર્ગ ઉપરજ મુનસફદારો અને ઉતરતા વર્ગના ઉમરાવો રાત્રે પહેરા ઉપર રહે છે. નહેરની શેરો જુદે જુદે ઠેકાણે થઈ જનાનખાનામાં થઇને પાછળ મોટી કિલ્લાની પરિખામાં પડે છે. દિલ્લીથી પાંચ છ ગાઉ ઉપરથી ખેતરો અને પથ્થરી જમીનમાંથી ખોદી કઢાડેલી એક નહેર–કાંસ વાટે આ પાણી જમુના નદીમાંથી આવે છે અને વહ્યા કરે છે.

બીજા પણ મુખ્ય દરવાજાઓમાં પેસતાં રસ્તાની બન્ને બાજુઓએ અડાળીઓ ઉતારેલી જોવામાં આવે છે. આ અડાળીઓમાં વેપારી લોક બેસે છે અને સત્ય કહું તો તે બજાર જ કહેવાય. ઉન્હાળામાં તથા ચોમાસામાં છાપરાવાળું હોવાથી આ બજાર સારૂ સગવડ કરતા થઈ પડે છે. દુકાનોમાં આરકાંથી અને છાપરામાં રાખેલાં બગાંથી હવા અને અજવાળુઆવે છે. આ મોટા દરવાજાઓ સિવાય ઊત્તરમાં તેમજ દક્ષિણમાં બીજી નાની બા-

રીઓ પણ છે તે રસ્તે ઉમરાવ લોકો જ્યાં પહેરા ઉપર રહે છે ત્યાં જવાય છે. અઠવાડિયામાં એકવાર ચોવીસ કલાક સૂધી દરેક ઉમરાવને વારા ફરતી ત્યાં આગળ પહેરો રાખવો પડે છે. આ જગા ઉમરાવો પોતાના ખરચે સમરાવીને શોભાયમાન રાખે છે. પાદશાહના નજરબાગની સામે આવેલી આ જગાની પાસે એક નહેર છે અને ત્યાં આગળ ફુવારા વગરેની રચના ઘણીજ મન પસંદ કરેલી જોવામાં આવે છે. પહેરા ઉપરના ઉમરાવનું ખાણું પાદશાહી રસોડેથી આવે છે. ભાણું તૈયાર ત્યાં આગળ આવે છે અને ઉમરાવો ઘણા માનથી જેમ નવેદ આવ્યું હોય તેમ રેશાચાલની માફક સલામો કરી તે સ્વીકારી લે છે. આ સિવાય બીજાં પણ ઘણાં સરકારી મકાનો અને તંબુઓ નગરમાં છે, જે સરકારી કામ કાજની અદાલતો તરીકે વપરાય છે.

કારીગરોને કામ કરવાનાં મકાનો જેને કારખાનાં કહેવામાં આવે છે તે ઘણાં છે. એક વડા માણસની દેખરેખ નીચે એક કારખાનામાં ભરત ભરનારા કામપર લાગેલા હોય છે, તો બીજામાં સોનીઓ પોતાના કામમાં પડેલા જોવામાં આવે છે. ત્રીજામાં ચીતારા, ચોથામાં રંગારા, પાંચમામાં દરજીઓ, સાલ બેસારનારાઓ અને મોચીઓ, તો છઠ્ઠામાં ઊંચી જાતનાં મુલાયમ કપડાં, મસરૂ અને કિનખાબ વણનારાઓ બેઠેલા જોવામાં આવે છે. આ લોકો બહુજ સુન્દર વણાટ કહાડે છે, તેમાં પાઘડીઓ તથા સ્ત્રિયોને પહેરવાનાં કપડાં ઘણાં જ સારાં થાય છે. સોનાના બુટાવાળું એક જાતનું કપડું જે સ્ત્રીઓને માટે સોયાથી ગુંથીને બનાવવામાં આવે છે તે તો માત્ર એક રાત અથવા થોડા કલાક જ વાપરાય છે છતાં તેની કિમ્મત દશ, બાર અને તેથી પણ વધારે સોનૈયા પડે છે.

કારીગરો રોજ સવારના પહોરથી કારખાનામાં જાય છે અને આખો દહાડો ત્યાં કામ કર્યા કરે છે. સાંજે તે પાછા પોતાને ઘેર જાય છે. આ પ્રમાણે અનુક્રમે કામ કરતાં શાંતિમાં તેમનો વખત ચાલ્યો જાય છે. જે માણસ જે ધંધામાં જન્મ્યો હોય છે તે ધંધો કરતાં જ કંઈ પણ નવા સુધારા વગર તે મરણ પામે છે. ભરતનું કામ કરનારો પોતાના છોકરાને ભરતનું કામ શીખવે છે, સોનીનો છોકરો સોની થાય છે અને વૈદ પોનાના છોકરાને વૈદુ જ શીખવે છે. દરેક માણસો પોતપોતાની જાતમાં પરણે છે. આ નિયમ હિંદુ તેમ જ મુસલમાનોમાં ઘણી જ સાવધાનીથી પાળવામાં



આવે છે અને કોઈપણ માણસ પરજાતમાં પરણી શકતો નથી. આથી ઘણીક રૂપાળી છોકરીઓને બીચારીઓને કુંવારો ભવ ગાળવો પડે છે. પોતાના કુટુંબ કરતાં જરાક ઉતરતાની સાથે પરણાવે તો ઘણી છોકરીઓ પરણે પરંતુ માબાપ તેમ કરતાં નથી.

ઊપર વર્ણવી તે બધી જગાઓ ઉપર થઈને હવે આપણે આસેખાસ અથવા રાજ્યમહેલ આગળ આવીએ છીએ, જેનું વર્ણન કરવું પણ મારે વિસરી જવું જોઇતુ નથી. આ રાજમહેલ ખરેખર એક અત્યુત્તમ મકાન છે, રાજમહેલમાં પ્રથમ એક મોટો કમાનદાર ઓરડો છે અને તે આપણા રાજ્ય મહેલથી બીલકુલ ઉતરે એવો નથી, છતાં તેના ઊપર મકાન નથી. દરેક કમાન આગળ ભીંત છે છતાં તે એવી કે એકમાંથી બીજામાં જવાની તેમાં એક બહારી હોય. આ દરબાર ઓરડાના મોટા બારણા ઉપર એક દરબારની સામે પડતી મેડી કહાડેલી છે જેને નગારખાનું કિંવા ટકોરખાનું કહે છે. નગારખાનામાં નાનાં મોટાં વાજીંત્રો રાખેલાં હોય છે, તે રાત્રિના તથા દિવસના મુકરર કરેલા વખતે વગાડવામાં આવે છે. તેમાં મોટી પખાજો અને બીજાં વાજાં વાગે છે તે નવા આવેલા યુરોપિઅનના કાનને તો તરેહવાર લાગે છે. કરણ નામનું વાજુ ઘણુ લાંબુ હોય છે અને તેનો છેવટનો ભાગ એક ફુટ જેટલો પહોળો હોય છે. પીતળનાં અથવા લોખંડનાં બનાવેલાં તતુડાં તો એટલાં મોટાં હોય છે કે તેનો પ્રાંત ભાગ ઘણો જ પહોળો હોય છે. નગારખાનામાંથી કેવો તુમુલ ઘોષ નીકળતો હશે તે આ ઉપરથી આપ વિચારી લેશો એટલે બસ છે. હું જ્યારે પ્રથમ દિલ્લીમાં આવ્યો ત્યારે તો આ નગારખાનાંનો તુમુલ ઘોષ મારાથી સહન પણ થતો નહિ, છતાં પરિચયનું કામ એવું તો રમુજી છે કે હાલ એ ઘોષ હું આનંદથી સાંભળુછું. રાત્રિએ જ્યારે હું મારી અગાશીમાં ઉભો હોઊંછું ત્યારે નગારખાનાંનો ઘોષ મને શાંતપણે સાંભળવો ઘણો જ પ્રિય લાગીને શ્રાવ્ય થાય છે. આમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી, કારણ કે એ વગાડનારા છેક નાનપણથી એ તંત્રમાં કેળવાયલા હોય છે. તેઓ મધુર રાગ રાગણીઓમાં કેળવાયલા હોવાથી આવાં તુમુલ સ્વરવાળાં વાજાં પણ એવી તો સરસ રીતે વગાડે છે કે દૂરથી રાત્રીને વખતે તે ઘણુંજ શ્રુતિપ્રિય લાગે છે. નગારખાનાં ઊંચી મેડીઓ ઉપર અને પાદશાહના મહેલથી દૂર રાખવામાં આવે છે એટલે રાજાને તેથી હેરાન થવું પડતું નથી.

કિલ્લામાં પેઠા પછી નગારખાનાનો દરવાજો મૂકી આગળ ચાલતાં એક મોટા અને ભભકાબંધ સ્થંભની ઓળોવાળો ઓરડો આવે છે. આ ઓરડાની છત અને બીજા ભાગો ઘણા સારી રીતે રંગેલા અને સોનેરી કામદાર નકશી કરેલા છે. એ દરબારનો ઓરડો જમીનથી ઘણો જ તારવી લીધેલો હોવાથી ત્રણે બાજુએ છુટો અને હવાવાળો છે. જનાનખાનાથી આ ઓરડાને જૂદો પાડનારી ભીંતના મધ્ય ભાગમાં રવેશ કહાડીને એક માણુસ પૂર ઊંચાઇનું ઝરૂખુ કહાડેલું છે. રોજ બપોરને વખતે આ ઝરૂખામાં પાદશાહ ડાબા જમણી પોતાના સાહેબજાદાઓને લઇને બેસે છે. ખોજાઓ પાદશાહને ચમ્મર કરે છે અને પવન ઢોળે છે. પોતપોતાના કામમાં તેઓ એકતાર થઈ ગયેલા જોનારના જોવામાં આવે છે. મયૂર પિંચ્છની કલગીથી તેઓ પાદશાહની આગળથી માખીઓ ઉરાડે છે આ ઝરૂખાની અને પાદશાહના તખ્તની સામે નીચે, રૂપાના સળીઆ ભરી લીધેલો સમાન ચોતરો આવેલો છે અને ત્યાં આગળ ઉમરાવો, રાજાઓ અને પર રાજ્યના પ્રતિનિધિઓ માથાં નમાવી નીચી આંખે શાંત થઇને અદબ કરી ઉભા રહે છે. પાયતખ્તથી લગાર વધારે દૂર ઉપર કહ્યું તેવી જ માનભરી રીતથી ઉમરાવો નહિ પણ મુનસફદારો ઉભા રહે છે. બાકીનો દરબાર નીચા તેમ ઊંચા પૈસાદાર અને ગરીબ લોકથી ચિકાર ભરાઈ જાય છે. આ દરબાર આથી જ આમેખાસ અથવા ઊંચા નીચા સર્વેને મળવાનો દરબાર કહેવાય છે. લોક પણ દરબારનાં આવીને બેસે છે.

એક, દોઢ અથવા બે કલાક સૂધી આ પ્રમાણે ઉમરાવો ઉભા રહે છે, ત્યાર પછી કેટલાક ઘોડાઓ તેઓને બરોબર રાખવામાં આવેલા છે કે કેમ તે જણાવવા માટે પાદશાહના ઝરૂખા આગળથી પસાર કરવામાં આવે છે. ગંદા છતાં ધોઇને સાફ કરવાથી સાહીના જેવી કાળી ચામડી ઉપર ચીતરામણ ચિતરેલા હાથીઓ ત્યાર પછી લાવવામાં આવે છે. તેમના ઉપર ભરેલા રેસમીઓઢા નાંખેલા હોય છે તથા રૂપાની સાંકળે રૂપાના બે ઘંટા બાંધેલા હોય છે. હાથીના સ્કંધ આગળ બન્ને બાજુએ ટીબેટીઅન ગાયના પુંછડાની ઘણી કિમ્મતી ચમરીઓ રાખેલી હોય છે. એક મોટા હાથીની બાજુએ જેમ તેની તહેનાતમાં રાખેલા ગુલામો હોય તેમ બે નાના હાથીઓ ચાલે છે. આ ભભકાદાર ઓઢાથી ગર્વવાળા હોય તેમ એ હાથીઓ પણ ધીર લલિત ગતિથી પાદશાહની આગળ થઇને ચાલે છે.



હાથી જ્યારે બરોબર તખ્તની સામે આવે છે, ત્યારે તેના ઉપર બેઠેલો માહાવત તેને અંકુશ ખોશીને પાદશાહને સલામ કરવા માટે ડાબો પગ વળાવે છે અને શુંઢ ઉંચી કરાવી ચિત્કાર કરાવે છે.

હાથીઓ આવી ગયા પછી પાળેલાં હરિણો, જેમને ઘણું કરીને એક બીજામાં લડાઇ કરાવાને માટે રાખવામાં આવે છે તે, નીલ ગાયો—અથવા મારા ધારવા પ્રમાણે કાળા ગોધાઓ, ગેંડાઓ, વાઘ અને સિંહની સામે થવામાં ઉપયોગી થાય તેવાં મોટાં શીંગડાંવાળા બંગાળી પાડાઓ, પાળેલા ચિતા, દીપડા, જે ઘણીવાર હરિણના શિકારના કામમાં આવે છે તે, લાલ કપડાં પહેરાવેલા યુસબેગના નાના પ્રકારના નાના મોટા કુતરાઓ, અને છેલ્લે પક્ષીઓ જે પક્ષીઓ શિકાર કરવામાં પણ મદદ કરે છે, કહે છે કે એ પક્ષીઓ હંસ, ચક્લીઓ, બગલાં વગરેના ઉપર તુટી પડી તેમને પકડી આણે છે એટલું જ નહિ, પણ તેઓ હરિણ જેવાં મોટાં પ્રાણીના ઉપર છોડવામાં આવે છે ત્યારે તેમની આંખો ફોડી નાંખી શિકારને સાધ્ય કરી આપે છે. આ પ્રમાણે પાળેલાં જનાવરો અને પક્ષીઓને પાદશાહની નજર આગળ થઇને પસાર કરવામાં આવે છે. આ પ્રમાણે પક્ષી અને જનાવરોની ઉપરાંત એકાદ બે ઉમરાવોના ઘોડેસ્વારો પણ પાદશાહની હજુરમાં કવાયદ કરી જાય છે. સવારો અને ઘોડા આ ને આ વખતે વસ્ત્રાલંકારથી ભભકાબંધ કરવામાં આવેલા હોય છે. આ ઉપરાંત વળી એક ઘેટુ જેના ચારે પગ બાંધી લેવામાં આવેલા હોય છે તે આણુવામાં આવે છે. કોઈ ઉમરાવ, મુનસફદાર અથવા બીજો કોઇ અધિકારી પાદશાહની આગળ આ ઘેટાને એક ઘાએ બે કકડા કરી નાંખવાની પોતાની અસ્ત્ર ચાતુરી કરી દેખાડે છે.

આ બધાની સાથે બીજાં કેટલાંક અગત્યનાં કામ પણ કરવામાં આવે છે. પાદશાહ માત્ર આ પ્રમાણે પોતાના સૈનિકોની દેખરેખ રાખે છે એટલુંજ નહિ, પણ લડાઈ થઈ ગયા પછી તો તે એટલો બધો સાવધ રહે છે કે એક્કે એવો સિપાઈ નહિ હોય કે જેને તેણે પોતે તપાસ્યો ન હોય. ઘણાકના પગાર વધારી દીધા છે, કેટલાકના ઓછાક કર્યા છે અને અયોગ્ય લાગ્યા તેમને તેણે પાણીચાં પણ આપી દીધાં છે. આમેખાસની અંદર જેટલા ફરિયાદી આવ્યા હોય તેમની અરજીઓ પાદશાહના મોં આગળ વંચાય છે અને પછી પાદશાહ પોતે સાક્ષીઓ, વાદીઓ અને પ્રતિ

વાદીઓને જાતે તપાસી ગુન્હેગારને યોગ્ય લાગે તે પ્રમાણે શિક્ષા કરે છે; અને જેને નુકશાન થયું હોય તેનું તે ભરાવી આપે છે. અઠવાડીયાના કોઈ બીજા દિવસે પાદશાહ ક્રમાનુસાર રોજ દશ અરજીઓ સાંભળે છે, જે એક વૃદ્ધ ગૃહસ્થ પાદશાહની આગળ લાવે છે. વળી અઠવાડીયામાં એકવાર એ કાજીઓની સાથે પાદશાહ અદાલતમાં ન્યાય ચૂકવા માટે બેસે છે. આથી સિદ્ધ થાય છે કે એશિયાખંડના રાજાઓને આપણે જંગલી ગણીએ છીએ એ ભૂલ છે, કારણ કે તેઓ મેં ઉપર કહી તે રીતે પોતાની પ્રજાને ઈન્સાફ આપવાને નિરંતર કાળજી રાખે છે.

આમેખાસમાં ભરવામાં આવતા દરબાર વિષે મેં જે હકીકત આપી તેથી એટલું તો સિદ્ધ જ થાય છે કે એ દરબાર ખરેખરો ગંભીર અને રાજકીય હોય છે, છતાં તેમાં જે કંટાળા ભરેલું અને અયોગ્ય જેવું ભાસે છે તે પણ મારે તમારાથી ગુપ્ત રાખવું યોગ્ય નથી. સહજ નકામા જેવો પણ એકાદ શબ્દ પાદશાહના મોંથી નીકળે છે કે તરત જ મોટા મોટા ઉમરાવો પરમેશ્વરનો પહાડ માનતા હોય તેમ ઊંચુ જોઈ એ હાથ પહોળા કરીને બોલી ઉઠે છે કે, અહા! કયામત કયામત! એવો તો કોઈ પણ મોગલ નહિ હોય કે જે નીચેનું ઈરાની ભાષાનું વાકય નહિ જાણતો હોય. 'જો ખરે બપોરે પણ પાદશાહ એમ બોલે કે રાત છે તો (ઉમરાવોએ) અમે ચંદ્રમા દેખીએ છીએ એમજ બોલવાને માટે યત્ન કરવો.' દરેક દરજ્જાના માણસમાં ખુશામત રૂપી દુર્ગુણ તો જામેલો જેવામાં આવે છે. જ્યારે કોઈ પણ મોગલને મારૂં કામ પડે છે અને મને તે બોલાવા આવે છે ત્યારે મને તેઓ સાંપ્રત કાળનો એરીસ્ટોટલ, હીપોક્રેટ અને બોઉએલીસ ઉલ્લ જમાન કહીને બોલાવે છે. પ્રથમ મેં મને મળવા આવનારાઓને મને આવી ઉપમાઓ આપતા અટકાવવા માટે કહ્યું કે, 'હું એવા મોટા માણસોની ઉપમાને યોગ્ય નથી' ત્યારે તેઓ મને વધારે વધારે ઉપમાઓ આપવા લાગ્યા તેથી પછી જેમ મેં તેમના નગારખાનાના મહા ઘોષને સહન કર્યો હતો તેમ કંઈ પણ ન બોલતાં તેમની ઉપમાઓને પણ સહજ પરિચિત વાણીની માફક શાંત રહીને સાંભળવા માંડી. અહીંના લોક કેવા ખુશામતીઆ છે તેનો એક દાખલો હું મારા પોતાના અનુભવનો આપું છું. એકવાર મેં એક હિંદુ પંડિતને મારા આગાને ત્યાં નોકરીએ રખાવ્યો ત્યારે તેણે મારા આગાને નીચે પ્રમાણે



કવિતા જોડીને મોટી ઉપમાઓ આપી હતી. 'આપ ખુદાવંત જ્યારે આપના સૈન્ય સાથે બહાર નીકળો છો ત્યારે આપના પદપ્રહારના ભારથી આઠ દિગ્ગજો સાથે આખી પૃથ્વી ધ્રુજી જાય છે.' તે પંડિતની આ કવિતાથી મેં ધારી હતી તેવીજ અસર થઈ. હું તો ખડખડાટ હસી ગયો હોત પરંતુ ગંભીર થઇને શાંત રહ્યો અને મેં મારા આગાને કહ્યું કે—લોકને હેરાન કરનારા ધરતી કંપ જો આપના ઘોડે ચડીને બહાર નીકળવાથી થતા હોય તો હવે આપ તેમ કરતાં સાવધ રહેજો. મારો આગો મારા જેવો જ રસુજી માણસ હતો તેથી તેણે પણ ગંભીર મુદ્રા રાખીને મને જવાબ આપ્યો કે, એ ભયને લીધે જ હું ઘોડે ચડીને ન નીકળતાં પાલખીમાં બેસીને બહાર નીકળું છું. હિંદુસ્તાનના કવિની અતિશયોક્તિવાળી કવિતાઓનાં ઉદાહરણોમાં આવા દાખલા ઘણા જોવામાં આવે છે. અંગ્રેજ લેખકોએ વારંવાર આવા દાખલાઓને પોતાના હિંદ સંબંધી પુસ્તકોમાં દાખલ કરેલા જોવામાં આવે છે.

આમેખાસની પાસેજ એક નાનો ઓરડો હોય છે જે ઓઝલખાનું અથવા મુખ પ્રક્ષાલન ઓરડો કહેવાય છે. મોંગલના રાજ્યમાં તેનું આ નામ હતું, પણ ખરૂં જોતાં તો તે નહાવણખાનું નહિ પણ ખાનગી બેઠકનો ઓરડો કહેવાતો. આમેખાસ જેટલો તે મોટો નથી. અહીં ઉમરાવોને જ આવવાનો હુકમ છે બીજાથી અવાતું નથી. આ ઓરડો નાનો છતાં રંગીન, સોનેરી ઢોળાવનો ભભકાબંધ અને રંગભૂમિની માફક જમીનથી ત્રણ ચાર ફુટ ઊંચો એટલા જેવો કરી લીધેલો છે. આ ખંડમાં પાદશાહ એક સિંહાસન ઉપર બેસી તેની આસપાસ ઉભા રહેલા ઉમરાવોની હકીકત સાંભળે છે અને બીજાં રાજકીય કામોનો નીકાલ કરે છે. સવારમાં આમેખાસના દરબારમાં ન હાજર થવાને માટે જે શિક્ષા છે તેજ શિક્ષા સાંજે આ ખાનગી દરબારમાં ન હાજર થવાને માટે છે. મારા આગા દિનેશમંદ ખાનને આ દરબારમાં ન જવાની છુટ છે, બીજા કોઇને નથી. આ છુટ હોવાનું કારણ એ છે કે મારો આગો ઘણોજ વિદ્વાન્ છે અને તેને પરદેશ ખાતાના પ્રધાન તરીકે બીજું ઘણું કામ કરવાનું હમેશાં હોય છે. આમ છતાં પણ બુધવારે મારો આગો હમેશાં ચોકી પહોરા ઉપર હોય છે અને તે દિવસે તેને એ સાંજના દરબારમાં બીજા ઉમરાવોની પેઠે હાજર રહેવું પડે છે. દિવસમાં બેવાર પાદશાહની મુલાકાતે જવું

એ રીત પ્રાચીન છે, અને તેથી આ રીતને એક બંધન તરીકે ગણીને કોઈ પણ ઉમરાવ તેની સામે વાંધો લેતો નથી. પાદશાહ આ પ્રમાણે બે વાર દરબાર ભરીને ઉમરાવો તથા પ્રજાની મુલાકાત લેવી એ પોતાનો ધર્મ સમજે છે અને લોક તથા ઉમરાવો ત્યાં હાજર રહેવું એ પોતાની ફરજ સમજે છે. ગમે તેવું અગત્યનું કામ અથવા શારીરિક આરોગ્ય પણ પાદશાહને આ પ્રમાણે બેઉ વખતે દરબારમાં ન આવવાના કારણ રૂપ થઈ શકતું નથી. ઔરંગઝેબ જ્યારે હમણાં થોડા વખત ઉપર ઘણો જ માંદો હતો ત્યારે પણ બેમાં નહિ તો એકમાં પણ તેને હાજર રહેવું પડતું હતું. જ્યારે તે માણસોની સહાયથી આવી દરબારમાં બેસતો હતો. દિવસમાં એકવાર પણ દરબારમાં આવી લોકને દર્શન દેવાની તેને જરૂર પડતી હતી, કારણ કે તેનો રોગ એવી જાતનો ભયંકર હતો કે જો એકજ દિવસ તે દરબારમાં ન આવી શકે તો લોકો અનન્યા વિચાર લાવે અને આખા રાજ્યમાં મોટી ગડબડ થઈ જાય અને વેપારીઓ દુકાનો બંધ કરી બેસે. આવા કારણને લીધે પાદશાહ ગમે તેવો માંદો હોય તો પણ દિવસમાં એકવાર માંદા માંદા પણ તેને દરબારમાં આવીને પોતે જીવે છે એવી લોકને ખાતરી આપવા માટે બેસવું જ પડે છે. પછી ગમે તો થોડીવાર બેસે પણ બેસે તો ખરોજ.

## રાજચિન્હ.

પાદશાહ ઓઝલખાનામાં સાંજનો દરબાર ભરે છે ત્યાં પણ મેં આગળ કહ્યું તેમ આમેખાસના દરબાર જેટલી ધામધુમ થાય છે, માત્ર એટલું જ કે જગાની તંગાસને લીધે પાદશાહ તે વખતે લશ્કરની તપાસ કરતો નથી અને પ્રાણીઓ તેની નજર આગળ થઇને પસાર કરવામાં આવતાં નથી; તોપણ સાંજના દરબાર વખતે પણ ચોકીપર હોય તે મુનસફ્દારોને પાદશાહને સલામ કરવા માટે તેની આગળ થઇને સલામ કરી જવી પડે છે. વળી વિચિત્ર વિધિપુરઃસર તે વેળાએ પાદશાહની આગળ થઇને 'કુર' પસાર કરવાં પડે છે. કુર એટલે વાવટા, હથિયારો અને રાજચિન્હ. રાજચિન્હો એક રૂપાની લાકડીના ઉપર બેસારેલાં હોય છે. બે મચ્છચિન્હનાં, બે અઝદાહ અથવા ઉડતા સાપનાં, બે સિંહનાં, બીજાં પંઝાનાં, બે કાંટાનાં, અને બીજાં ઘણીક જાતનાં રાજચિન્હો છે, જેની પરિસંખ્યા અત્રે ગણાવવી મને યોગ્ય લાગતી નથી. આ રાજચિન્હોમાં કંઇક અર્થ રહેલો છે એમ અત્રેના લોકો માને છે. આ 'કુર' અને મુનસફ્દારની નજર થાય છે તે વખતે ઉંચા મજબૂત અને દેખાવડા ચહેરાના કેટલાક ગુર્જર માણસોને સાથે રાખવામાં આવે છે. એ માણસો સર્વેને નિયમબંધ પાદશાહની નજર તળે થઇને લઈ જાય છે, સભામાં શાંતિ રાખે છે અને ઘણી જ ત્વરાથી પાદશાહના હુકમને અમલમાં મૂકે છે.



## પાદશાહી જનાનખાનું.

કિલ્લાના દરેક ભાગનું વર્ણન આપ્યું ત્યારે હવે જનાનખાનાનું પણ વર્ણન આપવું એ મને ઠીક લાગે છે. કોઈ પણ એવો મુસાફર નહિ હોય કે જે જનાનખાનાના અંદરના ભાગનું વર્ણન આપી શકે, કારણ કે કોઈ માણસને અંદર જવાની રજા મળતી નથી. પાદશાહ બહારગામ ગયેલા હતા તેવામાં એકવાર મહારાણી ઘણાં માંદાં થઈ આવ્યાં હતાં અને મારી સલાહ લેવાની જરૂર પડવાથી હું જનાનખાનામાં ગયો હતો. બેગમ સાહેબથી જરાય બહાર નીકળાય તેમ નહોતું. હું એક આંધળો માણસ હોઉં તેમ મને એક ખોજો માથાથી તે પગના તળીઆ સુધી ઘસડાતી એક મોટી કાસ્મિરી શાલ ઓઢાડી અંદર દોરી ગયો હતો. મેં જાતે તો કંઈ જોયું નથી, પરંતુ મને દોરી જનાર ખોજાએ રંગ મેહેલનું મને વર્ણન કરી બતાવ્યું હતું તે હું અત્રે લખુંછું અને એટલાથી જ આપ સંતોષ પામશો એવી આશા છે. જનાનખાનામાં ઘણા ખંડ છે અને તે બધા જુદા જુદા મહેલ જેવા તથા તેમાં રહેનારી બેગમની ઉપજના પ્રમાણમાં શણગારેલા છે. દરેક ખંડની પાસેથી એક પાણીની નહેર કાઢેલી છે. દરેક મહેલની આસપાસ નાના પ્રકારનાં ફૂલઝાડની વાડીઓ, વિહાર સ્થાનકો, મોટાં મોટાં ઝાડના વજીફાઓ અને લત્તા કુંજો આવેલાં છે. દરેકમાં એક મોટું દિવાનખાનું, અગાશી, જુદા જુદા રૂપાળા સુશોભિત ઓરડાઓ અને રાત્રીએ પવનમાં સુવાને માટે ઉંચી ઉંચી રાવટીઓ કાઢેલી છે. જનાનખાનામાં નાજુક માણસોનો અર્થાત્ રૂપવંતી સુંદરીઓનો જ નિવાસ છે. તેમના ચાકરો, દાસીઓ અને ટુંકામાં એવોજ સંભાર નાજુક અને મનોહર છે મુખ્ય જનાનખાનાના મહેલના ઉપર કાહાડેલા એક નાના ઘુમટને અને રા-

વઠીને ખોજાએ ઘણાં વખાણ્યાં હતાં. આગ્રાની માફક તે રાવઠીમાં નકર સોનાનાં પતરાં જડેલાં છે અને અંદરના ઓરડાઓ સોનેરી કામથી રસી લીધેલા હોવા ઉપરાંત તેની અંદર ઘણાં જ ચિત્ર વિચિત્ર ચિત્રો તથા બીજુ ચિતાર કામ અને નકશીદાર મોટા અરિસાઓ જડી લીધેલા છે. મોગલના જનાનખાનાની શોભા અને જાહોઝલાલી એટલી બધી કહેવાય છે કે જેનું વર્ણન પણ થઈ શકે નહિ. જનાનામાં વપરાયલી દરેક વસ્તુ ઘણી જ કિમ્મતી છે, એમાંતો શંકાવકાશ નથી.

## દરબાર અને મયૂરાસન.

લડાઇનો અંત આવ્યા પછી ઔરંગઝેબે જ્યારે મોટો દરબાર ભર્યો હતો ત્યારે મેં આમખાસનો દરબાર જોયો હતો; અમુક પ્રસંગો ઉપર આવીજ રીતે મોટા દરબાર ભરવામાં આવે છે. આવા મોટા દરબારની શોભા વર્ણન કરવાની ઇચ્છાથી હું તમને એક વાર પુનઃ આમખાસે તરફ લક્ષ આપવાને માટે વિનતિ કરૂં છું. મેં મારા જનમારામાં એકેવાર ઔરંગઝેબે પહેલીવાર દરબાર ભર્યો તેના જેવો ભભકો અને ઠાઠ દીઠાં નથી. ઘણા જ ભભકાદાર પોષાકમાં ઔરંગઝેબ દિવાનખાનામાં મયૂરાસન ઉપર બેઠો હતો. તેણે હીર અને સોનેરી જીકના ઘણાજ નાજુક ભરતથી ભરેલો ધોળી 'સાટીનનો ઝામો પહેર્યો હતો. તેણે સોનેરી કપડાની પાઘડી પહેરેલી હતી અને તેની કિનારી ઉપર ઘણા જ મોટા અને કિમ્મતી હીરાઓ ટાંકેલા હતા. પાઘડીની ઉપરનો ભાગ જેને ટોપ કહે છે તેના તાજમાંનો હીરો સૂર્યના જેવો તેજસ્વી ઝગાંઝળાં થઈ રહ્યો હતો. આવું મોટી કિમ્મતનું રત્ન દુનિયાં ઉપર બીજે ઠેકાણે હોય એમ કહી શકાતું નથી. હિંદુ લોક માળાઓ પહેરે છે તેમ તેણે મોટાં પાણીદાર હજારો મોતીનો ગળાથી તે પેટ સુધી વિસ્તરતો કંઠો પહેરેલો હતો. હીરા, માણેક અને પાનાંથી જડી લીધેલું તેનું રાજ્યાસન નક્કર સોનાના છ પાયાના ઉપર ઘણી જ ભભકભરી રીતે ગોઠવેલું હતું. સિંહાસન-મયૂરાસનમાં કેટલાં રત્નો હશે અને તેની શું કિમત હશે તે હું તમને બરોબર કહી શકું તેમ નથી. કારણ કે કોઈ પણ માણસ તેની પાસે જઈ શકતો નથી એટલે તે રત્નો કેવાં પાણીદાર અને કેટલાં છે તે કેમ કરીને ગણી અથવા કિમ્મત કરી શકાય. પરંતુ હું તમને ખાત્રી પૂર્વક એટલું તો કહી શકુંછું કે તેના ઉપર હિરા અને રત્નોનો પાર નથી,



મારી ગણતરી અને જાણ પ્રમાણે એ રાજ્યાસન ચાર કરોડ રૂપિઆનું છે. આ રાજ્યાસન ઔરંગઝેબના પિતા શાહજહાને પોતાની પાસે એકઠાં થયેલાં રત્નોને ઠેકાણે પાડવાને માટે બનાવરાવ્યું હતું. રજપૂત અને પઠાણ રાજાઓનાં રાજ્યમાંથી એ રત્નો મોગલોને મળેલાં હતાં અને દર વખત પ્રસંગોપાત ઉમરાવો ભેટો નજરાણાં આપે તેથી તેમાં વધારો થયેલો હતો. રાજ્યાસનમાં વપરાયલાં રત્નોના પ્રમાણમાં તેની રચના એટલી બધી સારી વખાણવા જોગ નથી; છતાં તેમાં બે મયૂરો કાઢેલા છે અને તેમના પિંચ્છકલાપમાં રત્નોનો બેસુમાર ઉપયોગ કરવામાં આવેલો છે, તેની રચના સારી છે. યૂરોપના રાજાઓને ખોટાં રત્નોથી છેતરી નાશી આવેલા એક ફ્રેંચમેને એ રાજ્યાસનની રચના કરેલી કહેવાય છે. યૂરોપથી આવી તેણે મોગલના રાજ્યમાં આશ્રય લીધો હતો અને ત્યાં તે સારી રીતે બે પૈસાવાળો થયો હતો.

ફ્રાંસ દેશનો બીજો એક મુસાફર શાહજહાનના મયૂરાસનનું નીચે પ્રમાણે વર્ણન કરે છે. " શાહજહાનના દરબારમાં સાત ઘણાંજ ઉમદા રાજ્યાસન છે. એક સાવ હિરાથી મઢેલું છે અને બીજાં પાનાં અને માણેકથી મઢેલાં-જડેલાં છે, મોટું આસન જે દરબારખંડમાં રાખેલું છે તે એક નાના ખાટલા જેવડું છે એટલે કે તે છ- ફૂટ લાંબુ અને ચાર ફુટ પહોળું છે. ૨૦-૨૫ આંગળ ઊંચા સોનાના નક્કર ૪ પાયા ઉપર તેને ગોઠવેલું છે અને બીજા બાર સોનાના નક્કર સળીઆઓ તેની છત્રીમાં છે. પાયા અને છત્રીના સળીઆ સોનાના છે છતાં તેમના ઉપર હીરા, અને માણક જડેલાં છે. દરેક છત્રીના સળીઆને મધ્ય ભાગે હીરા અને માણેકનો એક સમ ચોરસ આકાર પાડેલો છે. આ સ્વરિતકોમાં એવી રચના રાખેલી છે કે જો એકમાં મધ્ય ભાગે પાનું હોય તો બીજામાં હીરા અને ત્રીજામાં માણક હોય છે. વચમાં વચમાં હીરા જડેલા છે. જે હીરાઓ ચવટા તેજદાર અને દશથી બાર કેરેટ વજનના છે, કેટલેક ઠેકાણે મોટાં મોતીઓને કુંદનમાં જડી લીધેલાં છે. તેના ઉપર ચડવાનાં ચાર નાનાં નાનાં પગથીઆં કરેલાં છે. બીજાં સિંહાસન પણ એજ રીતે હીરા માણકથી જડેલાં છે પરંતુ મોટા સિંહાસનથી તો અવધી છે. મોટા સિંહાસનમાં ૧૦૮ પાનાં જડેલાં છે જેનું વજન ઓછામાં ઓછું ૧૦૦ કેરેટ તો હશેજ. બીજાં

મોટાં પાનાં છે તે ૨૦૦ કેરેટ જેટલાં હશે એટલે અકંદર ૩૦૦ કરેટ વજનનાં તો માત્ર પાનાંજ તેમાં વાપરેલાં છે. માણુક જુદા જુદા રંગનાં છે અને તેમાં મોટામાં મોટું ૬૦ કેરેટનું અને નાનામાં નાનું ૩૦ કેરેટ સૂધીનું છે. મેં ૧૧૬ માણુક તો ગણેલાં છે એટલે કે પાનાના કરતાં માણુક વધારે છે. છત્રની અંદરની બાજુએ હીરા અને પાનાં જડેલાં છે અને ઉપર મોટાં પાણીદાર મોતીની ઝાલર નાંખેલી છે. આસનના મુખ્ય રુખઆગળ મોતીનું તોરણ છે. મયૂરની કળા ઉંચી કરેલી છે અને તે કિમતી વાદળી રંગનાં રત્નથી મઢી લીધેલી છે તેમાં પિંછાંના ચંદ્રકને ઠેકાણે પાનાં જડેલાં છે. મયૂરની ગરદન આગળ એક મોટું પાનું વાપરેલું છે. ચાંચ આગળ જરાક પિતવર્ણુનું ૫૦ કેરેટ વજનનું એક મોટું મોતી લટકાવેલું છે. મયૂરની બન્ને બાજુએ કોઈ ઊંચા પક્ષીની રચના કરેલી છે અને તે પણ કુંદનમાં બેસાડેલાં રત્નોથી બનાવેલી છે. આસનની સન્મુખ પાદશાહ તેમાં બેઠો હોય ત્યારે તેની નજરે પડે તેમ ટોલાને ઠેકાણે ૮૦ થી ૯૦ કેરેટના બે મોટા હીરાઓ જડેલાં છે. મયૂરાસનમાં વધારે કિમ્મતી ભાગ તો મારા મત પ્રમાણે મોતીની ઝાલરવાળો છે, કારણ કે એ ઝાલરમાં વપરાયલાં મોતી ૬ અને ૧૦ કેરેટના વજનનાં અને ઘણાંજ લાવણ્યવાળાં, પાણીદાર જોવામાં આવે છે. મયૂરાસનથી ચાર ફીટને છેટે બે છત્ર ઉભાં કરેલાં છે જેના ડાંડા ૭–૮ના ફીટ છે અને તે પણ હીરા, પન્નાં માણુક અને મોતીથી જડાવ કામ કરેલા છે. એ છત્રો ઉપર પણ મોતીની ઝાલર નાંખેલી છે. તૈમૂર લેને શરૂ કરેલું અને શાહજહાને પૂર્ણ કરેલું આ મયૂરાસન તેનો હિસાબ રાખનારાઓએ મને ખાત્રી પૂર્વક જણાવેલો તેપરથી હું કહી શકું છું કે, એ સિંહાસન પાછળ બધા મળીને ૧૦, ૭૦૦, ૦૦૦, ૦૦૦ રૂપિઆ ખરચ થયેલો છે.' આ મયૂરાસન ઇ. સ. ૧૭૩૯ માં નાદિરશાહે દિલ્લી લૂટયું ત્યારે લૂંટાઈ ગયું હતું. અને તે, તે ઇરાન લઈ ગયો છે. ઇરાનમાં તે આખુ નથી પરંતુ તેનો કંઇક ભાગ છે જે તેહેરાનની તિજોરીમાં છે. એ મયૂરાસનના હાથમાં રહેલા ભાગ્યા ટૂટયા ભાગની કિમ્મત હાલ, ૨,૬૦૦,૦૦૦ પાઉન્ડ અંકાય છે. બે શિલિંગ અને ત્રણ પેન્સે એક રૂપિઓ ગણીએ તો મયૂરાસનની મૂળ કિંમત ૧,૨૦,૩૭૫૦૦ પાઉન્ડ થાય છે. આ મયૂરાસન ઘડનાર ફ્રેંચ કારીગરનું નામ બર્નિયેરે આપેલું નથી પરંતુ આ પુસ્તકનો એક ભાગ જે ૧૮૨૬માં કલકતામાં છવાયલો છે તેમાં તેનું નામ 'લાગ્રેજ' કરીને આપેલુંછે.'



મેં એ દરબાર જોયો ત્યારે, મયૂરાસનની નીચે ચાંદીના કઠેરામાં ઉમરાવલોક ભભકાદાર પોષાક પહેરીને ઉભા રહેલા હતા. કઠેરાની છત પણ લપેટાની અને તેમાં સોનેરી વેલો ભરેલી હતી. દરબાર ખંડના દરેક થાંભલા આગળ સોનેરી કીનખાબ લટકાવેલો હતો અને બુટ્ટાદાર ધોળી સાટીનની ચારે તરફ ઝુલ મુકેલી હતી. મોટા લાંબા પહોળા રેશમી ગાલીચાથી આખું દિવાનખાનું શણગારેલું હતું. બહાર ચોગાનમાં દિવાને ખાસના કરતાં પણ મોટો તંબુ તાણી ઉપરથી તેને દરબારખંડ સાથે જોડી દીધો હતો. તે અરધા ખંડમાં વિસ્તરતો હતો અને તેના કઠેરાઓ ઉપર રૂપાની પાટો ગોઠવેલી હતી. વહાણુના કુવા જેટલા લાંબા ચાંદીના સ્તંભો ઉપર તે ઉભો કરેલો હતો. બહારથી આ સુશોભિત તંબુ લાલ રંગનો અને અંદરથી મછલીપટનની તેજ પ્રસંગને માટે તૈયાર કરેલી સ્વાભાવિક હોય તેવાં પુષ્પની રચનાવાળી ધોળી છીંટના વિચિત્ર રંગનો હતો. આ પાદશાહી દરબારમાં તંબુની શોભા ઘણી જ મનોહર કરેલી હતી.

દિવાને ખાસની આગળના છજ્જાદાર ઘુંમટો શણગારવા માટે ઉમરાવોને હુકમ કરેલો હતો. પાદશાહને રંજન કરવા સારૂ દરેક ઉમરાવે સ્પર્ધામાં આવી તે ઘુમ્મટોને અપાર ખરચ કરી શણગાર્યા હતા. આથી દરેક ઘુમ્મટદાર છજાં સળંગ સુનેરી કિનખાબથી છવાઈ ગયાં હતાં અને તેમાં બધેજ ઊંચી જાતના રેશમી ગલીચા પાથરેલા હતા. આ આનંદોત્સવને ત્રિજે દિવસે પાદશાહ અને ઉમરાવો વગરે વિધિ પુરઃસર તુલા કરાવે છે. કેટલાક માત્ર સોનાથી તોળાય છે એમ લોકનું કહેવું છે. ગયા વર્ષના કરતાં ઔરંગઝેબ બશેર વધારે ભારે થયો, એમ કહેવામાં આવ્યું ત્યારે બધા ઉમરાવોએ આનંદોદ્‌ગાર કહાડયો હતો, તે તો મને પણ સાંભરે છે.

## નજરાણાં.

વર્ષો વર્ષ આવો સમારંભ થાય છે, પરંતુ કોઇક વારજ તે આટલા બધા ભભકાથી અને ખરચથી કરાય છે. ચાર પાંચ વર્ષ સૂધી લડાઇને લીધે વેપારીઓ પોતાનો માલ વેચી શકયા નહોતા, માટે પાદશાહે તેમને પોતાનો માલ વેચવાનો વખત મળે એટલા માટે આ સગારંભ મોટા ભભકાથી કર્યો હતો, એમ ઘણા જણનું કહેવું છે. ઉમરાવોએ પણ આ પ્રસંગે

પુષ્કળ ખરચ કર્યું હતું. તેમણે ખરીદેલાં સોનેરી કપડાં પાછળથી તેમણે પોતાના સૈનિકોને તેમના જામા કરવાને માટે ખરીદાવ્યાં હતાં. આવા વાર્ષિક સમારંભને વખતે પરાપૂર્વથી એક નજરાણાની રીત પડી ગયેલી છે, તે પ્રમાણે નજરાણાં કરવામાં આવે છે. ઉમરાવોને તે જરાય ગમતું નથી. પોતપોતાના દરમાયા મુજબ તેઓને પાદશાહની આગળ સુંદર કિમતી અને સારી ભેટ કરવી પડે છે. પોતે પ્રજા ઉપર જુલમ કરી નાંણું મેળવ્યાં હોય તે દોષ ઢાંકવાને માટે કેટલાક ઘણીજ ભારે ભેટો કરેછે. કેટલાક પાદશાહની પ્રીતિ સંપાદન કરવાને માટે, કેટલાક પોતાનો દરમાયો વધવાની ઇચ્છાએ મોંઘામૂલનાં નજરાણાં કરેછે. કેટલાક સુંદર મોતી હીરા માણુક અથવા બીજા કેટલાક જવાહિર જડેલાં સોનાનાં વાસણ ભેટ કરે છે; અને કેટલાક રોકડ મહોરો નજર કરે છે. આવાં જ એક પ્રસંગમાં ઔરંગઝેબ તેના મુખ્ય વઝીરને ઘેર ગયો હતો. ૧૬૬૨માં જાફરખાનને ઔરંગઝેબે મુખ્ય વઝીરાત આપી હતી. તેણે એક નવો મહેલ બંધાવ્યો હતો તે જોવાને બહાને ઔરંગઝેબ તેને ઘેર ગયો હતો. વળી એક મુખ્ય વઝીર તરીકે ગણીને નહિ, પણ પોતાના સંબંધી તરીકે ગણીને જ પાદશાહ તેને ત્યાં ગયો હતો. આ પ્રસંગે જાફરખાને પાદશાહને એક લાખ મહોરો, કેટલાંક ઘણાં જ પાણીદાર મોતી અને કેટલાંક પાનાં નજર કર્યાં હતાં. આ જવાહીરની કિમ્મત ચાલીસ હજાર ગણાતી હતી, પરંતુ શાહજહાનને જવાહીરની કિમ્મત સારી માલૂમ હોવાથી તેને પુછતાં તેણે જણાવ્યું હતું કે, એ પાનાં માત્ર પાંચ હજારની કિમ્મતનાં છે. મુખ્ય મુખ્ય ઝવેરીઓ જેઓ પાનાં જોઇને ગભરાઈ ગયા હતા તેમને શાહજહાને આંકેલી કિમ્મત સાંભળતાં અચંબો થયો હતો.

## ખુશરોજનો મેળો.

આવા આનંદ ઉત્સવના દિવસોમાં કોઈ કોઈ વાર જનાનખાનાના ચોગાનમાં એક વિચિત્ર જાતનો મેળો ભરવામાં આવે છે. આ મેળામાં મુખ્ય મુખ્ય મુનસફદારની અને ઉમરાવોની રૂપાળી બેગમો માલ વેચવાને સારૂ બેસે છે. મેળામાં, સુંદર કિનખાબ, નવી જાતની જરીની ભરત ભરેલી વસ્તુઓ, સોનેરી કાપડની ઉમદા ઉમદા પાઘડીઓ, ઊંચા ઘરનાં બૈરાંને પહેરવા જોગ ઝીણી મજલીન, અને બીજો કિમતી માલ વેચવાને સારૂ



રાખવામાં આવે છે. મન મોહક સ્ત્રિયો વેપારી થઈ માલ વેચવા બેસે છે અને પાદશાહ, બેગમ, શાહજાદાઓ અને માનિતી રાણીઓ અને બેગમો માલ ખરીદવા નીકળે છે. જો કોઈ ઉમરાવને સ્વરૂપા કન્યા હોય તો તે તેની માની સાથે અવશ્ય મેળામાં આવે છે, કારણ કે ત્યાં આવતાં તે પાદશાહની નજરે પડે છે અને બેગમ સાહેબોની સાથે ઓળખાણ કરી શકે છે. એક પાઇને માટે પણ પાદશાહ માલ ખરીદ કરતાં તાણાતાણ કરેછે. એવા મેળામાં એક વિચિત્ર રીત છે. એમ કહે છે કે સુંદર સ્ત્રીઓ આવા સારા માલ વેચવાને લાવે જ નહિ અને આવો માલ તો બીજે ઠેકાણે અમુક કિમ્મતે મળે છે માટે તે તેથી વધારે આપશે નહિ જ. જ્યારે પાદશાહ આ પ્રમાણે કિમ્મત ખેંચી ઝાલે છે, ત્યારે વેચનાર સ્ત્રી વધારે કિમ્મત લેવાને માટે પ્રયત્ન કરે છે અને પાદશાહ જે કિમ્મત કહે છે તે ઘણીજ થોડી જણાવે છે. ગરમા ગરમી છુટથી થાય છે અને તેમાં પેલી સ્ત્રી ખુશીથી પાદશાહને એમ પણ કહે છે કે, 'તમે કંઈ સોદો કરનાર નથી, તમે નકામા ગ્રાહક છો. તમને માલની કિમ્મત જ નથી, મારો માલ તમારે માટે ઘણો મોંઘો છે, તમે જ્યાં તમને સારો બંદબેસ્તો ભાવ પડે ત્યાં ચાલ્યા જાવ,' વગરે દ્વિઅર્થી વચનોક્તિઓ થાય છે. પાદશાહના કરતાં બેગમો વધારે ઝઘડો કરે છે. તેઓ વચ્ચે ખુબ બોલા બોલી થાય છે અને વેચનાર ખરીદનારનું ફારસ થઈ રહે છે. છેવટ ગમ્મત કરી તે માલ ખરીદ કરવામાં આવે છે અને પાદશાહ, બેગમ, શાહજાદો કે શાહજાદી જે તે માલ રોકડી કિમ્મતે લેતુ હોય છે, તે વેપારી સ્ત્રીને અથવા તેની ફુટડી કન્યાને રૂપિઆ ગણી આપતાં જાણે અજાણથી પડી જતી હોય તેમ રૂપિઆ ભેગી મોહોરો આપી દે છે. આમ મહોરો આપવાનું કારણ તેમને ઉત્તેજન આપવાનું ગણાય છે. સંપૂર્ણ ગમ્મત અને ઠઠોલીથી આ મેળાની ધામધુમ પસાર થાય છે.

## કંચનીઓ.

કેટલાક ઉમરાવોને પસંદ ન હોવા છતાં પણ શાહજહાન પાદશાહને નાચ રંગનો શોખ હોવાથી દરેક ઉત્સવમાં તે રામજણિયોને અને ગવૈયાઓને બોલાવતો હતો. વળી કંચની નામની નાચનારીઓને જનાનખાનામાં બોલાવી તેણે તે વખતે ચાલતા રિવાજને ઉલ્લંઘ્યો હતો. વળી

તે તેમને આખી રાત્રિભર કામ ઉપરાંત રોકી રાખતો હતો. અલબત બજારમાં બેસનારી વેશ્યાઓ જેવી તો તે નથી ગણાતી, પરંતુ ખાનગી અને કંઇક ચડતા દરજ્જાની તેઓ ગાનારીઓ ગણાય છે. ઉમરાવ અને મુનસફ્દારોના મોટા મોટા લગનના વરઘોડાઓમાં તેઓ નાચવાને જાય છે. આ કંચનીઓમાંની ઘણીક તો સારી પેઠ રૂપાળી, સારાં લુગડાં ઘરેણાં પહેરનારી અને સંભવિત ગીત, નૃત્ય કરનારીઓ છે. તેમનાં અંગ ઘણાં નાજુક હોવાથી તેઓ છટાબંધ ત્વરાથી નાચે છે. તેઓ સમય સમયના રાગ ગાવા સંબધે ઘણીજ સાવધ રહે છે. આટલું બધું છતાં એટલું તો ખરૂં જ કે ગમે તેટલી પણ તે સર્વસામાન્યા કહેવાય છે. ઉત્સવના પ્રસંગમાં જ શાહજહાન તેમને બોલાવતો હતો એમ નહિ, પરંતુ અસલના રીવાજ પ્રમાણે જ્યારે તેઓ બુધવારની રાત્રિએ આમેખાસમાં સલામ ભરવાને માટે આવતી ત્યારે પણ તે તેમને રાત્રિ ભર રોકતો હતો અને તેમના કુચ્છંદમાં ગમ્મત મેળવતો હતો. ઔરંગઝેબ તેના પિતાના કરતાં વધારે ગંભીર અને ડાહ્યો છે. તે કંચનીઓને જનાનખાનામાં દાખલ થતાં અટકાવે છે એટલું જ નહિ, પણ જુના રિવાજ પ્રમાણે તેઓ બુધવારે સલામ ભરવાને માટે આમેખાસમાં આવે છે ત્યારે તેમને સલામ લઇને તુરત જ રજા આપી દે છે.

પાદશાહી ગુલજારના ઉત્સવના દિવસો, ગવૈયા અને કંચનીઓના વિષયના સંબંધમાં વાત ચાલે છે તે ભેગું હું તમને આપણા દેશના બરનાર્ડ નામના એક માણુસ સબંધે બનેલી વાત લખવાને ધારૂં છું. હું પલુટાર્કના મતને મળતો થાઉ છું કે, સહજ બનાવોને દાબી રાખવા નહિ, કારણ કે તેવા નાના બનાવોમાંથી કેટલીક વાર લોકોની રીતભાત અને બુદ્ધિ માટે આપણાથી વધારે યોગ્ય વિચાર બાંધી શકાય છે અને મોટી બાબતોમાંથી તેમ થઈ શકતું નથી. બરનાર્ડની બાબત ગમે તેવી છે, તોપણ ઉક્ત તત્વજ્ઞાનીના વિચારાનુસાર અત્ર તે અનુચિત લાગે એમ જણાતુ નથી. જહાંગીર પાદશાહના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં આ માણુસ સારી પદવીએ ચડયો હતો, તેને ઘણું માન મળતું હતુ અને તે એક નામાંકિત વૈદ્ય અને હાડવૈદ્ય તરીકે પ્રસિદ્ધ થયેલો હોશિયાર ડાકતર હતો. જહાંગીરની પ્રસન્નતાનાં ફળ તે અનુભવતો હતો એટલું જ નહિ પણ તે જહાંગીર



સાથે જમવા પણ બેસતો હતો. જમણુમાં તે બન્ને પુષ્કળ દારૂ પીતા હતે પાદશાહને અને તેના વૈદ્ય મિત્રને બન્નેને આસવનો રસ સરખો હતો. પાદશાહ આવી મોજ મઝામાંજ ધ્યાન આપતો હતો. રાજ્યની લગામ તેણે પોતાની વાલી નૂરજહાન બેગમના હાથમાં આપી હતી અને વારંવાર તે તેના સંબંધમાં એમ કહેતો હતો કે, ‘મારા વગર તે એકલી આખા રાજ્યનો કારભાર ચલાવવા માટે પૂર્ણ યોગ્ય છે.’ બરનાર્ડનો નિયમિત પગાર રોજના બે ક્રાઉનનો હતો પરંતુ જનાનખાનાની બેગમોની સારવારમાંથી અને ઉમરાવોમાં તે વૈદુ કરતો હતો તેમાંથી તેને ઘણા પૈસા મળતા હતા. આ ઉપરાંત પાદશાહ આગળ તેની વગસગ વધારે હોવાથી ઉમરાવો પોતાનો રોગ કાઢવા માટે નહિ પણ તેનું મન સંપાદન કરવાને માટે તેને ઉમદા ભેટો આપતા હતા. આ માણુસ પૈસાને ગણતો નહોતો. એક હાથે ધુમ કમાતો હતો અને બીજે હાથે વાપરતો હતો; આથી તે લોકમાં અને ખાસ કરીને કંચનીઓમાં બહુ પ્રિય થઈ પડયો હતો. કંચનીઓને તે બહુ પૈસા ખવરાવતો હતો. આ જાતની નાચનારીઓથી રાત્રે તેનું ઘર ચીકાર ભરાઈ જતું હતું; જેમાંની ઘણીક તો અપ્સરાના જેવી રૂપાળીઓ અને નાજુક શરીરને લીધે અદ્ભુત નાચ કરનારીઓ હતી. આપણા દેશના માણસો આવી સ્ત્રીઓ ઉપર મોહી પડે છે, પરંતુ તેમની માતાઓ પ્રીતિને માર્ગ આપવા દેતી નથી. પોતાની છોકરી તેના કૌમાર સાથે શારીરિક નૈરૂજ્ય અને રાગ ખોઈ બેસે તેથી તેઓ તેમને એક ક્ષણ પણ વીલી મુકતી નથી. અને માસુકોની પ્રાર્થનાઓ અને પ્રયત્નો તથા પાદશાહના વાલા વૈદ્યની નિરંતરની આશાઓ ફળીભૂત થતી નહોતી. પોતાના પ્યારની એક કંચની મેળવવામાં નાસીપાસ થયેલા આ વૈદ્યને એક વખત ભર દરબારમાં જહાંગીર પાદશાહે ઉમરાવોની સમક્ષ જનાનખાનામાં વૈદુ કરવા માટે તેને એક ઉત્તમ ભેટ આપવા માંડી હતી, પરંતુ કંચની ઉપર આશક્ત થયેલા બરનોર્ડ જહાંગીર પાદશાહને વિનંતિ કરી કે, ‘આપ જે મોટી બક્ષીસ આપો છો તે ના પાડતાં હું આપ નામદારની માફી ચાહીને એટલું જ માગું છું કે, આજે સલામ ભરવાને માટે જે કંચનીઓ આવી છે તેમાંની ફલાણી કચની આપ નામદાર મને ભેટમાં આપો.’ આખી સભા તેનાં આ વચનો સાંભળીને તથા ભેટને પાછી વાળી પોતે એક

ક્રિશ્ચિયન હોઈ મુસલમાન કંચનીની માગણી કરતો હોવાથી હસી ગઈ, પરંતુ જહાંગીર પાદશાહે ધર્મની દરકાર ન રાખતાં ખડખડાટ હસી પડી તે કંચની તેને આપવાનો હુકમ કર્યો 'એ કંચનીને આ વૈદ્યરાજને ખભે બેસારો એટલે તે એને લઇને ચાલ્યા જશે.' પાદશાહે કહ્યું તેમજ કરવામાં આવ્યું. ભર દરબાર વચ્ચે પેલી નાજુક કંચનીને બરનાર્ડને ખભે બેસાડવામાં આવી અને તે આ ઈનામ લઇને ખુશ થતો થતો કંચનીને હુચકી પોતાને ઘેર ચાલ્યો ગયો.

## સાઠમારી.

હિંદુસ્તાનના પાદશાહોની મોજમઝાના દિવસો યૂરોપમાં ન જણાયલી એવી ગમતથી પુરા થાય છે એને સાઠમારી કરીને કહે છે, એટલે કે પ્રાણીઓને લડાવે છે તે. એ હાથીઓની લડાઈ કરાવે છે. સઘળા લોકની સમક્ષ આ જનાવરોની સાઠમારી નદીના રેતીવાળા કિનારા ઉપર થાય છે. પાદશાહ, જનાનખાનાની બેગમો અને મુખ્ય મુખ્ય ઉમારાવો આ ગમતને રાજ્ય મહેલના છજામાં બેઠાં બેઠાં જુવે છે.

નદીના કિનારા ઉપર ત્રણ ચાર ફુટ જાડી અને પાંચ છ ફુટ ઉંચી રેતીની ભીત જેવી પાળ બાંધવામાં આવે છે અને આ પાળની એક બાજુએ એક અને બીજી બાજુએ બીજો એમ બે મોટા મદ મસ્ત હાથીઓ વચ્ચે લડાઈ લડાવવામાં આવે છે. દરેક હાથી ઉપર બબે મહાવત બેસે છે. એક અંકુશ લઇને તેના ગંડસ્થળ ઉપર તેને પ્રવર્તાવવાને માટે બેસે છે અને તે પડી જાય તો તેની જગાએ જઇને બેસવા માટે બીજો મહાવત હાથીની પીઠ ઉપર બેસે છે. મહાવતો કાં તો લાડના શબ્દોથી કાં તો ધિક્કારનાં વચનથી અથવા કાં તો અંકુશ મારીને તેને ખીજવીને પેલી પાળ આગળ લાવે છે અને સામ સામે આવેલા તે હાથીઓને પછી તેવી જ રીતે લડાવે છે. તેઓ સામ સામે એવા જોરથી માથાં ભટકાવે છે તથા દંતુશળના ઘા કરે છે કે તેઓ પછી કેવી રીતે જીવી શકે છે તે આપણને આશ્ચર્ય લાગે. લડાઈમાં તેઓ એવા તો મોટા ચિત્કાર કરે છે કે કાનના પડદા ફાટી જાય. લડાઈની અંદર વારંવાર તેઓ શ્વાસ લેવાને માટે ધીરા પડી જાય છે, વળી તેમને ઉસ્કેરીને લડાઈમાં પ્રવૃત કરવામાં આવે છે. વારંવાર આમ કરતાં છેવટ પેલી રેતીની પાળ તદન જમીન બરોબર થઈ જાય છે.



પાળ પાડી નાંખતાં વિજયી હાથી એટલો બધો ઉન્મત્ત થઈ જાય છે કે તે પોતાના સામાવાળીઆ ઉપર જોશમાં ધશી જઈ શૂંઢવતી તેને ખેંચે છે અને છેવટ શૂંઢની ચૂડ નાંખી એવી હઠથી લડે છે કે જોનારાઓ સ્તબ્ધ થઈ જાય છે. આ પ્રમાણે સામ સામે હઠમાં આવેલા હાથીઓ પછી ચક્ર અથવા તેના જેવા ઘાટની બનાવેલી લાગતી મસાલથી જ છૂટા પાડી શકાય છે. હાથીઓ દેવતાથી ઘણું બીહીએ છે. આથી કરીને જ દારૂ ગોળાનો ઉપયોગ થયા પછી લડાઇના કામમાં હાથીઓને વાપરવાનો ચાલ ઓછો થઈ ગયો છે. મોટા અને મદ મસ્ત હાથીઓ લંકાથી આવે છે, પરંતુ આગળથી કેળવ્યો ન હોય તેવો હાથી લડાઈમાં ઉતારી શકાતો નથી. વર્ષોનાં વર્ષો સૂધી જેમના માથા આગળ બંદુકો રાખીને ફોડી હોય તથા જેમના પગ આગળ અને પેટ નીચે દારૂનાં શરશુરીઆં કરીને અગ્નિનો પરિચય ન કરાવ્યો હોય તે હાથી લડાઈમાં કામ આવતો નથી.

આ અમીર પ્રાણીઓની સાઠમારીનું પરિણામ ભયંકર આવે છે. લડનારા હાથીઓ પોત પોતાના સામાવાળીઆના મહાવતને નીચે નાંખી દેવા માટે યત્નવાન રહે છે અને તેમાં જો કોઈ પણ હાથી વિજયી થાય છે તો તે લડાઇમાં વિજયી થાય છે, પરંતુ નીચે પડનાર મહાવત તો બિચારો તેને તે જ જગ્યા ઉપર સપાટાબંધ હાથીના પગતળે કચરાઇને ફેંદાઈ ઉડી જાય છે. આ સાઠમારી એટલી બધી ભયંકર ગણાય છે કે સાઠમારીમાં જનાર મહાવત જેમ ખરેખર મરવા માટે જતો હોય તેમ પોતાનાં સ્ત્રી છોકરાંની છેલ્લી સલામ ભરી લે છે. આ ભયંકર અને મરણના કામ ઉપર જતાં તેમને સંતોષ લેવા જેવું માત્ર એટલું જ હોય છે કે જો તે જીવતો રહે તો તેને પાદશાહ પસંદ થઇને પગાર વધારી આપે છે તથા એક પૈસાની ભરેલી થેલી તેના હાથીના વિજયમાં ઈનામ આપશે. વળી તેઓને એટલો પણ સંતોષ હોય છે કે જો તેઓ મરી જશે તો તેમની વિધવાઓને પાદશાહ પેનશન આપશે તથા તેમના છોકરાઓને તેમની જગો ઉપર કામે રાખશે. મહાવતનો જીવ જોખમમાં રહે છે એટલેથી જ આ ભયંકર સાઠીમારીનો ભય પૂરો થતો નથી. મત્ત થયેલા હસ્તીઓ કોઈવાર માણસોના ટોળા તરફ ધશી આવે છે ત્યારે કાં તો તેમના પગતળે કે કાં

તો માણસો અને ભડકેલા ઘોડાઓના તળે પણ કોઈ કોઈ લોક કચરાઈ જાય છે. બીજી વખતની સાઠમારી જોતાં હું મારા ઘોડાના પ્રતાપે અને અને મારા નોકરની હોશિયારીને લીધે જ બચી ગયો હતો.

## દિલ્લીની જુમામસજીદ.

શહેરનાં બે મોટાં મકાનનું વર્ણન કરવું રહી ગયું છે, માટે હવે આપણે રાજ્ય મહેલમાંથી નીકળી તેના ઉપર નજર કરીએ. આ બે મકાનો વર્ણન કરવાને યોગ્ય છે. પહેલું મકાન તે દિલ્લીની જુમામસજીદ છે. શહેરની વચ્ચે એક ઉંચાણ ભાગ ઉપર તે આવેલી છે. પ્રથમ એ ઊંચી જગાને બરોબર સપાટ કરીને તેની આગળ એક મોટો સમાન ચોક પડે એમ કરવામાં આવેલી છે. આ મોટા ચોક અથવા માંડવીમાં શહેરના ચાર મોટા રાજમાર્ગ આવી મળે છે. એક માર્ગ જુમા મસજીદના મુખ્ય દરવાજા આગળ, બીજા બે તેના બડાંના દરવાજા સન્મુખ અને ચોથો તેની પછીત આગળ આવી વિરામ પામે છે. માંડવી આગળ ત્રણ દરવાજા કરેલા છે અને ૨૫ અથવા ૩૦ પગથીયાંથી તેના ઉપર જવાય છે. જુમા મસજીદનો પાછલ્યો ભાગ જમીનની ઉચાઈ બરોબર કોતરણીના પથ્થરોથી સરખો કરી લીધેલો છે, તેથી મસજીદની શોભામાં ઘણો વધારો થાય છે. મસજીદના ત્રણ દિશા તરફના ત્રણે દરવાજા આરસપહાણથી બાંધેલા છે અને દ્વાર મોટાં ચકચકીત તાંબાનાં પતરાંથી મઢી લીધેલાં છે. પડખાના બે દરવાજા કરતાં મુખ્ય દરવાજો વધારે ભભકાદાર છે અને તેના ઉપર આરસપહાણના મિનારા કાઢેલા છે તેથી તો તેની શોભામાં ઓર વિશેષ વધારો થાય છે. મસજીદના પાછલ્યા ભાગમાં ત્રણ આરસના ઘુંમટો છે, તેમાં વચલો વધારે ઉંચો અને ભભકાદાર છે. મસજીદનો અને ઘુંમટો વચ્ચેનો ભાગ છાપરા વગરનો છુટો છે, અત્રે પુષ્કળ ગરમી પડતી હોવાથી આ પ્રમાણે છૂટ રાખવી એ વધારે અનુકૂલ છે. આખી જુમા મસજીદ આરસની ચિત્રવિચિત્ર લાદીઓથી ફરસબંદી યુક્ત કરેલી છે. આપણા શિલ્પશાસ્ત્રના નિયમો પ્રમાણે આ મકાન બંધાયલું નથી, છતાં હું એમ તો કહી શકું છું કે તે પસંદ પડે એવી બાંધણીનું બાંધેલું છે. તેના દરેક ખંડ યથાઘટિત બાંધેલા અને જોઇએ તેટલા લાંબા પહોળા અને ઉંચા રાખેલા છે. પારીસમાં જો આ જુમામસજીદના જેવું મકાન બંધાવ્યું હોય તો મને ખાતરી છે કે તે



બાંધકામ માટે તે સંપૂર્ણ વખણાય. ત્રણ મોટા ઘુમટ અને બીજા અનેક નાના નાના મિનારાઓ શિવાય આખુ મકાન રાતા પથ્થરથી બાંધેલું છે. મકાન જેમ રાતા પથ્થરના નમુનાદાર કકડાઓથી બાંધેલું હોય તેમ રતાસને લીધે બહુ જ ભભકાબંધ લાગે છે. જો કે રાતા પથ્થરો ઘણા સારા અને પસંદ કરેલા પથ્થર છે છતાં પણ ઘણે વર્ષે તે ખવાઈ જાય છે તથા ફીકા પડી જાય છે. અહીંના લોક એમ માને છે કે જે ખાણોમાંથી તે પથ્થર કહાડવામાં આવે છે તે ખાણો અનુક્રમે તે પથ્થરોને ફરીથી ઉત્પન્ન કરે છે. આ વાત જો ખરી હોય તો તેના જેવું બીજું એકે નહિ, પરંતુ દરેક વર્ષે તે ખાણોમાં પાણીનો જમાવ થાય છે તેને આ પ્રમાણે તેઓ માને છે કે કેમ, જે હું નક્કી કહી શકતો નથી. આ જુમા મસજીદ શાહજહાન પાદશાહે ૧૬૪૪માં બંધાવા માંડી હતી તે શાહજહાનના રાજ્યના અંત સાથે એટલે કે ૧૬૫૮માં પુરી થઈ છે. હિંદુસ્તાનમાં તેમજ બીજે કોઈ પણ ઠેકાણે દિલ્લીની જુમામસજીદ જેવું સુંદર મકાન નથી.

જુમાને દિવસે એટલે શુકરવારે પાદશાહ બંદગી કરવા માટે જુમા મસજીદમાં આવે છે. આપણે જેમ રવિવાર પાળીએ છીએ તેમ અત્રે શુકરવાર પળાય છે, જે માર્ગેથી પાદશાહની સવારી જવાની હોય છે તે માર્ગ ઉપર ધુળ ન ઉડે અને તાપ ન લાગે તે માટે પ્રથમ પાણીનો છંટકાવ કરવામાં આવે છે. બસેં અથવા ત્રણસેં બંદુકવાળાઓ પાદશાહના અંગરક્ષક તરીકે સાથે રહે છે અને બીજુ લશ્કર રાજ્ય મહેલથી તે મસજીદ સુધી રસ્તામાં બેઉ બાજુએ સંફ સમારી ઉભું રહે છે. અહીં બંદુકો નાની છતાં સારી હોય છે. પાદશાહની સવારી આગળ પાંચ અથવા છ ઘોડેસ્વારો લોકને દૂર ખસેડવાને માટે રહે છે. આ લોકો પાદશાહને તેમના ઘોડાઓની ધુળ ન ઉડે તેથી પાદશાહથી ઘણા આગળ રહે છે. આ પ્રમાણે બંદોબસ્ત થયા પછી પાદશાહ કોઇવાર સુંદર અંબાડીમાં હાથીએ ચડીને અને કોઇવાર સારા પોષાકવાળા આઠ માણસોએ ઉચકેલી રાજ્યાસનના ઘાટની ભભકાદાર ઝળાંઝળાં થતી પાલખીમાં બેશીને રાજ્ય મહેલમાંથી નીકળે છે. ઘોડેસ્વાર થઇને અને પાલખીમાં બેશીને ઉમરાવો પાદશાહની સાથે જાય છે તેમાં ઘણાક મુતસદ્દીઓ પણ સામેલ રહે છે. વળી મેં પ્રથમ વર્ણવ્યા છે એવા રૂપાની છડીઓ અને રાજ્યચિન્હોવાળા

માણુસો પણ પાદશાહની આગળ ચાલે છે. પાદશાહની આ સવારી યુરોપના રાજાઓની અથવા મહાન સીનોરની સવારી જેવી તો અલબત નહિ, પણ કંઈ ઓછા રાજ્યકીય ભભકાવાળી નથી હોતી. દિલ્લીનું બીજું મોટું મકાન તે બેગમસરાઈ અથવા કરેવેનસરી છે. તેના તરફ હવે હું આપનું ધ્યાન ખેચું છું. અચીર પૂરી થયેલી લડાઇના ઇતિહાસમાં જેને માટે હું વારંવાર લખાણ લખી ગયો છું તે શાહજહાન પાદશાહની વડી શાહજાદી બેગમ સાહેબે આ મકાન બંધાવેલું છે. માત્ર આ શાહજાદીજ નહિ પરંતુ વૃદ્ધ પાદશાહના તમામ ઉમરાવોએ પાદશાહની કૃપા સંપાદન કરવા માટે નવા દિલ્લીને સુશોભિત કરવા માટે નાણાં ખરચ્યાં હતાં. આપણા રાજમેહેલની માફક આ ધર્મશાળા પણ ચોરસ અને આરડાં પાડીને બાંધેલી છે, ફેર માત્ર એટલોજ છે કે આપણે ત્યાં મોટા મોટા ખંડ કહાડવામાં આવેલા છે ત્યારે આ મકાનમાં તળે ઉપર નાની નાની ઓરડીઓ કહાડેલી છે. આ ધર્મશાળાના દરવાજા રાત્રે બંધ કરવામાં આવે છે તેથી ઇરાન અને યુસબેગથી આવતા પૈસાદાર વેપારીઓ પણ જો કોઈ ઓરડી ખાલી હોય તો તેમાં ઉતરે છે. તેઓ ત્યાં પોતાના માલ સાથે સહી સલામત રહી શકે છે. પારીસમાં જો આવી દશ વિશ ધર્મશાળાઓ હોય તો હાલ જેમ મુસાફરોને વિટંબણા પડે છે તેમ પડે નહિ અને તેઓને સુગમતા થાય. મુસાફરોને તેમને જોઇતી સગવડવાળી જગ્યા મળી આવે ત્યાં સુધી તેઓ આવી જાતની ધર્મશાળામાં રહી શકે. પરદેશથી આવતા મુસાફરોના માલની એક વખાર રૂપ આવી ધર્મશાળાઓ થઈ પડે છે.

## વસ્તી.

મને લાગે છે કે દિલ્લીમાં કેટલી વસ્તી હશે એવો પણ તમને સહજ પ્રશ્ન ઉત્પન્ન થશે અને એમ ધારીને પારીસ, સાથે સરખાવતાં દિલ્લીમાં કેટલી વસ્તી અને નગરનો વિસ્તાર કેટલો છે તે પણ હું અત્રેજ લખવું ઉચિત ધારૂં છું. મજલાપર મજલાવાળાં મકાનોને લીધે પારીસ નગર ઉપર નગર બાંધેલા જેવું છે. વળી તે સધળાં મકાનો માણુસોથી ભરપુર છે અને રાજમાર્ગોમાં કામ કાજે જતાં સ્ત્રી પુરૂષોની ગાડી ઘોડાની અને બીજી જે વસ્તીની ધમાલ જોવામાં આવે છે તે બધુ લક્ષમાં લેતાં પણ હું કહું છુ કે દિલ્લીમાં પણ પારીસના જેટલી વસ્તી હશે. હિંદુસ્તાનના રાજ્ય



નગરના વિસ્તારના સંબંધમાં તો હું એમજ કહું છું કે તે ઘણું મોટું છે. શહેરમાં અસંખ્ય દુકાનો છે, તે ઉપરાંત હમેશાં પાદશાહની તહેનાતમાં રહેનારૂં પાંત્રીસ હજાર માણુસનું લશ્કર છે. હિંદુસ્તાનના સૈનિકો વાંઢા નથી, તેઓ સધળા બૈરી છોકરાં અને દાસ દાસીઓવાળા છે; અને તેઓ પણ પોતાના ધણીથી જુદા ઘરમાં રહે છે. દિલ્લીમાં એવું એક પણ ઘર નથી કે જેમાં વસ્તી ન હોય અને તે બૈરાં છોકરાંથી ઉભરાતું પણ ન હોય. સવારે સાંજે મોટા વિસ્તારવાળા રસ્તા છતાં પણ લોક એટલા જોવામાં આવે છે કે તેમાં થઇને ગાડી હાંકી જવી હોય તો ઘણુંજ વિષમ લાગે. આખુ શહેર માણુસથી તરવરી જાય છે, ત્યારે વસ્તી વિષે વિચાર આવે છે અને જો આ બધું ધ્યાનમાં લઇ દિલ્લી અને પારીસની વસ્તી સંબંધી ગણના કરવા જઇએ તો મને લાગે છે કે દિલ્લીમાં પારીસના કરતાં કંઈ ઓછી વસ્તી તો નહિ જ હોય. હવે ઉજળા લોકના વિષે પુછો તો દિલ્લીમાં તેઓ ઘણાજ થોડા હશે, કારણ કે પારીસમાં જ્યારે દશ માણુસમાંથી ૭–૮ માણુસો સારા ભભકાદાર પોશાકવાળા અને પોતે ગૃહસ્થ છે એવો દેખાવ કરનારા જોવામાં આવે છે ત્યારે દિલ્લીમાં દશ માણુસે સારા ગૃહસ્થ જેવા માત્ર ત્રણ કે ચાર માણુસજ જોવામાં આવે છે. સારા લોકો કંઇક સભ્ય અને ઉજળો પોષાક પહેરે છે. આમ થવાનું કારણ માત્ર એટલું જ છે કે સૈનિકો દેશાવરમાંથી ઘણા ગરીબ અને દુ:ખીઆરા લોકોને દિલ્લીમાં ખેંચી લાવે છે. માત્ર મેલા ઘેલાજ લોક જોવામાં આવે છે એમ નથી, મને ઘણીવાર રસ્તામાં સારા પોષાકવાળા ચાકર નફરોવાળા અને સભ્ય ગૃહસ્થો પણ મળે છે. જ્યારે પાદશાહના કિલ્લા આગળ રોન ફરવાને માટે મુનસફદારો અને ઉમરાવો જતા હોય છે અથવા જ્યારે તેઓ આમેખાસના દરબારમાં જતા હોય છે ત્યારે શહેરમાં માંડવી આગળનો દેખાવ ઘણોજ રળીઆમણો થઈ રહે છે. ચારે તરફથી આવી મુનસફદારો માંડવીમાં હાજર થાય છે. તેઓ ચંચળ ઘોડા ઉપર બેઠેલા હોય છે અને બે આગળ અને બે પાછળ હજુરીઓ તેમના માર્ગ માટે લોકને દૂર કરતા હોય છે. ઉમરાવો અને રાજાઓ કોઈ ઘોડા ઉપર બેશીને તો કોઈ મોટા મતંગજ ઉપર બેશીને વળી કોઈ સુગંધીદાર પાનનાં બીડાં ચાવતા પાલખીમાં બેશીને માંડવીમાં આવતા જતા જોવામાં આવે છે. દરેક પાલખીની પડખે એક ચાકર રૂપાની પીકદાની ઝાલીને ચાલે છે અને બીજા

એ ચાકરો પોતાના સુખીઆ શેઠને પંખો નાંખતા હોય છે. ત્રીજો મયૂરપીંછની ચમરીથી માંખો ઉરાડે છે અને ત્રણચાર માણસો આગળ દોડે છે અને કેટલાક હોંશીઆર ઘોડેસ્વારો તેમની પાછળ ચાલે છે.

દિલ્હીની આસપાસનો પ્રદેશ ઘણોજ ફળદ્રુપ છે. અહીં અનાજ, સેલડી, ગળી, ચોખા, બાજરી અને ત્રણ ચાર જાતનાં કઠોળ વગરે ધાન્ય પેદા થાયછે. લોકોના મુખ્ય ખોરાકમાં આવતું આ અનાજ પુષ્કળ પાકેછે. દિલ્હીથી આગ્રે જવાના રસ્તાપર છ માઈલને અંતરે એક મોટું મકાન છે તેને મુસલમાનો કોહી ઈ-દુત બુ-દીન, મિનારે કુતબ કરીને કહેછે. આ મકાન ઘણુંજ પુરાતન છે અને તે એક હિંદુનું મૂર્તિ દેવાયલ હોય એમ લાગે છે. તેમાં એક શિલા લેખછે તે હાલ હિંદુઓની બોલાતી ભાષાથી કોઈ બીજી ભાષામાં લખેલો છે અને તેને વાંચનાર કોઈ મળતો નથી.

દિલ્હીની બીજી દિશા તરફ પાંચ છ માઈલને છેટે એક ગામડી પાદશાઈ મહેલ કરીને ઘણુંજ ભભકાબંધ મકાન છે, પરંતું આપણા દેશના રાજાઓનાં સેન્ટ જર્મિયન અથવા વરસેઈલીસના જેવું તે નથી. હું તમને ખાતરી આપીને કહુંછું કે ત્યાંના જેવી સુન્દર જગાઓ દિલ્હીની પાસે કાંહી નથી. અથવા સેન્ટકલાઉડ, સેન્ટીલીમિડોન, લિયેકોર, રૅાસેસ અથવા તો ગાંમડાના માણસોની વાડિઓ અને વજીફા જેવાં વિહારમકાનો કે બાગો આ દેશના ગૃહસ્થ ઉમગવ વા રાજાના નથી. આતું કારણ માત્ર એટલું જ છે કે અત્રેના માણસોને પોતાની જમીન હોતી નથી. દિલ્હી અને આગ્રા વચ્ચે પચાસ સાઠ લીગનો અંતર છે, પરંતુ ફ્રાન્સની માફક આટલા લાંબા માર્ગ વચ્ચે મુસાફરને ઉતરવા જેવું એકે નગર નથી. આખો રસ્તો કંટાળા ભરેલો અને મથુરાં સિવાય કંઈજ જોવા જેવું આવે એવો નથી. મથુરામાં જુનાં હિંદુ દેવળો ઘણાં છે. મથુરાંનાં કેટલાંક દેવાલયો ઘણાં સુન્દર છે. આગ્રાથી દિલ્હી સૂધીનો રસ્તો જહાંગીર પાદશાહે બંધાવેલો છે. સડકની બન્ને બાજુએ ઝાડ રોપાવેલાં છે અને ગાઉ ગાઉને અંતરે કૂવા અને ઉતારા બંધાવેલાછે.

દિલ્હીનું વર્ણન આપ્યું તેવુંજ આબેહુબ મકાનો વગેરેને મળતું આગ્રાનું વર્ણન જાણી લેવું. અકબરે આગ્રા વસાવી તેને અકબરાબાદ નામ આપ્યું હતું. તેના વખત પછી આગ્રા હિંદુસ્તાનના પાદશાહોની પ્રિય



નગરી થઈ પડેલું છે. તે દિલ્હીના જેટલુંજ વિસ્તારવાળુ, કોટ કિલ્લા અને ઘરબારની સરખી બાંધણીનું અને રાજા, ઉમરાવો વગરેના વાસથી ભરપુર છે. આગ્રામાં ખાનગી વસ્તી વધારે છે અને તે એક વેપારનું સ્થાન છે. આગ્રામાં પણ બે મોટાં મકાનો લક્ષ દઇ જોવા જેવાં છે પરંતુ તે બીજાં નગરોના જેવાં ભભકદાર નથી. તેમની આગળ કોટ નથી. દિલ્લીને જેમ મોટા રસ્તા કોટ બજારો વગરેની યથાર્થ રચનાથી સુશોભિત બનાવેલું છે તેમ આગ્રામાં નથી. ચાર પાંચ મોટા રસ્તા ઘણાજ લાંબા છે અને તેના ઉપર આવેલાં મકાનો પણ સારાં છે. બીજા રસ્તાઓ ટુંકા સાંકડા અને વાંકા ચૂંકા ખૂણા ખોચરા પડતા છે. જ્યારે પાદશાહ આગ્રામાં હોયછે ત્યારે આ સાંકડા રસ્તાને લીધે ઘણી ગુંચવણ થાયછે. દિલ્લી અને આગ્રા વચ્ચે કેવી જાતનો ફરક છે તે મેં મારી ધારણા પ્રમાણે ઠીક બતાવ્યો છે. વિચાર કરીને ધન સમૃધ્ધિની દૃષ્ટિએ જોઈએ તો આગ્રા એક ગામડી નગર જેવું લાગે છે. આગ્રાનો દેખાવ વનસ્પતિવાળો છે, કારણ કે રાજાઓ, ઉમરાવો અને વેપારી ગૃહસ્થનાં ઘરની આસપાસ મોટાં મોટાં ઝાડના બાગ બનાવેલા છે. દરેક ઘર કંઈક ઝાડની ઘટામાં આવેલું જોવામાં આવે છે. શહેરના મધ્ય ભાગમાં વેપારી વાણીઆઓનાં પથ્થરનાં ઘર આવેલાં છે. આ ઘરો જુના કિલ્લાનાં ઝાડોની વચ્ચમાં આવી રહેલાં હોઇ તેવો દેખાવ આપેછે. આવી વનસ્પતિ પૂર્ણ ભૂમિઓ આ દેશમાં તાપ તડકાથી બળેલા માણસોને અદ્ભુત વિશ્રાંતિ આપે છે.

દુનિયાં ઉપર કોઈ પણ ઠેકાણે ન મળી શકે એવી સૃષ્ટિલીલા તમને પોન્ટનૈફમાંથી મળે એમ છે, માટે તમારે તો પારીસ છોડી બહાર નીકળવાની ઈચ્છાજ કરવી નહિ. ત્યાં આગળના એક પુલ ઉપર બેસીને જોશો તો તમારી આસપાસ તમને ઘણો ચેતોહર દેખાવ, ગાડી ઘોડા અને માણસોનાં ટોળે ટોળાં જનરે પડશે. રાત્રિને વખતે તેજ સ્થાનક પર જઇને જોશો તો વળી ઘણોજ સારો દેખાવ તમારી નજરે પડશે. ઉંચા ઉચ્ચા રંગ મહેલોની વાતાયનોમાંથી પ્રદીપ્ત તેજવાળા દિવાઓ તમને મધરાત સુધી નજરે પડશે. એશિયામાં સ્ત્રિ વિભવ જોવામાં જ આવતો નથી, છતાં ત્યાં તો આપ સ્ત્રિ પુરૂષોને પોતાનાં બાળ બચ્ચાંની સાથે સુખથી અને ચોરના ભય વગર હરતાં ફરતાં દેખશો. વળી ચારે તરફ

નજર નાંખતાં બધે જ તમે એક ધારા બળતા દીવાઓની હારો જોશો. ખાતરી રાખજો કે તમે ઉપર કહેલે સ્થાનકેથી જેવો દેખાવ જોઈ શકશો તેવો બીજે કોઈ ઠેકાણે જોવાનો નથી. ચીન અને જાપાનમાં હું ગયો નથી એટલે તે દેશોમાં હોયતો ભલે તેમાં પણ પારીસમાં બંધાતું લૉરે જોકે મેં તો તેને માત્ર કાગળ ઉપર જ જોયેલું છે પરંતુ હાલ પુરૂ થયું હશે તે જોશો એટલે તમે દુનિયાં ઉપરનો ઉત્તમોત્તમ દેખાવ જોયો એમજ જાણજો.

કોન્સ્ટોટિનોપલમાં જનાનખાના આગળના વિશાળ ચોગાનમાં ઉભા રહીને મેં જે સૃષ્ટિલીલા જોઇ છે તેવી સૃષ્ટિલીલા કોઇ સ્થળે નથી માટે મેં આપણી કૃત્રીમલીલા જોવાને આપને જણાવ્યું છે. આવી બાબતોને લક્ષમાં લેતાં હું એમ કહેવાને હિમ્મત ધરૂંછું કે દુનિયાંપરનું કોઈ પણ નગર પારીસની બરોબરી કરે તેમ નથી, તેમજ કોન્સ્ટોનટીનોપલની શોભા પણ કુદરતી અને મનોહર છે. દિલ્લી અને આગ્રા સુંદર શેહેરો છે પરંતુ તે યૂરોપનાં રાજ્યનગરોની તુલના કરે તેમ નથીજ.

## મોગલરાજ્યમાં પાદરીઓ.

આગ્રામાં જેસ્યુટ પાદરીઓનું એક દેવાલય છે તેમજ એક નાની નિશાળ છે; જેમાં વટલી ગયેલાઓનાં પચીસ ત્રીસ છોકરાંને આપણા ધર્મનો બોધ આપવામાં આવેછે. અકબર પાદશાહને જુદા જુદા ધર્મોનાં તત્વ જાણવાની ઈચ્છા થઈ ત્યારે હિંદુસ્તાનમાં પૂર્ણ બળ પર આવેલા પોર્ટુગીઝોએ, ધર્માધ્યક્ષોની સભામાં પોતાના ધર્મ ગુરૂને પણ મોકલ્યો હતો. અકબર ક્રિશ્ચિયન ધર્મનું તત્ત્વ જાણતાં ઘણોજ પ્રસન્ન થયો હતો તથા તેમને વર્ષાસન બાંધી આપ્યા ઉપરાંત આગ્રા અને લાહોરમાં પોતાનાં દેવળ બાંધવાની પરવાનગી આપી હતી. અકબરના કરતાં પણ તેના પુત્ર જહાંગીરે ખ્રીસ્તી પાદરીઓને વધારે આશ્રય આપ્યો હતો; પરંતુ હાલના પાદશાહના પિતા શાહજહાને તેમને ઘણું વિતાડયું હતું. તે પાદશાહે તેમનાં વર્ષાસન લઈ લીધાં એટલું જ નહિ, પણ તેમનું એક દેવળ જેના ઉપર આખા શહેરમાં સંભળાય તેવો ઘંટ હતો તેને ખંડિત કર્યું હતું. જહાંગીરશાહના અમલમાં પાદરી સાહેબે પોતાના ધર્મ પ્રચારને માટે સારો શ્રમ લીધો હતો. એ પાદશાહને કુરાનના કલમા ઉપર તિરસ્કાર હતો છતાં તે આપણા લોકના ધર્મના નિયમ ધારાને વધારે વખાણતો હતો. તેના બે ભત્રિજાઓને તેણે



ખ્રીસ્તી ધર્મ અંગીકાર કરવાની રજા આપી હતી. વળી જનાનખાનામાં ઉછરેલા અને સુન્નત કરાવેલા મિર જાઝુલકરીમને પણ તેણે ખ્રીસ્તી ધર્મ લેવા દીધો હતો. આનું બહાનું એમ બતાવવામાં આવતું હતું કે, મિરજાની મા એક ગૃહસ્થ આર્મિનીઅન ખ્રીસ્તીની દિકરી હતી અને તેથી મીરઝાને તે ધર્મ સ્વીકારવા દીધો હતો.

જેસ્યુટ પાદરીઓ કહે છે કે જહાંગીર ખ્રીસ્તી ધર્મ તરફ એટલો બધો વળેલો હતો કે એકવાર તેણે તેનો આખો દરબાર ખ્રીસ્તી રિવાજ પ્રમાણે કરી નાંખવાની હિમ્મત ભરી જુમસ કરી હતી. પોષાકો તૈયાર કરવામાં આવ્યા હતા અને એકવાર તે પોષાક પહેરી તેણે પોતાના એક મોટા ઉમરાવને બોલાવી નવા રિવાજને માટે તેનો કેવો મત છે તે જાણવા માગ્યું હતું. ઉમરાવે એવો વિરૂદ્ધ મત આપ્યો કે જેથી જહાંગીરે તે વિચાર માંડી વાળ્યો એટલું જ નહિ પણ બધી વાત મશ્કરીમાં કાઢી નાંખી.

પાદરીઓ તો વળી એટલા સુધી કહે છે કે જ્યારે તે મરવા પડયો ત્યારે તેને એક ક્રિશ્ચિયન તરીકે મરવું હતું. તેણે પવિત્ર પાદરીઓને બોલાવવા માટે માણસો સુદ્ધાં મોકલ્યાં હતાં, પરંતુ તે માણસો પાદરીઓની પાસે ગયાં નહોતાં. બીજા કેટલાક એમ કહે છે કે જહાંગીર જેવી રીતે તેની જીંદગીમાં વર્ત્યો હતો તેવી જ રીતે મરણ પામ્યો હતો, અર્થાત્ તે કોઈ ધર્મમાં રહેલો નહોતો. અકબરની માફક તેને પોતાના નવા ધર્મના પેગંબર થવાની હોંસ હતી અને તેમાંને તેમાં જ તે મરણ પામ્યો હતો. જનાનખાનામાં નોકરી કરી આવેલા એક ખોજાના છોકરા મુસલમાને મને કહ્યું હતું કે, જહાંગીર પાદશાહે દારૂની લહેરમાં એકવાર કેટલાક મુલ્લાઓ અને પાદરીઓને પોત પોતાના ધર્મનું રહસ્ય કહેવાને બોલાવ્યા હતા. પાદરી અને મુલ્લાઓ વચ્ચે ઘણીવાર સુધી ગરમાગરમ વાદવિવાદો ચાલ્યા પછી પાદશાહે તેમને જણાવ્યું કે, ‘હવે તમને ઘણીવાર થઈ માટે આમ કે તેમ એક બાબતના નિશ્ચય ઉપર આવવું જોઇએ છીએ, હું ધારૂં છું કે, અહીંઆં એક ખાડો ખોદી તેમાં દેવતા સળગાવો, પછી બાઈબલ લઇને આ પાદરી અને કુરાન લઇને મુલ્લાં બેઉ જણ પ્રજ્વલિત અગ્નિમાં કુદી પડો, પછી જે અગ્નિમાં જીવતો રહેશે તેના ધર્મને હું સ્વીકારીશ.’ પાદરીએ આ પ્રમાણે કરવાની હિમ્મત ધરી, પરંતુ મુલ્લા સાહેબના મોતીઆ મરી ગયા, એટલે

જહાંગીર પાદશાહે પાદરીને દેવતામાં ન પડવા દેતાં હિમ્તત આપી અને મુલ્લાંને કહાડી મુક્યો. આ વાત જો કે વજન આપવા જોગ નથી, તોપણ એટલું તો સત્ય જ છે કે, જહાંગીર પાદશાહના રાજ્યમાં અને દરબારમાં જેસ્યુટ પાદરીઓનું માન સારૂં હતું તથા હિંદુસ્તાનમાં ગોસ્પલના ધર્મનો વધારો થવાની સારી આશા જણાતી હતી. પાદશાહના મરણથી બધી આશાઓ ઉપર પાણી ફરી વળ્યું અને જો કે દારાને પણ પાદરીઓ સાથે મૈત્રી હતી, છતાં ખ્રીસ્તીઓનું માન રહ્યું નહોતું. આ મિશનરીઓના સંબંધે મેં એક પત્ર લખવો ધારચો હતો પણ તેમાંનું કંઈક અત્રે જ લખી દેવાની આપ મને રજા આપશો એવી આશા છે.

સઘળી જાતના પાદરીઓ હિંદુસ્તાનમાં આવીને પોતાનું કામ સારી રીતે કરે છે. તેઓ આપણા ધર્મનો બોધ ઘણીજ હોંસથી કરે છે અને તેને હું ધન્યવાદ આપું છું, કેથોલીક, ગ્રીક, આર્મિનીઅન, અને જેકોબીઝ વગરે પાદરીઓ સારા સ્વભાવના અને હિંદુસ્તાનમાં આવતા પરદેશી મુસાફરો તથા દુઃખી લોકના આશ્રયરૂપ થઈ પડેલા છે. તેઓ ભણેલા અને ઉદાર ચિત્તના છે. તેઓ મૂર્ત્તિ પૂજકોના વહેમનું સારી રીતે ખંડન કરે છે અને આપણા ધર્મ તરફ લોક વૃતિને ખેંચે છે. કેટલાક પાદરીઓ એવાં નઠારાં કામ કરે છે કે જે એમની ધર્માધિકારીઓની પદવીને જરાય છાજતાં નથી. લોકમાં ખ્રીસ્તી ધર્મ માત્ર તરેહવાર એક ધર્મની છાયા જેવો છે એવો મત ઉત્પન્ન કરનારાઓ તેઓજ છે, પરંતુ હું ખાતરીથી કહું છું કે તેવા પાદરીઓની સંખ્યા ઘણીજ જુજ છે. સારા સારા વિદ્વાન્ પાદરીઓની આખા દેશમાં જરૂર છે અને જો તેવાઓનાથી આપણા ધર્મનું રહસ્ય પ્રતિપાદન થતું રહે તો મને સંપૂર્ણ ખાતરી છે કે આપણો ધર્મ આગળ વધે. દરેક રાજ્યની અને ખ્રીસ્તી પ્રજાની ફરજ છે કે તેઓએ પોતાના ધર્મપ્રસારને માટે દુનિયાંના સઘળા ભાગમાં વિદ્વાન અને સદ્વર્તનવાળા પારરીઓને મોકલવા અને તેમને તે તે સ્થળોમાં રહેવાને માંટે કરવો પડતો ખરચ આપવો. મૂર્તિ પૂજકોનો મને ઘણો સહવાસ થવાથી મારા જાણવામાં આવ્યું છે કે તેમનામાં હજી ઘણો વહેમ છે અને તેઓ બીલકુલ અજ્ઞાન જેવા છે. હિંદુઓમાં ખ્રીસ્તી ધર્મ પ્રચાર કરવાની આશા રહે છે, પરંતુ મુસલમાનોમાં આપણો ધર્મ જામે એમ લાગતું નથી;



જો કે મુસલમાનો બાઇબલને તથા આપણા ઇશ્વર ક્રાઇસ્ટને માન આપે છે, છતાં તેઓ આપણા ધર્મમાં આવે એવી વૃત્તિ તેમની જણાતી નથી. દશ વર્ષનો લાગટ પ્રયત્ન હોય ત્યારેજ માત્ર એકાદ મુસલમાનને પાદરીઓ ખ્રીસ્તી કરી શકે છે. ક્રાઇસ્ટને માન આપવા છતાં તેઓ પોતાના પેગંબરને કંઈ ઓછો માનતા નથી. તેઓ તેને સત્ય માને છે. મુસલમાન લોક ઉગ્ર સ્વભાવના છે અને તેમનો ધર્મ માત્ર ઉગ્ર ભાવના અને અસ્ત્ર શસ્ત્રના બળે જ સ્થપાયલો છે. તેઓ એકજ બાબત ઉપર માન રાખે છે અને ઓછા વહેમી છે એટલે ન્યાયને અને સદ્વર્તનને રસ્તે આણવા એ ઘણું જ કઠિન કામ છે, છતાં પણ જો આપણા મિશનરીઓનો ઉદ્યોગ ચાલુ રહેશે તો તેમનાથી આપણા ધર્મનું રહસ્ય સમજાશે અને ઘણે કાળે ફાયદો થશે. ચીન અને જાપાનમાં આપણા ધર્મની કેવી રીતે વૃદ્ધિ થાય છે અને જહાંગીર પાદશાહે પણ ખ્રીસ્તી ધર્મને કેવું માન આપ્યું હતું વગરે બાબત લક્ષમાં લઇને આપણે ઉદ્યત રહેવું જોઇએ છીએ. મીશનરીઓએ દેવળની અંદર કેવી રીતે કામ લેવું તેને માટે બહુ સાવધાન રહેવું જોઇએ છીએ તથા મુસલમાન લોકનું અનુકરણ કરવું જોઈએ છીએ, કારણ કે બંદગીને વખતે જ્યારે તેઓ મસજીદમાં ભેગા મળે છે અને ધર્મ વાયજ ચાલતી હોય છે ત્યારે અન્યોન્યમાં એક શબ્દ સરખો પણ બોલતા નથી અને એક ધ્યાન થઈ ધર્મવાયજ સાંભળે છે. તેમની આ એકાગ્ર વૃત્તિ અને ધર્મ પ્રસારક આસ્થા વગરેનું અનુકરણ કરીને જો હિંદુસ્તાનમાં આવતા પાદરીઓ ચાલશે તો ઘણે કાળે તેમને વિજય મળશે એમાં શંકા નથી.*

* પાદરીઓએ પોતાના ધર્મનો પ્રસાર કરવાને માટે જે જે માર્ગ પૂર્વે લીધેલા છે અને હાલ તેઓ લેછે તે સ્તુત્ય છે, પરંતુ જ્યાં સૂધી આગ્રહનો ત્યાગ કરવામાં નહિ આવે ત્યાં સૂધી તેમનો ધર્મ પ્રસાર રાજકીય બાબતોમાં આડો આવી મોટી ઉથલપાથલ કરતા થઈ પડશે. પાદરીઓના વર્તનથી ઘણીક વાર લોકનાં મન ઉંચાં થાયછે અને તેમાંથી રાજકીય ઉદ્વેગને જન્મ મળેછે. ચીનમાં બર્નિઅરને વિજય જણાયો છે પરંતુ આપણે વારંવાર સાંભતા આવ્યા છીએ કે ત્યાં પાદરીઓની હર વખત કેવી કમકમાટ ભરી રીતે કતલ થાયછે. રાજ્યને ધર્મ સંબંધી બાબતમાં નાંખવી એ આજના ન્યાય વર્તનથી વિરૂદ્ધ છે અને એજ અનનુરૂપ છે. હિંદુઓ મુસલમાનોની તરવારથી નથી વટલ્યા તે બોધથી વટલશે એ આશા આકાશકુસુમવત છે અને જે વટલે છે તે નીચ જાતના હોય છે એટલે વિજય જેવું કંઈ નથી, એવો પણ મત છે.

## ડચની કોઠીઓ.

આગ્રામાં ડચ લોકની કોઠી–પેઢી છે, તેમાં હમેશાં ચાર પાંચ માણસો રહે છે. પહેલાં તેમનો વેપાર ઠીક ચાલતો હતો. તેઓ જાડાં કપડાં, નાના મોટા અરિસા, સોના રૂપાની લેસો, લોખંડનો સામાન, વગરે વસ્તુઓ વેચતી હતી, અને ગળીની ખરીદી થતી. ઘણું કરીને બીયાના જે આગ્રાથી બે દિવસની મજલે છે ત્યાં આગળ જઈ તેઓ મોસમમાં રહે છે અને ગળી ખરીદી લે છે. આગ્રાથી સાત આઠ દિવસને રસ્તે લખનૌ અને જેલાલપુર છે, ત્યાં ડચ લોકોનું સ્થાન છે અને ત્યાંથી તેઓ કાપડની ખરીદી કરે છે. આગ્રા અને સુરત વચ્ચેના છેટાથી અથવા આર્મિનિયન લોક સાથેની સ્પર્ધા વધી પડવાથી કે ગમે તેમ પરંતુ હાલ ડચ લોકનો વેપાર કંઈ સારો લાભકારક ચાલતો હોય એમ લાગતું નથી. માલ લઇને જતી તેમની વણઝારો વારંવાર લૂંટાય છે, એટલે ગ્વાલીઅર અને બ્રામપોરને રસ્તે ન જતાં મોટું ચકર ખાઈ દેશી રાજાઓના રાજ્યમાં થઈ તેમને પોતાનો માલ અમદાવાદને રસ્તે લઈ જવો પડે છે. વેપાર ગમે તેવો અનુત્તેજક ચાલવા છતાં પણ અંગ્રેજોની માફક ડચ લોકો આગ્રામાંથી પોતાની પેઢી કાઢી નાંખે એમ મને લાગતું નથી, કારણ કે હજી પણ તેઓની પાસે સારાં સાધન છે. બંગાળમાં, પટના, સુરત, અને અમદાવાદમાં તેમની કોઠીઓ છે, ત્યાં જો કોઈ અમલદાર અથવા તે દેશનો સુબો તેમના ઉપર જુલમ ગુજારે તો તેની ફરીયાદ પાદશાહની આગળ રજુ કરનાર તેમના વગવાળા માણસો હજી પણ દિલ્લીના દરબાર છે.

દિલ્લીના કરતાં આગ્રાની ઉત્તમતા દેખાડનાર બે મસજીદોનું વર્ણન કરી હવે હું આ લેખ સમાપ્ત કરીશ. જહાંગીર પાદશાહે આમાંનું એક મકાન અકબર પાદશાહના રોજા તરીકે બંધાવેલું છે અને બીજું મકાન શાહજહાન પાદશાહે પોતાને અત્યંત પ્રિય–એટલી પ્રિય કે જેની સાથે પાદશાહે જીવતાં વિપ્રયોગ સહન કર્યો નહોતો અને મરણે અનુગમન જેવું સાહસ કરવાની હિમ્મત ધરી હતી-તે તેની જગત પ્રસિદ્ધ બેગમ **તાજેમહાલ** પાછળ બધાવેલું છે. આગ્રાની પાસે સિકંદરામાં અકબર પાદશાહની ઘોર આવેલી છે. આ ઘોર ઉપરનું મકાન પાદશાહે પોતે બંધાવા માંડયું હતું, અને જહાંગીરે પુરૂ કરાવ્યું હતું. આ મકાન વળી બુદ્ધના સ્તુપોના શિલ્પ



શાસ્ત્ર પ્રમાણે બાંધેલું છે. હિંદુસ્તાનમાં આ નવી ઢબે બાંધેલું મકાન માત્ર અકબર પાદશાહની સમાધનું જ છે. અકબર પાદશાહની સમાધનું વધારે વર્ણન ન કરતાં આપણે આગળ ચાલીશું, કારણ કે તેમાં જે વર્ણવવા યોગ્ય છે તે આગળ આવતા તાજમહાલના વર્ણનમાં આવી જાય છે.

## તાજ મહેલ.

તાજમહેલ આગ્રાની પૂર્વ દિશા ભણી આવેલો છે. શહેરથી પૂર્વ તરફ જતાં સહજ ઊંચી અને પથ્થરની લાદીઓ નાંખેલી એક દિશા તરફ મોટા અને ઉંચા કોટવાળી પંથશ્રેણી આવે છે. આની અંદર પારીસના રોયલ પોસ કરતાં પણ મોટી વાડી છે, એ કોટાકોટ અરધો રસ્તો કાપતાં જમણા હાથ ઉપર એક મોટો દરવાજો આવે છે. કેરેવાનસેરાઈમાં જવાને માટે તે મુખ્ય દરવાજો છે. આ દરવાજાની સામે એવો જ સુંદર એક બીજો દરવાજો છે તેમાં થઇને વાટિકામાં જવાય છે. વાટિકાની આગળ ઉચાણથી બાંધેલું એક ઘુમટદાર મકાન છે અને તે રાતા આરસ પહાણ જેવા પથ્થરોથી બાંધેલું છે. આરસ ઘણા કઠિણ હોય એમ જણાતું નથી. આ મકાનનો આગળનો ભાગ ઘણોજ ભભકાદાર અને વિસ્તારિત છે. તે ઉચું પણ થોડું નથી. ફ્રાન્સના શિલ્પશાસ્ત્ર પ્રમાણે આ મકાનની બાંધણી બાંધેલી નથી છતાં પણ ઘણી રમણીય છે. .આ મકાન કે જેના વિષે હું લખું છું તે કોઈ અદ્ભુત રીતે બાંધેલું છે. આખા મકાનની બાંધણી મનને રંજન કરે અને આંખને આનંદ પમાડે તેવી છે, એટલે આવી જાતની બાંધણીના એકાદ મકાનની આપણા શિલ્પ શાસ્ત્રના પુસ્તકમાં રચના થઈ હોય તો તે સારી લાગે અને યોગ્ય ગણાય. આરકાં પર આરકાં અને છજાં પર છજાં કાઢેલાં છે અને તે એકજ તરેહથી નહિ પણ હજારો રીતે ભિન્ન ભિન્ન કારીગરીથી રચિત છે. મકાન ઘણુંજ મનોહર અને સારી રીતે સંભાળથી બાંધેલું છે. આંખને ન ગમે તેવું એમાં કંઇજ નથી. જે ભાગને જોઇએ છીએ ત્યાંજ આંખ સ્થિર થઈ ચોંટી રહે છે અને મન તેને જોતાં જરાય કંટાળતું નથી. છેલ્લે વેલો જ્યારે હું તાજ મહેલ જોવા ગયો ત્યારે એક ફ્રેન્ચ વેપારી મારી સાથે હતો અને તે પણ આ તાજમહેલની બાંધણીની છટાથી અને રમણીયતાથી પ્રસન્ન થયો હતો. હિંદુસ્તાનમાં રહેલો છું એટલે મને તાજ મહેલ સારો લાગતો હશે એમ

જાણી હું તેનાં વખાણ કરતાં ખમચાતો હતો, ૨રતુ જ્યારે ફ્રાન્સથી આવેલા સાથીએ જણાવ્યું કે 'તેણે યુરોપમાં આવું સુન્દર અને દૃઢ મકાન જોયું જ નથી,' ત્યારે હું મારા વિચાર સત્ય છે એમ ધારી સંતોષ પામ્યો હતો.

મોટા દરવાજામાં થઇને આગળ ચાલતાં વાટિકાને બે સરખા ભાગમાં વહેંચી નાંખતી એક સુંદર શ્રેણી આવે છે. આવા નાના માર્ગ તો ઘણા છે. પગથીઆં ઉપર થઇને ચડતાં એક ૯-૧૦ ફીટ ઉંચો ચોતરો આવેછે. તેના ઉપર ચડીને જોતાં ચારે તરફ ઉંચ્ચે છજાં અને અટારિઓની હારો નજરે પડે છે અને ઓટલાની સપાટીએ મકાન બે મોટાં દિવાનખાનાંમાં વહેંચાયલું જોવાય છે. મધ્યવર્તી મકાનની આસપાસની તારવેલી માંડવી અથવા ઓટલો છ ગાડીઓ સાથે ચાલે એટલો પહોળો છે. આખી માંડવી સુન્દર સમચોરસ લાદીથી બાંધેલી છે અને તેની ચારે બાજુએ હૈયારખી બાંધી લીધેલી છે. ઠેક ઠેકાણે ફૂવારા ગોઠવેલા છે, પચીસ અથવા ત્રીસ પગથીયાં ચડ્યા પછી આ ફરસબંદીનો દેખાવ પાછુ વાળીને જોતાં ઘણો જ નયનાભિરામ લાગે છે. પાછળનો દેખાવ આગળના જેવો નથી, તોપણ રમણીય છે. વાટિકાના ઉપર પડતી ઉંચી અગાશીઓની હાર પાસે પાસે મૂકેલા સ્તંભ ઉપર કહાડેલી છે. ચોમાસામાં આ વિશાળ માંડવીમાં અઠવાડીયામાં ત્રણ વાર ગરીબ લોકને શાહજહાને સ્થાપેલા સદાવર્ત ખાતામાંથી અનાજ આપવામાં આવે છે. આગળ ચાલતાં એક મોટો ઘુંમટ નજરે પડે છે અને તેની બન્ને બાજુએ મોટાં મોટાં વૃક્ષો અને પુષ્પઝાડથી નમી પડેલાં વનસ્પતિ પૂર્ણ ઉદ્યાન અને ઘટાયુક્ત થઈ રહેલા ઉપવન માર્ગો જણાય છે. ઘુંમટની તરફ આગળ વધતાં આ વિશાળ માંડવીની અણી ઉપર રાતા આરસપહાણથી બાંધેલો એક દક્ષિણ ભણી અને બીજો ઉત્તર ભણી એવા બે ઘુમટદાર ઓરડા માલુમ પડે છે. આનો ઉપલ્યો ભાગ અગાશીની માફક એક બીજાની સાથે યુક્તીબંધ ઘટાવતથી બાંધી લીધેલો છે. તેની અંદર ચાલતાં એક ઉપવનમાં થઇને મોટી અગાશીમાં ફરતા હોઇએ એમ જણાય છે. આ ઓરડાઓની જમીન ગલીચા જેવા ચિત્ર વિચિત્ર ખૂણાદાર પથ્થરોથી સુશોભિત કરેલી છે અને તેની પેલીપાર ઉપર પાછી છૂટી જગ્યા અથવા



ચોક રાખેલો છે. આની અંદર બે કબરો બાંધેલી છે કે જેને માટે હું નીચે પ્રમાણે વર્ણન આપું છું.

પારીસના વાલ ડી ગ્રેસના જેવું જ આ કબરનું મકાન છે, પરંતુ તેના કરતાં વધારે વિસ્તાર અને સૌંદર્યવાળું છે. કબરની આસપાસ ધવલ આરસની કારીગીરી કરેલી છે. આ કબરને ચાર આરકાં ઉપર બાંધેલી છે તેમાંનાં ત્રણ ખુલ્લાં છે અને એક દિવાલને લીધે બંધ થઈ ગયેલું છે. અંદર મહારાણી તાજમહેલના પુણ્ય અર્થે હમેશાં રાખેલો એક મુલ્લાં કુરાન વાંચ્યા કરે છે. ધવલ આરસપહાણ ઉપર કાળા આરસની કોતરણીથી બેસાડેલા અક્ષરો, ઘણો જ સારો દેખાવ આપે છે. એક પણ ભાગ આમાં એવો માલૂમ પડતો નથી કે જે જોનારનું ધ્યાન ન ખેંચે. ઉપરથી તે નીચે સુધી સર્વત્ર આરસનું કામ કરેલું છે અને તે એવી સરસ કારીગીરીથી કે જોનાર તેમાં લીન થઈ જાય. કબરના પાર્શ્વ ભાગો નાના પ્રકારના કિમતી પથ્થરોથી જડી લીધેલા છે અને તે વળી એવી કારીગીરીથી કે આંખને તે જોતાં વધારે ને વધારે આનંદ ઉત્પન્ન થાય. કબરની અંદર એક નાની કબર કરેલી છે અને તેમાં મહારાણી તાજમહાલની ઘોર છે. આ કબર વર્ષ દહાડામાં માત્ર એકજ વાર ઘણી ક્રિયાની સાથે ઉઘાડવામાં આવે છે. અપવિત્ર થવાના ભયે તેમાં કોઈ પણ ક્રિશ્ચિયનને દાખલ કરવામાં આવતો નથી, એટલે અંદરનો ભાગ જો કે મેં મારી નજરે જોયો નથી પરંતુ હું કહી શકું છું કે, તે ઘણો જ ઉમદા અને મનોહર હોઈ હિરા માણેક વગરે કિમ્મતી પથ્થરોથી જડી લીધેલો હશે જ.

આ ઉંચી અગાશી ઉપરથી કેવો દેખાવ નજરે પડે છે તે જ હવે માત્ર તમને કહેવાનું છે. અગાશી ઉપરથી જ્યારે આપણે ચારે દિશા તરફ નજર નાંખીએ છીએ ત્યારે નીચે ફુલ ઝાડ અને મોટાં ઝાડથી ભરેલી વાટિકા, એક તરફ જમના નદી, આગ્રા નગર અને નદીના કિનારા ઉપર બાંધેલાં ઉમરાવોનાં મકાનો નજરે પડે છે. જ્યારે હું તમને કહીશ કે આવી રચના અને ફરસબંદી સર્વત્ર કરેલી છે ત્યારે જ આપને વિચાર આવશે કે તાલમહેલ એ એક કેવું અદ્દભુત મકાન છે. હું કબુલ કરૂં છું કે હિંદુસ્તાનમાં રહેવાથી મારામાં હિંદુસ્તાનના દેખાવ પ્રાધાન્ય પામી ગયા હશે, પરંતુ હું એટલું તો નિડર થઇને કહીશ જ કે, તાજમહેલ દુનિયાંની અ-

જાયબીઓમાંનું એક મકાન છે અને તે ઈજીપ્તના પથ્થરના ઢગલા જેવા પિરામિડોથી વધારે સુંદર અને જોવા જોગ છે. પિરામિડ મેં એકવાર જોયા હતા, પણ તેથી હું સંતોષ પામ્યો નહોતો, કારણ કે તેમાં જે જોવાનું છે તે માત્ર એટલું જ છે કે પથ્થરપર પથ્થર ગોઠવીને એક મોટો ઘાટઘટમ વગરનો પથ્થરનો ઢગલો કરેલો હોય તેવા છે, અને તેના અંદરના ભાગ માનવ જાતની યુક્તિ અને માનવ શોધને જરાય માન્યપ્રદ નથી, અર્થાત્ માત્ર મહેનતના કામથી બનેલા હોવાને લીધે પિરામિડ આશ્ચર્ય ઉત્પન્ન કરે છે, જ્યારે તાજમહેલ શોભા, અને માનવ કળા કારીગીરીથી જોનારને અચંબામાં નાંખી દે છે.

## મૂર્તિપુજક હિંદુઓ.

### સૂર્યગ્રહણ.

મેં જે બે સૂર્ય ગ્રહણ જોયાં છે તે હું કદી ભૂલવાનો નથી. ૧૬૫૪ માં એક સૂર્યગ્રહણ મેં ફ્રાન્સમાં જોયું હતું અને બીજુ ૧૬૬૬માં દિલ્લીમાં જોયું છે. પહેલા ગ્રહણ વખતે આપણા ફ્રેન્ચ લોકોની જે નાદાની મેં જોઈ હતી તે હું વિસરનાર નથી. ફ્રેન્ચ લોક ગ્રહણથી ઘણાજ ભય પામે છે, કેટલાક પોતાના બચાવ માટે સારી વનસ્પતિ લાવે છે. કેટલાક ઘરમાં પેશી જાય છે અને કેટલાક ભોંયરામાં કિંવા એક ઓરડામાં પેશી તેમાં જરા પણ અજવાળું આવતા દેતા નથી. કેટલાક ફ્રેન્ચો બંદગી કરવાને દેવળમાં જાય છે, કેટલાક એવો ભય રાખે છે કે હવે દુનિયાંનો અંત આવી રહ્યો છે. આવા વહેમોને લીધે આપણા લોકો અનેક જાતનાં હાસ્યાસ્પદ કામ કરે છે. ગેસન્ડી અને રોબરવલ જેવા વિદ્વાન અને બીજા ઘણા હોશિયાર ખગોળ શાસ્ત્રિયોનાં લખાણો જાણવા છતાં પણ ફ્રેંન્ચ લોક આ પ્રમાણે ગ્રહણના વખતમાં પોતાનું અજ્ઞાન દેખાડે છે. ફ્રેન્ચ લોકના અજ્ઞાનનો ચિતાર જોયા પછી બીજુ સૂર્ય ગ્રહણ ૧૬૬૬માં દિલ્લીમાં મેં જોયું, જેનો ચિતાર તો વળી મારા મનમાં એવો પડી ગયો છે કે જે હું જન્માન્તરે પણ ભૂલીશ નહિ. હિંદુઓનો વહેમ જૂદી જાતનો છે.

ગ્રહણ વખતે હું મારી અગાશીમાં જઇને બેઠો હતો. મારૂ ઘર જમના નદી ઉપર હતું અને અગાશીમાંથી નદીનો દેખાવ સાવ ખુલ્લો દેખાતો



હતો. નદીના બન્ને કિનારા ત્રણ માઇલ જેટલા ઘેરાવમાં લોકથી ભરાઈ ગયા હતા. કેટલાક લોક કમર સુધીના પાણીમાં જઇને ઉભા રહેલા હતા. સર્વે ગ્રહણ સ્પર્શની વાટ જોતા આકાશ સામું જોઈ રહેલા દેખાતા હતા, કારણ કે જેવું ગ્રહણ લાગે કે તરતજ તેઓ સ્નાન કરી કંઈ વિધિ કરવાના વિચારમાં હતા. નાના છોકરા અને છોકરીઓ તો તદ્દન નાગાં હતાં. મોટા માણસોએ તેમની કમ્મર ઉપર નાનું કપડું માત્ર વિંટાળેલું હતું અને પરણેલી મોટી સ્ત્રીઓ અને છોકરીઓ પણ માત્ર એક વસ્ત્ર ભેર હતી. મોટા માણસો, ગૃહસ્થો, રાજાઓ, શરાફો, શેઠીઆઓ અને બીજા ધનાઢ્ય લોકો પોતાના કુટુમ્બની સાથે નદીને સામે પાર ગયા હતા અને પાણીમાં કનાતો બંધાવી તેમની સ્ત્રીઓની સાથે ઓજલમાં રહી તેઓ ગ્રહણ સ્નાન કરવાને તત્પર થઈ રહેલા હતા. જેવો ગ્રહણનો સ્પર્શ થયો કે તરતજ એ મૂર્તિપૂજકોએ એક મોટી બૂમ પાડી ઝબોઝબ પાણીમાં ડુબકીઓ મારવા માંડી; અને પછી આકાશ સામું મુખ રાખી એમના એમ નદીમાં ઉભા રહ્યા. તેઓ વારંવાર સૂર્યને અર્ધ્ય આપતા હતા તથા નમસ્કાર કરતાં માથુ નમાવતા અને હાથને બીજા અંગોને અરાડી ન્યાસ કરતા કંઇક મંત્ર અથવા પ્રાર્થના જેવું બડબડતા હતા. આ વહેમી લોકો જ્યાં સુધી ગ્રહણ પૂરૂં થયું ત્યાં સુધી એજ પ્રમાણે અંગના અભિનય કરતા, પ્રણામ, પ્રાર્થના, મંત્ર સાધના અને બીજાં ઘણાંક હાસાસ્પદ વર્તન કરતા ઉઘાડા પુઘાડા પાણીમાં ઉભા રહ્યા હતા. ગ્રહણ છુટતાં તેઓએ ઊંડા પાણીમાં રૂપાના સિક્કાઓ નાંખવા માંડયા અને બ્રહ્માણોને દાન આપવા માંડયાં. વિપ્રો ગ્રહણનો પ્રસંગ હોવાથી તે સ્થાનકે ખાસ હાજર રહેલા હતા. નદીના રેતીવાળા કિનારા ઉપર મૂકેલાં વસ્ત્રો લોકો નાહી આવીને પહેરતા હતા અને ભીનાં અથવા જુનાં કપડાં ગરીબોને અને બ્રાહ્મણોને આપી દેતા હતા.

આ પ્રમાણે દરેક ઠેકાણે અને દરેક નદી, તળાવ અને કુંડ ઉપર લોકો ગ્રહણનો કાળ ગુજારે છે. થાણેશ્વર આગળ ગ્રહણને દિવસે સર્વ તીર્થોનું જળ એકત્ર થાય છે, માટે તે તીર્થ ઘણુંજ પવિત્ર મનાય છે. દેશ દેશાવરના લોક ગ્રહણને દિવસે ત્યાં ભેળા થાય છે. ઓછામાં ઓછા દદોડ લાખ યાત્રાળુઓ એવે પ્રસંગે ત્યાં ભરાય છે. મેં થાણેશ્વરમાં એક ચંદ્ર ગ્રહણને મારા છાપરા ઉપર બેશીને જોયું હતું જે ઉપર કહ્યું તેવીજ રીતે વહેમી વિધિથી પસાર થતું જોવામાં આવ્યું હતું.

મુસલમાન છતાં પણ મહાન મોગલ પાદશાહ આ વહેમી રીવાજને જેમનો તેમ ગુજારવાની રજા આપે છે, કારણ કે એ રિવાજ પુરાતન છે અને પાદશાહ મૂર્તિપૂજકોના ધર્મ સંબંધી વિધિમાં આડે આવવું એ યોગ્ય ધારતો નથી. પરંતુ હિંદુ લોકની વતી અમુક બ્રાહ્મણો પાદશાહની પાસે આવી તેને એક લાખ રૂપિઆ નજર કરતા નથી ત્યાં સુધી મેં ઉપર વર્ણવી તેવી નદીના તટ ઉપરની ગ્રહણ ક્રિયા કરવાની હિંદુઓને રજા મળતી નથી. આ મોટા નજરાણાના બદલામાં બ્રાહ્મણોને જુના જામા અને એક વૃદ્ધ હાથી ભેટ મળે છે. ગ્રહણ ઉપર આ પ્રમાણે ક્રિયા શા માટે કરવામાં આવે છે, તેનાં કારણો તેઓ કેવાં બતાવે છે તે બાબત હવે હું જણાવું છું.

હિંદુઓ કહે છે કે બ્રહ્માની મારફતે ઇશ્વરે અમને ચાર વેદ આપેલા છે. એ વેદમાંથી અમને શિક્ષણ મળેલું છે અને તે પ્રમાણે અમે ચાલીએ છીએ. એક ઘણોજ અપવિત્ર, મેલો, દુષ્ટ અને ઉગ્ર દેવતા ગ્રહણને પ્રસંગે સૂર્યને ગળી જાય છે અને તેથી સૂર્ય દેવતા સાહી જેવા કાળા દેખાય છે. સૂર્ય દુનિયાંને હિતકરનાર છે માટે તેને આવા, દુઃખથી મુક્ત કરવાને માટે અમે ઇશ્વરની પ્રાર્થના કરીએ છીએ, દાન આપીએ છીએ અને બીજાં પુણ્યનાં કામ કરીએ છીએ. વળી ગ્રહણનું મહાત્મ્ય એવું છે કે બીજે આડે દહાડે જે પુણ્ય કર્યું હોય તેના કરતાં ગ્રહણને દિવસે જે પુણ્ય થાય તે સો ઘણું વધારે ફળ આપે છે, એટલે કે એક પૈસો દાન કર્યું હોય તો તે સો પૈસાના દાન જેટલું ફળ આપે છે, ત્યારે એવો તે કોણ મૂર્ખ હોય કે જે સોએ સો ટકાનો લાભ ગુમાવે અને ગ્રહણને દિવસે પુણ્યદાન કરવાથી બહિર્મુખ રહે? પ્યારા સાહેબ! આજ તે બે ગ્રહણો કે જે હું કદી ભૂલી જઇશ નહિ. આ ઉપરથી મૂર્તિપૂજકોનાં બીજાં પણ કેટલાંક વહેમી વર્તનોનું વર્ણન કરવાનું મને અત્રે મન થાય છે. એ બધું વાંચ્યા પછી તે લોકને માટે આપને જે વિચાર બાંધવો યોગ્ય લાગે તે બાંધજો.

## જગન્નાથની રથયાત્રા.

બંગાળી ઉપસાગર ઉપર પુરી નામના શહેરમાં જગન્નાથ નામના દેવનું ધામ છે અને ત્યાં વર્ષો વર્ષ 'રથયાત્રા' નામની યાત્રા ભરાય છે, જે હું ભૂલતો ના હોઉં તો લગભગ આઠથી દશ દિવસ સુધી ચાલે છે. પૂર્વે જેમ



હેમનમાં અને હાલ જેમ મક્કામાં યાત્રાળુઓની મોટી સંખ્યા જમાવ થાય છે, તેમ હિંદુસ્તાનમાં જગન્નાથ પુરીમાં પણ વર્ષો વર્ષ રથયાત્રામાં લાખો યાત્રાળુઓ એકઠા થાય છે. કેટલીક વાર યાત્રાળુઓની સંખ્યા દહોડ લાખ કરતાં પણ વધી જાય છે. એ રથયાત્રામાં એક બેડોળ જેવો તરેહવાર લાકડાંનો રથ તૈયાર કરી તેને ચોદ અથવા સોળ મોટાં પૈડાં ઉપર ગોઠવવામાં આવે છે. આ રથમાં કંઈ કારીગીરી જોવામાં આવતી નથી, તે ઘણે ભાગે આપણી તોપોના ગાડા જેવો પણ વધારે બેડોળ અને ભારે અણઘટ જેવો હોય છે. આ રથને પચાશ અથવા સાઠ માણસો મળીને ખેંચે છે અથવા ઠેલે છે. એ રથ ઉપર સારાં લુગડાં ઘરેણાં પહેરાવીને લાકડાની બેડોળ જગન્નાથની મૂર્તિને મધ્ય ભાગે બેસાડવામાં વા ઉભી રાખવામાં આવે છે. યાત્રાને પહેલે દિવસે જગન્નાથજીનાં દર્શન થાય છે અને એ દર્શનને વખતે પરદેશથી ઘણા ગાઉને છેટેથી થાકી પાકીને આવેલા યાત્રાળુઓનો એવો ભારે જમાવ અને ભીડ થાય છે કે, દર્શન કરવા જતાં કેટલાક લોક તો યાત્રાળુઓની ભીડના જોસમાં નીચે પડી દર્શનોત્સુકના પગ તળે કચરાઈ છુંદાઈને મરણ પામે છે. આ રીતે મહા કષ્ટતર મરણે મરનારને આસપાસના લોકો વારંવાર આશીર્વાદ આપે છે અને કહે છે કે, 'અહો! ધન્યભાગ્ય કે આટલા ગાઉ દૂર આવી એ શ્રી જગન્નાથમાં મરણ પામવા પામ્યો! ભાઈ એનાં ધન્યભાગ્ય!!' આવા પવિત્ર સ્થળમાં અને આવે મંગળ પ્રસંગે યાત્રાળુઓના પગ તળે છુંદાઈ મરવું તેને આ લોકો ધન્યભાગ્ય ગણે છે! વળી જ્યારે શ્રી જગન્નાથનો મોટો ગાડા જેવો નારકી રથ એક દેવળમાંથી ઉપાડી બીજા દેવળમાં લઈ જવામાં આવે છે ત્યારે કેટલાક ધર્મ ઘેલા, ભોળા અને ધર્મમાં ગાંડા થયેલા લોકો પોતાના આત્માની પણ પરવા ન રાખતાં મહા પ્રબળ અને ત્રાસજનક એ નારકી રથનાં પૈડાં તળે મરવા માટે સુઈ જાય છે. દુષ્ટ લોકોને પણ તેની દયા આવતી નથી અને જોત જોતામાં પેલો ધર્મ ઝનુની પોમલો ગાડાના પૈડા તળે કચરાઇને રોટલો થઈ જાય છે. જગન્નાથના રથ તળે પડનાર પોમલાના શરીરના છુંદાઇને એવા કકડા થઈ જાય છે કે જે દેખાવ જોઈ શકાતો નથી, છતાં પણ આ મૂર્તિપૂજક યાત્રાળુઓ તેને ધન્યવાદ આપતાં પ્રસન્ન આંખે એ ક્રૂરતર મરણના દેખાવને જોયા કરે છે. તેઓ માને છે કે, જગન્નાથના પૈડા તળે પ-

ડીને મરણ પામવા જેવું મહત્કર્મ બીજું કોઈ છે જ નહિ. પૈડાં તળે પડનાર વળી એમ માને છે કે એવી રીતે મરવાથી શ્રી જગન્નાથ તેને પોતાના ધામમાં બોલાવી લેશે અને ત્યાં તેને દૈવી સુખ વૈભવની પ્રાપ્તી થશે !!!

બ્રાહ્મણો આ મહાક્રૂરતર કર્મને ઉત્તેજન આપે છે અને વહેમની વૃદ્ધિ કરવાને મથે છે, કારણ કે એવાં કર્મથી તે દુષ્ટોને ધનની અને મોટાઇની પ્રાપ્તી થાય છે. જે માણસો આવો બોધ કરે છે, તેને મોટું માન મળે છે અને લોકો તેના પગ પૂજે છે. તેને એ માર્ગે ધન મળે છે અને સુખ વૈભવ પ્રાપ્ત થાય છે. પોતાના સ્વાર્થને માટે દુષ્ટ બ્રાહ્મણો લોકને આવા ઊંધા પાટા બંધાવે છે. તેઓ એવા દુષ્ટ છે કે પોતાની જાળ પાથરવામાં ઘણા જ સયુક્તિક રહે છે. આ લોક સંબંધી મેં કેટલીક મહિતી મેળવી તો મને તેઓ હત્યારા અને દુષ્ટ માલૂમ પડ્યા. આ લુચ્ચા અને દુષ્ટ બ્રાહ્મણો ભોળા અને પોમલા લોકને ભરમાવવાને માટે એક ઘણીજ રૂપાળી કુમારિકાને જગન્નાથની અર્ધાંગના થવા માટે ઉભી કરે છે. આ કુમારિકા પોતાના સુંદર પોષાકમાં જગન્નાથજીના રથની સાથે જાય છે અને બ્રાહ્મણો તેને એક રાત જગન્નાથના મંદિરમાં રાખે છે અને લોકને એમ સમજાવે છે કે, આજ રાત્રે શ્રી જગન્નાથજી આવીને તે કન્યાની સાથે સુઈ રહેશે અને એનો ચોરાશીનો ફેરો જતો રહેશે. વળી એ કુમારિકાને સૂચના કરવામાં આવે છે કે, 'તારે જગન્નાથજીને રાત્રે પૂછી લેવું, કે આવતું વર્ષ કેવું નીવડશે, લોક સ્થિતિ કેવી રહેશે અને તેમની પ્રાર્થનાઓ અને રથયાત્રાના વરઘોડાથી તેઓ પ્રસન્ન થયા છે કે નહિ ?' રાતને વખતે આ બ્રાહ્મણ દગલબાજમાંનો એક જણ પાછલે બારણે થઇને એ કુમારિકાના ઓરડામાં જાય છે અને નિઃશંક પેલી કુમારિકાની સાથે જગન્નાથ થઇને દુષ્ટ કર્મ કરે છે, અને તે ભોગની દરમીઆન કુમારિકા જે જે પ્રશ્ન પૂછે તેના તે ઉત્તર આપે છે. આ પ્રમાણે દુષ્ટ કર્મ કરી તે દગલબાજ પાછો તેજ બારણે થઇને બહાર નીકળી જાય છે. બીજે દિવસે સવારે પેલા રથ ઉપર જગન્નાથના પુતળા સાથે પેલી કુમારિકાને તેની સ્ત્રી તરીકે બેસાડવામાં આવે છે અને પાછો રથને બીજા મંદિર તરફ ખેંચી જવામાં આવે છે, તે વખતે લોકો મોટા મંગળ પોકાર સાથે પેલી કન્યાને ધન્યવાદ આપતાં દેશનું ભવિષ્ય પૂછે છે? બ્રાહ્મણો, રાત્રીએ પેલા દુષ્ટ વ્યભિચારીએ તેને જે જે કહ્યું હોય તે



લોકને મોટેથી કહેવાને ફરમાવે છે. હવે હું એ દુષ્ટોનું બીજું કર્મ તમને કહીશ, ત્યારે તમારી ખાતરી થશે કે તેઓ કેવા દુષ્ટ રાક્ષસ છે.

રથયાત્રાના રથની અને દેવળના ગંભાર આગળના ચોકની આગળ નાચનારી રાંડો નાચ કરે છે તથા લાંબી થઇને પગે લાગે છે, વગરે નીચ વર્તન કરે છે જેને આ બ્રાહ્મણો દેશના ધર્મને અનુકૂલ ગણી માન્ય રાખે છે. કેટલાક વહેમી લોકો પોતાની છોકરીઓને જગન્નાથને અર્પણ કરે છે. આવી ઘણી કન્યાઓ જગન્નાથના ધામમાં રહે છે. તે કન્યાઓમાંની ઘણીક ઊંચા કુળની અને અમીર માબાપની પુત્રીઓ હોવાને લીધે સ્વરૂપા હોય છે. તેમનાં શરીર ઘાટદાર અને મોહક હોય છે પરંતુ તેઓ બીજા કોઇને ભજતી નથી. હિંદુઓ, મુસલમાનો અને ક્રિશ્ચિયનો તેમને લલચાવવાને માટે અથવા પોતાની કરી રાખવા માટે જે પ્રયત્ન કરે છે અને પારિતોષિક આપે છે, તે નિરર્થક જાય છે. તેઓ પોતાને દેવના અધિકારી વર્ગને અર્પણ કરાયલી માને છે, એટલે મંદિરના બ્રાહ્મણોને અને મંદિરની આસપાસ ધુણીઓ કરીને તથા શરીર ઉપર રાખ ચોળીને નગ્નાવસ્થામાં બેશી રહેનારા ધુતારા જોગીઓને ભજે છે, તથાપિ ગૃહસ્થના ઘરની ધણીઆણીઓ થઇને રહેવા ઇચ્છતી નથી. એ નાગા બાવાઓ પોતાની સાથે મૃગચર્મ અને તુમડી જ માત્ર રાખે છે. શરીરે રાખ ચોળે છે અને વ્યસનમાં તથા વ્યભિચારમાં ચકચૂર રહે છે. હિંદુસ્તાનના મૂર્તિપૂજકોની સ્ત્રીઓ કેવી પતિ પરાયણ છે, તે નીચેનાં વૃતાન્તથી આપના સમજવામાં આવશે.

## સતીનો ચાલ-સહગમન.

સ્ત્રીઓ પોતાના સ્વામી પાછળ બળી મરે છે એ વાત ઘણા મુસાફરોના હેવાલથી સિદ્ધ થયેલી છે, છતાં મુસાફરોએ આપેલી વાતો ઘણે ઠેકાણે વધારે વધારીને કરેલી વાતો છે. પહેલાંના જેટલી સ્ત્રીઓ હવે સહગમન કરતી નથી. મુસલમાન પાદશાહો આ દેશના શાસિતાર છે અને તેઓ પોતાથી બની શકે તેટલે દરજ્જે સતીના ચાલને દાબી દેવા માટે યત્ન કરે છે. મુસલમાન પાદશાહો નિયમિત કાયદો ઘડીને આ જંગલી ચાલને બંધ પાડતા નથી, કારણ કે હિંદુસ્તાનમાં હિંદુ લોકની સંખ્યા મુસલમાન કરતાં વધારે છે, એટલે તેઓ જાહેર રીતે તેમનાં ધર્મ વર્તનમાં આડે ન

આવવું, એવી રાજ્યનીતિને અનુસરી હિંદુ અને હિંદુરાજાઓને પ્રસન્ન રાખે છે; છતાં બીજે હાથે તેઓ આ જીવતા મનુષ્યને બળી મૂકવાના ચાલને ઘટાડવાને યત્નવાન છે. કોઇ પણ સ્ત્રી પોતાના દેશના સુબાની પરવાનગી વગર સહગમન કરી શકતી નથી અને સુબો સહગમનની રજા આપતાં સતી થનાર સ્ત્રીને સારી રીતે સમજાવે છે, તથા બીજી રીતે તાવી જુવે છે. સુબો પોતે તે સ્ત્રીની સાથે સતી થવાના સંબંધે વાદ કરે છે અને તેને સમજાવવાનો પોતાનો યત્ન વિફળ જાય છે તો છેવટ, તેને પોતાની સ્ત્રીઓ પાસે મોકલે છે, જેઓ પેલી સ્ત્રીને સહગમન નહિ કરવાને સમજાવે છે. આટલું કરવા છતાં પણ જે સ્ત્રી પોતાના નિશ્ચયથી ચલિત થતી નથી, તેને પતિની સાથે બળી મરવાની રજા મળે છે. આટલી બધી મુશ્કેલી અને સમજાવટ છતાં પણ સતી થનારીઓની સંખ્યા ઘણી છે. ઘણું કરીને દેશી રાજ્યોમાં બહુ સ્ત્રીઓ સતી થાય છે, કારણ કે દેશી રાજ્યોમાં મુસલમાન સુબો હોતો નથી, એટલે તેમને કોણ અટકાવે? પતિની સાથે બળી મરનાર ઘણી સ્ત્રીઓ મેં જોઈ છે, પરંતુ તે સઘળીઓનાં વૃતાંત આપી આપને કંટાળો ન આપતાં હું માત્ર, એક બે, નજરે જોયેલા હૃદયને વીંધી નાંખે એવા બનાવોજ આપને લખું છું. પ્રથમ મેં એક સ્ત્રીને બળી મરવાના ભયંકર વિચારથી નિવારી હતી તેનો વૃતાંત હું આપને આપું છું.

મારા આગા દનેશમંદખાનનો મુખ્ય કારકુન બેનડીદાસ જાતનો હિંદુ હતો. બે વર્ષના સતત જ્વરથી જ્યારે તે મરણ પામ્યો ત્યારે તેની પત્નીએ સ્વામિની સાથે સતી થવાનો વિચાર જાહેર કર્યો હતો. મરનારના મિત્રો પણ આગા સાહેબની નોકરીમાં હોવાથી આગા સાહેબે તેમને ફરમાવ્યું કે, 'તમારે બેનડીદાસની પત્નીને સહગમન ન કરવા માટે સમજાવવી.' આવા ભયંકર કામથી તેને નિવારવાને માટે તેમણે તેને આગા સાહેબના વતી ઘણી સમજાવી અને વળી પોતાના તરફથી પણ કહ્યું કે—'જો કે તમે સહગમન કરો તેથી તમારા કુટુંમ્બને અનન્ય માન મળે અને તમારી પણ કીર્તિ લોકમાં અને સગામાં રહી જાય, પરંતુ તમારાં છોકરાં હજી ઘણાં જ નાનાં અને કાચાં છે, માટે તમારે તેમની વતી સતી થતાં વિચાર કરવાનો છે. છોકરાંને રખડતાં મૂકી સતી થવું, એ વધારે નિર્દય કર્મ છે અને જો વિચાર કરો તો તમારા સ્વામી પ્રત્યેના પ્યાર કરતાં પણ તમારે તમારાં



સંતાનના શ્રેય તરફ વધારે પ્યાર અને મમતા રાખવી ઘટે છે; એટલે કે છોકરાંનું શ્રેય તમારા સ્વામી પ્રત્યેના ધર્મ કરતાં પણ વધારે અગત્યનું કર્મ છે.' આ પ્રમાણે તેમણે સમજણ આપી છતાં સતી થવાના જોસમાં આવેલી તે નાદાન સ્ત્રીએ તેમના કહેવાને તથા સુસિદ્ધાંતને કાન તળે કહાડી નાંખ્યાં. છેવટ મારા આગા સાહેબના કહેવાથી મારે તે સ્ત્રીને સમજાવવા જવું પડ્યું, કારણ કે હું તેના કુટુમ્બ સાથે સંબંધમાં આવેલો હતો. મેં તેને સમજાવવાનું માથે લીધું અને એને ઘેર ગયો. જ્યાં આગળ શબ પડ્યું હતું ત્યાં આગળ સાત આઠ ડાકણ જેવી વૃદ્ધ ડોશીઓને અને ચાર પાંચ ઉશ્કેરાયલા જંગલી ઝાડ જેવા વૃદ્ધ બ્રાહ્મણોને ઉભેલા જોયા. તેઓ સઘળા વારા ફરતી કારમી દયાજનક પોક પાડતા હતા અને ત્રાસ છુટે તથા કંપારી વછુટે એવી રીતે જોરથી વારંવાર છાતી અને માથાં કૂટતા હતા. મરનારની ધણીઆણી તેના પગ આગળ બેઠી હતી. તેના વાળ વિખરાઈ ગયેલા હતા, મુખ અને ચહેરો ફીકો પડી ગયો હતો, આંખમાં આંસુ નહોતાં છતાં તેની આસપાસ ઉભેલાં માણસની માફક જ્યારે જ્યારે તે રૂદન કરતી હતી ત્યારે તેની આંખો શોક પ્રકાશ મારતી હતી. આ બનાવથી તેણી જોરથી વારંવાર છાતી અને માથાં કૂટતી હતી. માણસોને સમજાવી આઘાં પાછાં ખસેડી હું આગળ વધ્યો અને થોડેક દૂર રહી ઘણા ધીરા અને સાંત્વના યુક્ત શબ્દોમાં મેં તે સ્ત્રીને કહ્યું કે, 'દનેશમંદ ખાનના કહેવાથી હું અહીં આવ્યો છું અને તેમણે મને કહ્યું છે કે, જો એ સતી નહિ થાય અને પોતાનાં છોકરાંને ભણાવવા તથા ઉછેરવા જેવા અગત્યના કામ માટે જરૂરની એમની જીંદગીનો ભોગ નહિ આપે, તો હું એમના છોકરાં દીઠ રોજના બે (ક્રાઉન) રૂપિઆ લેખે, એ મોટાં થાય ત્યાં સુધીનું પેનસન બાંધી આપું છું. તમોને સહગમન કરતાં અટકાવવાને માટે અમારી પાસે જોઇએ તેટલા ઉપાય અને સાધન છે તથા તમને આ કામમાં ઉશ્કેરતા હોય તેમને શિક્ષા કરવાને અમે તૈયાર છીએ. તમે તમારાં સંતાનના ભલાને માટે જીવતાં રહો, એમ તમારાં બધાં સગાંની ઇચ્છા છે અને છોકરાં વગરની જુવાન છડી વિધવાઓ જેઓથી પોતાના સ્વામી પાછળ સતી થવાતું નથી તેમની માફક તમારી અકીર્તિ થશે એમ ધારતાં નહિ, કારણ કે તમારે નાનાં નાનાં બાળકોને નિરધાર મૂકવાનાં છે.' મેં આ

સિદ્ધાંત તેને વારંવાર કહ્યા કર્યો પરંતુ તેણે કંઇજ ઉત્તર આપ્યો નહિ; છેવટ મારા સામી નજર બાંધીને તે બોલી કે, ‘ જો તમે મને મારા સ્વામી પાછળ સહગમન કરતી અટકાવશો તો હું ભીંતમાં માથુ પટકીને મારો અંત આણીશ.’ અહો! શા જોસમાં અને કેવી ઉશ્કેરણીમાં આવી ગયેલી છે એમ મેં વિચાર કર્યો પછી કહ્યું કે, ‘ભલે ત્યારે તમે સતી થાવ, પરંતુ તેમ કરતાં પહેલાં તમે તમારાં સંતાનને સાથે લેતાં જાવ. તેમને તમે તમારે હાથે મારી નાંખો અને તમારે તથા તમારા ધણીને બળવાની ચિતામાં પ્રથમ તમે તમારે હાથે તેમને બાળી મૂકો અને પછી તમે સુખેથી સતી થાવ, અમે વાંધો લઇશું નહિ, જો તમે તેમને નિરાધાર મૂકીને સતી થશો તો તેઓ ભૂખમરાથી પગ ધશીને મરી જશે, કારણ કે હમણાં જ હું પાછો ઘેર જઇને દનેશમંદખાનને કહી તેમનું પેનસન બંધ કરાવીશ.’ મેં દૃઢ અને મોટા અવાજે ઉક્ત વચન કહી સંભળાવ્યાં તેથી તેને સારી અસર થઈ, એક શબ્દ પણ ન બોલતાં તેણે તેનું મસ્તક ઢીંચણ ઉપર નાંખી દીધું એટલે હાજી હા કરનારી ઘરડી ડાકણ ડોશીઓ અને પેલા જંગલી બ્રાહ્મણો પાછે પગે ત્યાં આગળથી ચાલ્યા ગયા. મરનારના જે મિત્રો મારી સાથે આવેલા હતા તેમને શરણે હવે મેં તે વિધવાને મૂકી અને ઘોડાપર બેશી હું મારે ઘેર ચાલ્યો ગયો. સાંજે જ્યારે હું દનેશમંદખાનને ઘેર જતો હતો ત્યારે મને તેનાં સગાં અને મિત્રો મળ્યા તેમણે ધન્યવાદ દીધો અને કહ્યું કે ‘આપે ઘણી સારી શીખામણ દીધી. અમે તે શબને બાળી આવ્યા અને વિધવાએ પોતે પોતાના પ્રાણ ધારણ કરવા માટે અમને વચન આપ્યું છે.’ મારાં વચન અને શીખામણથી તે સહગમન કરતી અટકી તેથી પ્રસન્ન થતો હું પછી દેનેશમંદખાનને ત્યાં ગયો.

હિંદુસ્તાનમાં ઘણી સ્ત્રીઓ પોતાના સ્વામી પાછળ બળી મરે છે અને આવા અનેક પ્રસંગ આવે છે, એટલે સઘળી જ વખત તેવા પ્રસંગો ઉપર હાજર રહેવું એ ત્રાસજનક લાગે છે છતાં પણ મેં એવા દાખલા જોયેલા છે. જોનારની આંખ આગળ કેવા બનાવ બને છે તે વર્ણવવાને માટે હું પ્રયત્ન કરીશ. સતી થનાર સ્ત્રી શું શું કરે છે તેનો સંપૂર્ણ હેવાલ તો હું આપી શકતો નથી, પરંતુ ચિતા આગળ તે કેવી રીતે બળી મરે છે તે હું જણાવીશ. સ્ત્રીઓ કેવા આવેશથી જીવતી બળી મરેછે તે નજરે જોવાથી જેવું સમજાય છે તેવું વાંચવાથી જણાતું નથી, તેમ મનમાં તેનો ખરો ખ્યાલ પણ આવતો નથી.



અમદાવાદથી નીકળી જ્યારે હું આગ્રે જતો હતો ત્યારે એકવાર એક દેશી રાજાની હદમાં અમારો કાફલો એક મોટા વડના ઝાડ તળે વિશ્રામ લેવાને પડ્યો હતો; કારણ સાંજ પડ્યા વગર બપોરના તાપ તડકામાં મુસાફરી થઈ શકતી નથી. અમે બપોરા ગાળતા હતા એટલામાં એવી વાત કોઈ લાવ્યું કે પાસે જ કોઈ સ્ત્રી પોતાના સ્વામી પાછળ સતી થાય છે. હું એ બનાવ જોવાને આતુર હોવાથી તરત જ તે ઠેકાણે ગયો. એક સુકાઈ ગયેલા જલાશયના કિનારા ઉપર હું બેઠો અને નીચે તે સ્ત્રી પોતાના ધણી પાછળ સતી થતી હતી. એક મોટી ચીતા ખડકેલી હતી અને તેના ઉપર મરનાર માણસને સુવાડેલો હતો. સતી થનાર સ્ત્રી તેના ધણીનું માથુ પોતાના ખોળામાં લઇ તે ચીતા ઉપર બેઠી હતી, અને ત્રણ ચાર બ્રાહ્મણો કાકડા લઈ ચારે તરફથી તે ચીતાને પેટાવતા હતા. બીજી પાંચ આધેડ સ્ત્રીઓ સારાં કપડાં પહેરીને ત્યાં આગળ આવેલી હતી અને તેઓ એક બીજાનાં હાથ ઝાલી ચીતાની આસપાસ ફેરા ફરતી ગાન કરતી હતી તથા નાચતી હતી. વળી સ્મશામ સ્ત્રી પુરૂષોના જમાવથી ભરાઈ ગયેલું હતું. હું પણ આ બધો દેખાવ ઉંચા કિનારા ઉપર બેઠો બેઠો જોતો હતો.

ચિતા ઉપર પુષ્કળ ઘી અને તેલ નાંખેલું હતું તેથી કાકડા લગાડતાં જ આખી ચીતા એકદમ જ્વાળામય થઈ રહી અને જોતજોતામાં પેલી ઘીવાળાં વસ્ત્ર પહેરીને બેઠેલી સતીનાં કપડાં પણ ચેતવા માંડ્યાં. ચીતા આટલી બધી સપાટાબંધ લાગી ગઈ, તેનું કારણ તેમાં ઘી, તેલ સુખડનાં સુકાં લાકડાં અને કપુર નાંખેલું હતું. ચીતા ભડભડાટ લાગવા માંડી પરંતુ સતી થનાર સ્ત્રીએ જરા પણ ભય, ત્રાસ કે દુઃખદ ચીસ પાડી નથી, માત્ર તે એટલું જ બોલી કે, ‘ હું આ પાંચમીવાર આના આજ સ્વામી સાથે સતી થાઉં છું, હવે મારે આ સ્વામી સાથે બેવાર જ સતી થવાનું બાકી રહ્યું છે.’ હિંદુ લોકો એમ માને છે કે જે સ્ત્રી પોતાના પતિની પાછળ સાતવાર સહગમન કરે છે તેને પછી જન્મ મરણનો ફેરો રહેતો નથી. સતી થનાર સ્ત્રી પોતાના સ્વામી સાથે અક્ષર બ્રહ્મને પામી મોક્ષપદને પામે છે.

આટલા બનાવથી જ આ વાતનો છેડો આવ્યો નહિ. હું તો ધારતો હતો કે ચીતાની આસપાસ ગાનારીઓ માત્ર કંઈ ક્રીયા તરીકે નૃત્ય ગાન કરતી હશે, પરંતુ મારૂ ધારવું અન્યથા નીવડયું. ચીતાની પછવાડે ફરતાં ફરતાં એક સ્ત્રી તેના કપડાને જ્વાળા લાગતાં જ ચીતામાં કુદી પડી અને હું તે જોઇને વધારે અચંબામાં પડયો. આ પ્રમાણે વારાફરતી જેમ જેમ પેલીઓનાં કપડાંને જ્વાળા લાગતી ગઈ તેમ તેમ બીજી સ્ત્રિઓ પણ ચિતામાં કુદી પડી. એક બીજાની બેલડીએ બાઝી તે સ્ત્રીઓએ પોતાના દેહ અગ્નિદેવને અર્પણ કરી દીધા. ભડભડાટ લાગતી ચીતામાં આ પ્રમાણે છ જીવતા જીવોને ઝંપલાવી પડતા જોઇને હું ઘણો જ ચકિત થઈ ગયો. પાછળથી ચિતાગ્નિને ભોગ દેનાર પાંચ સ્ત્રીઓ સતી થનારની દાસીઓ હતી અને જ્યારે તેમની ભર્તાનો સ્વામી મરણોન્મુખ થઈ રહ્યો હતો ત્યારે તેમણે પણ ચીતામાં બળી મરવાનો નિયમ લીધેલો હતો તથા ભર્તાને વચન આપ્યું હતું. આ બાબત તપાસ કરતાં મારા જાણવામાં આવી. ખરેખર તેમણે પોતાનાં વચન પાળ્યાં અને જે પ્રચંડ સ્મશાનાગ્નિએ પોતાની ભર્તાને ભસ્મિભૂત કરી નાંખી હતી તેમાં જ તેમણે પણ પોતાના પ્રાણની આહૂતિઓ આપી દીધી. જે જે માણસોની સાથે તે વખતે મેં આ વિષે વાત કરી હતી તે તે માણસે મને એમ જ જણાવ્યું હતું કે, બંધનથી નહિ પણ જેમનું તેમણે લુણ ખાધું હતું તે શેઠની પાછળ તેના પ્યારને લીધે તેઓ બળી મુઈ હતી, પરંતુ પાછળથી મને વધારે તપાસ કરતાં માલૂમ પડયું હતું કે એ પ્રમાણે દાસીઓ બળી મરે છે તે કંઈ પોતાની સ્વાભિભક્તિને લીધે નહિ, પરંતુ દેશમાં તેવો પ્રથાજ પડી ગયેલો છે. સ્ત્રી જાત ઘણી જ નાજુક અને બીહીકણ છતાં પ્રજ્વલિત અગ્નિને પોતાનો ભોગ આપતાં ડરતી નથી, તેનું કારણ માત્ર એટલું જ છે કે, દરેક કન્યા તે નાની હોય છે ત્યારથી સ્વામી પાછળ સહગમન કરવું એ શ્રેયસ્કર તથા ધર્મ છે એવી તેની માતા તરફથી કેળવણી મેળવે છે. સહગમન કરવું એ સ્ત્રીનો સુસ્થાપિત પતિ ધર્મ છે. સ્ત્રીઓને આવે રસ્તે દોરવાનું કારણ એવું હોય એમ લાગે છે કે, જો સ્ત્રીઓને બળવાની ધાસ્તી હોય તો તેઓ પોતાના સ્વામીની વધારે સારી સેવા કરે તથા દુઃખમાં પણ તેનો પરિત્યાગ ન કરે અને નઠારી નીકળી હોય તો પણ ધણીના પ્રાણ લેવાની હિમ્મત કરી શકે નહિ; કારણ કે જો ધણીને ઝેરથી મારી નાંખે તો તેને તો જીવતી જ બળવાનું થાય. સ્ત્રીઓને સ્વામી ભક્તા રાખવા માટે આ ચાલનું પ્રવર્તન થયેલું હોય એમ ઘણા માણસોનો મત છે, ગમે તેમ હોય, તોપણ એટલું તો ખરૂ જ કે એક સ્ત્રીને જીવતા જીવત ધણીની પાછળ ઉછળતા દેવતામાં બાળી મુકવાનો બોધ કરવો એ ધર્મનું કર્તવ્ય નથી.



વાર્તાનો પ્રવાહ હવે આગળ ચલાવતાં મેં જાતે જોયેલા કરતાં પણ વધારે સારો એક બનાવ હું અત્રે નોંધું છું. એ પ્રસંગે હું હાજર નહોતો, છતાં તે ઘણો ચરચાયલો છે અને તેમાં કંઈક જાણવા જોગ નવોજ બનાવ બનેલો છે. હિંદુસ્તાનમાં આ બનાવ લોકોને મોંડે ગવાઈ રહ્યો છે અને હું તો ધારૂં છું કે એ બનાવની બીના યુરોપમાં પણ આવી હશે. એક હિંદુની સ્ત્રી પોતાના પાડોશી મુસલમાન ઉપર મોહી પડી હતી. એ મુસલમાન જાતનો દરજી અને ખંજરી વગાડવામાં એક્કો હતો. આસુક માશુકને ઘણા દિવસથી પ્રેમ જામેલો હતો, પછી એકવાર પેલી હિંદવાણીએ જુવાન અને રૂપાળા મુસલમાન યાર સાથે નીકળી જવા માટે પોતાના ધણીને ઝેર દીધું. ધણીને ઝેર આપી તે પોતાના યાર પાસે ગઈ અને પોતે જે કર્યું હતું તે તેને કહી પહેલાંના ઠરાવ પ્રમાણે નાશી જવા માટે ઉતાવળ કરવાનું કહ્યું. મુસલમાન યારને તેણે જણાવ્યું કે, ‘ જો વધારે વિલંબ થશે અને મારો ધણી મરી જશે તો આપણાથી નાશી જવાશે નહિ, અને ઉલટું મારે તેની સાથે બળી મરવું પડશે. પેલા મુસલમાન જુવાને વિચાર્યું કે, સ્ત્રી કામઘેલી થયેલી છે અને હું પણ જો એના જેવો આંધળો થઈ વગર વિચારે નાશી જઈશ, તો ખૂનના ગુન્હામાં અને સંકટમાં આવીશ. આમ વિચાર કરી યારે તેને નાશી જવાની ના પાડી નિરાશ કરી. પછી પેલી સ્ત્રી જરા પણ દિલગીરી બતાવ્યા વગર પોતાનાં સગાં સાગવાંની પાસે ગઈ અને પતિની સાથે સહગમન કરવાનો પોતાનો મક્કમ ઠરાવ તેમને જણાવી દીધો. તેના આવા ધાર્મિક વિચારથી પ્રસન્ન થયેલાં સગાંએ પોતાના કુળમાં સતી થયાનું માન મેળવવા માટે તે સ્ત્રીને ઉત્તેજન આપ્યું અને ધામધુમથી શબને સ્મશાનમાં લઈ ગયા. ડાઘુઓએ ખાડો ખોદીને ચિતા તૈયાર કરી અને તેના ઉપર શબ મૂકી ચીતાને અગ્નિદાહ કર્યો. ચિતા સળગ્યા પછી સતી થનાર ચીતાની પ્રદક્ષિણા કરે છે,

અને પોતાનાં સગાં વહાલાંને છેવટની ભેટી આશીર્વાદ આપે છે. પેલી સ્ત્રીએ પણ એ રીતે પોતાનાં સગાંને ભેટવા માંડ્યાં, એટલામાં તેનો યાર બીજા વાદિત્રવાળાઓની સાથે ત્યાં ખંજરી વગાડવા આવ્યો હતો તે તેની દૃષ્ટિએ પડ્યો. તેને છેવટની સલામ કરવાને બહાને પેલી સ્ત્રી તેની પાસે ગઈ. મુસલમાન યારને પૂર્ણ પ્રેમથી એવી સખ્ત રીતે બાથમાં પકડી લીધો કે તે ચસકી શક્યો નહિ. જોમમાં આવેલી સતી પછી બુમો પાડતા પેલા મુસલમાન યારની સાથે જ પોતાના ધણીની પ્રજ્વલિત ચીતામાં કુદી પડી. લોકો હાહાકાર કરતા અને ચકિત થઈ જોતા જ રહ્યા, એટલામાં તો ત્રણે જણાં અગ્નિદેવને ભોગ પડી બળીને ભસ્મ થઈ ગયાં.

ઈરાન જવા માટે સુરત બંદરથી હું વહાણે ચડવાનો હતો, તેવામાં ત્યાં આગળ મેં એક સ્વામિભક્તા સ્ત્રીને સહગમન કરવાને ઘણી જ આતુરતા દેખાડતી જોઇ હતી. આ સ્ત્રી સતી થઈ ત્યારે ત્યાં આગળ ઘણાક અંગ્રેજો, ડચ લોકો, અને પારીસના પ્રખ્યાત મુસાફર મી. કારડીન પણ હાજર હતા. આ સ્ત્રી મધ્યવયસ્કા અને ઘણી જ રૂપાળી હતી. તેના મુખ ઉપર સહગમન ઉત્સુકતા એટલી બધી દેખાતી હતી કે જે વર્ણવવાને માટે હું શક્તિમાન નથી. આતુર અને ઉત્સુક મનથી તે સહગમનને માટે તૈયાર થઈ હતી અને ઘણા જ આનંદથી તેણે પોતાને શણગારવાને તથા સ્નાન કરાવવાને તેનાં સગાંને રજા આપી હતી. તેને જરાય ભય લાગતો નહોતો. તે પોતાની પતિભક્તિને માટે સુદૃઢ દેખાતી હતી તથા પ્રસન્ન મનથી સઘળી તૈયારી કરાવતી હતી. તે પ્રસંગોપાત અમારા તરફ પણ જોતી હતી. બાજરીના સાંઠા અને પાતળાં લાકડાંથી તાપીના કિનારાપર મોટી ચીતા ખડકાવી તેના ઉપર એક જ્વાળાગ્રાહી સાંઠાની મહુલી બનાવરાવી હતી. ચીતા બરોબર છે કે નહિ તેની તપાસ કર્યા પછી સૂર્ય નારાયણને પ્રણામ કરી તે પોતાના સ્વામિનું માથુ ખોળામાં લઇને મહુલીમાં બેઠી એટલું જ નહિ, પણ સંપૂર્ણ પ્રસન્ન મુખે 'જે અંબે! જે અંબે' ના મંગળધ્વનિ સાથે તેણે પોતે જ પોતાને હાથે ચીતાને અંદરથી સળગાવી દીધી. ચીતા અંદરથી લાગી એટલે બ્રાહ્મણોએ બહારથી તેને ચેતાવી. આ દેખાવ એવો તો ગંભીર અને શોકરહિત હતો કે જેનું મારાથી વર્ણન પણ થતું નથી. જો હું એક અચ્છો ચિતારો હોત તો ભયંકર જ્વાળાઓ સાથે ભડભડાટ બળતા અગ્નિમાં આનંદ વદનથી પતિની સાથે બળી મરતી આ સતીના સહગમનનો ચિતાર લેત, પણ હું તેવો ચિતારો નથી એટલે લાચાર. આ દેખાવ મેં એટલો તો સંપૂર્ણ રીતે જોયો છે કે આજ ઘણો કાળ થયા છતાં પણ તે મારી આંખો આગળ તાજોજ તરી રહેલો જણાય છે, અને શોકોદ્ગાર સાથે મારે કહેવું પડે છે કે, હિંદુ સ્ત્રીઓના આવા દેખાવો બીજું કંઈ જ નહિ પણ એક ભયંકર સ્વપ્નની માફક જોનારના મનમાં રમી રહે છે. સઘળી સ્ત્રીઓ કંઈ આ પ્રમાણે પ્રસન્નાતુર મનથી સતી થતી નર્થ

મેં સાંભળેલું છે કે કેટલીક જુવાન સ્ત્રીઓ ચીતાને તથા ભયંકર ર ગ્નિને જોતાં હામલી જઈ પાછી પડે છે. આથી મને એમ માનવાને કારણ મળે છે કે જો તેમને છૂટથી જીવવાની પરવાનગી હોય તો તેઓ આવી ભયંકર અને ક્રૂરતર રીતે બળી મરવાથી દૂર રહે, પરંતુ દિલગીરીની વાત છે કે તેમનાથી તેમ થતું નથી અને બ્રાહ્મણો જોર જુલમથી તેમને પકડીને અગ્નિમાં હોમી દે છે. રાક્ષસનાં કાળજાંના દુષ્ટ કર્મ કરનાર બ્રાહ્મણો ચીતાના અગ્નિથી ભય પામીને ધ્રુજતી મહા ક્રૂર અને નિર્દયને પણ દયા ઉત્પન્ન કરે તેવી રીતે ચીસો પાડતી બાળ વિધવાઓને ચીતામાં હડસેલી મૂકે છે. આવો ત્રાસજનક બનાવ તો મેં પણ એકવાર જોયો છે. એક વિધવા ભયથી ચાર છ ડગલાં ચીતાથી દૂર ખશી ગઈ અને ભયથી ધ્રુજવા મંડી, પરંતુ તેને તેમાં હડસેલી મૂકવામાં આવી. વળી એક બીજી વિધવાને તો મેં, જે વેળાએ ચીતાનો અગ્નિ પ્રજ્વલિત થઇને ભડભડાટ લાગવા માંડ્યો તે વેળાએ ત્રાસથી તેમાંથી નાશીને બહાર આવવાનો પ્રયત્ન કરતી જોઈ હતી; પરંતુ અર્ધદગ્ધ જેવી તેને દુષ્ટ અને ક્રૂર કર્મ કરનારા બ્રાહ્મણોએ મોટા મોટા વાંસડાના માર મારી ચિતામાંથી બહાર નીકળતી અટકાવી, જીવતી અને તરફડતી બાળી મૂકી હતી. આ દેખાવ અને બ્રાહ્મણોનું કૃત્ય મહા ત્રાસજનક, દયા અને અનુકંપા ઉત્પન્ન કરે તેવું છે.

પરંતુ ઘણીવાર કેટલીક વિધવાઓ એ દુષ્ટ બ્રાહ્મણોની નજર ચૂકાવી જાય છે. મેં એવી પણ એક સ્ત્રી જોઈ હતી કે જેણે બ્રાહ્મણોના ત્રાસમાંથી છુટીને પોતાની જીંદગાની બચાવી હતી. તેણે સતી થતી વેળાએ એકઠા થયેલા ઢેડ લોકના આશ્રયમાં જઇ બ્રાહ્મણોથી શરણુ લીધું હતું. બાળી

મૂકવામાં આવનારી સ્ત્રી નાની અને ખુબસુરત છે, એમ જાણવાથી તે લોકો ટોળાબંધ સ્મશાનમાં ભેગા થયા હતા, અને તેનાં સગાં સાગવાં તેની સાથે આવેલાં નહોતાં, માત્ર દુષ્ટ કર્મ કરનારા બ્રાહ્મણોજ તેને બાળવા આવ્યા હતા. આ લાગ જોઈ તેણે ઢેડનો આશ્રય લીધો; બ્રાહ્મણો આંખ ચોળીને રહ્યા અને સ્ત્રી ઉગરી ગઈ. મારે તેની સાથે પ્રસંગ પડયો હતો તેથી હું આ વાત જાણું છું. જે ભયંકર રીતે મરવાથી ડરી જઇને સતી થતી નથી તે સ્ત્રીને હિંદુઓ ફરીને પોતાની જાતમાં દાખલ કરતા નથી. લોક તેના તરફ માનની નજરે જોતા નથી. કોઈ પણ હિંદુ જાતનો માણસ ગમે તેવા પ્રાસંગિક સંકટમાં હોય તોપણ સતી થતાં પાછી પડીને અકીર્તિ પામેલી સ્ત્રીની સાથે ભેળાતો નથી. આવી સ્ત્રીઓને તેઓ પોતાના દેશીધર્મના માર્ગથી વિપરિત વર્તનવાળી માને છે. તેનો ધિક્કાર કરે છે અને નાતિ બહિસ્કૃત જેવી ગણે છે; એટલે તેવી સ્ત્રી બિચારી તેના જનમારામાં કદી પણ સુખ ભાગી થવા પામતી નથી. બ્રાહ્મણોના ત્રાસમાંથી છુટી ગયેલી આવી નિરાધાર વિધવાઓને માટે મોગલ પાદશાહે કંઈ ધ્યાન આપેલું નથી, એટલે બીજો તો એવો કોણ હોય કે જે આવી સ્ત્રીઓને માટે આશ્રયસ્થાનની યોજના પણ કરી શકે ? સમુદ્ર કિનારા ઉપર જ્યાં પોર્ટુગીઝ લોકનું જોર છે ત્યાં તે લોકોએ આવી વિધવાઓને બળતી બચાવી લઇ આશ્રય આપ્યો છે. હિંદુસ્તાનના સેતાન અને દેશના ઉતાર તથા શાપ રૂપ બ્રાહ્મણોના જુલમથી મારા મનમાં આવી નિરપરાધી વિધવાઓને માટે કેવી અનુકંપા ઉત્પન્ન થયેલી છે અને એ દુષ્ટોના ઉપર કેવો રાગ આવેલો છે તે વર્ણવી પણ શકતો નથી.

લાહોરમાં મેં આથી પણ વધારે ત્રાસજનક એક વિધવાનો સહગમન ત્રાસ જોયો હતો. વિધવા ભાગ્યે જ માત્ર બાર વર્ષની નાદાન બાળકી હતી. છોકરી ઘણી જ રૂપાળી અને નાજુક હતી. ધણી શબ્દના અર્થને પણ નહિ સમજી શકે એવી આ બાપડીને જ્યારે સ્મશાનમાં આણી ત્યારે તે પોતાના કેવા હાલ થવાના છે તેથી ગાભરી અને બેબાકળી બની ગયેલી દેખાતી હતી. જ્યારે તેને ચીતાની પાસે આણી ત્યારે તો તેનું નાજુક અંગ ધ્રુજવા માંડયું એટલું જ નહિ પણ જીવતાં બળવાના ત્રાસથી તેણીએ દૈત્યના દિલમાં પણ દયા ઉત્પન્ન કરે એવું કલ્પાંત કરવા માંડયું હતું. તેના



મનનો ત્રાસ ખરેખર મારાથી વર્ણવી પણ શકાતો નથી. તે પિંપળાના પાનની માફક ચિતાને જોઈ ધ્રુજતી અને હૈયાફાટ રૂદન કરતી હતી. દુશ્મનને પણ દયા ઉત્પન્ન કરે એવું તેનું કલ્પાંત્ત અને કંપારી છતાં પણ એક વૃદ્ધ ડોશી અને ચાર પાંચ બ્રાહ્મણોએ મળી મરવાને ન ઇચ્છતા તેમના ગરીબ અને અસહાય ભોગને ચીતાની પાસે લીધો. ત્રાસથી અને રૂદનથી કાયર થઈ બેબાકળી થઈ થઈ ગયેલી છોકરીને બિચારીને તેમણે ચિતા ઉપર બેસાડી તે નાશી ના જાય માટે તેના હાથ અને પગ લાકડાંની સાથે સખ્ત તાણી બાંધ્યા. કલ્પાંત કરતી અને ત્રાસથી ચિસો પાડતી તે બાળકીને પછી એ લોકોએ જીવતી જ બાળી મૂકી. આ દેખાવ જોતાં મારા હૃદયમાં ઉત્પન્ન થયેલા ક્રોધને હું વારણ કરવાને અશક્ત થયો હતો. મારાં નેત્ર આંસુથી ભરાઈ ગયાં હતાં અને મેં યા હોમ કરી તેને બચાવવાને માટે હિમ્મતથી સાહસ કર્યું હોત, પરંતુ વળી મારા મનમાં કંઇક ધર્મ સંબંધી કાર્યમાં વચ્ચે ન પડવા માટે વિચાર ઉત્પન્ન થવાથી હું મારા ક્રોધને મારીને ચૂપ બેશી રહ્યો. હિંદુ લોકના ધર્મ-વહેમ ઉપર ધિક્કાર કરતો અને એ બાળકીની દશા ઉપર આંસુ પાડતો માત્ર નીચેની કવિતા યાદ કરીને બેશી રહ્યો. ધર્મનું કામ પ્રબળ છે, ધર્મમાં માણસ આંધળાં થાય છે એ ગામેમને પોતાની છોકરીને દિયાન દેવને ભોગ આપી હતી. ધર્મ મનુષ્યને કેવાં દુષ્ટ કર્મમાં પ્રેરે છે અને કેવાં કર્મ કરાવે છે તે આના ઉપરથી જોઈ લેવું. આ કવિતા કોઇ કવિએ બનાવેલી છે અને તે યાદ કરીને મેં પણ સંતોષ પકડયો. ધર્મની બાબત માણસને આવાં દુષ્ટ કર્મ કરાવે છે, માટે તેમાં આડા પડવું નહિ. દરેક ધર્મમાં કેટલાંક ઘણાં નિર્દય અને દુષ્ટ કર્મોને માર્ગ આપેલો હોય છે. માણસો ધર્મને નામે મહા દુષ્ટ કર્મ કરે છે. હિંદુઓ અદ્યાપિ પણ ધર્મને નામે કર્મ કરે છે. વૈષ્ણવોનાં મંદિરમાં ધર્મને નામે શું ઓછો વ્યભિચાર થાય છે ? માબાપ પોતાનાં બાળકોનો ભોગ આપે એ શું ધર્મનું ઓછું પ્રાબલ્ય છે ?

હજી મેં બ્રાહ્મણ રાક્ષસોની ક્રૂરતા અને જુલમની હકીકત તો પુરી નથી લખી. હિંદુસ્તાનના કેટલાક ભાગમાં તેઓ બળવાથી ડરતી વિધવાઓને જીવતી દાટે છે. એવી સ્ત્રીઓને તેઓ ગળા સુધી જમીનમાં દાટી છે પછી બે ત્રણ જણા તેના ઉપર ધશી જઇ તેનું ગળું એવા તો જોર-

થી મચરડી નાંખે છે કે તે બિચારી બીલકુલ બેભાન થઈ જાય છે. જેવી તે બેભાન જેવી થાય છે કે તરત જ બીજા લોકો જેઓ માટીની ટોપલીઓ ભરીને તૈયાર ઉભા રહેલા હોય છે તે તેના મસ્તક ઉપર માટી નાખે છે. દટાઈ જાય એટલી માટી નાંખ્યા પછી પેલા રાક્ષસ રૂપ બ્રાહ્મણો તેને પગવતી ગુંદી નાંખે છે અને ગરીબ બિચારી સ્ત્રી પંચત્વને પામી જાયછે.

### મરણ સંસ્કાર.

ઘણા ખરા હિંદુઓ પોતાનાં મડદાંને બાળે છે અને બીજા કેટલાક નદીના કિનારા ઉપર તેને અગ્નિસંસ્કાર કરી અર્ધદગ્ધાવસ્થામાં નદીમાં હડસેલી મૂકે છે. ગંગા ઉપર આવી અંતિમ ક્રિયાઓ મેં ઘણીવાર જોઈ છે. મડદુ પાણીમાં તણાતું જાય છે. તેના ઉપર કાગડાનાં ટોળાં ચાંચો મારતાં ઉડ્યા કરે છે અને મડદુ માછલાં અને કાચબાઓની ખેંચતાણમાં આમથી તેમ અને તેમથી આમ ડુબક ડોઇયાં થતું તણાઈ જાય છે. કેટલાક લોક મરણની ઘડીએ પોતાના મરનારને નદી કિનારા ઉપર લઈ જાય છે અને તેના પગ પહેલાં પાણીમાં નાંખી ગળા સૂધી આખા શરીરને પાણીમાં ડુબાડી છેલ્લા શ્વાસની વાટ જોતા એ મરવા પડેલા માણસને ઝાલીને બેશી રહે છે. જેવો તે માણસ તેનો છેલ્લો શ્વાસ મૂકવાની તૈયારીમાં હોય છે કે તરત જ તેઓ મોટા આંચકાની સાથે તેને પાણીમાં દાબી ઘાલે છે, અને પછી મોટી મરણ પોક પાડી હૈયાં અને માથાં કૂટવા માંડે છે. આ ક્રિયા કરવાનું કારણ એમ છે કે, હિંદુઓ માને છે જે, માણસ તેના છેલ્લા શ્વાસની વખતે જો ગંગાજીમાં પ્રાણ મૂકે તો તેણે તેની જીંદગીની દરમીઆન જેટલાં પાપ કર્યાં હોય તે પાપથી તે મુક્ત થઈ જાય છે, અજ્ઞાન લોકો જ માત્ર આમ માને છે. મેં વારંવાર વિદ્વાન અને મોટા માણસોને આ દુષ્ટ રીવાજનો નિષેધ કરતા સાંભળેલા છે.

### ફકીર, જોગી, બાવા અને વેરાગી.

હિંદુસ્તાનમાં ફકીર, દરવીસ, જોગી, ઢાંગી બાવા વગરે લોકોની સંખ્યા પુષ્કળ છે. તેમનામાં વળી પાછા અસંખ્ય ભેદ છે. ઘણાઓ એક મહંતના ઉપરિપણા નીચે મઠમાં રહે છે. મઠમાં તેઓ અપવાસ, સંયમ અને આધીનતા વગરે જૂદી જૂદી જાતનાં વ્રત પાળે છે અને બીજાઓની પાસે પળાવે છે. આ લોકો એવી વિચિત્ર જીંદગી ગાળે છે કે જેનું વર્ણન હું



કરીશ છતાં સંપૂર્ણ નહિ થાય. ઇશ્વરની સાથે ઐક્યવાળા જોગીઓના સંબંધે તો તે મારાથી યથાર્થ થશે નહિ જ. તળાવના તીર ઉપર અથવા હિંદુઓનાં પવિત્ર ધામની અડાળીઓમાં અને ચોતરાઓ ઉપર તથા મોટાં ઝાળ તળે તેઓ એક ધુણીની આગળ આખે શરીરે રાખ ચોળીને સાવ નાગા થઈ પડી રહે છે. કેટલાક ગાંઠોવાળી, ગુંચાયલી અને રાખથી ભરેલી પગના ઘુંટણ સૂધી પહોચતી જાફરીઆ કુંતરાના વાળ જેવી અથવા પૉલીસ નામના રોગીના વાળ જેવી મોટી જટાઓ રાખે છે. એક અથવા બેઉ હાથ માથા ઉપર હમેશાં ઊંચાજ રાખી રહેનારા અને મારી ટચલી આંગળીના જેટલા તેમની આંગળીના નખ વધી ગયેલા હોય એવા ઘણાક જોગીઓ મેં જોયા છે તેમના હાથ પાતળા પડી સૂકા લાકડા જેવા થઈ જાય છે અને રૂધિરાભિગમન બંધ થવાથી તથા સાંધામાં શારીરિક સ્નિગ્ધતાનો અભાવ થઈ જવાથી એ હાથ તેઓ કદી નીચા નમાવી શકતા નથી. ખાવા માટે પણ તેઓથી હાથ નીચે નમાવતો નથી. જુવાન અને વહેમી માણસો તેમને અત્યંત પવિત્ર અને મહાજોગી જાણી ઘણું માન આપે છે. નાગા, ઉઘાડા અને કાળી ચામડીવાળા, લાંબી જટાઓવાળા, ઉંચા હાથવાળા, લાંબા અને વળી ગયેલા નખવાળા, અને મેં આગળ જણાવી એવી રીતે જીંદગી ગુજારતા જોગીઓના જેવો નર તો દૈવિભૂમિમાં પણ નહિ હોય ! તેમના તપાચરણો ઘણાં ઉગ્ર અને ત્રાસજનક હોય છે. દેશી રાજાઓના દેશમાં જેમના સામુ પણ ન જોવાય તેવા આવા નાગા બાવાઓનાં ઝુંડનાં ઝુંડ મેં ઘણીવાર જોયેલાં છે. એ નાગાબાવાઓનાં ઝુંડમાં કેટલાક ઉર્ધ્વહસ્ત, કેટલાક દીર્ઘ જટાવાળા, કેટલાક જટા જુટવાળા, કેટલાક મોટી ડાંગો લઇને ફરનારા, અને કેટલાક સુકી વાઘની ચામડીને ખભા ઉપર લઇને ફરનારા હોય છે. આપણા મોહોલ્લામાંથી કોઈ સાધુ જતો હોય અને લોક જેમ તેના સામુ જુવે તેમજ ભાવથી જેમના તરફ સ્ત્રીઓ, નાની છોકરીઓ અને માણસો જોતા હોય તેમની કંઈ પણ દરકાર ન રાખતાં આવા નાગા બાવા બેશરમ થઈ મોટાં નગરોમાંથી બે ધડક રહી ચાલ્યા જતા જોગીઓનાં ઝુંડ મેં ઘણીવાર જોયાં છે. બીજા માણસોના કરતાં 'આ વધારે પવિત્ર અને જીતેંદ્રિય છે' એમ માનતી આસ્થાળુ સ્ત્રિયો વારંવાર આવા સાવ નાગાબાવાઓને ભિક્ષા કરાવે છે.

દિલ્લીમાં 'સરમત' નામનો એક નાગો ફકીર રહેતો હતો તેનાથી હું બહુજ કંટાળો પામતો હતો. એ ફકીર તેની માએ જણ્યો હશે તેવોને તેવોજ નગ્ન દિલ્લીના બઝારમાં વારંવાર હેરાફેરા કરતો મારી નજરે પડતો હતો. નિર્લજ્જ થઈ દિલ્લીના બઝારમાં નાગા નાગા ન ફરવા માટે ઔરંગઝેબ પાદશાહે એ નાગા ફકીરને સમજાવ્યો, તેને સારાં સારાં વચન આપ્યાં અને છેલ્લે ધમકી આપી તોપણ તે એકનો બે થયો નહિ. પાદશાહનાં વચનો અને ધમકીને તેણે ધુતકારી કાઢયાં. વસ્ત્ર અથવા લંગોટી વાળવાની સાફ નાજ પડવાથી છેવટ પાદશાહે તેને ગરદન મરાવ્યો તે તેણે સહ્યું પરંતુ પોતાની હઠ મૂકી નહિ.

હાથીના પગમાં નાખવામાં આવે છે એવી ભારે લોખંડની સાંકળો પહેરનારા ઘણાક નાગા ફકીરો વળી દેશમાં એની એજ દશાએ મુસાફરી કરતા મોટી મોટી હજ કરવાને માટે જાય છે. કેટલાક સાત આઠ દિવસ સુધી સાવ ઉભા જ રહે છે અને તે દરમીયાન રાત્રે ઘોડી ઉપર હાથ મૂકી સહજ વિરામ લેવા સિવાય કદી પણ બેસતા કે સુતા નથી. આવા હઠવાળા ફકીરો પણ મેં ઘણા જોયા છે. લાગ લાગટ ઉભા રહેવાથી તેમના પગ લોહી ઉતરીને થાંભલા જેવા થઈ જાય છે. વળી કેટલાક ફકીરો ઊંધે મસ્તકે અથવા હાથ ઉપર જ પગને આકાશ તરફ રાખીને પ્રહરોના પ્રહરો સુધી ઉભા રહેલા મેં જોયા છે. આ જાતના દુર્ભાગ્ય માણસો કેવાં કેવાં દુઃખકર આસનોએ બેશી રહે છે અથવા ઉભા રહે છે તેનું હવે હું વર્ણન કરૂં છું. કેટલાંક આસન તો એવાં શરીર વાળવાનાં હોય છે કે જે આપણા કસરતીથી પણ બની શકે નહિ. આવાં કષ્ટકર આસનોવાળી તપશ્ચર્યા કરવાનું કારણ મોટી ઇચ્છાઓ હોય છે. તેમને જોતાં આપણને દયા ઉત્પન્ન થાય છે, પરંતુ હિંદુસ્તાનમાં પરિચયને લીધે તેમના કૃષ્ટપર કોઇને યાદ ઉત્પન્ન થતી નથી.

હિંદુસ્તાનમાં આવતાં પ્રથમ મને આવો અજ્ઞાન વહેમ જોતાં ઘણીજ ગમત અને આશ્ચર્ય ઉત્પન્ન થતું હતું અને આના સંબંધે શું સમજવું તે પણ હું જાણી શકતો નહોતો. દુષ્ટ અઘોરી અથવા માનદ્વેષી સાઇનીકની જાતનાજ આ જોગીઓ પાછળ રહેલા નમુના હશે, એમ મારે માનવું પડે છે. મને તેમનામાં અજ્ઞાન, અધમતા, અને ક્રૂરતા સિવાય વધારે સમજણ



હોય એમ લાગતું નથી. તેઓ બીલકૂલ દયા રહિત, આચારવિચાર હીણ અને મૂર્ખતમ માણસો છે. વળી હું વિચાર કરૂં છું કે, ભટકનારા, આળસુ–ઉદાસીન, અને સ્વતંત્ર સાધુઓની જીંદગી મનુષ્યનું મનહરણ કરનાર એક અદ્‌ભૂત શક્તિ હશે અથવા જે ગર્વ સઘળા મનુષ્યોના પ્રવર્તનમાં સંમિશ્ર થયેલો જોવામાં આવે છે, તે ગર્વ અથવા અહંતા રૂપાળા ખોળીઆમાં રહીને પ્લેટો કહે છે તેમ આવી જાતના અનેક માનવ યંત્રોને ચલાવનાર વરાળ જેવો હશે. પેલા ભવમાં મોટા રાજા થવાની અભિલાષાથી જ ફકીર લોકો આવી ઉગ્ર તપશ્ચર્યા કરે છે એમ કહેવાય છે અથવા જો તેઓ એક મોટા પાદશાહ નથી થતા તો પણ તેઓ એક મોટા દેશી રાજા અને અમીરના જેવા સુખભોગી તો થશેજ, એમ તેમના મનમાં વિશ્વાસ રહે છે. પરંતુ મારી સાથે થતા એવા વાદની વખતે મેં તો વારંવાર તેમને મારો એવોજ મત આપેલો છે કે–જો આ જીંદગીમાં કંઈ સુખ ન માણ્યું અને તેને દુઃખતર રાખી તો પછી આવતા જન્મમાં સુખ મળશે, એવી આશાથી કેમ દુઃખ ભોગવાય? કોણ જાણે છે કે કાલે શું થશે! આ જન્મમાં મહા કષ્ટ વેઠવાથી (ચિ[illegible]ા) રાણાના જેવું સુખ મળશે, એવી આશા રાખવી એ આકાશ કુસુમવત્ છે. જયસિંહ અને જશવંતસિંહ જેવા હિંદુસ્તાનના મહાપ્રબળ અને વૈભવી હિંદુ રાજાઓના જેવા સુખને અર્થે આ જીંદગીમાં મહા કષ્ટતર જીંદગી ગુજારી દેહદમન કરવું એ સિદ્ધાન્ત સિદ્ધ થતો નથી. મેં તેમને જણાવી દીધું કે હું કંઈ તમારા એવા વહેમોથી છેતરાઈ જાઉં તેવો માણસ નથી. મેં તેમને કહ્યું કે, કાંતો તમે મૂર્ખના શિરોમણિ છો અથવા તમારા મનમાં કંઇક દુષ્ટ ભાવનાઓ રહેલી છે કે જેને તમે દુનિયાંના લોકથી છૂપી રાખો છો.* કેટલાક ફકીરો સંપૂર્ણ જ્ઞાની

* હિંદુ લોક જન્મારાના ધર્મ ભોળિયા છે. હજી પણ એવા કેટલાક ઢોંગી સાધુઓ દેશમાં અનેક ભોળાઓને ધુતતા જોવામાં આવે છે. ગુજરાત અને કાઠીઆવાડમાં ફરતા આવા સાધુ ઘણા છે. ધર્મનું તત્વ નહિ જાણનારા ભોળા લોકો તેમના તપથી ભોળાઈ જાયછે. મૌન રહે, ઉભા રહે વગરે ઢોંગ કરે એટલે વહેમી બૈરાંજેવા તે મરદો ઢોંગી ઉપર રીઝા થઈ જાય પરંતુ તેમને એટલો વિચાર નથી કે જો મૌન રહ્યાથી ઈશ્વર મળતો હોત તો જીભ ઉત્પન્ન ન કરત. સુધારા વાળા અને ભણેલાઓની ફરજ છે કે આવા ઢોંગીઓને પકડી સખ્ત શિક્ષાએ પહોચાડવા.

ખરેખરા જોગી અને ઇશ્વરની સાથે ઐક્ય થઈ ગયેલા હોય તેવા ગણાય છે, અને લોકો તેમને તેવું માન આપે છે. આવા જોગીઓ અને ફકીરો ઘણું કરીને નગરમાં કે ગામડાંમાં આવતા નથી, પણ વસ્તીથી દૂર પર્વતની ગુફાઓમાં અને જંગલોમાં રહે છે. તેમને જો કોઈ ખાવાનું આપે તો ખાય છે નહિ તો તેઓ પોતાના તપના જોરથી વાયુનું ભક્ષણ કરીને પડ્યા રહે છે અને ભિક્ષાની દરકાર રાખતા નથી, એમ હિંદુઓ માને છે. કેટલીકવાર આવા સાધુઓ મોટી મોટી સમાધિઓ લેછે, એમ કહેવામાં આવે છે અને ભોળીઆ લોક માને પણ છે, તથા મને એક જોગીએ કહ્યું પણ હતું કે ઘણા કલાક સુધી સમાધિ લઇને મોટા યોગીઓ પોતાના પ્રાણને ઇશ્વરની સાથે જોડી દેછે, ત્યારે તેઓને સાક્ષાત્કાર થાય છે અને તેમની સામે તેઓ ધવળ દિવ્ય જ્યોતિરૂપ તેજબ્રહ્મ દેખે છે અને તે પરમાનંદમાં એક થઈ જાય છે. આવા સાધુઓને કોઇની જરૂર રહેતી નથી તથા તેમને સર્વ અવસ્થાએ સમાન થઈ રહે છે. મને આવા જોગીઓ વિષેની વાત કહેનાર જોગીએ વળી કહ્યું હતું કે તે પોતે પણ આવી સમાધિ લઈ શકે છે અને સાધુ સંતને મળનારા માણસો પણ સમાધિસ્થ જોગીઓની આ વાતને માને છે. એ તો સંભવિત છે કે ઘણા દિવસની ભૂખથી અને ઈંદ્રિય સંયમથી તથા પરિચયથી મનુષ્ય આવી જાતની સ્વપ્નાવસ્થા જેવી દશામાં આવી શકે છે. કારડન આપણને કહે છે કે, તે પણ ઘણીવાર પોતાની ઇચ્છાનુસાર આવી દશા લઈ શકતો હતો, એટલે કે ફકીરો અને સાધુઓના જેવી સમાધિ લઈ શકતો હતો. ફકીરો સમાધિ લેવામાં પ્રથમથી કેટલીક યુક્તિ વાપરે છે અને ઘણા દિવસનો અનુભવ લેછે એટલે ધીરે ધીરે તેઓ પોતાના પ્રાણને આવી જાતની સમાધિમાં લઈ જઈ શકે છે અને ઉતારી શકે છે. દાખલા તરીકે તેઓ કહે છે કે સમાધિ લેતાં શીખનારને માટે પ્રથમ કેટલાક મહિના સુધી માત્ર દૂધ અને રોટલા ઉપર રહેવું પડે છે, પછી અપવાસ કરવા પડે છે અને પછી કોઈ પણ જાતના સંગરહિત સ્થાનમાં રહેવું પડે છે. એવે વખતે ઘણીજ દઢતાથી આકાશ તરફ નિશ્ચલ દૃષ્ટિએ જોઈ રહેવું પડે છે. આ પ્રમાણે કેટલીકવાર સુધી પ્રાણને ઉંચો ચડાવ્યા પછી પાછો તેને નીચે ઉતારવો પડે છે. પ્રાણ વાયુને અંતરમાં નિરોધ કરી પછી તેઓને આંખો ઢાળીને નાકની દાંડી ઉપર દૃષ્ટિ બાંધી



પદ્માસને ઘણીકવાર સુધી બેશી રહેવું પડે છે. આ પ્રમાણે નાકની દાંડીની સમાંતર બાજુએ ઘણીકવાર દૃષ્ટિ એક નિશ્ચલ સ્થિતિમાં બદ્ધ આસને રહે છે ત્યારે કોઈ દિવ્ય તેજ તેના જોવામાં આવે છે. આ પ્રમાણે સમાધિસ્થ થઇને પરમાનંદમાં આનંદ લેવો એ જોગીઓનો મુખ્ય આનંદ છે. આ રીત સુફીઝમ જેવીજ હોય એમ લાગે છે. આ એક ન સમજાય તેવું રહસ્ય છે અને સમાધિ લેનારા જોગીઓ, આ વિષે સંપૂર્ણ જ્ઞાન કોઇને આપતા નથી પરંતુ ઉપર લખી તે બાબત મારા આગા સાહેબે રાખેલા એક વિદ્વાન્ પંડિતે મને જણાવી હતી અને તે ઘણે દરજ્જે તે જાણતો હશે તેવીજ ખરી હશે, કારણ કે આગાસાહેબ જેવા આશ્રયકથી તે કંઈ છુપુ રાખે એમ તો કહેવાયજ નહિ. મારા આગા સાહેબ પણ સુફીઝમના જ્ઞાતા હતા. અસંદ ભૂખમરો, ઘણા દિવસના ઉપવાસ અને વિષમ તપાચરણથી આ લોકો આવી સ્થિતિ અથવા વિકાર પામતા હશે એમ હું માનું છું. આપણા દેશના સાધુઓએ એમ નહિ ધારવું કે આવી બાબતમાં એશિયાના સાધુઓના કરતાં તેઓ ચડી જાય છે. આરમીનીઅન, કોપ્ટસ, ગ્રીક, નેસ્ટોરિયન્સ, જેકોબીનસ, મેયોનીસ્ટસ વગરે યૂરોપિયન સાધુઓ આ લોકની સાથે સરખાવતાં માત્ર શીખાઉ જેવાજ લાગે છે. જો કે એટલું તો મારા પોતાના અનુભવથી હું કબુલ કરૂં છું કે, આપણા દેશના જેવા શીત પ્રદેશો કરતાં હિંદુસ્તાના જેવા ગરમ દેશમાં ભૂખ ઓછી લાગે છે અને ઉપવાસાદિ કરવા એ એટલું બધું દુસ્તર લાગતું નથી.

## કિમિયાગર અને બાજીગર.

ઉપર જણાવ્યા તેના કરતાં જુદી જાતના બીજા સાધુઓ થાય છે, તે હવે હું તમને જણાવીશ. આ લોકો વધારે ઢોંગી અને લોકને ધુતનારા હોય છે. આ લોકો હમેશાં દેશમાં ફરતા રહે છે અને લોકની દરકાર ન હોય એમજ દેખાડતા રહે છે. ભોળા લોકો એમ જાણે છે કે તેઓ પરમેશ્વરના માણસો છે અને સોનુ રૂપુ કેમ કરવું તે તેમને સારી રીતે આવડે છે. કિમીઓ કરતાં તેઓ ઘણા લોકનાં ઘર ઘાલે છે. માત્ર કિમીઆથીજ સંતોષ ન પામતાં તેઓ બુટીઓ પણ રાખે છે અને લોકો એમ માને છે કે તેઓની પાસે જે પારાની ભસ્મ હોય છે તે ખાધી હોય તો માણસ ગમે તેવા અસાધ્ય રોગમાંથી પણ બેઠો થાય છે, અને તે જેટલું ખાય તેટલું પચી

જાય છે. બાજીગરો પણ દેશમાં ફરતા ફરે છે અને તેઓ જાદુથી લોકને
અનેક જાતનાં વહેમમાં નાંખે છે. ભોગ જોગે જ્યારે એ જોગીઓ અથવા
જાદુગરો એકઠા થઈ જાય છે, ત્યારે તેઓ વચ્ચે રસાકશી થાય છે અને તે
વેળાએ તેઓ લોકને ઘણા ચમત્કાર કરી બતાવે છે. લોક કહે છે કે તેઓ
એક ઝાડની ડાળીને તરતજ જમીનમાં રોપી મોર લાવે છે, ફળ લાવે છે
તેને પકવે છે અને ખાય છે. તેઓ તર્તજ ઈંડાને સેવીને તૈયાર કરે છે
અને એક પળમાં તેમાંથી જેવી જાતનું કહેવામાં આવે તેવું પક્ષી ઉત્પન્ન
કરી ઓરડાની ચારે બાજુએ ઉરાડી દેખાડે છે. આ સિવાય બીજા ઘણા
ચમત્કાર તેઓ કરે છે જેની ગણના અત્રે કરવી એ મને ઠીક લાગતું નથી.

હું દિલગીર છું કે હું આ લોકોના ચમત્કારમાં કંઇ વજન મૂકી શકતો
નથી. એકવાર મારા આગાસાહેબે આવા એક જાદુગરને બોલાવી મંગાવી
તેને કહ્યું હતુ કે–જો તું મારા મનમાં કાલે સવારે જે વિચાર આવ-
વાના છે તે લખી આપે તો તને હું રૂપિઆ ત્રણસેં આપું. મેં પણ તે
જાદુગરને તે મારા વિચાર કહી આપે તો ૨૫ રૂપિઆ આપવાનું કહ્યું હતું,
પરંતુ પછીથી તે અમારી પાસે આવ્યોજ નહોતો. એકવાર ફરીને પણ
તેવા બાજીગરની સાથે મેં વીશ રૂપિઆની સરત કરી હતી, પરંતુ તેમાં
એ હું નાસીપાસ થયો હતો. આવા માણસોના તમાસોઓ મેં ઘણીવાર
જોયા છે અને તે બધી વખતે મેં તેમની હાથ ચાલાકી અને લોકની નજર
ચૂકાવવાની રીત જોઈ છે પરંતુ એકે વખત મને તેમના ચમત્કારમાં
કંઈ ચમત્કાર લાગ્યો નથી. લોકોને ચમત્કાર લાગે તેવા ખેલો મેં પકડેલા
છે પરંતુ તેમાં મને વિશ્વાસ આવતો નથી. ;એકવાર એક માણસે મારા
આગા સાહેબના ચોરાયલા રૂપિઆ કોણે લીધા છે તે જાણવાને માટે એક
એવોજ ઢોંગ કર્યો હતો અને તેનું ભોપાળુ મેં ખુલ્લું કરી નાંખ્યું હતું. લો-
કને ધુતનારા આવા જાદુગર લોકો આ દેશમાં ગામે ગામ ફરતા જોવામાં
આવે છે.

બીજી એક જાતના ફકીરો થાય છે તે નગરમાં મોટા ઝભા પહેરીને
ફરતા ફરે છે. આ લોક દેખાવમાં કંઇક સારા અને સભ્ય હોય છે, પરંતુ
તેઓ ઘણાજ ઢોંગી માલુમ પડે છે. તેઓ પોતાના હાથમાં એક નાની
ધુમણી રાખે છે અને પવિત્ર કુરાનના કલમા બોલતા ફરે છે. લોકો તેમને



ઘણાજ પવિત્ર ગણે છે તથા તેઓ જે ઠેકાણે જાય ત્યાં તેમને રોકવામાં આ-
વતા નથી તેઓ ફરતા ફરતા લાગ જોઇને કોઈ હિંદુ ગૃહસ્થના અથવા મુસ-
લમાન ઉમરાવના ઘરમાં દાખલ થાયછે, જ્યાં સ્ત્રીઓ ઘણી હોંસથી વધાવી લેછે,
કારણ કે તેનું કોઇના ઘરમાં જવું એ અહોભાગ્ય જેવું ગણાય છે. આ
માણસોને આ પ્રમાણે સ્ત્રીઓ સાથે સંમેલ થવાની છૂટ હોવાથી ઈશ્વર
જાણે કે તેઓ કેવો અનર્થ કરતા હશે. મારા જાણવામાં એમ આવેલું છે
કે તેઓ સ્ત્રીઓની સાથે બદફેલીથી વર્તે છે, અને ધર્મને નામે તે અનાચાર
ઉપર કોઈ લક્ષ આપતું નથી. પાદશાહના અને રાજાઓના રાજ્યમાં આવા
બનાવ ઘણા બને છે. આ લોકો આપણા ધર્મના પાદરીઓ જેવા છે અને
ઘણાઓ મને ઓળખતા હોવાથી તેઓ મને જોઇને એમ કહે છે કે આ
ફીરંગી આપણને ઓળખે છે કે, આપણા હિંદુસ્તાતના ખ્રીસ્તી પાદરીઓ
જેવા આપણે મુસલમાનના પાદરી છીએ.

આ ધુતારા જોગીઓ, કીમીઆગરો અને બાજીગરો ઉપર હવે બહુ
લંબાણ થઈ ગયું. હવે હું હિંદુઓનાં ધર્મ પુસ્તકો વગરે ઉપર લખું છું.
હું સંસ્કૃત જાણતો નથી, એટલે તે ભાષામાં લખાયલાં પુસ્તકો વિષે હું જે
ંઈ બોલું છું તેથી આપ આશ્ચર્ય પામતા નહિ. શાહજહાનના વડા પુત્ર
દારા શિકોહની પાસે ઘણાં વર્ષ સૂધી રહેલા એક હોંશિયાર બ્રાહ્મણ પંડિ-
તને પોતાની પાસે રાખવા માટે મેં મારા આગા સાહેબને ઘણોજ આ-
ગ્રહ કરી પેલા બ્રાહ્મણને રખાવ્યો હતો, કે જેથી મારા જાણવામાં પણ કં-
ઇક આવે. માત્ર આ બ્રાહ્મણ પંડિતની સાથે હું ત્રણ વર્ષ સુધી રહ્યો
એટલાજ પરિચયથી નહિ પરંતુ તે મને વારંવાર બીજા વિદ્વાનો સાથે
મેળવતો હતો તેથી હું તેમનાં પુસ્તકો વિષે કંઇક લખવાને શકિતમાન થ-
યો છું. હારવેશ અને પેકેટનું શારીરિક શાસ્ત્રનું ઈરાની ભાષામાં ભાષાંતર
કરીને સમજાવતાં જ્યારે હું અને મારા આગ્રા સાહેબ કંટાળતા ત્યારે ગ-
મ્મતને અને જ્ઞાનને ખાતર અમે તે પંડિતજીને બોલાવી તેમની લાંબી અને
કંટાળો આપે તેવી વાતો સાંભળતા હતા. પંડિતજી જરા પણ થાક્યા વગર
અને હસ્યા વગર પોતાની કથાઓ ઘણીજ ગંભીરતાથી અમને કહ્યા કરતા
હતા; તથા તેમાં પોતાની બાબત સિદ્ધ કરવાને માટે બાળક જેવા વાદ
વિવાદ ચલાવતા હતા.

હિંદુઓ માને છે કે અક્ષરબ્રહ્મ પાસેથી તેમને ચાર ધર્મ પુસ્તકો મળેલાં છે, અને તે વેદ કહેવાય છે. વેદનો અર્થ જાણવું થાય છે અને તેમના મત પ્રમાણે એમાં બધાં શાસ્ત્રનો સાર સમાયલો કહેવાય છે. પહેલો અર્થવ વેદ, બીજો યજુર્વેદ, ત્રીજો ઋકવેદ અને ચોથા સામવેદ કહેવાય છે. આ પુસ્તકો પ્રમાણે આર્યો ચાર જાતમાં વહેચાયલા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ લોકો એક બીજાની સાથે પરણી શકતા નથી, એટલે કે બ્રાહ્મણો ક્ષત્રિયની કન્યાને પરણી શકતા નથી, બીજી નાતો પણ એજ નિયમને અનુસરે છે અર્થાત્ અન્યોન્યમાં કન્યા વ્યવહાર તથા ભોજન વ્યવહાર રાખી શકતી નથી.

પુનર્જન્મને માટે પિથાગોરસના જેવો જ વિચાર અત્રેના હિંદુશાસ્ત્રોનો છે. આથી હિદુઓ પ્રાણીનો ઘાત કરવાની મના કરે છે. ક્ષત્રિયને માટે માંસ ભક્ષણની રજા છે, પરંતુ ગાય અને મોરનું માંસ સર્વે વર્ણને માટે વર્જ્ય ગણાય છે. આ બે પ્રાણીને માટે તેઓ વધારે પૂજ્ય ભાવ રાખે છે. ગાયને માટે એમ કહેવાય છે હિંદુઓ મરી ગયા પછી વૈતરણી નામની નદી તેનું પુછડુ પકડીને તરી જાય છે, આવો મત લાવનારાએ કદાપિ મિસર દેશના ભરવાડોને ગાય અને ભેંસનાં પુંછડાં પકડીને નાઇલ નદી ઉતરી જતા જોયા હશે. તેઓ એક હાથે ગાયનું પુછડુ પકડે છે અને બીજા હાથમાં તેને બરોબર ચલાવવાને માટે પરોણો રાખે છે. વળી ગાય પવિત્ર અને પૂજ્ય માનવાનું બીજુ કારણ એવું માલુમ પડે છે કે તે ઘણીજ કામની છે. ગાય માણસને દુધ અને ઘી પુરાં પાડે છે તે ઉપરાંત ગાય ખેતીનું એક મોટુ સાધન પુરૂ પાડે છે. વળી જો ફ્રાંસ અને ઈંગ્લાંડની માફક હિંદુસ્તાનમાં પણ ગાય ખાવામાં આવે તો, હિંદુસ્તાનમાં ચરવાની જગ્યા થોડી હોવાથી મૂળે જે ગાયો અને બળદો થોડાં છે તે કાપવા માંડતાં સપાટા બંધ થઈ રહે અને તેને પરિણામે હિંદુસ્તાનની જમીન અખેડ પડી રહેવા દહાડો આવે. આઠ મહિના સુધી હિંદુસ્તાનની ભૂમિમાં લીલુ ઘાસ થતું નથી, એટલે તે આઠે માસ ગાયો અને ઢોર સુવરની માફક મેલુ ખાઇને નિર્વાહ કરે છે. વળી જહાંગીર પાદશાહના વખતમાં બ્રાહ્મણોની અરજી ઉપરથી અને ઢોરની તંગીને લીધે તેણે કેટલાંક વર્ષ સુધી ગાય અને ઢોરને મારવાં નહિ, એવો હુકમ કાઢયો હતો. થોડા જ વખત ઉપર ઔ-



રંગઝેબને પુષ્કળ પૈસા આપી તેવો જ પશુઓને નહિ મારવાનો હુકમ કઢાવાને માટે બ્રાહ્મણોએ અરજી આપી હતી. તેમણે એ અરજીમાં જણાવ્યું હતું કે, પચાસ સાઠ વર્ષ થયાં જમીન પડતર રહે છે અને બળદો મળતા નથી, તેવું કારણ માત્ર ગાયો મરાય છે તેજ છે. વળી હિંદુસ્તાનમાં ગાયનું માંસ પચી પણ શકતું નથી. માત્ર શીયાળામાંજ તે પચે છે. પ્રાણીઓના ઘાતને માટે બંધી કરનાર તત્વજ્ઞાનીએ એમ ધાર્યું હશે કે પશુ વધ બંધ થવાથી લોક એક બીજા પ્રત્યે વધારે મમતાળું અને શાંત પ્રકૃતિના થવાંશે. જો કે જોઇએ તેટલો જુસ્સો તો તેમનામાં રહેવો જ જોઇએ, પરંતુ આ તો એથી ઉલટું જ પરિણામ આવ્યું અને લોક વધારે દયાળુ અને અહિંસક થવાથી નિર્બળ થઈ ગયા.

પુર્વ જન્મનો સિદ્ધાંત એવો છે કે જેથી મનુષ્યોના મનમાં અહિંસાનો મુદ્દો બરોબર ઉતરી શકે છે. પ્રાણીને મારીને ખાવાથી માણસ પોતાના પુર્વજને મારી ખાય છે અને એ પાપ કદી ટળતું નથી. વળી બ્રાહ્મણોએ એમ પણ ધાર્યું હશે કે, ઉત્તર હિંદુસ્તાન જેવા ગરમ દેશમાં ગાય અને બળદનું માસ લોકને પચશે નહિ અને વ્યાધિ ઉત્પન્ન કરશે. વેદધર્મથી દરેક આર્ય બંધાયલો છે કે ૨૪ કલાકમાં ત્રણ વાર તેણે પૂર્વાભિમુખ બેશીને સંધ્યા–ઉપાસના કરવી. ત્રણે સંધ્યા વખતે માણસે નહાવું જોઇએ અને ભોજન ન લેતા પહેલાં તો અવશ્ય નહાવું જોઇએ. બાંધ્યા પાણી કરતાં વહેતા પાણીમાં સ્નાન કરવું અને સૂર્યને અર્ઘ આપવા એ વધારે સારૂં છે. હિંદુસ્તાન જેવા દેશમાં આ પ્રમાણે સ્નાન કરવાનો ધારો બાંધ્યો છે તે પણ ઘણુંજ વિચારિત કાર્ય કરેલું છે. આ નિયમ શીત દેશોમાં જળવાય તેવો નથી, જો કે નિયમ બાંધનારાઓનો એવો દઢ બંધ નહિ હોય તેમ છતાં મારા પ્રવાસની દરમીઆન ઘણા લોકને મેં ટાઢના વખતમાં અને શીત પ્રદેશમાં પણ આ નિયમને અનુસરતા જોયા છે. તેઓ પ્રભાતમાં ઢાડા નદીના પાણીમાં ડુબકો મારે છે, કિંવા ટાઢા પાણીનો ઘડો હાથમાં લઇને સપાટા બંધ માથા ઉપર ભભળાવી દે છે. તેમના આ નિયમ સામે મેં ઘણી વાર તેમને સમજાવેલા કે, સ્નાન વિધિ બાંધતારે શીત પ્રદેશને માટે નિયમ બાંધ્યો નથી, તથા સ્નાન કરવું એમાં કંઈ દૈવી કાર્ય જેવું નથી, કારણ કે તે તો માત્ર માનવ જાતની એક સ્વચ્છ રહેવાની શોધ છે. મને તેઓ

ઘણોજ વિચિત્ર ઉત્તર આપતા હતા. તે કહેતા કે, અમારા આચાર ઈશ્વરે માત્ર અમારે માટે જ બાંધેલા છે, દુનિયાને માટે બાંધેલા નથી. અમારો ધર્મ તે અમારો જ ધર્મ છે અને એજ કારણે અમે અમારા ધર્મમાં બીજા પરદેશીને દાખલ કરી શકતા નથી. અમે એમ નથી કહેતા કે તમારો ધર્મ ખોટો છે, તમારો ધર્મ તમારા દેશને યોગ્ય બંધાયલો હશે; કારણ કે સ્વર્ગને માટે ઈશ્વરે કંઈ માત્ર એકજ માર્ગ બાંધેલો નથી. હું તેમને એમ ખાતરી કરી શકતો નહોતો કે, ક્રિશ્ચિયન ધર્મ તો એક દેશને માટે નહિ, પરંતુ આખા જગતને માટે બંધાયલો છે અને તે સર્વેને બંધ બેસતો આવે તેમ છે.

વેદમાં એમ કહેલું છે કે, ઈશ્વરને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા થતાં તરત જ કંઈ તેણે તે બતાવી નહોતી. પ્રથમ તેણે ત્રણ સંપૂર્ણ દેવ ઉત્પન્ન કર્યા હતા. બ્રહ્મા, ઉત્પન્ન કરનાર, વિષ્ણુ, પાલન કરનાર, અને શંકર અથવા મહાદેવ સંહાર કરનાર. પરમેશ્વરની આજ્ઞાથી જ પછી બ્રહ્માએ લોકને માટે ચાર વેદને પ્રસિદ્ધ કર્યા હતા. આ કારણે જ કેટલાંક દેવળોમાં બ્રહ્માની મૂર્તિ ચાર મુખવાળી કરવામાં આવેલી છે. મેં કેટલાક મિશનરીઓની સાથે આના સંબંધે વાત કરી હતી ત્યારે તેમણે મને જણાવ્યું હતું કે, 'આ વ્યક્તિત્રયાત્મક દેવતાને માટે આર્યોમાં કંઈક રહસ્ય સમાયલું છે. વેદમાં કહેલું છે કે, એ વ્યક્તિ માત્ર જૂદાં રૂપ છતાં ઈશ્વર-બ્રહ્મ તો માત્ર એક જ છે. આ વિષય ઉપર મેં ઘણા પંડિતોને વાદ કરતાં જોયા છે, પરંતુ તેઓ તેનો ખુલાસો કંઈક એવી વિચિત્ર રીતે આપે છે કે આપણે તેમાં કંઈક સમજી શકતા નથી. મેં કેટલાકને એમ કહેતાં પણ સાંભળ્યા છે કે તે ત્રણ જુદા જુદા દેવતાઓ છે, પરંતુ દેવતા એટલે શું તેનો તેઓ, આપણા દેશના કેટલાક મૂર્ખ મૂર્તિ પૂજકો જેમ પિશાચનો ખુલાસો આપી શકતા નથી, તેમ હિંદુ દેવતાનો ખુલાશો તેમનાથી આપી શકાતો નથી. મેં ઘણા વિદ્વાન પંડિતોને આના સંબંધે સવાલ પુછેલા ત્યારે તેમણે મને માત્ર એટલું જ કહેલું કે, એ ત્રણ ગુણાત્મક દેવતાઓ એક ઈશ્વરનાં ત્રણ જૂદાં રૂપમાં એટલે કે એક ઉત્પત્તિકર રૂપે, બીજુ પાલન કરનાર રૂપે, અને ત્રિજુ સંહારક રૂપે મનાય છે; પરંતુ એક ઈશ્વર બ્રહ્મની સાથે આ ત્રણ દેવતાઓને શું લાગે વળગે છે તેનો તેઓ ખુલાસો કરી શકતા નથી.



જર્મનીમાં જન્મેલ એક 'રોઆ' નામના આગ્રાના મિશનરી વડીલને હું મળ્યો હતો. તેણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરેલો છે. એણે મને ખાત્રી પૂર્વક જણાવ્યું હતું કે, હિંદુઓના દેવ ઉપરના ત્રણ રૂપમાં જ નથી, પરંતુ મધ્યવર્તી દેવે, નારાયણે તો નવ વાર મનુષ્યનો દેહ ધારણ કરેલો છે તેણે કહ્યું કે શિરાજને રસ્તે થઈ જ્યારે હું હિંદુસ્તાન આવતો હતો ત્યારે એક બીજા પાદરીએ તેને હિંદુ દેવોના સંબંધે કહ્યું હતું કે, હિંદુ દેવત્રયીમાંના વચલાએ દુનિયાંપરની દુષ્ટ વૃત્તિઓના વિનાશને માટે નવ વાર અવતાર ધારણ કરેલા છે. આઠમા અવતારને તેઓ ઘણું માન આપે છે. કહે છે કે આઠમો અવતાર થયો ત્યારે દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી હતી. વળી બાયબલની માફક આમાં પણ ચમત્કારી બાબતો આવે છે. એ દેવે જન્મ લેતાં વાંત જ એક પવનમાં ઉડનારા દૈત્યને મારવા માટે આકાશમાં છલંગ મારી હતી. સૂર્યને પણ પકડી પાડે તેવો એ બાળદેવ પછી આકાશમાંથી નીચે પડ્યો અને તેની હડપચી ભાગી ગઈ, તે ઉપરથી તેનું નામ હનૂમાન પડ્યું. મુસલમાન લોકના જુલમમાંથી હિંદુઓને મુક્ત કરવા માટે હવે ઈશ્વરનો દશમાવતાર થશે, એમ તેઓ માને છે. આવી વાર્તિક કથાઓ માત્ર લોક સંમવાયમાં જ ચાલે છે, તેમના શાસ્ત્રોમાં તો એવું નથી. ત્રયીમાંના છેલ્લા દેવ મહાદેવને માટે કહેવાય છે કે, એક રાજાની કુંવરીને એવી ઈચ્છા હતી કે તેણી તે દેવને જ પરણશે, પરંતુ જ્યારે તેના બાપે તેમ ન કર્યું ત્યારે રાજાના એક અમાત્યે તેને અને રાજ્ય વંશને મારી નાંખી તે કુંવરીને ઈચ્છિત વર સાથે પરણાવી હતી. નારાયણે નૃસિંહ અવતાર લીધો હતો, પછી ભુંડનો, કચ્છપનો, ચોથો સાપનો, બટુકનો, આ પ્રમાણે તેણે આઠ અવતાર લીધા છે અને નવમો હનૂમાનનો આગળ કહ્યો છે.*

પાદરી રોઆનું કહેવું એવું છે કે, ઉપરના જેવી બાબતો માત્ર પુરાણની છે. વેદમાં એવું નથી, પણ તેમાં જ્ઞાનનો વિચારવંત ભાગ સમાયલો

* આ બધી બાબત માલ વગરની અને અર્ધ દગ્ધ હિંદુઓથી જાણેલી હોય તેવી અસબદ્ધ અને તરેહવારછે. મિશનરીઓ નીચ લોકથી તેમના ધર્મનું રહસ્ય જાણવાને માટે પ્રયત્ન કરેછે તેથી ઘણી વાર તેમને આવું માલ વગરનું ટાયલું મળે છે. અમુક ધર્મનું ખંડન કરવા ઘણું જાણવું જોઇએ. બર્નિઅરનો અનુભવ પણ એવો જ થયેલો એટલે આ બાબત ગળત હોય તેમાં શી નવાઈ?

છે. છતાં અવતાર લીધેલા છે એમ હાલ બધા માને છે. આ ઈશ્વરના અ-
વતાર સંબંધે મેં પંડિતોને પુછેલું ત્યારે તેઓએ ઘણે ભાગે એવો જવાબ
આપેલો કે પૂર્વે થઈ ગયેલા શૂરવીર પુરૂષોને જ લોકો ઈશ્વરનો અવ-
તાર માને છે અને તેવાં સારાં કામ કરનારાં સ્ત્રી પુરૂષોની મૂર્તિઓ હા-
લનાં હિંદુઓનાં મંદિરોમાં પૂજાય છે. ચીન ધર્મની મૂર્તિઓના કીરકર પા-
દરીના પુસ્તકમાં તેમાંની હકીકત આપેલી છે. કેટલાક હિંદુસ્તાનના પંડિતોએ
મને જણાવ્યું હતું કે, ઈશ્વરના અવતારો તે બીજુ કંઈ જ નહિ પણ પૂર્વે થઈ
ગયેલા મહા પુરૂષો છે. દરેક માણસમાં કંઈક ઈશ્વરનો અંશ રહેલોછે, એમ
હિંદુઓ માને છે. દેવતા, પિશાચ, વગેરે જુદી જુદી જાતનાં દેવતાઈ રૂ-
પને પણ તેઓ માને છે. એક મોટા વિદ્વાને એ અવતારોના સંબંધે મને
જણાવ્યું હતું કે, અવતારોની યુક્તિ પ્રાકૃત લોકને નીતિના અને ભક્તિના
માર્ગમાં રાખવાને માટે ગોઠવેલી છે એટલું જ નહિ, પણ દરેક માણસમાં
ઈશ્વરનો અંશ છે, એ યુક્તિ તો મોટા તત્વજ્ઞાનના માર્ગથી જ સિદ્ધ થઈ
શકે એમ છે. પરલોક, સ્વર્ગ અને નરક વગેરેની યોજના લોકને આ
જીવનમાં સત્કર્મમાં પ્રેરવા માટે યોજેલી છે. મૂર્તિ પૂજકોના સંબંધમાં મેં
ઘણી બાબત મેળવી હતી પરંતુ તે કંઈ અભ્યાસ પૂર્વક કિંવા અનુક્રમ રા-
ખીને મેળવી નહોતી એટલે પુસ્તકના રૂપમાં ગોઠવાય તેવી નથી.

ઘણા જ રસાળ પ્રદેશમાં ગંગા નદીના કિનારા ઉપર શોભી રહે તેવી
રીતે બનારસ નામનું સુંદર નગર આવેલું છે. મૂર્તિ પૂજકોની મુખ્ય પાઠ-
શાળાઓના સ્થાન રૂપ આ નગર છે. બનારસ તે યુરોપનું અથેન્સ છે.
અહીં આગળ આખા દેશના બ્રાહ્મણ વિદ્યાર્થીઓ વિદ્યા સંપાદન કરવાને
માટે અને ધર્માચરણને માટે આવી રહે છે, તથા પોતાનો કાળ વિદ્યાભ્યાસ
પાછળ ગાળે છે. આપણી પાઠશાળાઓની માફક અત્રે કંઈ શાળાઓ તથા
અભ્યાસ ક્રમની રચના જોવામાં આવતી નથી; પરંતુ અત્રેનો અભ્યાસક્રમ
આપણી પ્રાચીન રીતિને અનુસરતો છે. મોટા મોટા વિદ્વાન ગુરૂઓ શહે-
રમાં ખાનગી ઘરોમાં, અથવા પરામાં શેઠ શાહુકારોની વાડીઓમાં મુફત
પડ્યા રહે છે અને ત્યાં તેઓ પોતાના શિષ્યોને પાઠ કરાવે છે. કેટલાક ગુ-
રૂઓની પાસે ચાર પાંચ અને વધારે પ્રખ્યાત હોય તેની પાસે પંદર સોળ
વિદ્યાર્થીઓ હોય છે; પરંતુ ગુરૂઓની સંખ્યા ઘણી મોટી છે, એટલે વિદ્યા-
ર્થીઓ પણ કંઈ થોડા હોતા નથી. દશ બાર વર્ષ સુધી દરેક વિદ્યાર્થીને પો-



તાના ગુરૂ સાથે અભ્યાસને માટે રહેવું પડે છે, જે કાળમાં તે ભણીને હોં-
શિયાર થાય છે; પરંતુ અભ્યાસ ઘણો જ મંદ ચાલે છે, કારણ કે વિદ્વાન
ગુરૂઓનો સ્વભાવ ઘણો તીખો હોય છે અને તેનું કારણ તેમનાં મિષ્ટાન્
તથા દેશમાં ગરમી પડે છે તે હોવું જોઈએ. વળી રજાના દિવસો ઘણા આવે
છે. આપણા દેશની માફક અહીંઆં વિદ્યાર્થીઓના ઉત્તેજનને માટે પારિતો-
ષિક વગેરેની ગોઠવણ નથી તેમ વિદ્યાર્થીઓને કે ગુરૂઓને માટે કંઈ ઉ-
પાધિ શ્રેણીની કે નોકરી ચાકરીની પણ રચના નથી, એટલે અહીંનાં લોકનો
અભ્યાસ મંદ અને નિરૂત્સાહી સરખો ચાલ્યા કરે છે. વિદ્યાર્થીઓ શહેરમાં
શેઠીઆ લોકે બાંધેલાં સદાવ્રત અને છત્રમાંથી જે ખીચડી મળે છે તે ઉપર
પોતાનો નિર્વાહ કરે છે અને યજમાનોને ત્યાં જમતા ફરે છે. બનારસમાં
વિદ્યાર્થીઓને જે શીખવાડવામાં આવે છે તે વિદ્વાન વર્ગમાં જાણીતી સં-
સ્કૃત ભાષા જ પ્રથમ શીખવાડાય છે. સંસ્કૃત ભાષા હિંદુસ્તાનમાં બોલાતી
ભાષાઓથી તદ્દન ભિન્ન છે. રૉ પાદરીની પાસેથી મળેલું એક ચોપાનીઉ કી-
રકર પાદરીએ છપાવ્યું હતું તે આ ભાષાનું જ હતું. સંસ્કૃત એટલે શુદ્ધ
કરેલી ભાષા. હિંદુઓના ચાર વેદો જે તેમને બ્રહ્માની મારફતે ઈશ્વરે આ-
પેલા કહેવાય છે તે એ જ પવિત્ર ભાષામાં લખાયલા છે. બ્રહ્માના જેટલી
જ સંસ્કૃત ભાષાને તેઓ પ્રાચીન ગણે છે અને તે કરોડો વર્ષની ગણતરી
કરે છે, જે મારા માનવામાં આવતુ નથી. સંસ્કૃત ભાષા ઘણી જ પ્રાચીન
છે એમાં તો શક નથી જ; કારણ કે હિંદુઓનાં ધર્મ પુસ્તક સર્વથી વધારે
પ્રાચોન છે અને તે બધાં એ જ ભાષામાં લખાયલાં છે. સંસ્કૃત ભાષામાં
તત્વજ્ઞાનનાં, આયુર્વેદનાં, ભૂગોળનાં વગેરે જૂદી જૂદી વિદ્યાની શાખાઓનાં
પુસ્તક કવિતામાં લખેલાં છે અને બનારસમાં એક ઘર એવાં જુનાં પુસ્ત-
કોની પોથીઓથી ચીકાર ભરેલું છે.

વિદ્યાર્થીઓ પ્રથમ સંસ્કૃત ભાષા ભણે છે, પરંતુ વ્યાકરણનું સારૂ જ્ઞાન
થયા વગર ભાષા બરોબર આવડતી નથી અને કઠિન પડે છે, એટલે તેઓ
પુરાણોનો અભ્યાસ કરે છે, પુરાણો વેદ ઉપરથી સક્ષેપમાં બનાવેલાં છે
અને મને બનારસમાં બતાવવામાં આવ્યાં હતાં તે વેદનાં પુસ્તક એટલાં
બધાં મોટાં છે કે મારા આગા સાહેબ ઘણી કિંમત આપવા છતાં પણ તે
ખરીદ કરી શક્યા નહોતા. હિંદુઓ તેમનાં ધર્મ પુસ્તકને બહુ સંતાડીને

સાચવી રાખે છે અને વારંવાર બને છે તેમ મુસલમાનો તેને બાળી ન મૂકે માટે આમ કરે છે, તથા તેમના હાથમાં પણ જવા દેતા નથી. પુરાણોનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીઓ તત્વજ્ઞાનનો અભ્યાસ કરવા માંડે છે, પરંતુ તેમાં તેઓ સારો અભ્યાસ કરી શકતા નથી. યુરોપમાં જેવા ઉત્સાહથી વિદ્યાનું કામ લેવાય છે તેવા ઉત્સાહથી હિંદુઓ લેતા નથી. તેઓ આળસુ અને મીજાજી છે. વિદ્યાર્થીઓ ભણવામાં મંદ છે.

હિંદુસ્તાનમાં છ દર્શનકારો થઈ ગયા છે અને તેઓ ઘણા જ : ભુત છે. ૧ ગૌતમનું ન્યાયશાસ્ત્ર, ૨ કણાદનું વૈશેષિક ૩ કપિલનું સાંખ્યદર્. ૪ પતંજલિનું યોગદર્શન, ૫ જૈમિની મુનીનું મીમાંસાદર્શન, અને ૬ બાદરાયણનું વેદાંત દર્શન. એ છ મુખ્ય છે. છ દર્શનના વિદ્વાનોમાં ઘણો જ ઉગ્રવાદ ચાલે છે અને દરેક પોત પોતાના દર્શનને વખાણે છે. સાતમુ બુદ્ધ દર્શન અર્વાચીન છે, અને તેના વળી બાર દર્શનમાં ભેદ પડેલા છે. બુદ્ધદર્શન વાળાને હિંદુઓ નાસ્તિકવાદી માને છે અને ધિક્કારે છે તથા પરંપરાગત ધર્મથી વિરૂદ્ધ વર્તનારા તરીકે લેખે છે. દરેક દર્શન છેવટ એકેશ્વર ઉપર જાય છે પરંતુ સહુ સહુના વાદ માર્ગ ભિન્ન છે. કેટલાક કહે છે કે સૂક્ષ્મતર પરમાણુથી જગતનું બંધારણ થયેલું છે. અને તેમ થવામાં મૂળ વસ્તુનું કાઠિન્ય, સંગીનતા, અને અનુરોધ એ મુખ્ય નથી, પણ તેનું સૌક્ષ્મ્ય કારણ છે. આના ઉપર તેઓ મોટા વાદ માંડે છે જેનાં બિંદુ ડીમોસ્થનીસ અને બીજાના જેવાં છે, પરંતુ તેઓના વિચાર આના સંબંધે એવા તો અસંપૂર્ણ અને તરેહવાર છે કે જે આપણાથી સમજી શકાતા નથી. ઘણી સારી રીતે ભણેલા પંડિતો પણ એ તત્વજ્ઞાનના વિષયને સ્ફૂટ કરી શકતા નથી તેનું કારણ તેમની અપૂર્ણ વિદ્યા અને મૂળ દર્શનકારની પુસ્તક લખવાની ગુંચવણ ભરી રીત હશે એમ જ કહેવું પડે છે. બીજાઓ કહે છે કે દ્રવ્ય અને રૂપમાંથી બધુ બનેલું છે પરંતુ એકે વિદ્વાન આ દ્રવ્ય કે રૂપ શું તે સ્પષ્ટ કરી શકતો નથી. આપણે ત્યાં કેટલીક શાળાઓમાં તત્વ વિષયની સ્પષ્ટતા નથી થતી તેમ હિંદુઓ પણ આ તત્વ વિષયને સ્પષ્ટ કરી શકતા નથી અને તેઓ જે ઉદાહરણ લે છે તે ઘટ પટ અને કુંભાર જેમ અનેક જાતનાં માટલાં બનાવે છે તે દ્રવ્ય રૂપથી બનાવે છે તેવો જ દાખલો આપી ગોટાળો વાળે છે. કેટલાક ચાર તત્વમાંથી ઉત્પત્તિ માને છે અને કેટલાક



શૂન્યવાદી છે, પરંતુ એકે કારણ ભાવને દૃઢ કરી સમજાવી શકતો નથી. આમ થવાનું કારણ મારા ધારવા પ્રમાણે તો પંડિતો જ છે, કારણ કે તેઓ પોતે વસ્તુને સમજતા નથી અને બીજાને સમજાવી શકતા નથી, એટલે અંધ પરંપરા ચાલી જાય છે અને મૂળતત્વ બીજા લોકની આંખમાં નમાલુ થતું જાય છે. કેટલાક તિમિર અને તેજ ઉપર ઉત્પત્તિને મૂકે છે, પરંતુ તેની સિદ્ધતાને માટે તેઓ એવા નમાલા ક્ષુદ્ર અને વિદ્વાનના કર્ણને અયોગ્ય વાદ કરે છે જે ખરા શાસ્ત્રકારોએ કદી પણ સ્વીકારેલા નહિ હોય એમ આપણને તેમના મિથ્યાભિમાની વાદ ઉપરથી જ સમજાય છે. મોટા વિદ્વાન તત્વજ્ઞાનીઓના પુસ્તકોને વગોવે એવા આ વિદ્વાનોના સિદ્ધાંતો બાલિસ અને અજ્ઞાનપૂર્ણ થઈ ગયેલા છે. છેવટ જ્યારે વાદથી માથુ પકી જાય છે ત્યારે બધા સિદ્ધાંતો ઈશ્વરી છે એમ કહીને વિદ્વાનો પોતાના વાદને સમાપ્ત કરે છે. શૂન્યમાંથી બધું ઉત્પન્ન થએલું છે, એ સિદ્ધાંત છેવટ તેઓ સ્વીકારે છે, પરંતુ તે સિદ્ધાંત હાલના પંડિતોને સુઝ્યો હોય એમ લાગતું નથી તે પ્રાચીન સિદ્ધાંત હાલ તેઓ અણસમજે ખેંચ્યા કરે છે. તેઓ કહે છે કે એક મોટા મહાત્મા છે તે આ બધા સિદ્ધાંતોતે સ્પષ્ટ કરી શકે છે.

હિંદુઓમાં વૈદાની નાની નાની ઘણી ચોપડીઓ છે પણ એક તિબંધરૂપ નથી. એક ઘણું જ પ્રાચીન પુસ્તક સંસ્કૃત કવિતામાં લખેલું છે. આપણાથી જુદી જ રીતે તેઓ માવજત કરે છે અને તે નીચે જણાવેલા મુદ્દા ઉપરથી સિદ્ધ થયેલી છે. તાવથી પીડાતો હોય તેને સારી માવજતની જરૂર નથી. દરેક રોગનો મુખ્ય ઉપાય પથ્ય છે. માંદાને માટે માંસના ખોરાક જેવું ખરાબ બીજું કંઈ નથી, તાવવાળાને માંસ ખાધાથી પેટમાં ઉપાધિ થાય છે; જ્યારે માથે ગરમી ચડી જાય તેવો તાવ આવવાની ધાસ્તી હોય ત્યારે ફસ ખોલી નાંખી તે સારૂં છે; છાતિનાં, યકૃતનાં, અને પેસાબના રોગમાં પણ એ ઉપાય સારો છે. હિંદુઓની આ રીતો યોગ્ય છે કે કેમ તેનો વિચાર કરવાનું કામ હું આપણા વિદ્વાન ભિષકોને માથે નાંખું છું. અત્રેના વૈદ્યો અને હકીમો આ રીત પ્રમાણે જ માંદાની માવજત કરે છે અને હિંદુસ્તાનમાં તેઓ એથી ફાવી પણ જાય છે. હિંદુઓના કરતાં મોગલોને ફસ ખોલવી એ વધારે સહજ થઈ પડેલું છે. ગોવા અને પારીસમાં

ફસ ખોલીને રૂધિરપાત કરાય છે એટલુંજ નહિ પણ ઉક્ત રોગનો ભય હોય ત્યારે તેઓ વધારે રુધિર કાઢી નાંખે છે. કેટલીકવાર તેઓ ૧૮–૨૦ ઔંસ જેટલું રૂધિર કાઢી નાંખે છે અને કોઈ વાર માણસ બેભાન પણ થઈ જાય છે. આ પ્રમાણે કરવાથી પ્રારંભમાં રોગ અટકી શકે છે, એમ ગેલન કહેછે તે સત્ય છે અને મેં જોયું છે પણ ખરૂં.

શારીરિક શાસ્ત્રમાં હિંદુ વૈદો કંઈ પણ સમજતા નથી. તેઓ મનુષ્ય અથવા પ્રાણીનાં શરીર ચીરીને કદી પણ જોતા નથી એટલું જ નહિ પણ આપણે તેમ કરીએ તો તેઓ ઘરમાંથી પણ નાશી જાય છે. શરીરમાં રૂધિર કેવી રીતે ફરે છે અને હૃદયમાં જઈ કેવી રીતે શુદ્ધ થાય છે તે મારા આગા સાહેબને દેખાડવાને માટે જ્યારે હું કોઈ જીવતો બકરો અથવા ઘેટો ચીરતો હતો, ત્યારે હિંદુઓ ત્યાંથી જીવ લઈને નાશી જતા હતા. તેઓ તદ્દન અજાણ છતાં પણ જાણે તેમણે મનુષ્યને ચીરીને નાડીઓની ગણતરી કરી હોય તેમ ખાતરીથી લોકોને કહે છે કે માણસના શરીરમાં પાંચ હજાર નાડીઓ છે તેમાં એક ઓછી વત્તી નથી. ખગોળ શાસ્ત્રના સંબંધે બોલીએ તો હિંદુઓની પાસે ગણતરી છે અને તેઓ આપણા ખગોળ શાસ્ત્રીઓની માફક મિનિટે મિનિટ બરોબર તો નહિ પણ ચોકસ વખતે ગ્રહણ થશે એમ કહી શકે છે. ગ્રહણના કારણમાં તેઓ જે વાત જણાવે છે તે ઘણીજ વહેમી અને હાસ્યસ્પદ છે. તેઓ કહે છે કે રાહુ નામનો ગ્રહ જ્યારે સૂર્ય અથવા ચંદ્રને ગ્રસે છે ત્યારે ગ્રહણ થાય છે. તેઓ વળી જણાવે છે કે સૂર્યથી ૪૦ કરોડ યોજન જેટલે ઉંચે ચંદ્ર આવેલો છે. ચંદ્રમાં અમૃત છે અને તેની પ્રભાથી પૃથ્વી પરના રસાદિ પદાર્થોને અને મનુષ્યના મગજને પુષ્ટિ મળે છે. સૂર્ય, ચંદ્ર, અને તારા વગરે ગ્રહમંડળને તેઓ દેવતા માને છે અને કહે છે કે એ આખુ ગ્રહ મંડળ પૃથ્વીના મધ્ય ભાગમાં ગોઠવેલા એક કલ્પિત સુમેરૂ નામના પર્વતની પાછળ ફરે છે. સુર્ય મેરૂની પેલી બાજુએ જાય છે ત્યારે રાત પડે છે.

ભૂગોળમાં પણ હિંદુઓમાં સારૂ જ્ઞાન નથી. પૃથ્વીને તેઓ ચપટી અને ત્રિકોણ ગણે છે. તેઓ જૂદી જૂદી જાતના સમુદ્રોથી વિંટાયલા સાત દ્વીપ માને છે સાત સાગરોમાં એક દુધનો, બીજો સાકરનો, ત્રીજો ઘીનો ચોથો મધનો, એમ માને છે. મેરૂની શ્રેણીએ ઉતરતા દ્વીપો આવેલા છે,



તેનો પ્રારંભ બગરના ગુણ પ્રમાણે ઉત્પત્તિ થાય છે. મેરૂની પાસે દેવતા, એમ જ કહેવા અર્ધ દેવ અને એમ સાત લોક છે, છેવટ પૃથ્વી છે અને પૃથ્વીગનાં તેમણે ગમાપણે માણસ છીએ, જે અકલમાં સઉથી ઉતરતા છીએ. પ્રમાણે કહ્યાં દિગગજોના મસ્તક ઉપર રહેલી માનવાથી ધરતી કંપ હાથીનાં ૮૬૪૦૦૦ રથી થાય છે એવી અજ્ઞાનતા હિંદુઓમાં છે. હિંદુસ્તાનના લોક યુગ થઈ ગઉથી વધારે વિદ્વાન અને ડાહ્યા છે એમ કહેવાય છે એવું માનથયાં છે. બ્રાહ્મણોનાં પુસ્તકોમાં મે ઉપર લખી એવીજ ગપો લખેલી હોય તો ગુાવ્યું છે એમાં શંકા નથી. હિંદુઓના ધર્મમાં અને શાસ્ત્રોમાં ખરૂ શું ગ્રહ ક બધાં પુસ્તકો સંસ્કૃતમાં લખેલાં હોવાથી જણાતુ નથી, એટલે તે કે તેમ અને હાલ જે મનાય છે તેવું હોય તો તે નકામાં જ ગણાય એમાં અક નહિ, પરંતુ મૂળ શાસ્ત્રોમાં આવું નહિ હોય કારણ કે તે ઘણાં પુરાતન છે. સંસ્કૃત ભાષા હિંદુસ્તાનમાં કંઈ કાળ થયો મૃત ભાષા થઈ પડેલી છે. માત્ર વિદ્વાનો જ તેમાં કંઇક થોડુ ઘણું સમજે છે, એટલે તેનું મૂળ શું હશે તે જાણવામાં આવતું નથી. હવે હું હિદુઓની મૂર્તિ પૂજાના સંબંધે બે બોલ લખવા ધારૂં છું.

હું બંગાળ તરફ જતાં બનારસ–વિદ્યાગ્રામમાં ગયો હતો અને ત્યાં એક મોટા પંડિતતે મળ્યો હતો. આ પંડિત તેના મોટા જ્ઞાનને લીધે શાહજહાનના રાજ્યમાં દિલ્લી રહેતો હતો અને દરબારમાંથી તેને બે હજાર રૂપિઆનો દરમાયો આપવામાં આવતો હતો. તે રેશમનો ધોળો કીનારીદાર પોષાક પહેરે છે. શરીરે ઘટ અને મજબૂત છે અને તેના મોટા ઝભા ઉપર રાતા રંગની કિનારીદાર પટી લબડ્યા કરે છે. મેં દીલ્લીમાં તેને તેના ઘરાઉ પોષાકમાં નાની પોતડી ભેર ફરતો તથા ઉઘાડે પગે રખડતો અને કોઈ વાર પાલખીમાં બેશીને ફરતો પણ જોયો હતો. આલમગીર ગાદીએ આવતાં તે ધર્માંધ હોવાથી આ પંડિતનો દરમાયો બંધ પડ્યો હતો તેને માટે તે મારા નવાબ સાહેબની પાસે એક વર્ષ સુધી નિરંતર ફેરા આંટા માર્યા કરતો હતો. આ પંડિતની સાથે મેં સારી મૈત્રી બાંધી હતી એટલે જ્યારે હું બનારસ ગયો ત્યારે તેણે મને ઘણા માનથી આવકાર આપ્યો હતો અને બનારસની મોટી પાઠશાળા તથા પુસ્તકાલય દેખાડ્યાં હતાં. તેણે બીજા છ મોટા પંડિતો પણ મને મેળવ્યા હતા. આવા સારા પંડિતો મળતાં મેં મૂર્તિ પૂજા

શા માટે કરવામાં આવે છે તેનું રહસ્ય જાણવા માટેનો પ્ર મેં તેમને કહ્યું કે, હિંદુસ્તાનમાં સામાન્ય રીતે અયોગ્ય કહેવ પૂજા શા માટે પ્રવર્તે છે? આપના જેવા તત્વજ્ઞાનીઓની પ સંબંધે કંઇક ખુલાસો મેળવવા માગું છું. આ ઉપરથી તેમણે આપ્યો કે, 'અમારાં મંદિરોમાં મહાદેવ, ગણપતિ, ગૌરી, બ્ર વોની મૂર્તિઓ છે, એ તો ના કહેવાય નહિ જ. આ સિવાય દેવોની મૂર્તિઓ પણ હોય છે. મુખ્ય દેવો જે ઉપર ગણાવ્યા તે બધે ઠેકાણે હોય છે. એ સઘળી મૂર્તિઓને અમે ઘણું માન આપ તેમને અમે લાંબા થઈ પગે લાગીએ છીએ, નાના પ્રકારનાં નૈવેદ્ છીએ, સુખડ, ચંદન કેસર અગરજા વગરે સુગંધી દ્રવો અને પુષ્ જીએ છીએ, પરંતુ તમારે ખાતરી રાખવી કે અમે તે મૂર્તિઓને ખરા બ્રહ્મા અને વિષ્ણુ તરીકે માનતા વા કહેતા નથી. મૂર્તિઓ તો માત્ર તે તે દેવતાઓનાં સ્વરૂપ અને પ્રતિનિધિત્વસ્થાન રૂપ છે. જે દેવની પ્રતિમા હોય તે દેવને નામે જ અમે મૂર્તિને પૂજીએ છીએ. અમે જેની પ્રાર્થના કરીએ છીએ તે મૂર્તિ નહિ પણ સાક્ષાત્ દેવ માનીનેજ પ્રાર્થના કરીએ છીએ. મૂર્તિને અમે માનતા નથી, પરંતુ તેના રૂપે તે દેવને ભજીએ છીએ અને માનીએ છીએ. મંદિરોમાં મૂર્તિઓનું સ્થાપન કરવાનું કારણ માત્ર એટલું જ છે કે, દેવળમાં મૂર્તિ હોવાથી પ્રાકૃત લોક દેવતા રૂપ દૃષ્ટિએ કરીને પોતાનું ધ્યાન અને મન દેવ તરફ એક કરી સ્વસ્થ ચિત્તે સાક્ષાત્ દેવતાનું પ્રીતિપૂર્વક અર્ચન ધ્યાન કરી શકે છે. અમે માત્ર એકજ દેવને માનીએ છીએ અને તે આ મૂર્તિઓમાં નથી, પરંતુ સર્વવ્યાપક છે, એવો અમારો સિદ્ધાંત છે.'

ઉપરના પંડિતોના પ્રત્યુત્તરમાં મેં કંઈ વધારો ઘટાડો કર્યો નથી, પરંતુ મને એમ શંકા રહે છે કે તેમણે આપેલો વિચાર ક્રિશ્ચિયાનીટીને મળતો બનાવીને તેમણે મને જણાવેલો લાગે છે. બીજા પંડિતોએ મને મૂર્તિ પૂજાના સંબંધે જે ખુલાશો કર્યો હતો તે એથી તદ્દન જુદી જાતનો હતો.

હવે હું આ વિષયને કાળનિર્ણય વિદ્યા ઉપર લઈ ગયો અને તરત જ તે વિદ્વાનોએ મને યુરોપના કરતાં પણ વધારે પ્રાચીનતા ઉપર ગુંચવણમાં નાંખી દીધો. તેમણે જગતને અનાદિ જણાવ્યા છતાં પણ,



તેનો પ્રારંભ બતલાવ્યો, પરંતુ તે એવો પ્રાચીન બતાવ્યો કે અનાદિ એમ જ કહેવાય છે. તેમણે કહ્યું કે, અમારામાં ચાર યુગ છે. દરેક યુગનાં તેમણે ગણાવેલાં વર્ષો મને બરોબર યાદ નથી, તોપણ તેમણે તે નીચે પ્રમાણે કહ્યાં હતાં. સતયુગ ૧૭૨૮૦૦૦, ત્રેતાયુગ ૧૨૯૬૦૦૦, દ્વાપરયુગ, ૮૬૪૦૦૦ અને કળિયુગનાં તો મને યાદ નથી (૪૩૨૦૦૦). પહેલા ત્રણ યુગ થઈ ગયા છે અને ચોથા કળિયુગનાં પણ હાલ કેટલાંક વર્ષ વ્યતીત થયાં છે. ચોથા યુગને અંતે દુનિયાંનો નાશ થશે એમ પણ તેમણે મને જણાવ્યું હતું. દુનિયાંના પ્રારંભ કાળથી વર્ષ કહેવા માટે તે પંડિતોને મેં આગ્રહ કર્યો ત્યારે તેમણે વારંવાર પોતાના ગણિત પ્રમાણે ગણતરી કરી પણ તેમાં તેઓ ફાવ્યા નહિ. લાખો અને કોટી વર્ષની ગણતરી તેમણે મને અડસટે જણાવી. જ્યારે કોઇ પણ પંડિતને આ પ્રમાણે તે શાના ઉપરથી કહે છે તેમ પ્રશ્ન પુછવામાં આવે છે ત્યારે તે વેદને પ્રધાન ગ્રંથ જણાવે છે. પછી મેં તેમને તેમના દેવતાઓ સંબંધે પ્રશ્ન કર્યો હતો, પરંતુ તેમાં તેમણે માત્ર લોચા વાળ્યા શિવાય કંઈ ધ્યાન આપવા જોગ ઉત્તર આપ્યો નહોતો. દેવતાઓ ત્રણ જાતના છે, એક સારા, બીજા નઠારા, અને ત્રીજા સ્વતંત્ર. કેટલાક દેવ દેવતાના બનેલા છે, કેટલાક, તેજના બનેલા છે અને કેટલાક વ્યાપક દેવતાઓ છે. આ વ્યાપક શબ્દ એવો છે કે જેમાં ગમે તેવો ગોટાળો પણ ઉતારી શકાય. કેટલાક પંડિતોએ જણાવ્યું હતું કે, દેવતા જુદા જુદા પ્રાંતના લોકોએ માની લીધેલું કોઈ દેવતાઈ અને વિશ્વ વ્યાપક શક્તિનું સ્વરૂપ માત્ર છે. મેં તેમને લિંગ દેહના સંબંધે પુછ્યું, પરંતુ તેમાં હું મેં જે પ્રથમ જાણ્યું હતું તેથી વિશેષ જાણી શક્યો નહિ. વસ્તુ માત્રનું લિંગ આ જગતનાં નાનાં મોટાં પરમાણુમાં વ્યાપ્ત રહેલું છે અને જેમ એક બીજમાંથી મોટું ઝાડ થાય છે, તેમ લિંગ શરીરમાંથી પ્રકૃતિ અને કર્મના યોગે સ્થુલ શરીરની ઘટના થાય છે. મનુષ્ય, ઘોડા, હાથી, ગાય, ઝાડ વગેરે વસ્તુ અને પ્રાણીઓનાં લિંગ શરીર બ્રહ્માંડમાં વાતારણમાં ભ્રમણ કરે છે, તે પ્રસંગ મળતાં વિકારને પામે છે ત્યારે બીજા પદાર્થોના પોષણથી મોટાં થઇને દૃષ્ટિગોચર સ્વરૂપમાં આવે છે. લિંગ શરીર અદૃશ્ય છે અને સ્થુલ કલેવર દૃશ્ય છે, જે આપણા જોવામાં આવતાં સ્વરૂપમાં ગણાય છે. શાહજહાન પાદશાહના વડા શાહજાદા દારા

શિકોહ અને સુલતાન સુઝાને કેટલાક મૂર્તિ પૂજક તત્વ વિજ્ઞાનોએ એક એવા ધર્મમાં ખેંચી લીધા હતા કે જેથી આખા હિંદુસ્તાનમાં સંક્ષોભ થઈ રહ્યો હતો. તમે સ્વીકારશોજ કે, આ જગત્‌માં બંધાયલા સ્થુલ દેહો કોઈ જાતનાં જૂદી જૂદી જાતાં પરમાણુઓના એક સમવાયનો એકત્ર થયેલો સમુહ છે અને તેજ મનુષ્ય, પ્રાણી, વૃક્ષ વગેરે છે. આવીજ જાતનો વિચાર આપણા પ્રાચીન તત્વજ્ઞ પ્લેટો અને ઍરીસ્ટોટલે જણાવેલો છે. આ દ્રવ્ય પરમાણું વાદ એજ હિંદુસ્તાનના અને ઇરાનના પંડિતોનો મુખ્ય વિષય છે અને ઇરાનના ગુલશાન રાઝ નામના કાવ્યમાં એના ઉપરજ મોટી મોટી કવિતાઓ લખાયલી છે. આવોજ મત ફ્લુડનો પણ હતો. બીજા સઘળા તત્વજ્ઞાનિયોનાથી જૂદીજ રીતે હિંદુસ્તાનના તત્વજ્ઞાની પંડિતો આ અસંબદ્ધ વાતને આગળ વધારતાં એમ જણાવે છે કે, અક્ષર બ્રહ્મે તેનામાંથી માત્ર જીવજ ઉત્પન્ન કર્યા છે એટલુંજ નહિ, પણ બ્રહ્માંડમાં જણાતી દૈહિક અને ભૌતિક સઘળી વસ્તુઓ તેણે પોતામાંથીજ ઉત્પન્ન કરેલી છે, અને આ સૃષ્ટિનું રચન તેણે નિરંતરને માટે કરેલું નથી. પરંતુ જેમ કરોળિઓ પોતાના મુખમાંથી ઝાળ બાંધી ઝાળસૃષ્ટિ રચે છે અને પોતાની ઇચ્છા થાય ત્યારે તે ઝાળસૃષ્ટિને પોતાનામાં પાછી ખેંચી લેછે, તેમજ અક્ષર બ્રહ્મ પણ સૃષ્ટિને રચી પાછી પોતામાં સમાવી દે છે. હિંદુસ્તાનના કાલ્પિનીક વિચારો વાળા પંડિતો ઉક્ત ઉદાહરણ આપીને જણાવે છે કે ઇશ્વર પોતાની માયાથી જગત્ રચી પાછું તેને પોતાનામાં લય કરી નાંખે છે. જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે પરબ્રહ્મ આ જગતને પાછું પોતાનામાં સંકેલી લેછે, એમ તેમનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતથો તેઓ જગતને મિથ્યા ઠરાવી એમ કહે છે કે આપણે જે જોઇએ છીએ, સાંભળીએ છીએ સ્પર્શ કરી જાણીએ છીએ, તે સઘળું કંઈ નથી પણ મિથ્યા જગત્ છે, જે માત્ર સ્વપ્ન રૂપ છે. સ્વપ્નમાં વસ્તુ માત્ર જણાય છે અને અનુભવાય છે, પરંતુ વસ્તુતઃ તે જેમ મિથ્યા હોય છે તેમ જગત્ મિથ્યા છે અને જે છે તે બધું બ્રહ્મ મય છે એટલે **सर्वं विष्णुमयं जगत्** એ સિદ્ધાંત સિદ્ધ થાય છે. એક જ સંખ્યાનાં જેમ દશ, સો, હજાર વગેરે પૃથક્કરણ થાય છે અને મૂળ એકજ સિદ્ધ થઈ રહે છે તેમ જગત્‌નું બંધારણ છે એમ તેમનો મત છે. પરંતુ ઇશ્વર પોતે દૈહિક રૂપવાળો નહિ હોવાથી તે જગત્‌ની કેમ રચના કરે છે તથા જૂદી જૂદી વસ્તુઓનાં પ્રવર્તન સંઘટ્ટન કેમ થાય છે



એ પ્રશ્ન તેમને પુછયો હોય અને જણાવ્યું હોય કે તમારો વ્યાપક ઇશ્વર આ બધાનો સમવાય કેમ કરે છે, તો તેઓ ઉત્તર આપે છે કે, ઇશ્વર એક મોટા સાગર જેવો છે અને તેમાં માયાનાં અનેક નાવ ફર્યા કરે છે. જ્યારે તે નાવ ભાગી જાય છે ત્યારે તે અને તેમાંનું પાણી જે સાગરના પાણીનો અંશ માત્રજ હતું તે પાછું તેમાં ભળી જાય છે, વિશેષ કંઇજ થતું નથી. અથવા તેજ, જેમ જૂદી જૂદી જાતના કાચના સંગમાં જૂદાં જૂદાં રૂપે દેખાતું છતાં અંતે એકજ તેજમાં કેન્દ્રત્વને પામે છે, તેમજ જગતનું પણ થાય છે. તેઓ પ્રચ્છકને સંતોષ આપી શકતા નથી, એટલે તેમનો વાદ માત્ર અજ્ઞાન ભ્રમને માટેજ છે એમ કહીએ તો ચાલે. આનો કદી સંતોષકારણ જવાબ મળવાની આશા રહેતી નથી. જો તેમને નાવના સંબંધે અને તેજના સંબંધે કહ્યું હોય કે તે જળભિન્ન છે અને જુદાં જુદાં તેજ પણ ભિન્ન છે તો તેઓ બીજું કંઈ જ નહિ કહે પણ એનાં એજ ઉદાહરણોને બીજા રૂપમાં ખડાં કરી ખોટો વાદ ચલાવશે. સોફીઝ અને ગુલે બરાજના ગ્રંથોમાં પણ એમજ કરવામાં આવેલું છે.

આવી જાતના વહેમ વમળમાં પડેલા હિંદુઓ અને બ્રાહ્મણો જેમ તેમને સમજાવે તેમ માને છે અને તેઓ તેમની પાસે સુરજ, પર્વત નદી વગેરેને પણ દેવતા તરીકે પુજાવે છે. આવીજ અજ્ઞાન પરંપરાથી એક સ્ત્રી જે ધણી જીવતો હોય ત્યારે તેને ગાળો દેતી હોય તેને ધણીની પાછળ જીવતી બાળી મૂકી સતી કરાવવાનો વહેમ લોકોમાં દૃઢ કરી રહ્યા છે. આ બધો દોષ અજ્ઞાન બ્રહ્માણોનો છે. વેદ અને બીજાં પૌરાણિક કથન ગાથાઓથી લોકમાં વિધવિધ જાતની ક્રિયાઓ અને ધર્માચરણો તથા વહેમો ચાલે છે, જે ઉપરથી બીજું કંઈજ નહિ પણ માત્ર એમજ કહી શકાય કે, 'હિંદુઓનાં શાસ્ત્રોમાં એવા વિચારો દાખલ કરેલા છે કે જે મનુષ્યના મનમાં ઉતરતા નથી.'

આ સાથેનો પત્ર કેપલીસને પહોચાડવાની મહેરબાની કરજો, હું છેવટ આપનો સર્વેનો ઘણોજ ઉપકાર માનું છું. આટલે બધે દૂર પણ તમે મારા ઉપર વારંવાર પત્ર લખો છો તથા પુસ્તકો મોકલી આપો છો તેથી હું તમારો વધારે ઉપકૃત્ય છું. એટલી લાંબી મુસાફરીએ નીકળી ગયો છું કે તમને હું મળીશું ત્યારેજ મળાયું જાણીશ.

# હિંદનું સ્વર્ગ કાશ્મિર.

છેલ્લી માંદગીમાંથી સાજો થયા પછી ઔરંગઝેબ પાદશાહ આવતા
ઉનાળામાં પાછો રોગના ઉથલાથી માંદો ન પડે, તેટલા માટે અને તંદુર-
સ્તીની સારી સુધારણા થાય તે માટે કાશ્મિર અને લાહેર ભણી મુસા-
ફરીએ જનાર છે, એવી સતત વાત ચાલી રહેલી છે. આગ્રાના કિલ્લામાં
શાહજહાન પાદશાહ બંદિખાને પડેલો છે, તેવા વખતમાં ઔરંગઝેબ પાદશાહ
આવી લાંબી મુસાફરીએ નીકળે એમ ઘણાક વિચક્ષણ પુરૂષો માનતા નથી,
એ વાત પણ ખરી છે. રાજકીય સંબંધના કરતાં તંદુરસ્તીની સંભાળ લેવી
એ વધારે અગત્યનું છે, એમ ધારવામાં આવે છે, પરંતુ ખરૂં કારણ તો એમ
જણાય છે કે, આ ઉધામો કરવાનું મુખ્ય કારણ શાહજાદી બેગમ, રોશન
આરા છે. રોશનઆરા બેગમ, શાહજહાનના વખતમાં જેમ બેગમ સાહેબે
સાહ્યબી અને મોજ મારી હતી તેમ મોજ મારવા તથા મોટા આડંબરથી
બહાર નીકળવાને આતુર છે; તેમજ તેને જનાનખાનાની હવાના કરતાં બ-
હાર ગામની હવા લેવાની આતુરતા ઘણા દિવસથી થઈ આવેલી છે, માટે
તેના આગ્રહથી જ આવી લાંબી મુસાફરીએ ઔરંગઝેબ નીકળે છે, એમ મા-
નવામાં આવે છે.*

આ લાંબી મુસાફરી માટે દિલ્લીના જોશીએ આપેલા મહૂર્તાનુસાર
પાદશાહે તા. ૬ ઠ્ઠી ડિસેમ્બરને દિવસે ત્રીજે પ્રહરે ત્રણ વાગતાં પસ્તાનું કર્યું હતું.
રાજ્યનગરથી છ માઇલ દૂર આવેલા પાદશાહી શાહલીમાર નામના ગામમાં
જઈ પાદશાહે છ દિવસ સૂધી ત્યાં રહેવાનું નક્કી કર્યું છે, કારણ કે અરાડ માસ
જેટલી લાંબી મુસાફરીને માટે તેવીજ ભારે સરસામાનની ગોઠવણ કરવાને
પણ અમલદારોને વખત તો આપવો જોઇએ. આજ એમ સાંભળવામાં
આવ્યું છે કે લાહોરના માર્ગે પડાવ નાંખવાનો વિચાર કરી પાદશાહ આજ
ત્યાંથી ઉપડી જશે, અને ત્યાં બે દિવસ રહી વધારે વિલંબ નહિ કરતાં આ-

* ઔરંગઝેબ તબીયત સુધારવાને માટે કાસ્મીર ગયો હતો અને આ પ્રસિ-
દ્ધ મુસાફર તેની સાથે ગયો હતો. કાસ્મિર ગમન અને તત્સંબંધી બધો હેવાલ તેણે
ઠેક ઠેકાણે પડ[illegible]ૂ પડેલા ત્યાંથી ફ્રાંસના મિત્રો ઉપર લખેલા પત્રમાંથી મળેલો છે, પરંતુ
અત્રે મેં તે દરેક પત્ર[illegible]ને જુદા ન પાડતાં માત્ર એક પ્રવાસના ચાલુ પ્રવાહમાં લખેલો
છે. આ પહેલો પત્ર બનિયરે દિલ્લીથી ૧૯મી ડીસેમ્બર ૧૬૬૪ ને દિને મી. ડી.
મરવેલીસને લખ્યો હતો.



ગળ ચાલશે. પાદશાહના અંગરક્ષક તરીકે તેની સાથે રહેનારૂ ૩૫ હજાર
ઘોડેસ્વારનું લશ્કર તેની સાથે છે એટલુંજ નહિ, પરંતુ દશ હજારથી પણ
વધારે પાયદળ, ભારે તોપખાનું, અને પાદશાહથી દૂર ન રહી શકે તેવું નાની
તોપોનું તોપખાનું વગરે પણ તેની સાથે રહેલું છે. ભારે તોપખાનું ઘણીવાર
આડરસ્તે થઇને સગવડ માટે લઈ જવામાં આવે છે અને તેમાં ઘણું ક-
રીને પીતળની ૭૦ તોપો છે; ભારે તોપોમાંની કેટલીક તોપો એટલી
બધી ભારે છે કે, માત્ર ૨૦ જોડ બળદ જ નહિ પણ ઉત્ખાતિની ભૂમિ હોય
ત્યાં તો તેને ચલાવવાને માટે હાથીની મદદ લીધા વગર ચાલતું જ ન-
થી. હાથીઓ શૂંઢ તથા માથાવડે એ તોપોની ગાડીઓને ઠેલે અને
બળદો ખેંચે ત્યારે જ ખેંચાય છે. હળવા તોપખાનામાં ૫૦ કિંવા ૬૦ તોપો
છે, તે માત્ર પીતળનીજ છે. આ તોપોને સુંદર રંગથી રંગેલી અને હળવી
ધજાઓવાળી ગાડીઓ ઉપર ગોઠવેલી છે અને માત્ર બેજ ઘોડાઓ
તેને ખેંચે છે. ગોલંદાજો ઘોડાઓપર સ્વાર થઈ તેમને ચલાવે છે. પેલા બે ઘો-
ડાઓની મદદ માટે એક ત્રીજો ઘોડો સાથે રાખવામાં આવે છે. આ તો-
પખાનું સપાટાબંધ ચાલી શકે છે અને જ્યાં પાદશાહનો તંબુ નંખાય છે
ત્યાં આગળ પાદશાહ જઈ પહોચે ત્યારે તેને માન આપવાને માટે તૈયાર
રાખવામાં આવે છે.

આવા મોટા રસાલાથી કાશ્મિરની મુસાફરીએ પાદશાહ જાય છે, એમ
નહિ પણ યુગએક, ઈરાન અને હિંદુસ્તાનની સરહદ ઉપર આવેલા કંદહાર
ઉપર ઘેરો ઘાલવાને માટે જાય છે, એવો પણ શક ઉત્પન્ન થયેલો લાગે છે.
કંદહાર એક મોટી ઉપજવાળા રસાળ દેશનું રાજનગર છે, અને ઈરાન
તથા હિંદુસ્તાનના પાદશાહો વચ્ચે એને માટે નિરંતર ઝઘડા ચાલ્યા કરે
છે. ઘેર રહેવાની ગમે તેટલી અગત્ય હોય તોપણ આ મોટી સવારી પછી
તે ગમે ત્યાં જતી હોય પરંતુ તેની સાથે જનારાઓએ દિલ્લી છોડી તેની
સાથે જઈ મળવાની ઉતાવળ કરવી જ જોઇએ. હું પણ જો વિલંબ કરૂં તો
મારાથી પણ લશ્કરને પછી પહોચી વળાય તેમ નથી. વળી મારો નવાબ–કિં-
વા આગા સાહેબ દિનેશમંદખાન પણ આતુરતાથી મારી વાટ જોતો હશે;
કારણ કે તે મારી સાથે અભ્યાસ કરે છે. તત્વવિદ્યાનો અભ્યાસ સવારમાં
કરવો મુકી દે તેમ નથી, તેમજ બપોર પછીના તે પરદેશ ખાતાના પ્રધાન

તરીકેનું તેનું જોખમદાર કામ પણ ખોટી કરે તેમ નથી. ખગોળ, ભૂગોળ અને નિદાનસ્થાન એ ત્રણ વિષય તેને ઘણા પ્રિય છે અને તે ગસેન્ડી અને ડેસ્કારટીશ ઘણીજ છટાથી વાંચે છે. મારા કામનો બંદોબસ્ત કરી એક લશ્કરી અધિકારી હોય તેમ જોઇતી સઘળી ચીજો લીધા પછી આજ રાત્રે હું પણ કાશ્મિર પ્રતિ ગમન કરવાને માટે દિલ્લી છોડવાનો છું. દોઢસો ક્રાઉનનો મારો પગાર છે એટલે મારે પણ સારા બે તુર્કી ઘોડાઓ, એક મજબૂત ઉંટ અને તેનો હાંકનાર, બે રાવત, અને દેશની રીત પ્રમાણે સિરોહી લઇને મારા ઘોડાની સાથે ચાલનાર એક જળ ધરાણો, ચાકર તથા બબરચી રાખવો પડે છે. કેટલીક કામ જોગી વસ્તુઓ તેઓ મને પુરી પાડે છે એટલે કે, એક નાનો તંબુ, એક સેતરંજી, એક નેતરની ઢોલડી, એક તકીઓ અને બે ગાદીઓ, ખાણાની વખતે કામ આવે એવું એક ટેબલ ઉપર પાથરવાનું મીણીયું કપડું, રંગેલા કેટલાક રૂમાલ, રસોઇનાં વાસણ રાખવાને માટે ત્રણ ગુણપાટના કોથળા, ઉંટ ઉપર લાદવાના મોટા થેલા અને બીજી કેટલીક વસ્તુઓ વગરે તેઓ આપે છે. આ કોથળાઓમાં, ખાણા પિણાનો સામાન કપડાં વગરે રહે છે. બીજામાં મારો તથા ચાકરોનો સામાન રહે છે. પાચ સાત દિવસ પહોચે એટલા સારા ચોખા, અને મીઠા સુગંધીદાર રોટલા વગરે ખાવાનો સામાન મેં સાથે લઈ લીધો છે. દહી છણવાનું કપડું પણ મેં સાથે રાખ્યુ છે, કારણ કે આ ગરમ દેશમાં દહીંના જેવો બીજો શાંતિદાયક ખોરાક નથી. ઉપર જણાવ્યો તે બધો સામાન કોથળાઓમાં ભરવામાં આવ્યો છે અને તે એટલો બધો ભારે છે કે કોથળાની પાસે ઉંટને બેસારી માત્ર તેની પીઠ ઉપર લાદવામાટે પણ ત્રણથી ચાર માણસોની જરૂર પડે છે.

ઉપર જણાવી તેવી મોટી મુસાફરીને માટે એકે વસ્તુ વગર ચાલી શકતું નથી. આપણા દેશની માફક હિંદુસ્તાનમાં ઠેકાણે ઠેકાણે મન પસંદ રહેવાનાં સ્થાન મળે એવી તો આશા રાખવી જ નહિ. તંબુ એજ આપણી 'ઇન' ધર્મશાળા. તુર્ક તથા આરબ લોકોની માફક જ્યાંને ત્યાં તંબુ ઠોકાવીને પડવું એજ આપણો વાસ એમ માનવું પડે છે. જમીન માત્ર પાદશાહી ગણાવાથી આપણને બીજી વસ્તુઓ મળી શકતી નથી. અમારે ઉત્તર તરફ જવાનું છે, અને વાર્ષિક વરસાદ—ચોમાસુ પુરૂ થઈ ગયેલું છે, એ-



ટલું સંતોષ પામવા જેવું છે. હિંદુસ્તાનમાં મુસાફરી કરવા માટે આ ઋતુ જ વધારે અનુકૂળ છે, કારણ કે વરસાદ ઉઘડી ગયો છે અને ધુળ પણ થોડી ઉડે છે. દિલ્લીના બઝારની રોટલી જે મૂળે તો સારી હોતી જ નથી અને ધુળથી ભરેલી હોય છે, તેનાથી છુટવાને લીધે હું બહુ ખુશ થયો છું. વળી દિલ્લીનું નઠારૂ પાણી પણ હવે નહિ પીવું પડે એટલી નિરાંત છે. દરેક જાતની ગંદકીવાળુ દિલ્લીનું પાણી કેવું છે તેનું વર્ણન પણ કરી શકાય તેમ નથી. ત મટે એવો જીર્ણ તાવ એ પાણીથી શરૂ થાય છે. દિલ્લીના પાણીથી અસહ્ય દુઃખ ઉત્પન્ન કરનારા વાળા નીકળે છે. વાળાવાળો માણસ જો દિલ્લીથી બહાર ગામ ચાલ્યો જાય છે તો સપાટા બંધ સારો થઈ જાય છે. કેટલાકને વર્ષો વર્ષ વાળા નીકળે છે. આ વાળા પગમાં નીકળે છે અને તે એક લાંબી દોરી જેવા હોય છે તથા આપણે તો તેને માટે સ્નાયુ તરીકેના વિભ્રમમાં પડી જઇએ એવા હોયછે. એક લાકડાના કકડા સાથે તેને વિંટાળવામાં આવે છે અને રોજ ધીરે ધીરે તેને વિંટતા જવું પડે છે. જો જોરથી વિંટવા જઇએ તો તુટી જાય અને બીજે ઠેકાણે નીકળે છે.

આવી જાતની કોઈ પણ હરકતથી હું વિમુક્ત રહ્યો છું, કારણ કે મારા આગા સાહેબે દયાથી તેના પોતાના ઘરની રોટલી મને પહોચાડવાનો હુકમ કરેલો છે અને બીજા નવાબો જેમ પોતાની સાથે ગંગાના પાણીના હાંડા ભરી લે છે તેમ મારા આગા સાહેબે ભરી લીધા છે તેમાંથી એક સિરોહી પાણી રોજ સવારે મને પહોચતું કરવાનો પણ તેણે માણસોને આદેશ આપેલો છે. સિરોહી એક સાંકડા મોંનું જળપાત્ર છે અને તેને રાતા લુગડામાં રાખી દરેક ચાકર પોતાના શેઠની સાથે ચાલે છે બધાઓના કરતાં મારી સિરોહી ખાસ બમણી મોટી કરાવેલી છે. સિરોહીની ઉપરનું કપડું ભીનું રાખવામાં આવે છે અને ચાકર તેને વારંવાર હવામાં હલાવતો રહે છે તેથી સિરોહીનું પાણી શીતળ થાય છે. જ્યાં ઉભા રહીએ છીએ ત્યાં સિરોહીને એક ત્રિપાઈ ઉપર મૂકવામાં આવે છે. આ સિરોહી તેની ઉપરના ભીના કપડાને લીધે કાચના વાસણની માફક કોઈ પણ જાતના પવનમાં ઉડતા પદાર્થને પાણીમાં જવા દેતી નથી. મુસાફરીની દરમિયાન સિરોહી અને સિરોહીની કોથળી રાખવામાં આવે છે. ઘેર હોઇએ ત્યાં તો એક માટલીમાં પાણી રાખવામાં આવે છે. માટલીની ઉપર પણ જો ભીનું કપડું

વિંટાળી રાખ્યું હોય અને તેને પવનમાં ઝુલતી રાખી હોય તો પાણી ઘણું શીતળ થાય છે. વળી કેટલાક મોટા લોક તો સુરાખારના પાણીમાં વાસણ રાખીને પણ પાણીને ટાઢુ કરે છે, પરંતુ આ ખારનું પાણી સાથે મિશ્રણ થતાં તે ઓઝરીને અસર કરે છે એમ મને તો ભય રહે છે, પરંતુ જ્યારે મારે નીકળવાનો વખત થયેલો છે ત્યારે શું કરવાને માટે હું આવી શાસ્ત્રીય બાબત ઉપર લંબાણ કર્યા કરૂં છું. મારે તો હવે રાત્રિદિવસ મુસાફરી કરવી પડવાની છે, અને હિંદુસ્તાનમાં દરેક ઋતુમાં આકરો લાગતો તડકો માથે લેવાનો છે. વળી જ્યાં જઈશું ત્યાં સામાન ઉતારવો ને બાંધવો ને ચડાવવો વગેરે ખટપટ કરવાની છે. વળી તંબુ નાંખવા અને ઉપાડવા વગેરેની સૂચનાઓ પણ માણસોને સતત આપ્યા જ કરવી પડશે. અહીંથી ઉપડ્યા તહીં અને તહીંથી ઉપડ્યા બીજે સ્થાને, એમ રાત્રિ દિવસ બરોબર અરાડ મહિના સૂધી મુસાફરી કરવાનું હવે મારે કર્મે જ ચોટયું છે. પ્રિય મિત્ર, આમ છતાં પણ અમારી મુસાફરીનો હેવાલ લખવાનું મેં, જે તમને વચન આપ્યું છે તે તો હું પાળે જ જઈશ. શત્રુઓ ઉપર હલ્લો કરવાનો નથી એટલે આ મુસાફરીમાં તો હિંદુસ્તાનના પાદશાહોની વૈભવી રીત પ્રમાણે લશ્કર મોજમજાથી મુસાફરી કરતું ચાલવાનું છે. આથી કરીને દરેક જાણવા જેવી બાબતોની હું નોંધ રાખતો રહીશ અને અમે લાહોર જઈ પહોચીશું કે તરત જ હું તે બધી હકીકતથી પૂર્ણ બીજો પત્ર આપને ત્યાંથી લખીશ.

*સાહેબ! આ મુસાફરી ધીરી અને મોજમઝાની છે અને અમે અત્રે આવી મુસાફરીને લાંબો પ્રવાસ કરીને કહીએ છીએ. દિલ્લી અને લાહોર વચ્ચે ત્રણસેં અને સાઠ માઈલનું છેટું છે, એટલે કે પંદર દિવસનો રસ્તો છે, પરંતુ અમને તો મુસાફરી કરતાં આજ બે માસ થયા. પાદશાહ કેટલાક લશ્કર અને રસાલાની સાથે રાજમાર્ગ મૂકી આડે માર્ગે ફર્યા કરતો હતો, કારણ કે તેને શિકારનો શોખ છે, એટલે શિકારની શોધ માટે અને જમના નદીનું પાણી મળે એટલા માટે તે ઉલટે માર્ગે જ મુસાફરી ચલાવતો હતો. જમનાના કિનારા ઉપર એક સ્વાર પણ ન જણાય એટલા ઉંચા

* એજ ગૃહસ્થ ઉપર બર્નિઅરે લખેલો આ બીજો પત્ર છે. ઔરંગઝેબ લાહોર પહોચ્યો તે વખતે બર્નિઅરે ત્યાંથી આ પત્ર ૨૫મી ફેબ્રુવારી ૧૬૬૫માં લખ્યો હતો.



ઘાસમાં શિકારની શોધમાં અમે ફરતા ફરતા હતા. હાલ અમે એક સુંદર નગરમાં વિશ્રાંતિ લઇએ છીએ. દિલ્લીથી નીકળ્યા પછીના જે જે બનાવો મેં નોંધી રાખ્યા છે, તે હવે હું આ પત્રમાં લખું છું. હવે સત્વર જ હું આપને કાશ્મિરમાં લઈ જઈ દુનિયાંપરના સુંદર પ્રદેશોમાંના સૌથી સુન્દર પ્રદેશનું વર્ણન આપી તમને તે દેખાડીશ, અર્થાત્ વર્ણનથી તમને કાશ્મિરનું સાદૃશ્ય કરાવીશ.

## પાદશાહી તંબુઓ.

જ્યારે જ્યારે હિંદુસ્તાનના પાદશાહો સૈનિક ઠાઠમાઠથી પ્રવાસ કરે છે, ત્યારે તેમને માટે બે તંબુની જોડયો રાખવામાં આવે છે. એક તંબુની જોડ હમેશાં પાદશાહના પ્રવાસની એક દિવસ આગમચ આગળ જાય છે અને સવારી ત્યાં પહોચે ત્યારે બધું તૈયાર હોય છે. આ તંબુઓને ‘પેશખાના’ અથવા પ્રવાસઆગાર કહેવામાં આવે છે, બેઉ પેશખાના સરખા હોયછે અને તેમાંના દરેકને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાને માટે સાઠ સીતેર હાથીઓ, બસેં ઉઠ, સો ખચ્ચર, અને સો મજુરો રાખવા પડે છે. ભારે વસ્તુઓ, એટલે કે મોટો પાદશાહી તંબુ જેના ત્રણ ભાગ હોય છે તે તેના મધ્યના થાંભલાની સાથે હાથીઓ ઉપર લાદવામાં આવે છે. નાના તંબુઓ ઊંટ ઉપર નંખાય છે અને ખાણાનાં વાસણો વગેરે સામાન ખચ્ચર ઉપર લાદવામાં આવે છે. હળવો અને નાજુક સામાન એટલે કે પાદશાહના ખાણાની રકાબીઓ વગરે સામાન અને રંગીત વાળવાના નાના નાના ઢોલીઆ વગરે સામાન મજુરોને માથે ચડે છે.

જમીન પસંદ કરીને પાદ-
સારી હવાવાળી અને બીજી સગડવડવાળી
શાહનો મુસાફરીનો અધિકારી તંબુઓ ઠોકાવે છે, તથા બધી સુખાવહ તૈયારી કરાવી દેછે. મોટી વિશાળ જગા તે પસંદ કરે છે એટલે મજુરો કોદાળી પાવડા લઇને જમીનને સમાન સરખી કરી નાંખે છે. આ જમીન ઓછામાં ઓછી ત્રણસેંવાર સમચોરસ હોય છે. વચમાં મોટા તંબુ નાંખ્યા પછી તેની આસપાસ મોટા વિસ્તારમાં આઠ નવ ફીટ ઊંચી કનાતોનો કોટ કરી લેવામાં આવે છે અને તેને દ્રીત ખીલીઓની સાથે બાંધી લેછે. તંબુઓ પણ મહીના મોટા અને બહારના બીજા સ્થંભ સાથે સખ્ત કરી લેવામાં આવે

છે, કનાતનું કપડું જાડું ઘટ અને ઉમદા હોય છે, તેમાં સળીઓ અને ફુલ-ભાત પાડેલી હોય છે, જેને હિંદુસ્તાનમાં છીંટ કહે છે. આ કનાતના કોટનો મુખ્ય દરવાજો ભભકાબંધ કરવામાં આવે છે અને બીજી છીંટના કરતાં તે છીંટ વધારે ઉમદા અને ઘટ હોય છે. ચોગાનમાં પાદશાહી તંબુ ઠોકવામાં આવે છે.

મોટા ચોગાનમાં જે મોટો અને આગળનો તંબુ નંખાય છે તે આ-મેખાસ કહેવાય છે. આ આમેખાસમાં પાદશાહ અને ઉમરાવો મુકામ કરે છે એટલે કે એ તંબુમાં નવ વાગ્યાને સુમારે પાદશાહ અને ઉમરાવો રા-જ્યકીય કામ અને ન્યાય માટે એકઠા થાય છે. હિંદુસ્તાનના પાદશાહો રાજનગરમાં હોય કિંવા પ્રવાસ કરતા હોય, તોપણ ચોવીસ કલાકમાં બેવાર સભા ભર્યા વગર તો કવચિતજ રહે છે. આ પ્રમાણે આમેખાસમાં દિવસમાં બે વાર સભા ભરીને બેસવું, એ ઇન્સાફ અને રાજ્યધર્મ ગણાય છે તથા ભાગ્યેજ તેમ કરવાની ઉપેક્ષા કરવામાં આવે છે.

ઉક્ત મોટા તંબુની પાછળ બીજો કંઇક સહેજ નાનો તંબુ નંખાય છે, તેને ગઝલખાના કરીને કહે છે. દિલ્લીની માફક રાત્રિને વખતે પાદશાહ આ ઠેકાણે અમીર ઉમરાવોની ભેટ લેછે અને સભા ભરે છે. આ સાંજની સ-ભાને લીધે ઉમરાવોને ઘણીજ અગવડ વેઠવી પડે છે, પરંતુ કાળી અંધારી રાતને વખતે ગઝલખાનામાં પાદશાહની મુલાકાતે ગયેલા ઉમરાવોની મસા-લોની હારના દીવા અને તેઓ પોતાના તંબુ તરફ રાતના પાછા ફરે છે ત્યારનો દેખાવ જોનારને ઘણોજ ભભક ભર્યો અને મનોહર લાગે છે. ફ્રા-ન્સની માફક હિંદુસ્તાનની મસાલો લાખની કરવામાં આવતી નથી, તેમ છતાં તે લાંબો કાળ સુધી બળે છે આ મસાલો એક લાંબા લોખંડના સળીઆને છેડે ચુંથરાં વિંટાળીને બનાવવામાં આવે છે અને મસાલચી પીતળ અથવા લોખંડના સાંકડા મોંના વાસણમાંથી વારંવાર તેના ઉપર તેલ નામ્યા કરે છે, તેથી તે ઝળાંઝળાં થતી ભડભડાટ બળે છે.

અંદર ગઝલખાના નામનો ઉપર કહ્યા તે તંબુઓથી પણ નાનો તંબુ નાંખવામાં આવે છે, તેમાં સભામાંથી ઉઠેલા માણસો વિરામ લેવાને બેસે છે. આ તંબુમાં બીજા કોઇજ નહિ પરંતુ રાજ્યના મુખ્ય મંત્રિઓ આવી શકે છે. અહીં આગળ જ રાજયની મુખ્ય બાબતોનો ફેંસલો થાય છે.



આ તંબુથી આગળ વધતાં પાદશાહી જનાનખાનાના તંબુઓ આવેછે. મછલીપટનની છીંટથી બનાવેલી ચિત્રવિચિત્ર કનાત એ જનાનખાનાના તં-બુની આસપાસ માણસ પુર ઊંચી નાંખેલી હોય છે. દરવાજા આગળની કનાત બુટ્ટેદાર રેશમી કપડાની હોય છે. આ કનાતવાળા ચોગાનમાં પાદશાહી જ-નાનાની બેગમોના અને તેમની દાસીઓના નાના મોટા તંબુઓ ઠોકવામાં આવે છે. આમેખાસ અને તેની સાથેના બીજા પાચ છ તંબુઓ બીજા તંબુથી ઉંચા કરવામાં આવે છે. ઊંચા કરવાથી તાપ ઓછો લાગે છે અને દૂરથી ઓળખાઈ આવે છે. તંબુનું ઉપરનું કપડું રાતા પીળા પટાદાર કપડાનું ઘણું જાડું હોય છે. તંબુની અંદરની બાજુઓ મછલીપટનની છીંટ અને સાટીન તથા કિનખાબની હોય છે. કેટલીક જરી, રેસમ અને ચીકનથી ભરેલી હોય છે. તંબુના જેવડું જ એક મોટું ગોદડું પાથરી તેના ઉપર સુંદર રેશમી ગલીચો પાથરી લેવામાં આવે છે. ઠેકઠેકાણે તેમાં ઉમદા તકીઆઓ મુકેલા હોય છે. તંબુના થાંભલા સારા ચિતરેલા અને શુસોભિત હોય છે. દરબારના તં-બુમાં રંગભૂમિ બનાવેલી હોય છે અને પાદશાહને બેસવા માટે તેથી પણ ઊંચી જગા બનાવી તેને ઘણીજ શણગારી લે છે. એ ઠેકાણેથી પાદશાહ અ-મીર ઉમરાવોની સલામ લેછે. બીજા તંબુઓમાં પણ ઉંચી બેઠકો હોય છે અને નાની ઓરડીઓ કાઢેલી હોય છે, જેનાં દ્વાર રૂપાના સળીઆથી બંધ કરવામાં આવે છે. આ અંતર્ગૃહોનો વિચાર તમને આવી શકશે નહિ, પરંતુ તે ઘણાંજ ઉમદા સોના રૂપાના કાપડથી બનાવેલાં હોય છે. મોટા ચોગાનમાં શું થાયછે તે બધુંજ મેં આપને લખી દીધું છે.

પાદશાહી તંબુની બહાર કેવી ગોઠવણ હોય છે તે હવે હું આપને લખું છું. તંબુના મુખ્ય દરવાજાની બન્ને બાજુએ બે સુંદર તંબુઓ ઠોકવામાં આવે છે. અહીં આગળ કેટલાક ઉત્તમ ઘોડાઓને સાજ નાંખી તૈયાર રાખવામાં આવે છે. ઓપટીને વખતે આ ઘોડાઓ કામ આવે છે, પરંતુ ઘણું ખરૂં તો તે કવાયતને માટે રખાય છે.

પાદશાહી તંબુની આગળ નાની નાની તોપો ગોઠવવામાં આવે છે. પાદશાહ જેવો પોતાના તંબુમાં આવી પહોચે તે કે તર્ત ત્યાંથી સલામતીની તોપો છોડવામાં આવે છે. દરવાજાની સામે બની શકે એટલી છુટી જગ્યા રાખવામાં આવે છે અને તેને છેક છેડે નગરખાનાનો તંબુ ઠોકાય

છે. એ તંબુની પાસે ચોકીખાનનો તંબુ ઠોકેલો હોય છે, જ્યાં આગળ વારા ફરતી ઉમરાવો પોતાના માણુસો સાથે ચોકી પહેરાપર રહે છે. કેટલાક ઉમરાવો પહેરાપર હોય છે ત્યારે પોતાની સગવડને માટે ખાસ પોતાનો તંબુ ઠોકાવે છે. પાદશાહી તંબુની બીજી ત્રણ બાજુએ અધિકારીઓના તંબુ નંખાય છે. વળી તે તંબુઓની જોડે બીજા ઘણા તંબુઓ નાંખવામાં આવે છે, જેનાં નામ ઘણાં અટપટાં છે એટલે લખતો નથી. એ નાના નાના તંબુઓમાં કોઇમાં પાદશાહી અસ્ત્ર શસ્ત્ર, કોઇમાં મીઠાઈ, કોઇમાં પાણી અને કોઇમાં તાંબુલ રાખવામાં આવે છે. પાનને માટે હું આગળ ઉપર બોલી ગયો છું. પાદશાહી પ્રેમ તરીકે પાન આપવામાં આવે છે અને તે ખાતાં શ્વાસ સુગંધીદાર અને હોઠ લાલ થાય છે. પંદર સોળ તંબુઓ તો માત્ર રસોઇને માટે ઠોકાય છે અને બીજા ઘણાક તંબુઓ પાદશાહના ખોજા અને નોકરોના હોય છે. નવા ઉછરતા ઘોડા બાંધવાને માટે બીજા છ તંબુઓ હારબંધ લાંબાને લાંબા નાંખવામાં આવે છે. કેટલાક તંબુઓ સારા સારા હાથીઓને માટે હોય છે. વળી પાદશાહની સાથે રાખેલા પ્રાણીઓના તંબુ પણ નંખાય છે. એ પ્રાણીઓમાં કેટલાક શિકારી બાજ, કુતરાઓ, હરિણોને પકડનારા ચિત્તાઓ, ભુરા રંગના ગોધાઓ, સિંહ, ઘેટા, બંગાળ દેશની મસ્તાન ભેંસો, કે જે સિંહની સાથે પણ લડે છે તે, અને પાદશાહને ગમ્મત આપવાને માટે લડાવવા પાળેલાં હરિણો વગરે પ્રાણીને રાખવામાં આવે છે.

મેં ઉપર વર્ણવ્યા એટલા તંબુઓ કંઈ પાદશાહી ચોગાનમાં હોતા નથી, પણ વધારે હોય છે. પાદશાહના તંબુઓ ઘણું કરીને સેનાના મધ્ય ભાગમાં નંખાય છે, પરંતુ જગ્યાની સગવડ ઉપર તેનો આધાર રહે છે. મોટા દળના મધ્ય ભાગમાં આ પ્રમાણે ઠોકેલા પાદશાહના તંબુઓનો સમૂહ કોઈ ઉંચી જગા ઉપરથી જોતાં ઘણો જ રમણીય અને નેત્રહારી લાગે છે. જગા ખુલ્લી અને સૈન્ય ચારે દિશાએ બરોબર પડેલું હોય ત્યારે એ રમણીયતા ઘણું સાનંદાશ્ચર્ય ઉત્પન્ન કરે છે.

પડાવ નાંખવા માટે રાખેલા ઉપરિ અધિકારીને પાદશાહી તંબુની જગા પસંદ કરવામાં જ ખરેખરી ચતુરાઈ રાખવી પડે છે. આમેખાસનો તંબુ સૌથી ઉંચો રાખવામાં આવે છે, કારણ કે તેના ઉપર ધ્યાન રા-



ખીને જ બીજા તંબુઓ ઠોકવામાં આવે છે. બીજી ગોઠવણુ તેને લશ્કરને
દાણો પાણી પુરૂ પાડનાર બજાર ગોઠવી આપવાની રહે છે. આમેખાસની
જમણી અથવા ડાબી બાજુ ભણી જેણી તરફ આગળનો પડાવ આવવાનો
હોય તેણી તરફ કહાડવામાં આવે છે. પાદશાહી સરસામાન પુરો પાડનાર
બીજુ બજાર પેલાના જેટલું મોટું ન હોવાને લીધે આમેખાસની પાસે ભ-
રવામાં આવે છે. બજારના તંબુ ઉપર એક મોટી રાતી ધજા હોય
છે અને ટિબેટની ગાયની એક ચમરીનો દેખાવ દૂરથી જણાય તેમ
રાખવામાં આવે છે. પછી ઉમરાવોના તંબુની જે દિશાએ અને જે અનુ-
ક્રમે તંબુ નાંખવામાં આવ્યા હોય તેનો તેજ ક્રમ દરેક પડાવની વખતે રા-
ખવામાં આવે છે. કોઈ પણ ઉમરાવ આ ક્રમ તોડી બીજી જગ્યાએ કે
બીજા તંબુમાં ઉતારો લઈ શકતો નથી. પાદશાહી તંબુઓની માફક જ
રાજા અને મોટા ઉમરાવોના તંબુઓના સબંધે પણ જાણવું. તેમના તંબુ-
ઓમાં પણ કેટલાક તંબુઓ તેમની રાણીઓ અને બેગમોને માટે કનાતનો
કોટ કરી તેમાં ઠોકેલા હોય છે. ઉમરાવોના તંબુઓની સન્મુખ તેમના અ-
ધિકારીઓ અને લશ્કર હોય છે અને તેની આગળ બઝાર આવેલું હોયછે
જે બજારમાંથી સૈનિકોને દાણા, ઘી વગેરે જોઈતી વસ્તુઓ મળી શકે છે.
પાદશાહી બજારમાં તો નગરબજારમાં મળતી હોય તેવી દરેક વસ્તુ મળી
શકે છે. સૈનિકોને દૂરથી દેખાઈ આવવા માટે આ બેઉ બજારો ઉપર એક
બીજાનો ભેદ દેખાડે એવા જૂદી જૂદી જાતના બે વાવટા ઘણે જ ઉંચે
રાખવામાં આવે છે.

રાજાઓ અને મોટા ઉમરાવો જેમ પોતાનો તંબુ ઉંચો હોય તેમ
માન માને છે, પરંતુ તે પાદશાહી આમેખાસના તંબુથી ઉંચો રખાતો નથી.
પાછળના એક પડાવ વખતે ઉમરાવના ઉંચા તંબુને પાદશાહે ફાડી નંખાવ્યો
હતો. વળી તેમના તંબુઓની બહારની બાજુ પણ ઝાઝી લાલ રાખવા દે-
વામાં આવતી નથી, કારણ કે પાદશાહ એમ માને છે કે, જે પાદશાહી તંબુ
હોય તેને જ રાતો રંગ રાખવાની સત્તા છે, બીજાને નથી. ઉમરાવો અને
પાદશાહના મોટા તંબુઓ તથા બજારના તંબુઓની વચ્ચેની ખાલી જગા-
ઓમાં મુનસફદાર, નીચા ઉમરાવો અને બીજા જે જે લોકો સેનાની સાથે
હોય છે, તેમના તંબુઓ નંખાય છે. તંબુઓ પુષ્કળ હોય છે અને તેમાં જગા

પણ ઘણી રોકાય છે. જ્યારે પડાવની જગા સારી હોય છે અને સર્વે અ-
નુક્રમ બંધ પડેલા હોય છે ત્યારે આખુ લશ્કર છ માઈલ જેટલી જગા રોકે
છે. આમ છતાં પણ ભારે તોપખાનું તો એક બે દિવસની મંજલ જેટલું
આગળ ચાલતું જ રહે છે.

આ મોટા કાંપમાં ગડબડ પણ એટલી જ થાય છે. નવો આવનાર
માણસ તો તેથી ગભરાઈ જાય છે. પરંતુ થોડુંક સમજ પડે એટલે દરેકના
જુદા જુદા આકાર અને રંગના વાવટાઓ ઉપરથી પાદશાહી, ઉમરાવોના,
અને બજાર વગેરેના તંબુઓ ઓળખી કહાડતાં જરાય વાર લાગતી નથી.
સવારના પહોરમાં જ્યારે લશ્કર નવા પડાવની અંદર આવી પહોચે છે
અને દરેક માણસો પોત પોતાના તંબુઓની સોઈ કરવામાં પડેલા હોય છે
તે વેળાએ તો એટલી બધી ધૂળ ઉડે છે કે વાવટા દેખાતા નથી અને પાદ-
શાહનો તંબુ પણ ઓળખી કહાડવો એ વિષમ થઈ પડે છે. આ સૈનિક
શિબિરમાં થઇને આગળ ચાલવું એ પણ ઘણું દુસ્તર છે, કારણ કે કોઈ
ઠેકાણે માણસો પોત પોતાના તંબુઓ ઠોકવામાં રોકાયલાં હોય છે. કોઈ
ઉમરાવોના તંબુઓ આગળ તેમની સ્ત્રીઓના પડદા લઇને લોક ઉભા હોય
છે અને કોઈ ઠેકાણે મુનસફદાર વગેરે લોકો ઉમરાવોના તંબુના પાસે પો-
તાના નાના તંબુઓ ઠોકાવતા હોય છે. બીજા ઉમરાવના સરસામાનનાં ઉં-
ટોને આગળ લઈ જવાં હોય છે તેથી વખતે માર્ગને માટે સામ સામે
લડાઇઓ થાય છે અને પોત પોતાના શેઠની સોઈ કરવામાં રોકાયલા તે
તુંદમીજાજી લોકો એકદમ ખૂનપર આવી જાય છે. આંગળી અરાડતાં તેઓ
લડી પડે છે અને મારામારી ઉપર આવી જાય છે. કોઈ મોટો માણસ
વચમાં પડી તેમને છૂટા પાડે છે ત્યારે પેલાં ઉંટ આગળ ચાલે છે, એકની
પછવાડે બીજાં એમ ઊંટ આવ્યા જ કરે છે અને ઠેકઠેકાણે માણસો ધીંગા
મસ્તી કરતાં અને લડતાં જોવામાં આવે છે. જ્યારે સાંજના તંબુઓ નાંખ-
વા પડે છે, ત્યારે આના કરતાં પણ વધારે ગડબડ અને ધમાચકડી થાય
છે. સાંજના પહોરનો વખત હોય છે અને જ્યારે સર્વ કોઈ રાંધવા
માંડે છે, ત્યારે જે દેખાવ થઈ રહે છે તે તો ખરેખર આપણા જેવાને
ગુંગળાવી નાંખે છે. સંધ્યાકાળ થાય છે અને લોકો છાણાં તથા લીલાં સુકાં
લાકડાંનો દેવતા પાડે છે. લાખો ચૂલાઓમાંથી તે વખતે એટલી બધી ધૂણી



નીકળે છે કે વાતાવરણને ભરી નાંખી અંધારા ભેગુ અંધારૂ કરી નાંખે છે.
આવે વખતે જો કોઈ માણસ ભૂલો પડે છે તો તેનો પત્તો જ લાગતો
નથી. આવા ખટરાગમાં હું પણ બે ત્રણ વખત આવી પડ્યો હતો. એકવાર
બહારથી આવી મારા તંબુએ જતાં અંધારાને લીધે મારે સેનાનિવેશના પ્રા-
રંભમાં નાચાર થઈ ચંદ્રમા ઉગે અને વાતાવરણમાંથી ધૂણી જતી રહે
ત્યાં સૂધી ખોટી રહેવું પડ્યું હતું. બીજીવાર તો એવા કાળ અંધાર ધુણી-
વાળા વાતાવરણને લીધે હું મારા ઘોડા અને રાવતની સાથે આકાશદીવા-
વાળી જગાએ જઇને પડી રહ્યો હતો. નગારખાનાની પાસે એક ઉંચી જ-
ગા કરી તેના ઉપર એકમોટા ચાંચડાપર દીવો રાખવામાં આવે છે. તેને આ-
કાશ દીપ કહે છે. રાત વરત ભૂલુ પડેલું માણસ દૂરથી આ દીવાને
આધારે પોતાનું સ્થાન શોધી શકે છે અથવા તો એ દીવાને આધારે આ-
ધારે ત્યાં આગળ આવીને સુઈ રહે છે, એટલે કે ત્યાં તેને ચોર અથવા
લુચ્ચા લફંગાનો ભય રહેતો નથી. એ ગોઠવણ બધામાં સર્વથી વધારે સારી
રાખવામાં આવે છે. આકાશ દીપ ઘણો દૂરથી દેખાય છે અને રાત્રીને વ-
ખતે આકાશમાં ચળકતા તારાની માફક તે દૂરથી નજરે પડે છે.

શિબિરમાં ચોરી થતી અટકાવવાને માટે દરેક ઉમરાવ પોતાના ચો-
કીદારો રાખે છે. તે આખી રાત 'ખબડદાર' એમ બુમો મારતા રહે છે,
વળી છાવણીના પ્રાંત ભાગ ઉપર પાંચસે પાંચસો કદમને છેટે ચોકીદારો મૂ-
કવામાં આવે છે. તેઓ ચારે તરફ તાપણીઓ કરીને ચોકી કરતા રહે છે,
તથા વખતો વખત ઉપર કહ્યું તેમ ખબડદાર એમ પોકાર્યા કરે છે.
કોટવાળ પોતાના સિપાઇઓને આખી છાવણીમાં ફરતા રાખે છે જેઓ
ઘણું કરીને બજારની ચોકી વધારે કરે છે. બજાર અને બીજા ભાગોમાં તે-
ઓ નગારાં વગાડતા અને સાવધ રહેજો, જાગીઓ, એમ બુમ મારતા ફર્યા
કરે છે. આટલી બધી સાવધાની રાખવા છતાં પણ ચોરી તો થયા જ કરે
છે. લોભી નોકરો ઉપર વિશ્વાસ રાખીને સુખથી સુવાતું નથી અને રાતે
જાગવાને માટે વહેલા પણ સુઈ રહેવું પડે છે. આવા પ્રસંગે મોગલ પાદ-
શાહ કેવી રીતે મુસાફરી કરે છે તેનું હવે હું વર્ણન આપવા ધારૂંછું.

### પાદશાહી સવારી.

સવારીની દરમીયાન ઘણું ખરૂં પાદશાહ તખ્તે રવાનમાં બિરાજે છે,

અને તેને ભોઈ લોક ઉંચકે છે. આ તખ્ત એક નાની ઓરડી જેવું હોય છે. ભભકાદાર સ્તંભો ઉપર તેનો ઉર્ધ્વ આડંબર ઢાંકી દીધેલો હોય છે. હવા જ્યારે સારી હોતી નથી ત્યારે તેની કાચની બારીઓ બંધ કરી દેવાય છે. આ મીયાનાના ચાર બાજુના ચાર સ્તંભ કીનખાબ અને જરીયલ કપડાથી વિંટાળી લીધેલા હોય છે. બે આગળ અને બે પાછળ એમ ચાર માણસો તેને લઇને ચાલે છે અને ખભો બદલાવવાને માટે બીજા આઠ માણસો તેમની સાથે જ દોડતા રહે છે. હવા અનુકૂળ અને શિકાર રમવા જોગ હોય ત્યારે પાદશાહ ઘોડા ઉપર સવારી કરે છે. વળી કેટલીક વાર હાથીને હોદ્દે ચડીને મુસાફરી કરે છે. હાથીની અંબાડી મેઘાડંબર અથવા હોરા જાતની હોય છે. હાથી ઉપરની મુસાફરી ઘણી જ ભભકાબંધ લાગે છે, કારણ કે અંબાડીની અને હાથીના ઓડા વગરેની રચના ઘણી જ મૂલ્યવાન હોય છે. મેઘાડંબર નામની અંબાડી ઢોળ ચડાવેલી અને રંગેલી એક નાની પણ રમણીય ચંદ્રશાળા જેવી હોય છે. હોરા પણ તેવી જ ઢોળવાળી અને રંગેલી ખુરશીના ઘાટની પણ છત્રવાળી હોય છે.

નિયમિત નહિ પરંતુ ટોળાં બંધ થઇને ઉમરાવો હમેશાં પાદશાહની આગળ પાછળ ઘોડે સ્વાર થઇ ચાલ્યા કરે છે. મુસાફરી કરવાની હોય તે દિવસે સવારે સઘળા ઉમરાવ અને રાજાઓ તૈયાર થઇ આમેખાસમાં ભેગા થાય છે ઘણા કામવાળા અને વૃદ્ધ તેમાં નથી આવતા. ખાસ કરીને શિકારની સહેલ ધાએ જવાનું હોય ત્યારે સવારના પહોરથી તે છેક ત્રીજા પહોર સુધી તેમને છત્ર વગર તાપમાં રખડવું પડે છે, એ વિષમ લાગે છે.

જ્યારે પાદશાહની સાથે પ્રવાસે ચડેલા નથી હોતા ત્યારે આ સાહેબજાદાઓ જુદી જુદી રીતે ઘણાજ ભભકાથી મુસાફરી કરે છે. તે વેળાએ તાપ તડકો કે ધુળનો દડ તેમને હેરાન કરતો નથી, કારણ કે તેઓ સુખથી સુઈ રહેવાય તેવી પાલખીમાં પ્રવાસ કરે છે. સાંજે વાળુ કર્યા પછી તેઓ પોતાના ખાણા ખાતાને આગલે મુકામે મોકલી દેતા હોવાથી જેવા તેઓ ત્યાં પહોચે છે કે સુંદર ખાણું વગરે તૈયાર જ હોય છે. ગુરઝેબરદાર નામના છડીદારોથી ઉમરાવો હમેશાં પરિવૃત્ત હોય છે. આવા પુષ્કળ છડીદારો પાયદળની સાથે પાદશાહની આગળ ચાલે છે. ગુરઝેબરદારના સઘળા



માણસો સુંદર ચહેરાના ચુંટી કહાડેલા હોય છે. પાદશાહનો માર્ગ કરવા માટે તેઓ પોતાના દંડુકાથી રસ્તામાંના માણસોને દૂર રાખે છે.

રાજાઓની પાછળ રાજ્યચિન્હ અને વાજાંવાળા ચાલે છે. તેઓની પાસે ચિત્ર વિચિત્ર તતુડાં, નગારાં વગરે હોય છે અને કેટલાકના હાથમાં લાંબો રૂપેરી છોલવાળી લાકડીઓ ઉપર હાથ, પંજા, માછલાં, કાંટા, અને બીજાં પ્રાણી વગરેના અનેક અર્થ યુક્ત ચિન્હો હોય છે. ઢાલ તરવાર અને તીર કાંમઠા બાંધીને સજ્જ થયેલા ઘોડેસ્વાર ઉમરાવો અને મુનસફદારો તેમની પાછળ હોય છે. પાદશાહને અનુસરનારા ઉમરાવો કરતાં મુનસફદારોની સંખ્યા ઘણી મોટી હોય છે. તેઓ પો ફાટતાં જ આમેખાસ આગળ આવી હાજર થાય છે અને ઘણાક મુનસફદારો તો પોતે પાદશાહની નજરે પડે એટલા માટે અને કેટલાક પાદશાહની પ્રીતિ સંપાદન કરવા માટે હમેશાં ઘણાજ ઉમંગથી તેને અનુસરે છે અને નજરે પડવાના પ્રયત્નમાં રહે છે.

## બેગમોની સવારી.

અંતઃપુરમાં રહેનારી બેગમો અને સાહેબજાદીઓ વળી જુદી જ રીતે મુસાફરી કરે છે. તખ્તે રવાનના ઘાટની ભોઈ લોકથી ઉપડાતી સુંદર ડોળીઓમાં બેસવું એ તેમને વધારે પસંદ પડે છે. આ ડોળીઓના ઉપર સોનેરી ઢોળ ચડાવેલો હોય છે, તેના પર રંગ બેરંગી ચિત્ર પાડેલાં હોયછે અને તેની ઉપર નાના પ્રકારના રંગિત રેશમી બુટેદાર જાળીઓની તિરસ્કરિણીઓ નાંખે છે. આ તિરસ્કરિણીઓ ઉપર જરીનાં સુનેરી ભરત ભરેલાં હોય છે. આવી જ જાતની તિરસ્કરિણીઓવાળી સુંદર પાલખીમાં બેશી કેટલીક બેગમો પ્રવાસ કરે છે, અને કેટલીક બેગમો બે જોરાવર ઊંટ અથવા હાથીની વચ્ચમાં બાંધેલી ઝુલાની માફક ઝુલતી રહે તેવી ડોળીઓમાં બેસવાનું પસંદ કરે છે. આવી રીતે પ્રવાસ કરતાં ઘણી વાર મેં રોશનઆરા બેગમને જોયાં છે. આ પ્રમાણે જ્યારે રોશનઆરા બેગમ મુસાફરી કરતાં હોય છે ત્યારે તેમની ડોળીના આગળના ખુલ્લા ભાગમાં એક અત્યંત સ્વરૂપા સુંદર પોષાકવાળી દાસી ઉભી ઉભી તેમને ચમર કર્યા કરતી જોવામાં આવે છે. મયૂર પિંછથી તે શાહજાદીને માખો અને રજ ઉરાડે

છે. વળી બેગમો ઘણી વાર તો હાથીઓની ઉપર જ પ્રવાસ કરે છે. હાથીની ઉપર રેશમનો અને ઘણો જ કિમતી જરી કામનો તથા નાના પ્રકારનાં ભરત ભરેલો ઓઢો ઓઢાડવામાં આવે છે અને રૂપાની સાંકળે મોટા મોટા બે ઘંટ બાંધવામાં આવે છે. આ પ્રમાણે મનોહર અને માનવતી બેગમો પરિઓની માફક હાથીઓ ઉપર બેસતાં પૃથ્વીથી ઊંચે હવામાં રહીને પ્રવાસ કરતી ઘણીજ વિભવવાન અને નયનહારી દેખાવ આપે છે. હાથીના પૃષ્ટ ઉપર એક ઘણુંજ કિમ્મતી મેઘાડંબર મુકવામાં આવે છે અને દરેક મેઘાડંબરમાં ચાર આણી તરફ અને ચાર પેલી તરફ એમ આઠ જણીઓ બેશી શકે છે. આ મેઘાડંબર એવાં તો સુંદર હોય છે અને એવી સુંદર ભરત ભરેલી રેશમી તિરસ્કારિણીઓથી પરિવૃત હોય છે કે જેનો ભભકો તખ્તેરવાન અને ડોળીથી જાય તેવો હોતો નથી, બલકે બેગમોની સવારીનો ભભકો અને વૈભવ ઘણો જ ઉમદા હોય છે.

જનાનખાનાની બેગમોની ભભકાબંધ મુસાફરીનું વર્ણન છોડી દેવાય તેવું નથી. અચિર સમાપ્ત પ્રવાસમાં એ લોકોની ભભકાબંધ મુસાફરીએ મારૂં લક્ષ ખેચ્યું છે અને તેને સંભારતાં મારૂં મન આનંદથી ઉભરાઈ જાય છે. જ્યારે રોશનઆરા બેગમ પેગુના મોટા મદ મસ્ત મતંગજ ઉપર સુવર્ણના અને જવાહીરના મેઘાડંબરમાં બેશીને નીકળે છે ત્યારે તેનો ભભકો જોનારને અપાર વૈભવની સાક્ષી આપી સ્તબ્ધ કરી નાંખે છે. સૌ બેગમોની આગળ રોશનઆરા એક મોટા પેગુમાં ઉત્પન્ન થયેલા અને ઉંચા હાથી ઉપર જરીઆનનો ઓડો નંખાવી, તેના ઉપર કહ્યું તેવું કિમ્મતી મેઘાડંબર મૂકાવી સ્વારી કરી છે અને તેથી સહજ નાના છ હાથીઓ તેની દાસીઓથી ભરેલા તેની આજુ બાજુએ ચાલે છે. છડીઓ લઇને જનાનખાનાના ખોજાઓ શાહજાદીની તહેનાતમાં ચાલે છે. તેઓ સઘળા સુંદર ઘોડાઓ ઉપર સ્વાર થયેલા હોય છે. તેમની આગળ વળી તાતાર અને કાશ્મિર દેશની મજબૂત બાંધાની સ્ત્રીઓ હથીયાર બંધ થઇ ઘોડેસ્વાર થઇ ચાલે છે. તેમની પાછળ કેટલાક ખોજા અને કંચુકીઓ ઘોડે સ્વાર હોય છે. વળી સૌથી આગળ હાથમાં દંડુકાવાળા કેટલાક પગ પાળાઓ ડાબી અને જમણી બાજુએ રસ્તો કરાવતા ચાલે છે. રોશનઆરાના રસાલાની પછી તેવાજ હાથી ઉપર સવાર થયેલી અને તેવડાજ રસાલાવાળી જનાનખાનાની મુખ્ય બેગમ એટલે રાણી સાહેબની સ્વારી હોય છે અને તેની પાછળ બીજી અને બીજીની પાછળ ત્રીજી એમ બરોબર સોળ બેગમો પોતાના રસાલાની સાથે સવારીએ ચઢે છે ત્યારે જમાનખાનાની બીબીઓનો પ્રવાસ-વરઘોડો ઘણોજ ભભકાબંધ, વૈભવશીલ અને ગંભીર જણાય છે. લગભગ સાઠ હાથીઓ જ્યારે આ પ્રમાણે મંદ ગતિએ ચાલે છે અને તેમના ઉપરનાં સુવર્ણનાં તાછેલાં મેઘાડંબર સૂર્યના તડકાથી ચારે તરફ ફેલાતી તેજસ્વી કિરણ ઝાળ પ્રસારે છે, ત્યારે શોભાનો પાર રહેતો નથી. દાસ દાસીઓવાળો તેમનો વૈભવ માણસને આશ્ચર્યમાં નાંખી દે તેવો થાય છે. હિંદુ કવિઓ આ બેગમોને ઉપમા આપે છે કે દૃષ્ટિથી ગુપ્ત રહેતી દેવીઓ આકાશમાં વિચરે છે. આ ઉપમા યથાર્થ લાગે છે. એ તો ખરૂં છે કે બેગમોની પાસે જઈ શકાતું નથી અને તેમને પુરૂષ જાતની નજરથી દૂર રાખવામાં આવે છે. ગમે તેવા દરજ્જાનો અમલદાર અને અધિકારી હોય પરંતુ જો તે બેગમોની પાસે આવેલો માલૂમ પડે તો તેના ભોગ મળી જાય છે. પાયદળ અને ખોજા સ્વારો આવા માણસને મારતાં પાછી પાની કાઢતા નથી, એટલે કે તેઓ માણસને નિર્દય થઇને માર મારવાનો આવો લાગ કદી પણ જવા દેતા નથી. ઘણાક ઘોડેસ્વારો જેમને માર પડેલો હતો તેમની માફક મારા ઉપર પણ એકવાર તેઓનો માર પડતાં પડતાં હું સહજ બચી ગયો હતો, અને હું તે દુઃખ કદી પણ વિસરનાર નથી. ખોજાઓએ મારા ઉપર માર મારવાનો વિચાર કર્યો, પરંતુ મેં એક નિશ્ચયથી મારી તરવાર તાણી અને ઘોડાને સપાટાબધ મારી મૂકયો તેથી બચી ગયો. ઉઘાડી તરવારને લીધે હું તેમના ટોળામાંથી અને આગળના પેદળમાંથી નાશી શક્યો હતો નહિ તો, તે દિવસે મારા બાર વાગી જાત. છાવણીની અંદર દરેક માણસે ત્રણ વાતમાં સારી પેઠે સાવધાન રહેવું પડે છે. એક તો ઘોડાઓ ઘણાજ મસ્તીખોર હોય છે તેમની લાતોના ભોગ પડવાથી, બીજુ શિકારે જવાથી, અને ત્રીજુ બેગમોના મુકામ અને પ્રવાસથી દૂર રહેવાની સાવધાની રાખવી તેનાથી. હિંદુસ્તાન કરતાં ઈરાનમાં જનાનાનો ત્રાસ ઘણો છે. બેગમના મુકામથી દોડ માઇલ જેટલે અંતરે પણ જો કોઈ માણસ જઈ ચડે તો ઇરાનના ખોજાઓ તેનો જીવ લે છે. જે જે ગામ અને શહેરમાં થઇને બેગ-

મોની સવારી જવાની હોય છે, તે તે ગામના લોકોને પોતાનાં ઘર બાર મુકીને ઘણે દૂર નાશી જવું પડે છે, તેમ ન કરે તો તેમનો પ્રાણ જાય એ- માં શંકા નથી.

## પાદશાહી શિકાર.

હવે પાદશાહી શિકારનું વર્ણન કરીશું. એક લાખ માણસના રસાલા સાથે પાદશાહ કેવી રીતે શિકાર કરતો હશે એમ મને થતું હતું, પરંતુ હવે હું માનું છું કે પાદશાહ તેથી પણ વધારે સૈન્ય સાથે શિકારની મોજ માણી શકે છે. દિલ્હી અને આગ્રાની પાડોશમાં જમુના નદીના કિનારા ઉપર ઠેઠ પર્વતની શ્રેણી સુધી અને દિલ્હીથી આગ્રા સુધીને રસ્તે સળંગ જ જમીન અખેડ છે અને તેમાં મોટાં મોટાં ઝાડનાં જંગલો અને છ ફીટ ઉંચા ઘા- સથી છવાઈ ગયેલાં બીડ છે. સસલાં અને પક્ષીઓ વગેરેનો હિંદુસ્તા- નના પારધીઓને શિકાર કરવા દેવામાં આવતો નથી. જ્યાં આ- ગળ ઘણો જ શિકાર મળી શકે તેવી જગ્યાઓ દરેક સુબાએ ત્યાંના અધિકારીને પાદશાહના શિકારી સહેલઘાના ઉપરી અધિકારીને બતાવવી પડે છે. જે જગા પાદશાહના શિકારને માટે પસંદ કરવામાં આવે છે તેનાં દરેક નાંકાં ઉપર ચોકીદારો મૂકી દેવામાં આવે છે. શિકાર કરવાની જગા ૧૫–૨૦ માઈલ ફરતી હોય છે અને તેમાં પાદશાહ તથા તેના મોટા મોટા ઉમરાવો પોતાની મરજી પ્રમાણે શિકારી સેહેલઘા મારે છે. તેઓ પાળેલા ચિત્તાની પાસે કેવી રીતે શિકાર કરાવે છે તેનું હવે હું બ્યાન આપું છું.

હું આગળ ઉપર કહી ગયો છું કે, હિંદુસ્તાનમાં હરિણો થાય છે અ- ને પાંચ અથવા છના ટોળામાં તે જંગલમાં ફરતાં દેખાય છે. દરેક ટોળા- માં એક નર હોય છે અને રંગથી તે સહજ પરખાઈ આવે છે. જેવું હ- રિણોનું વૃંદ જોવામાં આવે કે એક નાના ગાડા ઉપર રાખેલા ચિત્તાને તે દેખાડવામાં આવે છે. ચિત્તાને તેઓ શિયાઘોષ કહે છે. આ પ્રાણી ગાડા ઉપરથી ઉતરીને તરત જ હરિણોના ઉપર જતું નથી, પણ છુપાતુ છુ- પાતું આમ તેમ ભમ્યા કરે છે અને જ્યારે ચાર પાંચ છલંગમાં તેમના પર પડાય તેમ રહે છે ત્યારે એકદમ તૂટી પડે છે, એકવાર જો શિકાર છટકી જાય તો તે બીજો પ્રયત્ન કરતું નથી. શિકાર હાથ આવે છે તો તે તેના રૂધિરનું પાન કરે છે અને ખાય છે, પરંતુ ઘણીવાર તેમ બ-



નતું નથી, કારણ કે હરિણો ઘણી જ શીઘ્ર છલંગોથી દોડી જાયછે, શિકાર છટકી જાય છે ત્યારે ચિત્તો ઉભો રહે છે અને પાળનારને પુનઃ તેને પકડવો એ કંઈ વિષમ પડતું નથી. રખેવાળ ધીરે ધીરે કાલાં કહાડતો અને માંસના કકડા નાંખતો તેની પાસે જાય છે અને આંખો ઉપર પાટો બાંધી લઈ પાછો લઈ આવે છે. મુસાફરીની દરમીઆન એક વાર આવી જાતની રમુજ થઈ હતી. એકવાર લશ્કરના માર્ગમાં થઇને હરિણોનું એક ટોળુ પ- સાર થતું હતું તેવામાં બે ચિત્તાઓનાં ગાડાં પાસે જ હતાં. એકની આંખે અં- ધારી બાંધેલી નહોતી તેથી હરિણોને જોઈ તેમની પાછળ પડવાને તેણે ઘણી તાણપછાડ કરી હતી, ઉંટ. ઘોડા અને હાથીઓમાં થઇને હરિણો પસાર થઈ ગયા છતાં પણ જ્યારે પેલા ચિત્તાને છૂટો મૂકયો ત્યારે, જો કે ચિ- ત્તાઓ ગયેલા શિકારપર સાધારણ રીતે ફરીને તલપ મારતા નથી, તોપણ આ ચિત્તાએ લાગ શોધી એક હરિણને પકડી પાડયું હતું અને અમને તે જોતાં ખુબ રમુજ થઈ હતી.

કાળા ગોધાનો શિકાર પણ ગમ્મત આપે તેવી રીતે થાય છે. પ્રથમ એક મોટી ઝાળમાં તેને ફસાવવામાં આવે છે અને ધીરે ધીરે ઝાળ સં- કેલી લઈ જ્યારે તે સાંકડી જગામાં આવી જાય છે, ત્યારે પાદશાહ કેટલાક ઉમરાવોની સાથે તીરથી તેનો શિકાર કરે છે. તરવાર અને ભાલા પણ આ શિકારમાં વપરાય છે. કોઈ વાર આ પ્રાણીઓ એટલાં બધાં મરાય છે કે પાદશાહ તેમનાં માંસ ઉમરાવોને ભેટ દાખલ મોકલેછે, બગલાં વા સારસનો શિકાર કેવી રીતે થાય છે તે જાણવા જોગ છે. તેમના ઉપર છોડી મૂકેલાં બાજપક્ષીની સાથે હવામાં તે કેવી રીતે પોતાનો બચાવ કરે છે તે જોવા જેવું થઈ રહે છે. કેટલીક વાર તેઓ બાજને મારી નાંખે છે, પરંતુ ગોળા- કારમાં ઉડતાં તેમની ગતિ ઘણી જ મંદ હોવાથી બીજા બાજપક્ષીઓ તે- મને પકડી પાડી મારી નાંખે છે.

સઘળી જાતના શિકાર કરતાં સિંહનો શિકાર વધારે ગમ્મત આપનારો, રાજશી અને જોખમ ભરેલો છે. પાદશાહ અને શાહજાદાઓ વગેરે સિંહનો શિકાર કરે છે અને બીજાને તેની રજા લેવી પડે છે. સિંહ જ્યાં આગળ રહેતો હોય ત્યાં તેને નિરંતરનો વાશી કરવા માટે શિકારીઓ તેની બોડ આગળ એક ગધેડો બાંધી આવે છે; એને ખાઇને સિંહ એક રાત ઉંઘે

છે અને સવારે જાગે છે ત્યારે તો ત્યાં વળી બીજો ગધેડો બાંધેલો હોય છે. આ પ્રમાણે ઘણા દહાડા સૂધી એકને એક ઠેકાણે શિકાર મળવાથી સિંહ ત્યાંનો વાશી થઈ જાય છે. પછી જ્યારે પાદશાહ શિકાર કરવા માટે આવી પહોચ્યા છે, એમ શિકારીઓને સમાચાર મળે છે ત્યારે તેઓ એક ગધેડાના ગળામાં અફીણ ઘાલી તેને પેલી જગા ઉપર જઇને બાંધી આવે છે. આથી કરીને સિંહના ઉપર અસર થાય છે અને તે શિકારમાં ગમ્મત ઉપજાવે છે. કાળા ગોધાને માટે જેમ ઝાળ નાંખવામાં આવે છે તેમ ત્યાર પછી સિંહના ઉપર પણ એક મોટી ઝાળ નાંખવામાં આવે છે. આ પ્રમાણે શિકારની બધી તૈયારી થઈ રહ્યા પછી એક મોટા હાથી ઉપર ચડીને ઉમરાવોની તથા બીજા સૈનિકોની સાથે પાદશાહ શિકાર કરવા જાય છે. ઝાળની બહાર રહી પાદશાહ સિંહના ઉપર ગોળી ફેંકે છે. ઘાયલ થયેલો સિંહ તેની રીત પ્રમાણે હાથીના ઉપર છલંગ મારવા જાય છે, પરંતુ ઝાળને લીધે અટકે છે અને પાદશાહ પછી જ્યાં સૂધી તેનો પ્રાણ જાય ત્યાં સૂધી તેના ઉપર ગોળી બહાર ચલાવે છે.

છેલ્લા સિંહના શિકાર વખતે એમ બન્યું હતું કે, પાદશાહે ગોળી મારવાથી કુપિત થયેલો સિંહ એક ઘોડેસ્વાર પર તુટી પડયો હતો અને તેના ઘોડાને મારી નાંખી ઝાળમાંથી છટકો ગયો હતો. શિકારીઓ તરતજ તેની પુંઠે પડયા અને ફરીને તેને ઝાળમાં ફસાવ્યો. એ શિકારની દરમીઆન આખા લશ્કરમાં હોહા થઈ ગઈ હતી અને સર્વેને ઘણી અગવડ વેઠવી પડી હતી. ત્રણ ચાર દિવસ સૂધી અમારે ભયંકર બીયાબાનમાં રહેવું પડયું હતું અને એ જંગલ પણ પહાડી અને ઊંટ ન દેખાય તેવા ઉંચા ઘાસથી ભરેલું હતું. છાવણી નાંખી બજારની ગોઠવણ કરવામાં આવી નહોતી, તેમજ છાવણીની પાસે કોઈ ગામ કે શહેર આવેલું નહોતું. આ ગડબડાટની અંદર જેમને ખાવાનું મળ્યું હશે તેમનાં ધન્યભાગ્ય. આમ થવાનું કારણ શું હતું તે હું આપને જણાવું છું, પાદશાહ જ્યારે સિંહને મારે છે ત્યારે સારા શુકન થયા એમ માનવામાં આવે છે, પરંતુ સિંહ જો છટકી જાય તો રાજ્ય ઉપર કંઈ આફત આવવા રૂપ અપશુકન કહેવાય છે. આથી કરીને સિંહ છટકી જતાં ત્યાંજ છાવણી નાંખી તેને પુનઃ મારવાનું ઠર્યું હતું, અને સહુને વિટંબના પડી હતી. છેવટ સિંહને માર્યો અને પાદશાહ ઉમરાવોનો



દરબાર ભરીને બેઠો હતો ત્યાં તેને લાવ્યા. દરબારમાં મારેલા સિંહને ભરવામાં આવ્યો તથા તે કેટલો લાંબો હતો, તેનો રંગ કેવો હતો, તેના દાંત કેવા હતા વગેરે ઝીણી ઝીણી બાબતોની પણ નોંધ કરી લેવામાં આવી અને પાદશાહે તેને ફલાણે દિવસે માર્યો વગરેનાં લખાણ થયાં, ત્યાર પછી સઉને પ્રવાસ કરવાની છુટ મળી. ગધેડાને અફીણ ખવરાવે છે તેથી સિંહ ઉપર શી અસર થાય છે, તેનો ખુલાશો એવો છે કે, તે મસ્ત બની ઊંઘે છે, પરંતુ તજવીજ કરતાં એક શિકારીએ મને ખાત્રી પૂર્વક જણાવ્યું હતું કે, એ તો ગપ છે અને સિંહ તો અફીણ ખાધા વગર પણ જો તેણે પેટપુર શિકારનું ભક્ષ કરેલું હોય છે, તો સારી રીતે ઊંઘે છે.

મોટી નદીઓ ઉપર પણ પુલ હોતા નથી, એમ હું તમને આગળ કહી ગયો છું. મછવાના પુલ નાંખી લશ્કરને મોટી નદીઓની પાર લઈ જવામાં આવે છે. પાટીઆં ઉપરથી પ્રાણીઓ લપસી જાય નહિ તેટલા માટે તેના ઉપર માટી અને ઘાસ નાંખવામાં આવે છે. પુલના બન્ને છેડા આગળ ઘણીજ ગડબડ થાય છે; કારણ કે સૈનિકો અને પ્રાણીઓ ત્યાં આગળ થઇને પસાર થતાં પોચી માટીને લીધે નીચે ઉતરી પડે છે અને કોઈ કોઇવાર તો ઘોડા તથા ઊંટ સામાનની સાથે તેમાં ફળી જઇ તરફડીયાં મારે છે અને લોક તેમના ઉપર થઇને ચાલ્યા જાય છે. એક દિવસની અંદરજ જો નદી ઓલંગી પાર જવાનું હોય તો તો ત્યાં આગળ બહુજ ત્રાસજનક બનાવ બને છે અને ગોટાળો થાય છે, પરંતુ ઘણીવાર એમ બનતું નથી, કારણ કે પાદશાહ પુલની આગળ આવી છાવણી નાંખી પડે છે અને ત્રણ ચાર દિવસે ધીરે ધીરે સામે પાર જઈ બીજી છાવણી નંખાય છે, એટલે પ્રાણીઓ, માણસો અને સરસામાન સારી રીતે સામે પાર જઈ શકે છે. સઉ પુલ ઉપર થઇને પેલે પાર જાય ત્યાર પછી પાદશાહ પેલે પાર જાય છે.

આ પાદશાહી છાવણીમાં સૈનિકો અને ચાકરો મળીને કેટલાં માણસ છે તેની ગણના કરવી એ કંઈ સહેલું કામ નથી. આના સંબંધે ભિન્ન ભિન્ન મત છે, છતાં પણ હું સાહસિક થઇને કહું તો આ છાવણીમાં કંઈ નહિ તો એક લાખ તો ઘોડેસ્વાર છે. ઘોડા, હાથી અને ખચ્ચર મળીને અઢી લાખ પ્રાણીઓ; વળી પચાસ હજાર ઉંટ એટલીજ સંખ્યામાં બળદો તથા

ટટ્ટુઓ હશે કે જેઓ સ્ત્રીઓ અને છોકરાને વહન કરે છે. બજાર અને બીજો સરસામાન વહન કરનારાં પ્રાણીઓ પણ આ ગણનામાં આવી જાય છે. ગરીબ લોક પોતાનો સામાન અને ખોરાક પોતે ઉંચકી લેછે. ચાકરો વગર ચાલતું જ નથી, એટલે લશ્કરની સાથે ચાકર માણસોની સંખ્યા હોયછે. એ ઘોડેસ્વારોની વચ્ચે ઓછામાં ઓછા ત્રણ ચાકરો તો હોય જ, ઘણા-કનો મત એવો છે કે, આ લશ્કરમાં બધાં મળીને ત્રણ ચાર લાખ માણસ હશે. કેટલાક એમ ધારતા નથી. ખરેખરી સંખ્યા કહેવાને માટે તો દરેક માણસ ગણાવું જોઇએ. ટુંકામાં હું માત્ર એટલુંજ કહીશ કે, આ જમાવ ઘણોજ મોટો અને અસંખ્ય છે. આખું દિલ્લી શહેર લશ્કરની સાથે આવેલું છે, કારણ કે દિલ્લીના રહેવાશીઓનો નિર્વાહ નોકરી ઉપર છે અને તેઓ જો પોતાના શેઠની સાથે ના આવે તો દિલ્લીમાં ભૂખે મરે, માટે આખુ દિલ્લી શહેર પ્રવાસમાં છે અને જ્યાં છાવણી નંખાય છે ત્યાં આગળ દિલ્લી શહેર વસી રહેછે. આ લસ્કરી છાવણી નથી પણ જંગલ દિલ્લી અથવા મોગલ પાદશાહ-ની જંગમ રાજ્યધાની છે એમ કહું તોપણ ચાલે.

મનુષ્ય અને પ્રાણીઓનો આટલો બધો મોટો જમાવ લડાઇની દરમી-આન કેવી રીતે પોષાતો હશે? તે પણ આપણાથી સમજી શકાતું નથી. આનો ખુલાસો માત્ર એટલાથી જ થાય છે કે, હિંદુ લોકો ઘણા સહનશીલ અને તેમનો ખોરાક ઘણો જ સાદો છે. એક લાખ માણસમાંથી ભાગ્યે જ દશમો અથવા વિસમો ભાગ માંસ ખાતો હશે. તેઓ પોતાની ખીચડીથી જ સંતુષ્ટ થાય છે. ખીચડી થયા પછી તેના ઉપર ઘીનો દોરો દેવામાં આવે છે. વળી ઉંટ ઘણો શ્રમ, ભૂખ, અને તરસ સહન કરી શકે છે. મુસાફરી થઈ રહેતાં તેમને છુટાં મુકવામાં આવે છે એટલે તેઓ અહીં તહીં ચરી ખાય છે. દિલ્લીમાં જે વેપારીઓ અનાજ પાણી પુરૂ પાડતા હોય છે તેજ વેપારીઓને પ્રવાસની દરમીઆન પણ અનાજ પાણી પુરાં પાડવાં પડે છે. એ લોકને બીચારાઓને અનાજ પાણી ખરીદી લાવવાની ઘણી વિટંબના પડે છે. તેઓ આસપાસનાં ગામડાંમાં રખડી જે મળે તે ખરીદી લાવી છાવણીમાં મોંઘે ભાવે વેચે છે. એક જાતના ઘાસને તેઓ લાવે છે તેને સાફ સુફ કરીને છાવણીમાં કોઈ વાર ઘણે ઉંચે ભાવે વેચેછે.

પાદશાહના સંબંધી એક વિચિત્ર વાત હજી આપને લખવાની રહી



ગઈ છે, તે છાવણીમાં હમેશાં જુદે જુદે માર્ગે પ્રવેશ કરે છે. આ પ્રમાણે કંઈ પ્રયોજન વગર થાય છે, એમ ન ધારવું. પાદશાહ જુદે જુદે માર્ગે પ્ર-વેશ કરે છે તેનું કારણ એ છે કે, તેથી તેને ઉમરાવોના પડાવ તપાસવાનો અને તેમની નજરો લેવાનો લાભ મળે છે. દિલ્લી અને લાહોર વચ્ચે કેવાં ગામડાં અને નગરો આવેલાં છે, તે વિષે તો હું કંઈ બોલતો નથી, કારણ કે તેવાં ગામ કિંવા શહેર છે જ નહિ, અને છે તે મેં જોયાં નથી, કારણ કે હું અને મારા આગા સાહેબ ઘણી વાર મુખ્ય રસ્તો મૂકીને આડ રસ્તે મુસાફરી કરતા હતા. એક પડાવથી ઉપડેલા બીજે દિવસે સવારે ગમે તે રસ્તે થઇને જઈ પહોચતા. આમ હોવાથી ગામડાં વગરે ઘણાં જોવામાં આવ્યાં નથી.

## લાહોર.

લાહોર જેનું રાજ્યધાની નગર છે, તે રાજ્યને પંજાબ કહે છે, તે કંઈ અકારણ નથી. પાંચ નદીઓ કાશ્મિરની આસપાસના મોટા પર્વતમાંથી નીકળી આ દેશમાં વહી સિંધુમાં પડે છે, અને સિંધુ નદી સિંધમાં થઇ ઈરાની અખાતના મુખ આગળ હિંદી મહા સાગરને મળે છે. લાહોર તેજ પ્રાચીન બુસેફલોસ કે બીજું, તે હું કહી શકતો નથી, તેમ તે એજ એમ કહેવાનું આડંબર પણ કરતો નથી. ફિલીપના શાહજાદા તરીકે સિકંદર એ-ટલે એલેકઝાંડર અત્રે પ્રસિદ્ધ છે. જીત સંબંધે લોક તેને યાદ કરે છે બીજુ વિશેષ કંઈ જાણતા નથી. પાચ નદીઓમાંની રાવી નદી ઉપર વસેલું લાહોર નગર છે તે, આપણી તોયેસ નદીના જેવડી અને તેની જ માફક પ્રવાહને બદલતી માલૂમ પડે છે. હાલ નદી લાહોરથી લગભગ માઇલ પોણો માઇલ દૂર જતી રહેલી છે. નદીનો પ્રવાહ દૂર જવાથી પૌર જનને કેટલીક અડચણ પડે છે. અદ્યાપિ પણ જુનો પ્રવાહ માર્ગ દેખાય છે. દિલ્લી અને આગ્રાથી જુદી જ ઢબે લાહોરનાં મકાનો ઊંચી બાંધણીનાં છે, પરંતુ વીસ પચીસ વર્ષથી ત્યાંથી રાજ્યગાદી કહાડી નાંખવાને લીધે તે બધાં જીર્ણ થઈ ગયાં છે અને નગર પણ પાયમાલીની સ્થિતિ ઉપર આવી ગયું છે. ગયાં વર્ષોમાં ઘણો વરસાદ પડવાથી કેટલાંક ઘર પડી ગયાં છે અને માણસો પણ તેમાં દટાઈ ગયાં હતાં. હજી પણ પાંચ છ મોટા માર્ગોપર સારાં

સારાં મકાનો છે અને તેમાંની બે ત્રણ શેરીઓ તો બે અઢી માઇલ લાંબી છે. તેમાંનાં મકાનો પણ હવે થોડાજ વખતમાં લાંબાં થઈ સુઈ જશે, એમ લાગે છે. રાવી નદીનો પ્રવાહ દૂર જતો રહેવાથી રાજમહેલ દૂર પડી ગયો છે. દિલ્હી અને આગ્રાના જેવો તો નહિ પણ લાહોરનો રાજમહેલ પણ એક સુંદર મકાન છે. આજ બે માસથી કાશ્મિરના રસ્તામાં આવેલા પર્વતો ઉપરથી બરફ ગળી જઇને માર્ગ થાય તો આગળ વધીએ, એમ વાટ જોતા અમે અહીં પડેલા છીએ. લાહોરથી ઉપડવાનો કાલે વદાર છે અને પાદશાહ તો ગઈ પરમ દિનના ઉપડી ચૂક્યા છે. જુનો તંબુ ભારે હોવાથી કામ નહિ લાગે એમ કહેવાતાં ગઈ કાલે મેં પણ એક નાનો કાશ્મિરી તંબુ મારે માટે ખરીદ કર્યો છે, અને આવતી સવારે ઉપડનાર છું. પર્વતોની અંદર મોટા તંબુને માટે જગા મળવાના સાંસા પડે તથા તે ભારે હોવાથી ઉચકે પણ કોણ? કારણ કે ઊંટને તો હવે પર્વતી માર્ગમાં રજા આપી, મજુરો કરી સર સામાન લેઈ જવાનો છે. હવે અમે ઉપડવાની ત્વરામાં છીએ એટલે હાલ આટલેથીજ અટકું છું.

* સાહેબ! મેં તો ધાર્યું હતું કે—બાબલમંડળના કિનારા ઉપર મને જે ગરમી લાગી હતી તે હવે દુનિયાંના કોઈ પણ ભાગમાં લાગવાની નથી, પરંતુ તે ધારણા ખોટી પડી. લાહોરથી નીકળ્યા પછી ચોથે દિવસે એવી ગરમી પડવા માંડી હતી કે, હિંદુસ્તાની લોક પણ તેને માટે બુમ પાડતા હતા, તો આપણાં શાં ગજાં? લાહોરથી ભીમબર જતાં રસ્તામાં એવી ગરમી પડે છે કે ન પુછો વાત. આ નગર કાશ્મિરના પ્રદેશમાં પેસવાના સ્થાન ઉપર આવેલું છે. હું જરા પણ અતિશયોક્તિ વગર કહું છું કે, આજ કાલ સવારના પહોરમાં ઉઠયા પછી સાંજે જીવતા રહીશું કે તાપથી સેકાઈ જઈશું, એવી મરણપ્રાય ધાસ્તીમાં હું દિવસો ગુજારૂં છું. આટલી બધી ગરમી પડવાનું કારણ એ છે કે હાલ અમે ઉત્તર તરફ જઇએ છીએ અને સામેના ઊંચા પર્વતો તપીને અમને ગરમી આપે છે. સાંજે ત્યાંથી ઠંડી લહેકી આવે છે, પણ આખો દિવસ તો ગજબ ગરમી પડે છે. પરંતુ જે ગરમી મને આવતી કાલે તો કદાચ સ્વધામ પહોચાડશે તેને માટે હવે તત્વતઃ લંબાણ કરવાનું શું પ્રયોજન છે.

* એજ ગૃહસ્થપર બર્નિયરે લખેલો ચોથો પત્ર.



* સાહેબ! હિંદુસ્તાનની એક મોટી નદી જેને ચીનાબ કહે છે તે અમે કાલે ઉતર્યા હતા. મોટા મોટા ઉમરાવો જમનાને ઠેકાણે અત્યાર સુધી આ નદીનું જ મધુર પાણી પીતા હતા, મને તો આશા હતી કે ચીનાબ ઉતર્યા પછી અમે કાશ્મિરના શીતળ દેશમાં પહોચીશુ, પરંતુ તે વાત ખોરંભે પડી છે, હજી તો રસ્તો લાંબો છે, પ્રતિ દિન ગરમી વધારે લાગતી જાય છે અને દિવસ પર દિવસ મહા કૃષ્ટત્તર થતો જાય છે. નદી ઉપર નાખેલો હોડીઓનો પુલ હું બપોરના ઉતરી ગયો હતો છતાં, જો મારા તંબુમાં સાંજની વાટ જોતો બેશી રહ્યો હોત તો મને કંઈ ફાયદો થાય તેમ નહોતું. બધા લોક સાંજ સવાર તાપ ઓછો થાય ત્યારે ઉતરવાના વિચાર પર હતા ત્યારે હું બપોરી વેળાએ ઉતરી ગયો તે ઠીક થયું. આમ કરવામાં હું મારી દીર્ધદૃષ્ટિથી એક ધાતમાંથી ઉગરી ગયો એમ કહું તોપણ ચાલે, કારણકે ચીનાબ ઉતરતાં જે ધમાચકડી અને મારામાર થઈ હતી તેવી બીજી કોઈ વાર થઈ નથી. નદીનું ભાઠુ રેતાળ હોવાથી પુલની છેવટની હોડી આગળ રેતીથી પુલની સપાટી પુરી દેવામાં આવી હતી, છતાં ઊંટ હાથી અને બળદ ગાડાં વગરેના આવવાથી રેતી સરી જઈ તેમાં પ્રાણીઓ ઉતરી પડી પ્રવાહમાં તણાઈ જતાં હતાં તથા લોકો અને ઢોર ગારામાં કળી ગયેલાં પ્રાણી ઉપર થઇને ચાલ્યાં જતાં હતાં. આવી ગડબડના વખતમાં વળી ઉમરાવો અને અધિકારીઓના હજુરીઓ પોતાના સ્વામીની આગળનો માર્ગ ખુલ્લો કરવાને માટે સોટીનો ઉપયોગ છુટથી કરતા હતા. મારા નવાબ આગા સાહેબનું લોખંડના ચૂલા તથા બીજા સામાન સાથેનું એક ઉંટ પણ એ ગાબડામાં પેશી ગયું હતું, આથી મને ભય છે કે મારે પણ આજ બજારની રોટી આવી પડશે.

આવી દુઃખતર અને જોખમ ભરેલી મુસાફરીએ કયો યૂરોપિયન નીકળશે? આવી ભયંકર મુસાફરીમાં જવું એ ધણી જ મૂર્ખાઈ અને અવિચાર ભરેલું છે. આ મુસાફરીમાં મારી જીંદગી સતત જોખમમાં રહેલી છે. આવા દુઃખમાંથી આગળ ઉપર કદાપિ સુખ નીકળશે. લાહોરમાં મેં દિલ્હીની માફક ઉઘાડી અગાશીમાં સુવાનું રાખ્યું હતું તેથી મારા સાંધા ઝલાઈ ગયા છે, જો કે તે પ્રમાણે સુવાથી દિલ્હીમાં તો કંઈ દુઃખ થતું ન-

* બર્નિયરનો પાંચમો પત્ર

હોતું. આવા દુ:ખમાં જ મેં મુસાફરી શરૂ કરી હતી અને સાંધા દુ:ખતા હતા, પરંતુ આઠ નવ દિવસ સૂધી જ્યાં સખ્ત ગરમી પડી અને શરીર પરસેવાથી નવાઈ જવા માંડયું કે તરત જ એ રોગ તો દૂર થયો છે. પાણી પીવાય છે ઘણું; ખરૂં કહું તો મારૂં શરીર એક ચારણી જેવું થઈ રહ્યું છે. શરીર ઉપર પરસેવો થાય તો થાય પણ આંગળીઓનાં ટેરવાં પણ પરસેવાથી ભીંજાય છે. આજ મેં સૌથી વધારે પાણી પીધું હોય એમ લાગે છે એટલે કે ઓછામાં ઓછું દશ પિંટ પાણી મારા પેટમાં ગયું છે. આટલાં બધાં દુ:ખમાં એક પાણીનું સુખ સારૂં છે કે, હમણાં અહીંઆં જોઇએ તેવું સારૂ પાણી મળી શકે છે. સાહેબ, સૂર્યનારાયણ હજી તો હવે ઉગે છે, પણ એટલામાં જ તાપ અસહ્ય લાગવા માંડયો છે. આકાશમાં કંઇ વાદળાનો ગાભો દેખાતો નથી, તેમ પવન પણ નથી. ઘોડા થાકી ગયા છે; કારણ કે લાહોર છોડ્યા પછી તેમણે ઘાસનું લીલુ તરણુ પણ દીઠું નથી. કાળી ચામડીના, રૂક્ષ, અને કઠણ મનના મારા હિંદુસ્તાની નોકરો પણ હવે વધારે શ્રમ લઈ શકે તેમ નથી, મારૂ મોંઢુ, હાથ, છાતી, અને પગ લાલચોળ થઈ સુઝી ગયાં છે. આખા શરીર ઉપર અળાઇઓ થઈ ગઈ છે અને તે સોયની માફક ચટકા દે છે. ગઈ કાલે અમારામાંનો એક સૈનિક તાપમાંથી ઝાડતળે જઈ બેઠો હતો તે મરેલો હાથ આવ્યો હતો. મને પણ લાગે છે કે સાંજ સોરા મારા રામ રમી જશે. મારી જીવન આશા ચાર પાંચ લીંબુ અને દહીં ભાગી તેમાં ખાંડ નાંખી તે પીવા ઉપર આધાર રાખે છે. ઈશ્વર તમને સલામત રાખો, કલમની સાહી સુકાઈ જાય છે અને તે હાથમાંથી એની મેળે જ નીચે પડી જાય છે.

બીજે દિને અમે કાળા અને ખડબચડા મોટા પહાડી પ્રદેશના ઉત્સંગમાં આવેલા ભીમબર મુકામે આવી પહોચ્યા હતા. નદીના પથ્થરી કાંકરીવાળા તપતી રેતીના નદીના ભાઠામાં પડયા હતા. આજ સવારે જો વરસાદ ન થયો હોત તથા પર્વતમાંથી દહીં, દૂધ, મરઘી અને લીંબુ વગરે મને ન મળી આવ્યાં હોત તો આ તમારા પત્ર લેખકનું કોણ જાણે શુંએ થયું હોત, પરંતુ ઈશ્વરનો મહિમા અધિક છે, હવા શીતળ થઈ છે, મને ભૂખ લાગવા માંડી છે અને મારામાં શક્તિ આવવા લાગી છે; તંદુરસ્તી સુધરવાના મુખ્ય ચિન્હ રૂપ આજ છે કે મેં આ પત્ર લખવા



માંડયો છે. હવે હું તમને અમારી આગળની મુસાફરીનું અને આવી પડનાર અડચણોનું વર્ણન આપવા ધારૂં છું.

ગઈ કાલે રાતે પાદશાહ આ અસહ્ય તાપક પ્રદેશમાંથી રોશનઆરા બેગમ, અને જનાનાની બેગમો સાથે રાજા રઘુનાથરાવની સાથે ઉપડી ગયો છે. રાજા રઘુનાથરાવ હાલ વઝીરનું કામ કરે છે. ગઈ રાતે બીજી બેગમો અને સ્ત્રીઓની સાથે કેટલાક ઓફીસરો અને અમલદારોને લઇ બક્ષી પણ વિદાય થયા છે અને આજ રાતે, મારા નવાબ, દનેશમંદખાન, તેનું કુટુંમ્બ, મહમદ અમીરખાન, તે પ્રસિદ્ધ અમીર જમાલનો શાહજાદો જેને માટે આગળ હું ઘણું લખી ગયો છું તે, મારો મિત્ર ઘાનતખાન તેના બે શાહજાદા, અને બીજા ઉમરાવો, રાજાઓ તથા મુનસફદારો અને હું સર્વે ઉપડવાના છીએ. હવે કાશ્મિર પાંચ દિવસની મજલે છે, એટલે પર્વતના સાંકડા રસ્તામાં અડચણ ન પડે માટે એક પછી એક એમ ઉપડવાનો ક્રમ રાખેલો છે. અમારા ગયા પછી બીજા નવાબો અને રાજાઓ પણ એક પછી એક કાશ્મિર આવશે. ફેજાખાન, તે તોપખાનાનો ઉપરી, ત્રણ અથવા ચાર મુખ્ય મુખ્ય રાજાઓ અને બીજા ઘણાક ઉમરાવો ભીમબર આગળ રાજ્ય રક્ષણને માટે પડ્યા રહેશે અને ત્રણ ચાર માસ પછી જ્યારે ગરમી પડવા માંડશે ત્યારે પાદશાહ પાછો ફરશે, જેમની સાથે તેઓ મળી જશે. કેટલાક ભીમબર આગળ પોતાના તંબુ નાંખી ચીનાબના તટ ઉપર પડી રહેશે અને કેટલાક પાસેનાં શહેરમાં જઈ રહેશે. તથા બીજુ કેટલુંક લશ્કર આવા ઉષ્ણ પ્રદેશના મેદાનમાં પડયું રહેશે.

કાશ્મિર જેવા નાના રાજ્યમાં પાદશાહ જો પોતાના સઘળા સૈન્ય સાથે જાય તો ખોરાકના સાંસા પડે, માટે આમ કરવામાં આવે છે. જનાનાની બેગમોમાં પણ પહેલા દરજ્જાની બેગમો જ તેની સાથે રહે છે. રોશનઆરા બેગમ, તેમની પ્રિય સખિયો અને જે દાસીઓ વગર ચાલે જ નહિ તે તેની સાથે ગયાં છે. ઉમરાવો અને તેમનાં માણસોના સંબંધમાં પણ જેમ બને તેમ ઘટાડો રાખવામાં આવે છે. પાદશાહની તહેનાતમાં રહેનારાઓની સાથે પણ માત્ર ૨૫–૨૫ ઘોડેસ્વાર રહે છે. આ માણસોથી વધારે માણસોને જવા દેતા નથી. પર્વતના સાંકડા માર્ગ આગળ એક પાદશાહી અધિકારી ઉભો રહે છે તે ગણી ગણીને માણસોને દાખલ કરે છે.

જો આ રીતે નિયમ રાખવામાં ન આવે તો ઘણાક ઉમરાવો, મુનસફદારો અને વેપારીઓ મોજ શોખને ખાતર કાશ્મિરમાં જાય અને મોજમાણે તથા કમાય, પરંતુ તેમ થાય તો પાદશાહના માણસોને ખોરાકની તંગી વેઠવી પડે માટે નિયમમાં સખ્ત રહેવાય છે.

જનાનાની બેગમો તથા સામાનને માટે પાદશાહ કેટલાક પસંદગીના હાથી સાથે રાખે છે. હાથી એ મોટું પ્રાણી છે તેમ છતાં પણ ઘણું ઠરેલ પગનું છે. તે એક પગને બરોબર ગોઠવ્યા વગર બીજો પગ ઉપાડતું નથી. પાદશાહની પાસે કેટલાંક ખચ્ચર છે, પરંતુ ઘણા ઉપયોગનાં નથી. ઉંટને સાથે રાખવામાં આવતાં નથી, કારણ કે પર્વતના સાંકડા અને ખડબચડા માર્ગમાં તેમના લાંબા પગ ગોઠી શકતા નથી. ઉંટને ઠેકાણે કોળીઓ રાખવામાં આવે છે, જેની સંખ્યા ઘણી હોય છે. માત્ર પાદશાહની સાથે જ ૭ હજાર કોળીઓ રહે છે. મેં ત્રણ હેલકરી રાખેલા છે જો કે ઘણો સામાન તો મેં લાહોરમાં રાખેલો છે. દરેક ઉમરાવ અને રાજાએ પોતે પણ એમ કરેલું છે. ભીમબરમાં સર્વેના સર સામાનને માટે નહિ નહિ તો, પંદર હજાર મજુરો એકઠા થયા હશે. કેટલાક મજુરો કાશ્મિરના સુબાએ મોકલ્યા છે. કેટલાક આસપાસના રાજાઓએ મોકલ્યા છે અને ઘણાક સારી મજુરી મળવાની આશામાં આવેલા છે. અઢી મણ બોજાને માટે દશ ક્રાઉન લેખે મજુરી સરકારે ઠરાવેલી છે. ત્રીશહજાર આવા મજુરોની જરૂર પડશે એમ કહેવાય છે, જો કે પાદશાહનો, ઉમરાવોનો અને વેપારીઓનો ઘણોક સામાન તો એક મહિના પહેલાંથી કાશ્મિરમાં વહ્યો જાય છે.

સાહેબ, કાશ્મિરના પ્રાચીન ઇતિહાસમાં લખેલું છે કે પૂર્વે આખો દેશ એક સરોવર જેવો હતો. કાશ્યપ નામના ઋષિએ બારામુલ્લાના પર્વત આગળથી જળોદ્ધાત કર્યો હતો અને તેથી સરોવર ખાલી થઈ આખો પ્રદેશ વસવા જોગ થયો હતો. આ હેવાલ મુળના ઇતિહાસમાંથી બનાવેલા એક સંક્ષિપ્ત ઇતિહાસમાં આપેલો છે. એ સંક્ષિપ્ત ઇતિહાસ જહાંગીર પાદશાહે ઇરાની ભાષામાં લખાવેલો છે, અને હાલ હું તેનું ભાષાંતર કરૂં છું. આ પ્રદેશ જળથી ઢંકાયલો નહિ હોય એમ કહેવાને હું માગતો નથી, કારણ કે થેસલી અને બીજા પણ કેટલાક પ્રદેશો જળથી ઢંકાયલા હતા એમ કહેવાય



છે. પરંતુ જેને જળમાર્ગ એવું નામ આપેલું છે તે માર્ગ મનુષ્ય જાતનો કરેલો હોય એમ હું માની શકતો નથી, કારણ કે—જે પર્વતમાંથી એ માર્ગ છે તે ઘણોજ મોટો અને સિદ્ધા ઢોળાવનો ઊંચો પર્વત છે. આ પ્રદેશમાં વારંવાર ધરતી કંપ થાય છે એટલે મારૂ ધારવું તો એવું છે કે—કોઇવાર ધરતી કંપના આંચકા સાથે આ જળોદ્ધાત થયેલો હશે. અરબસ્તાન તરફના આરબ લોકને માનીએ તો તેણી તરફ આવેલી બાબળમંડળની સામુદ્રધુની પણ એક ધરતી કંપના આચકાથીજ બનેલી હોય એમ લાગે છે, અને તેથી કરીને એક નાનો પ્રદેશ તેનાં નગરો અને ગામડાં સાથે અખાત થઈ ગયો છે.

કાશ્મિર હાલ સરોવર નહિ પણ એક સુંદર પ્રદેશ છે. તેમાં નાના મોટા ડુંગરો આવેલા છે. તે આશરે ૯૦ માઇલ લાંબુ અને ૩૬ માઇલ પહોળું છે. લાહોરની ઉત્તરે હિંદુસ્તાનના છેડા ઉપર આવેલું છે. કાકેસસ પર્વતના ઉત્સંગમાં, મોટા અને નાના ટિબેટની પાસે અને આંતરના જમુના રાજ્યની પાસે તે પર્વતથી પરિવૃત્ત થયેલું છે.

સપાટ પ્રદેશની પાસેનો કાશ્મિરને વિંટાઈ રહેતો પર્વત ઘણો ઊંચો નથી. તેના ઉપર લીલીછમ લીલોતરી આવેલી છે અને ઠેકાણે ઠેકાણે નીચાં ઉચ્ચાં વૃક્ષો અને ઘાસનાં શાદ્લો આવેલાં છે. ગાયો, ઘેટાં, બકરાં, અને ઘોડા તથા બીજી બધી જાતમાં પશુઓ લીલુ ઘાસ ચરતાં ત્યાં નિરંતર જોવામાં આવે છે. જૂદી જૂદી જાતનાં હરિણો અને સસલાં સિવાય બીજાં ઘણી જાતનાં શિકારી જાનવર પણ પુષ્કળ છે. કસ્તુરી મૃગ પણ કોઈ કોઇવાર તેના ઉપર ચરતા જોવામાં આવે છે. મધમાખીઓ પુષ્કળ થાય છે, અને હિંદુસ્તાનમાં જે સર્વોત્તમ મનાય છે એવા કાસ્મિરમાં ઘણું કરીને સાપ, વાઘ, રીંછ અથવા સિંહ જેવાં ભયંકર પ્રાણીઓ બહુજ ઓછાં અથવા બીલકૂલ નથી એમ કહીએ તોપણ ચાલે આ પર્વતો માત્ર રળીઆમણા છે એટલુંજ નહિ, પણ તેમાં દૂધ અને મધ ભરેલું છે, અર્થાત્ ગાયો અને મધમાખીઓ વગરે તે આપનાર છે એમ કહીએ તોપણ ખોટું નથી.

ઉપર વર્ણવ્યા તે પર્વતોની પેલી તરફ મોટા અને અત્યંત ઉંચા પ-

* કાશ્મિરમાં ત્રણ માસ રહ્યા પછી તેના સંબંધે લખેલો પત્ર.

ર્વતોની હાર આવેલી છે. એ ઉચ્ચ પર્વતોના શિખરો ઉપર નિરંતર બરફ પડયો રહે છે અને ઓલિમ્પસ પર્વતનાં શૃંગોની માફક વાદળને ચુમ્બન કરતાં તેનાં શિખરો સતત ધવલતા ધારણ કરતાં તેજથી પ્રકાશિત લાગે છે. આ બધા પર્વતોમાંથી અસંખ્યાત નાંનાં ઝરણો વહ્યા કરે છે. પર્વતના શિખર ઉપર પણ ઝરણ જોવામાં આવે છે. લોકો તેને સુંદર નીકો બાંધીને પોતાનાં ડાંગરોનાં ખેતરોમાં વાળે છે અને વધારાનાં પાણી પાછાં નીચેના ખીણ પ્રદેશમાં વહેવરાવી દેછે. હજારો ઝરાના આકારમાં વહેતા આ નિર્ઝરોનાં પાણી કાશ્મિર જેવા નયનાભિરામ પ્રદેશમાં અનેક નાના નાના જળ માર્ગોમાં થઇને છેવટ ખીણના નીચા પ્રદેશમાં જઈ એકત્ર થાય છે, અને તેમના સમવાયક જળથી એક મોટી અને સુંદર નદી બને છે. આપણી શ્નાઇન નદીના જેવડી આ નિર્ઝરોની બનેલી જેલ્હમ નદીમાં વહાણો પણ ચાલી શકે છે. મંદપ્રવાહે વહેતી આ નદી આખા પ્રદેશની પ્રદક્ષિણા ફરી પાટનગર—શ્રીનગરના મધ્ય ભાગમાં થઇને ધીરી ધીરી બારામુલ્લાના ઘાટ આગળ આવે છે અને ત્યાં આગળ તેને બે ઉભા પર્વતોની કઢણોમાંથી દેવતાઈ માર્ગ મળે છે, તેમાંથી મોટા પર્વતમાંથી બહાર નીકળી બીજી ઘણી નદીઓનાં પાણીને પોતામાં એકઠાં કરી લઈ મોટા રૂપવાળી જેલ્હમ બહારના ઉંચા નીચા ખડકવાળા પ્રદેશમાં ઢાળને લીધે જોશબંધ વહેતા પોતાના ઘોષિત જળથી ખડકોમાં ખળખળાટ કરતી વહે છે, અને અટક તરફ જતાં આગળ સિંધુ નદીને મળે છે.

પર્વતોમાંથી નીકળતાં અસંખ્યાત ઝરણોથી ખીણમાં અને ડુંગરી પ્રદેશ ઉપર મનોહર ભાજીપાલો અને લીલોછમ વનસ્પતિ સર્વદા છવાઈ રહેછે. આખો દેશ ફળદ્રુપ અને સારા ખેડાણવાળી વાડીના જેવો ચેતોહર દેખાવ આપે છે. ઘણાંજ રમણીય લતાગૃહોથી છવાયલાં ગામડાં અને પરાં સર્વત્ર દૃષ્ટિએ પડે છે. દુર્વામય લીલાં સપાટ વનો, દ્રાક્ષના મંડપો, ચોખાનાં, ઘહુનાં શણનાં અને કેસરનાં તથા બીજી જાતની શાક ભાજીનાં સુંદર લીલાં ક્ષેત્રો સર્વત્ર દેખાય છે અને તેમાં વચ્ચે વચ્ચે ઝરણો, નાનાં તલાવડાં, અને સરોવરો આવી રહેલાં છે, જેનો દેખાવ જોનારને ઘણોજ મનમોહક લાગે છે. આખા પ્રદેશમાં યુરોપમાં થતો ભાજીપાલો અને ફુલ ઝાડ થાય છે અને શેફફળ, જામફળ, પસ્તાં, તથા અખરોટનાં ઝાડ ફળના ભારથી નમી પડતાં



દૃષ્ટિએ પડે છે. સદ્‌ગૃહસ્થોની વાડિયોમાં તડબુચ, મીઠાં લીંબુ, દ્રાક્ષ, રાતાં બીટફળ, અને આપણા દેશની શાક તરકારી થાય છે. આ સિવાય બીજાં ફળ અને વનસ્પતિ પણ ઘણી થાય છે, કે જેનાં નામ પણ હું જાણતો નથી.

અહીંનાં ફળો આપણાં ફળોનાથી ઉતરતાં છે અને ઘણાં થતાં પણ નથી, પરંતુ એમ થવાનું કારણ જમીનનો દોષ નથી પણ અત્રેના ખેડુત અને માળીઓ અજ્ઞાન છે, તે છે, કારણ કે ફ્રાંસના આપણા માળીઓ ઝાડને જેમ ખીલવી જાણે છે તેમ કરતાં અત્રેના માળીઓને આવડતું નથી. કાશ્મિરમાં રહ્યો તે દરમીઆન મેં ઘણી જાતનાં ઉત્તમ ફળો ખાધેલાં છે. અને તે ઉપરથી હું એવા મત ઉપર આવેલો છું કે, જો કાશ્મિરના માળીઓ અને ખેડુતો લગાર વધારે ધ્યાન આપવા માંડે તો તે ફળો યુરોપનાં ફળોના જેવાંજ સારાં થાય.

કાશ્મિરના રાજ્યનું રાજ્ય નગર કાશ્મિર એજ નામનું છે. રાજ્ય નગરને કોટ નથી અને તે સવા બે માઇલ લાંબુ અને દોઢ માઇલ પહોળુ છે. એક અર્ધ ગોળાકારના મોટા પર્વતના ઉત્સંગમાં તે આવેલું છે. તે ૧૨–૧૫ માઇલ ઘેરાવના એક નિર્મળ જળના સરોવરના તટ ઉપર બાંધેલું છે. આ સરોવર જીવતા પાણીનું છે અને પર્વતમાંથી ઝરી આવતાં ઝરણોથી તેનું પાણી તાજુ રહે છે. નગરમાં થઇને જતી નદીની સાથે તેનો મેળાપ થાયછે, એટલે જેમ તેમાં નવું પાણી આવતું જાય છે તેમ વિતસ્તાને માર્ગે જુનું પાણી વહી જાય છે. નગરની વચ્ચે નદી હોવાથી તેના ઉપર લાકડાના બે પુલ નાંખેલા છે. નદીના કિનારા ઉપર બાંધેલાં ઘરો લાકડાનાં જ ઘણે ભાગે છે, તેમ છતાં તેને બે ત્રણ માળ હોય છે. ગામમાં ઘણાં ઘર પથ્થરમાં બાંધેલાં છે અને પુરાતન ખંડીએર જેવાં થઈ પડેલાં બીજાં ઘ- ણાંક દેવાલયો પણ ગામમાં તથા આસપાસ પથ્થરની બાંધણીનાં જોવામાં આવે છે. લાકડાં ઘણાં સોંઘાં પડે છે, કારણ કે નદીઓને માર્ગે પર્વતમાંથી તે લાવતાં ઝાઝુ ખરચ થતું નથી. નદીના તટ ઉપરનાં ઘરોને નદીની બાજુ ભણી નાની વાડી કહાડેલો હોય છે અને વસંત તથા ઉનાળાની ઋતુમાં જ્યારે લોકો નદીના પાણીમાં મોજ મારવા નીકળી પડે છે, ત્યારે આ વાડીઓ અને ઘરો ઘણીજ મનોહર શોભા અને આનંદ આપે છે. સદ્‌ગૃહ-

સ્થોનાં મંદિરની આગળ પાછળ વાડી હોય છે એટલું જ નહિ, પણ ઘણા ગૃહસ્થોના ઘર આગળ તો સજીવન પાણીનાં ઝરણોની નહેરો કાઢેલી હોય છે, જેમાં માલીક પોતાને ફરવા જવાની હોડીઓ રાખે છે. આ હોડીઓમાં બેશીને ગૃહસ્થો ચાંદની રાતમાં સરોવરમાં ફરવા નીકળી પડે છે.

શ્રીનગરના પ્રાંત ભાગ ઉપર એક એકાંત પર્વત આવેલો છે. આના ઉપર અને ઢોળાવપર વાડીવાળાં સુંદર મંદિરો આવેલાં છે. શિખર ઉપર એક મસજીદ અને મઠ બાંધેલાં છે, તે બન્ને મકાનો સારાં છે. આ પર્વત ઊંચાં ઊંચાં સુંદર વૃક્ષોથી છવાયલો છે. તેનો દેખાવ ઘણોજ રળીઆમણો લાગે છે એટલુંજ નહિ પરંતુ તેની હરિયાળીથી તેને ‘હરિપર્વત’ કરીને કહેવામાં આવે છે.

આ શૈલની સામે એક બીજો ડુંગરો છે અને તેના શિખર ઉપર ‘તખ્તે સુલેમાન’ નામની મસજીદ બાંધેલી છે. આ મકાન પૂર્વનું કોઈ હિંદુ દેવાલય હોય એમ મને લાગે છે, જો કે મુસલમાનો તો કહે છે કે મહમ્મદ જ્યારે કાશ્મિરમાં આવ્યો ત્યારે તેણે તે બંધાવ્યું હતું. મહમ્મદ કદી કાશ્મિરમાં આવ્યો હોય એમ લાગતું નથી.

શ્રીનગરના સુંદર સરોવરમાં ઘણીક તરતી વાટિકાઓ છે. નિર્મળ પાણીમાં ફુલ ને ફળનાં ઝાડથી તે ઘણી રમણીય દેખાય છે. આ તરતા ટાપુઓ ઉપર મોટાં મોટાં શરૂનાં ઝાડ જેમ હોડીઓના કુવા હોય તેમ દેખાય છે. નગરથી પર્વત તરફનો ઢોળાવ મંદિરો અને પુષ્પ વાટિકાઓથી ભરપૂર છે. અહીંની હવા અનુકુળ અને નિવાસસ્થાન ઘણાં સ્પૃહણીય છે. ડોળાવપરનાં મંદિરોના ઓટલા પરથી નજર કરતાં નાનાં નાનાં ખળખળાટ વહેતાં ઝરણો, કાચના જેવું સ્વચ્છ મોટું સરોવર, તેમાંની તરતી વાટિકાઓ અને સામે આવેલું શ્રીનગર વગેરેનો દેખાવ આંખને આનંદ પમાડે છે. સઘળી વાટિકાઓ અને ઉદ્યાનોમાં કાશ્મિરના રાજાનું એક ઉપવન ઘણુંજ મનોહર છે. તેનું નામ ‘કામવન’ છે તે ખરેખર તેને યોગ્યજ છે. સરોવરમાં થઇને કામવનમાં જવાનો માર્ગ એક નિર્ઝરમાં થઇને જાય છે અને તેના ઉભય તટ હરિયાળીથી ચિત્તને પ્રમોદ પમાડી દેછે. કામવનનાં મધ્ય ભાગમાં એક ઘણું જ સુદર “હિમગૃહ” નામનું મંદિર બાંધેલું છે. વન પાંચસેં ગજ લાંબુ પહોળું હશે. ઉપર કહી



તેના કરતાં પણ બહુજ મનોહર અને ત્રીજી નહેરને માર્ગે આ કામવનના પ્રાંત ભાગમાં આવેલા બીજા ‘હિમગૃહ’ માં જવાય છે. આ નહેરના બન્ને તટો પથ્થરની લાદીથી ઢોળાવબંધ બાંધકામથી બાંધી લીધેલા છે અને ૧૫–૧૫ કદમને છેટે તેના ઉપર આખે માર્ગે કુદરતી ફુવારાઓ બાંધેલા છે, જેમાંથી નિરંતર પાણી ઉછળ્યા કરે છે. મધ્ય ભાગમાં આવેલા હિમગૃહની આસપાસ તેની પ્રદક્ષિણા કરતો હોય તેવો એક ઝરો આવેલો છે અને તેની આસપાસ મોટાં મોટાં મનોહર વૃક્ષોથી વૃક્ષની હાર દોર બાંધી લીધેલી છે. હિમગૃહ ઘુમટદાર બાંધણીએ બાંધેલું છે અને તેને સર્વે દિશા તરફ ફરતી ઝાલર અને છજાં મૂકેલાં છે. ચાર બારણામાં થઇને છજામાં અવાય છે. બે બારીઓ નહેર ભણી પડે છે અને બે બાગમાં પડે છે. નહેર ઉપર બે પુલ નાંખેલા છે. આ હિમગૃહમાં વચ્ચે એક મોટું દિવાનખાનુંછે અને આગળ પાછળ નાની ઓરડીઓ અને ઓસરીઓ કાડેલી છે. ઓરડાઓ અંદરથી રંગેલા અને સોના રૂપાનાં પાનાં ચોઢેલા છે. દરેક ઓરડાની ભીંતે ઇરાની અક્ષરે કંઈ કંઈ વાક્યો લખેલાં છે. ચારે દરવાજા ભભકાબંધ હોઈ પથ્થરના બનાવેલા છે અને ઉભય બાજુએ બે સ્તંભ આવેલા છે દરવાજા અને સ્તંભો કેટલાંક દેવળોમાં શાહજહાન પાદશાહે ખંડિત કરી નાંખેલાં એટલે તેની તુલના થાય તેમ નથી. દરવાજાના પથ્થરો કઈ જાતના છે તે તો હું કહી શકતો નથી, પરંતુ એમ તો કહી શકું છું કે એ પથ્થરો આરસપહાણ તથા અકીકના કરતાં પણ કોઈ ઉમદા જાતના પથ્થરના છે.

મારા અત્યાર સૂધીના લેખથી આપની ખાત્રી થઈ જ હશે કે હું કાશ્મિરની રમણીયતાથી મોહિત થઈ ગયેલો છું. ખરૂં કહું તો મારા મનમાં જે જાતના ઉમદા વિચારો હતા તે મને કાશ્મિરમાં આબેહુબ નજરે પડ્યા છે, એટલે કાશ્મિર જેવો રમણીય પ્રદેશ મેં બીજે કાંહી જોયો નથી. કાશ્મિર દેશ બીજા દેશોનાથી નાનો છતાં સુંદર છે તેમ છતાં, પૂર્વે કાશ્મિરના રાજાઓ સઘળા પર્વત અને તાર્તરી, સાથે હિંદુસ્તાનના ઉપર રાજ્ય કરતા હતા. મોગલો કાશ્મિરને હિંદુસ્તાનનું એક મહાસ્થાન અને સ્વર્ગ કહે છે, તે જરાય ખોટું નથી અકબર પાદશાહે કાશ્મિરને તેની સુંદરતાને લીધે જ દેશી રાજા પાસેથી જીતી લીધું હતું અને તેના પુત્ર જહાંગીર પાદશાહે તો કાશ્મિરમાં પોતાનું નિવાસ સ્થાન બનાવ્યું હતું. તે વારંવાર કહેતો હતો

કે ‘હિંદુસ્તાનના મોટા ફળદ્રુપ પ્રદેશો મારા હાથમાંથી જાય તો ખેર, પણ કાશ્મિર જાય તો ખોટું, એટલે કે બધા પ્રદેશો કરતાં તે મને ઘણું પ્રિય અને મોંઘુ સ્થાન લાગે છે.’

કાશ્મિરના અને મોગલના કવિઓએ આ સુંદર પ્રદેશના વર્ણનોનાં જે કાવ્યો બનાવેલાં છે તે જ્યારે ઔરંગઝેબ પાદશાહને ભેટ કરવામાં આવ્યાં ત્યારે તેણે પ્રસન્ન થઇને તે કવિઓને ઇનામો આપ્યાં હતાં, તે મેં જાતે જોયું અને સાંભળ્યું છે. એ કાવ્યો ઘણી છટાથી પણ અતિશયોક્તિથી લખવામાં આવેલાં છે. એક કવિએ પોતાના કાવ્યમાં કાશ્મિરના પર્વતોની ઉંચાઈનું વર્ણન કરતાં લખ્યું હતું કે, એ પર્વતોની ઉચાઇને લીધે આકાશને પણ ઉંચે જવું પડયું હતું. બીજાએ લખ્યું હતું કે કાશ્મિરમાં કર્તાએ સઘળી સુંદરતાને ખરચી નાંખી તેની આગળ પાછળ શત્રુથી ચઢી ન અવાય તેવા ઊંચા પર્વતોનો કોટ કરી દીધેલો છે, કારણ કે તેનું રાજ્ય બીજા રાજ્યોમાં એક મહાન સુંદરી-રાણી રૂપ છે માટે તેને સર્વ કરતાં વધારે સંરક્ષણમાં રાખી ઇશ્વરે પણ તેની શ્રેષ્ટતા સાચવવાને માટે કાળજી રાખેલી છે. એ કવિએ કાશ્મિરના પર્વતોનાં સર્વદા બરફવાળાં શિખરનાં તેજનું વર્ણન કરતાં તેને સર્વ રાજ્ય અધિષ્ટાતાના તેજસ્વી તાજની ઉપમા આપેલી છે. આના સંબંધમાં મારા નવાબની સાથે વાત થતાં મેં તેને કહ્યું કે, ‘કવિ શું આવી અતિશયોક્તિ વગર કાશ્મિરનું યથાયોગ્ય વર્ણન ન કરી શકયો હોત? લેવાય તેટલી છુટ લઇને જો તેણે આખા પ્રદેશનું વર્ણન કર્યું હોત તો તે વધારે સ્વાગતને યોગ્ય ગણાત. જો મારે કાશ્મિરનું વર્ણન કરવું હોય તો હું તો પ્રથમ તેની સીમાનું અને તેનાં દેશી રાજ્યોનું વર્ણન કરૂં પછી સિંધુ, ચીનાબ, જેલ્હમ અને જમુના વગરે મોટી નદીઓ કાશ્મિરમાં વહે છે અને તેથી દેશ ઘણોજ રસાળ તથા વનસ્પતિ પુર્ણ રહેછે વગરે જાતનું વર્ણન કરૂં એટલુંજ નહિ, પણ આ પ્રમાણે નદીઓના પ્રદેશમાં ઇડનની વાટિકા જાણે કાશ્મિરમાંજ કરેલી છે અને પ્રાચીન મત પ્રમાણે આરમીનીયામાં નહિ વગરે જાતનું વર્ણન કરૂં.’ ખરૂ વર્ણન સહેજ સાજ વધારો અને ઉપમાથી વધારે સારૂ લાગે છે, જ્યારે ઘણા ટકા ચડાવવાથી એ સંભવિત અને ખોટું ગણાય છે.

કાશ્મિરના લોકો બુદ્ધિશાળી અને હાજર જવાબીને માટે વખણાય



છે હિંદુસ્તાનના લોક કરતાં તેઓ વધારે અક્કલમંદ કહેવાય છે. કવિતા અને તત્વશાસ્ત્રોમાં ઇરાનીઓના કરતાં તેઓ જરાય ઉતરતા નથી. તેઓ ઘણા ચપળ અને ઉદ્યોગી છે. પાલખી, ખાટલા, પેટીઓ, ખડીઆ, અને ચમચા વગેરે ઘણી જાતનો સામાન તેઓ હિંદુસ્તાનના લોક કરતાં ઘણો સારો અને કારીગીરીદાર કરે છે. લક્કડ કામ ઉપર વોરનીસ ચડાવવાની કળા કાશ્મિરિયો સારી જાણે છે એટલું જ નહિ, પણ લાકડાની અંદર ધાતુની સળીઓ બેસાડી તેથી નાના પ્રકારની વેલો પાડવાની કળા પણ તેઓ સારી જાણે છે. કોતર કામમાં મેં તેમના જેવું કામ બીજે જોયું નથી. દેશને સૌથી વધારે ફાયદાકારક અને જેમાં પાંચ વર્ષનું છોકરૂ પણ કામે લાગી શકે તેવો ધંધો તો શાલો વણવાનો ચાલે છે. કાશ્મિરમાં પુષ્કળ શાલો થાય છે અને તે ઘણી જ વખણાય છે. શાલ તે એક લાંબુ પહોલું કીનારીએ ભરત કામવાળુ ચાદરના જેવું ગરમ લુગડું. હિંદુસ્તાનમાં મોગલ તેમ જ હિંદુઓનાં બૈરાં અને પુરૂષો શાલ વાપરે છે. તેઓ ખભા ઉપર શાલ ઓઢે છે અને કેટલાક મુસલામાનો માથે બાંધે છે. તે બે જાતની થાય છે. એક કાશ્મિરમાં થતાં રૂવાંની શાલ થાય છે, જે ઘણી જ મુલાયમ અને ગરમ હોય છે તથા તેનું પોત સ્પેનની શાલોના કરતાં પણ સારૂં થાય છે. બીજી જાતની શાલ ‘તુસ’ નામના બકરાના વાળની થાય છે તે બકરા લધુટીબેટલ તરફ પુષ્કળ થાય છે, ગરમીના સંબધમાં દેશી ઉનના કરતાં તુસનાં રૂવાંની શાલ વધારે મોંઘી અને સારી કહેવાય છે. ઉમરાવોને માટે ખાસ વણાવેલી મેં કેટલીક એ જાતની શાલોની જોઈ હતી. તેની કિંમત દોઢસો રૂપિઆ થાય છે. પણ બીજી જાતની સાલો પચાસ રૂપિએ પણ વેચાય છે. શાલોને વાપરવામાં ન આવે તો તેને ઉધેઈ જેવાં જીવડાં ખાઈ જાય છે. બીવરનાં રૂવાં આ બકરાઓનાં રૂવાં જેવાં મુલાયમ નથી થતાં. પટના, આગ્રાના અને લાહોરમાં આવી શાલો વણવાને માટે ઘણી મહેનત લેવામાં આવે છે છતાં કાશ્મિરી શાલના જેવું તેનું પોત આવતું જ નથી. આનું કારણ એમ કહેવાય છે કે કાશ્મિરનું પાણી અને હવાજ એવી છે કે શાલમાં મુલાયમતા તથા પોતમાં ઘટતા આવે છે અને શાલ સુંદર બને છે. મછલીપટનની છીંટ અને રંગીત કપડાના ઉત્તમ રંગને માટે પણ એમજ કહેવાય છે મછલી

પટનના પાણીને લીધે તેની સુંદરતા આવે છે. એ રંગ ધોવાથી વધારે સારો ઉઘડતો જાય છે.

કાશ્મિરના લોક ગોરા અને ઘાટમદાર કહેવાય છે. તેમનો શક્લો પણ સારો હોય છે. તેઓ યુરોપિયનોના જેવા ગોરા અને ધાટબંધ છે. તાતારના અને કાશગરના લોકની માફક તેમનાં નાક ચપટાં નથી હોતાં. મોટા ટિબેટના લોકથી પણ તેઓ જુદા પડે છે. કાશ્મિરની સુંદરીઓ ઘણી રૂપાળી છે. મોગલ પાદશાહના દરબારમાં દરેક મોગલ કાશ્મિરમાંથી સ્ત્રી પરણી લાવે છે અથવા કાશ્મિરની રાંડ રાખે છે, કારણ કે તેને પેટે છોકરો થયેલો હોય તો ને ગોરાપણાને લીધે મોગલમાં ખપે. રસ્તામાં રખડતી મજુરણો અને દુકાન ઉપર બેસનારી સ્ત્રીઓ ઉપરથી કહી શકાય છે કે મોટા કુળવાન ઘરની બાયડીઓ તો ઘણી જ રૂપવતી હશે. આ જનાનાની સ્ત્રીઓને જોવાને માટે મોગલ લોકો અનેક જુક્તિઓ વાપરે છે. એકવાર લાહોરમાં મેં પણ તેવી યુક્તિ વાપરી હતી. લાહોરની સ્ત્રીઓ જરા ઘહુવર્ણી હોય છે પરંતું તેમનો શક્લો મનોહર છે. આખા હિંદુસ્તાનમાં લાહોરના જેવી સુંદર અને ફુટડી સ્ત્રીઓ બીજે કોઈ ઠેકાણે નથી. લાહોર અને કાશ્મિરી બાયડીઓ ઘણીજ પાતળી અને નાજુકમાં નાજુક બાંધાની છે. એક મોટો હાથી રસ્તામાં થઇને જતો હોય તે વેળાએ હાથીના ઘંટ સાંભળીને સારા સારા ઘરની સ્ત્રીઓ હાથી જોવા બારીએ આવે એટલે અમે તેમનું રૂપ જોઈ શકીએ. કાશ્મિરમાં પણ હું આ યુક્તિથી જ કાશ્મિરની રમણીઓને જોતો હતો. વધારે ધારીને જોવા માટે પછી મેં એક દોસ્તદાર શોધી કહાડયો, જે કાશ્મિરનો ભોમિયો હતો અને તેની સાથે હું ઈરાની કવિયોનાં કાવ્યો વાંચતો હતો. બજારમાંથી મીઠાઈ ખરીદ કરી તે મારા દોસ્તદારની સાથે હું સારાં સારાં ઘરમાં જતો, કે જે ઘરોમાં જવાની મારા દોસ્તદારને પૂર્ણ છુટ હતી. મારો મિત્ર જ્યાં ત્યાં એમ કહેતો હતો કે, 'આ તો મારો સગો છે અને હમણાં જ ઈરાનથી આવ્યો છે, તેને પરણવાનું બહુ મન છે.' અમે જેવા એક ગૃહસ્થના ઘરમાં જતા તેવો જ મારો દોસ્તદાર પેલી મીઠાઈ છોકરાંને વહેંચી આપતો હતો. મીઠાઈ વહેંચવા માંડતાં બધાં અમારી આગળ પાછળ વિંટાઈ વળતાં. પરણેલી વહુઓ અને જુવાન ખીલતી છોકરીઓ આથી મારા જોવામાં આવતી હતી.



આ રીતે કાશ્મિરની સુંદરીઓ જોવામાં મેં ઘણો પૈસો ખરચી નાંખ્યો પરંતુ તેથી મને એટલી તો સંપૂર્ણ ખાતરી થઈ કે, યુરોપના કોઈ પણ દેશ કરતાં વધારે ફુટડી અને સૌંદર્યવાન્ સ્ત્રીઓ કાશ્મિરમાં થાય છે, એમાં શક લાવવા જેવું જરાય નથી.

ભીમબરથી નીકળી કાશ્મિર ગયા અને રસ્તામાં શું શું આવ્યું તથા કાશ્મિરની આગળ પાછળ કેવા પર્વતો આવેલા છે અને રસ્તો કેવો છે, વગરે બાબત હવે વર્ણન કરવાની બાકી છે. આ પત્રમાં પ્રથમ મારે એ માર્ગના વર્ણનની જ શરૂઆત કરવી જોઇતી હતી. ભીમબરથી નીકળી આગળ ચાલતાં એક સપાટામાં જ હું તો આશ્ચર્યમાં પડી ગયો હતો; કારણ કે એક રાતમાં મને તો એમ લાગ્યું કે જાણે હું બળતા પ્રદેશમાંથી એકદમ શીત પ્રદેશમાં આવી રહ્યો હોઉ. ભીમબરનો શુષ્ક કાળો અને ઉજડ જેવો પર્વત ચડ્યા ત્યારે તો મારમારનો તાપ પડતો હતો, પરંતુ ઉતરતાં તો અમને શીતળ હવા અને સુખ મળ્યાં. મને તો જાણે એમ લાગ્યું કે હિંદુસ્તાનમાંથી મને કોઇએ એકદમ યુરોપમાં મૂકી દીધો. અમે જે પર્વત ઉપરથી ઉતરતા હતા તે યુરોપમાં થતી વનસ્પતિથી ભરેલો હતો અને ઝાડ પાન પણ તેના ઉપર યુરોયના પર્વતો જેવાં જ સુંદર હતાં. મને તો લાગ્યું કે જાણે હું ઓરેજના પર્વતમાં ઓક, અંજીર અને એલ્મનાં ઝાડોની ઘટાઓમાં થઈને માર્ગ કાપું છું. થોડાજ કાળ ઉપર અર્થાત્ એક દિવસને આંતરે હિંદુસ્તાનના ઉષ્ણકટિબંધમાંથી આવા શીતળ પ્રદેશમાં આવતાં મને જાણે કંઈ અદ્ભુત આનંદ લાગવા માંડયો અને યુરોપના સુંદર દેખાવો મારી આંખને હર્ષ આપવા લાગ્યા.

ભીમબરથી બે મજલ દૂર આવેલા પર્વતોએ મારૂ ધ્યાન વધારે ખેચ્યું હતું; કારણ કે તે પર્વતોના હિંદુસ્તાન ભણીના ઢોળાવ ઉપર સમશીતોષ્ણ કટીબંધની વનસ્પતિ જોવામાં આવી હતી, જ્યારે ઉત્તર તરફના ઉતરતા ઢોળાવભણી માત્ર શીતકટિબંધની વનસ્પતિ દેખાતી હતી. આથી કરીને આ પર્વત એક બાજુએ હિંદુસ્તાન અને બીજી બાજુએ યુરોપનો દેખાવ આપે છે. કાશ્મિર જતાં પહાડી માર્ગમાં જોયેલા ચમત્કારોનું વર્ણન રહેવા દેવું એ પણ ઠીક લાગતુ નથી. એક ઠેકાણે વૃક્ષની પરંપરા અને તેમનો નાશ થતો, જે મારી નજરે પડેલ છે તે મને બહુજ વિસ્મય ઉત્પન્ન કરે

છે. મોટા ખાડાઓમાં ઉપરા ઉપરી ઝાડો પડયા કરતાં હતાં અને મેં કેટલાંક પડતાં જોયાં હતાં. ઝાડ એક પછી એક પડતાં જાય છે અને બીજાં તેના ઉપર ખડકાતાં જાય છે તથા પડેલાંની જગાએ સપાટાબંધ બીજાં ઉગતાં જાય છે, આ વૃક્ષપાત અને ઉદ્‌ભવની પરંપરા મનુષ્યને કુદરતની ચમત્કૃતિનો ઘણોજ આશ્ચર્યકારક દેખાવ આપે છે. કેટલેક ઠેકાણે દાવાનળથી બળી ગયેલાં વન પણ માર્ગમાં મારા જોવામાં આવ્યાં હતાં; પરંતુ હું સમજી શકતો નથી કે તે વિદ્યુત્પાતથી બળી ગયેલાં હશે કે વાતોત્પાતમાં ઘર્ષણથી લાગેલા અગ્નિમાં બળી ગયેલાં હશે કે પછી પર્વતમાં રહેતા જંગલી લોકોએ પોતાની ગમતને માટે સહેજ લગાડેલાં હશે? થોડે આંતરે આવતી બે પર્વતો વચ્ચેની ખીણો તેની વનસ્પતિની રમણીયતાથી પહાડી માર્ગની શોભામાં ઘણો વધારે કરે છે. એક એવો દેખાવ મેં જોયો છે કે જેના જેવો બીજો દેખાવ દુનિયાંના પડમાં બીજો નહિજ હોય. એક મોટા પર્વતના ઊંચ્ચા શિખર ઉપરથી મેં ઉક્ત દેખાવ દીઠો હતો. ઉંચી ખડક ઉપરથી મોટો પાણીનો પ્રવાહ જોશ બંધ અનુક્રમે એક ઉપરથી બીજા અને બીજાપરથી ત્રીજા ખડક ઉપર સપાટાબંધ ઘણી ઉંચાઈથી પડતો હતો. આ જળપ્રવાહના મોટા ઘોષથી કાનબહેર મારી જતા હતા અને તેમાંથી અનેક જળસીકર ઉડીને આસપાસનું વાતાવરણ હિમમય થઈ જતું હતું. આ જળપ્રપાત અત્રેની એક મોટી નદી જેલ્હમનો પ્રવાહ હતો. કેટલાક માઇલો સૂધી એક ઉંચી ખીણુમાં ખડકપરથી ખડકપર અથડાતો તેનો પ્રવાહ મોટા ઘોર સાથે દક્ષિણુ તરફ ધસ્યો જાય છે. આ મોટા અને દૈવી જળપ્રપાતની શોભા જોવાને સામેના એક મોટા પર્વત શૃંગ ઉપર જહાંગીર પાદશાહે બંગલો બધાવેલો છે. એ બંગલામાં બેશીને સામે નજર નાંખતાં જળપ્રપાતનો દેખાવ બરોબર નજરે પડે છે. આ જળપ્રપાત અને પહેલાં કહી તે વૃક્ષની પરંપરા એ બે ચમત્કારો તો મેં આ મુસાફરીની અંદર એવા જોયા છે કે જેની જોડ દુનિયાંપર કયાંહી પણ જોવામાં આવતી નથી.

એક એવો અકસ્માત બન્યો કે જેથી આ સુંદર દેખાવોની મઝા બધી પાણીમાં ગઈ અને ઉલટા અમે દિલગીરીમાં આવી પડ્યા. કાશ્મિરના પર્વતોમાં ઊંચામાં ઉંચા પીર પંજાલ પર્વત ઉપર થઇને જ્યારે પાદશાહની સ્વારી જતી હતી, ત્યારે કેટલાક જનાનખાનાના હાથીઓ તેની પછવાડે ચા-



લ્યા જતા હતા. હાથીઓની ઉપર મેઘાડંબર અને અંબાડિયોમાં જનાનખાનાની બેગમો બેઠેલી હતી, એવામાં એક ઊંચા ઢોળાવ ઉપર ચઢવાનું આવતાં હાથીઓની હારદોરમાંનો આગલ્યો હાથી પર્વતના ચઢાણને જોઇને ભયથી પાછો પડયો અને એક પછી એક એમ પંદર હાથીઓ જે એક બીજાની પુંઠે ચાલતા હતા તે એક બીજાની સાથે અથડાઈ કઢણની નીચે પડી ગયા. આ કઢણ બેગમોના સદ્‌ભાગે ઘણી ઊંડી નહોતી નહિ તો સઘળીઓનો ઘાણ નીકળી જાત, પરંતુ આ તો ત્રણ ચારના જીવને જોખમે જ પતી ગયું. બેગમો ઉગરી પરંતુ હાથીઓને ઉગારવાનું કંઈ સાધન નહોતું. જ્યારે ભાર લાદેલો હોય છે ત્યારે આ પ્રાણી સારા રસ્તામાં પણ ઉભુ થતું નથી, તો આવા પહાડી ખીણના રસ્તામાં તો કેમ ઉભું થાય? આ અકસ્માત બન્યા પછી બરોબર બે દિવસ પછી અમે એ રસ્તે થઇને પસાર થયા હતા ત્યારે પણ બીચારા કેટલાક હાથીઓ તો ખીણમાં પડ્યા પડ્યા પોતાની શૂંઢો અફાળતા હતા, પરંતુ પાછળથી તેઓ ત્યાંજ મરણ પામ્યા હશે. આ અકસ્માતને લીધે આ માર્ગેથી જતાં લશ્કરને પણ ચાર દિવસ સૂધી ઘણી અડચણ અને વિટંબણા ભોગવવી પડી હતી. હાથીની સાથે ખીણમાં પડી ગયેલી બેગમો અને સર સામાનને બચાવવા પાછળ એક આખો દહાડો અને રાત લશ્કરને શ્રમ લેવો પડયો હતો તથા ત્યાં આગળ પહાડમાં જ પડાવ નાંખીને રહેવું પડયું હતું. હાથીઓ પડ્યા હતા તે ઢોળાવ બહુ ઉંડો ન છતાં એવો તો સિદ્ધો હતો કે બધા માણસોને તે લેવાને માટે અંદર ઉતરવું પડયું હતું અને મહા મહેનતે તેઓ ઉપર ચઢી શકયા હતા. આટલો બધો શ્રમ લેવા છતાં પણ કેટલાક સામાન અને ખોરાકની ચીજો તો બચાવી શકાઈ નહોતી. સદ્‌ભાગ્યે આ વિટંબણા મારે ભોગવવી પડી નહિ, કારણ કે હું એક બીજા ઢોળાવ ઉપર ચઢી ગયો હતો અને ત્યાં મને તથા મારા ઘોડાને પડી રહેવાય તેવી જગ્યા મળી ગઈ હતી. મારા ચાકરની પાસે થોડુ ખાવાનું હતું તે રાતે અમે બેઉ જણે થોડું થોડું વહેંચી ખાધું. આ ઠેકાણે એક પથ્થર ફેરવતાં મોટો વિંછી નિકળી આવ્યો હતો. મારી સાથેના એક જુવાન મોગલે તેને પકડયો હતો અને મારા હાથમાં ફેરવ્યો હતો. આને માટે તે કહેતો હતો કે કુરાનના અમુક મંત્રને સાધવાથી વિંછી તેને ડંખ દેતો નહોતો. તેણે એ મંત્ર મને ન કહે-

વાના ટેકામાં જણાવ્યું કે 'જો હું તમને આ મંત્ર શિખવું તો પછી તે મને ફળે નહિ અને ખોટો થાય. જેણે આ મંત્ર મને શીખવ્યો છે તે માણસનો મંત્ર મને શીખવ્યા પછી ખોટો થયેલો છે.'

આ પીર પંજાલના પર્વતો ઉતરતાં અને ચઢતાં મને મારા તાત્વીક વિચારો થઈ આવ્યા. આ પર્વતો ચઢતાં અમે પરસેવાથી નવાઈ જતા હતા, જ્યારે ઉપર ગયા ત્યારે ટાઢ વહાવા માંડી અને બરફ જોવામાં આવ્યો. એ બરફમાં થઇને માર્ગ કરતાં વળી અમારા ઉપર ઝીણો ઝીણો વરસાદ પણ પડતો હતો, અને પાંસળાંમાં થઇને સૂંસરો નીકળી જાય તેવો શીળો વાયુ પણ સામે મુખે વહાતો હતો. હિંદુસ્તાનના રહેવાશીઓ જેમણે આવી ટાઢ કદી પણ અનુભવેલી નહિ અને જનમારામાં પણ બરફનાં દર્શન નહિ કરેલાં તે તો ટાઢથી અને બરફથી ત્રાસ પામી જઈ નાશા નાશ કરતા હતા. પવન સામેથી સખ્ત વહાતો હતો તેમાં પણ જ્યારે અમે ટોચ તરફ ચઢતા હતા ત્યારે તો જોશથી સામો હતો; જ્યારે ઉતરવા માંડ્યા ત્યારે પુઠનો પવન વહાતો હતો. એક તરફની ગરમીને લીધે અને બીજી તરફની ટાઢને લીધે ખીણોમાંથી વરાળના રૂપમાં ઊંચે ચઢતી ગરમી શિખર ઉપર જતાં ઝાકળના રૂપમાં બદલાઈ જઈ અમને માર્ગમાં અડચણ કરતી હતી. સામ સામેની ખીણો કુહેડિકામાં ઢંકાઈ જતી હતી અને અમારે કોઈ વાર સામા તો કોઈ વાર પાછળના શીતળ અને શીકરપૂર્ણ પવનમાં થઇને માર્ગ કરવો પડતો હતો. આ બધા વિચારોના વમળમાં ત્રીજુ એક જાણવા જેવું અને મનન કરવા જેવું, જે મારા જાણવામાં આવ્યું તે એક ફકીર હતો. જહાંગીર પાદશાહના કાળના આ ફકીર પીર પંજાલના શિખર ઉપર રહે છે. તે કયો ધર્મ પાળે છે તે કોઈ જાણતું નથી, પરંતુ તે ઘણા ચમત્કાર કરે છે એમ સર્વે જાણે છે. કહે છે કે, એ ફકીર તેની ઇચ્છામાં આવે ત્યારે વરસાદ વરસાવે છે, પર્વત ઉપરથી બરફ પાડે છે અને પવનનાં તોફાન આણે છે. તે મેઘ અને વિજળીઓ ઉત્પન્ન કરે છે. આ ફકીરની ધોળી અને ભારે દહાડી ઘણી જ લાંબી હતી. તે એક જંગલી જડ જેવો અને ભીક્ષા માગવામાં પણ ઘણો જ ક્રોધી છે. તે મુસાફરોને પથ્થરની કઢણોમાં મુકેલા વાસણમાંથી પાણી પીવાનું કહી પછી આંગળીથી તેમને સપાટાબંધ શિખર ઉપરથી ઉતરી જવાની સાન કરે છે. કોઈ માણસ જો ઘોંઘાટ કરે તો તેના



પર એ બુઢો ઘણો જ રીસે ભરાય છે. હું તેની ગુફામાં ગયો અને તેના હાથમાં એક અડધો રૂપિઓ મુકી તેને શાંત પાડી પુછ્યું ત્યારે તેણે મને કહ્યું કે ઘોંઘાટ થવાથી અહીં એને ઘણી જ રીસ ચઢી જાય છે. તેણે કહ્યું કે, આ સ્વારીની દરમીઆન મારા કહેવા પ્રમાણે ઔરંગઝેબ શાંતિથી પોતાના લશ્કરને લઇને ચાલ્યો જાય તો સારૂ. તેનો પિતા શાહજહાન પાદશાહ હમેશાં મારી સલાહ પ્રમાણે જ ચાલ્યો જતો હતો. જહાંગીર પાદશાહ એકવાર મારી શીખામણ ન માનતાં તેનાં વાદિત્રો વગાડતો ચાલ્યો હતો તે સદભાગ્યે મહા મહેનતે નાશ પામતાં પામતાં બચી ગયો હતો.*

આ રાજ્યના જુદા જુદા પ્રદેશોમાં કરેલી મારી મુસાફરીના સંબંધમાં આપને સમાચાર આપતાં હું જણાવીશ કે અમારા કાશ્મિરમાં આવ્યા પછી તરત જ મારા નવાબ દનેશમંદખાને મને તે દેશના પેલા છેડા ઉપર આવેલા અમુક ફુવારાના ચમત્કાર જોઈ આવવા માટે મોકલ્યો હતો, જે મુસાફરી નગરથી માત્ર ત્રણ મંજલ જેટલી ટુંકી હતી. મારી સાથે એક કાશ્મિરી ભોમિઓ અને મારા નવાબનાં માણસો હતાં. તે ચમત્કાર તે આ પ્રમાણે છે. જ્યારે મે માસ બેસે છે અને બરફ ગળવા માંડે છે ત્યારે ઉક્ત ફુવારાઓ દિવસમાં ત્રણ વાર એની મેળે છુટવા માંડે છે. આ પ્રમાણેનો ક્રમ માત્ર પંદર દિવસ જ ચાલે છે. સવારે, બપોરે અને સાંજે નિયમબંધ ફુવારાઓ છૂટે છે અને આશરે પોણો કલાક એ પ્રમાણે છૂટયા કરે છે. બાર ફીટ ઊંડો અને તેટલો જ લાંબો તથા પહોળો એક હોજ ભરાઇ જાય તેટલું પાણી તેમાંથી વહે છે. પંદર દિવસ પછી ફુવારાઓમાંનુ પાણી કંઇક ઓછું થાય છે અને નિયમબંધ છુટતું પણ નથી અને મહિનો પુરો થતાં તો બીલકુલ બંધ થઈ જાય છે. ઝાઝો વરસાદ હોય ત્યારે પણ એ ફુવારાઓ એજ પ્રમાણે છુટે છે. સંદ્રહન નામની નદીના કિનારા ઉપર આ ફુવારાઓની પાસે જ હિંદુઓનું વિષ્ણુનું મંદિર છે. મે માસમાં આ પવિત્ર જળમાં સ્નાન કરી પવિત્ર થવાને માટે આખા દેશના યાત્રાળુ લોકની એક મોટી જાત્રા ભરાય છે. આના સંબંધમાં અનેક દંત કથાઓ ચાલે છે, પરંતુ

*શિખર ઉપર સર્વદા બરફ પડયો રહે છે, અને જો ત્યાં વાદિત્રાદિનો ઘણો અવાજ થય તો પ્રતિઘોષ પડયા કરે અને એ પ્રતિઘોષને લીધે ઘણીવાર બરફના ડુંગરા ધશી પડી માણસો તેમાં દટાઈ જઈ મરણ પામે છે.

તેમાં કંઈ પણ સત્ય સમાયલું નથી, માટે અત્રે હું પણ તે લખીને આપને કંટાળો આપવા માગતો નથી. પાંચ છ દિવસ હું ત્યાં રહ્યો તે દરમીઆન આ ચમત્કારનું કારણ શોધી કાઢવા પાછળ મેં પરિશ્રમ કર્યો હતો. જે પર્વતની તલેટીમાં આ ફુવારાઓ આવેલા છે, તે પર્વતની સ્થિતિનું અવલોકન કરવામાં મેં ઘણું ધ્યાન આપ્યું હતું. મહા મહેનતે હું એ ઢોળાવ ઉપર ચઢયો હતો તે ઉત્તર દક્ષિણ લાંબો છે અને જો કે બીજા પર્વતોથી તે દૂર નથી છતાં બીજા પર્વતોની સાથે તેનું જોડાણ પણ નથી. આ શિખર શૈલનો આકાર ગર્દભની પીઠના જેવો છે અને તે પુષ્કળ લાંબો હોવા છતાં પહોળાઇમાં તો માત્ર સો કદમ જેટલો જ છે. આનો પૂર્વ તરફનો ભાગ માત્ર વનસ્પતિથી ઢંકાયલો છે, પરંતુ સવારના આઠ વાગ્યાને સુમારે જ માત્ર સામેના પર્વત માર્ગમાંથી સૂર્યનાં કિરણ તેના ઉપર પડવા પામે છે. આનો પશ્ચિમ તરફનો ઢોળાવ મોટાં ઝાડો અને વનસ્પતિથી છવાઈ રહેલો છે. આ અવલોકનથી મને લાગ્યું કે આ કહેવાતા ચમત્કારનું કારણ બીજુ કંઇ જ નહિ, પરંતુ તેના ઉપર સૂર્યનાં કિરણ પડે છે તેની ગરમી અને પર્વતની વિચિત્ર સ્થિતિ એજ માત્ર હશે, તથા પર્વતનો કાંઇક આંતરીય ગુણ પણ તેના કારણમાં સાહાય ભૂત થતો હશે.

મારૂં ધારવું તો એવું છે કે શીયાળામાં આની આસપાસનો પ્રદેશ બરફથી છવાઈ ગયેલો રહે છે અને મે માસમાં સવારે સૂર્યનાં કિરણ પડે છે ત્યારે કેટલોક બરફ ઓગળીને કોઈ છૂપા માર્ગથી અંદરના સજીવન પોલાણમાં તેનું પાણી જાય છે, જે સૂર્યનાં કિરણ ચાલી ગયા પછી બપોરના પેલા ફૂવારાવાળા પોલાણમાંથી બહાર ઉછળે છે. સાંજની વખતે પશ્ચિમ ધાટપર કિરણો પડે છે તેથી ઉતરેલું પાણી ફૂવારામાંથી છૂટે છે અને પર્વતના શૃંગ ઉપરના આખા દિવસના તાપથી ઓગળેલા બરફનું પાણી ધીરે ધીરે અંદર ઉતરે છે તે છેક સવારના પહોરમાં ફુવારાના મુખ આગળ જઈ બહાર પડે છે. સવારના પાણીનો જોસ ધીરો હોય છે તેનું કારણ માત્ર એમ જ હોય એમ લાગે છે કે તે પાણી જ્યાંથી આવે છે તે ભાગ વૃક્ષોથી આચ્છાદિત થયેલો છે અને રાતે ઠંડી પડે છે તેથી તેનું ઘણું ખરૂ પાણી અંદરથી માર્ગ કરતાં જામી જાય છે, એટલે ફૂવારાનો જોસ મંદ હોય છે અને પાણી પણ થોડું બહાર પડે છે. મારી ધારણાના ટેકામાં



વળી બીજાં કારણ એમ પણ છે કે જ્યારે ફૂવારા પહેલા. ચાલુ થાય છે ત્યારે ઘણું પાણી બહાર પડે છે અને બંધ થતા પહેલાં તે જોસ અને પાણી મંદ પડતાં જાય છે. શીયાળામાં જામી ગયેલું પાણી પર્વતના પોલાણમાં જામી ગયેલું રહે છે અને ઉનાળામાં ઉકળીને વધારે જોરથી નીકળેછે. જેમ જેમ નીકળતું જાય છે તેમ સ્વાભાવિક રીતે જ પોલાણમાં સંચિત થયેલો જથ્થો ઓછો થતો જાય છે અને નવું ગળેલું પાણી વધારે જઈ શકતું નથી તથા ઠંડી પડવા માંડે છે એટલે પાછો બરફ જામી જાય છે ને ફૂવારા બંધ પડે છે. વળી ફુવારાઓમાંનું પાણી રોજ સરખુ બહાર પડતું નથી, કારણ કે કોઈ વાર વધારે તાપ પડે છે અને કોઈવાર વાદળાં હોય છે ત્યારે ઓછો તાપ પડે છે, એટલે પાણીના જથામાં પણ વધઘટ થઈ જાય છે.

આ સેન્ડબ્રેરી નામના ફુવારાઓ જોઇને પાછા ફરતાં આચીવલ જવા માટે રાજમાર્ગથી પાંચ માઈલ મારે આડે રસ્તે જવું પડયું હતું. આ ઠેકાણે પહેલાં કાશ્મિરના રાજાનો અને હાલ મોગલ પાદશાહનો નજરબાગ અને બંગલો છે. આ સ્થાનમાં જે જોવા જેવું છે તે એ છે કે અહીંઆં પણ એક મોટો કુદરતી ફુવારો છે અને તેના પ્રવાહ બંગલાની અને વાટિકાની અંદર તથા આસપાસ સો પ્રવાહમાં વહે છે. એક કુવાના તળીઆમાંથી નીકળતો હોય તેમ આ ફુવારાના પાણીનો પ્રવાહ જમીનમાંથી જોસબંધ બહાર નીકળે છે અને તે પ્રવાહનું પાણી એટલું બધું છે કે તેને ફુવારો નહિ પણ નદી જ કહી શકાય. આ પ્રવાહનાં પાણી સારાં અને બરફ જેવાં શીતળ છે. વાટિકા પણ ઘણી સુંદર છે. તેમાં સેફફળ, જામફળ, ચેરી અને બીજાં ફળનાં ઝાડ છે તથા વનસ્પતિ પણ સારી છે. આ સ્થાનની આસપાસ મચ્છપૂર્ણ નાનાં સરોવરો પણ આવેલાં છે. એક ઉંચી કઢણ ઉપરથી પાણીનો ત્રીસ ચાલીસ કદમ પહોળો પાતળો પ્રવાહ એવા જોરથી બહાર ઉછળે છે કે ધવલ પાણીની જાણે મોટી છત્રી અથવા ચાદર હોય તેવો દેખાય છે. આ જળ છત્ર જોતાં માણસના મનમાં વિચારથી આવી શકે એવો સુંદર આલોક જણાય છે અને તેની પાસે એક ભીંત ચણી લઇને તેનાપર દીપમાળ કરેલી છે તે રાતને વખતે પ્રજ્વલિત કરેલી હોય છે ત્યારે તો પ્રતિબિંબથી પ્રકાશ મારતો દેખાવ એવો મનોહર અને જીવાત્માને પ્રસન્ન કરતો લાગે છે કે માણસ પોતાના કવિ વિચારમાં

ઘેલો થઈ જાય છે. આ સ્થળનો દેખાવ વાટિકા અને જળપ્રપાત પણ જોવા જેવાં છે.

આચીવલથી નીકળી તેના જેવા જ સુંદર સ્થાન તરફ હું ગયો હતો. આ સ્થાનનું નામ વરનાગ છે. અહીં આગળ એક સરોવરમાં એવાં મચ્છ થાય છે કે જેમ પાળેલા મચ્છ હોય તેમ બોલાવતાં આપણી પાસે આવે છે અને રોટલીના કકડા નાંખ્યા હોય તો ગમ્મતની સાથે તે ખાઈ જાય છે. ઔરંગઝેબની દાદી નૂરમહાલે પહેરાવેલી લેખવાળી એક વિંટી એક મોટા માછલાને પહેરાવેલી છે, એમ કહેવાય છે.

સેન્ડબેરીના ફુવારાઓનો જે હેવાલ હું લાવ્યો તેથી દનેશમંદખાન પ્રસન્ન થયો, ત્યાર પછી તેણે મને એક બીજો ચમત્કાર જોવા જવા માટે કહ્યું અને તેમ કરતાં તે બોલ્યો કે, 'એ ચમત્કાર એવો છે કે તમે તમારો ધર્મ છોડી દઇને મુસલમાની ધર્મનો પણ કદાચ અંગીકાર કરશો.' ત્યાં કેવી જાતનો ચમત્કાર છે તેના સંબંધે બોલતાં તેણે કહ્યું કે, 'સેન્ડબેરી જેટલે તે દૂર નથી માટે તમે બારામુલ્લી જાવ. ત્યાં એક મસજીદમાં કોઇ પીર રહે છે. એ પીર હાલ જીવતો નથી છતાં માંદા માણસોને સાજા કરે છે. મને તો લાગે છે કે કદાપિ તમે માણસને રોગ નથી એમ કિંવા મટ્યું નથી એમ કહીને એ ચમત્કાર પણ માનશો નહિ. પરંતુ એ પવિત્ર પીરના પ્રભાવથી ત્યાં એક બીજો પણ ચમત્કાર છે કે જેને સર્વે માણસો કંઈ પણ શંકા વગર કબૂલ કરે છે. ત્યાં એક ગોળ પથ્થર છે જે મજબૂત માણસથી પણ ઉપડી શકે તેવો નથી છતાં પીરની બંદગી કર્યા પછી માત્ર અગિયાર માણસો પોતાની ટચલી આંગળી અડકાડીને તેને પીંછાની માફક હવામાં ઉંચો કરી શકે છે.' થોડોક શ્રમ લેતાં હું પાછો પડું તેમ નહોતું, તેથી પછી પહેલી મુસાફરીની દરમીઆન જે માણસો મારી સાથે હતાં તેમને લઇને ઉક્ત ચમત્કાર જોવાને માટે પણ હું તત્પર થયો. બારામુલ્લી વળી મને વધારે રમણીય સ્થાન માલૂમ પડી આવ્યું. ત્યાંની મસજીદ મોટી છે અને પેલા પીરની દરઘા પણ સારી રીતે શણગારેલી છે. ત્યાં આગળ કેટલાક માણસો બંદગી કરતા હતા. મેં તેમને પુછ્યું ત્યારે તેમણે કહ્યું કે, 'અમે આજારી છીએ.' મસજીદની પાસે રસોડું છે તેમાં માંસ અને ચોખા રાંધવાનાં મોટાં મોટાં કુડાં પડેલાં હતાં તે જોતાં જ



મને ખાતરી થઈ કે, આજારી માણસને ખેંચી લાવનાર લોહચુંબક તે એજ
અને સાજા કરનાર ચમત્કાર પણ એજ છે. મસજીદની બીજી તરફ પીરનું
સ્થાન છે, ત્યાં આગળ મુલ્લાંઓ પોતાનો શરેસ્તાનો પવિત્ર પીરની ચમત્કૃતિ
કરવા રૂપ સંપ્રદાય રાખે છે અને તેની જોડે વાટિકા છે. અહીં પીર ઘણા
ચમત્કાર કરે છે. પરંતુ દુર્ભાગ્યે હું જેટલા દિવસ ત્યાં રહ્યો તેટલામાં એકે
વાર તેવો ચમત્કાર બન્યો નહિ. મને ઈસ્લામ ધર્મમાં વટલાવે તેવી સત્તા
અને ચમત્કૃતિવાળા પેલા ગોળ પથ્થરના સંબંધમાં મેં જોયું તો અગિયાર
મુલ્લાંઓ ગોળ ટોળાબઘ વળીને પોતાની આંગળીથી તે પથ્થરને ઉચકતા
હતા પરંતુ તેઓ એવી રીતે વર્તુલાકારમાં ગોઠવાઈ ગયા હતા કે તેઓ શી
હીકમત વાપરે છે તે મારાથી બરાબર જોવાયું નહિ, તોપણ ઝીણી ન-
જરથી જોતાં મને એટલું તો માલુંમ પડ્યું જ કે, મુલ્લાંઓ તેમની આં-
ગળી ઉપરાંત અંગુઠાનો પણ તેને ઉચકવામાં ઉપયોગ કરતા હતા તથા તે-
મને ઘણું જોર કરવું પડતું હતું. પથ્થર ઉંચો થયો ત્યારે સર્વેએ 'કરામત
કરામત :' એમ બૂમ પાડી તેમાં મારે પણ બૂમ પાડવી જ પડી. મેં તે-
મને એક રૂપિઓ આપ્યો અને જાણે તેથી આશ્ચર્ય પામ્યો હોઉ તથા શ્ર-
દ્ધાળુ હોઉ એમ દેખાડી તે પથ્થર ઉચકવા દેવાને માટે વિનતી કરી, પ્રથમ
તો તેમણે માન્યુ નહિ પરંતુ મેં બીજો રૂપિઓ ખડખડાવ્યો ત્યારે તેમાં-
ના એક જણાએ મને પોતાની જગ્યા આપી. દશ જણાઓથી પણ ઉક્ત
પથ્થર મારા જાણવામાં ન આવે તેમ ઉપડશે એમ ધારી તેઓએ મને
તેમાં સામીલ કર્યો હશે એમ મારૂં ધારવું છે. હું તો ફક્ત મારી આંગળીનું
ટેરવું જ અડકાડી રહ્યો, પરંતુ પેલા દશ મુલ્લાઓએ પોતાનું જોર વાપરીને
પથ્થરને ઉંચો કર્યો. જેવો તે ઉંચો થયો તેવો જ મારા તરફ ઢળવા લાગ્યો
અને જો હું તેને બરાબર વજન આપીને ન પકડી રાખું તો તે મારા પગ
ઉપર પડે તેથી પછી મેં પણ આંગળી અને અંગુઠાથી તેને ઉંચો ધરી
રાખ્યો. આથી દરેક જણ સમજી ગયા અને મારા ભણી કરડી આંખે જોવા
લાગ્યા. પથ્થર ઉંચો થતાં સર્વેએ 'કરામત કરામત' એમ બૂમ પાડી તેમાં
મેં પણ વળી ભાગ લીધો, પરંતુ તેને પાછો નીચે મૂકયા પછી મને લાગ્યું
કે, 'જો હું અહીં વધારે વાર ઉભો રહીશ તો તેઓ પંચઈટાળી કરશે' તે-
થી તરત જ વળી એક ત્રીજો રૂપિઓ તેમના તરફ નાખી હું મારે માર્ગે

પડ્યો અને ઘોડાપર સ્વાર થઈ તેજ વેળાએ બારામુલ્લીને છેલ્લી સલામ કરી ચાલી નીકળ્યો. બારામુલ્લીથી પાછા ફરતાં આખા કાશ્મિરને પાણીમય કરી નાંખનાર બધી નદીઓ અને મૂળરૂપ સરોવરને જોતા જવાનો લાગ પણ મેં સાધી લીધો કે જે સરોવરના સંબંધમાં આ પત્રના પ્રારંભમાં જ મેં ઈસારો કરેલો છે.

કેટલેક દૂર આવેલું 'વુલર' નું સરોવર જોવામાં આવતાં હું રાજ માર્ગ મૂકી તે જોવાને તેણી તરફ ગયો. એ સરોવરમાં માંછલાં, બતકો, અને જંગલી હંસો પુષ્કળ છે. શીયાળામાં જ્યારે આ પક્ષીઓ ઘણાંજ વધી પડે છે ત્યારે કાશ્મિરનો સુબો તેમના શિકારની ગમત મેળવવા માટે આવે છે. સરોવરના મધ્ય ભાગે એક આશ્રમ છે અને તેને ફરતી વાટિકા છે, એમ કહેવાય છે કે, ચમત્કાર ભરેલી રીતે આ આશ્રમ સરોવરમાં તર્યા કરે છે. એ આશ્રમમાં એક સાધુ રહે છે. તેનો આખો જન્મારો ત્યાંજ પુરો કરે છે. આ આશ્રમની ઉત્પત્તિ વિષે અનેક દંત કથાઓ ચાલે છે, પરંતુ એક સિવાયની બીજી હું અત્રે ટાંકવી યોગ્ય ધારતો નથી. પૂર્વે કોઈ કાશ્મિરના રાજાએ માત્ર શોખને માટે કામડાંને એકઠાં બાંધી તેનો ત્રાપો બનાવી સરોવરમાં તરતો મૂકયો હતો, તે પાછળથી આ પ્રમાણે એક સુંદર આશ્રમ થઈ રહ્યો છે. બારામુલ્લી તરફ જે નદી જાય છે તે નદી આ સરોવરમાં થઈને આરપાર ચાલી જાય છે.

સરોવરના સંબધી વધારે તપાસ ન કરતાં કૌતુક રૂપ ગણાતા ઝરાઓના શોધ પાછળ હું લાગ્યો હતો. એ ઝરાઓમાં ધીરે ધીરે પણ કંઇક જોસથી જમીનમાંથી પરપોટા થાય છે અને તે દરેક પરપોટાની સાથે અંદરની રેતી બહાર આવે છે એ રેતી પાછી જેમ આવે છે તેમજ ચાલી જાય છે અને વળી એક બે પરપોટા આવતા નથી, વળી થોડીવાર રહીને એજ રીતે પરપોટા આવે છે. એ પ્રમાણે અનિયમિત રીતે પરપોટા આવ્યા કરે છે. ત્યાંના લોક જે ચમત્કાર કહે છે તે આમાં નથી, પરંતુ તેઓ એમ કહે છે કે જો જરા ઉતાવળા બોલવામાં આવે કિંવા જમીન ઉપર ધબ દઇને પગ મૂકવામાં આવે તો તરત પાણીની સપાટી તેથી હાલી ઉઠે છે અને ઉપર કહ્યું તેમ જમીનમાંથી પરપોટા આવવા માંડે છે. મારા અનુભવ પ્રમાણે તો બોલવાથી તથા પગના ધબકારાથી તેમ થતું નથી, પરંતુ જમીનમાંથી એની



મેળેજ થાય છે, પછી ગમે તો તમે અવાજ કરો કિંવા મૌન રહો. આના સંબંધમાં મેં બરોબર તપાસ કરી નથી એટલે હું તમને તેનું ખરૂં કારણ આપી શકતો નથી, પરંતુ મારો મત તો એવો છે કે સાંકડી નળી જેવા માર્ગમાંથી પાણી આવતાં નળીના મુખ ઉપરની રેતી પાણીના જોશ સાથે બહાર આવતી હશે અથવા તો પર્વતના ભૂમિ વાયુના તરંગ આ સરોવરના તળીઆની નળીઓની વાટે બહાર આવતા હશે, તેથી પરપોટા થતા હશે અને ઉપર પ્રમાણે રેતી ઉછળી આવતી હશે.

ઉક્ત ઝરાઓને સારી પેઠે ત[illegible]સ્યા પછી એક મોટું સરોવર જોવાને માટે અમે પર્વત ઉપર ચડયા હતા. એ સરોવરમાં ઉનાળામાં પણ બરફ પડયો રહે છે અને ઉત્તર મહાસાગરની માફક પવન તે બરફને કોઇવાર એકત્ર કરી નાખે છે અને કોઇવાર વિખેરી નાંખે છે તેથી સરોવરમાં પાણીની લહેરો આવ્યા કરે છે. ત્યાંથી અમે ધવલપ્રસ્તરની જગાએ ગયા હતા. એક સારી રીતે બનાવેલી વાટિકામાં થાય તેવાં પુષ્પો આ ધવલપ્રસ્તરના પ્રદેશમાં થાય છે અને તે પણ વળી એક જાતનાં નહિ પણ અનેક જાતનાં થાય છે. ત્યાંના લોક કહે છે કે પરાપૂર્વથી બનતું અને જોવાતું આવ્યું છે કે જો એ સ્થળમાં પણ ઘોંઘાટ અથવા સહજ પણ આઘાત કરવામાં આવે તો અમૂક વખતે વરસાદનું ઝાપટુ આવ્યા વગર રહેતુંજ નથી. આ બાબત ખરી હો અથવા નહો પરંતુ એટલું તો ખરૂંજ છે કે જ્યારે શાહજહાન પાદશાહ આ ધવલપ્રસ્તરના પ્રદેશમાં આવ્યો હતો ત્યારે તેણે અકારણ જરા પણ અવાજ નહિ કરવાનો હુકમ કાઢયો હતો, છતાં પણ સહેજ અવાજ થતાં એક સખ્ત વરસાદનું ઝાપટુ આવ્યું હતું અને તેનો આખો રસાળો મરતાં મરતાં સહેજમાં બચી ગયો હતો. પીરપંજાલના શિખર ઉપર રહેતા પેલા ફકીરવાળી વાત આથી તમને વળી પુનઃ યાદ આવશે. ધવલપ્રસ્તરના પ્રદેશથી બે દિવસની મજલપર આવેલા અનેક કુદરતના ચમત્કારવાળો ગ્રોટો નામની જગા જોવાને માટે હું જતો હતો, એટલામાં મને સમાચાર મળ્યા કે મને ઘણા દિવસ થયેલા હોવાથી મારો નવાબ ઘણો જ ફીકરમંદ રહે છે. કાશ્મિરની આગળ પાછળના પર્વતો સંબંધી હું તમને ઘણાજ અસંપૂર્ણ ચિતાર આપી શકું છું તેને માટે હું દિલગીર છું. આ દેશમાં આવ્યા પછી તત્સંબંધમાં મારા બધા વિચારો

રોકાયલા છે, પરંતુ મારી સાથે એક એવા શોધક સ્વભાવનો કોઈ પણ ભોમિયો માણુસ નથી, કે જે સવાલ હું તેને પુછું તેના સબંધમાં તે મને મનપસંદ પડે તેવી ખબર આપી શકે, છતાં પણ જે કંઈ મારા જાણુવામાં આવ્યું છે તે હું આપને લખી વાળીશ.

જે ઉનની ઉત્તમ શાલો વણુવામાં આવે છે તે ઉન ખરીદ કરવા સારૂં વર્ષોવર્ષ પર્વત પ્રતિ પર્વત ફરનારા વેપારીઓ સઘળા એમજ કહે છે કે, આ પર્વતોની વચ્ચે વચ્ચે કાશ્મિરના રાજ્યથી સ્વતંત્ર કેટલાક ઘણા સારા પ્રદેશો આવેલા છે. આ ખીણુના સામંત પ્રદેશોમાંનો એક પ્રદેશ કાશ્મિરના રાજાને ખંડણીમાં ઉન અને ચામડાં આપે છે; તથા ત્યાંની સ્ત્રીઓ સતીત્વમાં, ઉદ્યોગમાં અને સૌંદર્યમાં ખાસ કરીને ઘણીજ વખણાય છે. એ ખીણ પ્રદેશની પેલીમેર વળી એક બીજો ખીણ પ્રદેશ છે, તેની જમીન સપાટ અને ઘણીજ રસાળ છે. ત્યાં શેફફળ, જામફળ, જરદાળુ, આલુબોખાર, મજેનાં તડબુજ અને કલિંગડ તથા જેમાંથી પુષ્કળ દારૂ ગાળવામાં આવેછે એવી સારી દ્રાક્ષ પણ પુષ્કળ પાકે છે. એ ખીણુ પ્રદેશવાળાઓ પણ ચામડાં અને ઉન ખંડણીમાં આપે છે. ત્યાંના લોકો પોતાના દેશમાં લશ્કર આવી શકે તેમ નથી એમ ધારીને ઘણીવાર ખંડણી આપવાની ના પાડે છે, પરંતુ કશ્મિરનું સૈન્ય ગમે તે રીતે પણ ત્યાં જાય છે અને લોકને સ્વધુરામાં લઇ ખંડણી વસુલ કરી લેછે. ઉક્ત વેપારીઓએ વળી મને એમ પણ જણાવ્યું હતું કે, કાશ્મિરથી ઘણે દૂર પર્વતોના મોટા સમવાયમાં એક સુંદર ખીણુ પ્રદેશ આવેલો છે. એ કાશ્મિરના તાબામાં નથી અને ત્યાંના લોક ગોરા, ઘટમદાર અને સ્વદેશાનુરાગી છે. જેઓ કદી પણ સ્વદેશ છોડી બહાર જતા નથી એણી તરફની ખીણુના કેટલાક લોકમાં તો રાજા છેજ નહિ અને જેટલું જાણુવામાં આવ્યું છે તેટલા ઉપરથી તો એમ પણ કહી શકાય છે, કે તેઓ કંઈ ધર્મ પાળતા નથી, પરંતુ માછલાંને મલિન વસ્તુ ગણી તેને ખાણુામાં લેતા નથી.*

* કાશ્મિરની નૈઋત્ય દિશાએ ટીબેટ, હિંદુસ્તાન, કાબુલ, તાર્તરી અને દક્ષિણ સૈબિરિયા વચ્ચે હિંગાયણના મોટા મોટા પહાડો આવેલા છે. આ પહાડોમાં એક મોટો ખીણ પ્રદેશ છે, જે ઘણો જ ફળદ્રુપ અને દેવભૂમિ જેવો છે. ત્યાંના લોકો ગોરા ઘટમદાર અને મળતાવડા છતાં સ્વદેશને કદી પણ છોડતા નથી. સ્ત્રિયોઘ-



કાશ્મિરના જુના રાજાઓના વંશની કન્યા સાથે પરણેલા એક વૃદ્ધ ભલા માણસે મને કેટલોક ખબર આપી હતી, જે હું આપને લખવી ઉચિત ધારૂં છું જ્યારે જહાંગીર પાદશાહ કાશ્મિરના રાજાના સગાં સાગવાંને ખંતથી શોધી કાઢવામાં રોકાયલો હતો ત્યારે આ બુઢો માણસ એક બે ચાકર માણસોની સાથે કાશ્મિરમાંથી ઉત્તર તરફના પર્વતો ભણી નાશી ગયો હતો. એક ઠેકાણેથી બીજે અને બીજેથી ત્રીજે એમ ભટકતાં ભટકતાં એકવાર તે એક સુંદર ખીણુ પ્રદેશમાં જઈ ચડયો હતો અને ત્યાંના લોકોએ તે કાશ્મિરના રાજ્યવંશનો છે એમ જાણી તેને સારો ચમત્કાર આપ્યો હતો એટલુંજ નહિ, પણ કહે છે કે, જ્યારે રાત પડી ત્યારે કેટલાંક માબાપો પોતાની સુંદર અને ઉમર લાયક કન્યાઓ લઇને તેની પાસે આવ્યાં અને કહેવા લાગ્યાં કે, 'આપના જેવા મોટા માણસથી આ કન્યાઓમાં કંઈ સંતાનોત્પત્તિ થાય તો તમારૂં નામ રહે અને અમારી પણ ધારણા ફળે, માટે આ કન્યાઓમાંથી જે તમને ગમતી હોય તેનો સ્વીકાર કરો.' મારો મિત્ર ત્યાંથી પણ આગળ વધીને બીજા પ્રદેશમાં ગયો તો ત્યાં પણ તેનો એવીજ રીતે સત્કાર કરવામાં આવ્યો, પરંતુ અહીં રાતે પહેલા પ્રદેશની માફક માબાપ પોતાની છોકરીઓ લઇને તેની પાસે આવ્યાં નહિ, પરંતુ ભા-

ણીજ ફુડડી છે. આ લોક તો બીજા કોઇ જ નહિ પણ એક વિદ્વાન કહે છે તેમ ઉત્તરમાંથી આર્યલોકો આવ્યા ત્યારે હિંદુસ્તાનમાં જતા આર્યોથી છુટાં પડેલાં અમુક કુટુંબોના વંશજો એટલે ખરેખરા આર્ય લોકો તે એ લોકો છે. તેઓ પરદેશ જતા નથી તેમ બીજા પરદેશીને પોતાના દેશમાં દાખલ પણ થવા દેતા નથી છતાં એક મુસાફર કંઈક અદ્ભુત કરામતથી તે ખીણમાં દાખલ થઈ ગયો હતો. તે એ લોકની રીતભાત અને રહેણી કરણીનો જે હેવાલ આપે છે તે ઋગવેદનાં પ્રથમ સુકતોમાંથી મળી આવતી પૂર્વના આર્યોની રીતભાતને તદ્દન મળતો આવે છે. કહે છે કે હજી તેઓ યજ્ઞ કરે છે અને તેમનો ધર્મ સામાન્ય તથા તેમની વિદ્યા માત્ર મુખપાઠ ઉપરજ છે. એ લોકમાં સ્ત્રીઓને માન છે અને તેઓ ખેતી ઉપરજ માત્ર પોતાનું ગુજરાન કરે છે. ખેડુત એ આર્ય શબ્દનો મૂળ અર્થ છે. ઉપરની બધી બાબતોનો વિચાર કરતાં એ વિદ્વાનના અનુમાનપર વજન મુકવું પડે છે. લગ્ન સંબંધી કુલપતિ સંબંધી અને દેવો સંબંધી એમ જુદી જુદી શાખામાં તેમના વર્તન અવલોકન કરતાં બધો રીતે તે પૂર્વના આર્યોને મળતા આવેછે. તેઓ વેદના મંત્રોજ વદેછે અને વેદના દેવો અને સુષ્ટિના ચમત્કારોનેજ દેવ માની સ્તવે છે. આ લોકો આર્ય હશે એમ માનવાને ઘણાં કારણ છે, અને કાશ્મિરના પંડિતો પણ તેને ઘણે દરજ્જે વજન આપે છે.

યડા પોતાની બાયડીને લઇને આવ્યા અને પહેલાંની માફક તેને તેની સાથે
રહેવાને વિનંતિ કરી, જેમ કરતાં પહેલાં પ્રદેશનાં માબાપો ઉપર તેમણે ટીકા
કરી 'તે તો ગાંડાં કે પોતાની છોકરીઓ તમારી પાસે લઈ આવ્યાં, કારણ
કે છોકરીઓને સંતાન થાય તે તો તેના ધણીને ત્યાં જાય.'

કાશ્મિરની પૂર્વ સરહદ ઉપર આવેલા લઘુ ટિબેટમાં કેટલાંક વર્ષ ઉ-
પર કેટલાક રાજ્ય કુમારો વચ્ચે ગાદીનો વાંધો પડયો હતો. એ રાજકુમા-
રોમાંના એક જણે કાશ્મિરના સુબાની છૂપી રીતે મદદ માગી હતી અને
શાહજહાનના હુકમથી સુબો તેને ગાદી અપાવવાને માટે મદદે ગયો હતો.
સુબાએ ત્યાં જઈ બીજા રાજકુમારોને સમાધાન કરી તથા હરાવીને પેલાને ગાદી
અપાવી હતી તથા મોગલ પાદશાહનું આધિપત્ય સ્વીકરાવ્યું હતું. સંધિમાં વર્ષોવર્ષ
ખંડણી તરીકે ઉન આપવી એમ નિર્ણય કર્યો હતો. આ પ્રમાણે ઉપકારી હોવાથી
ઔરંગઝેબને કાશ્મિરમાં આવેલો સાંભળીને તે રાજા કેટલીક વસ્તુઓ નજરની
લઇને પાદશાહને મળવાને આવ્યો હતો, તે એવા તો દીન રસાલાની સાથે
આવ્યો હતો કે જો મને તેની ઓળખાણ આપવામાં આવી નહોત તો
મેં તે એક રાજા છે એમ પણ ધાર્યું ન હોત. એ પહાડી પ્રદેશ સંબંધી
કંઈ નવિન હેવાલ જાણવાની આશાએ મારા નવાબે તેને પોતાને ઘેર આ-
મંત્ર્યો હતો. તેણે અમને જણાવ્યું કે તેના રાજ્યની પૂર્વ સરહદ મોટા ટિ-
બેટના રાજ્યથી મર્યાદિત થયેલી છે અને નાનો ટિબેટ માત્ર સો સવાસો
માઈલના વિસ્તારનો દેશ છે. સ્ફટિક, કસ્તુરી અને ઉનની ઉપજ છતાં પણ
તે ઘણો જ ગરીબ અવસ્થામાં છે એમ જણાયા સાથે વળી તેણે કહ્યું કે
તેના રાજ્યમાં સોનાની ખાણો છે એમ કહેવામાં આવે છે તે તદન ગળતછે.

વધારેમાં તેણે જણાવ્યું કે તેના દેશમાં ફળનાં ઝાડો થાય છે તેમાં
સારાં ફળમાં માત્ર કલિંગડ ઠીક હોય છે. બરફ વધારે પડતો હોવાથી ત્યાં
શીયાળો ઘણો જ સખ્ત હોય છે. આજ સુધી ત્યાંના વતનીઓ હિંદુ મૂર્તિ-
પૂજક હતા પરંતુ હાલ તો તેના પોતાના સુદ્ધાં ઘણા લોકોએ ઈસ્લામ ધ-
ર્મનો સ્વીકાર કરેલો છે અને તેઓ મુસલમાનોની ઈરાનમાં રહેતી મુખ્યત્વે
કરીને શીયા જાતના છે.

સત્તર અથવા અઢાર વર્ષ ઉપર શાહજહાન પાદશાહે મોટા ટિબેટને જી-
તવાનો પ્રયત્ન કર્યો હતો, તે હકીકત પણ તેણે અમને કહી દીધી. કાશ્મિ-



રનો સુબો કેટલાક લશ્કર સાથે સોળ દિવસની મજલે મોટા ટિબેટની સ-
રહદપર આવેલા એક કિલ્લાને ઘેરો ઘાલવા શકિતમાન થયો હતો. તરત જ
તે કિલ્લો હાથ આવ્યો અને ત્યાંના માણસો ત્રાસ ખાઈ નાશી ગયા. મો-
ગલના લશ્કરે જો તેમની પુંઠ લીધી હોત અને કેટલીક ઘણીજ વેગથી દો-
ડતી નદીઓ ઉતરીને રાજ્યનગરને ઘેરો ઘાલ્યો હોત તો આખો ટિબેટ
તેમના હાથમાં આવત; પરંતુ શીયાળાની ઋતુ પાસે આવેલી હોવાથી એ
સુબો ભય પામી ગયો અને બરફ તેમનો કાશ્મીર જવાનો માર્ગ રોકી લે-
વાની ધાસ્તી લાગી તેથી જીતેલા કિલ્લામાં કેટલાંક માણસો મૂકી સુબો પાછો
ફર્યો. વળતી વસંત ઋતુમાં પુનઃ સ્વારી કરવાનો વિચાર હતો પરંતુ શીયા-
ળાની ઋતુમાં જીતેલા મૂલકમાંથી મોગલના માણસો કાંતો ભયથી કિંવા
ખોરાકની તંગીથી કિલ્લો છોડીને નાશી ગયા. આ પ્રમાણે ટિબેટ મોગલના
કાબુમાંથી બચી ગયો.

હાલમાં ઔરંગઝેબ પાદશાહ કાશ્મિરમાં આવેલો છે અને તેણે ટિબે-
ટના રાજાને તેનો દેશ જીતી લેવાની ધમકી આપેલી છે. આ ઉપરથી તે
રાજાએ એક એલચીખાતુ અત્રે મોકલ્યું છે જેમાં એક મોટો માણસ ત્રણ
ચાર ઘોડેસ્વાર અને દશ બાર બીજાં માણસો છે. આ લોકો પાદશાહને
ભેટ આપવાને માટે સ્ફટિક, કસ્તુરી અને 'યસ્મ' નામના પથ્થરો લાવેલા
છે અને મોટા ટિબેટમાં થતી ચમરીઓ પણ તેમાં છે. મોગલો આવી ઉ-
મદા ચમરીઓને હાથીના કાન આગળ લટકાવે છે. 'યસ્મ' નામનો જે પથ્થર
હમણાં તેઓએ પાદશાહને ભેટ આપ્યો છે તે ઘણો જ ઉમદા છે. આ પ-
થ્થરનું મોગલ દરબારમાં ઘણું વજન અને કિમ્મત છે. એ પથ્થર ધોળી
રેખાઓવાળો લીલા રંગનો છે અને એવો મજબૂત છે કે તે હિરાની ભુકી
વગર સાફ થઈ શકે તેમ નથી. આ પથ્થરના પ્યાલાઓ અને રકાબીઓ
કરવામાં આવે છે. મારી પાસે એક પ્યાલો છે તેના ઉપર સુનેરી કામ ક-
રેલું છે અને તેની કિનારી પર હીરા બેસાડેલા છે. એલચીખાતા સાથે
આવેલા ટિબેટના માણસો ઉંચા પણ સુકાઈ ગયેલા અને ચીનાઓના જેવી
આછી દાઢીવાળા છે. તેઓ આપણા વહાણવટીઓની માફક રાતી ટોપીઓ
પહેરે છે તેમના મસ્તકના પોશાક જેવો જ તેમનો બીજો પોષાક છે. તેમાંના
ત્રણ ચારની પાસે તલવાર છે બાકીનાઓનાં હથિયાર લાકડી અને ગુડીઆંનાં

છે. એલચીએ ઔરંગઝેબની સાથે સંધિના વિચારો કરતાં તેના રાજાના વતી કબૂલ કર્યું છે કે ટિબેટના મુખ્ય નગરમાં એક મસજીદ બાંધવામાં આવશે અને ત્યાં દિવસમાં ત્રણવાર અલ્લાહની બંદગી થશે. ટિબેટના નાણાં ઉપર ઔરંગઝેબની છાપ પડશે અને વર્ષો વર્ષ તેને ખંડણી ભરવામાં આવશે. આ પ્રમાણે સંધિ થયા છતાં પણ દરેક માણસને ખાત્રી છે કે ઔરંગઝેબ કાશ્મિરમાંથી જશે એટલે તરત જ એ સંધિનો નિકાલ થઈ જશે અને ટિબેટ પાછું સ્વતંત્રતા ભોગવશે. શાહજહાનના વખતમાં પણ એમ જ થયું હતું.

આ એલચીખાતાની સાથે લામા જાતનો એક વૈદ્ય પણ આવેલો હતો. હિંદુસ્તાનના બ્રાહ્મણોની માફક ટિબેટમાં લામાઓ ધર્મશાસ્ત્રના પ્રવર્તક અને લોકના ગુરૂ ગણાય છે. એ વૈદ્યની પાસે એક ચોપડી હતી તે મને આપવાને માટે મેં તેને ઘણો સમજાવ્યો પણ તેણે માન્યું નહિ. એ પુસ્તકના અક્ષરો આપણા અક્ષરોને મળતા હતા અને તે મેં તેને એક જુદા કાગળ ઉપર લખી આપવાને માટે કહ્યું ત્યારે ઘણી મહેનતે તેણે લખ્યા, પરંતુ તેનો મરોડ વલણ પેલી ચોપડીના અક્ષરો જેવો આવ્યો નહિ. ટિબેટના લોક પુનર્જન્મવાદી છે અને લામાઓ તેને બહુ માને છે. આ વૈદ્યે પણ તેવા ચમત્કારની ઘણી વાતો મને કહી હતી. જેમાં એક વાતમાં તો તેણે મને જણાવ્યું હતું કે જ્યારે તેમનો છેલ્લો મોટો ધર્મ ગુરૂ મારવા પડયો ત્યારે તેણે તેમને કહ્યું હતું કે હું એક નાના બાળકમાં પ્રવેશ કરીશ અને જ્યારે હું મોટો થાઉં ત્યારે આના સિદ્ધાંતને માટે તમે મને જેવો જોઇએ તેવો પ્રશ્ન પુછજો, અને મારા મઠનો સામાન મને દેખાડીને પુછજો એટલે તું તમને તે ઓળખી આપીશ. આ પરથી તેઓ પુનર્જન્મને કેટલો બધો પ્રબલ ગણે છે તે તમારા જાણવામાં આવશે. એક વાર એક કાશ્મિરના વેપારીને લઇ હું એ એલચી પાસે ગયો હતો. મારી સાથેનો વેપારી ટિબેટની ભાષા જાણતો હતો. મેં તેના દેશ સંબંધી કેટલાક સવાલો પુછ્યા પરંતુ તેમાં તે મને કશું પણ નવું જણાવી શકયો નહિ. તેણે જણાવ્યું કે ટિબેટ દેશનો ઘણો ખરો ભાગ વર્ષમાં લગભગ સાત માસ સુધી બરફથી ઢંકાયલો રહે છે. ટિબેટને તાતારની સાથે નિરંતર ઝઘડામાં રહેવું પડે છે, પરંતુ તે તાતાર લોક તે કિયા, તે, તે જણાવી શકયો નહિ. છેવટ તેની સાથે માથાફોડ કરવામાં કંઈ સાર



નહિ હોવાથી મેં તેને વધારે પ્રશ્ન પુછવા માંડી વળ્યા.

હવે જે બાબત હું તમને જણાવું છે તે વેપારી લોક પાસેથી જાણેલી છે. આજથી વીશ વર્ષ ઉપર કાશ્મિરના વેપારીઓ મોટા ટિબેટને રસ્તે 'કટાઇ' અથવા ચીન દેશ તરફ વણઝાર લઇને જતા હતા. પરંતુ જ્યારથી શાહજહાન પાદશાહે મોટા ટિબેટ ઉપર ચડાઈ કરી ત્યારથી તે દેશના રાજાએ એ માર્ગ બંધ કર્યો છે એટલું જ નહિ, પણ કોઈ પણ કાશ્મિરના માણસને તે પોતાના દેશમાં પગ મૂકવા દેતો નથી. એ વેપારીઓની વણઝાર કાશ્મિર, નાનો ટિબેટ મોટો ટિબેટ અને તાતારમાં થઇને ચીનની ઉત્તર સરહદના મૂલકોમાં જતી હતી. આ માર્ગ ઘણો જ વિષય છે, વણઝારને પર્વતોમાં, બરફમાં અને જંગલોમાં થઈને પસાર થવું પડતું હતું એટલું જ નહિ પણ કેટલેટ ઠેકાણે તો એક શિખર ઉપરથી બીજા શિખર ઉપર બાંધેલા દોરડાંના પુલની મારફતે મુસાફરી કરવી પડતી હતી. આવા પુલને તેઓ જુલાપુલ કહેતા હતા. (હાલ ગંગોદરી ગંગાનું પાણી લેવા જનાર યાત્રાળુઓ પણ શીંકા ઉપરથી જતા હતા વગરેના જેવા પુલ) એ વણઝાર ચીનના ઉત્તર પ્રદેશમાંથી કસ્તુરી, ચીનાઈ કાષ્ટ, રૂવાર્બ, અને મામીરોન વગરે વસ્તુઓ લાવતી હતી. વળી તેઓ મોટા ટિબેટમાંથી કસ્તુરી, સ્ફટિક અને લીલો આરસપહાણ લાવતી હતી. ખીણના પ્રદેશોમાંથી તેઓ બે જાતનાં ઘણાં જ ઉમદા ઉન લાવતા હતા. હાલ ઉત્તર ચીન સાથેનો વેપાર પટનાને માર્ગે લાસા જતી વણઝારથી ચાલે છે.

ઔરંગઝેબને કાશ્મિરમાં આવેલો સાંભળીને કાશગરથી ગુલામો, છોકરીઓ અને છોકરાઓ વેચવાને માટે કાશ્મિર આવેલા વેપારીઓની પાસેથી મેં જે હકીકત તેમના રાજ્ય સંબંધે મેળવી છે, તે હવે હું અત્રે લખવા ધારૂં છું. તેઓ કહે છે કે, કાશ્મિરની પૂર્વ દિશાએ ઉત્તર તરફ કાશગર આવેલું છે અને ત્યાં જવાનો ટુંકો માર્ગ મોટા ટિબેટમાં થઇને સહેલો તથા સિદ્ધો છે. એ રસ્તો હાલ બંધ થયેલો હોવાથી તેમને નાના ટિબેટમાં થઈ જવું આવવું પડે છે. તેઓના માર્ગમાં આવતાં નગરોમાં કાશ્મિરના તાબાનું પહેલું નગર ગુરેઝ છે. આ નગર શ્રીનગરથી ચાર મંજલ છે. ત્યાંથી નાના ટિબેટના રાજ્યનગર સ્કારદુ જતાં આઠ દિવસ લાગે છે. ત્યાંથી બે દિવસે તેઓ 'શીગર' નગર જાય છે. આ શહેર પણ નાના

ટિબેટમાં આવેલું છે અને તે જ નામની નદી જેનું પાણી ઔષધી રૂપ છે તેના ઉપર બાંધેલું છે. ત્યાંથી પંદર દિવસ સુધી તેમને નાના ટિબેટની સરહદ ઉપર આવેલા એક જંગલમાં થઇને મુસાફરી કરવી પડે છે અને તે જંગલ વટાવી ગયા પછી પંદર દિવસે તેઓ કાશગર પહોચે છે. કાશગર પહેલાં રાજ્યધાની નગર હતું, પરંતુ હાલ ત્યાંથી દશ મંજલને છેટે આવેલા ચારકંડમાં રાજાએ ગાદી નાંખી છે અને ત્યાં રહે છે. આ વેપારીઓએ મને જણાવ્યું કે તેમના ગામથી ચીન બે માસની મજલે છે. વણઝાર દરેક વર્ષે ત્યાં જાય છે અને ત્યાંનો માલ લઇ આવી યુસબેગને રસ્તે તે પાછી સિદ્ધી જ ઇરાન તરફ ચાલી જાય છે. બીજી વણઝાર પટનાને રસ્તે હિંદુસ્તાન જાય છે, ખોટાનને માર્ગે ચીનની વણઝાર મુસાફરી કરે છે કે, જે શહેર કાશગરના રાજ્યનું સીમાંત નગર છે. કાશગર અને કાશ્મિર વચ્ચેનો રસ્તો પણ ઘણો જ વિષમ છે. બીજી કેટલીક વિટંબનાઓ ઉપરાંત એ માર્ગમાં મૈલ પોણો મૈલ તો માત્ર બરફ ઉપર થઇને જ ચાલવું પડે છે. એકે ઋતુમાં એ બરફ ગળતો નથી. અત્રેના અજ્ઞાન લોક પોતાના દેશ સંબંધી પણ કંઈ વધારે જાણતા ન હોવાથી હું જે હકીકત ઉત્તર તરફનાં રાજ્યો અને દેશો વિષે મેળવી શકયો છું તે માત્ર આ પ્રમાણે જ છે. વળી મારી હકીકતમાં કેટલીક ભૂલ પણ હશે, કારણ કે મારે તેમની સાથે દુભાશીયાઓની મારફત વાત કરવી પડતી હતી, એટલે કેટલુંક દુભાશીયા મારૂં ન સમજે અને કેટલુંક વેપારીઓનું બોલવું પણ મૂકી દઇને મને સમજાવે. હું આ પત્ર—અરે પત્ર તો શું પણ આ આખું પુસ્તક હવે ત્યારે આટલેથી બંધ કરૂં છું. જો કે મને લખવાને માટે પુષ્કળ વખત છે, પરંતુ હવે તો હિંદુસ્તાન પાછા ફરીને દિલ્લી જઇશું ત્યાંથી લખીશું તો લખીશું. [illegible] વખત મળશે તે વેળાએ કાં તો કા[illegible]થી પણ હું લખીશ જ. હિંદુસ્તાનની ઉ[illegible] સ્વર્ગ સમાન આ રમણીય પ્રદેશ કાશ્મિરના વર્ણનથી જ હવે હું મારૂં લખાણ પુરૂં કરૂં છું.

SHML
G31686

સમાપ્ત.

ENTERED